ચોથી શ્રેણી

પુસ્તક–૬૭

તા. ૨૬મી જુલાઈ, ૨૦૧૯
શ્રાવણ ૪, ૧૯૪૧ શાકે


# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન


ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક-૬૭** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**

**વિષય** **પાના નંબર**

## ૨૬મી જુલાઇ, ૨૦૧૯ શ્રાવણ ૪, ૧૯૪૧ શાકે


| | | |
|---|---|---|
| કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૧ | ૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨ | ૨ |
| ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૨ | ૩૦ |
| ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) ૨૦૧૯ | ૩૧ | ૬૪ |
| ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૬૫ | ૭૧ |
| ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૭૨ | ૮૮ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી | ૮૯ | ૯૮ |
| પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન-સૌથી વધુ સમય સુધી ચર્ચા કરવા બાબત | ૯૯ | ૯૯ |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી | ૧૦૦ | ૧૦૨ |
| ધી ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૧૦૩ | ૧૦૫ |
| ઇ-વિધાનમાં સૌથી વધુ મુલાકાત બાબતે રેકર્ડ | ૧૦૬ | ૧૦૬ |
| ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૯ | ૧૦૬ | ૧૧૩ |
| ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૧૧૪ | ૧૧૮ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) | ૧૧૯ | ૧૨૬ |
| અતારાંકિત પ્રશ્નોત્તરી(૮૭-ક) | ૧૨૭ | ૩૧૬ |

શ્રાવણ ૪, ૧૯૪૧ શાકે

કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯**

**શ્રાવણ ૪, ૧૯૪૧ શાકે**

**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

ખેડૂતોને ખેત ઓજારો/સાધનો માટેની મળતી નાણાકીય સહાયમાં સુધારા બાબત

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૬મી જુલાઇ એટલે કારગીલ વિજય દિવસ છે. આજથી ૨૦ વર્ષ પહેલાં ભારતના વીર જવાનોએ વિજય પ્રાપ્ત કર્યો હતો અને શત્રુ દેશને પરાસ્ત કર્યો હતો, એટલે વીર જવાનોને આપણે અંજલિ આપીએ. તેમને શ્રદ્ધા સુમન અર્પણ કરીએ અને તેમને કોટી કોટી વંદન કરીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તેમાં ગુજરાતના ૧૨ જવાનો શહીદ થયા હતા એમને પણ શ્રદ્ધાંજલિ આપીએ.

અધ્યક્ષશ્રી : માનનીય નિરંજનભાઇ, આપ સંમતિ આપો તો માનનીય મોહનસિંહને બહુ ઠંડી લાગે છે તો એ આપની જગ્યાએ બેસે અને આપ તેમની જગ્યાએ બેસો તો ચાલશે? માનનીય મોહનસિંહજી આપ ત્યાં બેસી જાવ. તમને વાંધો ન આવે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજ્ય અન્ય ક્ષેત્રોની જેમ કૃષિ ક્ષેત્રે અગ્રેસર રહે અને દેશને એક નવીન રાહ ચિંધે તે માટે રાજ્ય સરકારશ્રીએ ખેતીની આધુનિક ખેતી પદ્ધતિઓ, કૃષિ પાકની બજાર વ્યવસ્થા અને તેની માળખાકીય સગવડો તેમજ કૃષિ યાંત્રીકરણ સહિત ખેતીને લગત તમામ વિષયોની અનોખી વ્યવસ્થા ઉભી કરેલ છે. જ્યારે કૃષિ ક્ષેત્રના વિકાસ માટે કૃષિ યાંત્રીકરણ એક ખૂબ જ અગત્યનું પાસું છે. રાજ્યના ખેડૂતોની માંગને ધ્યાને લઇ રાજ્ય સરકારે વર્ષ–૨૦૧૬–૧૭ થી રાજ્યના બજેટમાં રાજ્ય સરકારશ્રીની અલાયદી ખેત ઓજાર/સાધનોની સ્વતંત્ર યોજનાઓ પ્રથમવાર અમલમાં મૂકવામાં આવેલ હતી. કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ થાય તેવા પ્રયાસો માટેની પ્રેરણા અને પ્રોત્સાહન માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તરફથી મળી રહી છે અને ખેડૂતોની ખેત ઓજારો/સાધનો માટેની સહાયની યોજના અંતર્ગત નાણાકીય સહાયના ધોરણોમાં યોગ્ય સુધારા કરવામાં આવેલ છે, જેની જાણ કરતા હું આ માનનીય સભાગૃહ સમક્ષ આનંદની લાગણી વ્યક્ત કરું છું.

(૧) કૃષિ યાંત્રીકરણ મારફતે રાજ્યના કૃષિ ક્ષેત્રના નિષ્ણાંત ડિપ્લોમા/ડિગ્રી ધારક યુવાનો સહિત નવયુવાનોને પ્રત્યક્ષ તેમજ સહકારી સંસ્થાઓ મારફતે રોજગારી મળે અને કૃષિ ક્ષેત્રે તેઓના યોગદાનમાં વધારો થાય તેવા પ્રયત્ન કરવામાં આવી રહેલ છે.

(૨) ખેત ઓજારો/સાધનોમાં વિવિધ પ્રકાર/સાઇઝ મુજબ અને સાધનના સંચાલન માટે ટ્રેક્ટરના જરૂરી હોર્સ પાવરને આધીન સહાયના અલગ અલગ મહત્તમ નાણાકીય સહાયના ધોરણો નિયત કરેલ છે.

(૩) રાજ્યના ખેડૂતોને લાભાન્વિત કરવા ચાલુ વર્ષમાં રૂપિયા ૭,૦૦૦ લાખની બજેટ જોગવાઇ કરેલ છે અને ૧૧૦ જેટલા વિવિધ ખેત ઓજારોના સહાયના ધોરણોમાં વધારો કરવામાં આવેલ છે, જે પૈકી વધુ ઉપયોગી સાધનોની સહાયમાં કરેલ વધારાની વિગત ઉદાહરણરૂપે નીચે મુજબ છે.

| ખેત ઓજાર સાધન | સામાન્ય ખેડૂતો | | અનુ.જાતિ, અનુજન જાતિ અને મહિલા ખેડૂતો | |
|---|---|---|---|---|
| | નાણાકીય સહાયમાં વધારો (રૂ.માં) | સહાયમાં વધારો ( ટકામાં) | નાણાકીય સહાયમાં વધારો (રૂ.માં) | સહાયમાં વધારો ( ટકામાં) |
| પાવર ટીલર | ૧૪,૦૦૦ થી ૨૨,૦૦૦ | ૩૯ થી ૪૬ ટકા | ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ | ૪૨ થી ૪૪ ટકા |
| પ્લાઉ | ૮,૦૦૦ થી ૪૩,૬૦૦ | ૩૩ થી ૧૫૬ ટકા | ૧૦,૦૦૦ થી ૫૪,૫૦૦ | ૩૩ થી ૧૫૬ ટકા |
| કલ્ટીવેટર | ૪,૦૦૦ થી ૨૮,૦૦૦ | ૩૩ થી ૨૩૩ ટકા | ૫,૦૦૦ થી ૩૫૦૦૦ | ૩૩ થી ૨૩૩ ટકા |
| રોટાવેટર | ૬,૦૦૦ થી ૧૨,૩૦૦ | ૨૧ થી ૪૪ ટકા | ૭,૦૦૦ થી ૧૫,૪૦૦ | ૨૦ થી ૪૪ ટકા |
| સીડ કમ ફર્ટીલાઇઝર ડ્રીલ | ૧,૦૦૦ થી ૬,૪૦૦ | ૬ થી ૪૦ ટકા | ૧૩૦૦ થી ૮,૦૦૦ | ૭ થી ૪૦ ટકા |
| ગ્રાઉન્ડનટ ડીગર | ૪,૦૦૦ થી ૪૦,૦૦૦ | ૨૦ થી ૨૦૦ ટકા | ૫,૦૦૦ થી ૫૦,૦૦૦ | ૨૦ થી ૨૦૦ ટકા |
| થ્રેસર | ૧,૦૦૦ થી ૫૬,૦૦૦ | ૪ થી ૨૩૩ ટકા | ૧૦,૦૦૦ થી ૭૦,૦૦૦ | ૩૩ થી ૨૩૩ ટકા |
| ચાફકટર | ૪,૦૦૦ થી ૬૮,૦૦૦ | ૩૩ થી ૫૬૭ ટકા | ૫,૦૦૦ થી ૮૫,૦૦૦ | ૩૩ થી ૫૬૭ ટકા |

માનનીય અધ્યક્ષશ્રી, આ મેં કેટલાક સાધનોનો ઉલ્લેખ કર્યો છે. આવા તો ૧૧૦ સાધનોમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે વધારો કર્યો છે. કેન્દ્ર સરકારે જે વધારો કર્યો છે એટલો રાજ્ય સરકારે વધારો કર્યો છે માટે હું ગુજરાતના ખેડૂતોવતી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન સાથે વંદન કરું છું.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**ગુજરાત સરકારના નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો તથા ઓડિટ અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું

(૧) ગુજરાત સરકારના સન ૨૦૧૭–૧૮ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ– ૨)(અંગ્રેજીઅને ગુજરાતી)

(૨) ગુજરાત સરકારના સન ૨૦૧૭–૧૮ના વર્ષના વિનિયોગ હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨)(અંગ્રેજી અને ગુજરાતી)

(૩) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરનો સન ૨૦૧૭–૧૮ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ)(અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**જસ્ટિસ (નિવૃત્ત) એ.એલ.દવે તપાસપંચનો અહેવાલ**

**શ્રીનીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું રાજય સરકાર દ્વારા નિમવામાં આવેલ જસ્ટિસ (નિવૃત્ત) એ.એલ.દવે તપાસપંચનો અહેવાલ તથા આ અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**જસ્ટિસ (નિવૃત્ત) ડી.કે.ત્રિવેદી તપાસપંચનો અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું રાજય સરકાર દ્વારા નિમવામાં આવેલ જસ્ટિસ (નિવૃત્ત) ડી.કે.ત્રિવેદી તપાસપંચનો અહેવાલ તથા આ અહેવાલ પર લીધેલાં પગલાંની વિગતો સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**તારાંકિત પ્રશ્નના જવાબમાં સુધારા અંગેનું સ્પષ્ટીકરણાત્મક નિવેદન**

**શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા( માનનીય કૃષિ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૪–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોત્તરીમાં તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૪૦૪ (અગ્રતા–૧૮) ના જવાબમાં સુધારા અંગેનું સ્પષ્ટીકરણાત્મક નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**સ્પષ્ટીકરણાત્મક નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સરકારી વિધેયક**

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૩**

**ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી સૌરભ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૩, સન–૨૦૧૯ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૩, સન–૨૦૧૯ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજય હોય કે દેશ હોય અને દુનિયાના જુદા જુદા વિસ્તારોમાં પણ આજે પાણીની તંગી આપણે જોઇ રહ્યા છીએ. ખેડૂતોને પાણી પહોંચાડવાની રાજય સરકાર પૂરેપૂરી મહેનત કરતી આવી છે. આપણે જો જી.ડી.પી.ની અંદર ગ્રોથ જોઇતો હોય તો ખેડૂતો એટલે એગ્રિકલ્ચર સેકટરને પણ આપણે પ્રાધાન્ય આપવું પડે. છેલ્લા ૧૫–૨૦ વર્ષથી આપણે જોતા આવ્યા છીએ કે સરદાર સરોવર હોય, સૌની યોજના હોય કે અન્ય યોજના દ્વારા ઉત્તર ગુજરાત હોય, કચ્છ હોય, દક્ષિણ ગુજરાત હોય કે ગુજરાતના કોઇ પણ વિસ્તારમાં જુદા જુદા સ્ત્રોત દ્વારા આપણે સરદાર સરોવરની કેનાલો દ્વારા કે સૌની યોજનાની પાઇપ લાઇનો દ્વારા આપણે ખેડૂતોને પાણી પહોંચાડતા આવ્યા છીએ અને ઘણું બધું મૂડી રોકાણ આની અંદર કરવામાં આવ્યું છે. તો આ જે આપણી પાસે બિલ છે એ બિલની અંદર સુધારો લાવી રહ્યા છીએ અને કલમ ૩૭ અને ૩૮ની અંદર આપણે એના અનઓથોરાઇઝ્ડ યુઝર્સ ઓફ વોટર રીલેટેડ પનિશમેન્ટની જોગવાઇઓમાં

---

* વિધેયક તા.૨૨મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સુધારો કરીએ છીએ. એટલે એનો બીજો અર્થ એમ કહી શકાય કે રાજય સરકાર પાણી પહોંચાડવા માટે નીતિ બનાવી એક આયોજન કરે છે અને એને વાંધારૂપ રીતથી એક ટકા કે બે ટકા લોકો એની અંદર એ પાણી ન પહોંચે, જ્યાં પહોંચાડવું હોય ત્યાં પહોંચાડી ન શકીએ એના માટે વાંધા લાવતા હોય છે અને એના માટે આપણે એક જોગવાઇ કરીએ છીએ, નવું એમેન્ડમેન્ટ લાવીએ છીએ અને એની અંદર નાના મોટા સુધારા કરી અને આની અંદર કેવી રીતે પાણી પહોંચાડી શકીએ એના માટે જોગવાઇ લાવ્યા છીએ. આજે આપણે જોઇએ તો જુદી જુદી રીતથી લોકો કેનાલો અને પાઇપ લાઇનોની અંદર ડેમેજ કરે છે. દાખલા તરીકે મેજર કેનાલો હોય કે માઇનોર કેનાલો હોય તેમાં આપણે શિડ્યુલ નક્કી કર્યું હોય કે આટલું પાણી આપવાનું છે તો એના ઉપર પાણી ખેંચવા માટે એન્જિન મૂકે છે, ઇલેક્ટ્રિક મોટર મૂકે છે અને એનાથી કેનાલ લાઇનિંગને ડેમેજ થાય છે. એટલે આવા કારણોસર કાયમ માટે જે આપણે કરેલું હોય એ કેનાલમાં ડેમેજ થતું હોય છે. સાઇફનો મૂકવામાં આવે છે, બકનળી મૂકવામાં આવે છે અને એના કારણે આપણા અનેક ધારાસભ્યશ્રીઓની રજૂઆતો આવે છે, ગૃહ મંત્રી પાસે રજૂઆતો આવે છે કે, પોલીસને મૂકો અને ગમે તેમ કરીને આ રોકો. આ પ્રમાણેની રજૂઆતો ધારાસભ્યશ્રીઓ મંત્રીશ્રીઓને કરતા હોય છે અને ગૃહ ખાતાને પણ કરતા હોય છે. નાના મોટા ગુના પણ થાય છે, કેનાલ થતી હોય તો અનઓથોરાઇઝ્ડ પાઇપ લાઇન કરવામાં આવે છે, પાઇપ લાઇનમાં કેનાલ બેઇઝની અંદર ઇન્સર્ટ કરવામાં આવે છે. એટલે માથાભારે તત્વો કેનાલ કે પાઇપ લાઇન ડેમેજ કરીને પાણી ડાઇવર્ટ કરે છે. ડેમેજ કરે છે. ઘણી વખત એવા અનુભવો છે કે કિલોમિટરો સુધી પાઇપ લાઇન લઇ જઇને પાણીનો વ્યવસાય કરતા હોય છે. આપણી નીતિ બહુ કલીયર છે કે, આપણે જે પાણી પહોંચાડીએ છીએ તેના શિડયુલ નક્કી હોય છે. તેમાં માઇનોર કેનાલમાં કયા દિવસે કયાં પાણી પહોંચાડવાનું તેમાં જે એરિયા ડિફાઇન કર્યા હોય છે તેમાં સરકાર પાણી પહોંચાડી શકતી નથી. મૂળ કારણ આ જ છે. ઘણી જગ્યાએ આપણે જોઇએ છીએ કે, પાણી ડાયવર્ટ કરી નાખે. કેનાલની અંદર વોલ કરી નાખે, કેનાલની અંદર વોલ કર્યા પછી પાણી રોકી રાખે. પાણી રોકી  રાખે અને જયારે અધિકારીઓ જોવા જાય ત્યારે કેનાલ તોડે અને તે વખતે ધમાલ કરવા આવે. ઘણી વખત તો વાપર્યા પછી પણ વોલ તોડતા નથી. તેના કારણે આ પાણી ઓવરફલો થાય છે. ઓવરફ્લોના કારણે  કેનાલની આજુબાજુની સાઇડ ડેમેજ થતી હોય છે. એટલ આ બધા ગુનાઓ જે થાય છે તે રોકવા માટે આ કાયદાની અંદર કડક જોગવાઇ લઇને આ હાઉસમાં આવ્યા છીએ. અત્યારે આપણે આવડી મોટી પાઇપ લાઇન નાખી. તમે જુઓ સૌની યોજનાનો લાભ કયાં સુધી પહોંચે છે. તે યોજનાની અંદર આપણે જોઇએ છીએ કે, ઘણી જગ્યાએ ખેડૂતો એર વાલ્વમાંથી પાણી કાઢતા હોય છે, સ્કાર વાલ્વમાંથી પાણી ડાયવર્ટ કરતા હોય છે, બટરફલાય વાલ્વમાંથી પાણી ડાયવર્ટ કરતા હોય છે. એવા ઘણીવાર દાખલા આવતા હોય છે કે, જમીનની નીચેથી પાણીની પાઇપ નાખી તે દ્વારા તેઓના ખેતરમાં પાણી લઇ જતા હોય છે. આવા ઘણા ઘણા બધા દાખલાઓ છેલ્લા ઘણા વર્ષોથી જોવામાં આવ્યા છે. વિભાગ તો કડકાઇ કરે છે. તેની જોડે જોડે આપણે કાયદાઓમાં અને કલમોમાં સુધારો લાવીએ છીએ. પશુઓ હોય તેને કેનાલમાં કદાચ કયારેક ઘાસ ઉગ્યું હોય તો તેને કેનાલમાં લઇ જાય છે. કેનાલમાં પશુઓને લઇ જવા માટે રસ્તો કરતા હોય છે. રસ્તો કરીને પશુઓને ત્યાં લઇ જાય છે. તેના કારણે કેનાલ ડેમેજ થતી હોય છે. કેનાલની માટીકામને નુકસાન થતું હોય છે. આવા બધા સંજોગોની અંદર આપણે પહેલાં જે પનીશમેન્ટ હતી તેમાં ત્રણ મહિનાની સજા અને પાંચ હજાર રૂપિયા અથવા બંને એવી સજા હતી. તેની અંદર સુધારો કરી ત્રણ મહિનાથી અપ ટુ થ્રી મન્થસ એટલે જજ નક્કી કરતા હોય છે કે આ કેટલો મોટો ગુનો છે. એટલે અપ ટુ થ્રી મન્થસ અને પાંચ હજારની જગ્યાએ આપણે દસ હજાર કરીએ છીએ અથવા બંને. એટલે આમાં નાનો મોટો ફેરફાર લાવીએ છીએ. અનઓથોરાઇઝડ યુઝર્સ હોય તેની અંદર પણ પાંચ હજારના દસ હજાર કરીએ છીએ. બીજું, કેનાલને ડેમેજ કરે, ઓબસ્ટ્રકશન લાવે અને અનઓથોરાઇઝડ પાણી લઇ જાય તેના માટે હાલમાં ત્રણ મહિનાની સજા છે તેને વધારીને છ મહિના  કરીએ છીએ અને પાંચ હજારના દંડની જોગવાઇ છે તેને વધારીને વીસ હજાર કરીએ છીએ. એટલે કેનાલની અંદર ઓબસ્ટ્રકશન લાવે અને બાંધે તેના માટે આ  સજામાં વધારો કરીએ છીએ. રેગ્યુલેશન અને કંટ્રોલિંગ ઓફ વોટરફલો એ બહુ જ અગત્યનું છે. આ બધામાં પહેલાં સજા એકસરખી જ હતી. ત્રણ મહિના અને પાંચ હજાર રૂપિયા હતી. એટલે હવે આપણે પ્રપોઝ કર્યુ છે કે, નાનો ગુનો હોય તો એ પ્રમાણે સજા. એટલે નવી પ્રપોઝલ કરીએ છીએ કે, વચ્ચે સ્ટ્રકચર્સ બાંધે અને જે પાણીનું રેગ્યુલેશન હોય તેની અંદર ઇન્ટરફીયરન્સ કરે તો તેની અંદર આપણે સજાની જોગવાઇ વધારી છે. તેમાં એક વર્ષ સુધીની સજા અને ૫૦ હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઇ કરી છે. એટલે આ થોડો વધારે સિરિયસ ગુનો કહેવાય એટલે તેમાં આપણે આ ઓબસ્ટ્રકશનના કારણે સજામાં વધારો કર્યો છે. બીજુ કે ફરિયાદો આવતી હોય છે કે, કેનાલની અંદર કેમિકલના વેસ્ટ નાખે છે, લિકવીડ વેસ્ટ નાખે છે, સોલીડ વેસ્ટ નાખે છે, ટેન્કર દ્વારા રાતે કેનાલમાં પાણી ખાલી કરી જાય છે તેવી ફરિયાદો આપણી પાસે આવે છે. આના માટે નવી જ સજા લાવ્યા છીએ. તેમાં એક વર્ષની સજા અને ૫૦ હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઇ કરી છે. આ રોકવા માટે કર્યુ છે. આવડા મોટા ગુનાઓમાં કેનાલોને ખૂબ મોટું નુકસાન થાય છે. દાખલા છે કે કેનાલમાં કેમિકલ વોટર ફલો કરે એટલે ખેડૂતોને નુકસાન થાય.  ખેડૂતોએ પાક માટે જે મહેનત કરી હોય તેમાં ડેમેજીસ થતા હોય છે. આવા વિષયોની અંદર કડકાઇ વધારવાનો સરકારે નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, ૩૮ નંબર, આ ૩૮ નંબરની કલમ તે વધારે સિરીયસ છે. આ ૩૮ નંબરની અંદર પહેલાં છ મહિના અને ફાઇન ૧૦ હજારનો હતો તેની અંદર પણ આપણે સુધારો કર્યો છે. હવે ઘણી વખત આપણે જોઇએ છીએ કે નદીની અંદર જ પાળા બાંધી દે અને નદીની અંદર પાળા બાંધીને આખું એમનુ ઓબ્સ્ટ્રકટ કરી નાંખે આવા પણ આપણી પાસે

દાખલાઓ આવ્યા છે અને એવા સંજોગોની અંદર આપણે જે પનીશમેન્ટ છે તે વધારી દોઢ વર્ષ કર્યુ અને ફાઇન અપ ટુ વન લાખ ઓર બોથ. એટલે આ ૩૮ નંબરના કલોઝની અંદર પણ આપણે થોડી કડકાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ કેનાલ તોડે, કેનાલને તોડી અને કેનાલમાં આખી પાઇપ લાઇન નાંખે, કેનાલની અંદર પાઇપ લાઇન નાંખીને પાણી લઇ જાય અને કેનાલને પરમેનન્ટ ડેમેજ થાય એ પ્રમાણેની જયાં ચોરી થતી હોય તો એની અંદર પનીશમેન્ટ વધારે હાર્ડ રાખી છે. એમાં બે વર્ષની સજા અને બે લાખ રૂપિયા દંડ અથવા બન્ને એ પ્રમાણેનો આપણે ગુનો રાખ્યો છે. આ બહુ અગત્યનું એટલે છે કે રાજય સરકાર છેવાડાના ખેડૂતને જે વર્ષોથી અપેક્ષા રાખીને બેઠો છે કે ભાઇ પાણી છોડયું, અહીંયા સરકાર જાહેર કરે કે પાણી છોડયું અને આપણે રાહ જોઇને બેઠાં હોઇએ અને એ પ્રમાણે વાવણી કરીએ, એ પ્રમાણે આપણે ખર્ચો કરીએ અને પછી કેનાલનું પાણી જ ના આવે. આ પાણી ના આવવાનું કારણ શું ? પાણી ના આવવાનું કારણ કે વચ્ચે ઓબ્સ્ટ્રેક્શન મૂકયું હતું. વચ્ચે કેનાલની અંદર પાણીની પાઇપ લાઇન નાંખીને પાણી ખેંચી જાય આના કારણે ખેડૂતો બિચારાં દુઃખી થતા હોય છે અને સરકારની જે નીતિ અને નિયમ તેનુ પણ પાલન થતું નથી એટલે આ કડકાઇ લાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક નવો કલોઝ આવ્યો છે એ કલોઝ એ છે કે અત્યાર સુધી કેનાલ ઓફિસર પાસે સત્તા નહોતી. આપણે એન્જિનો બધા કેનાલ ઓફિસરને મોકલીએ અને જુઓ તો ઢગલામાં એક સાથે સો-બસ્સો એન્જિનો ચાલતા હોય. એક દિવસ થાય, બે દિવસ થાય જરૂરિયાત પડી હોય તો પણ એ લોકો એન્જિનો ચલાવતા હોય છે આવા સંજોગોમાં એ લોકો પાસે સત્તા નહોતી એટલે આ આપણે કેનાલ ઓફિસર એક એન્જિન confiscate કરી શકે તેવી સત્તા આપીએ છીએ. અને તેને પાછું લેવુ હોય તો કેનાલ ઓફિસર પાસે તે દંડ ભરીને એન્જીન પાછું લઇ શકે છે એટલે આ એક નવી જોગવાઇ આપણે ઉમેરી રહ્યાં છીએ. આનો હેતુ મૂળ જેમ મેં કહ્યું કે કરોડો કરોડો રૂપિયા રાજય સરકારે ખર્ચ્યા છે. ખાલી હું આપને દાખલો આપું કે આપણાં ઇરીગેશનના જ એટલા પ્રોજેકટ છે એક, સવા લાખ કરોડ રૂપિયાનો ખર્ચો કરેલો છે. નર્મદા પાછળ રૂપિયા ૬૦-૭૦ હજાર કરોડનો ખર્ચો કર્યો છે, સુજલામ-સુફલામ પાછળ રૂપિયા પાંચથી સાત હજાર કરોડનો ખર્ચો કર્યો છે, સૌની પાછળ રૂપિયા ૧૩ હજાર કરોડનો કર્યો છે અને આવા બીજા હજુ લિફ્ટ ઇરીગેશનથી માંડીને અનેક અનેક ખર્ચાઓ આવતા વર્ષોની અંદર પણ રાજય સરકાર કરવા જઇ રહી છે પરંતુ પાણીની ચોરી અને પાણીની ચોરી એક થોડા જ લોકોના કારણે, બહુ જ થોડા લોકો અસામાજીક તત્વો પણ આની અંદર જોડાય અને વ્યવસાય કરતા હોય છે. એટલે એ લોકોને રોકવા માટે હું આ બિલ લાવ્યો છું અને આના કારણે ખાલી હું આપને દાખલો આપું આજની તારીખમાં સિંચાઇમાં એવરેજ જે ડેમ સ્ટોરેજ છે તે ૧૯૧૦૨ એમ.સી.એમ.નો સ્ટોરેજ છે તેમાં ઇરીગેશન માટે ૧૫૭૨૩ એટલે ૮૨ ટકા આપણે સિંચાઇ માટે આપીએ છીએ. ૧૪ ટકા પીવાના પાણી માટે આપીએ છીએ. હવે ખાલી આ સિંચાઇના ૧૫૭૦૦માંથી ખાલી ૧૦ ટકા જ પાણીની બચત થાય તો આપણે એ ૧૦ ટકાના કારણે ૧.૫ લાખ હેકટરનું આપણે વધારે ઇરીગેશન કરી શકીએ. આ પ્રમાણેની આપણી વધારે સિંચાઇની શકિત છે અને સરકારની જવાબદારી છે આપણે ચૂંટાયેલા પક્ષની પણ જવાબદારી છે કે જેટલુ પાણી આપણે ખેડૂતને પહોંચાડી શકીએ અને તેનો પણ સારી રીતે ઉપયોગ થાય તો ખેડૂતોને વધારે પાણી મળવાથી તેની ઉપજ પણ વધારે આવશે અને ઉપજ વધારે આવશે તો ચોક્કસ તેની આવક વધશે અને આવક વધશે એટલે તેના પરિવારમાં આનંદ થશે અને બીજુ રાજયના વિકાસમાં પણ તે ભાગીદાર બનશે. એટલે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે આ બિલ લઇને હું આવ્યો છું ત્યારે આ રાજયની મૂડી યોગ્ય રીતે વપરાય તે માટેનું બિલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી રાજયના મંત્રીશ્રી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક લઇને આવ્યા છે. વર્ષ ૨૦૧૩માં પણ રાજ્ય સરકાર દ્વારા આ બિલ લાવવામાં આવ્યું હતું અને ખૂબ લંબાણપૂર્વક ચર્ચાના અંતે કોંગ્રેસ પાર્ટીના વિરોધ સાથે, કોંગ્રેસ પાર્ટીએ વૉક આઉટ કર્યું હોવા છતાં પણ સરકારશ્રી દ્વારા આ બિલ લાવવામાં આવ્યું હતું. એમ કહેવાય છે કે જ્યારે પાણીનું વેચાણ થાય કે પાણીની ચોરી થાય ત્યારે સમજવું કે કળિયુગ આવ્યો છે. એક જમાનો હતો જ્યારે અંગ્રેજો દરેક વસ્તુ પર કર નાખતા હતા. અંગ્રેજોના શાસનમાં પાણી હોય, અનાજ હોય કે અન્ય કોઇ બાબત હોય અંગ્રેજો એની પર કર નાખતા હતા. મીઠા ઉપર પણ અંગ્રેજો કર નાખતા હતા અને લોકો એની સામે આંદોલન કરતા હતા. મને એ સમજાતું નથી કે રાજ્ય સરકાર દ્વારા આ સુધારા વિધેયક કેમ લાવવામાં આવ્યું? ગયા વખતે વર્ષ ૨૦૧૩માં વિધેયક લાવ્યા ત્યારે કોંગ્રેસ પાર્ટીએ વિધાનસભાગૃહમાં ચર્ચા કરી હતી અને વિરોધ કર્યો હતો. વર્ષ ૨૦૧૩ પછી વર્ષ ૨૦૧૯ એટલે કે છ વર્ષના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારે ઘડેલો કાયદો નિષ્ફળ ગયો છે એવું ચોક્કસપણે આજના બિલ ઉપરથી સાબિત થાય છે. કારણ કે, ગઇકાલે જે બે બિલો આવ્યા એમાં એક સ્ટેમ્પ ડ્યુટીનું બિલ આવ્યું. એમાં રૂપિયા ૧૬૦ કરોડનો બોજો ગુજરાતની પ્રજા ઉપર નાખ્યો કે જેની સીધી અસર નાના માણસને પડવાની છે અને બીજું બિલ લાવ્યા કે ૫૫ ના ૬૦ પૈસા કર્યા. અમે તો ખાલી ૫ પૈસા જ વધાર્યા છે પણ ઉદ્યોગપતિઓને ફક્તને ફક્ત રૂપિયા ૮૦ કરોડનો બોજો આપ્યો. આ ભારતીય જનતા પાર્ટીની ઉદ્યોગપતિઓ માટેની નીતિ ગઇકાલના બંને બિલ ઉપરથી ફલિત થાય છે. માણસ સવારે ઉઠે ત્યારથી સાંજે સુવે ત્યાં સુધી પાણીની જરૂર પડે. આ સરકાર જે સુધારા બિલ લઇને આવી છે એ ખેડૂતો માટેનું બિલ છે કે જે બિલનો અમે વિરોધ કરીએ છીએ. રાજ્ય સરકારની ખેડૂત વિરોધી નીતિ વર્ષ ૨૦૧૩માં હતી અને વર્ષ ૨૦૧૯માં પણ છે એ નીતિનો અમે આજની તારીખે પણ સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ અને આ બિલ પાછું ખેંચે એવી સરકારને વિનંતી કરીએ છીએ. આ દેશમાં અને રાજ્યમાં તમામ લોકોને ખાવા માટે અનાજ જોઇએ અને અનાજ પેદા કરવા માટે પાણીની જરૂર પડે. આ

જવાબદારી રાજ્ય સરકારની છે. પાણી હોય, આરોગ્ય હોય કે શિક્ષણ હોય એ પૂરી પાડવાની જવાબદારી રાજ્ય સરકારની છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની જવાબદારી પણ રાજ્ય સરકારની છે. આ રાજ્યની અંદર ૧,૧૩,૨૫૫ સિમાંત ખેડૂતો છે અને એ લોકો ૭૯,૨૪૫ હેક્ટરમાં ખેતી કરે છે. આ રાજ્યમાં ૩,૩૭,૮૭૭ નાના ખેડૂતો નોંધાયેલ છે અને એ લોકો ૪,૧૦,૧૩૨ હેક્ટરમાં ખેતી કરે છે. અને એ લોકો ૪,૧૦,૧૩૨ હેકટરમાં ખેતી કરે છે. એ જ રીતે રાજ્યમાં મધ્યમવર્ગના ખેડૂતો ખેતી સાથે ૬,૦૭૦૯૮ લોકો સંકળાયેલા છે એમાં ૧૧,૭૬,૭૦૬ હેકટરમાં ખેતી કરે છે. મોટા ખેડૂતો ૪૨૦૨૬ નોંધાયેલા છે જેમાં ૧,૧૫,૧૯૫ હેકટરમાં આ ખેડૂતો ખેતી કરે છે. આ રીતે ગુજરાતમાં કુલ ૧૧,૦૦,૫૫૬ ખેડૂતોની સંખ્યા નોંધાયેલી છે એ ૧૭,૮૧,૨૭૯ હેકટરમાં ખેતી કરે છે. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું એમ સિંચાઇના માધ્યમથી કેનાલો તોડે છે એમાં ગાય, ભેંસ અને પશુ અંદર ઉતરીને તથા ખેડૂત પાઇપ દ્વારા મોટર દ્વારા પાણી ખેંચે છે. હું સરકારશ્રીને કહેવા માગું છું કે જે ખેડૂતો ખેતી કરે છે એને ચોરી કરવાની જરૂર નથી પરંતુ તમારી રાજ્ય સરકાર સિંચાઇનું પાણી આપવામાં નબળી પુરવાર થઇ છે એટલે ખેડૂતો આ પ્રવૃત્તિ કરી રહ્યો છે. ગાબડા પાડે, ખેડૂતો કેનાલો તોડી નાખે છે. હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નર્મદા જેવી મુખ્ય નદીની વચ્ચે એક પાળો બનાવી દેવામાં આવ્યો,નદી રોકી દેવામાં આવી એ સરકારના ધ્યાનમાં ન આવ્યું પરંતુ સામાન્ય ખેડૂતે કાણું પાડ્યું એ સરકારના ધ્યાનમાં કેવી રીતે આવ્યું એ મને સમજાતું નથી. નર્મદા નદીમાં પાળો બાંધ્યો હતો એ મોટો માણસ હતો જયારે સિંચાઇ માટે કેનાલમાં કાણું પાડ્યું એ નાનો માણસ હતો. સરકાર નાનાને જેલમાં નાખવાની વાત કરે છે. જયારે મોટાને મલાઇદારની વાત કરે છે. સરકારની એ જવાબદારી છે. હું સરકારને પૂછવા માગું છું કે નર્મદા માટેનો જશ લો છો પણ અપજશ પણ તમારા માથે છે. કોંગ્રેસે નર્મદાનું ખાતમૂહર્ત કર્યા પછીથી તમે દરવાજા ફીટ કર્યા પછી તમે ખેડૂતને ચોર સાથે સાંકળીને આ સુધારા બિલ લાવ્યા છો એના ઉપર તમારે ધ્યાન રાખવું પડશે. તમે દરવાજા તો ફીટ કર્યા એ પછી આ બિલમાં સુધારા પછી ખેડૂત જેલમાં એ પછી આ દરવાજા ફીટ કર્યા તેવું ચોક્કસ લાગે છે. પ્રશ્નોત્તરીમાં છેલ્લા બે વર્ષની અંદર નર્મદા કેનાલમાં કેટલા ગાબડા પડ્યા. મને ખ્યાલ છે ત્યાં સુધી ૨૧૬ કે ૨૦૯ જેટલા ગાબડા પડ્યા પછી એ અંગે શું કાર્યવાહી કરવામાં આવી, શું પગલાં લેવામાં આવ્યા. ગાબડા કેમ પડયા એ અંગે સરકારે જવાબ આપ્યો એમાં કોઇ એજન્સી સામે પગલાં લીધા કે કેમ એના જવાબમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ઉંદરડા અને નોળીયાએ આ નર્મદા કેનાલ ખોતરી નાખી છે. આ નોળીયા બે પગવાળા હતા કે ચાર પગવાળા હતા એની મને ખબર પડતી નથી. ઉંદર એ ગણપતિનું વાહન છે એ ગમે તે કરે પરંતુ આ ચાર પગવાળા હતા કે બે પગવાળા ઉંદરડા હતા? શેના લીધે આ ગાબડા પડ્યા એ શોધવું પડશે. સરકારને પૂછવા માગું છું કે નર્મદાનો જશ લેનાર ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૦૯ ગાબડા પડ્યા છે ત્યારે સરકાર દાવા સાથે બતાવે કે નર્મદામાં પડેલા ગાબડામાં કોઇ કોન્ટ્રાકટર કે એજન્સી સામે પગલાં લીધા હોય તેવો એક પણ બનાવ બન્યો નથી. અમારી શ્રીમતી ગેનીબેન બિચારાં થાકી ગયાં સાથે શ્રી નથાભાઇ અને શ્રી શીવુભાઇ પણ, અમારા શ્રી પ્રદ્યુમનસિંહ બે – બે મિનિટ માટે ઉભા થાય છે. બે મિનિટ આપો. કચ્છમાં પાણી માટેની તકલીફ હોય કેમ? સાહેબ, પાટણ, સુરેન્દ્રનગર, કચ્છ અને બનાસકાંઠામાં આજે પણ પાણીની તકલીફ છે. ૨૪–૨૪ વર્ષથી તમારી સરકાર છે. નર્મદામાં કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી થાય છે પણ આજે પણ પાણી પહોંચાડી શકતા નથી. દરવાજા લઇને, દરવાજો ખુલ્લો હોય તો કોઇ ઘુસી જાય, દરવાજો બંધ હોય તો તે સેફટી કહેવાય, તમે દરવાજા બંધ કર્યા પછી પણ જે પાણી કચ્છમાં પહોંચાડવું જોઇએ તે આજે પણ નર્મદા યોજનાની પ્ર–શાખા હોય કે પ્ર–પ્ર–શાખા હોય ૧૫ હજાર કરતાં પણ વધારે કેનાલોનું કામ આ ભારતીય જનતા પાર્ટીની ૨૪–૨૪ વર્ષથી સરકાર આવ્યા પછી પણ નર્મદાની કેનાલોનું કામ પૂર્ણ કરી શકયા નથી. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સરેરાશ વરસાદ, ખેડૂતો શેની પર નભે! વરસાદ સારો પડતો હોય તો ખેડૂતોને સિંચાઇના પાણીની પણ જરૂર નથી. એ રવિ પાક વખતે જરૂર પડે કદાચ. આ વખતના પાકમાં સિંચાઇમાં જો વરસાદ સારો પડે તો એ લોકોને સિંચાઇમાં પાણીની જરૂર નથી. રાજયમાં સરેરાશ વાર્ષિક વરસાદ એસઇઓસીના આંકડા મુજબ વર્ષ ૨૦૧૩ની અંદર ૧૧૭૫ મિલિમિટર નોંધાયો હતો. વર્ષ ૨૦૧૪માં ઘટીને ૭૬૨ મિલિમિટર થયો, વર્ષ ૨૦૧૫માં ૬૫૦ મિલિ મિટર થયો, વર્ષ ૨૦૧૬માં ૭૨૬ મિલિમિટર થયો, વર્ષ ૨૦૧૭માં ૯૦૯ મિલિમિટર થયો અને ગયા વર્ષે ૨૦૧૮ની અંદર ૬૩૮ મિલિમિટર જેટલો વરસાદ પડયો. એનો મતલબ એ થયો કે વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં વર્ષ ૨૦૧૮માં ૫૦ ટકા જેટલો વરસાદ ઓછો પડયો. આ વરસાદના કારણોસર રાજય સરકારે ૫૧ તાલુકાઓની અંદર અછત પણ જાહેર કરી,અને અમૂક તાલુકાઓમાં અર્ધ–અછત રાજય સરકાર દ્વારા દાખલ કરવામાં આવી. સૌથી ઓછો વરસાદ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પડયો. વરસાદ જયારે ઓછો પડે ત્યારે જે પરિસ્થિતિ થાય છે તે અલગ પ્રકારની હોય છે.

આ રાજયની જળાશયોના પાણી સંગ્રહની વાત કરીએ તો રાજયમાં કુલ કોંગ્રેસ પાર્ટીએ બનાવેલા ૨૦૩ ડેમ છે. કોંગ્રેસે શું કર્યું ? તો કોંગ્રેસે ૨૦૩ ડેમ બનાવ્યા છે. આ કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે. તમે શું બનાવ્યું! બોરીબંધ બનાવ્યા, ન આજ બોરી હૈ, ન બંધ હૈ, એવી પરિસ્થિતિ છે. આમાં તો એવું કહેવાય કે રાજયના મુખ્યમંત્રી *(xxx), અમારા વિરોધપક્ષના નેતા *(xxx), દેશના બે મોટા ઉદ્યોગપતિઓ *(xxx), પાણી માટે બિચારા ખેડૂતો ફસાણા, ફસાણી હલવાણી એવી દશા થઇ ગઇ છે. આ રાજયના જળાશયોમાં ૨૦૩ ડેમ... (અંતરાય)

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ વ્યકિતની જાતિ વિષયક, જ્ઞાતિ વિષયક (અંતરાય) તમારી સલાહ જોઇતી નથી. *(xxx) બધાને કંઇકનું કંઇક લાગુ પડે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, કોઇ પણ વ્યકિતની જ્ઞાતિ, જાતિ, સમાજ ધર્મ અંગે કોઇ પણ જાતના અવલોકનો પણ ન થાય, ટીકા પણ ન થાય અને કટાક્ષ પણ ન થાય. એટલે માનનીય શૈલેષભાઇએ જે વાકયો વાપર્યા છે એ રદ કરો અને ભવિષ્યમાં આવું ન બોલે એ માટે એમને ઠપકો આપો, એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : રદ કરવામાં આવે છે. સરનેઇમ જે બોલ્યા એ બધી રદ કરવામાં આવે છે.

શ્રી શૈલેષભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કાંઇ વાંધો નહીં, શ્રી નીતિનભાઇ, આ તો ગુજરાતની પ્રજા ફસાણી એના માટે હું વાત કરતો હતો. મેં કોઇની લાગણીને ઠેસ પહોંચાડવા માટે નથી કહ્યું, તમને ઠેસ પહોંચી હોય તો હું મારા શબ્દો પણ પાછા ખેંચી લઉં છું. આજે કારગીલ દિવસ છે, આજના દિવસે શહિદોએ દેશના રક્ષણ માટે શહિદી વહોરી હતી. પણ મારે તો માનનીય નીતિનભાઇને એટલું જ કહેવું છે કે, ખેડૂતોને જેલમાં નાખવાની વાત કરી છે તેના માટે પણ કંઇક બોલે તો સારું. રાજય સરકારના ૨૦૩ ડેમ છે અને તેની પાણીની સંગ્રહ ક્ષમતા ૧૫૭૬૦.૧૭ મિલિયન ઘન મિટરની છે. હાલની તારીખમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ ૮૬૪૮.૪૮ મિલિયન ઘન મિટર પાણીનો સંગ્રહ હતો, ૩૧ ડિસેમ્બર ૨૦૧૮માં ૬૧૭૭.૪૨ મિલિયન ઘન મિટર સંગ્રહ હતો. અને માર્ચ ૨૦૧૯માં ૪૧૪૧.૦૨ મિલિયન ઘન મિટર હતો. જે ક્ષમતા ૧૫૭૬૦ મિલિયન ઘન મિટર જેટલી છે એ આજે ઘટીને ૪૧૪૧ પર પહોંચી છે. એનો મતલબ એવો થયો કે ઓછામાં ઓછું ૧૧૦૦૦ મિલિયન ઘન મિટરનો સંગ્રહ ડેમોમાં ઓછો થયો છે. જયારે ડેમોમાં જ પાણી ન હોય તો નહેરોમાં કેવી રીતે પાણી આવવાનું? અને નહેરોમાં પાણી ન આવે તો ખેડૂતો પાણી કેવી રીતે લેવાના? એમનો પાક કેવી રીતે બચાવવાના? ખેડૂતો શેના માટે પાણી લે છે? પોતાનો પાક બચાવવા માટે લે છે. પાક એટલા માટે બચાવવા માગે છે કે ખેડૂત પોતે ખર્ચામાં ન આવી જાય, એમને આત્મહત્યા ન કરવી પડે, જયારે પાણી આપવાની જવાબદારી સરકારની છે ત્યારે કૂવામાં જ નહીં હોય તો હવાડામાં કેવી રીતે લાવશો? આ રાજયની અંદર જૂન ૨૦૧૮ની ભૂતળ જળ સિંચાઇની એકંદરે ઉભી કરાયેલ કુલ સિંચાઇ ક્ષમતા ૯૫.૪૩ ટકાની સામે ૬૬.૮ ટકા સિંચાઇ થવા પામેલ છે. આ જૂન ૨૦૧૮નો રિપોર્ટ છે. આ રાજયમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના અંતર્ગત ૯૩૩૮૯ ચેક ડેમ બાંધવામાં આવ્યા છે. અન્ય વિભાગો દ્વારા ૯૫૯૩૬ ચેકડેમો બાંધવામાં આવ્યા છે. આમ કુલ રાજયમાં નાના મોટા થઇને ૧૬૯૩૨૫ ચેકડેમો છે. રાજયની ભૂ-સંચય, જળસંચય અને ભૂગર્ભ રિચાર્જ માટે તળાવો ઉંડા કરવામાં કુલ ૨૭૭૭૩ તળાવો આ બન્ને યોજના અંતર્ગત ઉંડા કરવામાં આવ્યા છે અને ખાસ કરીને સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૮માં ૪૦૯૬ તળાવો ઉંડા કરવામાં આવ્યા હતા અને મે ૨૦૧૯માં ૩૪૭૩ તળાવો ઉંડા કરવામાં આવ્યા. એકબાજુ ચેકડેમો બનાવ્યા, એક બાજુ તળાવો ઉંડા કર્યા, બીજી બાજુ વરસાદ ઓછો પડયો અને વરસાદ ઓછો પડવાના કારણોસર એ ચેકડેમો અને એ તળાવોની અંદર પાણી ભરાઇ શકયું નહીં. રાજય સરકાર જયારે સિંચાઇ માટેનું બિલ લઇને આવી છે ત્યારે આ રાજયની અંદર બે ટાઇપની સિંચાઇ છે. એક ભૂતળ જળ યોજના મારફત અને બીજું, ભૂગર્ભ જળ યોજના અંતર્ગત, આજે ભૂતળ જળ અંતર્ગત મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાની સિંચાઇ ક્ષમતાની જે કેપેસીટી છે એ લાખ હેકટરમાં હું જણાવું તો મોટી-મધ્યમ સિંચાઇની યોજનાઓમાં ૧૩.૧૭ લાખ હેકટરની ક્ષમતા છે. નાની સિંચાઇ યોજનામાં ૧.૫૪ લાખ હેકટરની ક્ષમતા છે. સરદાર સરોવર યોજનામાં ૬.૭૩ લાખ હેકટરની ક્ષમતા છે. જૂન ૨૦૧૮ના રિપોર્ટને આધિન આ હું કહું છું. આ જૂન-૨૦૧૮ના રિપોર્ટના આધીન કહું છું. તળાવો અને અન્ય બાબતોમાં ૧.૭૮ લાખ હેક્ટરની ક્ષમતા છે અને ચેકડેમોના પરકોલેશન ફલો દ્વારા ૬.૫૮ લાખ હેકટરની ક્ષમતા છે. આમ કુલ ભૂતળ જળ યોજના અંતર્ગત ૩૦.૨૦ લાખ હેકટરમાં સિંચાઇની ક્ષમતા રહેલી છે અને એવી જ રીતે ભૂગર્ભ જળ ક્ષમતા સરકારી પાતાળકૂવાઓ અને અન્યમાં ૨૨.૬૭ લાખ હેક્ટર રહેલી છે. સિંચાઇની ક્ષમતા જૂન-૨૦૧૮ અંતર્ગત ભૂતળ જળ ક્ષમતા ૩૦.૨૦ લાખ હેકટર અને ભૂગર્ભ જળ ક્ષમતા ૨૨.૬૯ આમ કુલ ૫૨.૭૯ લાખ હેકકટરની સિંચાઇની ક્ષમતા છે. આ ક્ષમતામાં ઉત્તરોત્તર વધારો થવો જોઇએ તેના બદલે ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, લાંબી વાત કરતા એટલું જરૂર કહીશ કે રાજય સરકાર ખેડૂતોને ખેતી માટે પાણી આપવામાં પાછીપાની કરે છે. યોજનાઓ ઘણી છે. હમણાં મંત્રીશ્રી ગણાવતા હતા. સરદાર સરોવર યોજના, સૌની યોજના, સુજલામ્ સુફલામ્ યોજના આવી વિવિધ યોજનાઓ દ્વારા સિંચાઇનું પાણી પૂરું પાડવામાં આવે છે. આજે પરિસ્થિતિ એવી છે કે ખેડૂતોને સિંચાઇનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી. વરસાદ ઓછો પડે છે તે કારણોસર જે પાણી તમારે પહોંચાડવું જોઇએ એ પાણી તમે પહોંચાડી શકતા નથી. તેના કારણસર ખેડૂતોને પોતાનો પાક બચાવવા માટે, પોતાનો ઉભો પાક બળી ન જાય, પોતે આત્મહત્યા ન કરે માટે તેને પાણીની જરૂર પડતી હોય છે. ત્યારે મારી સરકારને વિનંતી છે કે તમારી સરકાર ખેડૂતોને સિંચાઇનું પાણી આપવામાં બિલકુલ પૂરી પડી નથી, માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું, રાજય સરકારને પણ વિનંતી કરું છું કે ૧૦૦ ટકા પંચાયતથી પાર્લામેન્ટ સુધી તમારી સરકાર છે. લોકોએ તમને દિલથી મત આપ્યા છે. તેના પરિણામ સ્વરૂપ ખેડૂતોને જેલમાં નાખવાની જે વાત કરો છો એ અયોગ્ય વાત છે. રાજય સરકારે આની અંદર વિચારણા કરવી જોઇએ. આ બિલને ફરી વખત કમિટીને સોંપવું જોઇએ એવી મારી માગણી છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

બ્રિજેશ મેરજા(મોરબી): માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી આર. સી. ફળદુ સાહેબે આજે કારગીલના યુદ્ધની વાત કરી અને જવાનોને અંજલિ આપી. અમારી પણ જવાનોને અદબભેર અંજલિ છે. ગૌરવશાળી દિવસ છે. જય જવાન જય કિસાન. હું વાત કરીશ કિસાનોની. આજે ગુજરાતનો ખેડૂત પાટુ મારીને ધાન પેદા કરે છે. સૌરાષ્ટ્રનો ખેડૂત નપાણીયો હોવા છતાં ખેતી માટે ઝઝૂમે છે. કૃષિ અને સિંચાઇ પરસ્પર પૂરક છે.(અંતરાય) સૌરાષ્ટ્રનો નપાણીયો વિસ્તાર. એમાં શ્રી ગોવિંદભાઇએ કંઇ ખોટું કહ્યું નથી. નપાણીયો વિસ્તાર સૌરાષ્ટ્રનો છે. પાણી આપણે આપી શકતા નથી. પાણીદાર છે, સૌરાષ્ટ્રનો ખેડૂત. પાટુ મારીને ધાન પેદા કરનારો છે. (અંતરાય) નહીં, નહીં, શ્રી ગોવિંદભાઇ, ૨૨ વર્ષમાં તમે સૌરાષ્ટ્રનો ભાદરનો ડેમ ખેડૂતો માટેનો, પીવાના પાણી માટે રીઝર્વ કરવાનું કૃત્ય કર્યું છે. અમને ખેડૂતોને છંછેડો માં. ખેડૂતોના દીકરા છીએ. અમારી રગોમાં ખેડૂતનું લોહી વહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં સિંચાઇ મંત્રીશ્રી નદી અને પાણીને નાથવાની વાત લઇને આવ્યા છે. મારા મિત્રોને હું યાદ કરાવવા માગું છું. નેશનલ લેવલે નદીઓને જોડવાની એક રાષ્ટ્રીય યોજનાની શરૂઆત દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ કરેલી અને આદરણીય અટલબિહારી બાજપાઇએ તેને આગળ ધપાવેલી. તમારી પાસે અત્યારે સઘળું છે. તો આ યોજનાની ફાઇલ અભેરાઇએ ચડેલી છે તે ખંખેરીને નેશનલ રીવર ગ્રીડ છે, તમે પુનર્જીવિત કરશો તો સૌરાષ્ટ્રને પાણી મળશે, ઉત્તર ગુજરાતને પાણી મળશે અને અત્ર, તત્ર, સર્વત્ર પાણી મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ મેણાં ટોણાં મરાય છે કે નર્મદા યોજનામાં કોંગ્રેસને કારણે ખૂબ વિલંબ થયો. મારે નમ્રતાપૂર્વક આપના મારફત ગૃહનું ધ્યાન દોરવાનું છે કે એમાં કયાંય કોંગ્રેસનો કસૂર નથી. આ યોજનામાં ચાર રાજયો લાભાન્વિત હતા અને નેશનલ નર્મદા કંટ્રોલ ઓથોરીટી હતી. ઓથોરીટીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત. ચાર રાજયોની વાત સાંભળવાની હતી. જળ વિતરણની વાત હતી, વિદ્યુત વિતરણની વાત હતી અને એમાં સમય ગયો છે. આ નર્મદા ડેમનું ખાતમુહૂર્ત કર્યા પછી એમાં અમે કયાંય કચાશ રાખી નથી. એથી આગળ કહેવા માગું છું કે ૨૨ વર્ષ તમને આપ્યા હતા. કેનાલનું પાણી ડેમમાં જે છલતી હોવું જોઇએ એ નહોતું પણ કેનાલનું કામ કરતા તમને કોણ રોકતા હતા? એ મેઇન કેનાલ હોય, માઇનોર કેનાલ હોય કે સબમાઇનોર કેનાલ હોય એ કેમ હજી સુધી તમે પૂરી કરી શકયા નથી? નર્મદાનું ફલડનું પાણી આ નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ રાજય સરકારને વાપરવા માટેની પરવાનગી તમને આપી. એના પરિપાકરૂપે ત્રણ મીલીયન એકર ફીટ પાણીનું ડીસ્ટ્રીબ્યુશન જયારે કરવામાં આવ્યું અને એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાત માટે, એક મીલીયન એકર ફીટ પાણી એ સૌરાષ્ટ્ર માટે, એક મીલીયન એકર ફીટ પાણી એ કચ્છ માટે. ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજનાથી ખેડૂતોને માલામાલ કરી દીધા. આવકાર્ય છે. અમે રાજી છીએ. ખુશ છીએ. સૌરાષ્ટ્રની સૌની યોજના અધૂરી છે. સત્વરે પૂરી કરો અને ખેડૂતોને પાણી મળે એવું કરો. મારે કચ્છની વાત કરવી છે. ''કચ્છડો બારે માસ.'' મારા નેતા શ્રી વાસણભાઇ બેઠા છે એ નહીં બોલી શકે. ટપ્પરમાં પાણી આવે છે? નથી આવતું. એક મિલિયન એકર ફીટ પાણી કચ્છ માટે લઇ આવવાની મસ મોટી વાતો કરો છો પણ હજી યોજનાનો પથ્થર પણ મૂકાયો નથી એ પહેલાં કરાવો. ખેડૂતોને પાણીની જે મુશ્કેલી છે, હાડમારી છે, જગતના તાતની આ પીડા છે, ખેડૂતને પાણી નથી મળતું. ખેડૂતો માટે સિંચાઇના તમે નવા ડેમ બનાવતા નથી. નર્મદા કેનાલનું કામ તમે સમયસર કરતા નથી અને આજે તમે ખેડૂત વિરોધી કાયદો લાવો છો તો ખેડૂત જઇ જઇને જાય કયાં? ભૂતકાળમાં આ સરકારે ખેડૂતોને વીજ ચોરોથી નવાજી છે અને હવે તમે પાણીચોરનો શીરપાવ આપી રહ્યા છો? બહુ દુઃખદ બાબત છે. આ ખેડૂત વિરોધી કાળો કાયદો કોઇપણ સંજોગોમાં ના આવવો જોઇએ. ખેડૂતને કૂવો ગાળવો હોય તો બે ગૂંઠા જમીન જોઇએ, એ બે ગૂંઠા જમીન માટે છેક સચિવાલય સુધી, માનનીય મંત્રીશ્રી સુધી લાંબુ થવું પડે છે. ભૂતકાળમાં ખેડૂતોને કૂવો ગાળવા માટે બે ગૂંઠા જમીન જિલ્લાકક્ષાએથી અપાતી હતી. એવું કંઇક કરો. આ સરકાર પાસેથી એવું કંઇક આપણે કરાવીએ. ઉપમુખ્યમંત્રીશ્રીએ એમના બજેટમાં પાંચ મુદ્દા ઉપર ફોકસ કર્યુ છે. એમાં જળસિંચનને ટોપ પ્રાયોરીટી આપી છે. ગ્રીન એન્ડ કલીન એનર્જી, પર્યાવરણ ખેડૂત કલ્યાણ અને રોજગારી, આ પાંચે પાંચ મુદ્દા ખેતી સાથે સંકળાયેલા છે. મને એનું ગૌરવ છે. તમે જે બજેટમાં થીમ લાવ્યા છો એ ખૂબ આવકાર્ય છે પણ એને માત્ર શબ્દોના વાઘા ના પહેરાવો. એને અમલમાં મૂકો. તમે જળસંચયની વાત કરો છો તો મારે કહેવું છે કે તમે કૃષિ માટે રૂપિયા ૭૧૧૧ કરોડની ફાળવણી કરી છે. આપણે જયાં સુધી ખેત નિપજને નિકાસ સુધી નહીં દોરી જઇએ ત્યાં સુધી ખેડૂતની જે ખેત નીપજ છે એને સારા ભાવ નહીં મળે. સારી વાત છે કે વર્ષ ૨૦૨૨માં તમે ખેડૂતોને બમણા ભાવો અપાવો. પણ એ ત્યારે આપી શકશો કે જ્યારે ખેડૂતોને ખેત નીપજને તમે એક્સપોર્ટ કરી શકશો અને ખેત નીપજ જે આપણે ઇમ્પોર્ટ કરીએ છીએ એના ઉપર તમે એન્ટી ડમ્પીંગ ડ્યૂટી નાંખશો તો ખેડૂતો આગળ આવશે.

અધ્યક્ષશ્રી : બિલ ઉપર આવો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ, ખેતી અને વીજળી પરસ્પર અવલંબિત મુદ્દા છે. ખેત જણસની નિકાસ વધે તો નીપજના યોગ્ય ભાવ મળે. તમે કૃષિને પ્રોત્સાહન આપો. જળસંપત્તિ માટે ૭૧૫૭ કરોડનું પ્રાવધાન કરવામાં આવ્યું છે એ અપૂરતું છે. ઇસ સંસાર મૈં ભાત ભાત કે લોગ, સબસે હિલ-મિલ રહીયે, નદી નાવ સંજોડ. આ નદીઓને નાથવાની, કેનાલોને સુરક્ષિત કરવાની વાત છે. ખેડૂતો માટે કપરા સંજોગો ઉભા થયા છે ત્યારે આ ખેડૂતોને ન્યાય આપવાની વાત છે ત્યારે હું એટલું ચોક્કસ કહીશ કે જ્યારે કાકા કાલેલકરે નદીને લોકમાતા કહી હોય ત્યારે એમાં પ્રદૂષણ ન થવું જોઇએ.

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય સૌરભભાઇ સારી કલમ લાવ્યા છે. નદી અને કેનાલોમાં પ્રદૂષણ થતું અટકાવવું જોઇએ. એના અમે પણ હિમાયતી છીએ. પણ આ પ્રદૂષણ કોણ કરે છે? કોની મીઠી નજર નીચે થાય છે એ તપાસવાની જરૂર છે. શ્રી સૌરભભાઇએ કહ્યું ડેમમાં મોટા પાળા બાંધી દેવામાં આવે છે. પાળા કોણ બાંધી દે છે? કોની રાજકીય ઓથે આ પાળા બંધાય છે? Prevention is better than cure આવા પાળા બાંધતા હોય ત્યારે શું તમારા ઇજનેરોનું ધ્યાન નથી હોતું? ઉત્સવ ઘેલી સરકાર ઇજનેરોને ઉત્સવોમાં જોડી દે છે. ઇજનેરો પાસેથી સિંચાઇના કામો લો. ઓફ સિઝન હોય ત્યારે કેનાલોના રિપેરીંગના કામો કરાવો, કેનાલો અવાર નવાર તૂટી જાય છે તેના માટે પૂરતી ગ્રાન્ટ ફાળવો અને કેનાલોના મજબૂતીકરણના કામો હાથ ધરો. સંપૂર્ણ સ્વતંત્રતા ન્યાયની મશ્કરી કરતી હોય છે. આપ તો ન્યાયવિદ છો. આઇડોકામનું એક કથન છે કે સંપૂર્ણ સ્વતંત્રતા એ ન્યાયની મશ્કરી કરતી હોય છે. સંપૂર્ણ ન્યાય સ્વતંત્રતાને સ્વીકારતો નથી.

અધ્યક્ષશ્રી : ન્યાય માટેની વાત છે. ખલીલ ઝીબ્રાને શું કહ્યું છે એ કહું. એ ચોપડી હું બધા ૧૮૨ ધારાસભ્યોને આપવાનો છું. બધા વાંચજો. એમાં કહ્યું છે કે, કોઇ ઘરડો સર્પ પોતાની કાંચળી ઉતારી શકવા સક્ષમ ન રહે અને બીજા સર્પને કહે કે તું નિર્લજ અને નગ્ન છે. કોને લાગું પડે એ સમજજો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની જ મારે વાત કહેવી છે. આ ગૃહમાં એવું પણ કહેવાયું છે કે દેશમાં પાણીની અછતમાં ગુજરાત રાજ્ય એ શિરમોર રાજ્ય છે. વરસાદી પાણી દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ૬૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૭ ટકા અને કચ્છમાં ૩ ટકા આટલા જ વરસાદના પાણીનો આપણે સંગ્રહ કરી શકીએ છીએ. બાકી બધું પાણી દરિયામાં વહી જાય છે. અમારા સૌરાષ્ટ્રની ધરતી પથરાળ છે પણ અમે પથ્થર દિલના નથી, ઋજુ છીએ. અમારા ચોટીલામાં માં ચામુંડા બિરાજે છે. એ ઉંધી રકાબી જેવો પ્રદેશ છે. ચોટીલા પાણી મળે તો આખા સૌરાષ્ટ્રમાં પાણી મળી જાય. તમે ચોટીલામાં કલ્પસરની જેમ એક મોટું રિવર બનાવો તો એનો લાભ સિંચાઇ માટે આખા સૌરાષ્ટ્રને મળશે. સિંચાઇના પાણીના વિતરણની વાત કરું તો મોટા મોટા ડેમો બનાવ્યા એમાં ૭૦ ટકા સિંચાઇ માટે રહે છે. પીવા માટે ૧૦ થી ૧૫ ટકા આપવું પડે છે અને ઉદ્યોગોને ૩ થી ૫ ટકા પાણી આપીએ છીએ. એક બાજુ આકાશી ખેતી પર નભતા આ ખેડૂતો માટે મસમોટા ડેમો બનાવ્યા હોય. ભાદર ડેમ એ વખતનો સૌરાષ્ટ્રનો મોટામાં મોટો ડેમ, એ ડેમનું પાણી ખેડૂતોને આપવના બદલે પીવાના પાણી માટે રિઝર્વ રાખો છો. પીવાનું પાણી પ્રજાને આપવું જોઇએ એમાં સંમત છીએ. પણ ૨૨ વર્ષથી શાસન કરતી આપણી આ સરકારને પૂછવા માગું છું કે તમે પીવાનું પાણી અન્ય સ્ત્રોત દ્વારા લોકોને આપો. અને રિઝર્વ કરેલો ડેમ ખેડૂતો માટે ખૂલ્લો મૂકો. માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ કામ થતું અટકાવવા કાયદા કરે એને બદલે રાજકીય ઇચ્છા શક્તિને દ્રઢ બનાવો. કાયદા તો અનેક છે પણ એનો ક્યાંય અમલ પુરતો થાય છે ખરો? નથી થતો ત્યારે આ કલમ ૩૮માં નદીમાં પાણી બાંધીને સિંચાઇને અવરોધે છે એની સામે તમે સિંચાઇના અધિકારીનો કહો કે આમાં થોડા સાબદા બને. ક્યાંક ને ક્યાંક કોઇક રાજકીય આગેવાન કે સિંચાઇનો અધિકારી તો આમાં ભાગીદાર નથીને? એવું પણ આપણે તપાસવું પડશે. ગેરકાયદેસર પાણી લેનાર સામે આપણે પગલા લેવાની વાત કરીએ છીએ. ખેડૂતો ગેરકાયદેસર પાણી લેવા માટે ક્યારે મજબૂર બને? જ્યારે એના હક્કનું સિંચાઇનું પાણી ના મળે ત્યારે. ખેડૂતો ઉપર તમે આ રીતે કાયદા બનાવીને પાણી ચોરનું તહોમતનામું મુકતા પહેલા તમારે તમારી સિંચાઇ યોજના છે. સિંચાઇ યોજનાની ક્ષમતા, એનું વહન અને એ મુજબ એનું ડિસ્ટ્રીબ્યુશન એ બધું ચકાસવું જોઇએ અને જ્યારે કેનાલો તૂટે, પાઇપ લાઇનો તૂટે છે ત્યારે ખેડૂતોને બે પ્રકારનું નુકસાન થાય છે. એક તો પાણી જે એના માટે આવવાનું હતું એ મળતું નથી અને બીજું, પાણી એના ખેતરમાં પ્રસરી જવાથી એના ખેતરને પણ નુકસાન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઇ પટેલ જેના માટે આખા ગુજરાતને નહિ, આખા ભારતને અને વિશ્વને અપાર આદર છે. એ સરદાર વલ્લભભાઇ પટેલે અંગ્રેજોની સામે ખેડૂતોના હક્કની હિફાજત કરવા માટે બોરસદ અને બારડોલીનો સત્યાગ્રહ એના પરિણામે વલ્લભભાઇ પટેલમાંથી સરદાર સાહેબ બન્યાં. જે ખેડૂતોના હક્ક અને હિતની હિફાજત કરવા માટે નિકળ્યા હોય અને આપણી સરકાર સરદાર વલ્લભભાઇ પટેલની વારંવાર દુહાઇ દેતી હોય તો મારે આપની સરકારને પૂછવું છે કે, તમે આ ખેડૂતોને પાણી ચોર, વીજ ચોર તરીકે નવાજીને તમે શું કરવા માગો છો? આ ખેડૂતોને તમે સિંચાઇનું પાણી નથી આપતા. તેના હક્કનું પાણી પૂરું પાડવામાં આપણે ક્યાં ઊણા ઉતર્યા છીએ એ પણ એક તપાસનો વિષય છે, એક આત્મમંથન અને મનોમંથનનો વિષય છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત કરી પશુપાલનની. ભાઇશ્રી, કુબેરભાઇ બેસો. તમારો પણ વારો આવશે.

અધ્યક્ષશ્રી : શ્રી કુબેરભાઇ ડીંડોર, તમારો વારો નથી. પછી બોલજો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, કેનાલમાં જો મૂંગા પશુ પાણી પીવા જતા રહે તો એના અભણ એવા પશુપાલક સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભૂપેન્દ્રસિંહજી આપણાં સન્માનનીય ગૃહના સિનિયર મંત્રીશ્રી છે. એમણે જ જાહેર કરેલું કે કચ્છના ઢોર મોરબીથી, સુરેન્દ્રનગરથી અમદાવાદ આવ્યા અને જે રીતે પીવાના પાણીની વચ્ચે ક્યાં આપણે સગવડતા કરી હતી? જ્યાં પાણી ઉપલબ્ધ હોય ત્યાં જ પાણી પીવા જાય તો આવા પશુપાલકોના જે પશુધન છે એને પીવાના પાણી માટે પણ આપણે રોકીએ. માનનીય અધ્યક્ષશ્રી, અંતે હું એટલું જ કહીશ કે જ્યારે આ પાણીની, સિંચાઇની ગંભીર બાબત લઇને આવ્યા છે ત્યારે ખેડૂતોને મધ્યે નજર રાખે. સિંચાઇ માટે આવું જ એક બિલ અગાઉ વિધાનસભામાં આવ્યું હતું. અમારા સિનિયર સાથીદાર મુરબ્બીશ્રી શૈલેષભાઇ પરમારે જે વાત કરી એ વાત સાથે હું મારો સૂર પુરાવું છું. જય જવાન, જય કિસાન.

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ વર્ષ ૨૦૧૩નું વધુ સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. શ્રી સૌરભભાઇ દલાલ, તમે કદાચ ખેતી કરતા હોત તો આ બિલ લઇને ન આવ્યા હોત. આજે આ ગૃહમાં બે કાળા કાયદા પસાર થવાના છે. એક ખેડૂતો માટેનો અને એના પછી તરત પાછું બિલ ઘરમાં જે લોકો પાણી પીવે છે એના માટેનો કાયદો, કાળો કાયદો આજે આ ગૃહની અંદર પસાર થવા જઇ રહ્યો છે. ખેડૂતની વાત આવે અને ભા.જ.પ. અને કોંગ્રેસના તમામે તમામ સભ્યો તરત જ ઉભા થઇ જાય. *(xxx) ખેતી કરે છે કે નહીં મને ખબર નથી પણ ખેડૂતની અને ખેતીની વાત આવે એટલે ખેડૂતોના જેમ હામી હોય.

અધ્યક્ષશ્રી : માનનીય *(xxx) હાજર નથી ત્યારે તમે બોલો છો. હું કાઢી નાખું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એમ તમામે તમામ સભ્યો ભા.જ.પ. અને કોંગ્રેસના અને સરકાર વારેવારે ખેડૂતોની ચિંતા કરતા હોય છે અને એવા સંજોગોમાં મંત્રીશ્રી જે કાયદો લઇને આવ્યા છે. મંત્રીશ્રી, અમે ખેતી કરતા હતા ને ત્યારે પેલા પાલા પકડયા હોયને એટલે હાથે પાહા પડી જાય. પાહા એટલે ચામડી કાઠી થઇ જાય. એવું કામ, એવી ખેતી પણ અમે કરેલી છે. તમે કદાચ કયાંક રિલાયન્સ કે અદાણીની ખબર રાખવાની વાત કરી હોય અને એના માટે કાયદા લાવવાની વાત કરીને તમે કાયદો લાવ્યા હોત તો અમને વાંધો નહોતો પણ આ જે કાયદો આવ્યો છે ખેડૂતો માટે. હું આપના દ્વારા મંત્રીશ્રીને કહેવા માંગું છું ઢોર ભણેલું હોય? ગાય, ભેંસ ભણેલા હોય? એ કેનાલમાં પાણી પીવે તો એના ઉપર ગુનો દાખલ થાય? પેલા ખેડૂતને સજા તમે કરો? આ મને સમજાતું નથી. ગાય હોય, ભેંસ હોય કે કોઇપણ પશુધન હોય એ ભણેલું હોતું નથી. હું માનું છું ત્યાં સુધી એ કયારેય એના માલિકના કહેવામાં પણ હોતું નથી. એ ભણેલું ન હોય, કેનાલમાં કયાંક પાણી જતું હોય એને તરસ લાગી હોય અને તરસ લાગે તો એના માલિકને એવું નથી કહેતો કે મારે પાણી પીવું છે. એ વાડ કુદીને પણ તરસ લાગી હોય તો કેનાલમાં પડી જતું હોય છે અને પાણી પીવા માટે જાય છે. ઢોર પાણી પીવા જાય એટલે શ્રી સૌરભભાઇ એમ કહે કે એના માલિક ઉપર ગુનો દાખલ થાય, એને તમે દંડ કરો છો. આ બાબતમાં મારે તમને શું કહેવું એ મને સમજાતું નથી. શ્રી સૌરભભાઇ, તમે તાતા માટે કડી–કરણનગરથી છેક સાણંદ સુધી મારૂતિ જાયને એવડી મોટી પાઇપ લાઇન નાંખીને ઉદ્યોગો માટે પાણીની વ્યવસ્થા કરી છે. મારું પોતાનું કડી તાલુકાનું ગામ જાલવામાંથી એની લાઇન પસાર થાય છે એ તમામે તમામ પાઇપ લાઇન નાખીને ઉદ્યોગો માટે તમે વ્યવસ્થા કરી છે અને આ રાજયમાં ખેડૂત એન્જીન કે મશીન કે નાની કયાંક બકનળી પાડી હોય એના માટે તમે કાળા કાયદા લાવીને ખેડુતોને પરેશાન શા માટે આ સરકાર કરી રહી છે એ મને સમજાવો તો ખરા. આ નર્મદાનું પાણી વરસાદ ઓછો પડે, ખેડૂતોએ ખેતરમાં અનાજ વાવેલું હોય અને ઓછું પાણી હોય અને વરસાદ ન પડયો હોય તો કેનાલમાં પાણી બંધ કરી ફકત પીવાના પાણીના ઉપયોગમાં અમે મૂકવાના છીએ અને ખેડૂતોને પાણી અમે નહીં આપી શકીએ એમ કહીને ખેડૂતોનો એકરોના એકરો પાક સુકાઇ જાય છે. ગઇ સિઝનમાં બનાવ બન્યો અમે પણ સમજતા હતા કે જયારે વરસાદ ન હોય, જમીનનું તળ જયારે નીચું ગયું હોય ત્યારે પાક નહીં હોય તો ચાલશે. માણસોને પાણી પીવાની વ્યવસ્થાના ભાગરૂપે કાયદો લાવ્યા હોય અને પાણી ન આપતા હોય તો ચાલશે પણ જયારે ચૂંટણી આવે ત્યારે આ જ ગૃહમાંથી જાહેરાત કરવામાં આવે રથયાત્રાના દિવસે કે હવે પાણી અમે છોડીશું. એક બાજુ આપણે ખેડૂતોની વાત કરીએ છીએ અને એ જ ખેડૂતને તમે આ કાયદો બનાવીને સજા કરવાની વાત કરો છો? દંડ કરવાની વાત કરો છો? અને ખેડૂત કઇ રીતે પાણી ન લઇને ખેતી ન કરી શકે એ વાત તમે કરો. એ અંતે વ્યાજબી નથી. ધીમે ધીમે રાજયની અંદર ખેડૂતોની સંખ્યા ઓછી થઇ. કેમ ઓછી થઇ? આ રાજયમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. શું કરવા ખેડૂતોની જમીન ઓછી થાય? શું કરવાથી ખેડૂતોની જમીન લઇ લેવી? કયાંક સરકારને વિચાર આવ્યો. આ રાજયના જે તે વખતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીને અભિનંદન આપીશ કે આ રાજ્યના ખેડૂતોની જમીન ખેડૂતોની પાસે રહે. આ જમીન બીજા કોઇ ઉદ્યોગપતિ ન ખરીદી જાય. ગુજરાતની અંદર ખેડૂતો ઓછા ન થાય, એટલા માટે ૮ કિ.મી.નો કાયદો લાવ્યા હતા. ખેડૂતોની જમીન સચવાય, એટલા માટે ખેડૂતોની જમીન ઉદ્યોગપતિ ખરીદી ન જાય, એટલા માટે કમનસીબે આ રાજયની અંદર ૨૨ વર્ષ પહેલાં આ કાયદો ઉપડી ગયો અને સમગ્ર ગુજરાત રાજ્યની અંદર મોટા ભાગના ખેડૂતોની જમીન ઉદ્યોગપતિ ખરીદી ગયા અને આ દેશની અંદર સૌથી વધારેમાં વધારે ખેડૂતો ઓછા થયા હોય તો આપણા રાજ્યમાં થયા. પીવાના પાણી માટે તકલીફ, ખેતરમાં સિંચાઇ દ્વારા પાક પકવવો હોય તો તકલીફ. ખોબલે ખોબલે તમને મત આપ્યા. ૨૨ વર્ષીથી સરકારમાં બેસાડ્યા છે. ૨૬–૨૬ લોકસભાની બેઠકો બે વર્ષથી આપી છે. (અંતરાય) પબ્લિકે આપી. ચુડાસમા સાહેબ, અભિમાન લંકાના રાજા રાવણનું ઉતરી ગયું હતું. સોનાની લંકા હતી. અમે નહિ, આ રાજ્યની પ્રજાએ આપી છે.(અંતરાય) મારી સાથે બધા મિત્રો મગજમારી ન કરો તો સારું છે. સાચા ખોટામાં પડવું નથી. સાચું ખોટું કહેવાનું ચાલુ કરીશ તો તમે વચ્ચમાં બેસી શકો નહિ.

અધ્યક્ષશ્રી : કોઇ વચ્ચે ન બોલશો. આ બાજુથી નહિ અને આ બાજુથી પણ નહિ. મહેરબાની કરીને ફરીવાર હું તમને વિનંતી કરું છું અને આટલા દિવસ સારી રીતે ગૃહ ચાલ્યું છે. કોઇપણ સભ્યને બહાર મોકલવા નથી પડ્યા કે કોઇને સસ્પેન્ડ કરવા પડ્યા નથી. તેવું છેલ્લા દિવસે ન થાય તેવી મારી બધાને વિનંતી છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એટલે નાની નાની બાબતોમાં મેં કહ્યું તેમ આજે બે બે કાયદા આ રાજ્યની અંદર પ્રજા માટે કાળા કાયદા હશે. ખેડૂતોને તમે એ રીતે ચોર ન કહો.

અધ્યક્ષશ્રી : ખરેખર કાયદા કાળા હોતા જ નથી. ન સફેદ હોય કે ન કાળા હોય. એનો રંગ ન હોય. તેમ કહોને કાયદો ખોટો છે. એમ કહેશો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : અમે ખેતી કરીએ છીએ અમને ખબર છે. અમે બળદ લઇ, અમે ટ્રેક્ટર લઇ..

અધ્યક્ષશ્રી : કાયદાને કોઇ રંગ થોડો હોય! ચાલો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તમે ટ્રેક્ટર લઇ, બળદ લઇ ખેતરમાં જઇએ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, બોલશો નહીં.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : વરસાદ ન પડતો હોય ત્યારે વરસાદની કાગડાળે રાહ જોતો હોય. ચોમાસાનો સમય થયો છે. વરસાદ પડશે અને વાવણી કરીશું. અને સારો પાક થશે એમાંથી ઉપજ લઇ ઘરના નાનાં મોટાં કામ કરીશું. આ તબક્કે મારે આપના દ્વારા મંત્રીશ્રીને કહેવું છે કે અમદાવાદના ૫૦ કિ.મીની આજુબાજુના એરિયામાં તમામે તમામ બીજા વિસ્તારો જુઓ, ખેડૂતની તમામે તમામ જો કોઇ આવકનો સ્ત્રોત હોય, એના ઘરમાં બીજી કોઇ આવક ન હોય, એના ઉપર આકાશ અને નીચે ધરતી હોય અને વરસાદની કાગડોળે રાહ જોઇને બેઠો હોય, આખા વર્ષની અંદર એ ખેતરમાંથી ઉત્પાદન થતું હોય, એમાંથી એણે ઘર ચલાવવાનું હોય, નાના મોટા પ્રસંગ, અવસર કરવાના હોય એ જગતનો તાત વરસાદ ઉપર અપેક્ષિત હોય છે. આ રાજ્યમાં નાની મોટી સિંચાઇ યોજના બની હોય, ત્યારે નહેર બનાવવા માટે દરેકે દરેક ખેડૂતની જમીન સરકાર સંપાદન કરી એના ખેતરમાંથી નહેર જતી હોય.

માનનીય અધ્યક્ષશ્રી, તેમાં પાણી જતું હોય અને ખેડૂતો અભણ હોવાના કારણે, સમજણ ન હોવાના કારણે ક્યાંક બકનળી કરી હોય, ક્યાંક એન્જિન મૂક્યું હોય, ક્યાંક બીજા પાણીના સાધન મૂકી પાણી લઇને ખેતરમાં ખેતી કરતો હોય અને તે પકડાય એટલે તેને ચોર સમજી તેના ઉપર દંડ કરવાનો, સજા કરવાની અને તેનું એન્જિન લઇ જવાનું, આર્થિક રીતે નુકસાન કરવાનો આ સરકાર કાયદો લઇને આવી છે તે આ તબક્કે હું માનું છું ત્યાં સુધી તે વ્યાજબી કહી શકાય નહીં. હું શ્રી નીતિનભાઇને અભિનંદન આપીશ. તે આવ્યા એટલે યાદ કરવા પડે. આ રાજયના નાયબ મુખ્યમંત્રીને. અમારા કડીમાં તો શાંતિ છે. લગભગ મોટાભાગનો વિસ્તાર નર્મદા કમાન્ડમાં આવી જાય છે. વર્ષ ૨૦૦૦માં અમારા શ્રી નીતિનભાઇ સિંચાઇ મંત્રી હતા ત્યારે કડી તાલુકામાં ૧૫૫ બોર આપી લગભગ તમામે તમામ ગામડાંઓમાં સિંચાઇની વ્યવસ્થા શ્રી નીતિનભાઇએ કરેલી છે. આખા રાજયમાં ૫૦૦ બોર બનાવવાના હતા તેમાંથી શ્રી નીતિનભાઇએ ૧૫૫ માત્ર કડીમાં આપી દીધા. અમારા ખેડૂતો લીલાલહેર કરે છે એટલે તેમને અભિનંદન આપું છું. એટલે હું સારી કામગીરી કરી તેને વખાણવી પણ પડે. નહેરમાંથી પશુને લઇને જાય તોંય ગુનો બને. કોઇ નહેર અથવા બંધ ઉપર ઢોર ચરાવવા જાય તો સરકાર કહે જાણીબુઝીને નાખ્યું છે તેવો આ બિલમાં ઉલ્લેખ કર્યો છે. શ્રી સૌરભભાઇ મેં કહ્યું તેમ ભેંસ, ગાય કે બળદ ભણેલો ન હોય અને તે તરસ્યો થયો હોય એટલે તેને ખબર ન પડે કે અંદરથી પાણી પીવાય કે ન પીવાય. પીવે તો ગુનો બને. એટલે મહેરબાની કરી સરકારને વિનંતી કરું છું કે, બંને પક્ષથી ખેડૂતો માટેની હમદર્દી હોય છે. ભાજપ અને કોંગ્રેસ તથા સરકાર બધા હમદર્દી દાખવતા હોય છે ત્યારે આ બિલ સરકારે ખરેખર પાછું ખેંચવું જોઇએ. બહુમતિ છે અને * (xxx) અમે કહીશું તો પણ...

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો રેકર્ડમાંથી કાઢી નાંખવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તમારી સરકાર છે. સરકાર જે ઇચ્છે તેવા કાયદાઓ લાવીને પસાર કરતી હોય છે. કરો તેમાં વાંધો ન હોઇ શકે. અમારી લાગણી છે કે આ બિલ ખેડૂતો માટે સારું નથી. ઢોર તરસ્યા રહેશે, ખેડૂત ખેતી નહીં કરી શકે, ખેતી નહીં કરી શકે એટલે તેની આવક ઘટશે. આ રાજયની અંદર ક્યાંક ચોરી, લૂંટના બનાવો વધારે ન બને તેની પણ તમે ખબર રાખજો. આવું કરવાથી આ રાજયની અંદર વર્ગવિગ્રહ ન થાય તેની પણ તમે ખબર રાખજો. એટલા માટે આ બિલ તમે વિચારી અને ક્યાંક સુધારા વધારા સામાન્ય કરી તમે પાછું ખેંચો તેવી વિનંતી કરું છું. સાથે સાથે આ પછીનું બિલ એમાં તો પાણી ન પી શકાય, માણસને પાણી પીવું હશે અને ડોલ ભરવી હશે તો પણ ગુનો તેમાં તમે થોડું વિચારજો. લાવ્યા પહેલાં તમે માંડી વાળો તેવી આ તબક્કે વિનંતી છે. નહીં માંડી વાળો તો અમારે તમારા સામે ઝગડો ના કરવો પડે તેની ચિંતા કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સિંચાઇ પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક કલમ.૩૭ અને ૩૮માં જે સુધારો લઇને આવ્યા છે તે સુધારા મુલતવી રાખવા માટે અમારા કોંગ્રેસ પક્ષના અગાઉના સભ્યો બોલ્યા તે પ્રમાણે આમાં ઉતાવળ કર્યા સિવાય ખૂબ જ ચર્ચા કરીને અને આ બાબતમાં ચિંતા કરીને આ બિલને હાલ પૂરતું મુલતવી રાખવાનું કહેવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત એટલે જગતનો તાત છે એ જગતના તાત ઉપર જયારે જયારે પ્રહાર થાય છે ત્યારે હું કવિ કલાપીની ભૂમિ પરથી ચૂંટાઇને આવ્યો છું ત્યારે કવિ કલાપિની એક કવિતા છે એ કહું છું, "દયાહીન થયો નૃપ રસહીન થઇ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

ધરા" જયારે રાજા દયાહીન થાય છે ત્યારે ધરામાંથી રસ નીકળી જાય છે અને વરસાદ પણ થતો નથી એવું કાંઇક દેખાઇ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ચિંતા થાય છે, એક ખેડૂત પુત્ર તરીકે ખૂબ જ ચિંતા થઇ રહી છે કે જગતના તાતને શા માટે બીવડાવવામાં આવી રહ્યો છે? જમીનમાંથી ધાન પેદા કરનારો ખેડૂત, મોટા મોટા ઉદ્યોગ થાય છે, માનનીય નીતિનભાઇ, મોટા ઉદ્યોગ થાય એનો વિરોધ ન હોઇ શકે, ઉદ્યોગની સ્થાપના થાય એનો વિરોધ ન હોઇ શકે પણ આ જમીનમાંથી ધાન પેદા કરી શકે તો એ જગતનો તાત પેદા કરી શકે છે, તમારી પાસે અનાજ પેદા કરી શકે એવો કોઇ ઉદ્યોગ હોય તો હું આ બિલને સહકાર આપત. તમે કોઇ ઉદ્યોગમાંથી ઘઉં પેદા કરી દો મારે આ બિલનો વિરોધ નથી કરવો. તમે કોઇ ઉદ્યોગમાંથી ચોખા પેદા કરી દો, તમે કોઇ ઉદ્યોગમાંથી મગફળી પેદા કરી દો તો હું આ બિલનો વિરોધ ન કરત, પણ જગતનો તાત પોતાની જમીનના એક ચાસ માટે ખૂન ખરાબા કરનારો આ ખેડૂતનો દીકરો એને ઇલેક્ટ્રિકમાં જો તમે કાંઇ કરશો તો હાથકડી દેખાડવામાં આવે છે, શા માટે ખેડૂતને દબાવવામાં આવે છે એ મને સમજાતું નથી. આ કાયદો તમે વર્ષ ૨૦૧૩માં પણ કોંગ્રેસના વિરોધ સાથે પસાર કરી ચૂક્યા છો અને કાયદાની અમલવારી કરવામાં સરકાર જો સફળ ગઇ હોત તો મને લાગે છે કે, મોટેરા આશ્રમ પાસે આશારામ બાપુએ જે બેરેક બનાવ્યો છે એની ઉપર કોઇ જાતનો કેસ કર્યો હોત, મને દેખાડે પાંચ વર્ષમાં કોઇ કેસ કર્યો હોય તો. આશારામ બાપુ પોતાની બોટ લઇને ત્યાં વિહાર કરે અમે અનેક વિડિયો જોયા છે તમે એને રોકતા નથી અને એક ખેડૂતનો દીકરો બે વિઘા જમીન માટે નહેરમાંથી પાણી લિફ્ટ કરીને કદાચ વાવે તો એની ઉપર દંડ કરવા માટેની જે વાત લઇને આવ્યા છો એ જરા પણ ચલાવી શકાય એમ નથી. સરકાર જો કલ્પસર માટેની કોઇ યોજના લઇને આવી હોત તો અમે એને ટેકો આપત. કલ્પસર યોજના રૂપિયા ૧૩૦ કરોડની ભાડભૂત ખાતે એની બેરેક બનાવવા માટેની કામગીરી કરી છે, ૨૨૦૦ એકર જમીનમાં આ ડેમ બની શકે તેમ છે અને આ ડેમ માત્ર ગુજરાતનો ડેમ છે અને બીજા કોઇ રાજય ઉપર અવલંબન થાય એમ નથી પરંતુ આ સરકાર ડેમ બનાવનારી સરકાર નથી. મારા ઉપનેતા વાત કરતા હતા ત્યારે શ્રી સૌરભભાઇએ કહ્યું કે ૨૦૦ મોટી યોજનાઓ બની છે અમારા વિસ્તારમાં ખોડિયાર માંના નામે ધધકતો ડેમ હોય તો ખોડિયાર ડેમ, ભાદર જેવો ભભકાદાર ડેમ, ઉકાઇ ડેમ હોય કે નર્મદા ડેમ હોય કે આપણો ભાખરા નાગલ ડેમ હોય એવા મોટા ડેમ એ બધા ડેમ આ દેશના પ્રથમ વડા પ્રધાને જ્યારે ભારતમાં આઝાદી આવી ત્યારે ભારત પાસે ખાવાના ઘઉં ન હતા, લાલ ઘઉં આપણે આયાત કરતા હતા અને લોકોને એ ઘઉં ખવડાવતા હતા ત્યારે આવડી મોટી યોજનાનું સ્વપ્નું વિચાર કરવો પણ શકય ન હતો ત્યારે ભાખરા નાગલ ડેમ યોજના બની ગઇ અને આજે એ રાજયો પંજાબ હોય કે હરિયાણા હોય ઘુઘવતું રાજય બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમનું ખાત મુહૂર્ત કર્યું સરદાર સરોવરના નામે, સરદાર પટેલના નામે એ વખતે ખાત મુહૂર્ત થયું એ પાંચ રાજયોની સહિયારી યોજના હતી, અનેક વિટંબણાઓ ઉભી થઇ, ઘણી બધી કાયદાકીય આંટીઘૂટી ઉભી થઇ એના કારણે મારા મિત્રો કહે છે કે ડેમના દરવાજા નહોતા ચડાવ્યા, આ તો એ પ્રકારની વાત થઇ કે મારા બાપાએ બે માળનું મકાન બનાવી દીધું અને ઉપરના માળનો કલર મારા બાપા કદાચ ન કરાવી શકયા હોય કારણ કે ખેડૂતના દીકરા છે અને કલર ન કરાવી શકે એટલે હું એમ કહું કે મારા બાપાથી કલર પણ ન થયો એવી વાત કરતા હોય એવું મને લાગે છે. એને અભિનંદન આપવા જોઇએ અને અભિનંદન ન આપી શકતા હોય તો કાંઇ નહીં પણ આવડો મોટો ડેમ બનાવવા માટેની મહકાય યોજના સરદાર પટેલના નામે ઉભી કરી અને એનું ખાત મુહૂર્ત પંડિત જવાહરલાલ નહેરુએ કર્યું હતું ફેરકૂવા ઉપર ત્યારે મારે કહેવું છે કે, ફેરકૂવા ઉપર પાણી રોકવા માટેનો તે વખતનો પ્રયાસ બે વખત પૂર આવતા હોય તો એ ત્યાં ફેરકૂવામાં આવે છે. એ વખતે ફેરકૂવાનું પાણી રોકવા માટે પાળીનું તળ બાંધવા માટે ફોરેનથી સાત દેશોના ઇજનેરો આવેલા હતા ત્યારે એમણે એમનો રિપોર્ટ આપેલો છે. રિપોર્ટ જે સરકારના ચોપડે મોજૂદ છે અને આજના તત્કાલિન મુખ્યમંત્રી, આ દેશના વડાપ્રધાન પાસેથી કોઇ રિપોર્ટ મંગાવીને જોશો. સાત દેશોના ઇજનેરોએ કહ્યું કે શક્ય નથી, અહીંયા ડેમ બની શકે તેમ નથી તે દિવસે શ્રી જવાહરલાલ નહેરૂ એવું બોલ્યા હતા કે આ ડેમ તો મારે કોઇપણ સંજોગોમાં બનાવવો છે અને બનાવવો જ છે અને એ ફેરકૂવામાં અંડરબ્રિજ બાંધ્યો એ શ્રી નીતિનભાઇ, તમે વાંચજો નર્મદા ખાતાના પ્રધાન તરીકે. સાચી વાત છૂપી છુપાતી નથી. કવિ ઔર ચિત્રકાર કભી છીપા ન રહ શકે. એને ગમે તેટલું કહો તો પણ સાચી વાત એ સાચી જ આવવાની છે. ત્યારે ખેડૂતોને આ બિહામણું ચિત્ર આપવા માટેનું બિલ અમારા શ્રી સૌરભભાઇ લઇને આવ્યા છે કારણ કે એમને ઉદ્યોગો સાથે બહુ પ્રેમ છે. હોઇ શકે ઉદ્યોગોનો હું વિરોધ નહિ કરું. બેઝીન યોજના હોય કે બીજી ઘણી બધી યોજનાઓ તેમણે કરી છે. પરંતુ શ્રી નીતિનભાઇ પટેલે પોતાના બજેટ પ્રવચનમાં એમ કહ્યું હતું કે ૫૫ પૈસાને બદલે અમે ૭૦ પૈસા કરીશું, કાલે તમે એમાં ૬૦ પૈસા કર્યા એટલે કે ૧૦ પૈસા ઘટાડ્યા, માત્ર પાંચ જ વધાર્યા અને સ્ટેમ્પ ડ્યૂટીમાં શ્રી ભુપેન્દ્રસિંહજી બાપુ, મેં કાલે પ્રાર્થના કરી હતી, બાપુ, અમારી પ્રાર્થના પણ કુદરત સાંભળે છે, મારી પ્રાર્થનાના કારણે આજે શ્રી કૌશિકભાઇ પટેલ પણ આ ગૃહમાં હાજર થઇ શક્યા છે. અમે તો નિર્દોષ ભાવે પ્રાર્થના કરી હતી, ખેડૂતો માટેની ચિંતા કરીએ છીએ. આ ગૃહનો કોઇપણ સભ્ય હોય, શ્રી કૌશિકભાઇ તો માનનીય મંત્રીશ્રી છે. આ ગૃહનો કોઇપણ સભ્ય હોય એનું આરોગ્ય સચવાય એ જોવાની જવાબદારી આપણી છે. એમના માટે અમે કંઇ ન કરી શકીએ તો દૂઆ તો માગી શકીએ ભગવાન પાસે. મને ગર્વ છે આજ અત્યાર સુધીની કોંગ્રેસની સરકારે કામગીરી કરી છે આવડો મોટો નર્મદા ડેમ બનાવ્યા પછી એ નર્મદાનું પાણી આજે પહોંચતું નથી તેમાં ૩૭ અને ૩૮ની કલમ જે લઇને આવ્યા છે દંડ માટેની, મારે ત્યારે માનનીય મંત્રીશ્રીને પુછવું છે કે અત્યારે ઘણી ગાયો રખડતી, ભટકતી હોય છે. એ ગાયો શહેરમાં ફરે છે, પીવાનું પાણી મળતું નથી. શહેરની આસપાસમાં નાની મોટી નહેરો આવવાની છે. અહીંયા પણ અમદાવાદના ઔડા વિસ્તારમાં નાની મોટી નહેરો આવી ગઇ છે. એ રખડતી ભટકતી ગાય

કદાચ ત્યાં પીવાના પાણી માટે જશે તો શ્રી સૌરભભાઇ, કોની ઉપર કેસ કરવામાં આવશે એ તો અમને સમજાવો. અધિકારો આપવા માગો છો તમે સિંચાઇ ખાતાના અધિકારીઓને કે નહેરના અધિકારીઓને. એક લાખ રૂપિયાનો દંડ કરવાની અને મશીન ઉપાડવા માટેની સત્તા આપો છો, પરંતુ મને લાગે છે કે અધિકારીઓની સામેલગીરી વગર કોઇ જગ્યાએ પાણીની ચોરી શક્ય નથી, અધિકારીઓ ઉપર પહેલાં પગલાં લેવામાં આવે. ખોડિયાર ડેમ અમારે ત્યાં અમરેલીમાં છે. એનું પાણી છોડવામાં આવે છે. કોંગ્રેસની સરકાર હતી ત્યાં સુધી છેવાડાના ગામ અમારું નાનું ગોખરવાડા હોય ત્યાંસુધી પાણી પહોંચતું હતું. પણ છેલ્લાં પંદર વરસથી અમારા નાના ગોખરવાડા ગામના ખેડૂતોના દીકરાઓ જે વીસ વીસ વરસના થયા છે એ તો કહે છે કે શ્રી વિરજીભાઇ, અહીંયા નહેર હતી એવી અમારા બાપા વાત કરે છે પણ ત્યાં તો બાવળિયા ઉભાં છે. હું આ શ્રી બાવળિયા સાહેબનું નથી કહેતો, પરદેશના બાવળિયા ઉભા છે, એ બાવળિયા જે ઉભાં છે એમાં પહેલાં અમારા વડવાઓ કહેતા હતા કે પહેલાં અહીંયા પાણી આવતું હતું એ પાણી હવે આવે છે કે કેમ? કેનાલોમાં થઇ ગયા છે આપણે જોવા જઇએ. (અંતરાય) ગાંડો બાવળ કોણ લાવ્યું હતું એની પણ તપાસ કરવા માટેની કમિટી રચાય, મને લાગે છે કે પરદેશના બાવળ માટે કામ કરવું હોય તો એની પણ કમિટી રચી શકાય છે. ત્યારે તે વખતની જરૂરિયાત હશે એટલે થયું હશે. સરદાર પટેલના નામે પણ વાતો કરવામાં આવે છે કે સરદારને કોંગ્રેસે અન્યાય કર્યો છે સરદાર સરોવરની યોજના છે,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આને અને આ બિલને શું લેવા દેવા!

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સરદાર સરોવર એટલે નર્મદા યોજના છે. નર્મદાની નહેરોના પાણી નિકાલ કરવા માટેનું આ બિલ લઇને તમે આવ્યા છો શ્રી નીતિનભાઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમાં સરદાર અને નહેરુ ક્યાં આવે?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : બધું જ આવે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલું વહેલું નર્મદા યોજનાનું ખાતમૂર્હુત કરનાર કોણ હતા એ માનનીય નીતિનભાઇ મને સમજાવે, પછી જો શ્રી જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઇ પટેલનું નામ ક્યાંય ન હોય તો હું મારા શબ્દો પાછા ખેંચી લઇશ. પણ મને પહેલાં સમજાવે. મેઇન ઉપર જ બોલું છું. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઇ પટેલના નામે ચાલી રહ્યું છે ત્યારે તમે ચિંતા ના કરો સરદાર અમારા હતા, અમારા રહેવાના છે, કયારેય તમારા બની ના શકે.

અધ્યક્ષશ્રી : સરદાર આપણાં બધાના છે કોઇ એકના નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના સરદાર કયારેય નહતા અને કયારેય બની પણ ના શકે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ આખા વિશ્વના છે.

અધ્યક્ષશ્રી : ચાલો હવે આપણે મહાન વિભૂતિ માટે થઇને લડીયે નહીં. આ કહે છે અમારા હતા, આપ કહો છો તમારા હતા, હું પણ કહું છું બધાના હતા, બધાના છે અને બધાના રહેવાના!

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તમારા વખતમાં તેમની કદર પણ નહોતી થઇ. તમારા હતા તો ભારત રત્ન એ તમે નહોતો આપ્યો તે અટલ બિહારી બાજપાયની સરકારે આપ્યો છે. તમારા હતા તો કેમ ના આપ્યો ?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને કહું છું કે અમે આર.એસ. એસ.ઉપર પ્રતિબંધ મૂકયો હતો તમે મૂકો જાવ. (અંતરાય )

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, હવે એક પણ વાત આપણે આવી વૈશ્વિક વિભૂતિનું નામ લીધા વગર બીજી વાત કરીએ. આ બિલ છે આપ બિલ ઉપર આવો.(અંતરાય) શ્રી બળદેવજી, તમે બોલી લીધું તમારું વકતવ્ય એટલે જ હું ના પાડતો હતો આપ બેસો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ હમણાં નાટક ગાંધીજીનું જોયું ભૂલી ગયા છે, શ્રી સરદાર અને શ્રી જવાહરલાલના શું સંબંધો હતા! આ બધું દેખાડયું છે છતાંય મને રોકે છે, મને ટોકે છે.

અધ્યક્ષશ્રી : કોઇ ટોકતું નથી, હવે આપણે બિલ ઉપર આવીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૪૭માં સ્વતંત્ર થયેલો દેશ અને વર્ષ ૧૯૬૦માં સ્વતંત્ર થયેલુ આપણું ગુજરાત. (અંતરાય ) અખંડ ભારત આજે હિંદુસ્તાન દુનિયાનો પાંચમો દેશ બની રહ્યો છે આ સિંચાઇ યોજનામાં અને નાના મોટા ખેડૂતોને આ દેશમાં જે ધાન ઉભું કર્યું તેના કારણે શકય બન્યું છે. ઉદ્યોગોને કારણે પણ શકય બન્યું હશે પણ ખેડૂતનો મોટો ભાગ છે. ૭૦ ટકા વસતિ ખેતી ઉપર આધારિત છે. મારે દુઃખ સાથે કહેવુ છે કે, વકીલનો દિકરો અને વકીલ તરફ આગળ વધે છે, રાજકારણ હોય તો રાજકારણીનો દીકરો ફરી વખત સત્તા સ્થાને આવે અને તેમાં હું પણ આવી જાઉં છું તો તેનો દિકરો રાજકારણ તરફ આગળ વધે છે. ડોકટરનો દિકરો ડોકટર થવા તરફ આગળ વધી રહ્યો છે પણ અમારો ખેડૂતનો દિકરો એમ કહે છે કે હું ખેતી નહીં કરું. અમારા ખેડૂતના દિકરાને ચિંતા થાય છે કે હું ખેતી નહીં કરું પપ્પા અને ઉત્તમ ગણાતી ખેતી આજે કનિષ્ઠ બની ગઇ છે, ખેતીમાં ઉત્પાદન નથી ત્યારે આપણે સૌરભભાઇ આ ખેડૂતોને ડરાવવા નીકળ્યાં છીએ. જય જવાન જય કિસાનનો નારો શાસ્ત્રીજીએ આપ્યો હતો એ જય જવાન માટે આપણે સલામ કરીએ છીએ, સેલ્યુટ કરીએ છીએ અને સંયુકત સેલ્યુટ હોવી જોઇએ તેમાં કોઇ પાર્ટી ના હોઇ શકે પરંતુ (અંતરાય) જય જવાન અને જય કિસાન એટલે પાણી જ આવ્યું

ત્યાં બીજું શું આવ્યું (અંતરાય) આ થોડી ખાંડની ફેક્ટરીના કોઠા કબાડા મારે કરવા છે. (અંતરાય) ના, ના મારે કંઇ ખાંડની ફેક્ટરીમાં કહેવું નથી ઘણાં ખેડૂતો આવે છે. (અંતરાય) જય જવાન જય કિસાનનો નારો આપનાર શાસ્ત્રીજી.

અધ્યક્ષશ્રી : આજે છેલ્લો દિવસ છે આપણે શબ્દોથી લડી લેવું નથી. જે કહેવું હોય એ વારાફરતી કહીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, રૂલીંગ પાર્ટીએ સંયમ રાખવો જોઇએ, વિરોધ પક્ષે અત્યાર સુધી ઘણાં બિલમાં ટેકો આપ્યો છે,ઘણાં બિલ અમે બહુમતીએ નહીં સર્વાનુમત્તે પસાર કર્યા છે. અમારી એકાદ વાત રૂલીંગ પાર્ટી સ્વીકારે અમને આનંદ થાય અમે ઘણી વાતો સ્વીકારી છે. તેના બદલે અમને ટોકા ટોકી કરે છે. સાહેબ, આપ મને રક્ષણ આપો, હજુ તો હું બોલવાની શરૂઆત કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : અત્યાર સુધી શું કરતા હતા ?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, ઉકાઇ જેવો ઘુઘવતો ડેમ હોય, મહીપરિએજ યોજના એ વખતની સરકારે બનાવી હતી. આ મહીપરિએજનું પાણી ભાવનગર અને અમરેલી જિલ્લાને મળે છે. હું તે વખતની શ્રી કેશુભાઇ અને શ્રી ચીમનભાઇની સરકારને અભિનંદન આપું છું. એ અગાઉની અમારી શ્રી માધવસિંહ ભાઇ અને શ્રીઅમરસિંહભાઇની સરકાર તથા તે પછી અમારા કૉંગ્રેસના જે – જે મુખ્યમંત્રી બન્યા છે એમને આ નર્મદા યોજના માટે અભિનંદન આપું છું કારણ કે એમણે એના માટે ભોગ આપ્યો છે. આ ભોગ આપ્યા પછી આ મહીપરિએજનું પાણી બે જિલ્લામાં આપવા માટે તે વખતે કરેલી શરૂઆતના કારણે પાઇપ લાઇન નંખાઇ અને એના કારણે આ સૌની યોજના થઇ. શ્રી નીતિનભાઇ, આ સપનું તે વખતના મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ, શ્રી ચીમનભાઇ અને શ્રી માધવસિંહભાઇનું હતું અને એના કારણે તમારું સૌની યોજનાનું સપનું પુરું થયું છે. જો આવી મોટી–મોટી યોજનાઓ તે વખતે ન બની હોત તો સૌની યોજના શેમાંથી થતી એ તો કહો. ખેડૂતો પોતાના ઉત્પાદન માટે કામગીરી કરે છે. સરકારની નીતિઓ સફળ નથી રહી એના કારણે આ બિલ ફરીથી લાવવું પડ્યું છે. સરકારે આટલા મોટા ૨૦૨ ડેમ બનાવ્યા છે. એ ડેમનું લિસ્ટ વાંચું તો અમારા સોમનાથ દાદાનો શિંગોડા ડેમ હોય, જૂનાગઢનો વિલિન્ગડન ડેમ હોય, હિરણ, ઓઝત કે આ બાજુ હસનાપુર ડેમ હોય કે ચંદ્રાવાડી જેવો મોટો ડેમ હોય કે પછી શેત્રુંજીનો ઘુઘવતો પાલિતાણાનો ડેમ હોય, શ્રી જયેશભાઇ રાદડિયા જ્યાંથી પ્રધાન બન્યા છે એ અમારો ભાદરનો ડેમ હોય કે અમારા ખોડિયાર માંના નામ સાથે જોડાયેલો અમારો ખોડિયાર ડેમ હોય, સુરવો હોય કે પછી ખેડી ડેમ હોય, ન્યારી હોય કે સુખભાદર ડેમ હોય આ તમામ ડેમના ખાતમૂહુર્ત કૉંગ્રેસે કર્યા છે અને આ નેવાના પાણી ખેડૂતોને પહોંચાડ્યા છે. અમારે તો ક્યારેય આવું બિલ લઇને નહોતું આવવું પડ્યું. સરકાર આ બિલ એટલા માટે લાવી છે કે સરકાર આમાં સફળ નથી થઇ શકી અને એટલા માટે પોતાની નિષ્ફળતા છુપાવવા આવું બિલ લઇને આવી છે કે અમારે ખેડૂતોને હજી વધારે પિયાવો આપવો છે. શ્રી સૌરભભાઇ બોલતાં હતાં ત્યારે મેં બરાબર સાંભળ્યા કે આમ કરવામાં આવે તો આટલું પાણી બચી શકે. આમ કરવામાં આવે તો પાંચ હજાર હેક્ટર જમીનને વધારે પાણી પીવડાવી શકીએ. શ્રી સૌરભભાઇ, શ્રી નીતિનભાઇ અને વિરોધપક્ષના નેતાને કાલે ઘણાં સાંભળ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આટલી મોટી યોજના બનાવી છતાં પણ પાંચ હજાર હેક્ટર વધારે જમીનને પાણી પીવડાવવા માટે ખેડૂતો ઉપર બોજો નાખતું આવું બિલ લઇને આવ્યા છે એના બદલે નર્મદાની પ્રશાખાઓની યોજના કરે તો કેટલો પિયાવો વધી શકે એમ છે એ ચિંતા કરે. કલ્પસર જેવી યોજના બનાવવાને બદલે માત્ર ખેડૂતોને ડરાવવા, ધમકાવવા આ બિલ લઇને આવ્યા છે ત્યારે આ તમારું બિલ પાછું ખેંચો અને ઉદ્યોગોને જે પાણી ફાળવી રહ્યા છે એ ઉદ્યોગોમાં મીટરનું ભાડું વધારે કારણ કે, પીવાના પાણીની યોજનામાંથી ઉદ્યોગોને બહુ મોટા કનેક્શનો અપાઇ રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આમ તો લાગે છે કે આપનું વક્તવ્ય પૂરું થઇ ગયું છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, પૂરું થવામાં જ છે. આ કેનાલમાં જે ગાબડાં પડી ગયા છે એના માટેની ચિંતા પણ આ ગૃહમાં વ્યક્ત થઇ છે. આ કેનાલમાં ગાબડાં પડે છે અને એના કારણે પાણી બગડી રહ્યું છે. ખેડૂતોને ડરાવવાને બદલે મોટા–મોટા ઉદ્યોગો પાસે એક હજાર કરોડ રૂપિયા આપણા ટેક્ષના પૈસા બાકી છે એ ક્યારે વસૂલ કરવા માગો છો અને ખેડૂતોને મદદ કરવા માગો છો? શ્રી સૌરભભાઇ, એમ કહો. તમે આ બિલ લઇને આવ્યા છો ત્યારે બીજી વખત તમને આ પ્રશ્ન પૂછું છું તમે મને જવાબ આપજો કે આશારામ આશ્રમ પાસે આજે પણ એના બૅરેકમાં પાણી રોકાય છે એને આ બિલ લાગુ પડે છે કે કેમ? એને રોકી શકાય છે કે કેમ? એના જવાબ સાથે શ્રી સૌરભભાઇ આવે અને આ બિલ મુલતવી રાખે એવી વિનંતી સાથે વિરમું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઇ અને પાણી વ્યવસ્થા બિલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

પાણી પીવા માટે અને સિંચાઇ માટે હોય છે. પાણી વગર માનવ જીવન શકય નથી. આ આપણા સૌને માટે ચિંતાનો વિષય છે. તમારા અને અમારા બધા માટે છે. દિવસે દિવસે પાણીના તળ નીચે જાય છે તેથી એના માટે ચિંતા કરવાની જરૂર છે કે આપણે કેવી રીતે પાણીનો સંગ્રહ કરી શકીએ એની ચિંતા કરવી જોઇએ એ આપણે કરી શકયા નથી. ભૂતકાળમાં કોંગ્રેસ સરકાર વખતે ૨૦૯ જેટલા ડેમો બનાવ્યા હતા. દરેક ગામમાં તળાવો બનાવ્યા હતા તે વખતે પાણીની કોઇ તકલીફ નહોતી છતાં જે તે સરકારોએ આગોતરુ આયોજન કરીને પ્લાનિંગ કર્યુ હતું એટલે તે વખતે ઉનાળામાં પણ નદીમાં પાણી રહેતું હતું. નદીમાં ખાડો ખોદીને અમે પાણી પીતા હતા. આજે મહેસાણા જિલ્લામાં એક હજાર ફૂટ નીચે પાણી ગયા છે એમને આજે તો

કેનાલ આવી ગઇ છે જ્યારે અમારા વિસ્તારમાં ૪૦૦ ફૂટ નીચે પાણીના તળ ગયા છે એના માટે શું આયોજન કર્યું એ ચિંતાનો વિષય છે.

આજે ખેડૂતો ઉપર દંડ કરીએ છીએ એ યોગ્ય નથી. કેનાલ ખેતરની બાજુમાંથી જતી હોય ત્યારે એ ૨૦૦ મીટર સુધી બોર કરી શકતો નથી તો એ કરશે શું? એ પછી કેનાલ ઉપર મશીન ન મૂકે તો બીજું કરે શું? એણે એની ખેતી બચાવવી છે અથવા તમારે એને પાણીની વ્યવસ્થા કરીને આપવું પડે. ખેડૂત ક્યારેય ધનવાન થયો નથી. બીજા ઉદ્યોગોવાળા આગળ વધે છે પરંતુ ખેડૂત આગળ વધતો નથી એ જનતાને જીવાડી રહ્યો છે, એ પોતાના માટે નહિ પરંતુ આખા દેશ માટે અનાજ પકવે છે ત્યારે ખેડૂતને દંડ નાખવાની જોગવાઇ કરી રહ્યા છો એ યોગ્ય નથી.

માનનીય સભ્યશ્રી મેરજા સાહેબે વાત કરી કે સન ૨૦૦૩માં ઇન્ડિયન ઇલેક્ટ્રિકસિટી એક્ટ લાવ્યા હતા ત્યારે પણ તમે આખા ગુજરાતમાં મોટા મોટા હોર્લ્ડીંગ લગાડીને હાથકડી લગાવી હતી અને તે વખતે ખેડૂતો ચોર છે તેવું તમે બતાવ્યું હતું. મેં એનો અભ્યાસ કર્યો હતો મેં જોયું કે આ ખેડૂતો લાઇટનો વપરાશ કરે છે એના ફિગર મેં જોયા હતા. ખેડૂતોને ૧૫૬૯૫ મિલિયન વીજળી મળતી હતી એ સાહેબ વીજળી ઘટી ગઇ. વર્ષ ૨૦૦૪ના આંકડા જોજો. વીજળી વપરાશ ઘટી ગયો તો એ ચોર કેવી રીતે હોઇ શકે. તમે ઉદ્યોગોને આપીને ખેડૂતોને ચોર બતાવો છે. તમે અત્યારે એવું જ બિલ લાવ્યા છો કે જે ખરેખર આ માનવ જીવન માટે કામ કરે છે એને તમે ચોર બનાવા જઇ રહ્યા છો મારી વિનંતી છે કે આ બાબતની ફેર વિચારણા કરો અને પાણી સંગ્રહવાનું આયોજન કરો. અત્યારે જે ગુજરાતમાં ૨૦૯ જેટલા ડેમો બનાવેલા છે અને જે તળાવો આવેલા છે એની હાલત જોઇ છે? એ ડેમો અને તળાવોમાં કાંપ ભરાઇ ગયો છે સરકાર તમારી અધિકારીઓ તમારા તમે વિસ્તારમાં જાવ ત્યારે જોતા હશો મોટા ભાગના ડેમોમાં કાંપ ભરાઇ ગયો છે એની લાઇફ પૂરી થઇ ગઇ છે. તળાવો અને ડેમોની આજુબાજુમાં પાણીના તળ ખૂબ ઉંડા ગયા છે કારણ કે પાણી પરકોલેટ થતું નથી. સરકાર પાસે અધિકારીઓ એમને પૂછો કે ડેમનું કેટલું આયુષ્ય હોય છે. તો એ કહે છે કે ૫૦ થી ૬૦ વર્ષનું હોય છે. તો તમે એ તળાવો અને ડેમોને ઉંડા કરવાનું કામ કેમ કરતા નથી. તમે કેનાલમાં પાણી ચોરે છે એની ચિંતા કરો છો પણ એ ડેમની શું હાલત છે એની ચિંતા કરો.

બીજું, એના સિવાય પણ અમારા હાથમતી અને ઇન્દ્રાસર ડેમો જોઇએ છીએ કે આખા સિલ્ટીંગ થઇ ગયું છે પાણી રોકાતું નથી એ નામના ડેમ રહ્યા છે. કંઇક તો વિચારો એ ડીસિલ્ટીંગ કરો જેથી પાણી પરકોલેટ થાય એવું નથી કરતા. પણ સાહેબ, અમારા સભ્યે વાત કરી હતી, અમારા ડુંગરાળ વિસ્તારમાં ચોમાસામાં પાણી ખૂબ આવે છે પરંતુ એ વહી જાય છે. તો એને રોકવા માટે તો કંઇક આયોજન કરો. વન વિભાગ સાથે કોન્ટ્રાક્ટ કરીને પાકા સ્ટ્રકચર ઉભા કરીને રોકો તો દંડ નાખવાની જરૂર નથી. ખેડૂતોને પાણી જોઇએ છે. એવા ઘણા વિસ્તારો છે કે જ્યાં એનો ઉપયોગ કરીને કરી શકીએ તેમ છીએ. અમારે ત્યાં હરણાવ ડેમ છે. ચોમાસામાં એટલુ બધુ પાણી જતું રહે છે કોઇ રોકી શકતું નથી. તો આ હરણાવ ડેમને ઉંડો કરો. કારણ કે અમારે ત્યાં સિંચાઇની કોઇ સગવડ નથી. શ્રી નીતિનભાઇ અમારા આ બાજુ આવતા જ નથી. મહેસાણાથી આગળ વધતા જ નથી. નથી અમે ઉત્તર ગુજરાતમાં ગણાતા કે નથી દક્ષિણ ગુજરાતમાં ગણાતા કે નથી મધ્ય ગુજરાતમાં. અમે કયા વિસ્તારમાં છીએ એ જ અમને ખબર પડતી નથી. એટલે અમારા વિસ્તારોમાં આવી તકલીફ વધારે છે એટલે એ પાણીને સંગ્રહ કરવાનું તમે આયોજન કરો. ખેડૂતોને તમે દંડ કરવાનું જે પ્લાનીંગ કર્યું છે અને આ જે બિલ લઇ આવ્યા છો એ બિલ પાછું ખેંચો એટલી વિનંતી સાથે વિરમું છું, આભાર.

શ્રી અમિત ચાવડા(આંકલાવ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક જે લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જય જવાન, જય કિસાન, આજે કારગીલ વિજય દિવસ, આપણા સૌના તરફથી જે દેશ માટે શહીદ થનાર વીર જવાનોના ચરણોમાં વંદન કરીને શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

દેશ અને દુનિયાએ જવાન અને કિસાનને સૌથી સર્વોચ્ચ સન્માન આપ્યું છે. જયારે જયારે એની વાત આવે ત્યારે કદાચ આપણે કોઇ કાયદા કાનૂન, ગમા-અણગમા અને પક્ષાપક્ષથી પર રહી અને એના માટેની સન્માનની એના વિકાસની, ઉત્કર્ષ અને પ્રગતિની વાતમાં આપણે સૌ સાથે સહભાગી બન્યા છીએ. આ જે જે બિલ લાવ્યા છે એ જોતાં લાગે છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દિવસે- દિવસે અંગ્રેજોને પણ શરમાવે એવા કાયદા લાવીને આ દેશમાં અને આ રાજયમાં લોકશાહીને બદલે સરમુખત્યારશાહી શાસન તરફ આગળ વધી રહી છે. પહેલાં વીજળીના નામે ખેડૂતો વીજળીની ચોરી કરે છે એમ કરીને હાથકડી પહેરાવવાનું કામ આ સરકારે કર્યું. આજે હવે ખેડૂતો પાણીની ચોરી કરે છે, ખેડૂતો ચોર છે એ ભાવના સાથે અને એવી વાતો સાથે આ બિલ લઇને આવ્યા છે અને ખેડૂતોને હાથકડી પહેરાવવા જઇ રહ્યા છે. બીજા રાજયોમાં સરકારો ખેડૂતો માટે બિલ લાવે છે ત્યારે એને મફત વીજળી, મફત સિંચાઇનું પાણી એના દેવા માફી કરવાની વાત કરે, જયારે આ સરકાર ખેડૂતોને માટે બિલ લઇને આવે છે ત્યારે વીજળીના નામે અને પાણીના નામે હાથકડી પહેરાવવાની વાત કરે. કયારેય એને મફત પાણી, વીજળી કે દેવા માફ કરવાના બિલ લઇને નથી આવતા, એટલા માટે અમે આ બિલનો સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસની સરકાર હતી, ભૂતકાળની સરકારો હતી જેમ અહીં વાત થઇ ખેડૂતોની ચિંતા કરી, સિંચાઇ માટેના ડેમ બનાવ્યા અને એના વિતરણની વ્યવસ્થા કરી અને ગામડાઓમાં તળાવો બનાવ્યાં. છેલ્લા ૨૪ વર્ષથી આ સરકાર છે એમણે કોઇ નવો ડેમ ન બનાવ્યો, કોઇ નાની મોટી સિંચાઇ યોજના ન બનાવી. એમણે તો ખાલી આ પાણીના

વિતરણની વ્યવસ્થા કરવાની હતી, આ વ્યવસ્થા કરવામાં પણ આ સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઇ છે અને પોતાની નિષ્ફળતા છૂપાવવા માટે ખેડૂતોને ચોર બનાવવા માટેનું આ બિલ લઇને આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૩માં આ બિલ લાવ્યા ત્યારે પણ ખૂબ ચર્ચા થઇ હતી અને ખૂબ ચિંતા વ્યકત કરી હતી. તમારે આ બિલ લાવવાની જરૂરીયાત કેમ ઉભી થઇ. તમારે ખેડૂતોને પૂરતું પાણી એમના ખેતર સુધી પહોંચે, લોકોને પીવાનું પાણી મળી રહે એના માટે સારી અને સુદ્રઢ વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે, એના પૂરતા સોર્સ પૂરા પાડવાની જરૂર છે. આ બિલ લાવીને એમ કહેવામાં આવ્યું કે છેવાડાના ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચશે, પાણીની ચોરી અટકશે, પાણીનો દૂરપયોગ અટકશે, સરકારને જે નુકશાન થાય છે તે અટકશે પણ આ બાબતમાં એમાંનું કાંઇ ન થયું. એક બાજુ કુદરત રૂઠે વરસાદ ઓછો થાય, ખેડૂતના ખેતર સુધી પાણી ન પહોંચે અને એના માટેની સરકાર ચિંતા ન કરે જયારે ઉદ્યોગોને પાણી આપવાનું હોય ત્યારે એના માટે લાખો અને કરોડો રૂપિયા ખર્ચી ખૂબ મોટી યોજનાઓ બનાવીને પાણી પહોંચાડવામાં આવે છે. સરકારે આના માટે ચિંતા કરી હોત તો સારું, ખેડૂત કયારેય ચોરી કરવાવાળો નથી હોતો કદાચ કોઇ ઉદ્યોગપતિ કે મોટો વ્યકિત હોય ટેક્ષની ચોરી કરી, બીજા કોઇ નામે ગોલમાલ કરે અને એના કારણે કરોડોપતિમાંથી અબજોપતિ થાય, પણ ખેડૂત બિચારો આપણે છેલ્લા કેટલાય વર્ષોથી જોઇએ તો એક વીઘો જમીન ધરાવતો હોય તો આજની તારીખમાં સાચો ખેડૂત બીજી એક ગુંઠો જમીન ખરીદવા માટે શકિતમાન નથી. એ કદાચ પાછળથી ઉદ્યોગપતિઓ ખેડૂતો થયા હોય તેની જમીન વધી હશે. પણ જે સાચા ખેડૂતો હોય અને ખેતી કરે છે એમાં સંખ્યામાં દિવસે દિવસે ઘટાડો થતો જાય છે. જેમ શ્રી વિરજીભાઇએ વાત કરી કે કોઇ પણ ખેડૂતનો દીકરી કયારેય નથી કહેતો કે મારે ખેતી કરવી છે. આજે નવી પેઢીના યુવાનો ખેતી કરવા માટે સંમંત નથી, એટલા માટે કે ખેતીમાં મહેનત-મજૂરી કર્યા પછી, પરસેવો પાડ્યા પછી અને પોતાની જિંદગી હોમ્યા પછી પણ એ પોતાના કુટુંબનું ગુજરાત ચલાવવા માટે પણ સક્ષમ નથી રહેતો. અને દેવાના ડૂંગર નીચે દબાઇ છે અને એ ખેડૂત આજે આત્મ હત્યા માટે મજબૂર બને છે. એવા સંજોગોમાં આપણે તેને મજબૂત અને સુદ્રઢ કરવા માટેની ચિંતા કરવી જોઇએ. નહીં કે એને ચોર સમજીને એના માટેના કાયદા લાવવાની ચિંતા કરવી જોઇએ. જેમ શ્રી બળદેવજીભાઇએ વાત કરી કે અહીં જોગવાઇ કરવામાં આવી કે નહેરમાં પશુઓ લઇ જાય. સાહેબ, કોઇ પણ ખેડૂત હોય કે પશુ પાલક હોય એ કયારેય પોતાની જાતે પશુઓને લઇને કોઇ નહેરમાં લઇ જાય ખરો? એને કયાંય પીવાના પાણીની વ્યવસ્થા ન થતી હોય, એની પાસે ખૂબ મોટા પ્રમાણમાં પશુઓ હોય ત્યારે એને તરસે મરતું ન જોઇ શકાય એવા સંજોગોમાં કાં તો ખેડૂત લઇ જાય, પશુ પાલક લઇ જાય અથવા તો પશુ એની જાતે તરસ છીપાવવા માટે આ નહેરો તરફ જતા હોય છે અને એના માટે આપણે આવા કાયદા લઇને આવીએ તો આપણી માનવતા મરી પરવારી હોય તેવું હું માનું છું. અહીં જે કાયદા લાવવા માટેની વાત થઇ, પણ સાથે સાથે તંત્રએ પોતાના વિભાગની સમીક્ષા કરવાની જરૂરિયાત છે. આજે આપણી પાસે નહેરો પરનો કેટલો પુરતો સ્ટાફ છે? કેટલા રેગ્યુલર આપણા કર્મચારીઓ છે, એ લોકો ખરેખર પોતાની જવાબદારી પોતાની ડ્યુટી નીભાવે છે કે નહીં એની કોઇ દિવસ સમીક્ષા કરવામાં આવી ખરી? અહીંયા વાત થઇ કે જો આપણો પુરતો સ્ટાફ હોય અને પ્રમાણિકતાથી પોતાની ફરજ બજાવતો હોય તો હું માનું છું કે આ જે ચોરીની વાત આપણે કરીએ છીએ તે કોઇ પણ સંજોગોમાં શકય નથી. આપણી પાસે પુરતો સ્ટાફ નથી, આપણે એને પૂરે પૂરી દેખરેખ રાખવી જોઇએ અને વ્યવસ્થા આપવી જોઇએ એ વ્યવસ્થા પૂરી પાડતા નથી અને તેના કારણે પોતાની નિષ્ફળતાનો દોષનો ટોપલો ખેડૂતોના માથે ઢોળવા જઇ રહ્યા છીએ. અહીં બીજી એક જોગવાઇ કરવામાં આવી છે કે કોઇ નહેર, અથવા બંધ ઉપર ઢોર ચરાવવા એટલે કોઇ ઢોર જઇને ત્યાં ચરે, કયાંક નાના મોટા ઝાડ-પાનનો ઉપયોગ થાય, તો એના માટે ૩ મહિના સુધીની કેદની જોગવાઇ અને દસ હજાર રૂપિયાનો દંડ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આપણે ગૌચરો વેંચી માર્યા, જે ગૌચરો વર્ષોથી અનાદી સમયથી આપણે પશુઓ માટે રીઝર્વ રાખ્યા હતા, સાંચવીને રાખ્યા હતા, અને એટલા માટે જ તેનો બીજો કોઇ ઉપયોગ કરવા દેવામાં નહોતો આવતો. એ ગૌચરો આપણે મોટા મોટા ઉદ્યોગપતિઓને અને માલેતુજારોને પધરાવ્યા. અને એના કારણે આજે ગ્રામ્ય વિસ્તારોમાં પશુઓને ચરવા જવું હોય તો તેના માટેની કોઇ જગ્યા નથી. હાલ કોઇ પશુ પાલક પાસે વધારે પશુ હોય તો તેને કયાં ચરાવવા લઇ જવું એ મોટો પ્રશ્ન હોય. એવા સંજોગોમાં કયાંક નહેરની આજુબાજુની જગ્યામાં કયાંક ઘાસ થયું હોય અને એવી જગ્યાએ પશુ ચરવા જાય તો એ પશુ પાલક પોતાના પશુઓનું પેટ ભરવા માટે અને તે જીવન જીવી શકે તે માટે કયાંક ચરવા લઇ જાય તો એના માટે આપણે આવી દંડની જોગવાઇઓ લાવીએ, હું માનું છું કે આપણે એકબાજુ ગાયને માતા કહીએ, ગાય માતાના નામે મત માગીએ, અને ગાય માતાની રક્ષા કરીએ છીએ એવું ગૌરવ લઇએ અને બીજી બાજુ આ જ ગાય માતા કયાંક નહેરની બાજુમાં ચરવા જાય તો એના માલિકને આપણે દંડ કરીશું? એના માલિકને આપણે જેલમાં પૂરી દઇશું? આવા કાયદા લાવીને હિન્દુઓની વાત કરવા વાળી, ગૌરવ લેવા વાળી સરકાર છે એને પણ મારે કહેવું છે કે એક બાજુ ગૌચર વેચી ખાવાને કારણે આજે ગાયો ભૂખે મરી રહી છે. અને એ ગાયો પોતાના જીવન માટે કયાંક નહેરની બાજુમાં ચરવા જાય તો એના માલિકોને જેલમાં પુરવા વાળું આ બિલ ખરેખર તમારે પાછું ખેંચવું જોઇએ. અહીંયા આજે નિવેદનમાં કૃષિ મંત્રીશ્રીએ સબસિડી વધારી. એક બાજુ અમે ખેડૂતોના હામી છીએ, ખેડૂતોને ખૂબ મદદ કરીએ છીએ, એની આર્થિક પ્રગતિ માટેની ચિંતા કરીએ છીએ તેવી વાત કરવામાં આવે અને બીજી બાજુ આપણે કાયદો કેવો લાવીએ છીએ કે ખેડૂતને વરસાદ ન આવ્યો હોય એના ખેતર સુધી પાણી ન પહોંચ્યું હોય. તેના ખેતર સુધી પાણી ન પહોંચ્યું ત્યારે મોંઘા ભાવનું ખાતર-બિયારણ જે ખેતરમાં તેણે આપ્યું હોય એ બચાવવા માટે કયાંક કોઇક જગ્યાએ એન્જિન મૂકીને પાણી લઇ જાય. એ કયારેય રાજી ખુશીથી લઇ જવા માટે નથી

હોતું પણ જયારે પાક સૂકાતો હોય, પાક બળતો હોય, તેની મૂડી જતી હોય એવા સંજોગોમાં ના છૂટકે આ એન્જિન મૂકીને પાણી લેવાનો પ્રયત્ન થતો હોય છે. એવા સંજોગોમાં આપણે બિલ લાવીને એન્જિન અને સાધનો જપ્ત કરવાની વાત કરીએ? એક બાજુ ૨-૫ હજાર રૂપિયા સબસિડી વધારીને આપણે વાહ વાહી કરીએ અને બીજી બાજુ આ લાખો રૂપિયાના સાધનો જપ્ત કરવાની વાત કરીએ. તેની ઉપર લાખો રૂપિયાનો દંડ કરવાની વાત કરીએ તો આપણે ખેડૂ તોના હામી છીએ કે ખેડૂતોના દુશ્મન છીએ, આપણે આજે એ નક્કી કરવાનો દિવસ છે. ઉદ્યોગપતિઓને આપણે અત્યાર સુધી કોઇ દંડ કર્યો ખરો? કોઇ ઉદ્યોગપતિઓનો લાખો-કરોડો રૂપિયાનો ટેક્સ બાકી હોય. વર્ષો સુધી ટેકસ બાકી રહે તેના માટે આપણે તેને નોટિસ આપીએ અને લીગલ કાર્યવાહી કરીએ અને કયાંક એ ઉદ્યોગપતિ વકીલો રોકીને વર્ષો સુધી તેની લડાઇ લડે તો તેના ઉપર કયારેય દંડ.

અધ્યક્ષશ્રી : વકીલોને શું કરવા વચ્ચે લાવો છો?

શ્રી અમિત ચાવડા : સાહેબ, વકીલ રોકીને લડાઇ લડે. આ ઉદ્યોગપતિઓ પાસે વકીલ રોકવાના પૈસા હોય છે. આ ખેડૂતને તો જેલમાં પૂરશે કે દંડ કરશે કે તેના સાધન જપ્ત કરશે. જો એ સાચો હશે તો પણ એ ખેડૂત પાસે વકીલ રોકીને લડવાના પૈસા નથી હોવાના. એટલા માટે અમે આ બિલ ઉપર ચિંતા વ્યક્ત કરીએ છીએ. ઉદ્યોગપતિઓના કરોડો-અબજો રૂપિયા બાકી હોય, એની વસૂલી કરવા માટેનું જો કોઇક બિલ લઇને આવ્યા હોત. એ પૈસા વસૂલ કરીને આ ખેડૂતોને આપવા માટેની કોઇ વાત લઇને આવ્યા હોત તો ચોક્કસ અમને પણ આનંદ થાત. અહીં જે જોગવાઇ લઇને આવ્યા કે નદીનો પ્રવાહ વાળવામાં આવે કે રોકવામાં આવે તો તેને દોઢ વર્ષ સુધીની કેદ અને એક લાખ રૂપિયાનો દંડ. આ બિલ લાવતા પહેલાં સરકારની નિયત હોત તો અત્યાર સુધી જે લોકોએ આ નદીના વહેણ રોક્યા કે જે લોકોએ નદીની અંદર ઇ-લીગલ કન્સ્ટ્રક્શન કર્યા એવા એકાદ-બે મોટા લોકો સામે કાર્યવાહી કરી હોત તો પણ આ બિલની જોગવાઇ ખેડૂત માટે છે એમ કરીને અમે પણ સંતોષ માનત.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં વાત થઇ કે નર્મદા નદીમાં આખો એક રીસોર્ટ બનાવવા માટે આડબંધ બનાવવામાં આવે. આખું તંત્ર છે. આટલી મોટી સરકાર છે પણ તેને ખબર ન હોય. મિડિયા અને મિત્રો મારફત ઉહાપોહ થાય ત્યારે તાત્કાલિક જાગે અને સરકાર એને દૂર ન કરે. પેલા રીસોર્ટવાળા એમ કહે કે અમારી તો ભૂલ થઇ ગઇ. અમને ખબર નહોતી એટલે અમે દૂર કરીશું. તેની સામે સૌરભભાઇ, આજ દિન સુધી કોઇ કાર્યવાહી થઇ ખરી? આ જ વિધાનસભાગૃહમાં વડોદરાની અંદર વિશ્વામિત્રી નદીમાં બાલાજી બિલ્ડરે ખૂબ મોટું નદીનું પુરાણ કરીને આખો એક શોપીંગ મોલ બનાવી દીધો. આ જ ગૃહમાં કહેવા છતાં આટલા વર્ષો પછી તેની સામે કોઇ કાર્યવાહી થઇ ખરી? જે આશારામ બાપુના આશીર્વાદ લેતા હતા. એ આશારામ બાપુએ આખી નદીનું વહેણ રોકીને પોતાનું આખું અલગ સામ્રાજય ઉભું કર્યું. તેની સામે આટલા વર્ષો સુધી કોઇ કાર્યવાહી થઇ ખરી? આવા તો આખા ગુજરાતમાં ગણાવીએ તો હજારોની સંખ્યામાં મોટા, માલેતુજાર લોકો સ્થાપિત હિતો દ્વારા નદીના વહેણ રોકીને પોતાની માલિકી વધારવાનો પ્રયત્ન થયો છે. તેની સામે જો કાર્યવાહી કરી અને પછી આ ખેડૂતો માટે કોઇ વાત લઇને આવ્યા હોત તો અમે પણ વાંધો ન લેત. તેની પણ ચિંતા કરવામાં આવે. ઘણી બધી વાત છે પણ અહીં પુનરાવર્તન થાય છે ત્યારે મારે તો એટલું કહેવું છે કે આ બિલ લઇને આવ્યા છો એ બિલની જોગવાઇઓ સંપૂર્ણ રીતે લોકશાહી વ્યવસ્થાની વિરુદ્ધની છે. સંપૂર્ણ રીતે ખેડૂત વિરોધી છે. એક સામાન્ય ગુજરાતના નાગરિકનો જે અધિકાર છે એ વિરુદ્ધની છે. આપણે કદાચ ચિંતા કરી હોત કે આ નહેરો બની, કેનાલ બની કે આ યોજનાઓ બની તેના માટે આ ગુજરાતના ગરીબ, સામાન્ય ખેડૂતોએ પોતાની મહામૂલી જમીન સરકારને આપી છે. અનેક એવા દાખલા છે કે ખેડૂતના ખેતરમાંથી વચ્ચે નહેર પસાર થઇ અને એ ખેતીની જમીનના બે ભાગલા પડ્યા. એ ખેડૂતે તેમ છતાં આ ગુજરાતના ખેડૂતોના હિત માટે જતું કરીને જમીન સંપાદન થવા દીધી હતી. આજે એ ખેડૂત પોતાની એક ગાય કે ભેંસ રાખતો હોય અને તેને ચરાવવા કે પોતાનો રસ્તો ન હોય તેના કારણે નહેર ક્રોસ કરીને જવું પડે એવા સંજોગોમાં આપણે તેના પર દંડ કરવાની જોગવાઇ લઇને આવ્યા છીએ? આ તમામ જોગવાઇઓ ખેડૂત વિરોધી છે. આ બિલ પણ ખેડૂત વિરોધી છે. સરકારને મારી ખેડૂતો વતી વિનંતી છે કે આ બિલ પાછું ખેંચવામાં આવે, કાં તો હજુ પણ વિચારણા કરી મુલતવી રાખીને કમિટિ બનાવીને ફરીથી ચર્ચા કરીને બિલ લાવવામાં આવશે તો કદાચ અમને પણ આનંદ થશે. અમે આ ખેડૂત વિરોધી બિલનો વિરોધ કરીએ છીએ.

**વિરામ બપોરના ૧૨-૦૦ થી ૧૨-૩૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૯નું ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા)વિધેયક માનનીય મંત્રીશ્રી લાવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. પાણીની વાત થાય એટલે મારા ખેડૂતોની વાત થાય. પહેલાંની સરકારમાં આપણે જોયું હતું કે માત્ર એક જ પાક ખેડૂતો લઇ શકતા હતા અને અત્યારની ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બે બે પાક એક એક ખેડૂત લઇ શકે છે. આપણા ગુજરાતને હરિયાળુ અને નંદનવન બનાવવા માટે તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા સૌના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિચાર કર્યો હતો કે દરેકે દરેક ગામ સુધી સિંચાઇ માટેનું પાણી પહોંચી રહે અને એ સંકલ્પ આજે પરિપૂર્ણ થઇ રહેલ છે. દરેક ગામેગામ સુધી સિંચાઇનું પાણી પહોંચાડવા માટે આપણી સરકાર કટિબદ્ધ બની છે. કરકસર કરીને પાણીનો આપણે બચાવ કરવો જોઇએ. આપણે સૌ જાણીએ છીએ કે મદ્રાસની અંદર દિવસની માત્ર બે જ બાલટી જ પાણી મળે છે. આવતા વર્ષોમાં પાણીની વધારે અછતના થાય એ માટે આપણે સૌએ કરકસર કરવી જોઇએ. આપણા બાપુ મહાત્મા ગાંધીજી પાણીની

કરકસર માટે એ સમયથી કહેતા આવ્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે પાણીને ઘીની જેમ વાપરવું જોઇએ. જેમ પાણીની કરકસર કરતા હોઇશું...

અધ્યક્ષશ્રી : ભગવાન મહાવીર સ્વામીએ કીધેલું.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન મહાવીર સ્વામીએ કીધું હતું કે પાણીને ઘીની જેમ વાપરવું જોઇએ. આપણી સરકાર પાણીના સંગ્રહ માટે ઘણી બધી યોજનાઓ લાવી. ગામે ગામ સુધી પાણી પહોંચાડવા માટે સૌની યોજના હોય એવી યોજનાઓ દ્વારા સિંચાઇ માટે ગામે ગામ પાણી પહોંચાડવામાં આવે છે તેમજ પાણીનો કઇ રીતે સંગ્રહ કરવો એના માટે પણ સતત બે–ત્રણ વર્ષથી સુજલામ્ સુફલામ્ યોજનાથી તળાવો ઉંડા કરવામાં આવ્યા. નદી–નાળામાં જે કચરો જાળાં–ઝાંખરા કાઢીને એની અંદર પાણીનો સંગ્રહ થાય એના માટે પણ સરકારે ઘણા બધા પગલાં લીધા છે. જયાં શહેરી વિસ્તાર હોય ત્યાં નહાવા–ધોવા માટે જે પાણી વપરાતું હોય એ પાણીને સમગ્ર ભારતની અંદર અને સમગ્ર ગુજરાતની અંદર એસ.ટી.પી. પ્લાન્ટનું પાણી સિંચાઇ માટે આપવા માટે હોય તો એ અમદાવાદ જિલ્લાની અંદર છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પાણી જે પાણી આખેઆખો જિલ્લો પાણી વાપરતો હોય અને એને ટ્રીટ કરીને એ પાણી સિંચાઇ માટે આપવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો એ અમદાવાદની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની વાત કરીએ તો આ પાણી નાઇટ્રોઝનયુક્ત પાણી હોય છે અને નાઇટ્રોઝનયુકત પાણી હોવાને કારણે ખેડૂતોની એ પાણી જયારે સિંચાઇ માટે આપવામાં આવે તો નાઇટ્રોઝનનું પ્રમાણ હોવાને કારણે પાક પણ સારો ઉગે છે. ખાતર તરીકે એનો ઉપયોગ થતો હોય છે. મારા વિસ્તારની વાત કરું તો રોંઢ નદી પણ આવેલ છે. આ રોંઢ નદી ઉપર નાના નાના ચેકડેમ કરવામાં આવો તો હું એના માટે માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરું છું તેમજ છેવાડાના ગામ સુધી પાણી પહોંચી રહે એના માટે આપણી સરકાર હરહંમેશ કટિબદ્ધ છે. વચ્ચે એકાદ ટકો કોઇ કેનાલમાં પાણી માટે પાઇપો નાખે. છેવાડાના ગામના ખેડૂતને પાણી પહોંચી રહે એટલા માટે આ કાયદો લાવવામાં આવ્યો છે. ખેડૂતની વાત કરતા હોય ત્યારે મારે કહેવું છે. મારે એમને કહેવું છે કે ફકત એક વર્ષની અંદર ખેડૂતોને આ સરકારે મારા વિસ્તારમાં એક ટાઇમના ૭૧ કરોડ અને બીજી વખતે રૂપિયા ૮૧ કરોડ પાક વીમો આપ્યો છે એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યો છે. બીજી વાત કરું તો ખેડૂતોએ એનું પ્રિમિયમ બેન્કની અંદર જમા કરાવી દીધું હતું પણ બેન્ક કોઇ કારણસર લેટ થઇ હોઇ, પાક વીમાનું પ્રિમિયમ જમા કરાવી શક્યા ન હતા. અમારા શ્રી આર.સી. ફળદુ સાહેબ ચાર વખત દિલ્હી જઇને આ પાક વીમાનું પ્રિમિયમ ખેડૂતોએ ચૂકવી દીધું છે અને બેન્ક અથવા વીમા કંપની વીમો ચૂકવે. આ વીમો કંપની ચૂકવશે એવો નિર્ણય લેવડાવ્યો. કિસાન સન્માન નિધિ યોજના હેઠળ દરેક ખેડૂતના ખાતામાં ૬ હજાર રૂપિયા જમા કરાવવાનું કામ કર્યું હોય તો આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. ૧૦ વર્ષમાં માત્ર રૂપિયા ૫૦ હજાર કરોડ માફ કર્યા અને અમે એક વર્ષમાં ૭૫ હજાર કરોડ રૂપિયા આપવાના છીએ. પાક ધિરાણની અંદર ૧૮ ટકા વ્યાજ લેતા હતા. જો એક લાખ ધિરાણ લીધું હોય તો ૧૮ હજાર રૂપિયા વ્યાજ ખેડૂતો પાસેથી વસૂલ તા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઝીરો ટકાએ પાક ધિરાણ આપવાનું કામ કર્યું છે. ગયા વર્ષમાં ૩૫૦થી ૪૦૦ એમ.એમ. વરસાદ પડ્યો તેમ છતાં અછત અને અર્ધ અછત જાહેર કરવામાં આવી. મારા વિસ્તારને પણ અર્ધ અછતગ્રાસ્ત જાહેર કરવામાં આવ્યો. દરેકના ખાતામાં ૧૧,૩૦૦ રૂપિયા જમા થઇ ગયા હતા. બિલ માફી યોજના ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. હમણાં ગઇ કાલે આપણા માનનીય મંત્રીશ્રીએ ખેડૂતોને જે આઠ કલાક વીજળી પૂરી પાડવામાં આવે છે એના બદલે ૧૦ કલાક કરવાનો કાયદો લાવ્યા અને મંજૂર કર્યું. ગઇ કાલે તો કોઇ ચૂંટણી ન હતી તેમ છતાં જાહેર કર્યું છે. આ ખેડૂતલક્ષી સરકાર છે. આપણે સૌ જાણીએ છીએ કે ઇઝરાયલ ખેતીપ્રધાન દેશ છે. ઇઝરાયલમાં માત્ર ૩ ઇંચ વરસાદ પડે તો પણ પાક પકવે છે અને સમગ્ર વિશ્વમાં ખેતપ્રધાન તરીકે એનું નામ આવે છે. આપણે એમાંથી નવું નવું શીખીને ૩ ઇંચ વરસાદમાં પણ પાક પકવી શકાશે. આપણી ખેતીમાં સુધારો થાય અને નવા નવા પાકો લઇ શકે એ માટે આપણી સરકાર ખેડૂતલક્ષી કાર્યક્રમો કરી રહી છે. નર્મદાની વાત કરીએ તો નર્મદાની અંદર આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યા બાદ ૧૬ દિવસમાં ગેટ ઉભા કરવાની મંજૂરી આપી દીધી હતી. એમનું શાસન હતું ત્યારે એમણે આ પૂણ્યનું કામ ન કર્યું. આ પૂણ્યનું કામ લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. આ સરકાર હરહંમેશ ખેડૂતોની આવક બમણી થાય એના માટે વિચાર કરતી રહી છે. આપણે સૌ જાણીએ છીએ કે જ્યારે જ્યારે કૃષિ મેળા થાય છે ત્યારે ખેડૂતોને જણાવવામાં આવે છે કે આપણે જે પરંપરાગત પાકો પકવીએ છીએ એમાં બીજા પાકોમાં ડાયવર્ટ કરીએ. એનાથી બીજો આપણો પાક વધે જેમ કે, ખેડૂતો જ્યારે ડાંગર પકવતા હશે ત્યારે એમના શેઢા ઉપરની જગ્યા ખાલી હોય છે ત્યાં સરગવાનો પાક ઊગાડીએ તો એ સરગવાથી રૂપિયા ૩૦૦૦ની આવક થઇ શકે તેમ છે. આ બધા પાકોને આપણે પ્રોત્સાહન આપીએ છીએ. પ્રોત્સાહન આપવાનું કોઇએ કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. દેશ આઝાદ થયો ત્યારે બે મુખ્ય મદ્ધાઓ હતા એમાં એક મુદ્દો ગામે ગામ સુધી પાણી પહોંચાડવું અને બીજો મુદ્દો હોય તો કાશ્મિરનો મુદ્દો. આપણે સૌ જાણીએ છીએ કે આપણા સૌના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગામે ગામ પાણી પહોંચાડવાનું કામ કરી દીધું છે. અત્યારે ૯૯% સિંચાઇનું પાણી અને પીવાના પાણીનું કામ પૂરું કર્યુ છે અને મને વિશ્વાસ છે કે કાશ્મિરનો મુદ્દો પણ ટૂંક સમયમાં સોલ્વ થઇ જશે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાણીને વિરામ આપીને મારું વકતવ્ય પુરું કરું છું અને મંત્રીશ્રી જે બિલ લાવ્યા છે તેને હું સમર્થન કરું છું.

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ વંશ. શ્રી પ્રવિણભાઇ મારૂ, (અંતરાય) તમારો ટર્ન જતો રહ્યો. માનનીય પુંજાભાઇ, (અંતરાય ) શ્રી પ્રવિણભાઇ આપ બેસો. (અંતરાય) તક આપજો એ ક્યા સભ્ય બોલ્યા?

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં બધા સભ્યશ્રીઓએ આ બાબતે ચિંતા વ્યક્ત કરી છે. જે બાબતનો અહીંયા ઉલ્લેખ કર્યો છે તેને ના દોહરાવતા હું મારી વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ગઝલ સમ્રાટ અમૃત ઘાયલે વર્ષો પહેલા વાત કરેલી કે,

**''મેલું ઘેલું મકાન તો આપો, ધૂળ જેવું ધાન તો આપો**
**સાવ જૂઠું શું કામ બોલો છો? કોઇક સાચી જબાન તો આપો''**

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ બિલ શા માટે લઇ આવવાની જરૂરિયાત પડી? ભાજપની સરકાર ૧૯૯૫માં આવી. વચ્ચે બે-ત્રણ વર્ષોને બાદ કરતા સળંગ છેલ્લા ૨૨-૨૩ વર્ષથી (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : હવે બે-ત્રણ જણા ડિસ્ટર્બ કરે છે. આખી સભા શાંતિથી સાંભળે છે. આપ બીજાને તો શાંતિથી સાંભળવા દો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તમે સત્તા સ્થાને છો અને સત્તા સ્થાને આવ્યા પછી કાયમી માટે તમે કોંગ્રેસને જવાબદાર ગણો છો હર કોઇ બાબતમાં, હર પ્રશ્નમાં, હર કોઇ સમસ્યામાં. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાને લાગે વળગે છે ત્યાં સુધી નર્મદાનો શ્રેય તમે લો છો સારી વાત છે. તમે સત્તામાં છો, તમે શ્રેય લો તમારો અધિકાર છે પણ એ ભૂલવું ના જોઇએ કે દેશ આઝાદ થયા પછી પ્રથમ કોંગ્રેસની સરકારના વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરુની દીર્ઘદ્રષ્ટિ કે આવનારા ભવિષ્યની અંદર પીવાના પાણીથી લઇ ખેડૂતોને જે પાણીની જરૂરિયાત પડવાની છે એને ધ્યાનમાં રાખીને નર્મદા ડેમનું ખાતમુહૂર્ત જવાહરલાલ નહેરુએ કર્યું છે. વર્ષો પહેલા એમને ખબર હતી કે ૫૦ વર્ષ પછી આ પરિસ્થિતિ આવવાની છે એને ધ્યાનમાં રાખીને આ આયોજન કરેલું અને એ નર્મદા ડેમની મેઇન કેનાલ અને મેઇન કેનાલમાં એ વખતે મૂળ નર્મદાનો કમાન્ડ એરિયા અને કમાન્ડ એરિયાની અંદર સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતના જે જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એ જિલ્લાઓનો જે વિસ્તાર આ કમાન્ડ એરિયામાં સમાવવામાં આવ્યા પછી ચોક્કસ આંકડો હું નહીં કહી શકું પણ તમે સત્તામાં આવ્યા પછી દિન-પ્રતિ-દિન બીજા લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મૂળ જે કમાન્ડ એરિયામાં જેટલા હેકટર જમીનોનો સમાવેશ કરવામાં આવેલો. એ લગભગ ૫૦,૦૦૦ હેકટર જેટલી જમીનોને કમાન્ડ એરિયામાંથી તમે ડિકમાન્ડ કર્યો છે. આ ખેડૂતોને નુકસાન નથી તો કોને નુકસાન કરવામાં આવ્યું છે? છેલ્લા ૨૫ વર્ષની અંદર પીવાના પાણીની સમસ્યા જેવી પરિસ્થિતિ નિર્માણ થઇ છે, વિશ્વની અંદર જે સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે, ગ્લોબલ વોર્મિંગને કારણે અનિયમિત વરસાદ, અનિયમિત વરસાદને કારણે જે સ્થિતિ નિર્માણ થઇ છે ભૂતકાળની અંદર મેં જે જોયું છે હું પણ એક ખેડૂતનો દીકરો છું. એક કૂવાની અંદર બે બે મોટર, બે બે ઓઇલ એન્જિનો ચાલતા હતા.

અધ્યક્ષશ્રી : તમે ખેડૂતના દીકરા છો, ખેડૂત નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ખેડૂત છું.

અધ્યક્ષશ્રી : એમ કહોને તો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ખેડૂત છું. એક કૂવામાં બે બે એન્જિન ચાલતા હતા અને ગામના લોકો કપડા ધોતા હતા. આજે એ કૂવાની અંદર પાણી નથી. મારા પોતાના ખેતરે પણ પાણી પહોંચતું નથી. થોડોક વરસાદ પડે છે અને ચોમાસુ પૂર્ણ થઇ જાય છે. દિવાળીએ ખેતરે જઇએ તો વાંકા વળીને પાણી લઇ શકતા હતા એ સ્થિતિ હતી. આજે એ કૂવામાં સંપૂર્ણપણે પાણી નથી. ભૂગર્ભ જળ ઉંડા ગયા છે. ભૂગર્ભ જળ ઉંચા આવે એ માટે સરકાર પ્રયત્ન કરે છે પણ છેલ્લા ૨૨-૨૩ વર્ષની અંદર રાજયના ખેડૂતોને મદદરૂપ થવા માટે સિંચાઇ માટે તમે એક પણ ડેમ નવો બનાવી શકયા નથી ત્યારે જે ડેમો છે મેં કીધું એ પ્રમાણે નર્મદા ડેમનો જે કમાન્ડ એરિયા હતો એ નર્મદા ડેમમાંથી કમાન્ડ એરિયા ઓછો નથી થયો પણ દા.ત. સૌરાષ્ટ્રની અંદર જે ડેમો બનાવવામાં આવ્યા છે કે મારા વિસ્તારમાં રાવલ હોય, મસુંદરો હોય, ગીર સોમનાથનો ચીંદરડો હોય કે પછી ભાદર હોય કે સુખભાદર હોય કે મધુવંતી હોય, ઓજત હોય, આ જે ડેમો છે. એ ડેમોની અંદર ખેડૂતોને સિંચાઇનું પાણી આપવાનું હતું એમને આજે પણ રાજયની અંદર જેટલા ડેમો છે અને એ ડેમોમાંથી ખેડૂતોને સિંચાઇનું પાણી આપવાનું હતું. એના કમાન્ડ એરિયામાં જે ખેડૂતોનો સમાવેશ થયેલો હતો એમાં ૨૩ વર્ષની તમારી સરકારની અંદર પીવાના પાણીના કારણે યોગ્ય રીતે આયોજન ન થવાને કારણે, સારી રીતે પ્લાનીંગ ન થવાને કારણે તમે પાઇપો નાખી દીધી છે. લાખો અને કરોડો રૂપિયાની પાઇપો નાખી છે અને પાઇપો નાખી દીધા પછી આજે પણ પીવાના પાણીની ગંભીર કટોકટી છે ઉનાળાના દિવસોની અંદર પીવાનું પાણી ગામડાંના છેવાડાના માણસ સુધી પહોંચતું નથી અને તેવા સંજોગોની અંદર પીવાના પાણીની જેમ જેમ કટોકટી ઉભી થતી ગઇ તેમ તેમ જરૂરિયાત ઉભી થતી ગઇ. શહેરોની અંદર પીવાના પાણીની તકલીફ ઉભી થતી ગઇ તેમ તેમ જે જિલ્લાઓની અંદર તકલીફ ઉભી થઇ એ જિલ્લામાં ખેડૂતો માટે જે ડેમો બનાવ્યા હતા એ ડેમોમાંથી પીવાના પાણી માટે રિઝર્વ રાખવા માટેની ફરજ પડતી હતી. આજે રિઝર્વેશન પાણીમાં રાખવામાં આવ્યા છે પરિણામે ખેડૂતોને નુકસાન થયું છે. ખેડૂતોને નુકસાન થવાને કારણે એમાંથી એને જે ઉત્પાદન મળવું જોઇએ એ ઉત્પાદન મળતું નથી. ખેડૂતોને તમે પૂરતું પાણી આપો,

ખેડૂતોને તમે પૂરતી વીજળી આપો તો તમારી કોઇ સહાયની જરૂરિયાત નથી, ખેડૂતો આત્મહત્યા કરવા માટે પણ મજબૂર ન બને પણ સ્થિતિ આપણી એ છે કે એને આપણે પૂરી વીજળી પણ નથી આપી શકતા. એને આપણે પૂરું પાણી પણ નથી આપી શકતા અને નથી આપી શકતા એના કારણની અંદર જવાબદાર જો કોઇ હોય તો છેલ્લા ૨૨-૨૩ વર્ષથી તમે સત્તામાં આવ્યા છો. અમારા ઉપર સતત આક્ષેપ કરવામાં આવે છે. છેલ્લા ૨૨ વર્ષથી અમે આ સાંભળતા આવ્યા છીએ. અમે ૨૨ વર્ષથી વિપક્ષમાં છીએ. અમારી નાની મોટી કયાંક ભૂલો હશે એ ભૂલોને કારણે પ્રજાએ જે મેન્ડેટ આપ્યો છે એ મેન્ડેટને સ્વીકારીને વિપક્ષની ભૂમિકા ભજવીએ છીએ. તમને સત્તા આપી છે. વારંવાર આપી છે અને વારંવાર સત્તા આપ્યા પછી પણ આજે આ સ્થિતિ શા માટે? કયા કારણો છે? તમે શું એનું પ્લાનીંગ કરો છો? મેં કીધું એ પ્રમાણે નર્મદા યોજનાની મેઇન કેનાલ, એની મુખ્ય કામગીરી હજી આજ દિવસ સુધી પૂર્ણ નથી થઇ. હું આજે યાદ કરીશ સ્વ.ચીમનભાઇ પટેલને વર્ષ ૧૯૯૦ની અંદર બહુમતી મળી અને તેમની સરકાર આવી. શ્રી ચીમનભાઇ મુખ્યમંત્રી બન્યા. મુખ્યમંત્રી બન્યા પછી મેઇન કેનાલનું કામ કરાવવા માટે અમે ચાર રાજય, આગળ સભ્યશ્રીએ કીધું એ પ્રમાણે કે ગુજરાત રાજય એક નથી. ઘણા બધા પ્રશ્નો એમાં આવ્યા. અમે સતત સાંભળતા આવ્યા છીએ કે તમારા કારણે નર્મદાનું કામ પૂર્ણ ન થયું પણ નર્મદાની કામગીરી પૂર્ણ કરવામાં જે અડચણો આવી છે એ કાયદાકીય રીતે, અન્ય રીતે હું કહીશ કે નર્મદાના કમાન્ડ એરિયાની અંદર નર્મદા યોજના આવ્યા પછી ચાર રાજયોઃ રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર આ ૪ રાજ્યના ૨૪૭ ગામો ડુબાણમાં ગયા હતા અને ડુબાણમાં હતા, ત્યારે ગુજરાતના ૧૯ ગામો હતા એ ૧૯ ગામોને ખેડૂતોના પુનઃવસન માટે ડભોઇ, વાઘોડિયા, બોડેલી, નસવાડી આ તાલુકાની અંદર ૫૨ વસાહતો બનાવીને જે ડુબાણમાં ગયા હતા, તેનું પુનઃવસન કરીને એમની વ્યવસ્થા કરવામાં આવી છે. તમે બિલ લઇને આવ્યા. જોગવાઇ કરવામાં આવી છે કે ખેડૂતોએ પાણી લીધું, એમાંથી મેઇન કેનાલમાં જે ખેડૂતોની જમીન ગઇ.

**અધ્યક્ષશ્રીનું અવલોકન**

**પ્રવચન દરમ્યાન ડિસ્ટર્બ ના કરવા અંગે**

અધ્યક્ષશ્રી : ત્યાંથી ઉપર નહિ આપવાનું. પત્રકારોને આપવું હોય તો ઉપર જઇને ગેલેરીમાંથી આપવાનું, અહીંથી નહિ. અહીં ડિસ્ટર્બ થવાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મેઇન કેનાલમાં જે ખેડૂતોની જમીન ગઇ છે અને એ ખેડૂત માલિક ૫ એકર જમીન ધરાવે છે અને અને ૩ એકર જમીન ગઇ છે અને ૨ એકર જમીન બચી છે. એને સાચવવા માટે પીયત કરવા માટે એમની પાસે કોઇ વ્યવસ્થા નથી. મેઇન કેનાલમાં એન્જિન ઉપર એન્જિન મૂકી પાણી ખેંચે અને પાણી ખેંચાયા પછી તમે એના ઉપર પોલીસ ફરિયાદ કરશો. તમે એને જેલમાં પૂરશો, તેના ઉપર દંડ કરશો અને દંડની વસૂલાત નહિ થાય તો સમયાંતરે ૭/૧૨માં રેવન્યુ રાહે વસૂલાત કરવા માટે પછી સરકારી વસૂલાત છે તેમ કહી તેના ખાતામાં બોજો નાખશો. ત્યારપછી એન્ટ્રી પાડશો, ત્યારે સરકારને પૂછવું છે કે તમે આ જે જે વ્યવસ્થા છે. એમાં ડેમમાંથી રાજ્યના ઉદ્યોગ ગૃહોને તમે સમયાંતરે પાણી આપો છો. વધુમાં વધુ જો કોઇ ચોર હોય, વધુમાં વધું પાણી ચોરી કરી હોય તો આ રાજ્યના ખેડૂતોએ નહિ,પણ રાજ્યના ઉદ્યોગપતિઓએ મોટામાં મોટી ચોરી કરી છે. ચોરી કરી છે, એટલું જ નહિ આજની તારીખે એમની પાસે લાખો કરોડો રૂપિયાનું સરકારનું લેણું છે અને સરકારી લેણું હોવા છતા આપણે એને વસૂલાત કરવા માટેની આપણી જે માનસિકતા હોવી જોઇએ એ માનસિકતા નથી. અને બે દિવસ પહેલા કહેવામાં આવ્યું વીજ દરના રૂપિયા ૨૦૦ કરોડ ઉઘરાવવાના હતા. તો તમે હપ્તા કરી દીધા. અમારા ગીર સોમનાથમાં રેયોન નામનો ઉદ્યોગ આવ્યો છે. રેયોન પાસે કરોડો રૂપિયાની વસૂલાત કરવાની બાકી છે. પછી શું થાય છે? લાંબા સમય સુધી ઉદ્યોગગૃહ કોર્ટમાં જાય છે. કોર્ટમાં લાંબા સમય સુધી કેસ ચાલે, પણ ખેડૂતોની સ્થિતિ શું? ખેડૂતને નાનો માણસ, સામાન્ય માણસ કહેવામાં આવ્યો એ તો કોર્ટમાં જઇ શકતો નથી. એક ગ્રામ પંચાયત પાણી બિલ ન ભરે તો તેનું કનેકશન કાપી નાખવામાં આવે છે. ખેડૂત વીજ બિલ ન ભરે તો તેનું કનેકશન કાપી નાખવામાં આવે છે. એક ઉદ્યોગગૃહ પૈસા ભરી શકતો ન હોય તો સરકાર વસૂલાત ન કરે. તો એના કનેકશન કેટલા કાપ્યા છે આવા કોઇ કિસ્સા મંત્રીશ્રી બતાવશે ખરા? ઉલટું આ ઉદ્યોગગૃહોને વધુ મદદ કરીએ છીએ. વધુ પાણીનો ઉપયોગ એ લોકો કરે છે. એ લોકો પાણીનો દુરુપયોગ કરે છે. પાણીની અછત એ ચિંતાનો વિષય છે, ત્યારે ભૂતકાળની અંદર રાજુલામાં વિક્ટર આવ્યું. વિક્ટરની અંદર સામે જઇએ તો કૃષ્ણકુમાર સિંહજીએ બંગલો બનાવેલો. અને તે બંગલો જોવા માટેનું એક વખત સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. બંગલાની અંદર જેટલું વરસાદી પાણી આવે, ત્યારે તે બંગલાની બાજુમાં અન્ડર ગ્રાઉન્ટ ટાંકો બનાવેલ છે. સંપૂર્ણ વરસાદી પાણી એ ટાંકામાં સંગ્રહ થાય. મારો વિસ્તાર ઉના છે. બાજુમાં દીવમાં ફિરંગીઓએ જે રીતે વિકાસ કર્યો. દીવમાં આજે એક પણ ઘર એવું નથી કે અંડરગ્રાઉન્ડ ટાંકો ન હોય. વરસાદી પાણીનો સંપૂર્ણ એમાં સંગ્રહ થાય આ પ્રકારનું દીવમાં છે. છેલ્લાં ૨૫ વર્ષથી શાસનમાં છો આવી કોઇ વ્યવસ્થા કરવા માટેની..

અધ્યક્ષશ્રી : આવા ટાંકાઓ ખંભાતમાં ૧૦૦ વર્ષ ઉપરાંતથી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એને ધ્યાનમાં રાખીને તમારે પ્લાનિંગ કરવાની વાત છે. આપણો ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે. આપણે ખેડૂતની ચિંતા કરીએ છીએ, જગતના તાતની ચિંતા કરીએ છીએ, તેની વિરુદ્ધની અંદર તમે આ બિલ લઇને આવ્યા છો. તમે ખેડૂતોના હામી થવાની વાત કરો છો. ૧૬૦૦ કિલોમિટરના દરિયા કિનારા ઉપર જે જમીનો આવી છે તેમાં દરિયાના ખારા પાણી દિનપ્રતિદિન આગળ વધતા જાય છે. તે આગળ વધતા જાય છે તેના કારણે ખેડૂતોની ફળદ્રુપ

જમીનો ક્ષારયુક્ત બનીને બિનઉપજાઉ બનતી જાય છે. ખેડૂત ભાંગતો જાય છે. તેના કારણે ૧૯૭૮માં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના રાજ્ય સરકારે કરેલી. તે ઉચ્ચ સ્તરીય સમિતિએ ખારા પાણી  આગળ વધતા અટકાવવા માટે પ્લાનિંગ કર્યું હતું અને ૨૪૬ કરોડ રૂપિયાનો પ્લાન બનાવ્યો હતો. તે સમિતિએ બંધારા બનાવવાના અને ડેમો બનાવવાના કામો સૂચવ્યા હતા. હું દુઃખ સાથે વાત કરીશ કે, છેલ્લા બાવીસ વર્ષની અંદર ક્ષારને અટકાવવા માટે બજેટની અંદર દરિયાકાંઠાના ખેડૂતોની જમીનમાં ખારાશ વધતી અટકાવવા માટે જે ફાળવણી કરવી જોઇએ એટલી ફાળવણી કરી નથી. રાજ્ય સરકાર અન્ય રીતે ખર્ચાઓ કરે છે. ઉત્સવોમાં ખર્ચા કરે છે. અહીં વારંવાર સેવાસેતુના કાર્યક્રમની વાત કરવામાં આવી. રણોત્સવની વાત કરવામાં આવી. નવરાત્રિ મહોત્સવની વાત કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બિલ ઉપર.

શ્રી પુંજાભાઇ  ભી. વંશ : આ ખર્ચાની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : આમાં ખર્ચ કયાં છે?

શ્રી પુંજાભાઇ  ભી. વંશ : હું બિલ ઉપર જ બોલું છું.

અધ્યક્ષશ્રી : આમાં તો પાણી બચાવવા ઝૂંબેશ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તમે સેવાસેતુ કાર્યક્રમ લઇ આવ્યા અને તેની પાછળ ખર્ચ કરો છો. સેવાસેતુ કાર્યક્રમ લઇ આવવાની ફરજ શા માટે પડી? એનો અર્થ એ થાય કે, તમે વહીવટી રીતે સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છો એટલા માટે ગામે ગામ જઇને મદદ કરવાની જરૂર પડી. ગઇકાલે અહીં જે બિલ આવ્યું સુગર ફેક્ટરી માટેનું. તેમાં રાજ્ય સરકાર પોતે એમ કહે કે, કલેક્ટર ચૂંટણી કરાવવા માટે અસમર્થ છે. આ આપણું દુર્ભાગ્ય છે અને સરકાર એમ કહે કે અસમર્થ છે. હવે જો તમે કહો છો કે અસમર્થ છે તો નીચલી કક્ષાએ વહીવટી રીતે અમલીકરણ કોણ કરવાનું? સરકાર પોતે જ વહીવટી રીતે નિષ્ફળ રહે તો આ રાજ્યના લોકો તમારી પાસે શું અપેક્ષા રાખે. તેઓએ તમને ખોબે ખોબે મત આપ્યા છે. તમારી પાસે શું અપેક્ષા રાખે. આ સ્થિતિની અંદર ઉચ્ચ સ્તરીય સમિતિએ જે ભલામણો કરી છે, પાણીની જરૂરિયાતને મદદ કરવી હોય તો જે કામોની ભલામણ કરી છે તેના માટે બજેટમાં વધુ જોગવાઇ કરીને વહેલામાં વહેલી તકે આ કામો પૂર્ણ કરે. ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજના બનાવી. રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિ અલગ અલગ છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર આ બધાની ભૌગોલિક સ્થિતિ અલગ અલગ છે. અમારે દક્ષિણ ગુજરાતની અંદર પાણીનો નિકાલ કઇ રીતે કરવો અને કયાં વહાવવું તેના માટે ખર્ચ કરવો પડે છે. તે જ સ્થિતિ મધ્ય ગુજરાતમાં પણ કયાંક છે. સૌરાષ્ટ્રની અંદર પાણી કયાંથી મેળવવું, અમે કૂવા આધારિત સિંચાઇનું પાણી મેળવતા હતા અને કોંગ્રેસની સરકારમાં જે ડેમો મળ્યા હતા તેમાંથી અમારા ખેડૂતો પિયત કરતા હતા. હવે ત્યાં ભૂગર્ભ જળ ઉંડા ગયા છે. ઉત્તર ગુજરાતની અંદર આજે એક હજાર, બે હજાર અને અઢી હજાર ફૂટ પાણી ઉંડા ગયા છે અને તેટલા ઉંડાણથી બોરવેલ દ્વારા પાણી મેળવવામાં આવે છે. આમાં ઉત્તર ગુજરાત અને અમરેલી જિલ્લાના અમૂક ગામોમાં ફલોરાઇડયુકત પાણી મળે છે. આવી સ્થિતિ છે ત્યારે સમતોલ વિકાસ અને સમતોલ જરૂરિયાત હોવી જોઇએ. તમે ઉત્તર ગુજરાતની અંદર સુજલામ્ સુફલામ્ યોજના કરી, નાના ખેડૂતોને મદદરૂપ થવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. અમારે દરિયાઇ કિનારા ઉપર ખારા પાણીને આગળ વધતા અટકાવવા માટે પ્લાનિંગ કરીને જે જરૂરી હોય તે કરવામાં આવે. તે કરવામાં આવશે તો ખેડૂતો સદ્ધર બનશે. આવું પ્લાનિંગ કરવામાં આવશે તો ખેડૂતોના કૂવામાં ચોમાસાનું મીઠું પાણી ભરાશે. ઉનાથી ઘેડ માધુપુર સુધી અને ઉનાથી ભાવનગર સુધી જે તે વખતે સરકારના રેકર્ડમાં છે, આ બજેટની અંદર જે જોગવાઇ કરવામાં આવી છે તે પણ અપૂરતી જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા કહેવા માંગું છું કે આવનારા દિવસોમાં પીવાના પાણી માટે અને રાજ્યના ખેડૂતોને પૂરતું પાણી મળી રહે એના માટે કોઇ નક્કર આયોજન કરવામાં આવે. માત્રને માત્ર જાહેરાતો, માત્રને માત્ર પાઇપો નાંખી દીધી છે અને એની વહવાહી માટેની વાતો કરીએ છીએ એ પૂરતું નથી ત્યારે આ બિલ જે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એ બિલ ખેડૂતો વિરોધી છે અને આવનારા દિવસોમાં આ સરકાર નહીં જાગે, સરખી રીતે અને સારી રીતે પ્લાનિંગ નહીં કરે, આયોજન નહીં કરવામાં આવે તો ભૂતકાળમાં ઘણાં બધા યુદ્ધો થયા છે અલગ અલગ પ્રકારના યુદ્ધો થયા છે પણ આ સરકાર યોગ્ય આયોજન નહીં કરે તો આવનારા દિવસોમાં પાણી યુદ્ધ થશે અને એ પાણી યુદ્ધ થતા આપણે રોકી શકીશું નહીં અને એટલા માટે આવનારા દિવસોમાં પાણી યુદ્ધ ન થાય એના માટે રાજ્ય સરકાર જાગે અને જે ખેડૂત વિરોધી આ કાયદો તમે આજે લઇ આવ્યા છો એ કાયદો આજે પસાર ન કરો અને પ્રવર સમિતિને મોકલો અથવા વિધાનસભાની સમિતિને તમે મોકલી આપો અને એમાં ચર્ચા થાય અને આવનારા દિવસોમાં એમાં સુધારા વધારા કરાવડાવીને નાના માણસોને ન દંડો, ગરીબોને ન દંડો, નાના સીમાંત ખેડૂતોને ભાગે સહન કરવાનું ન આવે, હેરાન કરવાનું ન આવે અને જે લોકો શોષણ કરે છે, જે લોકો આર્થિક રીતે સુખી સંપન્ન લોકો છે એની સામે પગલાં લઇ અને એવા લોકોને રોકીને એની પાસે આપણું લેણું નીકળે છે એ આવક મેળવી અને નાના માણસોને અને ખેડૂતોને મદદરૂપ થાય એ પ્રકારનું આવનારા દિવસોમાં બિલ લઇ આવો તો અમે એને આવકારીશું ત્યારે આ ખેડૂત વિરોધી જે બિલ છે તેનો હું સંપૂર્ણપણે વિરોધ કરું છું અને આ બિલ પસાર કરવામાં ન આવે એવી હું સરકારને વિનંતી કરું છું.

શ્રી સુખરામભાઇ  હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ વિધેયક આ સરકાર લઇને આવી છે લાંબી ટીપ્પણી કરવી નથી. જાહેર પાણી વિતરણ વ્યવસ્થાના સંરક્ષણને લગતા કાર્યો એ સંદર્ભ તરફ સરકારશ્રીના મંત્રીશ્રીનું અને વિભાગનું ધ્યાન દોરું છું.

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, મારા નસવાડી–બોડેલી–સંખેડા તરફથી જે મુખ્ય કેનાલ પાસ થાય છે એ મુખ્ય કેનાલ ડીપમાં છે અને ડીપને કારણે જેની જમીન કેનાલોમાં ગઇ છે એવા ખેડૂતો પાણી એન્જિન મૂકીને લે છે અને એવા એન્જિન મૂકીને પાણી લેતા ખેડૂતોને ચોર ગણીને દંડ કરવામાં આવે છે એની વ્યથા મારે સરકારના ધ્યાન પર લાવવી છે. આવા જે ખેડૂતોએ મંજૂરી માગી હોય તો મંજૂરી આપવી જોઇએ એવી મારી માગણી છે. ખાસ કરીને નર્મદાનું પાણી હાફેશ્વરથી દાહોદ સુધી જવાનું છે એ દાહોદ સુધી પાણી જઇ શક્યું નથી. અમારા સુખી કમાન્ડના આદિવાસીઓ એમ કહે છે કે, શ્રી સુખરામભાઇ તમે ત્યાં બેઠાં છો અને આજે ચર્ચા થઇ રહી છે ત્યારે સુખી કમાન્ડની જે અમારી કેનાલો છે એ કેનાલો રીપેરીંગ થઇ નથી અને કેટલીક જગ્યાએ તૂટી ગયેલી છે હવે સરકાર એમ કહે છે કે, કેનાલો કોઇ તોડી નાંખશે અને ખેડૂતની સામે દંડ કરવામાં આવશે. કુદરતી રીતે તૂટી ગયેલી કેનાલો હશે અને કોઇ ખેડૂતને માથે પાડવામાં આવશે તો એનો ભોગ કોઇ આદિવાસી નહીં બને એની કાળજી સરકાર રાખે એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું પાણી સૌરાષ્ટ્રમાં જાય એમાં કોઇ વિરોધ ન હોઇ શકે. અમારો ઉપરવાસનો જે ભાગ છે હાફેશ્વર અને હાફેશ્વરમાંથી ટનલ બનાવી અથવા તો પાઇપ લાઇન થકી અમારી જે નદીઓ છે કરા, હેરણ, દૂધવાલ, કોતર એમાં પાણી છોડવામાં આવે એવા અમારા ખેડૂતોની વર્ષોથી માગણી છે આ માગણીઓને સંતોષવા માટે સરકાર એનો સરવે તો કરાવે, તમે સૌરાષ્ટ્રને પાણી આપો છો, આપો કાંઇ વાંધો નથી પણ આ નર્મદાના પાણી પર અમારો પણ હક છે. આ નર્મદા યોજનામાં અમારા આદિવાસીઓ ડૂબમાં ગયા છે અને ડૂબમાં જઇને પોતાની મહામૂલી જમીન આપી છે ત્યારે અમારો હક બને છે. આ યોજનાના ડૂબમાં ગયેલા ગામો પૈકી તુરખેડા, તુરખેડા ગામનું એક હાંડલાબારી ફળિયું અને એક બુડની ફળિયું એ જ્યારે ડેમ ભારાય ત્યારે ટાપુ વિસ્તાર બની જાય છે અને ટાપુ વિસ્તાર બની જવાના કારણે ત્યાંના લોકો પાંચ–પાંચ દિવસ કે અઠવાડિયા સુધી કે મહિના સુધી બહાર નીકળી શકતા નથી. આ ટાપુ લેન્ડ જે બની જાય છે એવા આદિવાસીઓને ન્યાય મેળવવા માટે વખતો વખત સરકારમાં રજૂઆત કરી છે ત્યારે આ કુટુંબો જેની જમીન ટાપુ લેન્ડ થઇ જાય છે ત્યારે સરકાર એની સમસ્યાનો નિકાલ લાવવા માટે કાંઇક પ્રયત્ન કરે અને અમારા સુખી કમાન્ડ અને ખાસ કરીને રામી સિંચાઇ યોજના, રામી સિંચાઇ યોજનાની કેનાલો હજુ પૂરી થઇ નથી. આ વિભાગમાં આવતું નથી તો પણ મારે સરકારને યાદ કરાવવું છે કે રામી સિંચાઇ યોજનાની કેનાલો એના કમાન્ડ વિસ્તારમાં હજી સુધી પહોંચી નથી, આ બાબતનો પણ સરવે કરાવીને અમારે ત્યાં સિંચાઇની વ્યવસ્થામાં થોડોક વધારો થાય એવી અપેક્ષા રાખું છું. આ બિલમાં જે દંડ કરવાની વાત આવી છે, ઉપરવાસમાં જે કેનાલોમાં ખેડૂતો પાણી લે છે અને એમને દંડ કરવાની જ્યારે વાત આવી છે ત્યારે હું આ બિલનો વિરોધ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સુખરામભાઇનું નામ નહોતું તો પણ બોલવા દીધા, શ્રી પ્રવિણભાઇ મારૂ, ધીરજ રાખવાની હોય, આ શીખો, માનનીય પ્રવિણભાઇ બોલો,

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : સાહેબ, તમે શ્રી સુખરામભાઇને ...

અધ્યક્ષશ્રી : બધા ભેગા થઇને આ ધીરજનો ગુણ શીખો.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ધીરજ એટલા માટે નથી રહેતી, મને એમ લાગ્યું કે તમે મને તક નહિ આપો. માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૩, ૨૦૧૯નું સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થાનું જે વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં મારો હું વિરોધ નોંધાવું છું અને બિલની અંદર જે શબ્દપ્રયોગો કરવામાં આવ્યા છે એ શબ્દપ્રયોગ કદાચ ખેડૂતો માટે માનનીય મંત્રીશ્રીએ માફી પણ માગવી પડે એવા શબ્દોનો અંદર પ્રયોગ કરવામાં આવ્યો છે. આ જે બિલ છે એની અંદર જે ઉદ્દેશો અને કારણો દર્શાવવામાં આવ્યા છે એમાં છેલ્લેથી ત્રીજી ચોથી લાઇનમાં એમ જણાવેલ છે કે, અનૈતિક વ્યક્તિઓ પાણીની ચોરી કરે, હવે ખેડૂતને જો અનૈતિક જાહેર કરતા હોય તો આ યોગ્ય નથી. એમાં એની અંદર આગળ પણ એમ લખ્યું છે કે, દુષ્કૃત્યો, ખરાબ કૃત્ય જેને ગણવામાં આવે છે, પાણીની જરૂરિયાતવાળા ખેડૂતો કદાચ પાણી ચોરી કરે અથવા લે તો એને માટે આવા શબ્દપ્રયોગ બિલમાં કરવામાં આવ્યા છે એના માટે મંત્રીશ્રી માફી માગે એવી આપના માધ્યમથી હું વિનંતી કરું છું. આ જે પાણીની નર્મદાની યોજના છે, અમારા શ્રી ચીમનભાઇ પટેલ જ્યારે મુખ્યમંત્રી હતા અને જ્યારે આ નર્મદા ડેમની શરૂઆત કરવાની હતી અને એમણે જ્યારે વર્લ્ડ બેન્કની આગળ જ્યારે પૈસા માગ્યા ત્યારે વર્લ્ડ બેન્કે આ યોજના માટે પૈસા આપવાની ના પાડી હતી. નર્મદા બોન્ડ નામના બોન્ડ બહાર પાડીને આ નર્મદા યોજનાની શરૂઆત કરી હતી. ૧૯૩ મીટરની ઉંચાઇ સુધી આ ડેમ કોંગ્રેસે બાંધ્યો છે ત્યારે ભા.જ.પ.ના મિત્રો જે આ જશ લેવા માગે છે તો આપના માધ્યમથી મારે કહેવું છે કે, માનનીય આપણા નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૦૬–૦૭થી લઇને અનેકવાર ઉલ્લેખ કર્યો કે આ યોજના વહેલામાં વહેલી તકે વર્ષ ૨૦૧૦માં પૂર્ણ થશે, વર્ષ ૨૦૧૩માં, વર્ષ ૨૦૧૪માં પૂરી થશે. અનેક વખત આ કેનાલના કામો પૂર્ણ થશે તેવી જાહેરાત કરી હતી. પણ એ કેનાલના કામ આજ સુધી એ પૂરા થયા નથી. ૧૮ લાખ હેકટર જમીનને નર્મદાના જળથી સિંચિત કરી શકાશે એવી વાત કરી પણ આજે પણ ૧૧૦૦૦ કિલોમીટર કરતા વધુ કેનાલનું નેટવર્ક બાકી છે. મારા મત વિસ્તારની અંદર લીંબાળી, માલપરા, ઘેલો, રંઘોળા ડેમ આવેલા છે એમાં કાળુભાર ડેમ પણ ત્યાં આવેલો છે. એ કાળુભાર ડેમના દસ વરસથી કેનાલનું કામ રિપેરીંગના વાંકે પડી રહ્યું છે એના હિસાબે ત્યાંના જે ખેડૂતો છે એને પાણી મળતું નથી. આજે ખેડૂતોના વિરોધનું આ બિલ લાવ્યા છે માનનીય મંત્રીશ્રી, તો આ જે કેનાલો છે એને રક્ષિત કરવા માટે સાઇડમાં તાર ફેન્સિંગ છે એ કરીને પણ એને રક્ષિત કરી શકાય તેમ છે. આપણા જે મંત્રીશ્રી છે શ્રી સૌરભભાઇ એ મારા પાડોશી છે, મારા મત વિસ્તારને

અડીને જ એમનો મત વિસ્તાર આવેલો છે. માનનીય કુંવરજીભાઇ બાવળિયા પણ મારા મત વિસ્તારને અડીને આવેલા વિસ્તારના છે. પહેલાં આવા આંદોલન કરવા માટે શ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબનો ખૂબ સહકાર મળતો હતો. જ્યારે ગયા વખતે પાણી ન આપ્યું ત્યારે એમનો ખૂબ સાથ સહકાર મળતો હતો પણ અત્યારે એ પોતે *(xxx) છે, આ મંત્રીમંડળથી, આ સરકારથી એ પોતે * (xxx) છે.

અધ્યક્ષશ્રી : આ * (xxx) છે એ શબ્દપ્રયોગ કરેલ છે એ કાઢી નાંખીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ: સાહેબ, એ પોતાનો અવાજ રજૂ કરી શકતા નથી. તો સર, એના માટે શું શબ્દ પ્રયોગ કરવો**?**

અધ્યક્ષશ્રી : * (xxx), આ જમાનામાં.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ: સાહેબ, એ બોલી શકતા નથી. મારા મત વિસ્તારના જે ડેમો છે એમાં લીંબાળી ડેમનું કામ ઘણા સમયથી પડતર છે, લીંબાળી ડેમનું કામ આગળ ધપતું નથી. એના ટેન્ડર બે થી ત્રણ વાર રી–ટેન્ડરીંગ થયા છે. તેમ છતાંય એ ડેમ આજે પૂરો થતો નથી. માનનીય સૌરભભાઇ આ બિલ લાવ્યા પહેલાં એમણે વિચાર કરવો જોઇતો હતો, કેમકે જ્યારે ચુંટણી લડતા હોય અને પી.જી.વી.સી.એલ.માં જેમણે પાવર ચોરી કરી હતી એ ચુંટણી સમયે બધાયને માફ કરી દેવાની ફરજ પડી હતી. જેટલા લોકોએ ચોરી કરી હતી એમાં એમણે કહેલું કે તમે મને મત આપજો આ બિલ તમારા બધાના માફ કરી દઉં છું અને ઘણા બધાને રોકડા પણ ચૂકવ્યા હતા જે બિલ હતા એને. તો પછી આવું બિલ લાવીને ફરી ખેડૂતના રોષનો ભોગ બનવું પડે એવી પરિસ્થિતિનું જે નિર્માણ થાય તે બરાબર નથી.

અધ્યક્ષશ્રી : પાડોશી છે, પાડોશી છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ: મારા પાડોશી છે.

અધ્યક્ષશ્રી : કામ લાગે ત્યારે પહેલો પાડોશી જ કામ લાગતો હોય છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, તે મારા પડોશી પણ તેનો લાભ મને નહોતો મળ્યો. તેમણે જે પાવર ચોરીના બિલમાં જે માફી કરી હતી તેનો લાભ કોઇ ખેડૂતોને પાછળથી આપવામાં આવ્યો નથી પણ એ મારા પાડોશી છે અને મને તેની ચિંતા કાયમ હોય છે એટલે તેણે આ બિલ લાવીને ખૂબ મોટી ભૂલ કરી હોય તેવું મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકારે જે પાણી માટેની નાવડાની બ્રાન્ચ કેનાલ છે તે તૂટી ગઇ છે. તે બ્રાન્ચ કેનાલને રીપેરીંગ કરવાનું પણ આજે કામ કર્યુ. આજે જે આ યોજના છે, કેનાલ જે બની રહી છે તેની અંદર અધિકારી દ્વારા જે કૌભાંડ થયુ છે તે ખૂબ મોટું પાઇપ લાઇનનું રૂપિયા ૮૩.૬૩ કરોડની ગેરરીતિ સરકારના ધ્યાને આવી છે. તો આ કેનાલો તૂટી જાય અથવા તો નબળું કામ કરનાર હોય તો તેના ૧૯ જેટલા અધિકારીઓને સસ્પેન્ડ કર્યા અને તેને જેલની સજા કરવામાં આવી છે તો આ જે પૈસા ખવાય જાય છે તે ખાલી અધિકારીઓ પૂરતાં સીમિત નથી તે ઉપર સુધી આ ભ્રષ્ટાચારના પૈસા પહોંચતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, જે કંપનીઓને બ્લેક લીસ્ટ કરવામાં આવી છે તો આ કંપનીએ નબળું કામ કર્યું હતું તેની કોઇ સજાની જોગવાઇ આમાં કરવામાં આવી નથી. એટલે દસ એજન્સીને જે ડીબાર્ડ કરી દીધી છે આ બધા જે ભાજપના કાર્યકરો છે, કોન્ટ્રાકટરો છે તેને કોઇ સજાની જોગવાઇ કરવામાં આવી નથી. ત્રણ જે સપ્લાયરો હતા તેની માન્યતા રદ કરી પણ તેણે નબળી પાઇપો આપી તેની સામે કોઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે કરોડોનું કૌભાંડ થયું છે તો તેની સામે પગલાં લેવાના બદલે આ ખેડૂતો માટે એમ કહેવામાં આવે છે કે કેનાલની અંદર કોઇ ઢોર ચરી જાય અથવા તો ઢોર ચરાવે તો આ કેનાલની અંદર ઘાસ ઉગી જાય છે.

અધ્યક્ષશ્રી : અમિતાભ બચ્ચનવાળું એક જય– વીરૂવાળું પીકચર હતું તેમાં અમિતાભ બચ્ચન એમ કહે છે કે, **माजी वो कभी कभी सिगरेट पीता है, ऐसा ? हाँ जब वो जुंए में खेलने बैठता हैं तो सिगरेट पी लेता हैं ।** એટલે આ બધું લાગું પડે. પાણી બોલ્યાં તમે એટલે નહેરૂજીથી માંડી અને હાલ પાણી સુધી બધું આવશે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આ કેનાલની અંદર જે હમણાં મારા સાથી ધારાસભ્ય શ્રી બળદેવજીએ જે વાત કરી કે, જે ઢોર છે, પશુ છે તે પોતે કેનાલની અંદરથી ચારો ચરી જાય. તો એ કેનાલનુ એટલુ બધુ નબળું કામ છે કે તેની અંદર ઘાસ ઉગી ગયુ છે. આ ઘાસ ઉગી જવાના કારણે અને પશુઓને એવુ જ્ઞાન નથી હોતુ કે અંદર જવાય કે ના જવાય તો આ કેનાલોનું અર્થકવેક પ્રૂફ કામ થવું જોઇએ તેના બદલે જે ગાબડાં પડેલા છે તે નબળી કામગીરીના હિસાબે પણ પાણી સમયસર ખેડૂતોને મળતું નથી. મારા વિસ્તારના વલ્લભીપુર અને ઉમરાળાનું ટેઇલ એટલે કે છેવાડાના ગામડાં હોવાથી આજે પણ પાણી નથી મળ્યું. ત્યાંના ખેડૂતો જયારે મારી આગળ ફરિયાદ કરે છે, અમે જયારે આંદોલન કરીએ ત્યારે અમને રોકવામાં આવે છે. અમે આંદોલન કર્યુ અને પાણી પૂરું પાડવામાં આવ્યુ ત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ એવુ કહ્યું કે તમે માત્ર જશ લેવા માટે થઇને આ કરો છો. આ એવી વાત નથી પણ ખેડૂતોના માટે કદાચ આ કાયદો હજુ પણ કડક હોત અને ફાંસીની સજા હોત તો પણ ખેડૂતો માટે અમે વાલ હાથે ખોલવા માટેની પણ તૈયારી રાખીએ છીએ. એટલા માટે કે ખેડૂત આ જગતનો તાત છે અને તેના માટે જે કંઇ કરવું પડે તે અમે કરવા માટે બંધાયેલા છીએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, આ ચાણકયએ પોતાની અર્થ નીતિમાં એવુ કહ્યું છે કે, આજે જે કંઇ નાણાં છે, નાણાં માટે આજે અહીંયા ટેક્સ વધારવામાં આવે છે તો એ નાણાંનો જે બગાડ થાય છે અને જે ઉત્સવો પાછળ નાણાં ખર્ચવામાં આવે છે તેના માટે ચાણકયએ એક વાત સરસ કરી છે કે જે રાજા પોતાનું ધન વૈભવ પાછળ ખર્ચે એ રાજાના રાજયનો હંમેશા નાશ થતો હોય છે. આ સરકાર એ દિશા ઉપર છેલ્લાં ૨૨ વર્ષથી આગળ વધી રહી છે. (અંતરાય) આપણાં નાણામંત્રી અને ડેપ્યુટી ચીફ મિનિસ્ટર ખરેખર ખૂબ હોંશિયાર છે પણ એ હંમેશા અમને ડાયરેકટ તતડાવે છે, ડાયરેકટ ખખડાવે છે. ખરેખર એમણે તમને ફરિયાદ કરવી જોઇએ અને અમારે શું બોલાય, શું ના બોલાય?

અધ્યક્ષશ્રી : મારા થ્રુ ખખડાવો એમ.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, એ તમને ફરિયાદ કરવી જોઇએ તેના બદલે ડાયરેકટ કહે છે એટલે મને એવું લાગે છે કદાચ તમે એની જગ્યાએ અને સાહેબ અધ્યક્ષ બની ગયા હોત તો આ જે અત્યારે અમને રોકવામાં આવે છે તે વાત વાજબી હોત. આજે મારી એક વાત હું કહીશ કે આજે જે કવિતાઓ સ્કૂલોમાં ભણાવવામાં આવે છે. તો હવે પછી પ્રાથમિક શાળામાં ભણતા હોઇએ તો આવી કવિતા આપણને વાંચવા મળશે કે,

"Modi Modi, yes papa,
Any development, No papa,
Farmer happy, No papa,
Narmada water, No papa,
Women safe, No papa,
15 lakh cash, No papa,
Only Jumla, hahaha..."

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સૌરભભાઇ પટેલ જે પાણી ચોરી અંગેનું બિલ લઇને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. અહીં સામેના મિત્રો ક્યારના કહે છે કે નર્મદાનો જશ તમે લો છો, નર્મદાનો જશ તમે લો છો. હું માત્ર ઇતિહાસના દિવસો જ યાદ કરાવું છું. વર્ષ ૧૯૬૦માં પંડિત નહેરુએ સ્ટોન મૂક્યો. વર્ષ ૧૯૭૬માં જનતા મોરચાના શ્રી કેશુભાઇ પટેલ સિંચાઇ મંત્રી હતા અને શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ એ વખતે મુખ્યમંત્રી હતા. એ વખતે વર્ષ ૧૯૭૬માં શ્રી કેશુભાઇએ એમ કહ્યું કે, નર્મદાનો સ્ટોન પંડિત નહેરુએ ક્યાં મૂક્યો છે? મને જગ્યા તો બતાવો. એનો અર્થ એ થાય કે ૧૬ વર્ષ સુધી આ યોજનામાં એક ઇંચનું પણ કામ આગળ વધ્યું નહોતું. હમણાં જ માનનીય પ્રવિણભાઇએ પણ કબૂલ કર્યું કે વર્ષ ૧૯૯૦થી ૧૯૯૫માં શ્રી ચીમનભાઇની સરકાર હતી પણ શ્રી ચીમનભાઇ કૉંગ્રેસના ન હતા. એ તો જનતાદળના હતા અને વર્ષ ૧૯૯૦થી નર્મદાનું કામ શરૂ થયું. વર્લ્ડ બેંકે પૈસા આપવાની ના પાડી તો ગુજરાતમાં નર્મદા બોન્ડ કરીને પણ આ યોજના આગળ ચલાવવાનું કામ હિંમતભેર શ્રી ચીમનભાઇ પટેલે શરૂ કર્યું. વર્ષ ૧૯૯૫માં કેશુભાઇએ આગળ ચલાવ્યું અને આખું કામ શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં પૂરું થયું. આ ઇતિહાસના દિવસો છે. ઇતિહાસ ભૂંસાવાનો નથી. આ નર્મદા યોજનાનું વર્ષ ૧૯૪૮માં ભાઇકાકા અને સરદાર પટેલનું એક સ્વપ્ન હતું અને આ સ્વપ્ન આજે સાકાર થયું છે. આ નર્મદાની પાઇપ લાઇન અને સૌની યોજના જો ન થઇ હોત તો હું સૌરાષ્ટ્ર અને કચ્છને પૂછવા માગું છું કે આપણી હાલત શું હોત? જ્યારે આ સૌની યોજનાની જાહેરાત શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજકોટમાં કરી એ વખતે પણ આ મિત્રોએ કહ્યું હતું કે ચૂંટણી આવે છે એટલે *(xxx) આપે છે અને આજે એમ કહે છે કે અમને અહીંયા પાણી આપો. શ્રી બ્રિજેશભાઇ મેરજા એમ બોલ્યા કે સૌરાષ્ટ્રનો ઉંચામાં ઉંચો વિસ્તાર ચોટીલા છે. એમને ખ્યાલ નહિ હોય કે સૌરાષ્ટ્રનો ઉંચામાં ઉંચો વિસ્તાર મદાવાનો ડુંગર છે એ જસદણ પાસે છે. જ્યાંથી આજુ-બાજુ સૌરાષ્ટ્રમાં પાણી જાય છે અને મને કહેતાં આનંદ થાય છે કે આજે સૌરાષ્ટ્રના ભાદર ડેમની અંદર નર્મદાનું પાણી પહોંચ્યું છે એટલે ભાદર ડેમથી શરૂ કરીને સૌરાષ્ટ્રના છેવાડાના પોરબંદર સુધી પાણી જવાનું છે. આ યોજના ખેડૂતો માટેની છે અને ખેડૂત ક્યારેય ચોર હોતો નથી. ખેડૂત કાયમ આપે છે. ખમીર અને ખુમારીવાળો છે. સૌરાષ્ટ્રનો ખેડૂત ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિ સામે પણ લડનારો છે. એને પાણી જોઇએ છે અને આ ખુમારીને ધ્યાનમાં રાખીને શ્રી નરેન્દ્રભાઇ મોદી આ યોજના લાવ્યા હતા અને આજે સૌરાષ્ટ્ર માટે આ યોજના આશીર્વાદરૂપ બની છે. એના કારણે સૌરાષ્ટ્રના માલ, ઢોર, માનવી અને પશુ આ યોજનાના કારણે બચ્યા છે. કચ્છના ટપર ડેમ સુધી પાણી પહોંચ્યું છે. આ નર્મદા ન હોત તો શું હાલત હોત? એના આર્ષદ્રષ્ટા સરદાર પટેલને ૧૦૦-૧૦૦ સલામ કરું છું. શ્રી કેશુભાઇ પટેલ વખતે એક સેમ્પલ તરીકે બસ ચાલુ કરવામાં આવી હતી. કન્ડકટર વિહોણી બસથી માણસની પરાશીશી મપાય, એક મહિના સુધી અખતરો કર્યો તો ૯૩ ટકા લોકોએ કાયદેસરની ટિકિટ લઇને પ્રવાસ કર્યો હતો. જયારે સાત ટકા લોકોએ કયારેય ટિકિટ લીધી નહિ. એનો અર્થ એવો થાય કે સમાજમાં સાત ટકા લોકો એવા છે જેની કાયમી માનસિકતા એવી છે કે મફતમાં મળે એ લઇ લેવું. જેનો અધિકાર છે આજ મિત્રો બજેટ સત્રમાં ભાષણ કરતા હતા કે અમારો આટલો કમાન્ડ વિસ્તાર છે એમાંથી આટલા વિસ્તારને જ પાણી મળે છે અને આટલા વિસ્તારમાં પાણી મળતું નથી. કેમ નથી મળતું તો કાં ડેમમાં પાણી ન હોય તો ન મળે કાં તો બિન અધિકૃત રીતે રસ્તામાંથી પણી ચોરાય જતું હોય તો ન મળે. આપણે કોને રક્ષણ આપવું છે. જેનો

* આ શબ્દ અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

કાયદેસર કમાન્ડ વિસ્તારમાં આવે છે એને પાણી મેળવવાનો અધિકાર છે એના ખેતર સુધી પાણી પહોંચે એની જવાબદારી આ સરકાર લઇને બેઠી છે એટલા માટે આ બિલ લઇને આવી છે. એ રસ્તામાં પાઇપ તોડે નહિ, વાલ તોડે નહિ, કેનાલ તોડે નહિ. આપણે આજે બનાવ જોઇએ છે કે સૌની યોજનામાં નાખેલા વાલ ઘણી જગ્યાએ તોડીને પોતાના ગામ સુધી નદીમાં પાણી લઇ જાય છે. હમણાં માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ બોલ્યા કે અમે વાલ તોડતા પણ અચકાશું નહિ. સાહેબ, આ માનસિકતા બતાવે છે. કઇ દિશામાં જવાનું છે. જે ચીજને સરકાર આપવા માટેની વ્યવસ્થા કરે છે એ વ્યવસ્થા તોડવા માટેની વાત કરતા હોય ત્યારે એને કયારેય સમર્થન આપી શકાય નહિ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો ઘડવાવાળા કાયદો તોડવાની વાત કરે, આ તે કેવી લોકશાહી આ તમે કેવા લોક પ્રતિનિધિ. તમારે સૂચનો કરવા જોઇએ, રજૂઆત કરવી જોઇએ. કાયદો તોડવાની વાત ગૃહમાં જ કરે ગેરકાયદેસર પ્રવૃતિને ઉત્તેજન આપવાની વાત કરે, આ કોંગ્રેસની વિચારસરણી છે, આ કેવા લોકો છે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવિનય કાનુન ભંગથી જ આ દેશમાં પહેલી આઝાદી આવી હતી. હવે એવી સ્થિતિ ઉભી ન કરો કે બીજા સવિનય કાનૂન ભંગથી બીજી આઝાદીની લડત લોકો લડવાની ચાલુ કરે. અંગ્રેજોને શરમાવે એવા કાયદા આઝાદીના કાળમાં લાવો છો અને વળી પાછા બીજાને ધમકાવો છો? આ રાજયના બે પનોતા પુત્ર ગાંધી અને સરદારે સવિનય કાનૂન ભંગથી અંગ્રેજોની ચૂંગાલમાંથી આ દેશને આઝાદ કરાવ્યો હતો. તમારી ઉપર લોકોએ વિશ્વાસ મૂકયો છે ત્યારે તમે એ લોકોની વિરુદ્ધ કાયદા લઇને આવો અને અમે ટેકો આપીએ?

શ્રી ગોવિંદભાઇ પટેલ : ભૂતકાળમાં મેં અનેક વખત સાંભળ્યું છે કે પડીકે પાણી વેચાશે. હવે પછીનું જે યુદ્ધ થશે એ સંપતિ કે જમીન માટે નહિ થાય પાણી માટે થશે. આ ચિંતા આપણા સૌને માટે છે. એ ચિંતા કરીને ૧ લાખ ૪૦ હજાર ચેકડેમો, નાના તળાવો, ખેત તલાવડા કરીને કુદરતી વરસાદ આવે છે એને રોકવાનો પ્રયાસ કર્યો છે. એના કારણે આપણે જોઇએ છીએ કે જમીનના તળ ઉંચા આવ્યા છે પરંતુ વરસાદ જ ન હોય તો ગમે તેવા મોટા ચેકડેમ કે તળાવો કર્યા હોય તો એનો અર્થ રહેતો નથી. જયારે વરસાદ આવે એ રૂઠે કુદરત રૂઠે તો ગમે તેવા વાસણ નર્મદા જેવા હોય તો પણ એનો કોઇ અર્થ રહેતો નથી. એટલા માટે જ એમ કહેવાય છે કે સરોવર, તરુવર, સંત અને ચોથો મેઘ આ ચારે ચાર પરોપકાર માટે છે. જો મેઘ ન હોય તો ગમે એવડા તળાવો કે ડેમો બાંધીએ તો તેનો અર્થ રહેવાનો નથી. આ મેઘના કારણે પાણી મળે છે. આપણને એ મફત મળે છે, એને વેડફવાનો આપણને કોઇ અધિકાર નથી. આજે હવા પણ આપણને શુદ્ધ મળે છે કુદરત આપે છે. એ હવાને દુષિત કરવાનો પણ આપણને કોઇ અધિકાર નથી. પાણી આપણને મળે છે મેઘરાજા મારફતે એ પાણીને બગાડવાનો આપણને કોઇ અધિકાર નથી. ચંદ્રયાન સુધી પહોંચ્યા, આપણે એટમબોમ્બ બનાવી શકયા છીએ, પણ આ પાણી અને હવા આ બે કુદરતની દેન છે અને એ આપણે બનાવી શકયા નથી. એને બગાડવાનો પણ આપણને કોઇ અધિકાર નથી.

અધ્યક્ષશ્રીઃ માનનીય ગોવિંદભાઇ આપ એવું કહેવા માગો છો કે પાણી એ શ્રી શ્રી રવિશંકરજીએ કહ્યું છે વરસાદ–પાણી એ ઇશ્વરનો પ્રસાદ છે. એ પ્રસાદની ચોરી થાય**?** એ બોલો ને.

શ્રી ગોવિંદભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રીએ ખૂબ સારી વાત કરી. (અંતરાય) વરસાદ એ કુદરતી પ્રસાદ છે. વૃક્ષ એ કાયમી આપણા માટે વરસાદ લાવવાનું સાધન વૃક્ષ છે. આ પ્રસાદની કયારેય ચોરી થઇ શકે નહીં અને ચોરી કરાવાય પણ નહીં અને ચોરી કરતો હોય તો સજા પણ કરતાં અચકાવવું જોઇએ નહીં. જેનો અધિકાર છે એના અધિકાર માટે આપણે વાત કરીએ છીએ. છેલ્લા ખેતર સુધી પાણી પહોંચવું જોઇએ છેલ્લા ખેતર સુધી પાણી પહોંચાડવું હોય તો રસ્તામાં જે કોઇ ખેતરોમાં અનઅધિકૃત રીતે, ગેરકાયદેસર રીતે પાણી ખેંચતા હોય, મંજૂરી લઇને ખેંચે તેને માટે કોઇ સવાલ નથી, એ મંજૂરી સરકાર આપે જ છે, એ એનો અધિકાર છે, જેને લાગુ પડે છે એને મંજૂરી આપે જ છે. પરંતુ ગેરકાયદેસર રીતે પાણી ખેંચી અને તેનો વેપાર કરનારા લોકોને કયારેય માફ કરી શકાય નહીં, તેના માટે આ બિલ લાવ્યા છે. છેવાડાનો ખેડૂત છે એ તેનો અધિકાર છે. છેલ્લા ખેતર સુધી પાણી પહોંચે જેનો અધિકાર છે એને પાણી પહોંચાડવાના ધ્યેય સાથે સરકાર જયારે આ બિલ લઇને આવી હોય ત્યારે માનનીય સૌરભભાઇના આ બિલને સમર્થન કરી મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રીઃ માનનીય મંત્રીશ્રી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઇને જે આવ્યો છું.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, બોલાવા દોને.

અધ્યક્ષશ્રીઃ અગાઉ નામ હતાં તેમાં બીજા નામ ઉમેરીને બોલ્યા છે. (અંતરાય) ઘણું બોલાઇ ગયું. છેલ્લે છેલ્લે આપણે કંઇ... (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : આપોને સાહેબ, આપને એમ લાગે છે.

અધ્યક્ષશ્રીઃ માનનીય ગેનીબેન.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા, એમાં સૌથી મોટી તકલીફ સાહેબ મારે થવાની છે. એનું કારણ કે નર્મદાના કમાન્ડ એરિયામાં મારા ત્રણ તાલુકાઓ છે. સાથે સાથે તમે આને કાયદાનું રૂપ આપો એટલે એનો દૂરુપયોગ પણ વધી જવાનો છે. કોઇ નાની–મોટી બબાલ હોય તો પણ એ નર્મદાની કેનાલની આજુબાજુના વસતા માણસો હોય ત્યારે બીજી બાબતનો ઝઘડો હશે તો પણ આ બાબત લાવી એના પર ખોટા કેસ કરવામાં

આવે તેવી સંભાવના આ વિધેયકના કારણે સાહેબ પૂરેપૂરી છે. ત્યારે આપે ખૂબ સારી વાત કરી, પાણી અને વરસાદ એ ભગવાનો પ્રસાદ છે, આપણે જયારે મંદિરમાં જઇએ ત્યારે ના ઓળખતા હોઇએ તેને પણ પ્રસાદી આપતા હોઇએ છીએ. એટલે આ પાણી એ રીતની વસ્તુ છે એટલે આ વિધેયકમાં બનાસકાંઠાનો જળસંચય અભિયાનમાં પણ એનો સમાવેશ થયેલો છે. એટલે જેટલા લોકો અને અધિકારીઓ મારફતે કડક થઇને રોકવામાં આવે તે બરોબર છે. આ રીતે કાયદાનું રૂપ આપશો તો આની અંદર ઘણા ક્રિમિનલ કેસો ખોટે ખોટા બનશે અને નિર્દોષ લોકોને દંડ થશે એટલે આ કાયદો ન લાવે એવી મારી પણ વિનંતી છે.

અધ્યક્ષશ્રીઃ પ્રસાદની લૂંટાલૂંટ ન થાય બોલો, શ્રી રિબડીયાજી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધેયક-૨૩માં મારા વિચારો રજૂ કરું છું. આ બિલમાં જે ઉલ્લેખ કર્યો છે કે આ નહેરના પાણીને કોઇ પ્રદુષિત કરે અથવા ડેમમાં કોઇ ઘન કચરો ફેલાવે તો તેને એક વર્ષની સજા છે. આ બહુ અગત્યનો મુદ્દો છે. મારો વિસ્તાર કે જયાં ઓઝત ડેમ છે અને હમણાં જ મંત્રીશ્રીએ વાત કરી ભાદર ડેમની, અમારે ત્યાં ડાઇંગ એસોસીએસનમા, મારા વિસ્તારમાં એક ગુજરીયા ગામ છે, ત્યાં બિન કાયદેસર એવા ઘાટ ચાલે છે અને એ ઘાટના પાણી છેક ઓઝત ડેમ અને ભાદર ડેમ સુધી પહોંચી ગયા છે. આ જવાબદારી અધિકારીઓની હતી. અમે અધિકારીઓને ખૂબ રજૂઆત કરી કે તમે ફરિયાદ દાખલ કરો. હજુ સુધી ફરિયાદ દાખલ નથી થઇ. જૂનાગઢ, કેશોદ, માંગરોળ અમારા બધા વિસ્તારમાં આ કેમિકલ યુકત પાણી ઘૂસી ગયા, કેન્સરના એટલા બધા દર્દીઓ વધી ગયા છે.

અધ્યક્ષશ્રી : આ કેમિકલવાળા પાણીની વાત નથી. બિલ ઉપર બોલો.

શ્રી હર્ષદભાઇ રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર જ બોલું છું, તો આમાં પણ થોડોક કડક કાયદો લાવવો જોઇએ અને અધિકારીઓની સામે પણ ફરિયાદ દાખલ કરવી જોઇએ. કલમ ૩૮ (૧)માં એવું લખેલું છે કે નદીના પાણીનો પ્રવાહ વાળવા માટે, એમાં પણ દોઢ વર્ષની સજા છે. અમારા ખેડૂતોનું રખોલું વધી ગયું, પહેલા વન્ય પ્રાણીનું રખોલું કરતા, હવે અમારે નદીના કાંઠે બેસીને જોવું પડે કે સામે છેડે કોઇ ઉદ્યોગપતિ એનો રસ્તો કરવા કયાંક પાળો તો નથી બાંધતો ને. આમાં વારો ખેડૂતનો ચડી જશે, આ પણ એક જોવું જોઇશે. ખેડૂત નિર્દોષ દંડાય નહીં તેની પણ કાળજી રાખવી પડે. એમાં કલમ ૩૮(૨)માં નહેરની અંદર કોઇ છેદ પાડે તો તેના માટે બે વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. આમાં પણ નહેરના કાંઠે અમારા ખેડૂતોએ રખોલું વધી ગયું, કયાંક ઉંદર અને નોળીયા છેદ પાડી જાય અને ખેડૂતનો વારો ન ચડે એ પણ કાળજી આ બિલમાં લેવી જરૂરી છે. અમારા વિસ્તારમાં સૌની યોજના નીકળી છે. હજુ પણ તેના કામ ચાલુ છે. મેં ખૂબ રજૂઆત કરી કે અમારા ખેડૂતના ખેતર વચ્ચે સૌની યોજનાની લાઇન નીકળે, અને એટલી બધી જમીન બગાડી નાખવામાં આવી છે, ઉપરથી પત્થરો સીધા જમીન ઉપર આવી ગયા, જમીનમાં કોઇ સુધારો થયો નથી. અને જે વળતર સૌની યોજનામાં ચૂકવવામાં આવે છે એમાં કોઇને મીટરે ૮ રૂપિયા કોઇને ૧૨ રૂપિયા ચૂકવવામાં આવે છે. આમાં ખેડૂતોને પૂરતું વળતર પણ નથી મળતું. મેં આર.ટી.આઇ. કરીને સરકારમાં ફરિયાદ કરી કે આમાં મોટું કૌભાંડ છે, અધિકારીઓને બચાવવામાં આવ્યા છે. એમાં પાઇપમાં એવડા મોટા સેટીંગ, પાઇપના ભાવ ઘન મીટરે દસ દસ હજાર રૂપિયા વધારી દીધા. ટેન્ડરોમાં રીગ કરી દસ દસ ટકા ટેન્ડરો ઓન થયા. માનનીય મંત્રીશ્રી કાલે જાહેર તકેદારી આયોગની વાત કરતા હતા, તો જાહેર તકેદારી આયોગમાં આવી ફરિયાદ સરકારે કરવી જોઇએ. જે અધિકારી એમાં સંડોવાયેલા હોય, આવા કૌભાંડીયાઓને એક વાર તમે જેલ ભેગા કરો આવી પણ મારી માગણી છે. અમારે ત્યાં ડેમ મંજૂર કર્યો છે માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે ઉતાવળી નદી ઉપર ૪૬ કરોડ રૂપિયાનો ડેમ મંજૂર થયો છે. દોઢ બે વર્ષ થઇ ગયા ત્યાં હજી સંપાદન અધિકારી જ નથી. તો આમાં પણ થોડીક ઉતાવળ થાય અને ગ્રાન્ટ પાછી ન જાય અને અમારો જે ડેમ મંજૂર થઇ ગયો છે તે કામ પૂરું થાય તે જરૂરી છે. બીજી એક વાત છે કે અમારા સૌરાષ્ટ્રના આ ડેમો છે ને એમાં સિંચાઇ વિભાગ દ્વારા માચ્છીમારી માટે કોન્ટ્રાકટ આપવામાં આવે છે. કોન્ટ્રાકટ આપવામાં આવે એટલે એ ડેમના પાણીનો જથ્થો રીઝર્વ રાખવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આમાં ડેમની કયાં વાત આવે છે!

શ્રી હર્ષદભાઇ રીબડીયા : આ સિંચાઇની વાત આવે છે. આમાં અમારા ખેડૂતની હાલત કેવી થાય માનનીય અધ્યક્ષશ્રી, કે સિંચાઇનું પાણી ખેડૂતોને આપવાને બદલે મચ્છીમારો માટે સ્ટોક રાખવો એ પણ વ્યાજબી નથી. પછી જે ખેડૂત એના બાપ દાદાની જમીન સંપાદન થઇ અને ડેમમાં ગઇ હોય અને સાવ ઓછા વળતરમાં આપણે તેમની જમીન લઇ લીધી છે એમાં નિયમ એવો છે કે એ જમીનમાંથી પાણી ઉતરી જાય એટલે એ ખેડૂત એ જમીનમાં વાવેતર કરતો હોય છે. ડેમની અંદર એનો કૂવો હોય એની અંદર મોટર ઉતારે તો એ પાણી ચોરી ન ગણાય, છતાં પણ સિંચાઇ વિભાગના અધિકારીઓ પચાસ-પચાસ હજાર રૂપિયા દંડ વસૂલે છે. એમાં પણ કંઇક સુધારો કરવો જોઇએ. આવી અનેક બાબતો છે આપશ્રીએ થોડો ટાઇમ આપ્યો તે બદલ આભાર. પણ મંત્રીશ્રીને કહું છું કે એવા બિલ લાવો કે જેથી ખેડૂતોને ફાયદો થાય, પણ તમે ખેડૂતો માટે હાથકડી લઇને આવ્યા છો તે વ્યાજબી નથી. જી.ઇ.બી.માં પણ તમે હાથકડી લઇને આવ્યા, ૧૩૫, ૧૩૮ની કલમ લાવ્યા, તમારો કમ્પાઉન્ડ ચાર્જ એમાં વસૂલતા નથી, એમાં પણ ખેડૂતોને તમે હાથકડી બતાવો છો અને આવો કાળા કાયદો અને આમાં હાથકડી લઇને આવ્યા છો તેથી આ બિલનો હું વિરોધ કરું છુ.

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

અધ્યક્ષશ્રી : આ છે ને તે મનોવૈજ્ઞાનિક વાત છે. કોઇ ઘરને તાળુ મારો ને, ચોર હોય ને તો એ તાળુ તોડીને પણ ચોરી કરવાનો છે. પણ સારો માણસ બગડે નહીં એટલે તાળુ મારવું પડે, એટલે કાયદો લાવવો પડે. માનનીય પરેશભાઇ, આપને કયાં બોલવાનું છે?

શ્રી પરેશભાઇ ધાનાણી : આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે.

અધ્યક્ષશ્રી : વિનંતી છે. બોલો.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે. આ બિલ વર્ષ ૨૦૧૩માં અહીં આવ્યું ત્યારે પણ અમે વાત કરી હતી. સરકારે ત્યારે જ આ ગૃહ અને ગુજરાતના ખેડૂતોની લાગણીને ધ્યાનમાં લઇને આ બિલ મોકૂફ રાખવું જોઇતું હતું. વર્ષ ૨૦૧૩માં આવ્યું. વર્ષ ૨૦૧૪ની ચૂંટણી લડાઇ ગઇ. વર્ષ ૨૦૧૭ની ચૂંટણી લડાઇ ગઇ. હવે વર્ષ ૨૦૧૯ની ચૂંટણી લડાઇ ગઇ. એટલે ફરી પાછો ખેડૂતોને જેલમાં પૂરવાનો સરકારનો પ્લાન હોય એ રીતે ફરી પાછું સુધારાથી આ બિલ અહીં આવ્યું છે. આ બિલ નવું નથી. તેમાં સુધારો લાવ્યા. એ સુધારો અમે કહ્યું હતું કે આ જગતનો તાત છે, તેને જેલમાં ન પૂરાય. તેને જમીન સિંચવી છે, પાણી પહોંચાડવું જોઇએ તેના બદલે સરકાર તેને પાણી ન પહોંચાડી શકી પણ તેની જમીન ઉપર મોલાત સૂકાય અને તેને પાણીની મજબૂરી હોય અને મોટર મૂકે તો મોટર કબજે લઇ લેવાની. એન્જિન કબજે લઇ લેવાના. ઢોર કેનાલે જશે. એક તો ગૌચર વેચાઇ ગયા, હવે ઢોર ભૂખ્યું હોય. પશુપાલકો તેના ઢોર કયાં ચરવા જાય? ઢોરના મોઢે તાળુ મરાશે? ભર ઉનાળો હોય, કેનાલમાં કયાંક પાણીનું ખાબોચિયું હોય. આ દેશની સંસ્કૃતિ હતી કે આપણે પાણીની પરબ બંધાવતા હતા. તેના બદલે હવે માણસ તો મૂકો, જાનવરના મોઢે પણ તાળુ મરાવવાનું આયોજન લઇને ભાજપની સરકાર આ ગૃહ સમક્ષ આવી છે. મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે. વર્ષ ૨૦૦૨થી આજ દિવસ સુધી. માનનીય નીતિનભાઇ, આપ પણ આ ગૃહમાં રહ્યા છો. એક પણ નાની, મધ્યમ કે મોટી સિંચાઇ યોજનાનો કયાંય પાયો નાખીને પૂર્યો હોય તો એક દાખલો આપો. સિંચાઇના વાસણ, સિંચાઇનું પાણી, તેમાં વાસણ થાય, ડેમ બને, બંધ બને તો આ ખેડૂતોને પાણી ચોરી કરવી ન પડે. વર્ષ ૨૦૦૨થી ૨૦૧૯, કયાંય પણ સરકારે આજ દિન સુધી પાયો ખોદ્યો નથી. ખાલી ખાતમૂહુર્ત કર્યા, ત્રિકમ પછાડ્યા, મત લઇ લીધા અને આજ સિંચાઇ માટે સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં પાણીના વાસણો– નાના, મધ્યમ કે મોટા ડેમ બનાવવામાં સરકારે સદંતર બેદરકારી સેવી છે અને પરિણામે આજ ખેડૂતનો દીકરો તેણે મજબૂરીવશ તેનો ઉભો મોલ બચાવવા માટે પાણી લેવું પડે તો એ પાણી લેનાર માણસ છે તેને ચોર શું કામ ગણવામાં આવે?

માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે અને મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે. મારે વધારે સમય લેવો નથી. વિનંતી કરવા માટે થઇને જ આવ્યો છું. આખી બુક પડી છે. મારે મુદ્દાસર ટાંકવું નથી. ગુજરાતમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કેટલા ઉદ્યોગો પાસેથી કેટલા કરોડ રૂપિયા વસૂલવાના છે. આખી બુક મારી પાસે છે. કરોડો રૂપિયા જે ઉદ્યોગો પાણી ૧ નંબરમાં, ૨ નંબરમાં, ૩ નંબરમાં ચોરી જાય તેનો વેરો વસૂલવાનો થાય. વર્ષોથી કોર્ટમાં આવી મેટરો પેન્ડીંગ પડી છે. કરોડો રૂપિયા જો આ પાણી ચોર પાસેથી પાછા લાવીને કયાંક ડેમ બનાવ્યા હોત તો ખેડૂતના દીકરાને ચોરી ન કરવી પડત. સરકારે આજ દિવસ સુધી તે કર્યું નથી. આ ઉદ્યોગગૃહો સાથે કયાંયને કયાંય મીઠી નજર રાખવાની અને ખેડૂતનો દીકરો તેના છોડને જીવાડવા પાણીનું ટીંપુ લે તો તેને ચોર કહેવાની વૃત્તિ ભાજપના રાજમાં કેમ ફૂલી ફાલી છે તે આ ગુજરાતનો ખેડૂત સવાલ પૂછતો થયો છે. માનનીય સૌરભભાઇ સાહેબ, પ્રજાના પરસેવાની કરોડોની કમાણી આપણી બેંકોમાંથી લૂંટી જાય તેને આપણે મહેલમાં રહેવાની સવલત કરી આપીએ છીએ અને પાણી સાથે પરસેવો જોડીને જગતની ભૂખ ભાંગનારા જગતના તાતને જેલમાં મોકલવાનું *(xxx) આ સરકારી કાયદાઓની આડમાં આપણે કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : આ * (xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પ્રયાસ કરી રહી છે, આ સરકારી બિલથી જે સરકારનો વિચાર છે, ભારતીય જનતા પાર્ટીની જે વૃત્તિ છે એ ગૃહ સમક્ષ લઇને આવી છે. મારે માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરવી છે કે હાલ પૂરતું આ બિલ છે એ મુલતવી રાખવામાં આવે. આ બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે. ખેડૂતના દીકરાએ વેરો ભરવાની કયારેય ના પાડી નથી પણ સરકાર એને ખેતરના પાળા સુધી પાણી પહોંચાડવામાં નિષ્ફળ ગઇ છે અને સરકાર એની નિષ્ફળતા છૂપાવવા માટે થઇને સેવા લેનારો સેવા મેળવવા માટે જે અધિકારી માણસ છે એ એને ચોર ગણી શકે નહીં. આ ભા.જ.પ.ની સરકાર ખેડૂતને ચોર ગણે છે એનું અમને દુઃખ છે. અમે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીએ છીએ કે આ બિલ તમે ગૃહ સમક્ષ પાછું ખેંચો, મુલતવી રાખો અને પ્રવર સમિતિને આપો. આ અમારી સકારાત્મક લાગણી છે. પાણીનો સદઉપયોગ થાય એના માટે આખું રાજય, આખો દેશ, આખું વિશ્વ ચિંતા કરી રહ્યું છે. જળમાં જીવન છે પણ જળ વગર કોઇ માણસનું જીવન જોખમાતું હોય અને એણે મજબૂરી વશ કયાંય કેનાલમાંથી કે કૂવામાંથી લે, પહેલાં લોકો પરબ બાંધતા હતા એના બદલે એની તરસ છીપાવવાનો પ્રયાસ કરે તો એવા માણસને કે એવા જાનવરને તમે જેલમાં પૂરવાની જે જોગવાઇ કરી છે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એ ખૂબ વધુ પડતી છે એટલે માનનીય મંત્રીશ્રી પાસે પણ અપેક્ષા રાખું કે કે અમારી લાગણીઓ છે અને અહીંયા બેઠેલા, અમે બોલી શકીએ છીએ એ * (xxx) નહીં બોલી શકતા હોય શ્રી નીતિનભાઇ, ..

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી પણ મિત્રો બોલ્યા હોત તો મને આનંદ થાત. આ બધા જ મિત્રો ગામડામાંથી આવે છે. ખેડૂતના મત લે છે, કાલે તમે ગામડે જશોને, તો ખેડૂને ચોર ગણવાનું અહીંયા તમે ગૃહમાં સમર્થન કર્યું તો ખેડૂતો તમારો હિસાબ માગવાના છે. સરકારને પણ વિનંતી છે કે અમારી ખૂબ હકારાત્મક વાત છે. રાજયના ખૂબ બહોળા વર્ગને સ્પર્શતી વાત છે. ૫૪ લાખ ૪૮હજાર ખેડૂત, ૬૮ લાખ કરતા વધુ ખેતમજૂરો અને આમાં પશુપાલકોનો મુખ્ય પ્રશ્ન છે. જેને જમીન નથી, જેને ગમાણ નથી, જેને હવેડો નથી, ગૌચર વધ્યા નથી, એના ઢોર કયાંક ચરવા જશે તો તમે પશુપાલકને પણ જેલમાં પૂરશો? હવેડો ના હોય, સીમમાં ચરીને એનું ઢોર પાણી પીવા કયાં જાય? કોઇકના ખેતરમાં જાય તો ખેડૂતો અને પશુપાલકો વચ્ચે વર્ગવિગ્રહ થાય અને સરકારી સુવિધાનો લાભ લેવા જાય તો તમે વળી પાછા એને જેલમાં પૂરવાનું આયોજન કર્યુ છે. આ સંવૈધાનિક અધિકારોની વિરુદ્ધનું આ બિલ છે ત્યારે આપને પણ વિનંતી કરું છું કે સરકારને આવું બિલ આ ગૃહ સમક્ષ લાવવાની આપે અનુમતિ તો આપી છે પણ આખા ગૃહની લાગણી છે, આ પક્ષની લાગણી છે અને આ પક્ષની લાગણી છે.. (અંતરાય) અને ના હોય તો એક એક સભ્ય આ બિલ ઉપર બોલે અને તમે ખેડૂતોને જેલમાં મોકલવા માગો છો કે નહીં એ ગુજરાતના ખેડૂતોને જાણવાનો અધિકાર છે. મારે શ્રી સૌરભભાઇને પણ વિનંતી કરવી છે કે અમારી આ સકારાત્મક રીતે વાત લઇ અને આ બિલ અત્યારે મુલતવી રાખે અને પ્રવર સમિતિને આપી આવતા દિવસોમાં પાણીનો સદુપયોગ થાય એના માટેનું સુઆયોજન કરીએ પણ જરૂરિયાતમંદ માણસને ચોર ગણવાની જે સરકારીવૃત્તિ છે એમાંથી સરકારે પીછેહઠ કરવી જોઇએ એવી વિનંતી સાથે માનનીય મંત્રીશ્રી પણ હકારાત્મક જવાબ આપશે એવી અપેક્ષા રાખું છું. (સુત્રોચ્ચાર.. )

અધ્યક્ષશ્રી : જવાબ સાંભળો.. (અંતરાય.. )

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિનંતી કરતા હોય, આ મુલતવી રાખવાની દરખાસ્ત લાવતા હોય તો અમે એને આવકારીએ છીએ. આ બિલ પરત ખેંચી લેવાની જો રજૂઆત કરતા હોય તો અમે આવકારીએ છીએ પણ આ ભા.જ.પ.ની સરકાર ખેડૂતોને ચોર ગણવા માટે થઇને આ કાયદો ગૃહમાં લાવશે તો આ ગૃહની અંદર અમે એનો વિરોધ કરવાના છીએ, ગામડાની ગલીએ ગલીઓ સુધી વિરોધ કરવાના છીએ. (અંતરાય.. )

શ્રી સૌરભ પટેલ : જવાબ સાંભળો, વિનંતી કરું છું કે જવાબ સાંભળો, ૧૦ મિનિટ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગૃહને આ રીતે ખોરવાય નહીં.

શ્રી સૌરભ પટેલ : આપ ૧૦ મિનિટ બેસો.

શ્રી પરેશ ધાનાણી : આપ પરત ખેંચો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી શું કહે છે એ સાંભળો તો ખરા.

શ્રી સૌરભ પટેલ : શ્રી શૈલેષભાઇ, ૧૦ મિનિટ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળો, પછી તમને લાગે (અંતરાય) મારી વિનંતી છે કે મંત્રીશ્રીને સાંભળો. મંત્રીશ્રી શું કહે છે એ આપણે સાંભળીએ. ૧૦ મિનિટ બેસવાનું કહે છે. આપણે પોતે જ હમણાં ધીરજની વાતો કરેલી. ૧૦ મિનિટ બૂમો પાડશો એના કરતાં ૧૦ મિનિટ બેસો, બેસવું પડે. અત્યારે મંત્રીશ્રી શું કહે છે એ સાંભળવું પડે. આ લોકશાહીની રીત કેવી છે? આપણે બધા બોલ્યા ત્યારે બધાએ શાંતિથી સાંભળ્યું તો હવે મંત્રીશ્રીને સાંભળવા જ નહીં એ લોકશાહીની રીત નથી લાગતી મને. એક બાજુ આપણે લોકશાહીની વાત કરીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે જે દરખાસ્ત મૂકી છે, સરકાર એમાં સકારાત્મક હોય અને આ બિલ પરત ખેંચવા માગતા હોય, મુલતવી રાખીને પ્રવર સમિતિને સોંપવા તૈયાર હોય તો સાંભળવા તૈયાર છીએ.

શ્રી સૌરભ પટેલ : વિરોધપક્ષના નેતા અને માનનીય શૈલેષભાઇનો આભાર માનું છું કે એમણે ૧૦ મિનિટ મને સાંભળવા માટેની મંજૂરી આપી છે અને માનનીય અધ્યક્ષશ્રી, આપનો પણ આભાર માનું છું. પહેલી વખત ૩૦ દિવસમાં મેં જોયું છે કે બધા ટોપ લાઇન બેન્ચર્સ છે એમને આની અંદર ભાગ ભજવ્યો છે. શ્રી પરેશભાઇએ કર્યો, શ્રી શૈલેષભાઇએ કર્યો, શ્રી જોષિયારાજીએ કર્યો. શ્રી બળદેવજીએ કર્યો, કોઇ બાકી ના રહ્યું. બધાએ અનેક વિષય ઉપર ખેડૂતો, સરકાર ઘણી બધી વાતો કરી. મારે બે વિષય આપના ધ્યાને મૂકવા છે. મારે આપ લોકોને પૂછવું છે કે તમારી સરકાર હતી ત્યારે નહેરો ચાલતી હતી કે નહીં? તમારી સરકારે કેનાલો બનાવી હતી કે નહીં? આજે તમે ગૌરવ લીધું કે અમારા સમયમાં આટલી કેનાલો બની, બની કે ના બની? મારે આપને પૂછવું છે કે તમે એ વખતે શું કરતા હતા? તમને ખ્યાલ છે તમે શું કરતા હતા? (અંતરાય) હું તમને કહું તમે શું કરતા હતા. વર્ષ ૧૯૮૨ની અંદર..(અંતરાય) જવા દો સાહેબ, (અંતરાય) જાઓ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ કશું બોલશો નહીં. એમને જવું હશે તો જશે.

(આ તબક્કે સભાગૃહમાં હાજર કોંગ્રેસના તમામ ધારાસભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર સાથે સભાત્યાગ કરી ગયા)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આ તબક્કે વિપક્ષે વોક આઉટ કરેલો છે. માનનીય મંત્રીશ્રી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષ સાંભળવા માટે પણ અહીંયા બેસવા તૈયાર નથી. ખેડૂત વિરોધ સરકારની વાત કરે છે પણ હકીકતમાં જોવા જઇએ તો ખેડૂત વિરોધી એ છે. આ હાઉસમાં હું કાયમ કહું છું કે, કેમ એ ખેડૂત વિરોધી છે. આ કાયદો હમણાં આવ્યો નથી. કાયદો કાંઇ વર્ષ ૨૦૧૩માં આવ્યો નથી. આ કાયદો બ્રિટિશ રાજની અંદર આ કાયદો આવ્યો હતો. શ્રી માધવસિંહભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૧૯૮૨માં વિધાનસભાની અંદર પણ આ કાયદો આવ્યો હતો અને એ કાયદાની એક એક લાઇન વાચવા માગું છું જેથી એમને ખબર પડવી જોઇએ કે આ કાયદાની અંદર શરૂઆત કોણે કરી હતી અને કઇ સરકાર ખેડૂત વિરોધી છે? શિક્ષા બાબત બોમ્બે ઇરિગેશન એક્ટ આ એક્ટનું નામ હતું. એમાં ૬૧ નંબરનું શિડ્યુલ વાંચું છું, હું બે જ પાના વાંચવા માંગું છું. નહેરને નુકસાન કરવા વગેરે બદલ વર્ષ ૧૯૮૨ની અંદર ફેરબદલ કર્યો હતો. આ કાયદો શ્રી માધવસિંહભાઇની સરકાર લાવી હતી અને કોંગ્રેસની બહુમતી હતી. એની અંદર હતું કે, જે કોઇ વ્યક્તિ મનસ્વી રીતે અને યોગ્ય અધિકાર વગર કોઇ નહેરને નુકસાન પહોંચાડે, તેમાં ફેરફાર કરે, તેનો મીસયુઝ કરે અથવા તેમાં અવરોધ મૂકે. આ એક નંબરનો પોઇન્ટ અને એ અત્યારે આ એક્ટમાં પણ છે એની પણ કલમ છે. બીજું, કોઇ નહેરમાં પાણીને આવતા અવરોધ વધારી કે ઘટાડી નાખે અથવા નેહેરમાંથી થઇને નહેરની ઉપર કે નીચે વહેતા પાણીને અવરોધ વધારે અથવા ઘટાડે અથવા કોઇ નહેરમાના પાણીની સપાટી કોઇ પણ રીતે ઊંચી અથવા નીચે લઇ જાય આ પણ ત્યાં છે. આ કોંગ્રેસ વિરોધી કાયદો ખેડૂત વિરોધી એ લોકોએ નિમય મુક્યો હતો તો કેમ ખેડૂત વિરોધી મૂકે છે? ત્રીજું, કોઇ નહેરનું પાણી સામાન્ય રીતે જેના માટે તેના ઉપયોગ થતો હોય કે હેતુ માટે કરે અથવા એ ઓછું અનુકૂળ બને એ રીતે બગાડી મૂકે અથવા ખરાબ કરે. ચોથા નંબરમાં, કોઇ નહરેના પાણીના પ્રવાહને નિયંત્રણ કરતા અથવા ચલાવતા અથવા તેને માપતા કોઇ સાધન અથવા સાધનોનો ભાગ તોડી નાખે અથવા તેની સાથે ચેડા કરે અથવા તે દૂર કરે આ પણ મુદ્દો એ બિલમાં છે. આમાં સૌથી વધારે તમે પશુઓની વાત કરી. ઘાસચારાની વાત કરી એ વિષયની વાત મૂકું છું. કોઇ નહેર ઉપર અથવા પૂલ બેન્ડ ઉપર જાણી બૂજીને અથવા મનસ્વી પણે ઢોરને ચરાવવા દે અથવા એવી કોઇ નહેર ઉપર અથવા બંધ ઉપર ઢોરને દોરીથી બાંધી રાખે અથવા જાણી બૂજીને મનસ્વીપણે તેમને બંધાવી રાખે અથવા એવી નહેર ઉપર અથવા બંધ પર ઉગતું ઘાસ કે બીજા ઝાડ–પાનને ઉખેડી નાખે અથવા એવી નહેર અથવા બંધના રક્ષણ માટે કોઇ ઝાડ–ઝાડી અથવા વાડ ઉખેડી નાખે અથવા કાપી નાખે અથવા કોઇ પણ રીતે નુકસાન કરે આ પશુઓનો પણ વિષય વર્ષ ૧૯૮૨માં માધવસિંહની સરકારે કાયદા બનાવતી વખતે અહીંયા મૂક્યો હતો. ખેડૂત વિરોધી છે, ખેડૂત વિરોધી છે અને માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે સજા કઇ આપી હતી? જેલમાં મૂકવાની વાત કરે છે. હું સજાની વાત કરું છું. તે વ્યકિતને આવું કામ ભારતીય ફોજદારી અધિનિયમના અર્થમાં બગાડ કરવાનો ગૂનો થતો ના હોય તો મેજિસ્ટ્રેટ સમક્ષ ગૂનો સાબિત થયે એવા દરેક ગુના માટે વધમાં વધુ ૫૦ રૂપિયા સુધીનો દંડ અથવા વધુમાં વધુ એક મહિના સુધી કેદની અથવા એ બંનેની સજા. આ એક મહિનાની સજા તમે ખેડૂતોને ચોર સમજીને વર્ષ ૧૯૮૨માં આપની સરકારે કર્યું હતું. અમે તો ખાલી વર્ષ ૨૦૧૩ની અંદર થોડા માપદંડ સુધાર્યા છે. એટલે આગળ પણ વાત કરું આ હલકા કાયદાની આગળ પણ વાત કરું. જે વ્યક્તિ સૌથી વધારે ગુનાઓ માટે એવું કામ ભારતીય ફોજદારી અધિનિયમના અર્થમાં બગાડ કરે, ગુનો થતો ના હોય અને પહેલા અથવા બીજા વર્ગના મેજિસ્ટ્રેટ સમક્ષ ગુનો સાબિત થાય એવા દરેક ગુના માટે વધુમાં વધુ ૨૦૦ રૂપિયા સુધીનો અથવા વધુમાં વધુ ૬ મહિના સુધીનો દંડ અથવા બંનેની સજા આપવી. આ વર્ષ ૧૯૮૨માં, પછી અવરોધ કાઢી નાખવો અને નુકસાન સમારકામ કરી આપવું આ બીજું છે. શું લખ્યું છે? સમારકામ કરી આપવાનો ખર્ચ અધિકારીએ આપેલા પ્રમાણપત્ર પ્રમાણે સદર વ્યકિતઓ પાસેથી જમીન મહેસૂલી બાકી દરે કલેકટર વસૂલ કરી શકશે. આવી અનેક અનેક કલમો આ વર્ષ ૧૯૮૨ની અંદર બોમ્બે ઇરીગેશન એકટની અંદર આ હાઉસની અંદર કોંગ્રેસની સરકારે પસાર કર્યું છે અને એ જે પસાર કરેલું એ વર્ષ ૨૦૧૩ની અંદર સુધારા લાવ્યા હતા અને સુધારાની અંદર માત્ર દંડની જોગવાઇમાં ફેરફાર કર્યો હતો અને આજે પણ એ બિલ લાવીએ છીએ એમાં દંડનો ફેરફાર સુધારામાં કરીએ છીએ એટલે આ જે ઓરીજીનલ જો આપ માનતા હોય કે આ ખેડૂત વિરોધી બિલ છે તો આની શરૂઆત આપે કરી છે. અમે તો માનીએ છીએ કે મોટાભાગના ખેડૂતોને આ બિલથી લાભ થવાનો છે. ખેડૂતને પાણી મળે એના માટે અમે બિલ મૂકયું છે અને આની અંદર કોઇપણ વ્યક્તિ છેક ખરાબ રીતે ગુનો કરે તમારા ધારાસભ્ય પ્રવિણભાઇ મારૂ અમને ફોન કરે છે.

અધ્યક્ષશ્રી : હાજર નથી એટલે એમના નામ સિવાય બોલો. એ ખુલાસો ન કરી શકેને. બોલી ગયેલી વાત તો કહેવાશે.

શ્રી સૌરભ પટેલ : એ બોલું છું. માનનીય પ્રવિણભાઇ મારૂ જે વિષય બોલ્યા કે અહીંયા અમે વાલ્વ ખોલી દઇએ અને વાલ્વ ખોલીને પાણી કાઢીશું, તોડી નાખીશું એવું બોલ્યા હતા. શ્રી પ્રવિણભાઇ મારૂ જયારે પાણીની તકલીફ હોય ત્યારે અમને ફોન કરે છે મને કહે શ્રી સૌરભભાઇ, મારા વિસ્તારમાં આવવા દો પાણી હું મારા વિસ્તારના લોકોને એસ.આર.પી.ને બોલાવું છું કોઇપણ ખોટું કામ કરે તો તોડાવડાવું છું અને એમના વિસ્તારમાં પાણી મોકલું છું અને એ સાક્ષી કરે. અમે શ્રી સોમાભાઇને ફોન કરીએ છીએ. કહું છું કે સુરેન્દ્રનગરમાં શ્રી સોમાભાઇના વિસ્તારમાં તમે ફોન કરો, હું પણ ફોન કરું અને પાણી ન રોકે. નીતિ નિયમ પાળવા માટે આ સરકાર રચી છે અને ભલે મારો વિસ્તાર હોય મેં સુરેન્દ્રનગર ડી.એસ.પી., ભાવનગર ડી.એસ.પી.ને કહ્યું છે અને આજની તારીખમાં કહ્યું છે વાલ ખોલું? આવી રીતની વાત કરવાની? વાલ્વ ખુલશે કયારે? એને પાણી પહોંચશે તોને? પાણી પહોંચાડવા માટે આ કાયદો જરૂરી છે તો જ પાણી પહોંચે નહીંતર પાણી જ ન પહોંચે. ખેડૂત માટે કોણે કામો

કર્યા? ઘણી બધી વાતો કરી. બધા સદસ્યોએ ઘણા બધા વિષયો મૂકયા પણ હવે એ લોકો નીકળી ગયા છે એટલે હવે ઉપર ઉપરની વાત કરવા માંગું છું. ઈરીગેશન હેકટરે કેટલું થયું એ અગત્યનું છે. મેજર, મિડિયમમાં ૧૬,૨૮,૦૦૦ હતું. આજે ૩૫,૯૫,૦૦૦નું થયું એટલે વર્ષ ૨૦૦૧ના આંકડા મૂકું છું. ૧૯ લાખનો વધારો થયો છે. આ ૧૯ લાખનો વધારો ભારતીય જનતા પાર્ટીની વખતે થયો છે. સુઝલામ્ સુફલામની સ્પ્રેડીંગ કેનાલ એ લોકોએ નથી કરી, સુજલામ્ સુફલામની સ્પ્રેડીંગ કેનાલ અમે કરી, ભા.જ.પા.એ કરી છે. લીફ્ટ ઈરીગેશન સ્કીમ, આદિવાસીઓનો સંપૂર્ણપણે તમને ૫૦ વર્ષ સુધી ટેકો હતો તો પણ તમે આદિવાસી ખેડૂતોની ચિંતા નથી કરી. જો કોઇએ આદિવાસી ખેડૂતોની ચિંતા કરી હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. એના કારણે તમારા વખતે ૬૦૦૦ હેકટર હતું આજે ૧૦૭૦૦૦ હેકટર કરી છે અને આ બજેટમાં આજે શ્રી નીતિનભાઇએ વિષય મૂકયો છેને એના કારણે આવતા દિવસોમાં આદિવસી પટ્ટાઓની અંદર લીફ્ટ ઈરીગેશનના કારણે વધારે તેજ આવશે. સેલીનીટી ઈનલીસ્ટ ૫૨૦૦૦ ના ૯૦૦૦૦ કયો વિષય લઈએ તમારા વખતે ખબર છે પૈસા કેટલા આપતા હતા? ખેડૂતોને સિંચાઇના? રૂપિયા ૧૮૩ કરોડ. આ રૂપિયા ૧૮૩ કરોડમાં શું થાય? કંઇ ન થાય.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી મને જોઇને કહોને.

શ્રી સૌરભ પટેલ : અરે સાહેબ, એટલી ગાળો બોલ્યા છે.

અધ્યક્ષશ્રી : આ કોટવાલજી તો એવું કહે છે કે હું તો બોલ્યો પણ નથી અને ચાયો પણ નથી અને મારે સાંભળવાનું?

શ્રી સૌરભ પટેલ : સાહેબ, માણસમાં સ્પોર્ટસમેન સ્પિરીટ હોવી જોઇએ. સ્પોર્ટસમેન સ્પિરીટ કેવી જોઇએ કે બેટીંગ કર્યા પછી બીજાને બેટીંગ કરવાની તક આપવી જોઇએ. આ તો બેટીંગ કરી લીધી અને પછી કહે છુટ્ટી છુટ્ટી ચાલો, આવું કર્યું. આને લોકશાહી કહેવાય? કોઇ સ્પોર્ટસમેન સ્પિરીટ નથી, કોઇ ટીમવર્ક નથી. આ તો નાના છોકરા રમતા હોય અને આપણી પહેલી બેટીંગ આવી એટલે પૂરું સમજ્યા. તમારા વિરોધપક્ષના નેતાને કહેજો. અમરેલીની વાત કરતા હતા. ઉદ્યોગો પાણી લઇ જાય છે. આખાય ઈરિગેશન ડેમોમાં ૩ ટકા ઉદ્યોગો પાણી નથી લઇ જતા. બાકીનું સિંચાઇ અને પીવાનું આપીએ છીએ અને અહીયા ઉદ્યોગકારોને ગાળો દે છે અને અમરેલીમાં એમ કહે છે કે સ્પીનિંગ આવ્યું અને લાભ થયો. આજે બધા સભ્યોને કહેવું છે કે જી.આઇ.ડી.સી. શા માટે માગો છો? જો તમને ઉદ્યોગો માટે આટલી નફરત હોય તો શું ઉદ્યોગો પાણી વગર ચાલવાના છે? મજૂરોને પીવાના પાણી માટે રૂપિયા ૫-૧૦ હજાર આપવા પડે. એ લોકોને પાઇપ લાઇન આપવી પડે. આજે મારે બધા સૌરાષ્ટ્રના ધારાસભ્યશ્રીઓને કહેવું છે. ૨૫ લાખ સ્પિન્ડલ આવી. એના કારણે ડાયરેક્ટ-ઈનડાયરેક્ટ આટલી રોજગારી મળી. તો રૂને ઠંડું રાખવા માટે એને પાણી આપવું પડે. નહિતર તમારું સ્પીનિંગ યુનિટ ચાલે જ નહીં. તો એટલો વિષય ખ્યાલ ન હોય તો શું રોજગારી અમરેલીમાં મળવાની છે? અમરેલીમાં રોજગારી જોઇએ છીએ. અમરેલીમાં પાણી નથી આપવું.

અધ્યક્ષશ્રી : આટલું બધું કહેશો તો આ ઉઠીને આ બાજું આવતા રહેશે.

શ્રી સૌરભ પટેલ : વિરોધપક્ષના નેતા સાંભળતા હોય તો અંદર આવે. અમરેલીના લોકો અહીયા ચિંતા કરતા હોય. આજે એક પણ વ્યક્તિ હોય અને એમ કહે કે મારે ઉદ્યોગો નથી જોઇતા. અહીયા ખેડૂતોની વાતો કરી. એમ વાત કરી કે ઉદ્યોગોને સંપૂર્ણપણે માફી આપવામાં આવે છે. ખેડૂતોને માફી આપવામાં આવી છે. વીજળીમાં ખેડૂતોને વીજચોરીથી માંડીને બધા બિલો અમે માફ કર્યા હતા. આજે એક ઉદ્યોગકારોને બિલ માફ કર્યા એ તો બતાવો? નથી કર્યા, અને બીજું, જેટલા સમાધાનકારી યોજના આવી. સમાધાનની અંદર ખેડૂતોને સંપૂર્ણપણે માફ કર્યુ છે. ઉદ્યોગકારોનું બાકી લેણું હોય તો એ એક કરોડ રૂપિયા ઉપરાંતનું હોય એ બિલકુલ ગણવામાં આવ્યું નથી. અને માત્રને માત્ર એક કરોડ સુધીની હોય તો પ્રિન્સિપલ એમાઉન્ટ માફ નથી કરી. એના વ્યાજ ખાધમાં સલામતિ આપી છે, રાહત આપી છે. કોઇ જગ્યાએ ઉદ્યોગકારોને મળ્યું નથી. વીજળીના કનેકશનની વાત કરી. સબસ્ટેશનોની વાતો કરી. વીજળીનું કનેકશન એ લોકોના જમાનામાં ૧૦,૦૦૦ કનેકશન વર્ષે મળતા હતા. આજે સવા લાખ મળ્યા. ધારાસભ્યશ્રીઓને ખબર હોવી જોઇએ કે તમારા પાંચ વર્ષમાં એક સબસ્ટેશન નહોતું મળતું. વર્ષે ૧૨-૧૪ સબસ્ટેશન મળે. ૧૪માંથી ૪ ઉદ્યોગમાં જાય, એટલે ગણીએ તો ૧૦ મળે. હું ચેલેન્જ સાથે કહું છું જે મુખ્યમંત્રીશ્રી આદિવાસી વિસ્તારમાં રહેલા હોય અને આદિવાસીના મંત્રીશ્રીઓમાના આખા જીલ્લાની અંદર એક કે બે સબસ્ટેશન થતાં. તો શું ખેડૂતોને ગુણવત્તવાળી વીજળી લાવવી હોય તો કયાંથી મળે? અને ખેડૂતોની વાતો કરો છો? અનેક વિષય છે. તો જેની અંદર આપણે સ્પષ્ટપણે કહી શકીએ છીએ કે ભાજપની સરકાર ખેડૂતો માટેની છે. ખેડૂતોનું કાયમ માટે એનું ધ્યાન રાખવામાં આવશે. ધ્યાન રાખીને એમની આવક વધે એના માટેની અમે ચિંતા કરીશું. અને એમને એમ અમારામાં તાકાત છે. એમના હિત માટે કોઇપણ કાયદો લાવવાનો હશે તો કાયદો લાવીશું. તમને ખ્યાલ છે તમે જ્યારે હથકડીની વાત કરતા હતા. હથકડી પહેલાં ખેડૂતોને વીજળી મળતી હતી? ટ્રિપિંગ થતા હતા, ગુણવત્તા નહોતી મળતી. મોટરો બળી જતી હતી. ટ્રાન્સફર્મરો ફેઇલ થઇ જતા હતા. ટ્રાન્સફર્મરમાંથી ડાયરેક્ટ કનેકશનો ખેંચતા હતા. લંગરિયા નાખતા હતા. આ બધું બંધ કેમ થયું, બંધ થયું કે ના થયું? આ હથકડી બતાવીને એટલે બધા વચ્ચેથી નીકળી ગયા અને ખેડૂતોને વીજળી મળવાની ચાલુ થઇ. આમ જોવા જઇએ તો નર્મદાની વાત કરો કે કામ નથી થયું? હમણાં સભ્યશ્રી કહે કે અડચણો બહુ આવી. શ્રી પુંજાભાઇ કહે કે નર્મદામાં અડચણો બહુ આવી. હું પણ કહું છું કે આવી. ડો. મનમોહનસિંહજી ૧૦ વર્ષ હતાં. કઇ ન કરી શક્યા. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૭ દિવસમાં અડચણ દૂર કરી નાખી. સાચું કે ખોટું? ઈતિહાસ કહે છે હું નથી કહેતો, ઈતિહાસ ગવાહ હૈ. ઈતિહાસ કહે છે કે નર્મદા ડેમની હાઇટની ૧૭ દિવસની અંદર પ્રશ્ન ઉકેલ્યો. કોંગ્રેસ. રેકોર્ડ ઉપર છે. ગુજરાતને કાયમ માટે અન્યાય કર્યો છે. ગુજરાતના

ખેડૂતોને અન્યાય કર્યો છે. જો ખેડૂતોને અન્યાય ન કર્યો હોત તો વર્ષ ૧૯૬૦માં ડેમનું ખાતમુહૂર્ત કર્યુ હોત તે વર્ષ ૧૯૭૫માં પૂરું થઇ ગયું હોત. વર્ષ ૧૯૭૫માં પૂરું ન થયું કારણ કે ગાંધી પરિવાર ગુજરાતને પસંદ કરતું ન્હોતું, બિલકુલ પસંદ ન્હોતું કરતું. એટલે ગુજરાતના મુખ્યમંત્રી ચાર–ચાર દિવસ સુધી દિલ્હી દરબારમાં બેસતા હતા તો પણ પ્રધાનમંત્રીની એપોઇન્ટમેન્ટ મળતી ન્હોતી. અહીં ફોન કરીએ એટલે બીજા દિવસે મેડિકલની સીટો મંજૂરી મળી જાય. આ કહેવાય ગતિશીલ ગુજરાત. ખેડૂતો માટે નહેરોની વાત કરો છો, મધ્યમ યોજનાઓ બની નથી એમ કહે છે. ખાલી મારે  એટલું જ કહેવું છે કે, વર્ષ ૨૦૦૧ની અંદર ૫૯ હતી તે વર્ષ ૨૦૧૭ની અંદર ૯૦ થઇ. ૩૧ની સંખ્યા વધારી. જ્યાં જગ્યા હોય ત્યાં મધ્યમ યોજના આવે. જગ્યા ન હોય ત્યાં ન આવે. હવે તમે એમ કહો કે કચ્છના રણમાં મધ્યમ યોજના નાખો તો ક્યાંથી નંખાય? બોલો નંખાય? ત્યાં સોલાર જ નંખાય. હવે આવું બોલે કે, નાખો, નાખો, નાખો. જમીન સંપાદન ન કરાવે. ડબલ નીતિ તો કેવી અહીં કહે મારે ડેમના ટેન્ડરો મંજૂર નથી થતા. ગામમાં જઇ ઢંઢેરો પીટે કે ચલો ચલો આપણે જમીનના ભાવ વધારે માગીએ. તે બતાવવા માટે સરપંચશ્રી પાસે જાય, સરપંચને એ બધા મામલતદાર પાસે જાય, મામલતદારને બધા કલેકટર પાસે જાય અને છેલ્લે જમીન આપે નહીં. હવે જમીન પણ નહીં આપવાની અને પછી ડેમ પણ જોઇએ. આ બંને કેવી રીતે ચાલે. પરંતુ ગુજરાતની પ્રજા એટલી હોંશિયાર અને સમજુ છે કે, ચૂંટણી આવે એટલે  એમને ઘરભેગા કરી દે છે. ચૂંટણી આવે એટલે સમજે કે, આ કોંગ્રેસ તો ગઇ. કોંગ્રેસ તો ગઇ. આ બધા મુદ્દામાં તમને ચોકડી આપે છે. એટલે તમારાવાળા ધીમે ધીમે ઓછા થાય છે. તે સમજી ગયા કે પહેલી રો માં આ નેતૃત્વ કંઇ લેવાનું નથી. લેવાનું છે સાચું કહેજો?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી એક શેર કહું? એક શેર કહું. હવે તો સાપને પણ ઝેર પીવાનો વારો આવ્યો છે, હવે તો સાપને પણ ઝેર પીવાનો વારો આવ્યો છે, કારણ મદારીને માણસ પકડતા આવડી ગયો છે.

શ્રી સૌરભ  પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આનંદની વાત એ છે કે, ખેડૂતોની આવક ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વધી છે. મને યાદ છે એ વખતે વર્ષ ૨૦૦૪–૦૫ની અંદર જયારે અમે જીડીપી જોતા હતા ત્યારે ખેડૂતોની આવક આખા ગુજરાતમાં રૂપિયા ૧૦–૧૨–૧૫ હજાર કરોડ હતી. આજે તે આવક વધીને રૂપિયા ૧ લાખ ૩૦ હજાર કરોડ ઉપર આવક થઇ છે. આ આવક વધવાનું કારણ શું હોય? કારણ કે આપણે ખેડૂતોને પાણી આપ્યું, તેમને ફર્ટિલાઇઝર આપ્યા, જુદી જુદી યોજનાઓના લાભ આપ્યા. છેલ્લા ઘણા વર્ષોથી, છેલ્લા  પાંચ વર્ષથી કે જયારથી નરેન્દ્રભાઇ દિલ્હી ગયા છે ખાતરનો વિષય નીકળી ગયો છે. નહીંતર અમારે દરવખતે યુ.પી.એ. સરકારમાં રજૂઆત કરવી પડે કે, ખાતર મોકલો, ખાતર મોકલો, ખાતર મોકલો. આજે ઓફિસીયલી એક ડઝન કાગળો પડયા છે યુ.પી.એ. સરકારને ખાતર મોકલવાનું કહેવાના. એક સભ્ય પાંચ વર્ષમાં બોલ્યા છે કે ખાતરની શોર્ટેજ છે. ખેડૂતોની ચિંતા કરી છે એટલે આ છે. આજે આનંદ થાય છે કહેતાં અને માનનીય કૃષિ મંત્રી કહેતા હતા કે ૩૭૦૦ કરોડ રૂપિયાની સબસિડી ખેડૂતોને ખાતર માટે મળે છે. ટપક પદ્ધતિની વાત કરે છે. તમારે ત્યાં હતી ટપક પદ્ધતિ. પાણીની ચિંતા કરી હોત તો? ખેડૂતોની ચિંતા કરી હોત તો. હું રેકર્ડ બતાવું કે બીલો ફાટીને ટપક સિંચાઇ પદ્ધતિ વેચાઇ જતી હતી. આજે મારા વિસ્તારમાં આવો તમને ટપક પદ્ધતિ બતાવીએ. એક એક ખેડૂતના ખેતરમાં ટપક પદ્ધતિ દેખાય છે. તે ગુજરાત સરકારે કરી છે અને અમારા આદરણીય શ્રી નીતિનભાઇએ  આ વખતે બજેટની અંદર પણ જોગવાઇ આ પ્રમાણે મૂકી છે. એક વર્ષના લાખ, દોઢ લાખ હેકટરમાં ટપક સિંચાઇ લાગુ કરીએ છીએ. તમારા દસ વર્ષમાં લાખ હેકટર પણ ન્હોતા થયા. આ એક એક વર્ષે લાખ, સવા લાખ હેકટર ટપક સિંચાઇ લાગુ કરીએ છીએ. તેના માટે રૂપિયા એક હજાર કરોડનું બજેટ મૂકયું છે. આ નાનો વિષય નથી. ઇન્ટરેસ્ટ સબસિડી આપીએ છીએ. કોઇ દિવસ તમે  આપી છે? ભારતીય જનતા પાર્ટીએ આપી છે. ઇનપુટ, પહેલી વખત આટલું સરસ મજાનું ઇનપુટ આપ્યું છે. હમણાં કૃષિમંત્રીએ ટૂલ્સમાં સબસિડી વધારવાની જાહેરાત કરી. ખેડૂતોની ચિંતા હોત તો એક જણ ઉભા જઇને એમ બોલ્યા હોત કે, સરસ મજાનું બિલ લાવ્યા છો અમે આવકારીએ છીએ. બોલ્યા, કેમ નહીં બોલ્યા? કારણ કે તમને એમ થયું કે અમારા મત ગયા, આજે અમે આ જાહેરાત કરી પણ આવી બાબતમાં પોઝિટીવ એટીટ્યુડ રાખવો જોઇએ અને પોઝિટીવ એટીટ્યુડ રાખશો, સારા સૂચનો કરશો અને અમારી જોડે જોડાશો તો પ્રજા તમને સ્વીકારશે નહીં તો પ્રજા પણ નહીં સ્વીકારે. ૬ હજાર રૂપિયા શ્રી નરેન્દ્રભાઇએ ડાયરેકટ ટ્રાન્સફર કર્યા. મને યાદ છે કે, દેવું માફ કરવા માટે આદરણીય ડો.મનમોહનસિંહજીએ જાહેરાત કરી અને કંઇ જ એમાંથી નીકળ્યું નહીં. એન.એસ.ટી.નો વધારો, મારી પાસે આંકડા છે કે, એન.એસ.ટી.માં કેટલો વધારો કર્યો છે અને કઇ કઇ વસ્તુઓ ટેકાના ભાવે

ખરીદી કરીએ છીએ. ટેકાના ભાવ મગફળીમાં રૂપિયા ૪૮૯૦, ડાંગર રૂપિયા ૧૭૫૦, બાજરી રૂપિયા ૧૯૫૦, મકાઇ રૂપિયા ૧૭૦૦, મગ રૂપિયા ૬૯૭૫, અડદ, તુવેર આ ખેડૂતો માટે નથી તો કોના માટે છે? આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. તમે કોઇ પણ વિષયની સબસિડી જુઓ, ૭૦૦૦ કરોડ રૂપિયા તો ફક્ત ઇલેક્ટ્રિસિટીમાં સબસિડી આપીએ છીએ. આ ઉપરાંત દર સાલ એકલા ખેડૂતો માટે ૧૮૦૦ કરોડ રૂપિયા તો વીજળીના કનેકશનો માટે આપીએ છીએ અને ખેડૂતો માટે માનનીય શ્રી અમિતભાઇ, શ્રી પરેશભાઇ, શ્રી જોષિયારા, શ્રી શૈલેષભાઇ, શ્રી વિરજીભાઇ, શ્રી બ્રિજેશભાઇ, શ્રી બળદેવભાઇ આ બધા નેતા બોલ્યા પણ કમનસીબે આ નેતાઓની સાંભળવાની ઇચ્છા ન હતી અને સાંભળવા રહ્યા હોત તો એમને ખબર પડી હોત કે, વર્ષ ૧૯૮૨માં શ્રી માધવસિંહભાઇ સોલંકી આ કાયદો લાવ્યા હતા એ કાયદામાં આપણે વર્ષ ૨૦૧૩માં થોડા સુધારા લાવ્યા અને અત્યારે વર્ષ ૨૦૧૯માં સુધારા લાવ્યા છીએ, આ સ્પષ્ટતા મારે કરવી હતી માનનીય અધ્યક્ષશ્રી. બીજુ, આની અંદર આજની તારીખમાં જ્યાં હકીકતમાં કેનાલ અને પાઇપ લાઇનમાં ડેમેજ કરશે એને જ આ ગુનો લાગે છે અને ડેમેજ કરે એટલે કે ઘણી બધી જગ્યાએ આપણે જોઇએ છીએ કે કેનાલ ડેમેજ કરવાના કારણે કેનાલ નબળી પડે છે અને એના કારણે પછી બાકોરું પડે છે અને એના કારણે પાણી ફૂટી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં બધા વિષય ઉપર વાત થઇ ગઇ ત્યારે મારે એટલું જ કહેવું છે કે તમે એમ કહ્યું કે, "મત લઇ લીધા" એટલે શું? મત લીધા એ જનતાએ આપ્યા છે અને જનતાએ એટલે આપ્યા છે અમે ખેડૂતોના પણ કામ કરીએ છીએ, સામાન્ય નાગરિકોના પણ કામ કરીએ છીએ, દરેક જ્ઞાતિના પણ કામ કરીએ છીએ અને એટલે જનતાએ મત આપ્યા છે. આજે જ્યારે બિલ લઇને આવ્યા છીએ એમાં બહુ જ વિગતવાર મેં માહિતી આપી છે ત્યારે માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ બિલને સંપૂર્ણ રીતે સંમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું કે, સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૩, સન–૨૦૧૯ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું કે, સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૩, સન–૨૦૧૯ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૩, સન–૨૦૧૯ના ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : કોઇએ ના નથી કીધી એમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બેઠા છે છતાં વિરોધ કરતા નથી,

અધ્યક્ષશ્રી : મતદાન દરમિયાન કોંગ્રેસ પક્ષના ચાર પાંચ માનનીય ધારાસભ્યશ્રીઓ હાજર છે.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા બાબતે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિની ભલામણ મુજબ આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ વિધેયકો ઉપરની વિચારણા તથા ત્યારબાદ છેલ્લાં દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થાય ત્યાં સુધી ગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ પૂરું ન થાય ત્યાં સુધી ગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

**સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૪**

**ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) ૨૦૧૯**

**ગુજરાત રાજ્યમાં અનઅધિકૃત રીતે અથવા વધુ પડતા પાણીનો ઉપાડ અટકાવવા, પાણી પુરવઠાની આંતરમાળખાકીય સુવિધાને નુકસાન થતું અટકાવવા અને ઘર વપરાશની પાણી પુરવઠા વ્યવસ્થાનું સંરક્ષણ કરવા તથા તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોને લગતું વિધેયક**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(પાણી પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૪, સન–૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક..

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સરકારશ્રીએ નાણાકીય જવાબદારી અંગે રજૂ કરેલ સુધારા બાબત

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર–ઉત્તર): માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ રજૂ કરવામાં આવેલ છે એમાં જે નાણાકીય જવાબદારી બતાવી છે એમાં એમ લખ્યું છે કે, રાજ્યના સત્તામંડળ દ્વારા અધિનિયમનો અમલ કરવાનો હોવાથી રાજ્યમાં નવી જગ્યાઓ ઉભી કરવાની કોઇ દરખાસ્ત નથી એટલા માટે આવર્તક કે

અનાવર્તક કોઇ ખર્ચ થશે નહિ, પણ આજે જે સુધારો સરકારશ્રીએ બહાર પાડ્યો છે એમાં જે સત્તામંડળ છે એ સરકારની પૂર્વમંજૂરી સિવાય કશું નહિ કરી શકે એમ કહ્યું છે, એનો અર્થ એ થયો કે સરકાર ઇન્વોલ્વ થઇ અને સરકારના અધિકારીઓ ઇન્વોલ્વ થયા એટલે સરકારનું ખર્ચ પડશે એટલે જે ગૃહમાં કહેવામાં આવ્યું છે કે ખર્ચ નહિ પડે, પણ પડવાનું છે એટલે ખરેખર આ બિલ ઉતાવળે રજૂ થયેલ છે જે થવું ન જોઇએ.

અધ્યક્ષશ્રી : સુધારા બાબતે શું કહેવું છે**?**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૪, સન ૨૦૧૯ના ગુજરાત ઘરવપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમની કલમ–૫ ના જે પેટા ખંડ નંબર–૩ બાદ નવો પેટા ખંડ નંબર–૪ ઉમેરવાનો સૂચવેલ સુધારો પુનઃ વિચારણા કરતાં હું રજૂ કરવા માગતો નથી.

અધ્યક્ષશ્રી **:** સુધારો રજૂ કરવામાં આવતો નથી એટલે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી, માનનીય મંત્રીશ્રી**.**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા**(**પાણી પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૪, સન–૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે. પહેલું વાચન માનનીય મંત્રીશ્રી, આપ વાંચો પ્રભારી મંત્રીશ્રી,

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૪, સન–૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી હવે બોલો,

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘરવપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક, ૨૦૧૯ હું ગૃહ સમક્ષ લઇને આવ્યો છું. હમણાં જ અહીંયાથી વાત થઇ તેમ પાણી એ કુદરતનો પ્રસાદ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઇને જે રીતે હું આવ્યો છું એના મુખ્ય ઉદ્દેશો છેવાડાના લોકો સુધી, છેવાડાના ગામ સુધી અને ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની સામાન્ય જનતા સુધી પીવાનું પાણી મળી રહે, પાણીના હક્કો સુનિશ્ચિત થાય. પીવાના પાણીના મૂળભૂત અધિકારો તેના જળવાય રહે જેના પર તરાપ મારવાનું કૃત્ય કરનારને રોકવામાં આવે, પીવાના પાણીની ચોરી કરતા અટકાવવા માટેના આવા મુખ્ય ઉદેશ્યો સાથે હું આ વિધેયક લઇને ગૃહ સમક્ષ આવ્યો છું. થોડાં સમય પહેલાં મને કચ્છમાં એક વિસ્તારમાં જવાનું થયું. એ ગામના લોકો જયારે મને મળ્યાં ત્યારે મને એવી વાત કરી કે અમને અહીંયા ટપ્પર ડેમ મારફતે તેમાં પાણી છે, પાઇપ લાઇન નંખાય ગઇ છે પણ વચ્ચે રસ્તામાંથી ગામડાંમાંથી જે પસાર થાય છે એના હિસાબે તે ગામના લોકોને પાણી મળતું નથી. એટલે મેં એમને પૂછયું કે તેનું કારણ શું ? એ ગામના બહેનોનો જવાબ એવો હતો કે રસ્તામાં જયાંથી પાઇપ લાઇન પસાર થાય છે તે પાઇપ લાઇનમાંથી અમુક માથાભારે તત્વો મારફતે તેમાંથી પાણીની ચોરી થાય છે એટલા માટે અમારા ગામ સુધી આ પાણી પહોંચતુ નથી. આ ઉપરાંત હું ઉત્તર ગુજરાતના થોડાં પીવાના પાણીના પ્રશ્ન અંગે પ્રવાસમાં ગયો હતો નજીકના સુરેન્દ્રનગર જિલ્લામાં મારે જવાનુ થયુ ત્યારે પણ અમુક વિસ્તારની અંદરથી આ જ વાત અને એટલુ જ નહીં પણ હું જયારે ભાવનગર જિલ્લાના પીવાના પાણી અંગે પ્રવાસમાં ગયેલો ત્યારે પણ આ જ વાત મારા ધ્યાન ઉપર આવી હતી. પીવાના પાણીની જે મુખ્ય પાઇપ લાઇનો છે બલ્ક પાઇપ લાઇન હોય કે વિતરણ કરતી પાઇપ લાઇન હોય એ પાઇપ લાઇનમાંથી જે રીતે પાણી પુરવઠા બોર્ડ તરફથી પાણી અપાય છે પણ રસ્તામાંથી એટલુ બધુ ચોરી થાય છે કે જેથી કરીને અમારા ગામ સુધી, અમારા નગર સુધી એ પાણી પહોંચતુ નથી. માનનીય અધ્યક્ષશ્રી, પાણી જીવન માટે આવશ્યક છે. પાણી માનવીની પાયાની જરૂરિયાતો અને સમાજના સામાજીક, આર્થિક વિકાસ માટે જરૂરી છે. ગુજરાત પરંપરાગત રીતે પાણીની અછત ધરાવતું રાજય છે અને વારંવાર દુષ્કાળનો સામનો પણ ગુજરાતને કરવો પડે છે. રાજયમાં પીવાનું પાણી પણ જુદી જુદી રીતે વિતરણથી અપાય છે તેના કારણે અનેક બીજી આવી સમસ્યાઓ પ્રજા સમક્ષ પાણી આપવાની વ્યવસ્થા સમક્ષ આવે છે. પાણીના મુખ્ય સ્ત્રોતો મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં સ્થિત છે. ત્યાંથી મોટાભાગે જયાં અછતનો વિસ્તાર છે એવા વિસ્તારોની અંદર ખાસ કરીને પીવાનું પાણી ત્યાં સુધી લઇ જવામાં આવે છે, પહોંચાડવામાં આવે છે. મુખ્યત્વે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પાણીની જરૂરિયાતને જોતાં સરકારે પાણીની વોટર ગ્રીડ બનાવેલ છે અને તેનો અમલ પણ થયો છે જેમાંથી પાણી મધ્ય ગુજરાતના બંધોમાંથી રાજયના ઉત્તર અને પશ્ચિમના સુકા વિસ્તારો સુધી પહોંચાડવાનું કામ આ વોટર ગ્રીડ મારફતે થાય છે. આ વિસ્તારના લોકો પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે પાણી પ્રાપ્ત કરે તે માટે, તેને મળી રહે તે માટે આ વોટર ગ્રીડની જે યોજના બનાવી છે અને તેના માધ્યમથી ત્યાં છેવાડાના સુસ્ક વિસ્તારો સુધી પીવાનું પાણી પહોંચે છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં પીવાના પાણીની સુરક્ષા ઉપલબ્ધ થઇ શકી છે. સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારો અને અછતગ્રસ્ત વિસ્તારો છે કે જયાં પીવાના પાણીની અછત નિયમિતપણે અછતની ઘટના ઘટી છે કે બને છે તેવા વિસ્તારોની અંદર અને કચ્છના ખાસ કરીને

* વિધેયક તા.૨૨મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નારાયણ સરોવર સુધીનુ જે પાણી પહોંચાડવા માટે ૨૫૦ મીટર એટલે લગભગ ૧૮૦ માળની ઉંચાઇ સુધી પીવાનું પાણી આ પાણી પુરવઠા યોજના મારફતે આ પમ્પીંગ કરીને લઇ જવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલુ જ નહીં પણ જયાં પમ્પીંગ સ્ટેશનો છે ત્યાંથી આ કચ્છના છેવાડાના વિસ્તારો કે જયાં ૪૩૦ કિલોમીટરના અંતર સુધી પાણી પહોંચાડવામાં આવે છે. આ વિસ્તારમાં કેનાલ, મોટી પાઇપ લાઇનો અને વિતરણ તેના મારફતે વ્યવસ્થા સહિત સેંકડો કિલોમીટરના ફેલાયેલા પાણીના વોટર ગ્રીડની વ્યવસ્થાને આ એને આભારી છે. માનનીય દેશના પ્રધાનમંત્રી તેમણે પણ એક મંત્ર આપ્યો છે અને સંકલ્પ કર્યો છે નલ સે જલ યોજના દ્વારા આગામી પાંચ વર્ષમાં દેશના ઘર ઘર સુધી નળ દ્વારા શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવું. માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયની અંદર પણ મોટાભાગના વિસ્તારોમાં ઘરે-ઘરે પાણી પહોંચાડવાનું કામ સફળતાપૂર્વક થઇ રહ્યું છે. રાજયના બાકીના ઘરોમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં પીવાનું પાણી મળી રહે એ માટે રાજય સરકારે નિર્ધાર કર્યો છે. ગુજરાત રાજય કાયમ પાણીની અછતવાળું રાજય છે. પાણીની અસમાન પ્રાપ્તિના કારણે પ્રશ્ન વધારે ગંભીર ન બને અને આ પરિસ્થિતિને નિવારવા માટે સૌરાષ્ટ્ર અને કચ્છ તથા ઉત્તર ગુજરાતના છેવાડાના ગામોમાં પીવાનું પાણી પહોંચાડવા માટે રાજય સરકારે અથાગ પ્રયત્નો કરે છે. આ પ્રયત્નોના ભાગરૂપે રાજયમાં પાણી પુરવઠા બોર્ડની સ્થાપના કરીને લગભગ ૩,૦૦૦ કિ.મી. જેટલી બલ્ક પાઇપલાઇન અને આ ઉપરાંત એક લાખથી વધુ કિ.મી.ની વિતરણ વ્યવસ્થા ગોઠવણી માટે પાઇપલાઇન પણ અહીંયા નાખવામાં આવી છે. આ વિતરણ વ્યવસ્થાને કારણે રાજયમાં લગભગ ૧૩,૦૦૦થી વધુ ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ૮,૦૦૦થી વધુ ગામડાઓને આ નર્મદાના સોર્સ આધારિત પાણી પહોંચાડવામાં આવે છે. લગભગ ૨૫૦ જેટલા શહેરોને પણ આ ગ્રીડ યોજના હેઠળ પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. રાજયમાં અવાર-નવાર અછતની પરિસ્થિતિ સર્જાય છે. છેલ્લા બે વર્ષથી રાજ્યના ઘણા વિસ્તારોમાં ઓછા અને અસમાન વરસાદને કારણે સ્થાનિક ડેમોમાં પાણી આવેલ નથી અને તે સંજોગોમાં નર્મદા કેનાલમાંથી સૌરાષ્ટ્રમાં જે જગ્યાએથી પાણી જાય છે એવું મુખ્ય-મથક ઢાંકીથી ૩૦૦ થી ૫૦૦ કિ.મી. સુધી પમ્પિંગ કરીને છેવાડાના ગામડા સુધીના વિસ્તાર સુધી પાણી પહોંચાડવાનું કામ પાણી પુરવઠા બોર્ડ કરી રહ્યું છે. પાણી પુરવઠાની આ યોજનામાં કંઇ વિક્ષેપ પેદા થાય કે ભંગાણ થાય તો તેની અસર છેવાડાના માણસને થતી હોય છે. કમનસીબે પાણી પુરવઠાની લાઇનોમાંથી અમુક વ્યક્તિ મારફત તોડફોડ કરી ઇરાદાપૂર્વક આવો વિક્ષેપ ઊભો કરવામાં આવે છે. પાણીનો વપરાશ બિન રહેણાંકના હેતુસર પણ કરવામાં આવે છે. પાણી વિતરણની આ વ્યવસથામાં આવી ગતિવિધિઓને કારણે છેવાડાના શહેર, ગામડા અને વિસ્તારમાં પાણી પહોંચાડવા માટે પાણી પુરવઠા તંત્રને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અમુક ગણ્યાં-ગાઠ્યાં લોકોના કારણે છેવાડાના ઘણા લોકોને પીવાના પાણીથી વંચિત રહેવું પડે છે. આ વિધેયકના દાયરામાં ખાસ કરીને ગ્રામ પંચાયત, નગરપાલિકાઓ, કોર્પોરેશનો તેમજ પાણી પુરવઠા તંત્ર અને બોર્ડ કે ગુજરાત વૉટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરેને આમાં સામેલ કરવામાં આવ્યા છે. પાણી વિતરણ વ્યવસ્થામાં અનુશાસન જાળવવા માટે પાણી વિતરણ વ્યવસ્થામાં તેના છેલ્લા વપરાશકર્તા સુધી નિયમિત રીતે પાણી પહોંચે તે ખૂબ જરુરી છે. પાણીને છેલ્લા વપરાશકર્તા સુધી વ્યવસ્થિતિ રીતે પહોંચાડવા માટે ગામ અથવા શહેરની અંદર પણ વિતરણ વ્યવસ્થા ગોઠવવી પણ ખૂબ જરૂરી છે. દુર્ભાગ્યે પાણીના કેટલાંક વપરાશકર્તા પાણીની પાઇપલાઇનમાંથી ગેરકાયદેસર પાણી ખેંચે છે અથવા ગેરકારયદેસરના જોડાણમાંથી વધુ પાણી ખેંચે છે. એવા કિસ્સાઓ પણ આપણા ધ્યાન ઉપર આવ્યા છે. પાણી વિતરણ વ્યવસ્થાને દૂષિત કરવામાં પણ આવે છે. ઘણી વખતે ક્યાંક ગટરનું પાણી પાઇપ લાઇનમાં ભળી જાય અને પાણીમાં પ્રદૂષણ ફેલાય એવો પ્રયત્ન પણ અમુક ઇસમો મારફત થતો હોય છે. નુકસાન થાય, ચેડાં થાય અને પાણીનો નિયમિત પુરવઠાની વ્યવસ્થાને ખૂબ માઠી અસર ઊભી થાય છે. આવી પરિસ્થિતિમાં છેલ્લાં વપરાશકર્તાની પાણીની ઉપલબ્ધતા ઘટે અને તે પાણીની સુરક્ષાથી વંચિત રહે છે. આવી પરિસ્થિતિ પાણી વિતરણ વ્યવસ્થાની સામાન્ય પ્રણાલીમાં વિક્ષેપ ઊભો કરે છે. પાણી સુરક્ષામાં વિક્ષેપ ઊભો કરે તેવા પ્રકારની પ્રથાઓને કાબૂમાં લેવા માટે મજબૂતાઇથી પગલાં લેવા માટે, ઘરેલુ પાણી પુરવઠાના રક્ષણ માટે કાયદો ઘડવા માટે અમે નિર્ધાર કર્યો છે. આ વિધેયક કોઇ પણ એક વ્યક્તિ જે પાણી વિતરણ વ્યવસ્થાને નુકસાન કરે, ચેડાં કરે અથવા ગેરકારદેસર પાણી ખેંચે તેવી પ્રવૃત્તિ કરતાં લોકોને રોકવા માટે શિક્ષા કરવા માટેનું આ વિધેયક અમે લઇને આવ્યા છીએ. આવી પ્રવૃત્તિઓને રોકવા માટે દંડ અને ગેરકાયદેસર પાણી ખેંચવાના કારણે પાણી વિતરણ સત્તા મંડળોને થતાં નુકસાનની વસૂલાતની જોગવાઇ પણ આમાં કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ ૨:૩૦ થી ૩:૧૫)**

**સભાપતિ ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરી રહ્યો હતો કે પીવાના પાણી સાથે જે રીતે કયાંક પાઇપ લાઇન સાથે બલ્ક પાઇપ લાઇન હોય કે વિતરણની પાઇપ લાઇન હોય કે પીવાના પાણી માટેનો સોર્સ હોય કે પીવાના પાણી જયાં જતાં હોય ત્યાં કેનાલનો ભાગ હોય એવા ભાગ ઉપરથી પાણીની ચોરી થાય છે. આ રીતે પીવાના પાણીની આખી વ્યવસ્થા ખોરવવાનો પ્રયત્ન થાય છે એને રોક લગાડવા માટે છેવાડાના માનવી સુધી કે છેવાડાના ગામ સુધી કે શહેર કે નગર સુધી એના મુળભૂત અધિકાર મુજબ પીવાનું પાણી મળી રહે તેવા ઉદ્દેશ સાથે આ વિધેયક દ્વારા વાત કરી રહ્યો

છું. કોઇપણ વ્યકિત પાણી વિતરણ વ્યવસ્થાને નુકસાન કરે ચેડા કરે અથવા ગેરકાયદેસર પાણી ખેંચવાનો પ્રયત્ન કરતા લોકો માટે આ શિક્ષા માટેનું વિધેયક ગૃહ સમક્ષ લઇને આવ્યો છું. જે ખાસ કરીને પીવાના પાણી સાથે ઘણી વખત જોઇએ છીએ કે જે મુખ્ય લાઇન હોય કે બલ્ક લાઇન જયાં પસાર થતી હોય એમાંથી કયાંક કયાંક એવા તત્વો એની સાથે ચેડાં કરીને તોડફોડ કરીને વાલ તોડવાનો પ્રયત્ન કરે, એર વાલ તોડીને પાણી ચોરી કરતા હોય છે. કયાંક પીવાના પાણી સિવાય કોમર્શીયલ ઉપયોગમાં પીવાનું પાણી લેતા હોય છે એના લીધે પીવાના પાણીની વ્યવસ્થા ખોરવાય જતી હોય છે. સત્તા મંડળોમાં પંચાયત વિસ્તાર હોય તેવા વિસ્તારોમાં ઘણી વખત ગામડાંમાં જઇએ ત્યારે ફરિયાદ મળે છે કે અમારા છેવાડાના ગામને કે અમારા ગામના છેવાડાના ઘરને પાણી મળતું નથી. શરૂઆતમાં થોડા ઘર હોય ત્યાં મોટર મૂકીને કે જે કેપેસિટીનું જોડાણ આપ્યું હોય એનાથી વધારે કેપેસિટીનું જોડાણ પાઇપ લાઇનમાં લઇને પાણી લેતા હોય છે એના લીધે છેવાડાના ઘર સુધી પાણી પહોંચતું નથી. એવી જ રીતે નગરપાલિકા વિસ્તાર હોય કે મહાનગરપાલિકા વિસ્તાર હોય એમાં વિતરણની પાઇપ લાઇન સાથે જોડાણ કરીને અનઅધિકૃત રીતે જોડાણ લઇને પીવાના પાણીની ચોરી કરતાં હોવાને લીધે છેવાડાના ઘર સુધી પાણી પહોંચી શકતું નથી એવી તો છેલ્લા છ મહિનામાં અનેક ફરિયાદો મળી હતી. ખાસ કરીને આ ઉનાળામાં આવી ઘણી બધી ફરિયાદ મળી હતી. કયાંક મેઇન પાઇપ લાઇન હોય એને નુકસાન કરીને કે એને લીકેજ કરીને પાણીની ચોરી કરીને ખેતરો સુધી પાણી લઇ જાય છે અને મોટા પ્રમાણમાં વેડફાય છે એના લીધે જયાં જરૂરિયાત છે ત્યાં પાણી મળતું નથી. એટલે એમાં રોક લગાડવા અને આ ચોરીને અટકાવવા અને જેને પાણી નથી મળતું એના સુધી પહોંચાડવા માટે આ બિલ લઇને આવ્યો છું. ઘર વપરાશ માટે પીવાના પાણીના સંરક્ષણ માટે જોગવાઇ થાય અને સાથે સાથે આ અવ્યવસ્થા ઉભી થાય છે એ અટકાવવા રોક લાગે એવા ઉદ્દેશ સાથે આ બિલ આપની સમક્ષ લઇને આવ્યો છું. એ પીવાના પાણીમાં થતી ચોરી એને અટકાવવા માટે બિન કાયદેસર અનઅધિકૃત પાણી લેવાય છે એને રોક લગાડવા માટે આ બિલ હાઉસ સમક્ષ લઇને આવ્યો છું.

આ વિધેયકની અંદર થોડીક કલમની જોગવાઇ છે એના અંગે પણ ટૂંકમાં આપની અનુમતિથી કરું છું. આ વિધેયકની અંદર જે ખાસ કરીને ૧ થી ૨૭ કલમોની જુદી જુદી જોગવાઇઓ છે, જે પાણી ચોરી કરતા હોય કે એની સાથે ચેડાં કરતા હોય એના માટે જરૂરી જોગવાઇઓ અને એની સાથે સાથે કોની જવાબદારી અને એના માટે કોણ જવાબદાર છે એના માટેની વિસ્તૃત અલગ અલગ કલમોમાં જોગાઇઓ કરી છે, તે હું આપની અનુમતિથી આ હાઉસમાં મૂકવા માગું છું. કલમ-૧માં ખાસ કરીને જે સંજ્ઞા અને વ્યાપ્તિ અને આરંભની જોગવાઇઓ સાથે એટલે આ ઉદ્દેશ અને તેની સાથે સાથે જે સંજ્ઞાઓ આપેલી છે. તેના કેટલા વર્ડઝ આપ્યા છે તેની વિસ્તૃત વિગતો સાથે કલમ-૧માં એની જોગવાઇ છે. કલમ-૨માં અધિનિયમમાં ઉપોગમાં વપરાયેલા અમૂક શબ્દોની જોગવાઇઓ પણ કરી છે. કલમ-૩માં ઘર વપરાશના હેતુ માટે વપરાશ કરતાને પાણી પૂરું પાડવા માટે જાહેર પાણી વિતરણ સત્તા મંડળ દ્વારા ગોઠવવામાં આવેલ પાણી વિતરણ વ્યવસ્થાની જોગવાઇ કરી છે. કલમ-૪માં સ્થાનિક સત્તા મંડળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને ગુજરાત ઇન્ફ્રાસ્ટકચર લિમિટેડ દ્વારા રાજયને સંબંધિત સત્તા મંડળની હકુમતના ક્ષેત્રમાં દા.ત. પંચાયત હોય તો તેના હકુમતના ક્ષેત્રમાં, નગરપાલિકા હોય તો તેના હકુમતના ક્ષેત્રમાં, મહાનગરપાલિક હોય તો તેના હકુમતના ક્ષેત્રમાં. ખાસ કરીને જીડબલ્યુઆઇએલ અને જીડબલ્યુએસએસબી એના હુકમતના ક્ષેત્રમાં જે જાહેર વિતરણ વ્યવસ્થા છે એની જોગવાઇઓ કરી છે. રાજય સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવેલ તેવી કોઇ એજન્સી દ્વારા કોઇ જાહેર પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવાની જોગવાઇ પણ આમાં કરી શકશે. કલમ-પમાં જાહેર પાણી વિતરણ સત્તા મંડળની સત્તા એની કાર્યની જોગવાઇ જે મુખ્યત્વે પાણીના સ્ત્રોતની પ્રાપ્તિ અને વિકાસ પાણીની ફાળવણી વિતરણ વ્યવસ્થા નિર્માણ, ડિઝાઇન, અમલ સંચાલન અને જાળવણી, પાણીની કક્ષા પાણી પુરવઠાના પ્રોજેકટમાંથી પાણીની ચોરી, દૂરપયોગ અને તેનો બગાડ થતો અટકાવવો, અને તેના કારણે થતું નુકસાન અને ગેરકાયદેસર રીતે પાણી ખેંચાતું અટકાવવા માટે સંબંધિત જોગવાઇઓ આ કલમ-૫ માં છે. કલમ-૬માં જાહેર પાણી વિતરણ સત્તા મંડળે પાણીના સ્ત્રોતમાંથી પાણી અનામત રાખવા માટે રાજય સરકારને કરવાની અરજીની જોગવાઇ કરે અને તેનાથી એની મુદત જે તે એવા સત્તા મંડળો માટે પાણીના સ્ત્રોતોને અનામત રાખવા તેમજ સ્ત્રોતમાંથી ફાળવણી માટેની સત્તા માટેની જોગવાઇ પણ કલમ-૬ માં કરવામાં આવી છે. કલમ-૭માં આ સંબંધિત સત્તા મંડળ દ્વારા કરવામાં આવેલ નિયમો અને વિનિયમો અથવા પેટા કાયદા હેઠળ નિર્દિષ્ટ થયેલ શરતોને આધીન સ્થાનિક સત્તા મંડળ દ્વારા પાણી કનેકશન મંજૂર કરવા રીત બાબતની જોગવાઇ પણ કરી છે. કલમ-૮માં જે જગ્યાએથી જાહેર પાણી સત્તા મંડળે પાણી ખેંચવા માટે અધિકૃત કરવામાં આવી હોય તેવા પાણીના સ્ત્રોત પર પાણીના મિટર મૂકવાની જોગવાઇ પણ આમાં કરી છે. એનાથી સત્તા મંડળ દ્વારા વપરાશ કરતા પાણીનું મિટર પૂરં પાડવાની પણ કલમ-૮માં જોગવાઇ કરી છે. કલમ-૯ આ કલમથી ઘર વપરાશ હેતુ માટે પાણીના સ્ત્રોતની માલિકી ધરાવનાર સત્તા મંડળે અને જાહેર પાણી વિતરણ સત્તા મંડળે નિયત કરેલ પાણી વિતરણ વ્યવસ્થા માટે પાણીનું ઓડિટ કરવાની પણ આ કલમમાં જોગવાઇ છે. કલમ-૧૦માં પાણીનો ઉપયોગ, નુકસાન, જાહેર પાણી વિતરણ વ્યવસ્થા એની સાથે ચેઢાં પાણીના પ્રમાણ માપવાના સાધનો સાથે ચેઢાં કરવાં, અનઅધિકૃત રીતે પાણીને ખેંચવું, ચોરી કરવી,પાણીને બીજે વાળવું, દખલગીરી કરવી વગેરે જેવા આ પાણી વિતરણ વ્યવસ્થા સાથે સંબંધિત કોઇ વ્યકતિ દ્વારા કરવામાં આવેલ આવા અમૂક કૃત્યોને પ્રતિબંધિત કરવા તેની જોગવાઇ પણ કલમ-૧૦માં કરવામાં આવી છે. આની પહેલાં હાઉસમાં ઘણા બધા મારા મિત્રોએ વાત કરી કે સિંચાઇના માટે અમૂક અધિકારીઓ જવાબદાર હોય છતાં એમની સામે કોઇ પગલાં લેવાતાં નથી, અમે આ પાણી પુરવઠા વિભાગના બિલની કે વિધેયકની અંદર કલમ-૧૧માં એ પણ જોગવાઇ કરી છે. જે કોઇ અધિકારી કે પદાઅધિકારી આમાં

સંડોવાયેલા તેના પર પણ પગલાં લેવા જવાબદાર ગણવા માટે આ વિધેયકની કલમ–૧૧માં જોગવાઇ કરી છે. કલમ–૧૨ સત્તા મંડળના કોઇ કર્મચારી, અધિકારી કોઇ અધિકૃત વ્યકતિને ખર્ચો બચાવવામાં કોઇ પણ વ્યકતિ અવરોધ કે દખલગીરી કરશે નહીં અને તેના માટેની શિક્ષાની જોગવાઇ પણ આમાં કરવામાં આવી છે. કલમ–૧૩ સત્તા મંડળના અધિકૃત અધિકારીને એમ માનવાને કારણ હોય કે આ અધિનિયમ અથવા નિયમો હેઠડની જોગવાઇનું ઉલ્લંઘન કરીને કોઇ પ્રવૃતિ થયેલ છે અથવા થઇ રહી છે તો સતા મંડળ જેને પાણી પૂરું પાડતું હોય તેવી ઇમારતોનું પરીક્ષણ પણ જપ્તિ પણ કરી શકશે, તપાસ પણ કરી શકશે, એના માટેની જોગવાઇ પણ આમાં કરી છે. વપરાશકર્તાએ અથવા કોઇ વ્યક્તિએ કલમ ૧૦ હેઠળ ગુનો કરેલ હોવાનું જણાઇ આવે તો તેનો પાણી પુરવઠો કાપી નાખવા માટેની સત્તા કલમ ૧૩માં કરવામાં આવી છે. કલમ ૧૪, એમાં કલમ ૧૦ ની પેટા કલમ–૧ ના ખંડ–૫ અથવા ખંડ–૬ની જોગવાઇનું ઉલ્લંઘન કરીને કોઇ વ્યક્તિએ કરેલ હાનિ અથવા નુકસાનીની આકારણી માટેની જોગવાઇ પણ કરેલ છે. તે અંગેનો રિપોર્ટ રજૂ કરવાની જોગવાઇ પણ કરી છે. સત્તા મંડળને વસૂલાતની જોગવાઇ આ કલમ નં. ૧૪માં કરેલ છે. એમાં વસૂલાતમાં જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની પણ જોગવાઇ છે. કલમ–૧૫, આકારણી અધિકારીએ પસાર કરેલ નુકસાનીની વસૂલાત અંગેના હુકમ વિરૂદ્ધ એપેલેટ અધિકારીને અપિલ રજૂ કરવા માટેની જોગવાઇ કરેલ છે. કલમ ૧૬, એપેલેટ અધિકારીના હુકમથી વિરૂદ્ધ અપિલ રજૂ કરવાની રીત છે અને તેના માટેની જોગવાઇ છે. કલમ ૧૭, રાજય સરકારના અધ્યક્ષ અને અન્ય સભ્યોના બનેલ વોટર એપેલેટ ઓથોરીટીની રચના માટેની જોગવાઇ કરી છે. એનાથી અધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂકની બોલીઓ અને શરતો માટેની અને અપિલના નિર્ણયની કાર્યરીતિ માટેની પણ આમાં જોગવાઇ કરીછે. કલમ ૧૮, સંબંધિત કલમમાં જણાવેલી શિક્ષાની બમણી રકમની ચૂકવણી કરી સત્તા મંડળે અથવા એવા અધિકૃત અધિકારીને ગુનાની માંડવાળ કરવા માટેની જોગવાઇ છે. હમણાં કેટલાક મિત્રો અહીં કહેતા હતા કે કાળો કાયદો છે, મારે આપને કહેવું છે કે, આમાં એવી પણ જોગવાઇ છે કે સામાન્ય માણસને આ એપેલેટ ઓથોરીટીમાં પોતે દંડ વસૂલ કરીને પણ છૂટા કરવા માટેની જોગવાઇ કરેલ છે. કલમ ૧૯, સિવિલ કોર્ટની હકુમતની બહાર બીજા કાયદા પર અધિનિયમની સર્વોપરી અસર અને ગુનાની ન્યાયિક નોંધ માટેની જોગવાઇ આ કલમ ૧૯માં કરેલ છે. કલમ ૧૯, ૨૦ અને ૨૧માં ત્રણેમાં કરેલ છે. કલમ ૨૨, એવી જોગવાઇ કરી છે કે રાજય સરકાર ગુજરાત હાઇકોર્ટના પરામર્શમાં રાજપત્રમાં જાહેરનામાથી ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ અથવા મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની એક અથવા તો એનાથી વધુ કોર્ટ આ અધિનિયમ હેઠળના ગુનાઓની ઝડપી તપાસ કરી શકે તે માટે ઝડપી તપાસ કરવા માટેની મુકરર કરેલી તારીખ માટેની પણ આમાં જોગવાઇ કરેલ છે. કલમ ૨૩, રાજય સરકારની રાજયપત્રમાં જાહેરનામાંથી એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવેલ એવી બાબતમાં એવી બોલીઓ અને શરતોને આધિન રહીને નિયમો કરવાની સત્તા સિવાયની પોતાની સત્તાઓ પૈકીની કોઇ સત્તા બોર્ડને સોંપવા માટેની જોગવાઇ પણ આમાં કરેલ છે. કલમ ૨૪, અધિનિયમની જોગવાઇનો અમલ કરાવવા માટેની પોતાને યોગ્ય લાગે તેવા આદેશો સ્થાનિક સત્તા મંડળોને અથવા તો બોર્ડને આપવાની રાજય સરકારની સત્તાની જોગવાઇ પણ આમાં કરી છે. કલમ ૨૫, અધિનિયમના અમલની ૩ વર્ષની મુદતની અંદર કોઇ મુશ્કેલી દૂર કરવા અથવા તો અધિનિયમના ઉદેશો અને હેતુઓને સંગત ન હોય તેવું પોતાને જરૂર જણાય અને ઇષ્ટ જણાય તેવું કંઇ પણ હુકમથી કરવાની રાજય સરકારની સત્તાની જોગવાઇ પણ કરવામાં આવી છે. કલમ ૨૬, શુદ્ધ બુદ્ધિથી કરેલા કાર્યો માટે સામાન્ય ક્ષતિ પૂર્તિ માટેની પણ જોગવાઇ કરેલ છે, આમાં કોઇએ ઇરાદાપૂર્વક નહીં પણ જાણ્યે અજાણ્યે કોઇ ભૂલ થઇ ગઇ હોય તો તેને સુધારવા માટે અને પૂર્તિ કરવા માટેની, એને માફી કરવા માટેની પણ આમાં જોગવાઇ કરી છે. કલમ ૨૭, રાજય સરકારને સામાન્ય રીતે અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે ખાસ કરીને પેટા કલમ–૨ માં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે નિયમો કરવાની સત્તા પણ આમાં છે. આ જે કલમોમાં જોગવાઇ કરી છે એમાં ખાસ કરીને સામાન્ય માણસ, જે છેવાડાનો માણસ હોય, આર્થિક નબળો માણસ હોય, તેમનાથી જાણ્યે અજાણ્યે કાયાંય એવી ભૂલ થઇ ગઇ હોય તો તેને માફી કરવા માટેની પણ આમાં અપીલ ઓથોરીટી, થોડો દંડ વસૂલ કરીને ઓથોરીટી મારફતે માફ કરવા માટેની જોગવાઇ પણ કરવામાં આવી છે. આની સાથે સાથે ફરી હું એટલા માટે કહું કે જે કંઇ કલમોની જોગવાઇ કરી છે તેની સાથે જે કંઇ નાની મોટી દંડ અને સજાની જોગવાઇઓ છે એ પણ હું આપના મારફતે હાઉસના ધ્યાન ઉપર મૂકવા માગું છું. પાણીનો ઉપાડ કરવામાં આવેલ પાઇપ લાઇન, જોડાણનો પ્રકાર, ગમે તેને ગમે તેવો દંડ નથી આપી દીધો. તેણે કયા પ્રકારનું જોડાણ લીધું છે અધિકૃત કે અનઅધિકૃત, કાયદેસર લીધું છે અને એમાં વધારાનું પાણી ખેંચે છે, કે ત્યાં મોટર મૂકી ને ખેંચે છે, ત્યાં પોતે બિન કાયદેસર પીવાના પાણી માટે ખેંચે છે? અથવા તો ઇન્ડસ્ટ્રીયલ કે ઉદ્યોગના હેતુ માટે , કોઇ હોટલ કે રેસ્ટોરન્ટ કે કોમર્શીયલ હેતુ માટે વાપરે છે કે કેમ આ બધું ધ્યાનમાં રાખીને પાઇપની સાઇઝને ધ્યાનમાં રાખીને એ પ્રમાણે દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. તેની જોગવાઇઓ પણ આ રીતે કરેલી છે કે તેણે ફરી વખત કદાચ જાણ્યે અજાણ્યે આવું થઇ ગયું હોય તો તેને માફી, અપીલ, એપેલેટ ઓથોરિટી દંડ વસૂલ કરીને જેમ આર.ટી.ઓ.વાળા છે, કયાંક વાહન પકડાયું હોય અને એમ લાગે કે આને ૧૦૦ રૂપિયાની પહોંચ આપીને એને જવા દેવા છે. તો એવી જોગવાઇઓ પણ આ કાયદામાં છે. જેથી કરીને સામાન્ય માણસને પણ કયાંય મુશ્કેલી ન પડે અને તેના પોતાના પીવાના પાણી માટેના મૂળભૂત હક્કો જળવાઇ રહે તેવા ઉદ્ધેશ સાથે આ કાયદો લઇ આવ્યા છીએ. ત્યારે હું દંડની જોગવાઇ એ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. પાણીનો ઉપાડ કરવામાં આવેલ પાઇપલાઇન. જોડાણનો પ્રકાર. પાણીનો વપરાશ, જોડાણ કરતી

પાઇપલાઇનના માપના આધારે અનધિકૃત પાણીના જોડાણ માટેના ગુનાનો પ્રકાર અને શિક્ષા માટેની જોગવાઇઓ છે. તેમાં ગુના અને શિક્ષાનો પ્રકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી ખેંચવામાં આવે તે પાઇપલાઇન એટલે કે વિતરણ કરતી હોય તેવી પાઇપલાઇન. દા.ત. નગરપાલિકાની બાજુમાંથી ગામમાંથી પસાર થતી વિતરણ માટેની પાઇપ લાઇન હોય. ઘરજોડાણ આપે તો જોડાણ માટેની પાઇપ લાઇન ગણાય. ત્યાંથી વિતરણ માટેની પાઇપ લાઇન પસાર થતી હોય તો એવી પાઇપ લાઇનમાંથી નક્કી કરેલું પાણી ખેંચવામાં આવે તે પાઇપ લાઇન એટલે કે વિતરણ પાઇપ લાઇનના જોડાણ અને રહેણાંકના સમુહનું જોડાણ જો રહેણાંકના વપરાશ તરીકે તેનો ઉપયોગ થતો હોય અને નિયમિત જોડાણ. એની સાઇઝ હોય એ નિયમિત સાઇઝ પ્રમાણે એ જોડાણ હોય અને અનધિકૃત રીતે પાણી જો ખેંચવામાં આવે તો તેને ૩૦૦૦થી ઓછો દંડ લઇને પણ તેને માફ કરવામાં આવે. પાણી ખેંચવામાં આવે તે પાઇપલાઇન એટલે કે વિતરણ પાઇપ લાઇનના જોડાણ. રહેણાંકનું જોડાણ અને રહેણાંકના સમુહનું જોડાણ. જો રહેણાંકના વપરાશ તરીકે તેનો ઉપયોગ થાય અને નિયમિત જોડાણની સાઇઝ કરતા વધારે જોડાણ લીધું હોય. દા.ત. એકની પાઇપ લાઇનનું જોડાણ લીધું હોય કાયદેસર અને દોઢનું પાણી ત્યાં વાપરતા હોય તો તેના માટે રૂપિયા ૫૦૦૦થી વધુ નહીં તેટલો દંડ લઇને તેને માફ કરવામાં આવે. રહેણાંકના જોડાણ સિવાયના જોડાણ. દા.ત. કોમર્શિયલ જોડાણ. પીવાના પાણી સિવાય તેનો ઉપયોગ થતો હોય. ત્યાં રહેણાંકના વપરાશ સિવાયનો વપરાશ થતો હોય અને નિયમિત જોડાણની સાઇઝમાં અનધિકૃત રીતે પાણી ખેંચવામાં આવતું હોય તો તેને ૫૦૦૦થી વધુ નહીં તેટલો દંડ વસૂલ કરીને માફ કરવામાં આવે. રહેણાંકના જોડાણ સિવાયના જોડાણ. રહેણાંકના વપરાશ સિવાયનો વપરાશ હોય. નિયમિત જોડાણની સાઇઝ કરતા મોટું જોડાણ લઇ લીધેલું હોય તો તેના માટે રૂપિયા ૨૦,૦૦૦ સુધીના દંડની જોગવાઇ છે. તેની સાથે સાથે જે પાણી ખેંચવામાં આવે છે તે પાઇપ લાઇન  મોટી પાઇપ લાઇન હોય. પસાર થતી હોય અને દા.ત. રેસ્ટોરન્ટ, હોટલ વાળો હોય કે કોઇ ખેડૂત હોય અથવા તો બીજા કોઇ પણ વ્યક્તિ બલ્ક પાઇપલાઇન એટલે કે ૩૦૦ મિલીમીટર કે એથી મોટા ડાયામીટરવાળી પાઇપ લાઇન હોય તેમાંથી બિન કાયદેસર જોડાણ લઇ લે એવા લોકો છે જે બલ્ક પાઇપલાઇન સાથે ચેંડા કરે છે. રહેણાકનું જોડાણ અને રહેણાંકના સમુહનું જોડાણ. એટલે કે ઓછામાં ઓછા ચાર કરતા વધારે. એવા રહેણાંકના સમુહનું જોડાણ. રહેણાંકના વપરાશ તરીકે હોય અને નિયમિત જોડાણની સાઇઝમાં અનધિકૃત રીતે પાણી ખેંચવામાં આવે તો તેની પાસેથી ૫૦૦૦થી વધુ નહીં તેટલો દંડ વસૂલ કરવા માટેની જોગવાઇ છે. રહેણાંકનું જોડાણ રહેણાંકના વપરાશ તરીકે હોય અને નિયમિત જોડાણની સાઇઝ કરતા મોટી સાઇઝથી પાણી ખેંચવામાં આવતું હોય તો તેની અંદર ૨૦,૦૦૦થી વધુ નહીં તેટલા દંડની જોગવાઇ છે. રહેણાંકના સમુહનું જોડાણ. દા.ત. સોસાયટીવાળા હોય, ચાર ઘર કરતા વધારે લોકો પાણીની ચોરી કરતા હોય અથવા તો જોડાણ લઇ લીધું હોય અને કોઇ પણ પ્રકારનો વપરાશ હોય, તેમાં નિયમિત જોડાણની સાઇઝમાં અનધિકૃત રીતે પાણી ખેંચવામાં આવે તો એક મહિના સુધીની કેદની સજા અથવા તો રૂ.૨૦,૦૦૦થી વધુ નહીં એટલો દંડ અથવા તે બન્ને. એ તો જે તે વખતે ઓથોરિટી નક્કી કરે તે પ્રમાણે દંડ વસૂલ કરવામાં આવે. આમાં રહેણાકના જોડાણ સિવાયના જોડાણમાં  એટલે કે જે હમણાં વાત કરી કે કોમર્શિયલ જોડાણ હોય અને કોઇ એનો ઉપયોગ કરતા હોય અને કોઇ સોસાયટીમાં સાઇઝ કરતા વધારે સાઇઝના માપનું પાણી ખેંચતા હોય અથવા લેતા હોય, રહેણાકના જોડાણ સિવાયના જોડાણમાં રહેણાંકના વપરાશ સિવાયનો વપરાશ તેમાં નિયમિત જોડાણની સાઇઝમાં અનઅધિકૃત રીતે પાણી ખેંચવામાં આવે તો એક મહિના સુધીની કેદની સજા અથવા રૂપિયા ૫૦હજારથી વધુ નહીં તેટલો દંડ અથવા આ બંન્ને દંડની જોગવાઇ આમાં છે. જો રહેણાંકના જોડાણ સિવાયના જોડાણ હોય અને એ ખાસ કરીને રહેણાંકના વપરાશ સિવાયના વપરાશકર્તા હોય તેમાં નિયમિત જોડાણની સાઇઝ કરતા મોટી સાઇઝનું અનઅધિકૃત રીતે પાણી ખેંચવામાં આવતું હોય તો ત્રણ મહિના સુધીની કેદની સજા અથવા એક લાખ સુધીનો દંડ અથવા તો તે બન્નેની જોગવાઇ આમાં કરવામાં આવી છે. જેનો સમાવેશ ઉપરના જે ૧ થી ૯ કલમોની વાત કરી એમાં ન થતો હોય તો તેવા લોકોને ગમે ત્યાં ચોરી ત્યાંથી નીકળતી પાઇપલાઇનમાંથી મન ફાવે એવી રીતે ચોરી કરતા હોય અને એવું કંઇ ધ્યાન પર આવીને પકડાયું હોય તો એના માટે બીજા કોઇ ગુનાના હિસ્સામાં વધુમાં વધુ ત્રણ મહિના સુધીની મુદતની કેદની સજા અથવા રૂ. એક લાખ સુધી વધુ નહીં તેટલો દંડ અથવા તે બંન્ને શિક્ષાની જોગવાઇ. કેટલાક લોકો નગરપાલિકા હોય, ગ્રામ પંચાયત હોય કે મહાનગરપાલિકા હોય વિતરણની પાઇપ લાઇન ઉપરાંતની પાઇપ લાઇનો સાથે ચેડા કરીને જોડાણની પાઇપ લાઇન સાથે ચેડા કરીને જોડાણની પાઇપલાઇન હોય, ઘરવપરાશ માટેની હોય તો કેટલાક લોકો એની સાથે મોટર મૂકીને પાણી વધારે ખેંચી લેતા હોય છે એવા ખાસ કરીને જોડાણના પ્રકાર છે એના ઉપરથી પાણીના વપરાશ અને જોડાણની પાઇપ લાઇન સાથે ચેડા છે કે નહીં તેને આધારે પાણીના અધિકૃત જોડાણમાંથી અનઅધિકૃત પાણીના ઉપાડ માટેના ગુનામાં પ્રકાર અને શિક્ષા માટેની જોગવાઇ. જોડાણ કરતી પાઇપ લાઇન સાથે ચેડા કર્યા વિના અનઅધિકૃત રીતે પાણી ખેંચવામાં આવે દા.ત. જે મોટર મૂકી હોય અને એમાં પાણી આવતુ હોય એના કરતા વધારે પાણી રહેણાંક માટેનું ખેંચી લેતા હોય એ ઉપરાંત રહેણાંકનું જોડાણ હોય અને રહેણાંકનો વપરાશ હોય તો રહેણાંકના વપરાશ કરતા વધારાનું પાણી ખેંચતા હોય તો રહેણાંકનો વપરાશ હોય તો રૂપિયા બે હજારથી વધુ નહીં તેટલો દંડ વસૂલ કરવામાં આવે છે. રહેણાંકના જોડાણ હોય તો તે સિવાયના જોડાણો, રહેણાંકના વપરાશ સિવાયના વપરાશ હોય તેમાં રૂપિયા ત્રણ હજારથી વધુ નહીં તેટલો દંડ વસૂલ કરવામાં આવે છે. જોડાણ થતી પાઇપ લાઇન સાથે ચેડા કરીને અનઅધિકૃત રીતે પાણી ખેંચવું અને જોડાણ કરતી પાઇપ લાઇન સાથે નિયમિત જોડાણની પાઇપ કરતા વધારાની મોટી સાઇઝની પાઇપ લાઇન સાથેનું જોડાણ કરેલ હોય તો રહેણાંકનું જોડાણ હોય અને રહેણાંકનો વપરાશ હોય તો

દા.ત. કોઇને અડધાની પાઇપ લાઇન હોય અને એકની પાઇપ લાઇનની સીધી મોટર મૂકીને પાણીની ચોરી કરતા હોય અને રહેણાંકનો વિસ્તાર હોય તો એના માટે રહેણાંકનો વપરાશ હોય તો તેમાં પાંચ હજારથી વધુ નહીં એટલો દંડ છે અને કોમર્શિયલ અથવા રહેણાંકના વિસ્તાર સિવાયનો ઉપયોગ થતો હોય તો રહેણાંકનું જોડાણ સિવાયના જોડાણમાં રહેણાંકનો વપરાશ સિવાયનો વપરાશ હોય તો રૂપિયા ૨૦હજારથી વધુ નહીં તેટલા દંડની જોગવાઇ છે. ખાસ કરીને આ વિધેયક લઇને આવ્યા છીએ એનો મુખ્યમાં મુખ્ય ઉદ્દેશ સામાન્ય માણસને પણ કયાંય મુશ્કેલી ન પડે અને જેને કહીએ પાણી ચોરવા માટે અથવા તો પાણી ગેરકાયદેસર અને અધિકૃત પાણી લેવા માટે ટેવાયેલા લોકો હોય, પાઇપ લાઇનને તોડવાનો કે પ્રોપર્ટીને તોડવાનો કયાંકને કયાંક પ્રયત્ન કરતા હોય અને છેવાડાના લોકોને પાણી ન મળે એના માટે આખી વ્યવસ્થા ખોરવવાનો જે પ્રયત્ન કરતા હોય એના માટે રોક લગાડવાનો, એને પણ એમ થવું જોઇએ કે આના માટે કોઇક જવાબદારી છે અને આના માટેની દંડ અને સજાની જોગવાઇ છે એવો ડર રહે અને એના કારણે પીવાના પાણી માટેની સમસ્યા ઉભી થાય છે એમાંથી આપણે સહેલાઇથી છેવાડાના ગામડા સુધી, છેવાડાના માણસ સુધી પછી ગ્રામ પંચાયત હોય, નગરપાલિકા હોય કે મહાનગરપાલિકા હોય કે અમારા કે અમારું GWIL અથવા GWS S હોય એમાં કોઇ વ્યવસ્થા ખોરવે નહીં અને પીવાનું પાણી છેલ્લે સુધી મળી રહે તે માટે હું આ વિધેયક લઇ આવ્યો છું. ખાસ કરીને મારા વિપક્ષના અને મારા સાથી સભ્યશ્રીઓને વિનંતી છે કે બધા સાથે મળીને પીવાના પાણીનો પ્રશ્ન છે એ બધા પાસ કરે તેવી વિનંતી સાથે આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મંત્રીશ્રી જે ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ વિધેયક ૨૦૧૯ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો પૂરો અભ્યાસ કર્યો છે. એની એકે એક કલમો મેં વાંચી છે. કોઇપણ નવા બાળકનો જ્યારે જન્મ થાય અને એ હોસ્પિટલમાં હોય અને જ્યારે પહેલું પાણી પીવડાવવાની વાત આવે ત્યારે કહે કે ફૈબાને બોલાવો અને ફૈબાને કહેવામાં આવે કે તમે આને પહેલું પાણી પીવડાવો. એવી જ રીતે કોઇ મૃત્યુના છેલ્લા શ્વાસ ઉપર હોય તો ઘરમાં ગંગાજળ પડ્યું ન હોય તો પડોશમાંથી લઇને ગંગાજળ મુખમાં મૂકવામાં આવે છે. જન્મથી મૃત્યું સુધી પાણીનું જે મહત્વ છે એ પાણીના મહત્વના ભાગરૂપે રાજ્ય સરકાર જે બિલ લઇને આવી છે એ બિલ રાજ્ય સરકાર કયા હેતુ માટે, કયા કારણસર આ બિલ લઇને આવી છે એ માનનીય મંત્રીશ્રી સમજાવવામાં સફળ થયા નથી અથવા તો હું સમજી શક્યો ન હોઉ એવું મને લાગે છે. એટલા માટે કે અહીંયા બેસીને પાટલી થપથપાવવી કે વાહ વાહ કરવી એ સ્વભાવિક છે કે કરવું પડે અને ખોટું નથી. અમે કંઇ બોલીએ એને વિરોધી અર્થમાં તમે લો કારણ કે અમે વિરોધ પક્ષમાં છીએ. પરંતુ પ્રજાને નુકસાન થવાનું છે એ વાત મૂકવાના પ્રજાએ અમને અધિકારો આપ્યા છે ત્યારે હું વાત કરી રહ્યો છું. શ્રી કુંવરજીભાઇ, પાણી પુરવઠાની યોજનાઓ અનુસાર તમે પાણી પહોંચાડી શક્યા હો અને પાણીનો ખોટી રીતે ઉપયોગ થતો હોય, દુરુપયોગ થતો હોય તો બિલ લાવ્યા હોત તો અમને આનંદ થાત. જે રીતે માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં કહી રહ્યા હતા, માનનીય મંત્રીશ્રી જ્યારે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા અને ભા.જ.પ.માંથી ચૂંટણી લડ્યા હતા ત્યારે જસદણ અને વિંછિયા તાલુકામાં હું ૫ દિવસ રોકાયો હતો. આખા ગુજરાતનું ચિત્ર મારે નથી કહેવું.

સભાપતિશ્રી : પોલિટિકલ ઓબ્ઝર્વેશન ન કરો. બિલ ઉપર બોલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર જ બોલું છું. પાણી માટેની રિયાલિટી છે એ સભાગૃહ સમક્ષ મૂકું છું. ૫ દિવસ જસદણ અને વિંછિયા તાલુકામાં રહ્યો છું. મંત્રીશ્રી પોતાના આત્મા ઉપર હાથ મૂકીને કહે કે ત્યાં પીવાના પાણીની શું વ્યવસ્થા છે એના ઉપરથી આખા ગુજરાતનો ચિતાર મળી જશે. અલગ અલગ કલમોને આધીન લગભગ ૨૭ જેટલી કલમોની આ બિલમાં જોગવાઇ કરવામાં આવી છે. મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં પણ કહ્યું કે નલ સે જલ, ખૂબ સારી વાત છે. પણ આ બિલ ઉપરથી એવું લાગે છે કે જલ સે જેલ. રાજ્યમાં પીવાના પાણી માટે રાજ્ય સરકાર જે ચિંતા કરી રહી છે કે ચોરી ન થવી જોઇએ એના માટેની થોડી આંકડાકીય માહિતી આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. વર્ષ ૨૦૧૧ મુજબ ઘરોની ગણતરી થઇ અને મોજણી કરાયેલ ઘરોની કુલ સંખ્યામાં ગ્રામ્યમાં ૯૨ લાખ ૯૩ હજાર ૨૪૦ અને શહેરોમાં ૮૨ લાખ ૩૦ હજાર ૭૯૦ એટલે કે કુલ ૧૭૫ લાખ ૨૪ હજાર ૦૩૦ ઘરોની સંખ્યા નોંધાયેલ છે. આ ઘરોમાં જે વસવાટ કરે છે એ વસવાટ ઘરોની સંખ્યા ગણીએ તો ગ્રામ્ય વિસ્તારમાં ૮૧ લાખ ૧૮ હજાર ૫૯૦ અને શહેરી વિસ્તારમાં ૭૦ લાખ ૨ હજાર ૩૨૩ ઘરોની સંખ્યા છે. એટલે કે કુલ ૧૫૧ લાખ ૨૦ હજાર ૯૧૩ લોકો આ ઘરોમાં વસવાટ કરે છે. આ ઘરોના કુટુંબની સંખ્યા જોઇએ તો ગ્રામ્યમાં ૬૭ લાખ ૬૫ હજાર ૪૦૩ કુટુંબો રહે છે. અને શહેરી વિસ્તારની અંદર ૫૪,૧૬,૩૧૫ કુટુંબો ઘરોમાં રહે છે. રાજ્યની અંદર ટોટલ એ ગ્રામ્ય વિસ્તાર હોય, શહેરી વિસ્તાર હોય આ વિસ્તારોની અંદર લગભગ ૧૨૧,૨૧,૭૧૮ જેટલા કુટુંબો આ ઘરોમાં રહે છે. રાજ્ય સરકારે પીવાના પાણીની જે ચિંતા કરી છે કે પીવાનું પાણી ૧૦૦% મહત્વનું છે. પીવાના પાણીનો બગાડ ના થવો જોઇએ એના માટે આપણા સૌની ચિંતા હોવી જોઇએ અને એ ચિંતાના ભાગરૂપે ગુજરાત રાજ્યની અંદર જે પાણીના ત્રોત વર્ગીકરણના આધારે ટોટલી જોવા જઇએ તો આ રાજ્ય અંદર ૨૨-૨૨, ૨૪-૨૪ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને સરકારને આધીન રાજ્ય સરકાર દ્વારા પીવાનું શુદ્ધ પાણી જે નળ દ્વારા પૂરું પાડવામાં આવે છે એના ત્રોત જો આપણે જોઇએ તો માનનીય મંત્રીશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં ૧૧,૨૮,૨૮૬ કટુંબો છે અને શહેરી વિસ્તારમાં ૩૭,૨૫,૫૩૩ છે આમ કુલ ૪૮,૫૩,૮૧૯ કુટુંબોને આ રાજ્ય સરકાર દ્વારા શુદ્ધ પીવાનું પાણી એ નળ દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ રાજ્યમાં ટોટલ

કુટુંબોની સંખ્યા કેટલી? ૧૨૧,૮૧,૭૧૮ અને આની સામે રાજ્ય સરકાર શુદ્ધ પાણી ફક્ત ૪૮,૫૩,૦૧૯ જણને જ પૂરું પાડે છે અને એને આધીન ૭૩,૨૭,૮૯૯ કુટુંબો એવા છે કે જે કુટુંબોને રાજ્ય સરકાર આજની તારીખમાં પણ પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડી શકતી નથી. સરકારની પહેલી ફરજમાં આવે છે કે પીવાનું પાણી પૂરું પાડવું જોઇએ. એ ગ્રામ પંચાયત હોય, તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય, નગરપાલિકા હોય, મહાનગરપાલિકા હોય, પંચાયતથી માંડીને કોર્પોરેશનમાં જે ટેક્સ આવે છે એ ટેક્સની અંદર પાણી વેરો લેવામાં આવે છે. પાણી વેરો ત્યારે લેવામાં આવે કે જ્યારે આપણે શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડી શકીએ. આજની તારીખ સુધીમાં ૭૩ લાખ કરતા વધારે કુટુંબોને ભારતીય જનતા પાર્ટીની સરકાર પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડી શકતી નથી. બીજું, પીવાનું પાણી ક્યાંથી આવે છે? ગુજરાતની પ્રજા બીજે ક્યાંથી પાણી પીવે છે? શુદ્ધ કરેલ સ્ત્રોતમાંથી નળ દ્વારા પાણી પીવે છે એવા કુટુંબોની સંખ્યા ૩૫,૫૪,૯૭૭ છે. આ રાજ્યમાં નળ સિવાય અન્ય સ્ત્રોત છે એ સ્ત્રોતમાંથી લોકો પીવાનું પાણીની જરૂર હોય એ ત્યાંથી લે છે. એવા સ્ત્રોતની વાત કરીએ તો ઢાંકેલા કૂવા હોય એ કૂવાઓમાંથી ૨,૮૯,૯૯૯ લોકો ઢાંકેલા કૂવામાંથી પાણી લે છે. આ રાજ્યમાં જે ખુલ્લા કૂવામાંથી પાણી લે છે એવા ૫,૮૩,૭૫૬ કુટુંબો એ ખૂલ્લા કૂવાઓમાંથી પીવાનું પાણી લે છે. ડંકી દ્વારા ૧૪,૧૫,૪૬૮ પરિવાર એ ડંકી દ્વારા પાણી લે છે. પાતાળ કૂવા દ્વારા ૧૧,૬૯,૯૭૦ કુટુંબો પાતાળ કૂવામાંથી પાણી લઇને ગુજરાન ચલાવે છે. ઝરણા છે, નદી છે, નહેર છે, ટાંકા, તળાવો, અન્ય સ્ત્રોતમાંથી લોકો અલગ અલગ પાણી લે છે. ઝરણા દ્વારા ૧૧૦૦૦ કુટુંબો, નદી નહેર દ્વારા ૪૧૦૦૦ કુટુંબો, ટાંકા, તળાવ, સરોવર દ્વારા ૨૭૦૦૦ કુટુંબો, અન્ય સ્ત્રોત દ્વારા ૨,૪૩,૬૩૩ કુટુંબો. મેં અભ્યાસ કર્યો. સામાજિક, આર્થિક સમીક્ષાને આધિન બોલી રહ્યો છું કે નળ દ્વારા શુદ્ધ પાણી, નળ દ્વારા શુદ્ધ ન હોય એવું પાણી, ઢાંકેલા કૂવા, ખુલ્લા કૂવા, ડંકી દ્વારા,પાતાળકૂવા, ઝરણા, નદી, નહેર, ટાંકા દ્વાર અને સરોવર દ્વારા પાણી છે આમાં અન્ય સ્ત્રોત કયો? માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગીશ કે આ અન્ય સ્ત્રોત દ્વારા આ રાજયના ૨,૪૩,૬૩૩ પરિવારો પીવાનું પાણી લે છે એ કયો અન્ય સ્ત્રોત છે એ માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં જણાવે. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે આ વખતના પાણી પુરવઠા વિભાગ દ્વારા કામગીરી અંદાજપત્ર વર્ષ ૨૦૧૯-૨૦માં ખૂબ સરસ ઉલ્લેખ કર્યો છે કે પીવાના પાણીના અભાવવાળા વિસ્તારો જયાં જમીન તળમાં પાણી ઉપલબ્ધ ન હોય જેવા કે કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, અન્ય વિસ્તારોના ડેમ, નર્મદા કેનાલનો ઉપરવાસ સ્થાનિક સોર્સમાંથી પૂરતું અને પીવાલાયક પાણી પૂરું પાડવાનો સરકારનો સંકલ્પ છે અને જેને પ્રાધન્ય આપવામાં આવે છે. રાજયના તમામ વિસ્તારોને પૂરતું પીવાલાયક પાણી પૂરું પાડવા માટે રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું અમલીકરણ કરવામાં આવે છે આના અનુસંધાનમાં પાણી પુરવઠા અને સ્વચ્છતા હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં પાણી પુરવઠા વિભાગ દ્વારા અલગ અલગ ૧૪ યોજના દ્વારા પાણી પૂરું પાડવાની રાજ્ય સરકારે પોતાના બજેટમાં વાત કરેલી છે. આ સમગ્ર રાજયની અંદર પાણી પુરવઠા પ્રભાગ દ્વારા ત્રણ અલગ અલગ એકમો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. ગુજરાત રાજ્ય પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા દ્વારા, જેમાં પાણી પુરવઠા યોજનાઓ, જળાશયો, કેનાલો, જૂથ પાઇપ યોજનાનો સમાવેશ થાય છે. બીજું, ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ દ્વારા કે જેમાં પાઇપ અને પમ્પીંગ સ્ટેશનો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. ત્રીજો સ્ત્રોત વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશન દ્વારા. આંતરિક પાણી પુરવઠા યોજના દ્વારા અલગ અલગ પાણી પુરવઠા યોજનાના અમલીકરણ મુજબ પાણી પૂરું પાડવામાં આવે છે. જે બિલ લઇને આવ્યા છે રાજ્ય સરકારે એની અંદર પીવાના પાણી માટે ૩,૪૦,૬૬૭ લાખ રૂપિયાની એમના બજેટમાં જોગવાઇ કરેલી છે. જયારે એ કહી રહ્યા છે કે પાણીમાંથી બલ્ક લાઇન જતી હોય તો મોટર દ્વારા પાણી ખેંચે તો એની ઉપર દંડ અને ગુનો કરવો જોઇએ. હું અમદાવાદ શહેરમાંથી આવું છું, કોર્પોરેશનમાંથી આવું છું. અમદાવાદ શહેર એટલે મોટામાં મોટી મહાનગરપાલિકા છે. કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા જયારે જયારે પણ કોઇ મોટર દ્વારા પાણી ખેંચે ત્યારે એ લોકો જે રેડ પાડે છે, તપાસમાં આવે છે ત્યારે મોટરો જપ્ત કરી લે છે જેથી કરીને એ લોકો આવી રીતે બીજીવાર મોટરનો ઉપયોગ ન કરે પણ આપણે જોઇએ કે જાહેર વોટર વર્કસ અનુસાર જે વીજળી વાપરવામાં આવે છે એમ કહેવામાં આવે છે કે મોટરથી પાણી ખેંચે છે એટલે એને દંડ કરીએ છીએ. રાજ્ય સરકાર જે વીજળી પેદા કરે છે એ વીજળી વપરાશમાં આપે છે એ વીજળીના ભાગરૂપે વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૮૦૬ મિલિયન યુનિટ એ જાહેર વોટર વર્કસમાં વપરાઇ. વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૯૩૪ મિલિયન યુનીટ વીજળી આ જાહેર મોટર વર્કસમાં વપરાઇ અને વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૧૩૪ મિલિયન યુનિટ વીજળી જાહેર વોટર વર્કસમાં વપરાઇ. પાણી પૂરું પાડવાના સ્ત્રોતના ભાગરૂપે નર્મદા કેનાલના સિસન મુજબ પણ પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગમાં બીજા વોટર રીસોર્સના જે પ્રોબ્લેમ થયેલા છે, જયાં ૮૯ની ક્ષમતા સામે આજે જે પરિસ્થિતિ પેદા થઇ છે. એ ફક્ત ૪૫ ટકા જ એ વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડી શકીએ છીએ. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ પણ ૩૧ મી જુલાઇએ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પ્રેસના સંબોધનમાં કહ્યું હતું કે નર્મદા કેનાલની સિસ્ટમ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. એ ગામની સંખ્યા ૧૬૫ છે. હાલમાં જે ૩૨ પ્રોજેક્ટો લઇને આવ્યા છીએ, એમાં ૨૦૬ કરોડની ફાળવણી સાથે ૧૪૨૩૨ નગરોનો સમાવેશ કરીને પીવાનું પાણી પાડી શકીશું. માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે આપ જ્યારે બિલ લઇને આવ્યા છો. પાણીની પાઇપલાઇન જતી હોય અને કોઇ હોલ કરે અને નાનો, મોટો સ્ત્રોત હોય કે અન્ય સ્ત્રોત હોય તો દંડની સજા છે. સજાની સજા છે. હું અમદાવાદ શહેરમાંથી આવું છું. અમદાવાદ શહેરનો ધારાસભ્ય છું. મારો વિસ્તાર દાણીલીમડા છે. મેં આ વખતે વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન પૂછયો હતો કે અમદાવાદ મહાનગરપાલિકાના ૪૮ વોર્ડમાં પાણી કેવી રીતે પૂરું પાડવામાં આવે છે? રાજ્ય સરકારે એના જવાબમાં જણાવ્યું હતું કે અમદાવાદ શહેરના ૪૮ વોર્ડમાં જેને મેટ્રો સિટી કહેવામાં આવે છે અને મેટ્રો ટ્રેઇન દોડાવવામાં આવે છે, એ સિટીની અંદર

૪૮ વોર્ડમાં ફક્ત ૨ કલાક માટે જ પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. મારા વિસ્તારની વાત કરી હતી બહેરામપુરા વિસ્તારમાં પીવાના પાણીને તમે કેવી રીતે સપ્લાય કરો છો? રાજ્ય સરકારે માનનીય મંત્રીશ્રી, શહેરી વિકાસ વિભાગ એમની પાસે છે. જવાબમાં જણાવ્યું કે દક્ષિણ ઝોનના બહેરામપુરા, લાંભા, વટવા વોર્ડમાં અમુક વિસ્તારોમાં જરૂરિયાત મુજબ ટેન્કરોથી પાણી પૂરું પાડવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી અમદાવાદ જેવાં શહેર જેને મેટ્રો સિટી કહેવામાં આવે છે. એ મેટ્રો સિટીને પીવાનું પાણી પૂરું પાડી ન શકતા હોય તો કચ્છ, સૌરાષ્ટ્રના ગામોમાં કેવી રીતે પીવાનું પાણી પૂરું પાડશો એ સવાલ ઉભો થાય છે. જે રીતે લાંભા વટવા એટલે આ રાજ્યના ગૃહ પ્રધાન સન્માનનીય પ્રદીપસિંહ બાપુનો વિસ્તાર છે. એમના વિસ્તારમાં આજની તારીખમાં ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. એમાં સુનીલભાઇ ગામીતનો પ્રશ્ન હતો. રાજ્યમાં શુદ્ધ પીવાનું પાણી આપવા બાબતે તા.૩૦–૯–૧૮ની સ્થિતિએ રાજ્યના જિલ્લાવાર કેટલા ગામોને સ્થાનિક સોર્સથી પીવાનું પાણી મળતું નથી. આવા ગામોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેના માટે સરકારે શાં પગલાં લીધાં? સરકારે જવાબમાં કહે છે કે પાણી પુરવઠા નીચેનો સવાલ છે. મંત્રીશ્રી કહે છે કે રાજ્યના ૧૨,૯૫૦ ગામો સ્થાનિક સોર્સ દ્વારા પીવાલાયક પાણીનો ઓછો જથ્થો હોવાના કારણે રાજ્યમાં પાણી પુરવઠા ગ્રીડ મારફતે જોડાયેલા છે. એમાંથી ૮,૯૭૬ ગામોને નર્મદા આધારિત પાણી આપવામાં આવે છે. હજુ તો આ ગામોમાં પીવાનું પાણી પૂરતું નથી અને લખ્યું છે કે રાજ્ય સરકારે રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા ૧૨,૯૫૦ ગામોનું જોડાણ કરીને દૈનિક ૩૦૦ કરોડ લીટર પાણી પૂરું પાડવામાં આવશે એના ભાગરૂપે ૨૮૪૨ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. એનો મતલબ એવો થાય કે આજની તારીખમાં ઓછા પ્રમાણમાં પાણી મળે છે. નવી યોજના આવી રહી છે. ૧૮,૦૦૦ ગામડાની કલ્પના કરીએ એમાં ૧૨,૯૫૦ જોડાણની વાતો કરો છો. આવનારા દિવસોમાં ૨૮૪૨ ગામોને ૨૭ મુખ્ય જૂથ યોજના નીચે પાણી આપવાની વાતો કરીએ છીએ. આજે પણ રાજ્ય સરકારે પોતે સ્વીકાર્યુ છે કે આજે પણ ૨,૪૫૮ ગામોમાં રાજ્ય સરકાર દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવતું નથી અને જે રીતે પીવાના પાણીની અનેક ફરિયાદો મળી છે. હું લાંબી ચર્ચા કરતો નથી. ૨૦૧૩ માં ૪૯૫ ફરિયાદો હતી, એ વર્ષ ૨૦૧૮માં ૧૪૯૪ પીવાના પાણીની ફરિયાદ સમગ્ર રાજ્યમાંથી મળી હતી. એ જ રીતે ડંકી દ્વારા તમે એકબાજુ ગામોમાં પીવાનું પાણી આપતા નથી. જે હેન્ડપંપ બનેલા છે તેમાં પ્રશ્નના જવાબમાં સરકારે સ્વીકાર્યું છે કે, આ રાજયની અંદર ૧૫૭૫૭ હેન્ડપંપ બંધ પડેલા છે. આટલી મોટી સંખ્યા હોય ત્યારે રાજ્ય સરકાર દ્વારા પીવાનું પાણી નળ દ્વારા પહોંચશે ત્યારે ભલે પહોંચે, પણ અત્યારે હેન્ડપંપો રિપેર કરાવીને ચાલુ કરાવવા જોઇએ. આની અંદર રાજ્ય સરકારે વિચારવું જોઇએ. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં જે જોગવાઇઓ કરી છે તેમાં પાણીનું જોડાણ અને મિટરની વાત છે. માનનીય મંત્રીશ્રીએ પાણીના મિટરની વાત ના કરી. આપ જે કાયદો લાવવા જઇ રહ્યા છો. તેની અંદર આપે પાણીના મિટરની વાત કરી છે. પાણીના મિટર દ્વારા સરકાર પાણી આપવા માગતી હોય તો લોકોની પૈસા ભરવાની માનસિકતા હોય છે પણ સરકારની તૈયારી પહેલા તો પૂરું પાણી પૂરું પાડવાની હોવી જોઇએ. જે રીતે દંડની જોગવાઇ કરી છે, કેસ કરવાની જોગવાઇ કરી છે તો મારે મંત્રીશ્રીને કહેવું છે કે, કાયદા વિભાગમાં જઇને જુઓ કે આની પહેલાં સરકારમાં અલગ અલગ વિભાગમાં કેટલા કેસો પેન્ડિંગ પડેલા છે. તેમાં કયા કારણોસર કેસોનો વધારો કરવા જઇ રહ્યા છો. કેસો કરશો તેમાં એક જોગવાઇમાં લખેલ છે કે કેસ કર્યા પછી તેનું પાણીનું કનેકશન કટ કરી દેવામાં આવશે. જો આવું કરશો તો તે પાણી પીશે કઇ રીતે, તે જીવશે કેવી રીતે? આવી રીતની ખોટી જોગવાઇ કરીને જે કાયદો લાવવા જઇ રહ્યા છો તે ખોટી વસ્તુ છે. તમે આજે પીવાનું પાણી ગામડામાં આપતા નથી. ટેન્કરો દ્વારા પીવાનું પાણી પૂરું પાડો છો અને બીજી બાજુ કાયદો લાવીને લોકોને ડરાવવાનો પ્રયત્ન કરી રહ્યા છો. મારી સરકારને વિનંતી છે કે, સવારે તમે જે બિલ લઇને આવ્યા તેમાં ખેડૂતો ઉપર સકંજો કસ્યો અને આજે આ રાજયની સવા છ કરોડની જનતાના ઘર સુધી તમે તેને જેલમાં મોકલવાનો આ બિલ દ્વારા પ્રયત્ન કરી રહ્યા છો ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, રાજયના મંત્રી તરીકે તમને જશ મળેલો છે ત્યારે આપ આ બિલ પાછું ખેંચો અથવા પ્રવર સમિતિને સોંપો. કોંગ્રેસ પાર્ટી તરીકે આ બિલનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ. પ્રજાને પીવાનું પાણી મળવું જોઇએ નહીં કે જેલની સજા થવી જોઇએ. નલ સે જલ ખરું પણ જલ સે જેલ તો કોઇ સંજોગોમાં નહીં ચાલે. આભાર.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ વિધેયક ૨૦૧૯ લઇને માનનીય મંત્રીશ્રી જે આવ્યા છે તેનો હું વિરોધ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લઇને માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ આવ્યા છે. તેઓ તો ખૂબ અભ્યાસુ છે. અમે બંને પડોશી છીએ. મારું બાબરા અને તેમનું જસદણ કે જે પાંચાલ કહેવાય છે. જયાં પાંચાલીનો સ્વયંવર થયો હતો અને તરણેતરનો મેળો તે વિસ્તાર એટલે અમારો પાંચાલ વિસ્તાર છે અને અમે બંને સાથી ધારાસભ્યશ્રીઓ છીએ. શ્રી કુંવરજીભાઇને સીધું પૂછવું છે કે, આ બિલ લઇને આવ્યા ત્યારે તમે પાંચાલનો અભ્યાસ કર્યો નથી અથવા કોઇ પ્રેશરમાં આવીને આ બિલ લાવ્યા છો. સરકારે દ્વારા તમને એવી રીતે કહેવામાં આવ્યું કે આ બિલ તમે લાવો નહીંતર શ્રી કુંવરજીભાઇ તમારો વિભાગ પાછો લઇ લેવામાં આવશે. આવું કંઇ હોય તો અમને જણાવો તો અમને ખબર પડે. જે પાંચાલ વિસ્તાર છે અને તેનું તમે વર્ષોથી પ્રતિનિધિત્વ કરો છો અને તેના પછી અમને એમ હતું કે અમારા ભાઇ જીતી જશે પરંતુ તે જીતી ન શકયા. તમે જરૂર જીતી ગયા. ભારતીય જનતા પાર્ટીમાં જઇને જીત્યા છો તેના માટે અભિનંદન છે. પરંતુ ત્યારપછી લોકસભાનું પરિણામ આવ્યું અને તેમાં શું પરિસ્થિતિ થઇ તેનો વિચાર કર્યો હોત તો સારુ.

સભાપતિશ્રી : માનનીય વિરજીભાઇ, આપ બિલ ઉપર વાત કરો પોલિટીકલ ઓબ્ઝર્વેશન ન કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર જ બોલું છું આખા ગુજરાતની ૬ કરોડની જનતાને સ્પર્શતો સવાલ છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી અનેક વખત મેં સાંભળ્યું છે કે અમારી સરકાર આવશે, સામેના પક્ષેથી બોલતા હોય ત્યારે અત્યારે ઘણાં વખતથી એમની સરકાર છે પણ ક્યારેક ક્યારેક એવું લાગે છે કે હજુ પણ વિરોધપક્ષમાં હોય એવું બોલે છે. સરકાર આવી છે અડધી કોંગ્રેસ જેલમાં હશે, અડધી કોંગ્રેસ નહીં પણ આ તમામ લોકોને જેલમાં નાંખવા માટેનું આ બિલ છે. જેમને પાણી એટલે બહુ મહત્વની બાબત છે, પીવાનું પાણી પહોંચાડવા માટે કેટલીય જગ્યાએ મુશ્કેલીઓ ચાલી રહી છે. કેટલાય વર્ષોથી પીવાના પાણીની રાડ પડી રહી છે, કેટલાય કેસો રોજ આવે છે કે અમને પાણી મળતું નથી, અમારે આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે એની ઉપર વળી આ મિટર લગાડવાનું ક્યાંથી આવ્યું? કોઇ કરોડોપતિ ઇસમો રહેતા હોય ત્યાં તમે મિટર લગાવો તો બરાબર છે પણ હવે તમે જો આ બિલમાં પાણીના મિટર લગાડવાની વાત કરશો અને દંડ કરવાની વાત કરશો તો ગાડર, બકરા છે એનું પાલન પોષણ કરે છે એ સમાજનું શું થશે? એમણે આખી જિંદગી બે બકરામાંથી ક્યારેક ક્યારેક માંડ પાંચ બકરા થયા છે. અમારો એક ભાયો ભરવાડ છે એ કહેતો હતો કે હું હમણાં એક પાર્ટીમાં જોડાયો મારા પાંચ બકરામાંથી બધાય બકરા વેચાઇ ગયા. કઇ પાર્ટીમાં જોડાયો એ ભાયાએ કહ્યું નહીં ત્યારે અમારા નાના નાના માલ–ઢોર છે એના માટેની ચિંતા જો માનનીય કુંવરજીભાઇએ કરી હોત હું જરૂર એમને અભિનંદન આપીને ટેકો આપત, પરંતુ માત્રને માત્ર આટલી બધી કલમો સુધારવા માટે ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ દ્વારા સંબંધિત સત્તા મંડળની હકુમત ક્ષેત્ર જાહેર પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવા માટે જોગવાઇ કરી છે તેવું કહે છે ત્યારે કેટલી જોગવાઇ કેવી રીતે કરવામાં આવી છે? કેટલાય એવા વિસ્તાર છે, માનનીય પાણી પુરવઠા મંત્રીને મારે એટલા માટે કહેવું છે કે, અમારે ત્યાં તો સ્કૂલો તો છે પણ સીમ શાળાઓ શરૂ કરવી પડી છે એનો ક્યારેય વિચાર થયો છે ખરો? જે લોકો ગામમાં રહી શકતા નથી, જેમને તેમના બાળકો ભણાવવા માટે અગાઉની કેન્દ્ર સરકારે એસ.એસ.આઇ. યોજના દાખલ કરી હતી એ યોજના નીચે અનેક ઓરડાઓ બનાવ્યા છે એ વિદ્યાર્થીઓને ત્યાં પાણી મળતું નથી ભણવા જરૂર જઇ શકે છે. એનો પણ વિચાર કરવાની જરૂર હતી કે આ સીમ શાળાના વિદ્યાર્થીઓને પાણી માટે શું આપણે વ્યવસ્થા કરીશું? પહાડી વિસ્તારના લોકો જે ઉપર રહે છે, ચોટીલાનો ડુંગરો જયાં ઇન્ટરનેશનલ એરપોર્ટ બને છે, હમણા ક્રિકેટની ટીમ હારી ગઇ અને મુંબઇમાં ઉતરવામાં મુશ્કેલી પડી હતી તો ચોટીલા ઉતારવા પડ્યા હતા નહીંતર મુંબઇમાં તો કંઇક ઝગડા થઇ જાય એમ હતા. આ ચોટીલા ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર અને ચોટીલાના ડુંગરામાં માતાજી સુધી પાણી કયારે ચડાવશો? કેવી રીતે ચડાવશો? અત્યાર સુધીની અનેક યોજનાઓ હતી લોકો સુધી પાણી પહોંચાડવા માટેની તે વખતની ગુજરાતની સરકારોએ આ રાજય માટે ઘણું બધું કર્યું છે, આવી સરસ વ્યવસ્થા કરી છે. આ સરકાર રોજ વિકાસ વિકાસની વાતો કરે છે આજે જ મેં જોયું ૪૦૦૦ જે યોજનાઓ છે અને ૨૦૧૮નો સી.એ.જી.નો વાર્ષિક અહેવાલ આજે ગૃહમાં રજૂ થયો છે એમાં અનેક યોજનાઓ અધૂરી છે. પીવાના પાણી માટે સૌની યોજનાના નામે કરોડો રૂપિયાના ટેન્ડરો જરૂર થયા છે, ડેમ ભરવા માટે જરૂર ટેન્ડરો થયા છે પરંતુ એના કામો કેટલા અધૂરાં છે? સી.એ.જી.એ બહુ ચિંતા વ્યક્ત કરી છે. આ રીપોર્ટ વાંચીને પછી આ બિલને અહીંયા રજૂ કરવાના બદલે મને લાગે છે કે, આવતા સત્ર સુધી હજુ આનો અભ્યાસ કરો, પ્રવર સમિતિને મોકલી આપવામાં આવે, એક જોઇન્ટ કમિટી બનાવવામાં આવે અને એ કમિટીનો રીપોર્ટ આવે ત્યાર પછી આ કાયદો લાવવામાં આવે તો હું જરૂર વિચાર કરી શકું. હાલની જે પરિસ્થિતિ નિર્માણ થઇ છે તેમાં પાણી પુરવઠા મંત્રીશ્રી ઉપાડ અટકાવવા પાણી પુરવઠાની આંતરિક સુવિધાને નુકસાન થતું અટકાવવા અને ઘર વપરાશની પાણી પુરવઠા વ્યવસ્થાનું સંરક્ષણ કરવાની આનુષાંગિક બાબતોનું જે વિધેયક લઇને આવ્યા છે એ વિધેયકમાં આપણે ગામડાઓની ચિંતા કરીએ છીએ કે આટલા બધા ગામડા, આટલા બધા મહોલ્લા, હજુ એક મોટું ગામ હોય તો મોટા ગામના છેવાડે પણ પાણી પહોંચતું નથી. અનેક એવા સમાજ છે કે જેને નળ તો શું, કૂવામાંથી કે હેન્ડપંપમાંથી પાણી મળતું હતું પણ હવે હેન્ડપંપમાંથી પાણી શકય નથી કેમ કે તળ ઉંડા જતા રહ્યા છે, પાણીના તળ એટલા બધા નીચા જતા જાય છે કે આજે કદાચ તમે જોશો તો ગાંધીનગરમાં પણ સવારે આપણે ન્હાવા બેસીએ તો ગરમ હુંફાળું પાણી આવે છે. અમે અમદાવાદમાં રહીએ છીએ. અમદાવાદની કોઇ સોસાયટીમાં જઇએ તો ખળખળતું પાણી, ગીઝરથી ગરમ થયેલું પાણી હોય એ પ્રકારનું પાણી આવે છે એટલું બધું પાણી નીચે તળમાં ગરમ થઇ ગયું છે. પાણીની શોર્ટેજ ઉભી થતી જાય છે, દિનપ્રતિદિન તળ ઉંડા થતાં જાય છે. રિચાર્જ કરવા માટેની આપણે રોજ વાતો કરીએ છીએ કે સરકાર આ બાબતમાં બહુ ચિંતા કરે છે, સરકારે ચિંતા કરવી જોઇએ, સરકારની જવાબદારી બને છે, સરકારની નૈતિક ફરજ પણ બને છે કે, આવડા મોટા આ દેશમાં ગુજરાત રાજ્ય નંબર–૧ રાજ્ય બન્યું છે અને હવે તો કેવું સારું છે કે અહીંના ૧૪ વરસ સુધી જે આપણા મુખ્યમંત્રી તરીકે કામગીરી કરતા હતા એ દેશના બીજી વખત વડાપ્રધાન બન્યા છે. છવ્વીસ બેઠકો ગયા વખતે આપી હતી, છવ્વીસ બેઠકો આ વખતે પણ આપી છે. મારા કોઇક સામેના મિત્રો બોલતા હોય છે શ્રી વિરજીભાઇ, અમારી કામગીરીના કારણે છવ્વીસે છવ્વીસ બેઠક, હું પણ એમ કહું છું છવ્વીસે છવ્વીસ બેઠક, ત્યારે તમે ચિંતા કરતાં નથી?

સભાપતિશ્રી : શ્રી વિરજીભાઇ, આપ બિલ ઉપર આવો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર :માનનીય અધ્યક્ષશ્રી, આ છવ્વીસ બેઠકવાળા છે એમને પણ પાણીની જરૂર પડવાની છે. એમને પણ મીટર લાગવાના છે. એ બધા હવે ત્યાં બેઠાં છે. શ્રી પરબતભાઇ સિંચાઇ મંત્રી હતા હવે ત્યાં બેઠાં છે, અહીં મીટર ફીટ થઇ જશે, એમને ખબર પણ નહિ પડે,

સભાપતિશ્રી : તમે કહ્યું કે હું પોલિટીકલ ઓબ્ઝર્વેશન નહિ કરું. પાછું એના ઉપર જ બોલો છો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર :આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે શ્રી કુંવરજીભાઇ, તમે તો નાના વર્ગ માટે, નાના માણસો માટે સતત આખી જિંદગી કામગીરી કરી છે, આ ઉદ્યોગો સાથે તો હવે તમે ગયા છો, ઉદ્યોગગૃહોના તો તમે અને મેં કેટલા વિરોધ કર્યા છે ભૂલી ગયા છો? મગફળીમાં કૌભાંડ થયું હોય તો આપણે બે પેલા કોથળા લઇને નીકળતા હતા, શ્રી કુંવરજીભાઇ, આ બધું ભૂલાઇ ગયું છે. રાજકોટની બજારમાં આપણે બેય મગફળીના કોથળા લઇને નીકળ્યા હતા, આ મગફળીમાં આટલો મોટો ભ્રષ્ટાચાર,..

સભાપતિશ્રી : બિલ ઉપર આવો, બિલ ઉપર આવો શ્રી કુંવરજીભાઇ,

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ઉપર જ છું, એ મગફળી પાણીથી પાકવાની છે, આ પાણી જ મહત્વનું છે. અમુક અમુક વિસ્તારમાં તો પાણી મળતું નથી. આખી દુનિયામાં તમે કહો છો કે જેને માન મળ્યું છે મને ગર્વ થાય છે, ગુજરાતની એક વ્યક્તિ દેશના આવડા મોટા પક્ષના પ્રમુખ, આવડા મોટા દેશના વડાપ્રધાન ત્યારે તમે શા માટે આ ગરીબો માટે, નાના વર્ગ માટે આ પ્રકારનું બિલ લઇને આવ્યા છો? એટલે આ બિલનો હું વિરોધ કરું છું અને પ્રવર સમિતિને આ બિલ સોંપાય, મારે તો આ ગૃહના નેતા ઉપનેતા નથી, શ્રી નીતિનભાઇ નથી, એ હોત તો થોડુક વધારે બોલવાનો મેળ આવત. બન્નેને કહેવું છે કે તમે પણ ચિંતા કરો, શ્રી નીતિનભાઇ બહુ ચિંતા કરે અમારી. શ્રી નીતિનભાઇ ચિંતા સારી કરે છે. પરંતુ શ્રી નીતિનભાઇને પણ કહેવું છે કે આ બિલ બાબતે ધારાસભ્યોની એક કમિટી રચાય એ ધારાસભ્યો એ એમના બધાના વિસ્તાર પ્રમાણે એ કમિટી એનો અહેવાલ આપે, એ અહેવાલ આપણે વહેલો આપી દઇશું, આપણે નહિ જસ્ટિસ દવેના અને બીજા મોડા કર્યા હોય એવા અહેવાલ નહિ કરીએ, ઝડપથી આપણે અહેવાલ આપી દઇશું, અને ત્યારપછી આ બિલ મૂકાય એવી રજૂઆત સાથે માનનીય કુંવરજીભાઇને ફરી વખત વિનંતી કરું છું, સામે પક્ષને વિનંતી કરું છું, આગલા બિલમાં પણ હું બોલ્યો છું કે અમે ઘણા બિલમાં સર્વાનુમતે, માત્ર નર્મદાનું બિલ નહિ, શિક્ષણ મંત્રી તરીકે બાપુ બિલ લઇને આવ્યા હતા એમને પણ અમે સર્વાનુમતે સંમતિ આપી છે. બાળકોના શિક્ષણનો સવાલ છે. ત્યારે વિરોધપક્ષની વાતને માત્ર દબાવી દેવાની, રાજકીય અવલોકન કરીને એને જવાબ આપવાના હેતુથી નહિ પરંતુ સાચી વાત ગુજરાતના લોકોની ચિંતા કરવા માટેની વાત છે એ માટે આ બિલને અત્યારે મુલત્વી રાખીએ એવી માનનીય કુંવરજીભાઇને હું વિનંતી કરું છું.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ વિધેયક લઇને રાજ્યના પાણી પુરવઠા મંત્રી અમારા પરમ સ્નેહી શ્રી કુંવરજીભાઇ બાવળિયા આવ્યા છે ત્યારે અમારા પ્રત્યે કૂણું વલણ દાખવશે, કારણકે અમારા સિનિયર સાથી હમણાં શ્રી વિરજીભાઇએ વાત કરી એમ અમારા જુના સાથીદાર છે. અમારા ગૃહના ઉપનેતા શ્રી શૈલેષભાઇ પરમાર અને સિનિયર સભ્ય શ્રી વિરજીભાઇ ઠુંમરે જે વાત કરી એમાં હું મારો સૂર પુરાવું છું અને પુનરોક્તિની કોઇ વાત કર્યા વગર હું મારી વાતને આગળ વધારું છું. શ્રી ભુપેન્દ્રસિંહજી અહીંયા બેઠાં છે ત્યારે કહેવાનું મન થાય કે, ગુજરાત એ ભવ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતું રાજ્ય છે. ગુજરાતની ધરોહર એટલે જળ, આપણા ગુજરાતમાં કૂવા ગાળવા, વાવ બાંધવી, પાણીની પરબની સુવિધા આપવી. વટેમાર્ગુઓ માટે આપણે એ રીતે આપણાં શ્રેષ્ઠ મહાજન પરંપરાઓ મારફતે આવી સુવિધા ઉભી કરતા હતા અને ઉદાર સખાવત પણ કરતા હતા આ આપણાં ગુજરાતની ભવ્ય પરંપરા. પાણીના પરબની સંસ્કૃતિ કયાં ભૂંસાઇ ગઇ ? વાવ-કૂવા કેમ નપાણીયા થઇ ગયા ? કોની બેદરકારી ? સરકારની આ ભવ્ય વિરાસતને જીવંત રાખવાની શું કોઇ જવાબદારી બનતી નથી ? આ બિલમાં માનનીય કુંવરજીભાઇ જેવા એક ઋજુ વ્યકિત ભારેખમ કલમો પાણી માટે, પીવાના પાણી માટે. વ્યકિતનો, નાગરિકનો, શુદ્ધ, ચોખ્ખું, પૂરતી માત્રામાં પીવાનું પાણી મળે તે પ્રાથમિક અધિકાર છે. નાગરિકના આ મૂળભૂત અધિકાર ઉપર તરાપ મારતું આ બિલ લઇને આવ્યા છે તેને સખત શબ્દોમાં અમે વખોડી કાઢીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, બાવીસ બાવીસ વર્ષના શાસન પછી આવુ બિલ લઇને આવવું પડે એમાં સરકારની વિફળતા દેખાય છે. પ્રજા પરત્વેનું ઉત્તરદાયિત્વ નિભાવવામાં સરકાર સફળ નથી રહી એવુ પ્રથમ દ્રષ્ટિએ પ્રતિપાદિત થાય છે. જળ એ પ્રકૃતિનું વરદાન છે અને જળમાં જેવા રંગ નાંખો એવા રંગ જળ ધારણ કરે છે. આ જળ એ પ્રત્યેક જીવનું જતન કરનારું, જીવવા માટેનું પ્રેરકબળ છે ત્યારે હું એટલુ ચોક્કસ કહીશ કે જળનું જતન થવુ જોઇએ પણ જે રીતે તમે આ શિક્ષાત્મક કાર્યવાહી કરીને, કાયદાકીય રીતે તમે તેને જે રીતે લઇ જઇ રહ્યાં છો તે યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પાણી અને ઘાસચારાની તંગી અંગે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ પ્રસ્તાવ લાવવાની મેં વાત કરી હતી અને પ્રસ્તાવ મૂકેલો હતો પરંતુ મંજૂર ના થયો પણ અહીંયા તક મળી છે તેનો સદ્‌ઉપયોગ કરીશ. પાણી જેવી પ્રાથમિક જરૂરિયાત બાબતે પૂર્ણ પરિપકવતા દાખવ્યા વગર, વગર વિચાર્યે આ વિધેયક ખૂબ ઉતાવળે લવાયુ છે. પ્રજા માનસ ઉપર તેની દુરોગામી અને વિપરીત અસરો પડશે એટલે આ બિલ અપ્રસ્તુત છે. ઝાડ-પાણી વ્યવસ્થામાં પાણીની કરકસરતા દાખવવામાં સરકાર ઉદાસીન રહી છે. ગૃહના સિનિયર આદરણીય સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો એક ડોલથી સ્નાન કરવાનો પ્રેરક પ્રસંગ પણ આપની સમક્ષ મોજૂદ છે તેમાંથી પ્રેરણા લઇને પ્રજા માનસમાં એવી ટેવ પાડવા આઇ.ઇ.સી. જેવી પ્રચાર-પ્રસાર પ્રવૃત્તિ જો વધુ વ્યાપક બની હોત તો પાણીનો કરકસરતાથી ઉપયોગ થતો હોત અને આ નોબત ના આવી હોત. આવા કાયદાની નહીં પણ લોકોને પાણી આપવાના કે જે તમે વાયદા કર્યા છે તે પૂરાં કરવાની જરૂર છે. નળથી જળ આપવા કટિબદ્ધ બનો પણ તમે જે રીતે આ સૌરાષ્ટ્રમાં પીવાના પાણી

માટેની જે મુશ્કેલી હું મારા મોરબીની વાત કરું તો મોરબીમાં અમારે પીવાનું પાણી પૂરું પાડવા માટે નાગરિકોના ટોળેટોળાં નગરપાલિકાએ આવે છે. દોષ નગરપાલિકાનો નથી પણ દોષ પાણી પૂરું પાડતી નથી તે આ સરકારનો છે અને જે યોજનાઓ મૂકી છે તે મંથર ગતિએ ચાલે છે, કોન્ટ્રાકટરો કામમાં બહુ ઢીલાશ કરે છે. મારા માળીયા– મિયાણાંની વાત કરું તો પાણીની પાઇપ લાઇન નંખાઇ ગઇ પણ ઓવર હેન્ડ ટેન્ક કયાંક ગાયબ થઇ ગઇ. ઓવર હેન્ડ ટેન્ક વગરની પાણીની પાઇપ લાઇનનો શું અર્થ ? મને શ્રી કુંવરજીભાઇએ આશ્વાસન આપેલું છે કે તે પ્રશ્ન ઉકેલી દેશે તેના માટે હું તેમનો આભારી છું. મારે વાત કરવી છે ડ્રેનેજની પણ પાણી પુરવઠા બોર્ડ સાથે સગવડતા હોય છે. માળયા–મિયાણાંમાં ડ્રેનેજ નાંખનારો કોન્ટ્રાકટર શોધ્યો પણ જડતો નથી. અમારા શ્રી લાલજીભાઇ સાક્ષી છે અમે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિમાં આ બાબતે કડાકૂટ કરી પણ દાદ દેતા નથી. જો પાણી પુરવઠા બોર્ડનું ડ્રેનેજનું આ તંત્ર છે તેને તેનો કોન્ટ્રાકટર પણ દાદ ના દેતો હોય તો આવા બિલ લઇ આવવાનો તમને કોઇ અધિકાર રહેતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, જાહેર જળ વિતરણ વ્યવસ્થા, જળ સ્ત્રોત અનામત રાખવા પાણીનું જોડાણ, પાણીના મીટર, વૉટર એપેલેટ ઓથોરીટી એવી બાબતો અંગે કાયદો કરીએ એના બદલે લોકોની તરસ છિપાવવાની વાત કરો. મોરબી પંથકમાં બેરોક–ટોક પીવાનું પાણી વેચાય છે. એની ઉપર કોઇ પગલાં લેવાના બદલે સિરામિક ઉદ્યોગો જે એના વપરાશકારક છે એને દંડે છે. આ તે કેવો ન્યાય? ક્યાંકને ક્યાંક પાણી પુરવઠાના કર્મચારીઓ અને પાણી આપતાં કોન્ટ્રાક્ટરો પણ ભાગીદારીમાં પાણી વેચવાનો ધંધો કરે છે. એની સામે કડકાઇથી, સખતાઇથી પગલાં લેવા જોઇએ. જોડિયા પાસે પાણી મીઠું કરવાનો પ્લાન્ટ નાખ્યો. ગૃહમાં એની માહિતી અપાઇ એ ખૂબ સારી વાત છે. મારા મોરબી–માળિયા નજીક કચ્છનું ખારું રણ આવેલું છે. આ કચ્છના ખારા પાણીને મીઠું બનાવવા માટે અમારા જળ ક્રાંતિના પ્રણેતા ઓ.આર.પટેલ સાહેબનું ટ્રસ્ટ જળ સંચય ક્ષેત્રે ખૂબ સારું કામ કરતું હતું એના પુત્ર જયસુખભાઇ પટેલ એક મીઠું પાણી બનાવવાની સરકારી યોજના લાવ્યા છે. સૌ સભ્યોને એમણે આ યોજના મોકલી છે અને એ સારી યોજના છે. હમણાં દિલ્હી ખાતે પણ આ યોજનાની શક્યતા પણ ચકાસાઇ છે ત્યારે આવી યોજનાઓ બનાવીને ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવીને લોકોને પીવાનું પૂરું પાણી આપવાની ખેવના પણ ગુજરાત સરકારે રાખવી જોઇએ. આમ તો પીવાના પાણીની સમસ્યા સાર્વત્રિક છે. સૌરાષ્ટ્રમાં સવિશેષ રહી છે એટલે સૌરાષ્ટ્રની ધૂળમાં રઝોળાયેલા ગઇકાલે જેમનો જન્મદિવસ હતો એવા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ અને આ ગુજરાત સરકારમાં પાણી પુરવઠા મંત્રી રહી ચૂકેલા આદરણીયશ્રી વલ્લભભાઇ પટેલે સૌરાષ્ટ્ર માટે પીવાના પાણીની ખૂબ ચિંતા કરી હતી અને અનેક ઐતિહાસિક પગલાં ભર્યા હતા. મને એ સમજાતું નથી કે શ્રી કેશુભાઇ પટેલ જેમણે પોતાની જાત પક્ષ માટે અને ખેડૂતો માટે ઘસી નાખી એવા કાર્યકરને કેમ યાદ રખાતા નથી. શું માત્ર વર્ષ ૨૦૦૧થી જ વિકાસ થયો છે અને આ રીતે વર્ષ ૨૦૦૧થી વિકાસના પ્રારંભની ગરવીગાથા કેમ વારંવાર ગવાય છે. શ્રી કેશુભાઇને પણ યાદ રાખો. ગુજરાતમાં સને ૧૯૮૫, ૧૯૮૬ અને ૧૯૮૭ના અરસામાં દુષ્કાળ હતા ત્યારે લોકોને પીવાનું પાણી મળવું પણ દુર્લભ હતું ત્યારે મુખ્યમંત્રીશ્રી અમરસિંહજી ચૌધરી જે આદિવાસી સમાજમાંથી આવતા કુશળ એન્જિનિયરને કૉંગ્રેસે મુખ્યમંત્રી બનાવ્યા હતા. એ શ્રી અમરસિંહભાઇ ચૌધરીની સરકારમાં શ્રી વલ્લભભાઇ પટેલને પાણી પુરવઠાની જવાબદારી અપાઇ હતી.

સભાપતિશ્રી : આપ બિલ ઉપર વાત કરો. જે સભ્યો હાજર નથી એનું નામ ન લો.

શ્રી બ્રિજેશ મેરજા : ઇતિહાસ છે, ઇતિહાસ તો વાગોળવો જ પડે. એમણે અછત રાહતનું ખૂબ સારું કામ કર્યું હતું. રાજકોટને પીવાના પાણીની ટ્રેન આ કૉંગ્રેસની સરકારે મોકલી હતી. મારે કોઇ રાજકીય અવલોકન નથી કરવું પણ રાજકોટ જેવા શહેરમાં આજે પણ પીવાના પાણીનો કાપ મૂકાય છે. અહીંથી કોઇએ કહ્યું કે ગૃહમાં સૌથી વધુ બજેટ રજૂ કરવાનો શ્રેય આદરણીયશ્રી વજુભાઇ વાળાને જાય છે. અમારા પણ આદરણીય છે. તેઓ રાજકોટના પાણીદાર મેયર પણ રહી ચૂક્યા છે. વર્ષો સુધી ગુજરાત સરકારમાં મંત્રી પણ હતા પણ અફસોસ સાથે કહેવું પડે કે ૨૨ વર્ષથી એક ચક્રીય શાસન કરતી પ્રવર્તમાન સરકાર સૌરાષ્ટ્રની પ્રજાની પીવાના પાણીની તરસ પણ છીપાવી શકતી નથી અને અમારા પાણી પુરવઠા મંત્રીશ્રીનો જસદણ વિસ્તાર પણ તરસ્યો રહ્યો છે. કોઇ ટીકા ટિપ્પણ કરવા માગતો નથી. પરંતુ અહીંથી અમને ટેન્કર રાજના મેણા ટોણા આપવામાં આવે છે. અછતનું તો એક જ વર્ષ આવ્યું, દુષ્કાળ નહોતો, અછતનું એક વર્ષ આવ્યું ત્યાં સરકાર હાફી ગઇ, કેટલા ટેન્કર ચાલુ કરવા પડ્યા. હજારોની સંખ્યામાં ટેન્કરો ચાલુ કરવા પડ્યા હતા. પાણીની નો–સોર્સ યોજના એ કૉંગ્રેસે જે તે વખતે ગામડાંને નો–સોર્સ જાહેર કરીને લાવેલી અને એ રીતે ગામડાંને જૂથ પાણી પુરવઠા યોજનાઓ પણ જે તે વખતે આપવામાં આવેલી હતી. જળ એ જ ધરતી ઉપરનું અમૃત છે. પીવાનું પાણી પૂરું પાડવું એ મોટો પડકાર છે તેવું ખુદ નાણામંત્રીશ્રી એમની સ્પીચમાં કહી ચૂકયા છે. આ પડકારનો આપણે સામૂહિક તાકાતથી સામનો કરીએ કારણ કે આ અમૃતને સાચવવું પાણી રૂપી અમૃતને સાચવવું ખૂબ જરૂરી છે.

પાણી માટે બજેટમાં ૬૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. એક બાજુ આપણે એને પડકાર જાણતા હોય ત્યારે આવી રૂપિયા ૪૩૦૦ કરોડની મામુલી રકમ પાણી માટે પીવાના પાણી માટે અપાય એમાં પણ થોડો વધારો કરવો જોઇતો હતો. ઉડીને આંખે વળગે તેવી એક સારી યોજના આપ લાવ્યા છો. શ્રી આર.સી. સાહેબને એના માટે હું અભિનંદન આપીશ. રીયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વૉટર પોલિસી બનાવેલી છે એ શ્રી કુંવરજીભાઇ બાવળીયા પાણી પુરવઠા મંત્રીશ્રી તરીકે અભિનંદનના અધિકારી બને છે. એને અમે આવકારીએ છીએ. પણ વિના વિલંબે એને કાર્યાન્વિત કરે એ પણ ખૂબ જરૂરી છે. જે રીતે પીવાના પાણી માટે અમારા મિત્રોએ વાત કરી એને હું દોહરાવવા માગતો નથી.

છેલ્લે હું એટલું જ કહીશ કે ધર્મ અને સંસ્કૃતિ સાથે જોડાયેલો આપણો ભારત દેશ એમાં આપણું આ ગુજરાત એમાં આપણે સાધુ સંતો, ધાર્મિક સ્થળો અને બાગીચાઓમાં જે રીતે બહારથી આવતા પથિકો એમાં આવેલા પાણીના નળ ઉપર કયાં આપણે મીટર મૂકશું. એટલે મીટર મૂકવાની વાત છે એ મહેરબાની કરીને મુલતવી રાખો. પાણી અમૂલ્ય છે એને પૈસાના મોલથી ખરીદી ન શકાય તે માટે આપશ્રી આ બાબતમાં દરમિયાનગીરી કરો.

છેલ્લે સીમ શેઢે પશુ ધન ચરાવતા માલધારીઓ પશુધન માટે કયાંક પાણીનું ખાબોચીયું હોય અને પીવા જાય તો એની સામે શિક્ષાત્મક કાર્યવાહી થાય તેવું પણ ન થવું જોઇએ. અંતે પાણી પુરવઠા બાબતની જે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની વિધેયકની જે બાબતો છે એ સાથે મારી અસહમતિ જાહેર કરું છું. મને પૂરતો સમય આપવા બદલ આપનો આભારી છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ વિધેયક, ૨૦૧૯ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે આ બિલ ખરેખર માનનીય મંત્રીશ્રી દિલથી લાવ્યા નથી. એટલે એમને હું ટેકો આપી શકતો નથી અને મારી પાર્ટી તરફથી સખતમાં સખત વિરોધ નોંધાવું છું.

ભારતીય જનતા પક્ષની સરકાર વાતો તો રામ રાજયની કરી હતી. રામ રાજય લાવવું હોય તો ખેડૂત ઉપર કેસ કરવાથી રામ રાજય આવશે? પાણીના વપરાશમાં નાની મોટી ક્ષતિઓ ઉપર પોલીસ કેસ કરવાથી રામ રાજય આવશે? અનેક લોકો દરેક પ્રવૃતિમાં ગુજરાતના બધા જ એકચા બીજા કારણોસર ચોર છે તેવી મોનોવૃત્તિ છે એમાંથી આ સરકારે બહાર આવવું જોઇએ. બંધારણીય રીતે પણ શુદ્ધ પાણી પૂરું પાડવું જોઇએ એ પૂરું પાડવા માટે આ સરકાર નિષ્ફળ ગઇ છે અને સૂત્ર આપ્યા છે કે નળ સે તેલ પછી નળ સે જળ આના સિવાય કંઇ છે નહિ. ખૂબ ગંભીરતાથી માનનીય મંત્રીશ્રીએ વિચાર આ બિલ ઉપર કરવો જોઇએ. આ બિલમાં જે રીતે આગળ વધી રહ્યા છે. હું તો તમારા ભલા માટે કહું છું કે વર્ષ ૨૦૨૨માં તમને ખૂબ મુશ્કેલી ઉભી કરશે. પણ વર્ષ ૨૦૨૨ સુધી પ્રજાને મુશ્કેલી ન પડે એટલા માટે અમે વિરોધ કરીએ છીએ.

આ બિલમાં આ કાયદાની કલમ-૪ માં જે પાણીની વિતરણ વ્યવસ્થા છે એ બોર્ડને આપવાનું નક્કી કર્યું છે. સ્થાનિક સત્તા મંડળ બોર્ડ અથવા જીડબલ્યુઆઇએલ, એટલે કે ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટકચર લિમિટેડ આપના રાજયમાં એસ.ટી બોર્ડ, જીઇબી બોર્ડ આની તો પ્રજા ઠેકડી ઉડાવે છે અને મુશ્કેલીઓ વેઠે છે. આ એક બોર્ડ સારું ચાલે છે એને પાછા તમે આ કૂવામાં નાંખીને પ્રજા એમને પણ ગાળો દેશે એવી પરિસ્થિતિ નિર્માણ કરવા જઇ રહ્યા છો. માનનીય અધ્યક્ષશ્રી, આ બોર્ડ છે, એ કંપની એકટ હેઠળ નોંધાયેલા હોય છે આ બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓને જે સત્તા આપવામાં આવશે આ કાયદાથી એ ખરેખર કાયદેસર રીતે નિભાવી શકશે ખરા? અથવા નિભાવી શકાય. એવો કાયદાકીય પ્રશ્ન છે લીગલ ડિપાર્ટમેન્ટનો અભિપ્રાય લેવડાવવો જોઇએ.

સભાપતિઃ અધિકારીઓની ગેલેરીમાં મોબાઇલનો ઉપયોગ બંધ કરવામાં આવે.

ડો. સી. જે. ચાવડા :આ બોર્ડને જે બધી સત્તાઓ આપવા સરકાર જઇ રહી છે તેના કારણે ઘણી બધી મુશ્કેલીઓ આગામી દિવસોમાં થશે. આ કલમ-૪ માં સુધારો કરવો જરૂરી છે.

કલમ-૮ એના પ્રત્યે આપનું ધ્યાન દોરું છું. સત્તા મંડળને જયાં આ પાણીનો ઉપાડ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય ત્યાં તેવા સ્ત્રોત ખાતે પાણીનું મિટર મૂકવું જોઇએ. આ પાણીના ઉપાડનું રેકર્ડ રાજય સરકાર પોતે ફરમાવે તેવા સમય ગાળામાં સત્તા મંડળ સમક્ષ રજૂ કરવું પડશે. પાણી સ્ત્રોત હોય ત્યાં મિટર મૂકે તો વાંધો નથી. પણ જે ઘર વપરાશમાં પાણી વપરાશે ત્યાં પણ આ કલમ દ્વારા ઘરે ઘરે મિટર મૂકવાની પ્રથા ઉભી થશે, જેનાથી ખૂબ મુશ્કેલીઓ ગુજરાતના નાગરિકોને પડશે. કયા ઘરમાં કેવી વ્યવસ્થા છે શહેરી વિસ્તારમાં, ગ્રામ્ય વિસ્તારમાં કેટલાય ઘરોમાં પાણી પહોંચતું નથી. એ તમામ માહિતી અમારા વિદ્વાન ધારાસભ્યશ્રી શૈલેષભાઇ પરમારે ગૃહના રેકોર્ડ પર મૂકી છે. એટલે વિશેષ વાત કરતો નથી. પણ આ મિટર પ્રથા, આ મિટર પ્રથા વાળી સરકાર છે, ખેડૂતોને હોર્સ પાવર પર પાણી આપો તો કહે ના અપાય મિટર પ્રથા, હવે પાણી પણ મિટરથી મને તો એ ડર છે કે આ સરકારનો કે આગામી દિવસોમાં એ પણ બિલ લાવશે કે હવામાંથી ઓકસિજન પણ આટલો જ લેવો. જાડા માણસે કેટલો લેવો, પાતળા માણસે કેટલો લેવો, ભાજપના માણસે કેટલો લેવો, કોંગ્રેસના માણસે કેટલો લેવો આવાં તો બિલો લઇને આવશે, સરકારને ડર નહીં રહે. જો આ બિલથી એને આગળ વધવા દઇશું તો ઓક્સિજન પણ કેટલો લેવો એના માટે મિટર પ્રથા લાવશે અને દરેકના ખિસ્સામાં મિટર મૂકશે કે તમારે આટલો જ ઓક્સિજન લેવાનો. આ સરકાર બિલકુલ બિન સંવેદનશીલ સરકાર છે. ભલે સંવેદનશીલની વાત કરતા હોય, અને સંવેદનશીલ હોત તો આ બિલ લઇને ન આવી હોત. આવા સારા ગુડવીલ ધરાવતા મંત્રી પાસે આ બિલ ન મૂકાવ્યું હોત. બિલકુલ બિન સંવેદનશીલ સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પાટનરગની જ વાત કરું તો પાટનગર ગાંધીનગરમાં ૨૨ વર્ષના શાસનમાં પાટનગરની કેટેગરીના ત્રીજા માળ ઉપર આ સરકાર પાણી પહોંચાડી શકી નથી, મારો આ આક્ષેપ છે. દરેક કર્મચારી નાની મોટી મોટર મૂકીને પોતાના ત્રીજા માળે પાણી ચડાવે છે, આના કારણે આગામી દિવસોમાં આ બિલ પસાર થશે તો ગાંધીનગરનો એક એક કર્મચારી જેલમાં જશે. નવી જેલો બનાવવી પડશે, આ પરિસ્થિતિ નિર્માણ થશે, સચિવાલય કોણ ચલાવે. આનાથી ઘણા બધા પ્રશ્નો ઉભા થવાના છે. એના કરતાં જાહેર વિતરણ પબ્લિક પ્રોપર્ટી ડેમજ કરવા માટે ઓલરેડી આઇપીસી અને સીઆરપીસીમાં કાયદાઓની કલમો અને ગુનાઓ માટે છે અને પોલીસ તંત્ર કામ સંભાળે જ છે. આ રીતે ડાયર્વઝન કરતા લોકો માટે, પાઇપ

લાઇન તોડતા માણસો માટે, ગેરકાયદેસર જોડાણ માટે અનેક કાયદાઓ છે. આ સીધે સીધો નવો કાયદો લઇને આવવાની જરૂર ન હતી, એવું મારું સ્પષ્ટપણે માનવું છે.

કલમ–૧૦માં જે જોગવાઇ કરવામાં આવી છે અનુસૂચિ–૧ અને અનુસૂચિ–૨ માં એ જોગવાઇએ તો પાણીના વિતરણમાં વ્યવસ્થા બંધ કરે એના માટે તો છે જ. પણ જેને જવાબદારી સોંપી છે એ અધિકારીઓ અને કર્મચારીઓને તમારે આ કામ અટકાવવાનું, આ કાયદાના નીચે તમારે કામ કરવાનું, એવા અધિકારી પણ આમાં સંડોવાયેલા હોય તો એને ભારે મોટી શિક્ષા અને દંડ છે. એટલે કે દરેક માણસ જે કામ કરે છે તે કામ કરાવશે એ કાળજી રાખશે એ આ બધા જ માણસો ચોર છે માટે બધા પર દંડ કરો. બધા પર તમે ફરજીયાત શિક્ષાના પગલાં લો, આવી જે જોગવાઇઓ છે એ અંગ્રેજોના શાસનમાં મૂળ ૧૮૬૯નો કાયદો થયો હતો અંગ્રેજોએ પણ આવી કાયદામાં જોગાવઇઓ નહોતી કરી તો આ સરકારને એવી શી જરૂર પડી. તો આ સરકારને એવી શું જરૂર પડી? ગુજરાત મૉડેલ, રામ રાજ્ય, જયશ્રી રામ, ગુજરાત વિકાસ, ગુજરાત અગ્રેસર, આ બધી વાતો આપણે કરીએ છીએ ત્યારે આ કાયદો આ રાજ્ય માટે શોભાસ્પદ નથી. આનાથી આગળ જઇએ તો આના માટે દિવાની કોર્ટ જેવી હકુમત ઉભી કરવા માગે છે. જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ જેવી કક્ષાની કોર્ટો ઉભી થશે. એમાં કેસ ચાલશે, પાણીનું કનેક્શન કાપી નાખ્યું, ધારો કે હું ગાંધીનગરમાં રહું છું અને મારે ત્યાં પાણીનું કનેક્શન કાપી નાખ્યું, પછી શું? મારે પાણી માટે ક્યાં જવાનું? મારે બીજો ગુનો કરવાનો? બાજુના ઘરવાળા પાસેથી કનેક્શન મેળવવાનું? મારે બીજો ગુનો કરવાનો? પાણીનું કનેક્શન કપાયા પછી દિવાની કાર્યરીતિ થશે તો વર્ષો સુધી, મહિનાઓ સુધી, કદાચ મોટો ગુનો કર્યો હશે તો જેલમાં પણ નાખશે, પાણી પીવાનું નહીં મળે, જે જેલમાં ગયો હશે તેને જેલનું પાણી મળશે. પણ ઘરે જે રહી ગયા હશે એમને પાણી પણ નહીં મળે, તરસ્યા મરશે. આ બધી પરિસ્થિતિ નિર્માણ થશે તો એની રેમીડી શું? એની આ બિલમાં અને કાયદામાં કોઇ જોગવાઇ નથી. આવી અનેક તૃટીઓ સાથેનું આ બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એટલે હું બિલની બહાર કોઇ વાત કરવા માગતો નથી. આ કલમો છે એમાં સુધારા–વધારા કરવાની જરૂર છે અને મને તો લાગે છે કે ખરેખર તો આબ બિલ મુકવાની જ જરૂર નથી. બીજા કાયદામાં આની જોગવાઇ છે જ એટલે હું આ બિલનો સખત શબ્દોમાં વિરોધ કરું છું અને બિલ માનનીય મંત્રીશ્રી પરત ખેંચે તેવી વિનંતી કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૯નું ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક લઇને આવ્યા છે તેનો વિરોધ કરવા માટે ઉભો થયો છું. (અંતરાય) તમને લાગે તો સમર્થન આપજો. મને વાંધો નથી. ઘરે પૂછી આવજો. મારા સૂચનો માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકું છું, શ્રી કુંવરજીભાઇ બાવળીયા વર્ષોથી આ ગુજરાતની ગરીબ પબ્લિક અને સામાન્ય માણસોના નેતા બની લગભગ ૪૦–૫૦ વર્ષથી આમ પબ્લિક વચ્ચે કામ કરે છે. એ પણ સૌરાષ્ટ્રમાંથી આવે છે. ખૂબ પાણીની તંગીવાળો વિસ્તાર કહેવો હોય તો એમનો વિસ્તાર આપણે કહી શકીએ એવા વિસ્તારમાંથી એ પોતે આવે છે. આ રાજયમાં ઘણી સરકારો આવી અને ઘણી સરકારો ગઇ. ૨૨–૨૩ વર્ષથી સામે ભારતીય જનતા પાર્ટીના શાસન વાળી સરકાર બેઠી છે. ગમે તે વાત આવે એટલે એક જ વાત કરે કે, ૨૨ વર્ષમાં બધું અમે જ કર્યું છે. બીજા કોઇએ કશું કર્યું નથી. વારે વારે આ વાતો સાંભળવા મળે. આ તબક્કે હું યાદ કરીશ કોંગ્રેસના ટેકા વાળી રાજપા સરકારને. આ રાજયના મુખ્યમંત્રી આ ગુજરાતના તમામે તમામ ગામડાંના માણસોને પાણી પીવા મળે, સરપંચો પરેશાન ન થાય, એટલા માટે સૌ પહેલા ગામડાંઓની અંદર સરપંચ બનવા માટે કોઇ પણ સંમત થતા નહોતા. ગ્રામ પંચાયતો પાણીનું બિલ ભરી ન શકે એવી પરિસ્થિતિ આ ગુજરાતના ગામડાંમાં હતી. એ વખતે માનનીય શ્રી શંકરસિંહજી વાઘેલા અને શ્રી આત્મારામ પટેલે ગુજરાત રાજયમાંથી સરપંચોને પાણીના મીટર માટેની પ્રથા દૂર કરી અને મફત પાણી પીવા મળે તેવી કામગીરી કરેલી. શ્રી ચુડાસમા સાહેબ, સાચી વાત કે ખોટી વાત? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનો ખેડૂત સસ્તી વીજળી મેળવી શકે એટલા માટે માનનીય અમરસિંહ ચૌધરી સાહેબ આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રી હતા. તેમણે પણ ખેડૂતોને સિંચાઇ માટે સસ્તી વીજળી માટે હોર્સ પાવર પર વીજળી કરેલી અને રાજયના તમામ ખેડૂતોએ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યાં સુધી વગર મીટરે વીજળી વાપરી અને ખેતી કરી. અગાઉની સરકારોમાં ગામડાઓમાં પાણી પીવા માટે તમામ સરકારોએ ગ્રામ પંચાયતોને પીવાના પાણીના બોર મફત બનાવી આપ્યા હતા. ભારતીય જનતા પાર્ટીનું શાસન ૨૨ વર્ષથી આવ્યું. આવવાની સાથે ગ્રામ પંચાયત ૧૦ ટકા ફાળો આપે તો બોર બની શકે અને જે પંચાયત ૧૦ ટકા લોકફાળો ન આપે તો એવા ગામે પાણી પીવા માટે પરેશાન થવાનું એ પરિસ્થિતિ ભારતીય જનતા પાર્ટીની એટલે કે તમારી સરકારમાં ઉભી થઇ. આજે પણ અછત સિવાયનો સમયગાળો હોય તેમાં પણ ગ્રામ પંચાયતો જયાં સુધી ૧૦ ટકા લોકફાળો ન ભરી શકે તો એવી ગ્રામપંચાયતોને પાણીના બોર બનાવવા માટેની વ્યવસ્થા નથી. આ તબક્કે હું શ્રી કુંવરજીભાઇને વિનંતી કરું છું કે ગુજરાતમાં મોટા ભાગની તમામ ગ્રામપંચાયતો કોઇ આવક ન હોવાના કારણે ૧૦ ટકા લોકફાળો ભરી શકતી નથી અને એટલા માટે આવા ગામડાઓમાં સરકારે ૧૦૦ ટકા ખર્ચ કરીને પાણી પીવાની વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. નર્મદાની પાઇપ લાઇનનો પીવાના પાણી માટે ઉપયોગ કરવામાં આવે છે. હું માનું છું ત્યાં સુધી તેમાંથી ગેરકાયદેસર પાણીના કનેક્શનો લઇ કોઇ ખેતીમાં ઉપયોગ કરે છે. કોઇ સારા સારા મોટા મોટા ફાર્મ હાઉસમાં બગીચો બનાવી હરવા ફરવા માટે પાણીનો ઉપયોગ કરે છે. આવા તબક્કે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીશ કે ગામડાંનો કોઇ નાનો માણસ હોય, શહેરીની સોસાયટી કે ગલીમાં રહેતો માણસ હોય, એ મોટર લગાવી અને પાણી ખેંચે અને તેના પર ફરિયાદ દાખલ થાય અને તેના પર દંડ કરવો પડે. તેના કરતા આવા ફાર્મ હાઉસવાળાનો ખ્યાલ રાખીને જો કદાચ તમે તેના પર દંડ કે ફરિયાદ દાખલ

કરી હોત, એવો કાયદો તમે લાવ્યા હોત તો સારું હતું. અમદાવાદની આજુબાજુમાં મોટા મોટા ફાર્મ હાઉસ આવેલા છે. તેમાં તપાસ કરવામાં આવે તો મોટા ભાગના કનેકશનો હશે એ બિનકાયદેસર કનેકશનો હશે. મેં મારા વિસ્તારમાં સંકલનમાં પ્રશ્ન કર્યો હતો. તેમાં કોઇક પાણી પુરવઠા અધિકારીએ લેખિતમાં મને જવાબ આપ્યો હતો કે આવા ૭–૮ કનેકશનો બિનકાયદેસર છે. અમે કાપી નાખ્યા છે. આવા પણ બનાવો બન્યા છે. મારા વિસ્તારમાં પાણી ચોખ્ખું કરી અને સમગ્ર ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં એ ચોખ્ખું પાણી જુદા જુદા ગામડાઓમાં પૂરું પાડવા માટે પીયજ ગામે સરકાર તરફથી નર્મદામાંથી પાણી લઇને પ્લાન્ટની વ્યવસ્થા કરી છે. ચેલેન્જ ફેંકું છું સરકારને, ધ્યાન દોરું છું કે તળાવમાં બે થી ત્રણ વખત ભેંસ કે કોઇ ઢોર મરી ગયું હોય તેના હાડપીંજરો અંદર તરતા હોય. એમાંથી પાણી લઇ પ્લાન્ટમાં નાખી અને ચોખ્ખું કરી અને લોકોને પીવડાવવાની વાત કરતા હોય ત્યારે જે તમારા ત્યાં અધિકારીઓ બેસે છે, શું કરે છે એ અધિકારીઓ કે આવું ગંદુ પાણી, ખરેખર કહું છું સાહેબ, ઢોર અંદર મરી ગયું હોય, તરતું હોય અને એવા સંજોગોમાં એમાંથી પાણી લઇ અને ગુજરાતના લોકોને પીવડાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. (અંતરાય) હું બિલ ઉપર જ બોલું છું. આ પીવાના પાણી ઉપર મેં ચર્ચા કરી છે. પિયજ ગામ મારા મત વિસ્તારમાં આવે છે. મારા કલોલ શહેરથી ત્રણ કિલોમિટરના અંતરે આવેલ આ ગામ છે. એ ગામની અંદર તળાવમાં આખો પ્લાન્ટ સરકારે ઉભો કરેલો છે અને એટલા માટે આવી કંઇક ભૂલ થતી હોય, કર્મચારી ધ્યાન ના દેતા હોય એની વાત હું આ ગૃહના ફલોર ઉપરથી કરી રહ્યો છું. કોઇ ઉંચો ટેકરો હોય, કોઇ ગામ હોય, નીચી જગ્યાએથી પાણી ઉંચી જગ્યાએ ના પહોંચી શકે. એવા સંજોગોમાં પીવા માટે પાણી ના ચડતું હોય તો એણે મોટર મૂકવી પડશે એને જો તમે મોટર નહીં મૂકવા દો તો એ પાણી ઉંચા ટેકરા સુધી ચડી શકવાનું નથી. માનનીય મંત્રી સાહેબ, એવા સંજોગોમાં આપણે શું કરી શકીશું? એનો ઉકેલ તો તમે શોધી આપો. એને ચોરી નથી કરવી. એની પાઇપ લાઇન ટેકરા ઉપર હોય, ઉંચાળી પાઇપ લાઇન હોય, અમારા ગામડામાં એને ઉંચાળી પાઇપ લાઇન કહે. નીચે બધા ચકલીના કનેકશન હોય, એ ચાલુ કરી લેશે. ટેકરે પાણી ચડતું નથી. આવા અસંખ્ય બનાવો અમારા વિસ્તારમાં બનેલા છે. શહેરમાં પણ આવા બનાવો બનતા હોય છે. શહેરોમાં કે ગામડામાં આવા બનાવો બને તો શું તમે એને ચોરી ગણશો? દંડ કરશો કે શું કરશો? કેવી વ્યવસ્થા તમે એને પૂરી પાડશો, સમજાવો તો ખરા? મોટર મૂકે, હોલ મોટો પાડે એના ઉપર ગુનો ગણો, એના ઉપર રજા કરવી, તમામે તમામ પ્રકારની વાતો તમે કરી પણ જે ટેકરા ઉપર પાણી લઇ જવાનું છે એ પાણી માટે ટેકરા ઉપર તમે મોટર નહીં મૂકવા દો તો એને તમારે પાણી તો પીવડાવવું પડશે. આવા સંજોગોમાં આજે ગુજરાતમાં તમે જે કાયદો લઇને આવ્યા છો ત્યારે હું કહીશ કે અહીંયા બેઠેલા તમામે તમામ લોકો પાસે કોઇકની પાસે એક ગાડી હશે, કોઇકની પાસે બે ગાડી હશે, ગાડીઓ ધોવા માટે પાણીનો ઉપયોગ કરવા માટે પણ ગુનો બને છે. ઘેર કપડા ધોવા હશે, કપડા ધોવા માટે પાણીના ઉપયોગ માટે મોટરનો ઉપયોગ કરવો હશે તો એ પણ ગુનો બનશે. નહાવા બેસવા માટે કયાંક પાણી નહીં ચડતું હોય તો મોટરનો ઉપયોગ કરીશું તોય ગુનો બનવાનો. ઘરમાં પોતું કરવાનું હશે તોય પાણી જોઇશે તોય ગુનો બનવાનો છે. તો અમે કરશું શું પાણી વગર એ મને સમજાવો તો ખરા? ઘરમાં પોતું નહીં કરી શકીએ, ગાડી આપણે સાફ નહીં કરીએ, નહાવા બેસવું હશે તો તમે પાણી પણ નહીં લઇ શકો, આવી પરિસ્થિતિમાં શેના માટે છે ? આવું શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ? એક બાજુ ખેડૂતને કહે કે અમે તમને પાણી નહીં લેવા દઇએ, એક બાજુ ગામડાવાળાઓને કહે કે અમે તમને પાણી નહીં પીવા દઇએ. એક બાજુ કહે કે તમને ગાડી નહીં ધોવા દઇએ. તમને નહાવા નહીં દઇએ તો તમારે કરવું છે શું એ સમજાવો તો ખરા અમને. લોકસભાની તમને બધી આપી દીધી. વિધાનસભાની તમને બધી આપી દીધી, સરકાર તમારી બનાવી દીધી. શું પબ્લિકે ગુનો કર્યો છે? શું ખેડૂતોએ ગુનો કર્યો છે એ આ સરકાર સમજાવે તો ખરી. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે. પહેલાં કૂવાના પાણી ઉંચા હતા. દસ ફૂટ તમે ખોદોને તોય પાણી નીકળતું. મને ખબર છે અમે અમારા ગામમાં ઉપરથી ભૂસકા મારતા અને કૂવામાં નહાવા પડતા. એટલા કૂવામાં પાણી ઉંચા હતા કે તમે જમીનમાં નાનો ખાડો કરો તો પાણીના જમો બહાર આવી જાય. એવું પાણી આ ગુજરાતની પ્રજાએ પીધેલું છે. જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું, ૨૨ વર્ષ થઇ ગયા ત્યારથી પાણી પણ જમીનમાં ઉંડા ગયા છે તમારા * (xxx)...

સભાપતિશ્રી : * (xxx) શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : કોંગ્રેસનું શાસન હતું ત્યારે હાથથી ડોલ નાખો તો પણ પાણી નીકળી જાય. ખાડો ખોદો તો પાણી નીકળી જાય. આ વાસ્તવિકતા થોડી કબૂલો. જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી ધીરે ધીરે પાણી ઉંડા જવાના શરૂ થઇ ગયા છે. પાછા પાણીના મિટર આવ્યા. આપ તો માનનીય અધ્યક્ષશ્રી બેન છો, પાણીનો ઉપયોગ કઇ રીતે થાય એ અમારા કરતાં વિશેષ તમને ખબર હોય. પાણીના મિટર ક્યાંય હોય? આખા ભારત દેશના તમામ રાજ્યોમાં ક્યાંય પાણીના મિટર જોયા?

સભાપતિશ્રી : આપે મને કહ્યું છે એટલે કહું કે પાણીના મિટર બહાર હોય અને ત્યાંથી તમે કેટલું પાણી વાપરો છો એના મિટર હોય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મારે આ સરકારને કહેવું છે કે જ્યાં મિટર મૂકવા હોય ત્યાં મૂકવા દો. ગુજરાતમાં મિટર મૂકીને ગુજરાતની પ્રજાને અન્યાય કરવાની વાતમાં ના પડો. ખોબલે ખોબલે મતો આપ્યા છે, પાછું વળીને પબ્લિકે જોયું નથી.

---

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ વખતે તમામ ૨૬ સિટોમાં લોકોએ તમને જીતાડ્યા. ગુજરાતની પ્રજા આટલી બધી તમારા ઉપર રાજી થઇ ગઇ. અમને વાંધો નથી. તમને મેન્ડેટ આપ્યો એનો શિરપાવ તમે ખેડૂતોને સજા, ઘરના પીવાના પાણીની સજા અને મોટી સજા મિટરની આપો? અમે ઘેર કેમનું પાણી વાપરીશું? ઘેર ડખો થવાનો છે. આજે ઘેર જવું ઉપાધી છે. ઘેર ખબર પડે તો ડખો થવાનો છે. ધીરે ધીરે પાણીના તળ ઉંડા થતા ગયા. માણસોની તમે બરોબર ખબર રાખો છો ખરા પણ ઉદ્યોગોને જોઇએ એટલું પાણી. એ એમ કહે કે રહેવા દો નથી જોઇતું તો કહો વાપરો વાપરવું હોય એટલું. હું આપના દ્વારા સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, અમદાવાદની આજુબાજુના ઉદ્યોગો, કડી હોય કે કોઇપણ વિસ્તારના ઉદ્યોગો એમનું ગંદુ પાણી નીકળે છે એ ક્યાં નાખે છે એનો કોઇ દિવસ વિચાર કર્યો છે ખરો? તમામ ફેકટરીઓમાં જમીનમાં બોર બનાવ્યા છે. એ બોરમાં એનું કેમિકલયુક્ત ગંદુ પાણી બોરમાંથી જમીનમાં નાખેછે. રિવર્સ બોર કહેવાય એ બોરના પાણીના કારણે ખેડૂતોને ખેતરના બોરમાંથી ગંદુ કેમિકલયુક્ત પાણી નીકળે છે. આજુબાજુના કોઇપણ ગામ હોય એ ગામમાં પીવાના પાણીનો બોર હોય એમાં પણ કેમિકલયુક્ત ગંદુ પાણી નીકળે અને માણસો એ પાણીનો પીવામાં ઉપયોગ કરતા હોય છે. આની તપાસ કરી ખરી? ઘણી વખત ફરિયાદ કરીએ એટલે ગુજરાત પ્રદૂષણ બોર્ડ વાળા જાય. એકબીજાને મળે અને ઓ.કે. છે એવો રિપોર્ટ થાય.

સભાપતિશ્રી : આપ બિલ ઉપર આવી જાઓ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એટલા માટે કે લોકો આવું પાણી પીવે છે. કારખાનાવાળા રિવર્સ બોર બનાવીને એમાં પાણીનો નિકાલ કરે છે. આ પાણી માણસોએ પીવું પડે છે એટલા માટે મેં આ વાત કરી છે. શ્રી નીતિનભાઇ, વાત સાચી કે ખોટી? મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે સવારના બે બિલો આવ્યા એમાં એક બિલ પાસ કરી નાખ્યું. અને બીજું બિલ આવ્યું. મને ખબર છે પાસ પણ થઇ જવાનું. અમે એનો વિરોધ પણ કરવાના. આજે વધારે કરવાના શ્રી નીતિનભાઇ, પણ સરકારે રહેમ દ્રષ્ટિ રાખીને આજે આ બે બિલ લાવવાની જરૂર નહોતી. પહેલા બિલ પર ચર્ચા થઇ ગઇ. આજે મેં નક્કી કર્યું છે કે હું ત્યાં આવીને બેસવાનો છું. શ્રી ચુડાસમા સાહેબ, ગુજરાતની પ્રજાના હિતમાં નક્કી કરેલું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(બેઠા બેઠા) : આ તો ખૂલ્લી ધમકી કહેવાય.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એ મારો અધિકાર છે. ગુજરાતની પબ્લિકના હિતમાં પાણીના મિટર તમે ના મૂકો. તમે મોટર લગાવો અને તેના ઉપર તમે ગૂનો દાખલ ના કરો. એના પર દંડ ના કરો. એના કારણે પબ્લિકે મને ચૂંટીને અહીંયા મોકલ્યો છે. એટલા માટે વિરોધ કરવાનો મારો અધિકાર છે એની ખાલી તમને જાણ કરું છું.

શ્રી પરેશ ધાનાણી (બેઠા બેઠા ) : આ તો પ્રજાના રક્ષણ માટે રણસીંગુ ફૂંકવાની વાત છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : અને એટલા માટે આપ સૌને વિનંતી કરું છું કે, આપ આ બિલ પાછું ખેંચો. ૨૨ વર્ષથી બધું તમે જ કર્યું છે બીજા કોઇએ કર્યું નથી. જ્યારે જે પાર્ટીની સત્તા હોય તે બધી જ સરકારો હતી એ એમની રીતે કામ કરતી હતી. તમે તમારી રીતે કરો છો. પહેલા બોર કરાવવા હોય તો બોર ન્હોતા બનતા. શાયડા દ્વારા બોર કરતા હતા. શાયડામાં શ્રી નીતિનભાઇ સમજી જશે. બીજા લોકોને ખબર ના પડે. શાયડો એટલે હાથેથી પાણી માટે હોલ કરતા એને શાયડો કહેતા હતા. ધીરે ધીરે રીંગ આવી, એનાથી પણ સારા સારા સાધનો આવ્યા. જૂના જમાનામાં જે સરકારો ચાલી ગઇને એ વખતે આવા એન્જિનિયરીંગના ટેકનોલોજીના સાધનો નહતા એટલે એ કામ મહિના સુધી ચાલતું હતું. અત્યારે સાધનો સારા આવ્યા એટલે એ કામ તમે કલાકમાં કરો છો. ઝડપ તમારી નહિ. ઝડપ આ જમાનાની ઝડપ છે. એનો જશ તમે લો છો એ મારી દ્રષ્ટિએ બરાબર નથી અને એટલા માટે શ્રી નીતિનભાઇ જ્યારે વાત કરે ત્યારે કહે છે કે, અમે જ કર્યું, અમે જ કર્યું. બાપ બધું તમે જ કર્યું. આ પાણીના મિટર પણ તમે લાવ્યા. ખેડૂતો ઉપર ગૂનો દાખલ પણ તમે કર્યો.

સભાપતિશ્રી : શ્રી બળદેવભાઇ વાત ડાયવર્ટ થાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : આ મિટરો તમે લાવ્યા. મોટરથી પાણી ના ખેંચી શકાય એ કાયદો તમે લાવ્યા. એટલા માટે હું શ્રી કુંવરજીભાઇ બાવળિયાને કહું છું કે મંત્રી તરીકે આપ સજજન મંત્રી છો. તમે હમણાં તાજા જ ત્યાં ગયેલા છો એટલે * (xxx) સાહેબ, તમે પૂરી વાતને સમજો અને તમે આ બિલ પાછું ખેંચો (અંતરાય)

સભાપતિશ્રી : *(xxx) એ શબ્દો રદ કરવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : આ બિલને પાછું ખેંચો એવી વિનંતી કરું છું અને વિનંતી સાથે આ બિલનો સખત વિરોધ કરું છું.

સભાપતિશ્રી : માનનીયશ્રી કિરીટભાઇ પટેલ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાણી પુરવઠા ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક, ૨૦૧૯ લઇને આવ્યા છે એના માટે મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ અમારાં ધારાસભ્યશ્રી ચાવડા સાહેબે કહ્યું આઇ.પી.સી. અને સી.આર.પી.સી.ની અંદર ચોરીની જોગવાઇ કરેલી છે. આઇ.પી.સી.ની કલમ ૨૬૮ ની અંદર પબ્લિક ન્યુસન્સ એટલે કે કોઇ પણ વ્યક્તિ પાણીનો કે સરકારી સંપત્તિનો બગાડ કરે તો એના માટે સજાની જોગવાઇ કરી છે. આઇ.પી.સી.ની કલમ ૩૭૮ માં ચોરીની જોગવાઇ કરી છે. જ્યારે ગુજરાતની અંદર અને ભારતની અંદર પોલીસ તંત્ર અને ન્યાય તંત્ર એસ્ટાબ્લીશ થયેલું છે. કાયદામાં કેન્દ્ર લેવલે આ બધી જોગવાઇ સકરવામાં આવી

---

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે ત્યારે આ પાણી ચોરી માટેનું જે બિલ લઇને આવ્યા છે એનો હું વિરોધ કરું છું. આપણે બધા જાણીએ છીએ કે પાણી દરેક માટે બહુ જરૂરી છે. ગુજરાતીમાં કહેવાય છે કે ''જળ એજ જીવન'' Water is life. એક બાજુ આ જે કાયદો લાવ્યા એના કારણો અને ઉદ્દેશની અંદર લખ્યું છે કે, ગુજરાતની અંદર પરંપરાગત રીતે પાણીની અછત છે. અને રાજયમાં પાણીના અસમાન વિતરણને કારણે આ સમસ્યા પેદા થઇ છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની અછત છે એ નિયમિત ઘટના છે. આ જે વિધેયક લઇને આવ્યા છે એની અંદર એના ઉદ્દેશોમાં લખેલું છે. એકબાજુ સરકાર વાતો કરે છે કે અમે પાણી પહોંચાડયું, પાણી પહોંચાડયું. કેન્દ્ર સરકારનો જે નીતિ આયોગ છે એ નીતિ આયોગનો રિપોર્ટ છે વર્ષ ૨૦૧૬-૧૭નો એ નીતિ આયોગના રિપોર્ટની અંદર પણ એવું લખ્યું છે કે પાણી વ્યવસ્થાની અંદર ગુજરાત દેશમાં સૌથી આગળ છે, એનો સ્કોર સૌથી ઉંચો છે. એના રિપોર્ટમાં એવું પણ લખ્યું છે કે ગુજરાતનાં ગામડાંની અંદર પાણી વ્યવસ્થા એટલે કે વોટર મેનેજમેન્ટની અંદર ગુજરાતે ૧૦૦ ટકા સફળતા મેળવી છે. એકબાજુ સરકાર આ વિધેયકના ઉદ્દેશમાં સ્વીકારે છે કે પાણી માટે તકલીફ છે. કચ્છ, સૌરાષ્ટ્રની અંદર પાણી પહોંચી શકતું નથી તો આ નીતિ આયોગે ૧૦૦ ટકા માર્કસ કઇ રીતે આપ્યા? એની સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં કરે એવું ઇચ્છું છું. આજે અમારા પાટણની, સાંતલપુરની અને બનાસકાંઠાના કેટલાક વિસ્તારોમાં જુઓ તો પાણીની શું પરિસ્થિતિ છે એ તમને ખ્યાલ આવે. સામેના મારા મિત્રોએ કહ્યું કે કોંગ્રેસે કંઇ કર્યું નહોતું. માનનીય મંત્રીશ્રી, આજથી ૪૦ વર્ષ પહેલા ઉત્તર ગુજરાત અને કચ્છ માટે કોંગ્રેસ સરકારે નેધરલેન્ડ નામની યોજના શરૂ કરી હતી અને છેવાડાના ગામડાંઓ સુધી એ નેધરલેન્ડ યોજના દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હતું અને ૪૦ વર્ષ થયા છે તો પણ એ યોજના ચાલુ છે. ભા.જ.પા.ની સરકારે પાંચ વર્ષની અંદર જે પાઇપો નાખી છે એ તુટી જાય છે અને પાણીનું સારું આયોજન કરવામાં આવે તો આ વિધેયક લાવવાની જરૂર ન પડે. નીતિ આયોગનો જે રિપોર્ટ છે વર્ષ ૨૦૧૬-૧૭નો એની અંદર સ્પષ્ટ લખ્યું છે કે દેશની અંદર અને ગુજરાતની અંદર સ્વચ્છ પીવાના પાણીની અત્યંત આવશ્યકતા છે. હમણાં જ શ્રી સી.જે.ચાવડા સાહેબે ગાંધીનગરનું ઉદાહરણ આપીને કહ્યું. એ રિપોર્ટની અંદર શહેરી વિસ્તારની અંદર ૭૦.૧ ટકા અને ગામડાંની અંદર ૧૮.૭ ટકા પાણી વિતરણની વ્યવસ્થા થઇ શકી નહોતી. આ મારો રિપોર્ટ નથી, આ કેન્દ્ર સરકારનો નીતિ આયોગનો રિપોર્ટ છે. હમણા જ કેગનો રિપોર્ટ આવ્યો હું વાંચતો હતો એકબાજુ આપણે મોટામોટા આયોજનો કરીએ છીએ, બજેટ ફાળવીએ છીએ, પાણીની ચિંતા કરીએ છીએ. કેગના રિપોર્ટની અંદર પાના નં. ૧૧૨ ઉપર લખ્યું છે કે વર્ષ ૨૦૧૮ની અંદર પાણી પુરવઠા માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવી, જે આયોજન કરવામાં આવ્યું એના ૭૨.૬૪ટકા બજેટ વણવપરાયેલું રહ્યું છે. જો આ બજેટને સારી રીતે વાપર્યું હોત અને એના માટે આયોજન કર્યું હોત તો આ વિધેયક લાવવાની જરૂર ન પડત. આ કાયદાની અંદર જાહેર જળ વિતરણ સત્તા મંડળ એટલે ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચરની રચના કરવાની જોગવાઇ છે. એકબાજુ બજેટમાં લખ્યું છે અને આ વિધેયકમાં લખ્યું છે કે એના માટે નાણાંની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. એક બાજુ તમે બીજું સત્તામંડળ નવું બનાવવાની વાત કરો છો, એના પગાર માટે બજેટની અંદર કોઇ જોગવાઇ કરવામાં આવી નથી એટલે આ વિધેયક તમારે લાવવું હોય તો એના માટે સત્તા મંડળના જે કર્મચારીઓ છે એના માટે બજેટની અંદર જોગવાઇ કરવામાં આવે. પાણી પુરવઠા બોર્ડ ઓલરેડી અમલમાં છે જે પાણી માટેની વ્યવસ્થા કરે છે. આ નવું સત્તામંડળ બનાવવા કરતા હાલ જે પાણી પુરવઠા બોર્ડ છે એની અંદર ૬૦ ટકા સ્ટાફની ઘટ છે. માત્ર ૪૦ ટકા કર્મચારીઓથી આ બોર્ડ ચાલી રહ્યું છે. વર્ષ ૧૯૮૮ પછી આ બોર્ડની અંદર કોઇ સ્ટાફની ભરતી કરવામાં આવી નથી. ઘણા બધા અધિકારીઓની જગ્યા ખાલી છે એટલે આ નવી ઓથોરીટી અથવા નવું બોર્ડ બનાવવા કરતા જે કર્મચારીઓ છે એમને છેલ્લા ૧૯ મહિનાથી એમનું એરિયર્સ આપ્યું નથી આ બધું કરવામાં આવે તો એ કર્મચારીઓને પ્રોત્સાહન મળશે અને પાણી વિતરણ વ્યવસ્થાની અંદર બહુ સારો સુધારો થશે. જે બોર્ડની અંદર ૩,૦૦૦ કર્મચારીઓ અત્યારે રોજમદાર તરીકે છે. માનનીય મંત્રીશ્રી એ રોજમદારની અંદર મહિને રૂપિયા ૨૫,૦૦૦નો પગાર આપવામાં આવે છે, પરંતુ એ રોજમદાર જોડેથી કામ લેતા નથી. પાણી વિતરણની વ્યવસ્થા પ્રાઇવેટ એજન્સીને આપવામાં આવે છે. પ્રાઇવેટ એજન્સી આઉટ સોર્સથી સ્થાનિક માણસો રાખે છે. પાણીની અંદર ચોરીઓ થાય છે. આ રોજમદાર કર્મચારીઓ એમની જોડેથી કામ લેવામાં આવે તો બે ફાયદા થશેઃ સરકારના પૈસા બચશે અને પાણી સારી રીતે આપી શકીશું. આ અધિનિયમની કેટલીક જોગવાઇ ગેરબંધારણીય છે. એકબાજુ તમે સજાની જોગવાઇ કરો છો. બીજી બાજુ દંડની જોગવાઇ કરો છો અને ત્રીજી બાજુ તમે પૈસા ભરી દો તો નિર્દોષ છોડી મુકવાની જોગવાઇ કરો છો. કલમ-૪ માં બોર્ડ અથવા ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિ. (G.W.I.L.) સિવાય કોઇપણ સંસ્થા પાણીની માલિકી ધરાવી શકશે નહીં, એવી જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરથી એવું લાગે છે કે ભવિષ્યની અંદર જે કુદરતી સંપત્તિ છે, એનો સરકાર પૂરો વેપાર કરવા માગે છે. જે રીતે મેડિકલ એજ્યુકેશનની અંદર જી.એમ.ઇ.આર.એસ. જેવી સંસ્થા બનાવી.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અત્યારે શિક્ષણનું વ્યાપારીકરણ કર્યું છે એ રીતે ભવિષ્યની અંદર આ પાણીનું વ્યાપારીકરણ ન થાય એ બહુ જોવાની જરૂર છે. હમણાં જ અમારા સાથી મિત્રે કહ્યું કે દરેક ગામડે મિટર મૂકવા પડશે. ગુજરાતના દરેક ગામે ગામ, ઘરે ઘરે મિટર મુકવામાં આવે તો ખર્ચ કેટલો થશે, એનું મેઇન્ટેઇન કોણ કરશે એ પણ વિચારવાની જરૂર છે. મને લાગે છે કે મિટર મૂક્યા પછી આ મિટર મેઇન્ટેન કરવા માટે બીજું બોર્ડ બનાવવાની જરૂર પડશે. કલમ-૪(૨) એની અંદર હદ નક્કી કરવાની વાત કરી છે. તમે ઘણા બધા કિસ્સાઓ જોયા હશે. પિક્ચરમાં પણ જોયું હશે. ઘણીવાર હદ બાબતમાં કેવા બનાવો બને છે. પોલીસમાં કેસ

થાય. ઘણીવાર મર્ડર થાય, મૃત્યુ થાય, એક્સિડન્ટ થાય તો હદની બાબતમાં દિવસો સુધી લાશો પડી રહે છે. એટલે આ હદ નક્કી કરવાની બાબત ઓલરેડી તાલુકા અને જિલ્લાની હદ નક્કી કરેલ છે. તાલુકા અથવા જિલ્લા પ્રમાણે એનું ડિસ્ટ્રિબ્યુશન કરવામાં આવે તો હદ નક્કી કરવાની ભવિષ્યની અંદર તકરાર ઉભી થવાની છે તે થશે નહિ. કલમ–૬(૨) ની અંદર જથ્થો અનામત રાખવાની વાત કરે છે. ઘણીવાર એવું બને છે કે જથ્થો અનામત હોય અને કોઇપણ વ્યક્તિના દબાણથી, મંત્રીના કે ધારાસભ્યના દબાણથી, અધિકારીઓ દબાણને વશ થઇને આ જથ્થો પાણીનો વેડફી દે અથવા વેચી દે એના માટે કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. કેશિયર હોય એની જોડે ૫૦૦ રૂપિયા હોય અને ભૂલથી ૧૦૦ રૂપિયા વપરાઇ ગયા હોય તો તરત જ એના ઉપર આર્થિક ઉચાપતનો કેસ કરવામાં આવે છે. જો અધિકારીઓ પાણીનો વેડફાટ કરશે. પાણી કોઇના દબાણને વશ થઇ વેડફી નાખશે તો એના માટે કોઇ સજાની જોગવાઇ કરવામાં આવી નથી. ચોરનાર માટે સજાની જોગવાઇ કરવામાં આવી છે, પણ કોઇ ગેરકાયદેસર રીતે વેડફી નાખે તો એના માટે કોઇ સજાની જોગવાઇ કરવામાં આવી નથી. કલમ–૭(૧)માં ફોર્મ ભરી કનેકશન મેળવવાની વાત છે, એની અંદર ચોક્કસ ફરિયાદ એને સમય મર્યાદામાં કેટલા દિવસમાં તમે કનેકશન મળશે. તમારી અરજી કેટલા દિવસમાં મંજૂર થાય છે, અથવા કેટલા દિવસમાં નામંજૂર થશે એની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. બીજી બાજુ ગરીબોના, એસ.સી. એસ.ટી., બક્ષીપંચના ગામડામાં પાણી મફત આપવાની વાતો કરીએ છીએ, ત્યારે આની અંદર ગરીબ લોકો, ગામડાનો માણસ માટે, ઉદ્યોગો માટે ફી અલગ અલગ હોવી જોઇએ. આવી કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. કેટલા સમયમાં કનેકશન આપી દેવામાં આવશે તેની પણ જોગવાઇ કરવામાં આવી નથી. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ બાબતે આ અધિનિયમમાં જોગવાઇ કરવામાં આવેલ. કલમ–૭(૨)માં ટેન્ડરથી પાણી વેચવાની જોગવાઇ કરવામાં આવી છે. એટલે આ સ્પષ્ટ બતાવે છે કે, જે લોકો પૈસાદાર હોય અને ક્વોલિફાઇડ હોય તેવા લોકો જ આ પાણીનો વેપાર કરી શકશે. એટલે નાનો, ગરીબ વ્યક્તિ હોય તે આ પાણીનો વેપાર કરી શકશે નહીં કે પાણી મેળવી શકશે નહીં. એટલે આ જોગવાઇનું સ્પષ્ટીકરણ કરવામાં આવે. કલમ–૯માં ઓડિટની જોગવાઇ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : કોમ્પિટીશનમાં તો નથી ઉતર્યાને?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના, નથી ઉતર્યો. સિસ્ટેમેટીક બોલું છું. કલમ–૯ની અંદર ઓડિટની જોગવાઇ કરવામાં આવી છે. ઘણાબધા ઓડિટ સમય મર્યાદામાં થતા નથી. આ ઓડિટ કોણ કરશે અને કયા અધિકારી કરશે અને કેટલા સમયમાં પૂરું થશે તથા કેટલા સમયના અંતે તેમણે આ હિસાબો રજૂ કરવા પડશે તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી. તેની ચોક્કસ સમય મર્યાદાનું કાયદામાં પ્રોવીઝન કરવામાં આવે તો ભ્રષ્ટાચાર અટકશે એવું મારું માનવું છે. કલમ–૧૧માં ગુના અને દંડની જોગવાઇ કરવામાં આવી છે. કલમ–૧૧(૧)ની અંદર વિતરણ વ્યવસ્થાને નુકસાન કરે તો બે વર્ષ અથવા એક લાખ રૂપિયા દંડ, કલમ–૧૧(૨)ની અંદર ૬ મહિનાની સજા અને ૫૦ હજાર રૂપિયાનો દંડ તથા કલમ–૧૧(૩)ની અંદર ત્રણ મહિનાની સજા અને ૨૦ હજાર રૂપિયાના દંડની જોગવાઇ કરવામાં આવી છે. જયારે બીજી બાજુ કલમ–૧૦ની અંદર અનુસૂચિ–૧ની અંદર દંડની જોગવાઇ કરવામાં આવી છે. એક બાજુ તમે સજા કરવાનું કહો છો, એકબાજુ પોલીસ ફરિયાદ કરવાનું કહો છો, એકબાજું ૫૦ હજારના દંડની વાત કરો છો અને આ જ કાયદામાં એવું કરવામાં આવ્યું છે કે, જે એપેલેટ ઓથોરિટ હશે અથવા અધિકારી હશે તે દંડ નક્કી કરશે અને તમે તે દંડ ભરી દેશો તો ગુનો લાગુ પડશે નહીં.

અધ્યક્ષશ્રી : આ કલમ–૧૧નો સમાવેશ કલમ–૧૦ની અંદર છે?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૦ની અનુસૂચિ–૧ પ્રમાણે દંડની જોગવાઇ છે.

અધ્યક્ષશ્રી : અને કલમ–૧૧?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : કલમ–૧૧ આવી ગઇ સાહેબ.

અધ્યક્ષશ્રી : કલમ–૧૧ એ કલમ–૧૦નો જ ભાગ છે એવું નથી લાગતું?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : ના સાહેબ.

અધ્યક્ષશ્રી : તો જુદી શું કામ વાંચો છો. કલમ–૧૦ અને કલમ–૧૧ એક જ છે. હવે કલમ–૧૨ પર આવો. આ તો કલમવાર વાંચવા માંડયા તો મને પણ રસ પડયો એટલે મેં જોઇ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૩(ક)ની અંદર એવી જોગવાઇ કરવામાં આવી છે કે કોઇપણ સત્તાધિકારી આ પાણીની ચોરી થાય છે કે નહીં તેના માટે ગમે ત્યારે ગમે તે જગ્યાએ પ્રવેશ કરી શકશે. આ બંધારણના અધિકારનું ઉલ્લંઘન છે. એનાથી ભવિષ્યની અંદર એવું થશે કે, કાયદામાં ચેકીંગ કોણ કરી શકશે? પોલીસની અંદર અમૂક જગ્યાએ રેડ કરવી હોય તો ડી.વાય.એસ.પી. કક્ષાથી નીચેના અધિકારી કરી શકતા નથી, અમૂક જગ્યાએ પી.આઇ.થી નીચેની કક્ષાના અધિકારી રેઇડ કરી શકતા નથી. આમાં એવું થશે કે કોઇ કલાર્ક હોય તે પણ ગમે ત્યારે રેડ કરશે. પાંચ–પચ્ચીસ હજાર આપ્યા તો લઇને બેસી જશે. એટલે આ કાયદામાં સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવે કે કઇ કક્ષાનો અધિકારી રેડ કરી શકશે તો ભવિષ્યમાં ભ્રષ્ટાચાર અટકશે. કલમ–૧૩(૪) ની અંદર નોટીસ આપ્યા વગર પાણી પુરવઠાનું જોડાણ કાપી નાખવાની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : તેમાં કોઇપણ કલાર્ક ના કરી શકે, એવું લખ્યું છે કે, સત્તા મંડળે આ અર્થે અધિકૃત કરેલી કોઇ વ્યક્તિ એટલે નિશ્ચિત વ્યક્તિ હશે એમ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : એમાં કઇ કક્ષાના અધિકારી હશે.

અધ્યક્ષશ્રી : નિશ્ચિત કરેલા. નિયત કરેલા, નિમણૂક કરેલા માણસો જ મૂકશે ને?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૩(૪)ની અંદર નોટિસ આપ્યા વગર પાણી પુરવઠાનું જોડાણ કાપી નાંખવાની વાત કરી છે. આપ પણ કાયદાના નિષ્ણાત છો, કાયદાની અંદર કુદરતી ન્યાયનો એક સિદ્ધાન્ત છે કે કોઇ પણ વ્યક્તિને એને સાંભળ્યા સિવાય આ કનેકશન કાપી ન શકાય એટલે આ જે જોગવાઇ છે એના માટે કાંઇક યોગ્ય કરવામાં આવે. કલમ–૧૪(૨) એમાં એવું લખ્યું છે કે, વપરાશ થયેલ પાણીના જથ્થાના આધારે આકારણી કરી નુકસાની વસુલાત કરવાની જોગવાઇ છે અને એની અંદર જે રીતે પોલીસ ખાતામાં અને સરકારના બીજા વિભાગોમાં વિજિલન્સ ડિપાર્ટમેન્ટ હોય છે આવું કોઇ ડિપાર્ટમેન્ટ બનાવી એને જવાબદારી આપવામાં આવે તો ભવિષ્યમાં ચોરી અટકશે. કલમ–૧૬ની અંદર વોટર એપેલેન્ટ ઓથોરીટીની જોગવાઇ કરવામાં આવી છે પણ આ વોટર એપેલેન્ટ ઓથોરીટીમાં કેવા પ્રકારના અધિકારીઓ મૂકવામાં આવશે? એ જ્યુડિશિયલ અધિકારીઓ હશે, એક્ઝીક્યુટીવ હશે, ભાજપના કાર્યકર હશે, કોંગ્રેસના કાર્યકર હશે, ગામના સરપંચ હશે એની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી અને એના માટે જે સક્ષમ અધિકારી હોય, રાજકીય વ્યક્તિની નિમણૂક કરવા કરતા નિષ્ણાત વ્યક્તિની અથવા જાણીતી વ્યક્તિની જોગવાઇ કરવામાં આવે તો જે લોકો અપિલ માટે આવશે એમને ન્યાય મળી શકશે. કલમ–૧૬(૨)માં આ ઓથોરીટીમાં કેટલા સભ્યોની નિમણૂક કરવામાં આવશે એ પણ સ્પષ્ટ કર્યું નથી એટલે પાંચ–સાત કે અગિયાર કેટલા સભ્યો એ ફિકસ કરવામાં આવે અને એની જોગવાઇ કરવા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કલમ–૧૮(૧) અને ૧૮(૨) એની અંદર એવી જોગવાઇ કરવામાં આવી છે કે, ચોરી કરી અને સત્તા મંડળે દંડ ફાઇનલ કર્યો અને એ દંડની રકમ પૂરેપૂરી એ ભરી દે તો એને ચોરીના કેસમાંથી મુકત કરવામાં આવશે. પણ ૧૮(૨)માં એવું લખ્યું છે કે, ઓછી રકમ ચૂકવે તો કેસ માંડવાળ કરવામાં આવશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આના લીધે એવું થશે કે, મને ૨૦ હજાર રૂપિયાનો દંડ થયો અને મારી પાસે વ્યવસ્થા થઇ અને મેં ૧૦ હજાર રૂપિયા દંડ ભરી દીધો અને પછી બાકીના ૧૦ હજાર રૂપિયા મારી વ્યવસ્થાના અભાવે દંડ ભરી શકતો નથી તો મને ન્યાય મળવાનો નથી અને હું એ ચોરીમાંથી મુકત થવાનો નથી, પણ માનનીય અધ્યક્ષશ્રી, મેં જે ૧૦ હજાર રૂપિયા ભર્યા એ મને પરત મળશે કે નહીં એની કોઇ સ્પષ્ટતા કે જોગવાઇ આમાં કરવામાં આવી નથી તો એ પણ જોગવાઇ કરવામાં આવે. કલમ–૧૯ની અંદર કોઇ પણ દીવાની કોર્ટ આ અધિનિયમની જોગવાઇઓ મુજબ લેવામાં આવેલા અથવા લેવાના હોય એવા પગલાં સંદર્ભે મનાઇ હુકમ કે દખલ કરી શકશે નહીં. આ બાબત એકદમ ગેરબંધારણીય છે. ભારતના બંધારણમાં દરેક વ્યક્તિને ન્યાય મેળવવાનો અધિકાર એટલે રાઇટ ટુ જસ્ટીસ મળેલો છે એટલે કોઇ પણ વ્યક્તિ ન્યાયથી વંચિત ન રહી જાય એટલા માટે આ કલમ છે એ દૂર કરવામાં આવે. બીજી બાજું કલમ–૨૨માં એક ખાસ પ્રકારની ડેઝિગ્નેટેડ કોર્ટો બનાવવાની વાત કરી છે, એક બાજુ ગુજરાતની અંદર આટલા બધા કેસો પેન્ડીંગ હોય ત્યારે આ શક્ય નથી. બીજી બાબત સંસ્થાઓ કે વ્યક્તિ દ્વારા આ ટેન્ડર પદ્ધતિથી પાણી વિતરણની વ્યવસ્થા કરવામાં આવશે. કોઇ પણ ટેન્ડર હોય તો એની સમય મર્યાદા હોય બે વર્ષ કે ત્રણ વર્ષ, આજે એકસ નામની વ્યક્તિ એ પાણીનું વિતરણ કરે છે અને ચોરી બાબતની એજન્સીએ પોલીસ ફરિયાદ કરી પણ એ એજન્સીનું ટેન્ડર પૂરું થયા પછી એના માટે જવાબદારી કોની રહેશે અને એ કેસ કોણ સંભાળશે? આવી પણ જોગવાઇ આમાં કરવામાં આવી નથી તો એનું પણ સ્પષ્ટીકરણ કરવામાં આવે. ઘણી વાર અધિકારીઓ ફરિયાદ કરતા નથી કેમ કે અધિકારીઓની બદલી થતી હોય છે વારંવાર એટલે અધિકારીએ એક વાર ફરિયાદ કર્યા પછી એમણે દૂરના સ્થળેથી દરેક તારીખોએ કોર્ટમાં હાજર રહેવું પડે છે એટલે વ્યક્તિગત નહીં પરંતુ હોદ્દાગત ફરિયાદ થાય અને કોર્ટમાં જે હોદ્દાગત અધિકારી હાજર હોય એ કોર્ટમાં જાય અને એની મુદત ભરે અને કોર્ટમાં હાજર રહે એવી વ્યવસ્થા કરવામાં આવે. પાણી માટેની વ્યવસ્થા કરવામાં આવે, એ માટે હલકી કક્ષાની પાઇપો ન વપરાય, ટેન્ડરની અંદર સારી જોગવાઇઓ થાય અને ગ્રેવીટીથી પાણી મળે એવી જો વ્યવસ્થા કરવામાં આવે તો લોકોને સારી રીતે પાણી મળી શકશે અને છેલ્લે શ્રી શૈલેષભાઇના જવાબની અંદર કેનાલો તૂટવાનું કારણ નોળીયા અને ઉંદર આપેલ હતું.

અધ્યક્ષશ્રી : એ કેનાલમાં ક્યાં આવી ગયા પાછા, આગળ ગયું એ પાસ થઇને,

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : આ જે પાઇપો નાંખવામાં આવે એ પાઇપો કોઇ બે પગવાળા નોળીયા કે ઉંદર ન ખાય એની તકેદારી રાખવા માટે વિનંતી. જય હિન્દ.

**પોઇન્ટ ઓફ કલેરીફીકિશન**

**કેનાલ તૂટવા બાબતે રેકર્ડ ઉપર ખોટી ટીકા ટીપ્પણ કરવા અંગે**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ક્યારનો રાહ જોતો હતો કે આ મુદ્દો ઉભો કરવાની મને તક મળે.

અધ્યક્ષશ્રી : હું તો એવું કહેવાનો હતો કે જેને કાયદામાં સમજ પડતી હોય તે બોલે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલથી કોંગ્રેસના મિત્રો આ કેનાલ તૂટવામાં ઉંદર, ઉંદરીયા, વિગેરેનું કારણ સરકાર તરફથી, વિભાગ તરફથી જે બતાવવામાં આવે છે એમાં જાતજાતની કોમેન્ટ કરીને મશ્કરી કરતા હતા અને એમની સમજ પ્રમાણે અને એ બોલ્યા અને હું સમજ્યો છું તે પ્રમાણે આવું ઉંદરીયાથી કશું થઇ શકે નહિ, ઉંદર વળી આવી

મોટી કેનાલ કાપી શકે, એમાં હોલ કરી શકે એવી સરકાર ઉપર ટીકાઓ અને મશ્કરીરૂપ કોમેન્ટ કરતા હતા. એટલે હું સવારે લાયબ્રેરીમાં પોતે જઇ આવ્યો.

અધ્યક્ષશ્રી : ક્યારના આપ વાંચો છો તે હું જોઉં છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, મેં થોડીક તપાસ કરી અને અભ્યાસ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જ્યારે શ્રી ચીમનભાઇની સરકાર હતી અને હું પહેલીવાર ધારાસભ્ય બન્યો હતો ત્યારે સયાજીરાવ ગાયકવાડ વખતનું અમારું થોળનું મોટામાં મોટું સરોવર છે એ તૂટેલું. એ સિવાય પાનમ ડેમમાં પણ એક વખત ગાબડું પડેલું. તો એ વખતે આ પ્રશ્નોત્તરી થઇ હશે જેમ અત્યારે આપણે કરીએ છીએ, એ વખતે આ જુની બુક છે ગુજરાત વિધાનસભા ચર્ચાઓ સત્તાવાર અહેવાલ, દસમું અધિવેશન, સાતમી ગુજરાત વિધાનસભા, શ્રી પરેશભાઇ અભ્યાસ થોડોક કરી લેજો, જેમને ઇચ્છા હોય તે કરી લેજો. એ વખતે એમાં શ્રી બાબુભાઇ વાસણવાળા એલીસબ્રીજના ધારાસભ્યશ્રી હતા અને શ્રી બાબુભાઇએ પ્રશ્ન પુછેલો કે ગોધરા તાલુકાના વેગનપુર ખાતે આવેલ પાનમ કેનાલમાં ચાલુ વરસે મોટા ગાબડાં પડ્યા હતા તે વાત સાચી અને ગાબડાં પડવાનું કારણ શું? તો એ વખતના સિંચાઇ મંત્રીશ્રીએ જવાબ આપેલો તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯. એમાં એમણે કબૂલ કરેલું કે ચાર ગાબડાં પડ્યા અને વધુ વરસાદના કારણે નહેરની બાજુમાં ઉગેલ ઝાડના મૂળીયામાંથી નહેરના લાઇનીંગને નુકસાન થવાના કારણે નહેરના પાળામાં ઉંદરોના દરને કારણે આ ગાબડાં પડ્યા હતા. હવે એ વખતે ચાર પગવાળા ઉંદર હતા કે બે પગવાળા ઉંદર હતા? એટલે જરાક ટીકાઓ કરો તો અભ્યાસ કરીને આગળ પાછળનું જોઇને કરો. સાહેબ, આ ટેકનીકલ બાબત છે.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ક્લેરીફીકેશન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે મોટા પાળા હોય, જંગલ હોય, વેરાન હોય ઝાડી ઉગી હોય,

અધ્યક્ષશ્રી : આખું ઘર ખોદી નાંખે, ઘરખોદીયા ઉંદર.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: ઉંદરો એમાં રહેતા હોય, ઉંદર તો ભલભલાનું ખોદી નાંખે, આખે આખી કોંગ્રેસને ખોદી નાંખી તો પાળાની શું વાત છે એટલે આ ચોખવટ એટલા માટે કરી કે ક્યારના સમજ્યા વગર મશ્કરી કરતા હતા અને શ્રી કીરીટભાઇએ પાછું એમાં મને મુદ્દો ઉભો કરી સ્પષ્ટતા કરવાની તક આપી એટલે આ સ્પષ્ટતા કરી છે.

પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી નીતિનકાકાને અભિનંદન દઉં કે પહેલી વખત આજે લાયબ્રેરીમાંથી વાંચીને મુદ્દો લાવ્યા છે. એમણે એમ કહ્યું કે ચાર પગવાળા હતા કે બે પગવાળા? તે દી ચાર પગવાળા જ હતા અત્યારે બે પગવાળા ઉંદર બજારમાં આવ્યા છે એટલે જવાબમાં ચોખવટ કરવાની જરૂર હતી.

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદ્દીનભાઇ શેખ, (અંતરાય) આવી ગયો જવાબ, બધાએ ના કહેવાનું હોય. બધાએ ના હોય, (અંતરાય) એમણે ક્યાં શ્રી ચીમનભાઇ કહ્યું, જે હોય તે વખતના સિંચાઇમંત્રી એમ કહ્યું. (અંતરાય) શ્રી ચીમનભાઇ નહોતા, શ્રી બળદેવજીભાઇ, હજી બોલવાનું છે, શરૂ કરો શ્રી ગ્યાસુદ્દીનભાઇ, આ તો આવું જ બધા કરશે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રી જે ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ વિધેયક-૨૦૧૯ લઇને આવ્યા છે તેમાં થોડીક બાબત હું મારા તરફથી રજૂ કરવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ટાઇમ નથી નહીંતર બધુય એમનું ચોખ્ખું કરી નાંખત.

અધ્યક્ષશ્રી : એમણે પણ એમ જ કહ્યું કે આ વાંચ્યા વગર આટલું બધું ચોખ્ખું કરો છો તો વાંચશો તો શું થશે ?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇની ફરિયાદ છે તે ફરિયાદ છે તે વિનંતીના રૂપમાં છે. (અંતરાય )

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, મારે શોર્ટમાં જ વાત કરવાની છે.

અધ્યક્ષશ્રી : સારી વાત છે

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ લાંબી ઉંડાણપૂર્વકની બધા વિદ્વાન ધારાસભ્યશ્રીઓએ ચર્ચા કરી છે. મારે ફકત એટલુ જ મંત્રીશ્રીને કહેવાનુ છે કે મંત્રીશ્રીએ જે તેની અંદર કારણો મૂકયા છે અને વાત મૂકી છે કે મોટરીંગ થવાથી પાણીની ચોરી થાય છે, ગેરકાયદેસર કનેકશનો લેવામાં આવે છે અને તેની સામે દંડની જોગવાઇ કરવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રીને એટલુ જ કહેવાનુ છે કે, પાણી મોટરીંગથી લેવાનો કોઇને શોખ થતો નથી મોટરીંગથી તે પાણી લે એટલે તેને લાઇટનું બિલ ભરવું પડે છે અને આજની પરિસ્થિતિ એવી છે કે, આ મોંઘવારીની અંદર કોઇને મોટરીંગ કરવાનુ પોષાય નહીં. પણ જયારે પાણી નથી આવતુ, સત્તા મંડળો જયારે પાણી આપવામાં નિષ્ફળ જાય છે ત્યારે લોકોએ મજબૂરીથી મોટરીંગ કરવુ પડે છે. મારુ કહેવાનુ એટલુ જ છે કે સ્માર્ટ સીટી કહો, મેગા સીટી કહો અમદાવાદની વાત કરું તો અમદાવાદની અંદર ૧૦ ટકા એરીયા એવો છે કે જેની અંદર પાણીના અને ડ્રેનેજના નેટવર્ક નથી અને કાલના જવાબમાં હતુ કે પાંચ વોર્ડની અંદર તો ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે તો હું એવુ કહેવા માંગું છું કે આવો કાયદો લાવતા પહેલાં કમસે કમ સો ટકા આવી ગેરંટી કરો કે લોકોને પૂરતા પ્રેસરથી પાણી મળે, લોકોને મોટરીંગ ના કરવુ પડે, લોકોને પાણીની ચોરી ના કરવી પડે કાયદો બનાવવાથી આ પ્રશ્ન હલ થવાનો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારા કોટ વિસ્તારની આપને વાત કરું તેની અંદર પછી તમે

બીજા પૂર્વ વિસ્તારમાં જાવ તમે વેજલપુર જાવ, તમે ઓઢવ જાવ, તમે નારોલ જાવ, રામોલ જાવ બધી જગ્યાએ પરિસ્થિતિ એવી છે કે ત્યાં લોકોને પીવાનું શુદ્ધ પાણી પૂરતાં પ્રેસરથી મળતું નથી અને સૌથી ગંભીર બાબત તમને કહું તો પોલ્યુશનવાળું પાણી એટલે પાણીની અંદર મળ સુદ્ધાં આવતું હોય અને ગંદુ પાણી હોય અને જનતાની પાણીની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે અને તેના પરિણામે લોકોને કમળાના અને ટાઇફોઇડના અને બીજા પાણીજન્ય રોગો થાય છે અને છેલ્લાં પાંચ વર્ષની અંદર વચ્ચે મેં જે માહિતી મેળવી હતી એ માહિતીની અંદર કમસે કમ ૭૭ લોકોના મૃત્યુ અમદાવાદમાં ઝાડા-ઉલટી અને કમળાના લીધે થયા છે. આ પ્રદુષિત પાણી પીવડાવવું એ માનવ વધ સમાન છે. આ જ ગંભીર વસ્તુ હોય, મેઇન હોલ બનેલાં હોય અને મેઇન હોલમાંથી પાણીની લાઇનો પસાર થતી હોય એવા પણ કિસ્સા અમે કોર્પોરેશનના કમિશનર અને અધિકારીઓની સામે મૂકયાં છે ત્યારે મંત્રીશ્રીને હું એટલી જ વિનંતી કરવા માગું છું કે, મંત્રીશ્રી કોર્પોરેશનની અંદર પત્ર લખે કે જયાં પણ આવુ પ્રદુષિત પાણી આવતું હોય એનું નિરાકરણ કરે અને લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે અને લોકોને મોટરીંગ ના કરવુ પડે, મોટરીંગ કરવાની કોઇને જરૂર ના પડે એટલી વ્યવસ્થા કરવામાં આવશે તો હું માનુ છું કે આ કાયદો લાવવાથી કોઇ મતલબ નીકળવાનો નથી બાકી નહીંતર ફકત લોકોને દંડવા સિવાય કંઇ થવાનુ નથી કેમ કે ખરી સમસ્યા તરફ આપણું ધ્યાન જતું નથી આપણું ધ્યાન એક જ છે કે આજે પણ નેટવર્ક નથી, નેટવર્કના નકશા સત્તા મંડળો પાસે નથી. કયાંથી કેટલી લાઇનો પસાર થાય છે તેની કોઇ માહિતી અધિકારીઓ પાસે નથી. જયાં મન ફાવે ત્યાં તેની અંદર પાઇપો નાંખીને અધિકારીઓ જ તેને પ્રોત્સાહિત કરતા હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે તો મારી મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે કે ગંભીરતાથી મારા સૂચનને લઇ અને અમદાવાદ સત્તા મંડળને પત્ર લખે જે મેઇન હોલમાંથી લાઇનો પસાર થતી હોય એમને પણ બહાર કાઢવામાં આવે અને પૂરતા પ્રેસરથી લોકોને પાણી મળી રહે એવી તમામ વ્યવસ્થા કરવામાં આવે. ટેન્કર રાજ અમદાવાદમાં બંધ થાય અને જે વિસ્તારો મેં કહ્યાં છે તે વિસ્તારોમાં પૂરતાં પ્રેસરથી પાણી મળી રહે તો હું માનુ છું કે આ સમસ્યાનું નિરાકરણ આવશે બાકી આ બિલ અત્યારે કવેળાનું છે. આ બિલ માનનીય મંત્રીશ્રી પાછું ખેંચે અને સૌથી પહેલાં સો ટકા ગેરંટી લોકોને પૂરતાં પ્રેસરથી પાણી મળવાની થઇ જાય, સ્વચ્છ પાણી મળવાની થઇ જાય પછી હું માનુ છું કે આ બિલ લાવે તો સાર્થક થશે પરંતુ એની પહેલાં આપણી જે ઓળખો છે, આપણી જે કમજોરી છે, આપણે જે નથી આપી શકયા ઇન્ફ્રાસ્ટ્રકચર અને લોકોને દંડવાનું કામ કરીશું તો હું માનુ છું કે લોકો સાથેનો આ અન્યાય છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. આ એકના એક મુદ્દા પર ધારાસભ્યશ્રીઓએ સભાગૃહમાં ખૂબ ચર્ચા કરી છે. બધાનો ચિંતાનો વિષય છે. પાણી એ જીવનની આવશ્યકતા છે. પાણી માનવીની પાયાની જરૂરિયાત છે અને સામાજિક અને આર્થિક વિકાસ માટે જરૂરી છે. ગુજરાત એ પરંપરાગત રીતે પાણીની અછત ધરાવતું રાજ્ય છે અને ગુજરાતે વારંવાર દુષ્કાળનો સામનો કરવો પડે છે. રાજ્યમાં પાણીના અસમાન વિતરણને કારણે સમસ્યા છે. પાણી વિતરણ વ્યવસ્થામાં શિસ્તની જાળવણી માટે પાણી વિતરણ હેઠળ તેના છેલ્લા વપરાશકાર સુધી નિયમિત રીતે પાણી પહોંચે તે જરૂરી છે. પાણીના વપરાશકાર સુધી વ્યવસ્થિત રીતે પાણી પહોંચાડવું જરૂરી છે એ સરકારનો ઉદ્દેશ છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે અમે બધાંએ સ્થાનિક સ્વરાજની સંસ્થામાં વર્ષો સુધી કામ કર્યું છે. આજે શહેરોમાં સૌથી વધારે જટિલ સમસ્યા હોય તો એ છે કે લોકોને શુદ્ધ અને સ્વચ્છ પીવાનું પાણી નથી મળતું અને હું માનું છું કે બંધારણીય રીતે પાણી એ માનવ સમાજની એક આવશ્યક વસ્તુ છે. એનો અધિકાર છે અને એ અધિકારમાંથી પણ આપણે લોકોને વંચિત રાખીએ છીએ ત્યારે હું માનું છું કે પ્રજાને અને સમાજને આપણે ક્યાંકને ક્યાંક અન્યાય કરતા રહ્યા છીએ. બે દિવસથી જે બિલો ઉપર ચર્ચા થઇ રહી છે એમાં લોકોને સીધો સ્પર્શ કરતાં પ્રશ્નો છે. લોકોને ક્યાંક દંડ આપવાની વાત થાય, લોકો ઉપર વેરો વસૂલ કરવાની વાત થાય છે ત્યારે હું એક જ વસ્તુ કહીશ કે એક હવા જ બાકી રહી ગઇ છે કે એની ઉપર કોઇ વેરો કે દંડ નથી નાખ્યો. બાકી તમામ બાબતો ઉપર વેરો અને દંડ નાખ્યો છે. સરકારે બધાંને મર્યાદિત કરવાનો પ્રયાસ કર્યો છે. હમણાં અમારા ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન ભાઇએ વાત કરી એ ખૂબ સાચી વાત કરી કે આજે શહેરની અંદર અનેક જગ્યા ઉપર પાણીનું નેટવર્ક નથી. ગામડાઓમાં કૂવા હોય, તળાવ હોય, નદીઓ હોય તો ક્યાંક પીવાનું પાણી મળી પણ શકે. શહેરોમાં તો કૂવા પણ નથી, તળાવ પણ નથી તો માણસ પાણી મેળવે ક્યાંથી? કોર્પોરેશનના માધ્યમથી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જો ક્યાંક કોર્પોરેશન પાણી ન આપી શકે તો ટેન્કરથી પાણી મોકલાવે છે અને એમાંથી પણ ક્યાંક નિષ્ફળતા મળે તો લોકો ખાનગી ટેન્કરો મંગાવતા હોય છે. હવે તો મધ્યમવર્ગના લોકો પોલ્યુશનવાળા પાણી અને રોગચાળાના ભયના કારણે ઠેર-ઠેર પાણીના આર.ઓ. પ્લાન્ટ તો લગાવે જ છે પણ એનાથી પણ વિશેષ કહું તો લોકોને શુદ્ધ પીવાનું પાણી મળે એટલા માટે સારી ક્વૉલિટીના પાણીના કેન મંગાવતા થયા છે. કારણ કે, એટલું પોલ્યુશનવાળું પાણી આવે છે એના કારણે રોગચાળો અને એના કારણે જોઇન્ડીસ, ટાઇફોઇડ, ઝાડા-ઉલ્ટી જેવા પાણીજન્ય રોગો થાય છે. એના કારણે કેટલાંય લોકો આ રોગચાળામાં સપડાય છે અને કેટલાંક લોકો મરણ પણ પામે છે. પાણીની વાત કરું તો સૌથી પહેલાં પાણીની જરૂર ગૃહિણીને પડે છે. સવારે ઉઠે તો પાણી વગર કોઇ પણ કામ શરૂ ન થાય અને જે ઘરમાં, જે સોસાયટીમાં, જે ગલીમાં, જે પોળમાં, જે ચોરામાં પાણી નથી પહોંચતું એ ગૃહિણીની શું પરિસ્થિતિ સર્જાય છે એનાથી આપણે સૌ વાકેફ છીએ. માણસના ઘરે સવારે પાણી ના પહોંચે ત્યારે એને ન્હાવું, ધોવું, ઘરમાં સાફ-સફાઇ, કચરા-પોતા, રસોઇ તમામ વ્યવસ્થા અટકી જતી હોય છે. ત્યારે આ એક જીવન જરૂરિયાતની વસ્તુ હોય એને પૂરતા પ્રમાણમાં લોકો સુધી પહોંચી

શકે એ માટેના પ્રયત્નો સરકારે કરવા જોઇએ. એ સરકારે દીર્ઘદ્રષ્ટિ રાખીને એના માટે આયોજન કરવું જોઇએ. એના માટે પ્લાનિંગ કરવું જોઇએ. સરકારે પોતાના ઉદ્દેશોમાં કબૂલ્યું છે કે દુષ્કાળ પડે છે પાણીની અછત છે એવી વાત સરકારે કબૂલી છે. જયારે આવી પરિસ્થિતિની અંદર અનેક વખત શહેરોની અંદર પાણી માટે મારા મારીઓ થાય, ઝઘડા થાય, ખૂના મરકી થાય અને હત્યા સુધીના ગંભીર બનાવો બન્યા છે. આજે પણ પરિસ્થિતિ યથાવત છે ઠેરના ઠેર છે. કોર્પોરેશનના જિલ્લા તાલુકા જયાં પણ પાણીની સમસ્યા હોય એના કારણે સરકારી અધિકારીઓ પણ ભોગ બન્યા છે. લોકોના આક્રોશનો ભોગ બને છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય, ધારાસભ્યો હોય, સંસદ સભ્યો હોય કે જિલ્લા કે તાલુકા પંચાયતના સભ્યો હોય એને પણ લોકોના આક્રોશનો ભોગ બનવું પડે છે તેવી અનેક પરિસ્થિતિનો સામનો આપણે સૌ કરીએ છીએ. જયારે આટલી ગંભીર બાબત હોય ત્યારે એની અંદર આપણે કયાંકને કયાંક લોકોને દંડવાનો પ્રયાસ સરકાર તરફથી થઇ રહ્યો હોય તેવું ફલિત થાય છે. એક બાજુ સુવિધા નથી વ્યવસ્થા નથી, પાણીનું નેટવર્ક નથી,પાણીની અછત છે એ પહોંચાડી શકતા નથી. કયાંક ટેન્કર રાજ ચાલે છે કયાંક લોકોને બજારમાંથી પાણી ખરીદીને લેવું પડે છે. હવે લોકો બિસ્લરી પાણી પીતા થઇ ગયા છે. આવી પરિસ્થિતિની અંદર લોકોની જીવન જરૂરિયાતની વસ્તુઓ સુખ સુવિધા જે લોકોને ફરજિયાત વ્યવસ્થા છે એને પૂરતી કરવા માટે સરકાર શું કરવા માગે છે એ એણે જણાવવું જોઇએ. માત્ર આપણે લોકો ઉપર અંકુશ કસીયે કોઇને પણ પાણીની ચોરી કરવાનો શોખ નથી થતો. કોઇ ઉદ્યોગવાળો ચોરી કરે તો દંડ કરો, કોઇ પાણીનો વેપાર કરતો હોય એને આપ દંડ કરો પણ જેને પીવાનું પાણી જોઇએ છે અને એને પીવાનું પાણી ન મળે તો એ ગમે તે રીતે કરીને એ માણસ પોતાની જરૂરિયાત ઉભી કરવાનો છે. એ મોટરીંગ કરે કે ગમે ત્યાંથી પાણીનું કનેકશન મેળવે એની એ જરૂરિયાત છે એના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની અંદર પાણી અને ડ્રેનેજ લાઇન ફરજિયાત છે એટલે લોકોને ફરજિયાત રીતે આપવાનો બંધારણીય હક્ક આપેલ છે હવે એ હક્ક ઉપર તરાપ મારવાની વાત કરીએ તો હું માનું છું કે વહીવટી રીતે સરકાર માટે સુસંગત નથી. એટલા માટે સરકાર ફરીથી આ બાબતમાં ફેર વિચારણા કરે માત્ર લોકો ઉપર દંડો ઉગામે દંડ કરવો એને જેલની પાછળ ધકેલી દેવા એ વ્યવસ્થા અને સુવિધા નથી. સરકાર એટલું ખાસ વિચારે કે જયારે ગુજરાતની પ્રજા આપને ખોબા ખોબા ભરીને મતો આપ્યા છે. સત્તા ઉપર આપને બેસાડ્યા છે ત્યારે લોકોને સુખ સુવિધા મળે એ સરકાર જૂએ એ આપના માટે એ જ વાત કહેવા માગું છું ખાસ કે શહેરોની અંદર ગીચ વસતિની અંદર પાણીના નેટવર્કનું પ્રેસર છે એક તો પાણીની અછત પમ્પીંગ સ્ટેશનોની અંદર બોરીંગો કરેલા હોય પાણીનું પ્રેસર ઓછું આવતું હોય અને ઓછા પાણીના પ્રેસરને કારણે એ લોકો સુધી પહોંચતું જ નથી હોતું એટલે લોકોને નાછૂટકે મોટરીંગ કરવું પડે છે અને એ અધિકારી પણ જાણતા હોય છે કે જે છેવાડાના વિસ્તારો આવતા હોય છે એ સોસાયટી હોય એમાં છેવાડાની લાઇનો આવતી હોય, પોળો કે ચાલીઓની અંદર છેવાડાનો વિસ્તાર આવતો હોય એમાં પાણીનું નેટવર્ક પહોંચી જ નથી શકતું કેમ કે પાણીનું પ્રેસર જ નથી હોતું અને એ ન હોવાના લીધે ટેકનિકલ રીતે પાણી પહોંચી નથી શકતું એનાથી આપણે સૌ વાકેફ છીએ. તો મારે એટલી જ લાગણી છે કે આ મુદ્દો રાજકીય બાબત નથી. આ મુદ્દો લોકોની જીવન જરૂરિયાતની આવશ્યક સેવાની બાબત છે અને માનવતાના અભિગમ સાથે આપણે આ મુદ્દાને ગંભીરતાથી લઇને લોકો માટે કઇ રીતે લોકોની જીવનની ફરજિયાત સુવિધા છે એના ઉપર તારાપ મારવાનો સરકાર મક્કમ નિર્ધાર ન કરે. શહેરના દરેક નાગરિકને શુદ્ધ પાણી પહોંચાડવાની સરકાર નેમ નક્કી કરે તો લોકો આપને આશીર્વાદ આપશે. આપે કહ્યું કે પાણી એ પ્રસાદ છે તો આપના માધ્યમથી સરકાર પાસે આ રાજય અને શહેરની પ્રજા માટે અમે પ્રસાદ જ માગીએ છીએ કે તમે અમને પ્રસાદરૂપે પાણી આપો તો તમને આશીર્વાદ મળશે. ફરી આશા રાખું છું કે રાજય અને શહેરની પ્રજા માટે તમે સદભાવના પૂર્વક વિચારશો એવી આશા સાથે વિરમું છું.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા વિધેયક લઇને મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારાં સૂચનો કરી રહ્યો છું.

આ સભાગૃહની અંદર આજે સવારથી હું બેઠો છું પણ આપણા ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું કોઇએ નામ નથી લીધું મારે એમનું નામ એટલા માટે લેવું પડે છે કે આજે બધા ભૂલી ગયા છે. તેમનું જે સપનું છે નલ સે જલ.

અધ્યક્ષશ્રી : માનનીય વડાપ્રધાન એમના એકલાના નથી, આપના પણ છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા: આપણા વડાપ્રધાન.

અધ્યક્ષશ્રી : કોઇ ભૂલી ગયું નથી, આપણા બધાના છે, એમ કેમ ભૂલાય કંઇ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા: આપણા વડાપ્રધાન. એટલે મને નામ દેવાનો અવસર મળ્યો છે કે હું દઉં એમનું નામ. આ નલ સે જલ યોજના એ એમનું સપનું છે કે વર્ષ ૨૦૨૪ સુધીમાં દરેક ઘરની અંદર પાણી મળે ચોખ્ખું અને શુદ્ધ પીવાનું પાણી મળે.

હું અમદાવાદ શહેરની વાત કરું તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર કોર્પોરેટર પણ છું અને ધારાસભ્ય પણ છું. એટલે હું આખા ગુજરાતની વાત નહીં કરું કારણ કે ગુજરાતની વાત અમારા શ્રી શૈલેષભાઇ પરમાર અને બીજા બધા સભ્યશ્રીઓએ કરી છે. અમદાવાદ શહેરની અંદર આજે પણ અત્યારે જોધપુરના અમારા પૂર્વ મેયર હતા ભારતીય જનતા પાર્ટીના શ્રીમતી મીનાક્ષીબેન પટેલ આ એટલા માટે યાદ અપાવવા માગું છું કે તેમણે ૨૪ કલાક જોધપુર વોર્ડની અંદર પાણી મળે તેના માટે તેમણે આયોજન કર્યું હતું. ૨૪ કલાક પીવાનું પાણી મળે એટલા માટે ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કર્યો છે. છતાં આપણે ૨૪ કલાક પાણી આજે એ લોકોને નથી પહોંચાડી શકતા. એટલા માટે હું કહેવા માગું છું કે

મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે. હું અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાંથી આવું છું, જે કોટ વિસ્તારમાં પોળો, શેરીઓ, મહોલ્લા, ગલીઓ છે, સોસાયટીઓ બહુ ઓછી છે, મારે ત્યાં. પરંતુ જે પોળોની અંદર અમને જે તકલીફ પડે છે અમારે સવારે બે કલાક અમને જે પાણીનો સપ્લાયો મળતો હોય છે સવારે ૬ થી ૮ વાગ્યા સુધી સપ્લાય હોય છે. સવારના સપ્લાયમાં પાણી ચાલુ થાય છે ત્યારે કોટ વિસ્તારની અંદર જમાલપુર, શાહપુર, કાલુપુર, દરિયાપુર જે કોટ વિસ્તારના વિસ્તારો છે એમાં અડધો કલાક ગંદુ પાણી આવે છે. તમે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસેથી માહિતી માગજો, સાહેબ, ચાલુ સપ્લાય થાય એટલે અડધો કલાક ગંદુ પાણી આવે છે. અડધો કલાક પાણી જતા રહ્યા પછી સાત વાગ્યે શુદ્ધ પાણી મળે. એક કલાક પાણી મળે છે. આ એક કલાક પાણી મળે તે મોટરથી નહીં ખેંચે તો કયાંથી ખેંચશે. કેમ કે એક કલાકની અંદર તેને ઘરના અંદર પીવાનું પાણી ભરવાનું છે, નહાવા-ધોવાનું ભરવાનું છે એ તમામ પાણી એમણે એક કલાકમાં ભરવાનું છે. ખાસ કરીને હું કહેવા માગું છું કે, અમદાવાદ શહેરની અંદર આ પાણી માટે મોટર લગાવશે તેને ૩ હજાર રૂપિયા દંડ એ પ્રમાણેની વાત કરી છે. માનનીય મંત્રીને હું કહેવા માગું છું કે, અમદાવાદ શહેરની અંદર પાણીનું જે પ્રેસર કેટલું મળે છે તેના માટે પ્રેસર ગેઇઝ વાલ લગાવવાની જરૂર છે. અગાઉ પહેલાં આવા પ્રેસર ગેઇઝ વાલ હતા, તેથી ખબર પડતી હતી કે આ વિસ્તારની અંદર પાણીનું કેટલું પ્રેસર છે. આજે આવા પ્રેસર વાલ અમદાવાદ શહેરી અંદર કોઇ જગ્યાએ નથી. જેના કારણે જેટલું પ્રેસરથી પાણી મળવું જોઇએ એ લોકોને અત્યારે ખબર નથી પડતી. મારું આ સૂચન છે કે. અમદાવાદ શહેરની અંદર આપશ્રી કમિશનરશ્રીને કહો કે દરેક મહોલ્લા, ગલીઓ અને પોળોમાં પ્રેસર ગેઇઝ વાલ લગાવે જેથી પ્રેસરથી કોને કેટલું પાણી મળશે તેની વ્યવસ્થા થાય.

અમારા વિસ્તારની અંદર વર્ષો જૂની પાણીની લાઇનો છે, કોટ વિસ્તારની અંદર શોર્ટ ગલીઓ, પોળો છે એની અંદર જગ્યા બહુ ઓછી છે મેઇન હોય છે એની અંદરથી પાણીની લાઇન જાય છે. એના માટે કમિશનરશ્રી અને કોર્પોરેશન પ્રયાસ કરે છે, એવું નથી કે નથી કરતા એ લોકો, પ્રયાસ કરે છે પણ જગ્યા બહુ નાની હોવાના કારણે એ લોકો લાઇનો નથી બદલી શકતા. એના કારણે પોલ્યુશન વાળું પાણી આવે છે. આ વખતે કમિશનરશ્રીએ આના માટે ૨૫ કરોડનું બજેટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલું છે. પરંતુ આ બજેટ અત્યારે વપરાતું નથી. કેમ કે આ ગલીઓ પોળો બહુ નાની અને સાંકળી છે જેથી વર્ષો જૂની લાઇનો અમારી બદલાતી નથી. આના માટે કોઇ નવી ટેકનોલોજી હોય તો તેનો ઉપયોગ કરીને લોકોને શુદ્ધ પાણી મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં દસ જેટલા તળાવો આવેલા છે. અત્યારે તેની આજુ બાજુ સોસાયટીઓ, સ્કૂલો, હોસ્પિટલો વગેરે છે તે બોરથી પાણી વાપરતા હતા અને એ આજે દસે દસ તળાવો સૂકાઇ ગયા છે અને પાણીના તળ ખૂબ જ નીચા ગયા છે. આજુબાજુના આ બોર ફેઇલ થઇ ગયા છે. એમને પાણીની ખૂબ જરૂરિયાત હોય છે. એટલે આ દસ તળાવોમાં પાણી ભરવું જોઇએ જેથી આજુબાજુના લોકોના બોર રીચાર્જ થાય અને પાણી મળતું રહે. અમદાવાદ શહેરની વાત કરું, તો હમણાં જેમ શ્રી બળદેવજીભાઇએ વાત કરી કે ઉંચાઇવાળા વિસ્તારોમાં પાણી કેવી રીતે પહોંચી શકે, તો મારો અમદાવાદ શહેરનો મારો વિસ્તાર છે એમાં ખાડીયાની અંદર ઢાળની પોળ છે, રામ રહિમનો ટેકરો બહેરામપુરા વિસ્તારમાં આવેલો છે. આશા ભીલનો ટેકરો આસ્ટોડિયામાં આવેલો છે, આ વિસ્તારો ઉંચા છે કે જયાં પ્રેસરથી પાણી પહોંચતું જ નથી. તો ત્યાં મોટરથી પાણી ખેંચવું જ પડે છે. તો એવા વિસ્તારમાં કેવી રીતે પાણી પહોંચાડશો તેની હું વાત કરું છું. આપ જે બિલ લઇને આવ્યા છો એમાં મને તો એવું લાગે છે કે મુશ્કેલી વધારવા માટેનું બિલ છે. મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવું છે કે આ જે જોગવાઇઓ રૂપિયા ૩ હજારનો દંડ અને જેલની સજાની જોગવાઇ છે એ વાત આખા ગુજરાત માટેની છે, પણ હું અમદાવાદ માટે વાત કરી રહ્યો છું અને આ જોગવાઇ અમદાવાદ શહેરની જનતા માટે ખૂબ મુશકેલી ઉભી કરશે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને ગુજરાતમાં પણ આપનું શાસન છે તો આ બિલને આપ પરત લો અને અમદાવાદના લોકોને શુદ્ધ પીવાનું પાણી ૨૪ કલાક મળે એવી યોજનાઓ લાવો એમાં આપને અમે સાથ અને સહકાર આપીશું.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૪, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો અને વાસ્તવિક પરિસ્થિતિ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને રજૂ કરું છું. આજે સૌરાષ્ટ્રમાં માનનીય મંત્રીશ્રી દ્વારા તપાસ કરવામાં આવે તો લગભગ કોઇ ગામ એવું નથી કે જે ગામમાં આપણે રોજ પાણી આપી શકતા હોઇએ. જયારે આપણે રોજ નિયમીત પાણી આપી શકતા નથી ત્યારે આજે નળમાં મોટર મૂકવામાં આવે અને કેસ કરવામાં આવે તો, માનનીય કુંવરજીભાઇ તો મધ્યમ વર્ગ અને લોઅર મીડલ કલાસની સાથે રહેનારા માણસ છે, પહેલા રિપોર્ટ મંગાવવામાં આવે કે કેટલા ઘરોની અંદર વગર મોટરે પાણી આવે છે. આજે માત્ર નળની અંદર મોટર મૂકવાથી જો કેસ કરવામાં આવે તો સૌથી પહેલો કેસ તો મારી ઉપર જ થાય એમ છે. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, જો મોટર ન મૂકીએ તો પાણી આવતું જ નથી. એટલે પહેલા રિપોર્ટ મંગાવવામાં આવે કે વગર મોટરે કેટલી જગ્યાએ આપણે પાણી પહોંચાડી શકીએ છીએ. એટલે આ બાબતમાં ગંભીરતાથી વિચારવામાં આવે. વગર મોટરે દરેક ઘરને આપણે પાણી પહોંચાડીએ અને પછી આ બિલ વિષે વિચારીએ તો ખૂબ સારું કહેવાશે. ઘણી બધી ગ્રામ પંચાયતો, ખાસ કરીને મારા તળાજા મત વિસ્તારમાં એવી છે કે જયાં મજૂર વર્ગની વસતિ વધારે છે. આ ગામોની અંદર ગામના ૨૫ ટકા લોકો માત્રને માત્ર પીવાના પાણીનું બિલ ભરી શકે છે. ગ્રામ પંચાયત પાણીનું બિલ ભરી શકતી નથી તેના કારણે આજે ઘણાં ગામો એવા છે કે જેમના પાણીના કનેકશનો બંધ છે.

તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) ૨૦૧૯

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇ, તમે બ્રાહ્મણ છો ને, બ્રાહ્મણે આટલા બધા સરળ નહીં થવાનું. આ કહી દેવાનું નહીં, બધાને ખબર પડી ગઇ. તમારા પર પહેલાં કેસ થશે. પડોશીનું નામ દેવાનું, તમારું શું કરવા દો છો? સરકારી અધિકારીઓને પણ ખબર પડી ગઇ, તમારે ત્યાં પહેલો કેસ કરવાનો.

શ્રી પરેશ ધાનાણી : અહીં બોલે છે એટલું જોશથી ઘરે ઘરે પાણી નથી આવતું ખેંચવું પડે છે. આમાં ખાલી જોશથી બોલે છે. ઘરે ફોર્સથી પાણી આવે તો પ્રશ્ન જ નથી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : આપની વાત સાથે સંમત છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી કુંવરજીભાઇ કશું બોલતા જ નથી. એ તો શાંતિથી બેઠાં છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ જૂનો પ્રેમ હજી એમને પકડી રાખે છે. બિલ લાવ્યા છે શ્રી કુંવરજીભાઇ અને નામ મારું આપે છે. એટલે તમારી લાગણી, શ્રી કુંવરજીભાઇ માટે હજી હૂંફ છે એ નક્કી થઇ ગયું.

અધ્યક્ષશ્રી : આપણે શ્રી કુંવરજીભાઇ માટે વધારે ધ્યાન રાખવાનું એમ, કે લાગણીમાં આમ જતાં ન રહે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાથે હું સંપૂર્ણપણે સંમત છું. પરંતુ ભાવનગરમાં સાત વિધાનસભા મત વિસ્તારમાંથી કોંગ્રેસનો માત્ર એક જ ધારાસભ્ય છું. એટલે સમજી શકાય કે સમગ્ર ભાવનગર જિલ્લાની સાતેસાત વિધાનસભા વિસ્તારના પ્રશ્નો મારી પાસે આવે અને એમની લાગણી મારે રજૂ કરવી પડે. આપે બ્રાહ્મણની વાત કરી તો બ્રાહ્મણ તરીકે વાસ્તવિક રીતે પ્રજાના પ્રશ્નો અને સાચી વાત રજૂ કરવી એ પણ ફરજમાં આવે છે ત્યારે પહેલાં દરેક ઘરે વગર મોટરે પાણી પહોંચે અને પછી આ બિલ લાવવામાં આવે એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ગામડાઓમાં ઘણી બધી પ્રાયમરી, માધ્યમિક સ્કૂલોમાં હજી નળ દ્વારા પાણી આપવામાં આવતું નથી. ત્યારે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે દરેક સ્કૂલને સરકારશ્રી દ્વારા મફતમાં પાણી આપવામાં આવે. મારા વિસ્તારમાં ઘણાં બધા અંતરિયાળ ગામડાઓ છે. એમની ફરિયાદ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ પાસે પણ આવી છે. તેમણે મને આશ્વાસન પણ આપ્યું છે. અમારી પશ્ચી જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના તેમાં ૭૫થી ૮૦ ગામ આવે છે. નવી યોજના ઘણાં સમયથી કામગીરી થશે, થશે એવું થાય છે પણ હજી સુધી થતું નથી તો વહેલી તકે આનો અમલ થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. અમારે ત્યાં તણસા ફીડરમાં ૧૫ દિવસ પહેલાં એક પણ ગામને પાણી મળતું નથી. મેં વારંવાર સ્થાનિક લેવલે ફરિયાદ કરી ત્યારે અધિકારીઓ દ્વારા મને જણાવવામાં આવ્યું છે કે આ પ્લાન્ટની અંદર મોટરો અને ઓજારો ખૂબ જૂના છે. આપણી દેશી ભાષામાં કહીએ તો છાશવારે બળી જાય છે ત્યારે આને તાત્કાલિક ધોરણે બદલવામાં આવે. સ્પેરમાં પણ જરૂરી મોટરો અને ઓજારો આપવામાં આવે. જેટલા ફોન આવે તેમાં ૫૦ ટકા પાણીની ફરિયાદોના આવે છે અને ૫૦ ટકા લાઇટની ફરિયાદોના આવે છે. ત્યારે આમાં સુધારો થાય એવી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ટેન્કર લેસ ગુજરાતની વાત કરીએ છીએ ત્યારે આજે નળથી પણ પૂરેપૂરું પાણી મળતું નથી. આપના પહેલાં કર્મચારીઓ દ્વારા પૂરી માહિતી લેવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ૩૫ વર્ષ પહેલાં શેત્રુંજી ડેમ એ કોંગ્રેસના સમયના વડાપ્રધાનશ્રી જવાહરલાલ નહેરૂ દ્વારા બનાવવામાં આવ્યો હતો. આ ડેમનું પાણી એ ત્રણ નગરપાલિકા, મહુવા, તળાજા અને પાલીતાણાને સિંચાઇ માટે અને ભાવનગર મહાનગરપાલિકાને પીવા માટે વાપરવામાં આવે છે. આ ડેમની અંદર આજે ૫૦ ટકા જેટલી માટી અને કાંપ ભરાઇ ગયો છે ત્યારે એમાં ડીશીલ્ટીંગ કરીને જો કાંપ કાઢવામાં આવે તો પહેલાં ડેમ જયારે પૂરો ભરાતો હતો ત્યારે દોઢ વર્ષ સુધી સમગ્ર વિસ્તારને પીવા માટે અને સિંચાઇ માટે પાણી મળતું હતું. ભાવનગર મહાનગરપાલિકા અને ત્રણ નગરપાલિકાઓને પીવાનું પાણી એમાંથી આપવામાં આવે છે. પીવાનું પાણી ભાવનગર મહાનગરપાલિકા શેત્રુંજી ડેમમાંથી લે છે એટલા માટે આપને કહું છું. વિશેષ લાંબુ નથી કરવું પરંતુ ખાલી બે જ મિનિટ વાત કરું. આ પહેલાં સિંચાઇ વિષયમાં મેં આંગળી ઉંચી કરી પણ આપે મને તક નહોતી આપી એટલે માત્ર બે જ મિનિટમાં મારી ટૂંકી વાત રજૂ કરું છું. મારા સમગ્ર વિસ્તારમાં કેનાલના માઇનોર અને સબમાઇનોર ધોરૈયાઓ છે. ત્યાં ચોમાસામાં ફરજીયાત ઘાસ ઉગે જ. ઘાસ ઉગે એટલે ઢોર એમાં ચરે જ. આ કાયદો આવશે એટલે કેનાલ ઉપરના ચોકીદારો અને કર્મચારીઓ ખેડૂતોને ચોપડા ઉપર લીધા વગર ખેડૂતોનો આપણી ભાષામાં કહીએ તો તોડ કરશે. દંડ કરશે.

અધ્યક્ષશ્રી : આપણી ભાષા એટલે આવી મારી ભાષા નથી, તમારી આવી છે? આપણી ભાષા આવી ના હોય.

શ્રી કનુભાઇ મ. બારૈયા : ગામડામાં અમે કહીએ સાહેબ. હું ગામડાનો છું. અમારી ભાષા...

અધ્યક્ષશ્રી : આપણી એટલે અહીં સન્માનનીય ધારાસભ્યશ્રીઓ બેઠા છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગામડામાં એને કોઇપણ કારણ વગર દંડવામાં આવશે અને આ કાયદાનો ખોટી રીતે ઉપયોગ થશે. એક નાની એવી વાત કહીને મારી વાત પૂરી કરું છું. મારા વિસ્તારમાં આ જે શેત્રુંજી ડેમની વાત કરું છું ત્યાં આપણા આ ગૃહની ગરીમા અને સમગ્ર ગુજરાતનું ગૌરવ એવા ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા નર્મદાના નીરના વધામણા કરવામાં આવ્યા હતા. અમારા સમગ્ર સિંચાઇ વિસ્તાર અને પીવાના પાણી માટે લોકો ખુબ ખુશખુશાલ હતા. ખૂબ મોટી મોટી જાહેરાતો આપવામાં આવી હતી. હું આપના માધ્યમથી સરકારશ્રીને વિનંતી કરું છું કે મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસ–ભાજપના નહીં સમગ્ર ગુજરાતના મુખ્યમંત્રી હોય છે અને આ ગૃહનું ગૌરવ હોય છે ત્યારે આ મુખ્યમંત્રી ગાંધીનગરમાં પહોંચે એ પહેલાં ત્યાં પાણી બંધ કરી દેવામાં આવ્યું. રૂપિયા ૬૭૫ કરોડના ખર્ચે સૌની યોજનાનું પાણી શેત્રુંજી ડેમમાં નાખવામાં આવ્યું

અને માત્રને માત્ર મોટી મોટી જાહેરાતો આપવામાં આવી અને માત્ર ૫૮ એમ.સી.એફ.ટી. પાણી શેત્રુંજી ડેમની અંદર નાખવામાં આવ્યું ત્યારે આપના માધ્યમથી હું એ જાણવા પણ માગું છું કે જયારે આવી કોઇ યોજનાનું લોકાર્પણ મુખ્યમંત્રી કરતા હોય અને બે કલાકની અંદર મુખ્યમંત્રી ગાંધીનગર પહોંચે અને પાણી બંધ કરવામાં આવે તો એ સરકારના ધ્યાન ઉપર છે કે નહીં? જે તે અધિકારીઓ ઉપર કંઇ એકશન લીધા છે કે નહીં? ફરીને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે પીવાનું પાણી એ જીવનજરૂરી છે અને આ બિલને સુધારા વધારા કરીને બધાને સાથે રાખીને પાછું ખેંચે અથવા તો આવતા સત્રમાં સુધારા વધારા સાથે લઇને આવે એવી હું આપના માધ્યમથી વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એટલે હું એની સ્પષ્ટતા કરું કે ઢોર માટે કેનાલ ઉપર ઘાસ ઉગે અને એ ચરવા જાય, આપ સૌ નીકળી ગયા હતા. અમારા મંત્રીશ્રી સૌરભભાઇએ આખા જૂના કાયદાની વિગતવાર છણાવટ કરી હતી. તમે પણ માહિતી મેળવી લેજો. (અંતરાય) એમણે અત્યારે એમ કહ્યું કે હું નહોતો બોલી શક્યો માટે મને તક આપો અને માનનીય અધ્યક્ષશ્રીએ તક આપી એટલે એ બધું જે બોલતા હતા, ખેડૂતોને ચોર ગણો છો. કોંગ્રેસના મિત્રોને મારે એટલું જ કહેવું છે કે વર્ષ ૧૯૮૨માં માનનીય માધવસિંહની સરકાર વખતે આજે અમે જે કાયદો લાવ્યા છીએ એ જ કાયદો હતો. ૧૫ લાઇન છે તમે કહો તો વાંચી સંભળાવું. એમાં આ જ સજા હતી, બધું એ જ હતું. માનનીય માધવસિંહભાઇની કોંગ્રેસની સરકાર હતી ત્યારે વર્ષ ૧૯૮૨ના કાયદામાં કોઇપણ વ્યક્તિ કેનાલને નુકસાન કરે, એનો દુરુપયોગ કરે, એમાં અવરોધ મૂકે, એનો પોઇન્ટ બદલી નાંખે, કેનાલમાં આવતું પાણી વધારે કે ઘટાડે, કેનાલના પાણીને બીજી દિશામાં વાળે, કેનાલની સપાટીને કોઇપણ રીતે ઉંચી નીચી લઇ જાય આ બધું એ વખતે ગણાતું હતું. એ વખતે ઢોરને ચરવાવાળી વાત માનનીય સભ્યશ્રીએ કરી એ પણ જૂના કાયદામાં હતી. સૌથી વધારે પશુઓની વાત કરી, ઘાસચારાની વાત કરી, નહેર ઉપર જાણીબુઝીને અથવા તો મનસ્વીપણે ઢોર ચરવા દે, નહેર અથવા બંધ ઉપર ઢોરને દોરડાથી બાંધી રાખે, ઝાડ–પાન કાઢી નાખે એ જે સજા આજના કાયદામાં છે એ અમારા ઘરની નથી. વર્ષ ૧૯૮૨નો શ્રી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી હતા ત્યારનો કાયદો છે. માનનીય શૈલેષભાઇ, આપ વિધાનસભામાં જઇને વાંચી શકો છો. તમે અમને બધાને ખેડૂત વિરોધી કહેતા હતા. ઉછળી ઉછળીને કહેતા હતા એ બધું કોંગ્રેસના સમયમાં થયેલું છે. એની રકમના અનુસંધાનમાં સુધારો કર્યો છે. આ બધું જ કોંગ્રેસના શાસનમાં થયેલું એટલે ગણવી હોય તો સાચી ખેડૂત વિરોધી કોંગ્રેસ હતી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે ચોખવટ કરી છે તો માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વર્ષ ૧૯૮૨માં શ્રી માધવસિંહભાઇની સરકારમાં કાયદો લાવ્યા હતા. તમારે આ કાયદો વર્ષ ૨૦૦૩માં કેમ બનાવવો પડ્યો? વર્ષ ૧૯૮૨નો કાયદો જ્યારે આ રાજ્યમાં અમલમાં હતો તો તમે નવો કાયદો વર્ષ ૨૦૦૩માં કેમ લાવ્યા? વર્ષ આજે ૨૦૦૩ના કાયદામાં સરકાર સુધારો લાવી છે, વર્ષ ૧૯૮૨ના કાયદામાં નહીં. એનો મતલબ કે ૧૯૮૨નો કાયદો રદ થયેલો છે. વર્ષ ૨૦૦૩માં આ રાજ્યમાં નવો કાયદો અમલમાં આવ્યો છે અને આજે વર્ષ ૨૦૧૯માં એ કાયદામાં આપ સુધારો લાવ્યા છો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આજે મારું નસીબ કામ કરે છે. મારે કહેવું છે એ કહેવાની માનનીય સભ્યશ્રીઓ સામેથી મને તક ઉભી કરે છે. શ્રી શૈલેષભાઇનો આભાર માનું છું. એમની વાત સાચી છે. અનેક કાયદાઓ આપણે એમેન્ડમેન્ડ, સુધારા કર્યા છે. સ્થળ, સમય, પરિસ્થિતિ, જેમ જેમ બદલાઇ જાય, જ્યારે શ્રી માધવસિંહભાઇ આ કાયદો લાવ્યા ત્યારે ગુજરાતમાં મોટાભાગે નાની અને મધ્યમ સિંચાઇ યોજનાઓ હતી. નર્મદા જેવી વિરાટકાય યોજના ન હતી. ઘણા સભ્યશ્રીઓએ કહ્યું સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના સભ્યોએ કહ્યું. એ વખતે ઉછળતા પાણી હતા. હું પણ નાનો હતો ત્યારે મને ખબર છે ૧૦ ફૂટ કૂવામાંથી પાણી લેતા હતા. હવે હજાર ફૂટે પહોંચ્યા છે. સમય સંજોગો બદલાયા, વસતિ વધી, ટેકનોલોજી બદલાઇ, રૂપિયાનું અવમૂલ્યન થાય તો દંડ વધારવો પડે. એના અનુસંધાનમાં પહેલા વર્ષ ૨૦૧૩માં કાયદામાં સુધારો કર્યો હતો અને વર્ષ ૨૦૧૩ પછી નર્મદા યોજનામાં આ સૌરાષ્ટ્રના મિત્રોને, કચ્છના ધારાસભ્યોને હું ચોક્કસ કહીશ કે, જો અમે આ કાયદો ના કરીએ તો કચ્છને, બનાસકાંઠાના વાવમાં નર્મદાનું પાણી મળવાનું નથી. આગળથી જ ભરૂચ જિલ્લો, વડોદરા જિલ્લો, ગાંધીનગર જિલ્લો, મહેસાણા જિલ્લો, સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતો એટલું બધું પાણી ખેંચી લેશે અને હજારો હજારો એન્જિન મૂકશે જેથી કચ્છને, બનાસકાંઠાને કે બીજા કોઇને પાણી ના મળે. એટલે અમે દીર્ઘદ્રષ્ટિ વાપરીને આ કાયદો સુધાર્યો છે. એટલે જરૂરિયાત પ્રમાણે કાયદાનું અમે એમેન્ડમેન્ટ કર્યુ છે. આ જૂનો વર્ષ ૧૯૮૨નો શ્રી માધવસિંહભાઇ વખતનો કાયદો અત્યારે હું માનનીય પરેશભાઇને મોકલાવું છું એ વાંચી લે. જરૂર પડે લાઇબ્રેરીમાંથી મંગાવી લે. ફરી કોઇ વખતે પછી આપણે એની ચર્ચા કરીશું. આ અમારો કાયદો નથી. આ શ્રી માધવસિંહભાઇની કોંગ્રેસ સરકાર વખતનો કાયદો આજે શ્રી સૌરભભાઇએ રજૂ કર્યો છે અને જેને તમે ખેડૂત વિરોધી કહેતા હતા એ કાયદો કોંગ્રેસ સરકારે મૂળ પાયામાંથી ઘડેલો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો ખુલાસો છે કાંઇ?

શ્રી પરેશ ધાનાણી : એટલા માટે શ્રી નીતિનભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે. અમે હોઇએ કે ના હોઇએ શ્રી નીતિનભાઇ સાહેબ અને એમની સરકાર વર્ષ ૨૦૧૩માં જે મૂળ કાયદો લઇને આવી ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ વર્ષ ૨૦૧૩ ત્યારે એ વર્ષ ૧૯૮૨વાળો કાયદો હતો કે નહિ? આટલી પહેલા ગૃહને સ્પષ્ટતા કરી દે.

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફત ગૃહના ખૂબ સિનિયર આગેવાન માનનીય નીતિનભાઇને વિનંતી છે કે તમે લાઇબ્રેરીમાં વાચીને આવ્યા છો. લાઇબ્રેરીમાં જઇને આવ્યા. કાંઇ ધૂળ ખંખેરીને લાવ્યા હશો કાંઇ વાંધો નહિ. જ્યારે તમે ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ ૨૦૧૩ ગુજરાતમાં ભાજપની સરકાર હતી અને આ ગૃહ સમક્ષ લાવ્યા હતા ત્યારે આની અંદર કલમવાઇઝ મેં મારા વિચારો ૩ કલાક સુધી રજૂ કર્યા હતા. એટલે મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે આ તમે કાયદો ઘડ્યો ત્યારે આ કાયદાનો ઉલ્લેખ નથી કરેલો ત્યારે એ કાયદો અસ્તીત્વમાં હતો કે નહિ? અથવા તો તમે જે સંદર્ભ ટાંક્યો છે એ કાયદાની ગુજરાતમાં કેટલા સમય માટે અમલવારી થઇ હતી? કારણ કે સરકારમાં એ બેઠા છે એજ જણાવી શકશે એનો પણ ગૃહ સમક્ષ ખુલાસો કરે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે શ્રી પરેશભાઇને મારે ફરીથી કહેવું છે કે, વર્ષ ૨૦૧૩માં ૩ કલાક બોલ્યા ત્યારે પણ વર્ષ ૧૯૮૨વાળો કાયદો સમજવો જોઇતો હતો. એ વખતે કદાચ શક્ય છે કે અમારા મંત્રીશ્રીએ વર્ષ ૧૯૮૨ના કાયદાનો ઉલ્લેખ કર્યો નહિ હોય અને આપે જે કહ્યું કોઇ પણ કાયદો જ્યાં સુધી સરકાર રદ ના કરે ત્યાં સુધી ચાલુ રહે. એમેન્ડમેન્ટ કરે તો કોઇ કલમોમાં ફેરફાર થાય અને હજુ કહું છું કે, આજે આપણે જે કાયદા કરીએ છીએ એ આવનારી પેઢીમાં એ કાયદા પણ બદલાશે. એટલે એ જરૂરિયાત પ્રમાણે ફેરફાર થશે. નવા કાયદા આવશે આ જૂના કાયદા રદ થશે. એટલે આપણે કાંઇ ભાગવત ગીતા નથી લખતા કે એમાં કદી ફેરફાર ના થાય. એ ફરફાર થવાને પાત્ર જ છે. સમય સંજોગ પ્રમાણે થાય. શ્રી બળદેવજીએ કીધું એ સાચું કીધું કે પહેલા શાયડા કરતા હતા, પછી ટ્યુબવેલ કરતા હતા, હવે ફેંચવેલે પહોંચ્યા. પહેલા નર્મદા નહોતી. હવે નર્મદા આવી. આટલી મોટી નર્મદામાં ખેડૂતો ગાબડા પાડી પાડીને પાણી ક્યાંયનું ક્યાંય લઇ જાય. શ્રી માધવસિંહભાઇને એ ૧૯૮૨માં ક્યાંથી ખબર હોય કે, ગુજરાતમાં ભાજપની સરકાર આવશે અને નર્મદા યોજના બનાવશે અને ખેડૂતો ગાબડા પાડશે તો હું અત્યારથી કાયદો કરું! અમે આ બધું કરીએ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, મેં આજે સવારના સ્પેલમાં ખલીલ જીબ્રાનની એક વાત કરેલી કે એક વૃદ્ધ સર્પ પોતાની અશક્તિના કારણે પોતાની ચામડી ઉતારી શકતો નથી અને એ બીજા સર્પને એવું કહે છે કે ફરીવાર શબ્દો વાપરતો નથી, તું તો સાવ નકામો છે કારણ કે, તું આવો ઉઘાડો ફરે છે.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક જે માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા લઇને આવ્યા છે એનો હું સખતમાં સખત શબ્દોમાં વિરોધ કરવા માટે ઉભો થયો છું. માનનીય કુંવરજીભાઇ બાવળીયાસાહેબ ગામડાં સાથે જોડાયેલા છે, ગામડાંની પરિસ્થિતિ જાણે છે એટલે મને કયારેય એવું નથી લાગતું કે કુંવરજીભાઇ પોતાના દિલથી આ બિલ લાવ્યા હોય. હું આપને કહેવા માંગું છું કે આજે ઘણા બધા કાયદા છે. આપને આ કાયદાનું એમેડમેન્ટ લાવવાની જરૂર કયારે પડી શ્રી નીતિનભાઇ, કારણ કે શ્રી કુંવરજીભાઇને ખબર પડી કે કોઇક લાઇનમાં હોલ પાડીને બીજી લાઇન જોડે છે, કયાંક ચોરી થાય છે, કયાંક ગેરરીતિ થાય છે, કેનાલની અંદર ગાબડા કોઇક કરે છે. ગાબડાની, કેનાલની અંદર આડા પાળા બાંધવામાં આવે છે આટલી બધી તંત્રને જો ખબર પડી હોય તો કોણ કરે છે એ ખબર ન પડી હોય? તો એને ન પકડી શકે? એક જણાએ જો ફરિયાદ કરી હોત તો આ બિલ લાવવાની જરૂર ન પડી હોત પણ એ કયાંક ૫૦૦૦ મતનું માથું છે. એ મતના રાજકારણમાં તમે એને રોકી નથી શકતા અને બિલ બનાવીને, આ બિલ લઇ આવીને જે સામાન્યમાં સામાન્ય માણસ છે જે એક તલાટીમંત્રી આવે તો કલેકટર આવ્યા હોય એવી પરિસ્થિતિમાં ઓળખતો હોય એવા સામાન્ય માણસને, સામાન્ય લોકોને દબાવવા માટેનું આ બિલ હોય એવું હું સ્પષ્ટપણે માનું છું. મારે ભારતીય જનતા પાર્ટીના વડીલ મુરબ્બી આદરણીય બેઠા છે ત્યારે કહેવું પડે કે ૨૨-૨૨ વર્ષના શાસન પછી જો ગુજરાતમાં આવા માથાભારે તત્વો ઉભરી પડયા હોય તો આપ શેનો ૨૨ વર્ષનો જશ લઇ રહ્યા છો? જે તમારી કેનાલ ન સાચવી શકે અને એ લોકોને આપણે પકડી ન શકીએ અને એ મારામાં અને તારામાં જો આપણે જોઇ શકતા હોઇએ તો પછી ગમે તેટલા બિલ લાવશો, ગમે તેટલા કાયદા લાવશો પણ અર્થતંત્રને કે વ્યવસ્થા તંત્રને આપણે સંભાળી નહીં શકીએ એટલા માટે હું મુરબ્બી શ્રી નીતિનભાઇને કહેવા માંગું છું કે ધાંગધ્રાનો, સુરેન્દ્રનગરનો એમણે ૨-૩ વાર ઉલ્લેખ કર્યો. કેનાલના એક અધિકારીએ કોઇ ઉપર ફરિયાદ લખાવી? એક પણ ફરિયાદ નથી. અધિકારીએ કોઇ ઉપર વ્યક્તિગત ફરિયાદ લખાવી હોય કે આ મારી કેનાલ તોડી નાખે છે એવી કોઇ ઉપર ફરિયાદ થઇ નથી. પાણી પુરવઠાના અધિકારીઓ, હું આજે કહું છું કે શ્રી કુંવરજીભાઇનું છાત્રાલય એ સરકારી ગ્રાન્ટેડ છે ત્યાં પણ કદાચ પાણી પુરવઠાનું કનેકશન હશે અને એ લીગલી હશે. મારો એમની સાથે વ્યક્તિગત આક્ષેપ નથી પણ જસદણની એવી કેટલીયે સંસ્થાઓ છે કે જે પ્રાઇવેટ સ્કૂલો છે અને ગેરકાયદેસર રીતે જસદણની અંદર પાણી ચોરે છે એમાંથી કેટલાને પકડયા? શ્રી કુંવરજીભાઇ, આપ મંત્રી હતા. કોઠી ગામમાં ગયા. આપે કીધું કે આ ગામની અંદર પાણી વ્યવસ્થાનો વિભાગ મારામાં નથી આવતો. હું શું કરી શકું? પાણી પુરવઠા મંત્રી જયારે કોઠી ગામની અંદર એમ કહે છે કે આ વ્યવસ્થા તંત્ર ગામનું છે. આ પાણી કોઇને પહોંચે કે ન પહોંચે એ હું ન કરું હું તમારા ટાંકા સુધી પાણી પહોંચાડી શકું (અંતરાય) હું એ જ કહેવા માંગું છું કે આજે ગામડાંની અંદર નાના નાના ગામડાંમાં રાજકારણ હોય છે. એક સરપંચ છે એ સામે જે ચૂંટણી લડયો છે એના ઉપર ફરિયાદ કરીને એના નળ કનેકશન નહીં કપાવી નાખે? એ નાના નાના ગામડાંમાં ખૂન ખરાબા નહીં થાય? આ બધા જ ભયસ્થાનો છે. ગામડાંની પરિસ્થિતિ આપ જાણો છો. એક એક ગામડાંમાં જયાં રાજકારણથી રાજકીય રીતે આ વાત કેસ કરવામાં આવશે તો આનો અર્થનો અનર્થ થઇ જશે અને પ્રદિપસિંહનું કામ વધી જશે એટલે હું શ્રી કુંવરજીભાઇને કહેવા માંગું છું કે આપ તો ગામડાંની પરિસ્થિતિ જાણો છો એકએક ગામડાંમાં અને એમાંય વિંછીયા તાલુકાનું એક

પણ ગામ લેવલમાં નથી કું શ્રી વરજીભાઇ, પછી ભોંયરામાં જાવ, કોઠીમાં જાવ ગમે તે ગામમાં જાવ, ડુંગરાળ વિસ્તાર છે, લેવલ નથી, ગ્રેવીટી નથી તો આ ગ્રેવીટીની જગ્યાએ પાણી કેવી રીતે પહોંચી શકશે એ પણ વિચારવું જોઇએ. હમણાં મારા સાથી મિત્ર બ્રિજેશભાઇએ વાત કરી હતી હું ચેલેન્જ સાથે તંત્રને કહેવા માંગું છું કે આવો મોરબીમાં, કેનાલમાંથી દરરોજના માટે ૨૦૦ સિરામિક ઉદ્યોગને પાણી સપ્લાય કરે છે, વેચે છે એને આપણે પકડી નથી શકતા અને આપણે ખેડૂત ઉપર કેસ કરવાની વાતો કરીએ છીએ? જે લોકો ખરેખર સરકારી પાણી લઇને પ્રજામાં વેચે છે. એમાંથી કેટલા ઉપર કેસ કર્યા? કેટલાને પકડ્યા? અત્યાર સુધીમાં એ આપણે નથી કરવું અને કાયદાના ડરથી, કાયદાના ભયથી નાનામાં નાના માણસ, સામાન્ય માણસને બીવડાવી રહ્યા છો. શ્રી પ્રદીપસિંહ બાપુ બેઠા છે. ૩૦૨ની કલમ છે. હેન્ડ ટુ ડેથ છે. તેમ છતાં ૩૦૨ ના બનાવ બને છે, એને રોકી શકો છો? હું એમ કહેવા માગું છું કે બિલની જરૂર નથી વીલની જરૂર છે. તમારી પાસે વીલ હશે તો અત્યારનું બિલ કાફી છે. એમાં મારું તમારું રાજકારણ ન જુઓ અને પાર્ટી લેવલથી ઉઠીને ખરેખર વ્યવસ્થા તંત્રને ડિસ્ટર્બ કરતા હોય એવો એક કેસ તો કરી જુઓ તો અમને ખબર પડે કે તમારી પાસે વીલ છે. હું આપના મારફત કહેવા માંગું છું કે મોરબી કેનાલની વાત કરી એમ હજુ આજસુધી રોકી શક્યા નથી અને આપણે બિલની વાત કરીએ છીએ. પુરુષ ઘરે સવારે ૯ વાગ્યે નીકળી જતા હોઇએ છીએ, પણ પાણીનો વધારેમાં વધારે પ્રોબ્લેમ બહેનોએ સંભાળવો પડતો હોય છે. આ બિલથી સ્ત્રી વિરોધી મહિલાને પ્રોત્સાહન ન આપી, એને હેરાન–પરેશાન કરવાની પરિસ્થિતિમાં જઇ રહ્યા હોય તેવું મારું સ્પષ્ટ માનવું છે. શ્રી કુંવરજીભાઇ ખરેખર ગામના અને લોકો સાથે જોડાયેલા છે. આ બિલની કોઇ ભલીવાર થવાનો નથી. ચોરી અટકી શકવાની નથી. આ બિલથી માત્રને માત્ર વ્યવસ્થા તંત્રમાં ડિસ્ટર્બન્સ થશે. કંકાસ વધવાનો છે. ગામે ગામ ઝઘડા થશે. એક બાજુ ગામમાં સરપંચની ચૂંટણીમાં વેરઝેર વધશે. હું હાથ જોડીને વિનંતી કરું છું કે આપ કોઇપણ બહુમતિના જોરે નહિ, પણ આપ એક સામાન્ય માણસના પ્રતિનિધિ છો એમ માનીને બિલ પાછું ખેંચશો તેવી આપશ્રીને નમ્ર વિનંતી કરવાની છે કે આ બિલ કરતા વિલનેસની જરૂર છે, વિલ ક્રિએટ કરો તેવી અભ્યર્થના સાથે વિરમું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક ૨૦૧૯ નું જે વિધેયક લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું અને આ બિલનો વિરોધ કરું છું અને બિલને પાસ ન કરે એ માટે ગુજરાતની ગરીબ, શોષિત, પીડિત લોકો વતિ વિનંતી કરું છું. છેલ્લા વર્ષોમાં આજે સ્થિતિ એવી થઇ છે આજે સમજદાર અને બુદ્ધિશાળી તમામ લોકો સમજતા હશે કે માત્ર ઋતુ નથી બદલાઇ, પણ પૂરી આબોહવા જ બદલાઇ ગઇ છે. રાજ્ય દ્વારા પાણી વિતરણ માટે મહિ નર્મદા આધારિત બલ્ક પાઇપલાઇનનું માર્ચ–૨૦૧૯ સુધીમાં ૨૯૫૫.૬૨ કિ.મી.નું કામ પૂર્ણ થયેલ છે. વિતરણ વ્યવસ્થા ૮,૯૧૧ ગામો અને ૧૬૫ શહેરોને આવરી લેવામાં આવેલ છે. ઉત્તરમાં સુજલામ સુફલામ યોજનાની મોટા ભાગની કામગીરી પૂર્ણ થવાના આરે છે. એ વિસ્તારના જે ગામો આવે છે, એને મહદઅંશે પાણી પુરવઠા યોજના સાથે મર્જ કરી દેવામાં આવેલ છે. અહીંયા શ્રી લલીતભાઇએ કહ્યું તે પ્રમાણે શા માટે આવડી મોટી કલમો લઇને અને બિલ લઇને આપણે આવવું પડ્યું છે?

માનનીય અધ્યક્ષશ્રી, આપણું બંધારણ છે અને તેમાં જોગવાઇ છે, કાયદાઓ આપણી પાસે છે. ૨૨–૨૩ વર્ષથી સત્તામાં ભાજપની સરકાર છે અને તમારી પાસે કાયદાઓ છે. જે અનિયમિતતા થાય છે, જે ગેરકાયદેસર પ્રવૃતિઓ થાય છે તેને રોકવા માટે તમારી પાસે સત્તા છે અને કાયદાઓ છે. તે કાયદાઓ અને સત્તાઓ હોવા છતાં આજદિન સુધી તમે રોકી કેમ નથી શકતા? કયા એવા પરિબરો અને કારણો કામ કરે છે કે, તમારી પાસે વ્યવસ્થા હોવા છતાં અત્યાર સુધી નર્મદા કેનાલ હોય અને તેમાં ગ્રામ્ય વિસ્તારમાંથી મેઇન પાઇપલાઇન જતી હોય અને તેમાં ગેરકાયદેસર કનેકશન લીધા હોય, સ્થાનિક અધિકારીને ખબર પડે અને સ્થાનિક આગેવાનો કે ગ્રામ પંચાયતો રજૂઆત કરે કે અમારા ગામમાં નિયમિત પાણી આવતું નથી. મૂળ પાઇપલાઇન કે ઓવરહેડ ટેન્ક હોય ત્યાંથી વિતરણ કરવાનું હોય ત્યાંથી સંપૂર્ણ પાણી વિતરણ કરવામાં આવે અને જે તે ગામે પાણી પહોંચે નહીં તો રસ્તામાં પાણી કયાં જાય છે તે રજૂઆત કરવા છતાં અત્યાર સુધી તમારી પાસે કાયદાઓ હોવા છતાં તમારા વહીવટી તંત્રએ તેને રોકવાનું કામ શા માટે ન કર્યું? મને એમ લાગે છે કે, આ કાયદો કર્યા પછી પણ તેનું અમલીકરણ કરવા માટે તમારી માનસિકતા છે ખરી? કડક રીતે અમલ થાય તે પ્રમાણે વ્યવસ્થા કરવાની તમારી માનસિકતા છે ખરી? અગાઉના જે કાયદાઓ છે તેમાં તમે રોકી શકયા નથી, માથાભારે લોકો બેફામ બન્યા છે, જરૂરિયાતવાળા લોકો, ઉદ્યોગપતિઓ કે જેમને ધંધા રોજગાર કરવા છે તેવા લોકો બેફામ રીતે પાણીનો દૂરુપયોગ કર્યો છે તેમાં અત્યાર સુધી આપણે કંઇ કરી શકયા નથી. કાયદો આજે તમે પસાર કરવાના છો તે પછી તમે તેને રોકી શકશો ખરા? આજની તારીખે કહેવાનું કે જે લોકોએ ગેરકાયદેસર પાણી લીધું છે તેવા ભૂતકાળમાં કેટલા લોકોની સામે તમે કડક હાથે કામ લીધું છે, કેટલા લોકોને તમે જેલમાં પૂર્યા છે, કેટલા લોકો પાસેથી તમે દંડ લીધો છે? આંકડાઓ બતાવો ને? આ કાયદો લઇ આવીને આપણી શું સાબીત કરવા માગીએ છીએ? કેવા લોકોને આ કાયદો લાગુ પડશે? જે લોકો ગરીબ, શોષિત છે, પીડિત છે અને અત્યાર સુધી જે પાણી પુરવઠા યોજનાઓ ગામડામાં બનાવી છે તેમાં ભૌગોલિક રીતે દરેક ગામની પરિસ્થિતિ અલગ અલગ હોય છે. એક ભાગ નીચાણવાળા ભાગે હોય તો બીજો ભાગ ઉંચાણવાળા ભાગે હોય. તેમાં પાઇપ લાઇન નાખવાની વાત આવે, ડૉ. મનમોહનસિંહ વડાપ્રધાન હતા ત્યારે નિર્મલ ભારત યોજના લઇ આવ્યા હતા. ૯૦ ટકા ભારત સરકાર અને ૧૦ ટકા જે તે ગ્રામ પંચાયતે ફાળો આપવાનો હતો. આજે ૮૦:૨૦ થી વાસ્મો યોજના નીચે કામગીરી કરાવીએ છીએ. સારી યોજના છે. સારી રીતે કામગીરી થાય તો બધા

લોકોને ઘરમાં નળ સુધી પાણી મળે છે. આજે પણ આ વાસ્મો યોજના ફેઇઝ–૧ અમુક ગામડાઓની અંદર નિષ્ફળ ગઇ છે. નિષ્ફળ થવાના કારણોમાં ભૌગોલિક સ્થિતિ છે તેમાં પાઇપલાઇન નાખી તેમાં જે તે ગામને પ્રેશરથી પાણી મળતું નથી. આ સ્થિતિ આજે છે. તે યોજનાના ફેઇઝ–૨માં આપણી વ્યવસ્થિત કામગીરી કરવા માટે નાણાં ફાળવવાની જરૂર પડી છે. છતાં હજુ પૂરતી વ્યવસ્થા થઇ શકી નથી. મોટાભાગના ગામોની યોજનાઓ નિષ્ફળ થઇ છે. બીજીવાર કરવાની આવશ્યકતા અને જરૂરિયાત ઉભી થઇ છે. શુદ્ધ પાણી આપવું તે રાજય સરકારની પ્રાથમિક ફરજ છે અને તે મેળવવાનો લોકોનો અબાધિત અધિકાર છે. મેં કહ્યું તે પ્રમાણે આજે પણ ૨૯૫૫ કિલોમિટર જેટલી પાઇપ લાઇન નાખ્યા પછી છેવાડાના માણસ સુધી રાજય સરકારે નિર્ધારિત કરેલ પર વ્યક્તિ ૪૦ લિટર આપવાની જોગવાઇ છે અને અછતમાં ૭૦ લિટર પાણી આપવાની જે જોગવાઇ છે તે મુજબ આટલો કરોડોનો ખર્ચ કર્યા પછી પણ આપણે ૪૦ લિટર પણ પાણી પહોંચાડી શકતા નથી. સાહેબ, ખરી વાસ્તવિકતા આ છે.

માનનીય અધ્યક્ષશ્રી, * (xxx) અમે જામનગરની મુલાકાતે ગયા હતા, જામનગરની મુલાકાતે ગયા ત્યારે જામનગરનો જામજોધપુર તાલુકો, કાલાવાડ તાલુકો, જામનગરના દ્વારકાના ગામો એ ગામડાની સ્થળ મુલાકાત લીધી છે સમિતિએ અને સમિતિએ સ્થળ ઉપર પાણી પુરવઠાની કામગીરી થઇ ગઇ છે પણ પાઇપ લાઇન નાંખ્યા પછી માનનીય આર.સી.ફળદુ સાહેબ, એ ગામે પાણી જ પહોંચ્યું નથી. આવા ગામો *(xxx) જોયા છે, ગામ લોકોને પૂછ્યું છે, ઓવરહેડ ટેન્કો પણ જોઇ છે એ જામનગર જિલ્લાના ગામડાની અંદર પાણી ભર્યા પછી જે તે ગામને સંપૂર્ણ રીતે સોએ સો ટકા પાણી મળવું જોઇએ એ ઓવરહેડ ટેન્કનું પાણી ભર્યા પછી પણ એ ગામને પૂરતું પાણી મળ્યું નથી, આ હકીકત છે અને આ વાસ્તવિકતા છે. આ એક જામનગર જિલ્લાની વાત નથી સમગ્ર ગુજરાતના તમામ જિલ્લામાં આ સ્થિતિ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**કમિટીના રિપોર્ટનો ઉલ્લેખ કરવા બાબત.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. *(xxx) રિપોર્ટ બને, વિધાનસભાની અંદર આવે..(અંતરાય) નહીં નહીં, તમે * (xxx) ઉલ્લેખ કરીને નહીં કહી શકો.

અધ્યક્ષશ્રી : આ રિપોર્ટ રજૂ થઇ ગયો છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇ, તમે વાત ચોક્કસ કરી શકો છો પરંતુ એ ગામમાં તમે ગયા, ગયા પછી ત્યાં પાણીનું ટીંપુય નહોતું આવતું. એ ડિઝાઇનના કારણે નહોતું આવતું કે રસ્તામાં ચોરી થઇ જતી હતી એના કારણે નહોતું આવતું આ બધો ડિબેટીંગ ઇસ્યૂ છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ભલે એક કમિટીના ચેરમેન હોય. પરંતુ એ ચેરમેનશ્રીનો રિપોર્ટ જ્યારે અહીંયા મૂકાય ત્યારે એનો ઉલ્લેખ કરીને જ એનો ઉલ્લેખ થાય.

અધ્યક્ષશ્રી : રીપોર્ટ જો રજૂ ન થયો હોય તો એની ચર્ચા અસ્થાને છે એટલે એ રેકોર્ડ ઉપરથી કાઢી નાંખવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું એની ટીક્કા–ટીપ્પણના અનુસંધાને વાત કરતો નથી. જામનગર કલેક્ટર કચેરીમાં મિટીંગ પણ રાખી હતી, અધિકારીઓ પણ હાજર હતા એટલે આમાં આક્ષેપની વાત છે નહીં.

અધ્યક્ષશ્રી : નહીં નહીં, *(xxx) રીતે ગયેલાને આપ?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે વાસ્તવિકતા છે.

અધ્યક્ષશ્રી : હા, તો એમને એમ કહો * (xxx) ઉલ્લેખ કર્યા વગર જે કહેવું હોય તે કહો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે વાસ્તવિકતા છે કે, આટલા કિલોમીટરની પાઇપ લાઇનો નાંખ્યા પછી પણ આપણે રાજય સરકાર પાસે લોકોનો અબાધીત અધિકાર છે પાણી માટેનો એ નોર્મ્સ પ્રમાણે પણ આજે આપણે પૂરું પાણી વિતરણ કરી શકતા નથી. આટલો ખર્ચ કર્યા પછી, આટલી વ્યવસ્થા ઉભી કર્યા પછી લોકોને જરૂરિયાત મુજબનું પાણી મળે તો એના માટે જવાબદાર કોણ? અને એટલા માટે આ કાયદો આપણે બનાવીએ છીએ, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે અત્યાર સુધીમાં કેટલી અમલવારી કરી, કડક હાથે કેટલી કામગીરી કરી? ૧૬૫ શહેરોને સમાવવામાં આવ્યા અને જે ૧૬૨ નગરપાલિકાઓ છે અને એ નગરપાલિકાઓમાં પોતાની અંગત વિતરણ વ્યવસ્થા પણ હોય છે અને અમૂક ડેમોમાંથી રીઝર્વેશનમાંથી આપણે એને પાણી પણ આપીએ છીએ, પોતાના કૂવાઓમાંથી પણ પાણી લે છે અને લોકોને શુદ્ધ પાણી આપવું એ રાજય સરકારની જવાબદારી છે. નગરપાલિકાઓએ ફિલ્ટર પ્લાન્ટ બનાવ્યા છે અને એ ફિલ્ટર પ્લાન્ટમાં રાજય સરકારે ગ્રાન્ટો આપી છે, કેન્દ્ર સરકારની ગ્રાન્ટો આપી છે ત્યારે મારે સરકારને પૂછવું છે કે આ ૧૬૨ નગરપાલિકાઓ પૈકી કેટલી નગરપાલિકાઓ પાસે પોતાના ફિલ્ટર પ્લાન્ટ છે? અને એ ફિલ્ટર પ્લાન્ટમાંથી કેટલી નગરપાલિકાની વસતિને શુદ્ધ પાણી મળે છે? અને એ પ્લાન્ટમાંથી કેટલા ફિલ્ટર પ્લાન્ટ ચાલુ છે? એનો સરકાર જવાબ આપશે તો વસ્તવિકતાનો ખ્યાલ આવશે. આપણે શુદ્ધ પાણી આપવા માટેની વાતો કરીએ છીએ પણ વાસ્તવિકતા એ છે કે પીવાના પાણી માટેની જે સ્થિતિ છે એ ગંભીર છે. શહેરોની અંદર જે પાણી વપરાશ થાય છે એ તમામ પ્રકારનું ગંદુ પાણી જે શહેરો અથવા નગરપાલિકાઓ જે છે એની બાજુમાંથી નદી વહેતી હોય તો એ નદીની અંદર એ અશુદ્ધ પાણીને આપણે વહાવીએ છીએ. એક બાજુ આપણે નદીઓના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શુદ્ધિકરણની વાતો કરીએ છીએ અને શુદ્ધતાના નામે વાતો કરીએ છીએ પણ બીજી બાજુ આપણે ગંદુ કરીએ છીએ. એ ગંદુ કરીએ છીએ અને એની સફાઇ પાછળ આપણે કરોડો રૂપિયાનો ખર્ચ કરીએ છીએ. રાજ્ય સરકારે તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના વડાપ્રધાન ઘરે ઘરે શૌચાલય હોવું જોઇએ, મારે રાજ્ય સરકારને કહેવું છે અને સરકારશ્રીનું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવું છે કે, શૌચાલય હોવા એ જરૂરી છે, ઝૂંબેશના ભાગરૂપે સરકારે ઝૂંબેશ ચલાવી છે એ આવકારદાયક છે. ગ્રામ પંચાયતો મારફત કલસ્ટર માધ્યમ દ્વારા શૌચાલય બનાવવામાં આવ્યા છે. મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે, ગ્રામ પંચાયતોએ જે કલસ્ટર શૌચાલય બનાવ્યા છે એ કલસ્ટર શૌચાલયનો ઉપયોગ કરવા માટે આજની તારીખે ત્યાં જે તે ગામે પાણીની વ્યવસ્થા નથી અથવા જ્યાં શૌચાલય બનાવ્યા છે ત્યાં પાઇપ લાઇન પણ નંખાઇ નથી. અથવા જ્યાં શૌચાલય બનાવ્યા છે ત્યાં પાઇપલાઇન પણ નથી નંખાઇ. ખર્ચ આપણો ગયો, સંપૂર્ણપણે ૧૦૦ ટકા ખર્ચ નિષ્ફળ ગયો છે, આ હકીકત છે, આ વાસ્તવિકતા છે અને સરકાર એમની પણ તપાસ કરાવડાવે કે સમગ્ર રાજ્યમાં કલસ્ટર મારફતે જે ગ્રામ પંચાયતોએ શૌચાલયો બનાવ્યા છે એ શૌચાલયોનો આજે ઉપયોગ થાય છે કે નથી થતો. ઉપયોગ થતો નથી એ હકીકત છે અને ત્યારે સરકાર એને ગંભીરતાથી લે. હેન્ડપંપો, શૈલેષભાઇએ અહીંયા કહ્યું અને ઉલ્લેખ કર્યો છે કે રાજ્યની અંદર ૧૫૭૫૭ જેટલા હેન્ડપંપો બનાવ્યા છે, પાણી પુરવઠા બોર્ડ પણ હેન્ડપંપ બનાવે છે, જિલ્લા કક્ષાએ આયોજન વિભાગમાંથી, આયોજનની ગ્રાન્ટમાંથી હેન્ડપંપો બનાવવામાં આવે છે, સાંસદની ગ્રાન્ટમાંથી પણ હેન્ડપંપો બનાવતા હોય છે, ક્યાંક એમ.એલ.એ. ગ્રાન્ટમાંથી બનતો હોય છે, ક્યાંક એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટમાંથી હવે બને છે, બોર બનાવવામાં આવે છે, એ બોરને રિપેરીંગ કરવા માટે, મેઇન્ટેનન્સ કરવા માટેની વ્યવસ્થા કોણ કરે છે? પાણી પુરવઠા બોર્ડ દ્વારા, સરકાર દ્વારા, કલેકટરશ્રી દ્વારા જે બોર મંજૂર થાય છે એ બોરને રિપેરીંગ કરવા માટે, મેઇન્ટેનન્સ કરવા માટે તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ એક ગેંગ હોય છે પણ એ ગેંગ અપૂરતા સ્ટાફને કારણે મહિનાઓના મહિનાઓ સુધી હેન્ડપંપ ખરાબ થયા પછી રિપેર થતો નથી અને સાંસદની ગ્રાન્ટ, એમ.એલ.એ.ની ગ્રાન્ટ દ્વારા જે હેન્ડપંપો બનાવવામાં આવ્યા છે એને મેઇન્ટેનન્સ કરવા માટે કે રિપેરીંગ કરવા માટે આજની તારીખ સુધીમાં આ સરકાર પાસે કોઇપણ પ્રકારની વ્યવસ્થાઓ નથી. બન્નેમાં તફાવત છે કારણકે મટિરિયલ્સ હોતું નથી, ધારાસભ્ય ફરિયાદ કરે તો કહે કે જે બોર બનાવ્યો છે એ બોરનું મટિરયલ્સ અમારી પાસે નથી અને આજે જે એમાં ખર્ચ થયો છે એ ખર્ચ નિષ્ફળ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલ વિસ્તાર મારે ત્યાં પૂર્વ વન વિભાગ, પશ્ચિમ વન વિભાગ, સાસણ, નાના મોટા નેસો એમાં માલધારીઓ વસે છે. માલધારીઓને ઉપર આકાશ નીચે ધરતી અને ઉનાળાની સીઝનમાં એમની પાસે પશુ આધારિત એ ધંધો કરતા હોઇ અને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતા હોય એ તો જંગલના નેસડાંમાં આપણે જઇએ ત્યારે આપણને ખબર પડે કે ૧૮ વરસની દીકરી કે ૧૬ વરસની દીકરી માથે કાવડ લઇને અને ડબ્બા લઇને પાણી ભરતી હોય અને એના પશુઓને પાણી પૂરું પાડતી હોય ત્યારે એ જંગલના નેસોમાં પણ પીવાનું પાણી અને પશુઓને પાણી આપવા માટેની પણ રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી છે. પાણી પુરવઠા બોર્ડ મંજૂર કરે તો વન વિભાગ એ કરવા ન દે અને ગ્રાન્ટ જે છે એ વન વિભાગને હવાલે મૂકવી પડે, આ પ્રકારની સિચ્યુએશન છે ત્યારે પીવાના પાણી માટેની રાજ્ય સરકારની જે જવાબદારી છે અને જે અવ્યવસ્થા છે જે કામગીરીની અંદર, ગ્રામ પંચાયત દ્વારા પાણીનો ટાંકો બનાવવામાં આવ્યો હોય, ઓવરહેડ ટાંકો બનાવવામાં આવ્યો હોય, પાણી પુરવઠા બોર્ડ દ્વારા કામગીરી કરવામાં આવી હોય અને એ કામગીરીની અનિયમીતતાને કારણે યોગ્ય જગ્યાએ પાણી પહોંચતું ન હોય તો એ વ્યકિત, એ કુટુંબ મોટર ચલાવવાના, ચલાવવાના અને ચલાવવાના જ છે, મોટર સિવાય એમના ઘરમાં પાણીની વ્યવસ્થા થઇ શકવાની નથી અને ત્યારે ગ્રામ પંચાયતના અંદરોઅંદરના મતભેદ કે વાદવિવાદ કે ચુંટણીના કારણે સામસામે હશે ત્યારે બિનજરૂરી અહીંયા કહેવાયું એ પ્રમાણે પોલીસ ફરિયાદો થશે અને એમાંથી નવા પ્રશ્નો ઉભાં થશે અને આ બિલને કારણે શાંતિ થાય, લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે એ તો એકબાજુ રહ્યું પણ આવનારા દિવસોમાં આ બિલના કારણે અવ્યવસ્થા ઉભી થશે, લોકોમાં અંદરોઅંદર ગામની અંદર મતભેદ પડશે, ઝઘડાઓ થશે, કોર્ટ કેસો થશે અને આર્થિક રીતે પણ નાના લોકોને મોટું નુકશાન થશે અને ત્યારે વિશેષ લાંબી વાત ન કરતાં અહીંયા..

અધ્યક્ષશ્રી : શું કહ્યું ફરી કહો..(અંતરાય) લાંબી વાત ન કરતાં,

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ચાલુ રાખવાનું હોય તો મને વાંધો નથી.

અધ્યક્ષશ્રી : તો અત્યાર સુધી શું કર્યું હેં? માનનીય પુંજાભાઇ, (અંતરાય) શરૂઆત કરું છું એમ કહો છો?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : અને ત્યારે પાણી પુરવઠા મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે અને બિલમાં જે કરેલી જોગવાઇઓ છે, અને જે ઉદેશો છે તે ઉદેશોની અંદર સરકારની ઇચ્છા શકિત જે છે તે કાયદો લઇ આવીને અમલીકરણમાં પણ અનુભવ એવો રહ્યો છે આપણાં બધાનો અને સમગ્ર રાજ્યની પ્રજામાં કે કાયદાઓ જે છે તેનો અમલ સખ્તાઇથી કરવામાં આવતો નથી. હું શ્રી દોલતભાઇ દેસાઇની વાત કરીશ તેઓ વલસાડના બી.જે.પી.ના ધારાસભ્ય હતા. તેઓ અમેરીકા ગયા અને તેઓ અમેરીકાથી પરત આવ્યા પછી અમારી સાથે એક કમિટીમાં સાથે હતા અને આવ્યા પછી તેમને પૂછવામાં આવ્યુ કે તમે અમેરીકા ગયા પછી તમારો અનુભવ શું ? ત્યારે દોલતભાઇએ એવુ કહ્યું હતું કે અમેરીકામાં જે કાયદાઓ બનાવવામાં આવે છે અને જે છે તે પાળવા માટેના છે અને આપણે ત્યાં અહીંયા જે કાયદાઓ છે તે તોડવા માટેના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વાસ્તવિકતા છે અને કાયદાઓ હોવા છતાં તેનું સખ્તાઇથી પાલન થતું નથી તેમાં આ સરકાર સખ્તાઇથી પાલન કરતી નથી અનુકૂળતા મુજબ કાયદાનો અમલ કરે છે. પોતાની ઇચ્છા, અનિચ્છા અને એ પ્રકારે

કાયદાનો અમલ કરે છે ત્યારે આ કાયદો બનવાથી આવનારા દિવસોમાં જે હેતુ છે તે હેતુ પાર પડશે નહીં એટલે જે કાયદાઓ અત્યારે હાલ છે તે પ્રમાણે સખ્તાઇથી અમલવારી કરો અને નિર્દોષ, શોષિત, પીડિત શ્રી કુંવરજીભાઇ, તો શોષિત તેમની પણ..

અધ્યક્ષશ્રી : હવે આવી ગયું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વડિલ છે અને હું જે કહી રહ્યો છું તે અહીંયાથી ઘણું બધું તમને કહ્યું છે અને આગળ એ જ વસ્તુ શ્રી કુંવરજીભાઇ લઇ આવે,

અધ્યક્ષશ્રી : તમે બિલને સપોર્ટ કરવાના છો ?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, બિલને સપોર્ટ કરવાનો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેન, બસ આટલુ જ જોઇતું હતું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કુંવરજીભાઇ બાવળિયાએ આ પાટલી ઉપર રહી અને જે લાકોની ચિંતા કરી છે, શોષિતોની ચિંતા કરી છે, પીડિતોની ચિંતા કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેન આપની વાત શરૂ કરો વાંધો નહીં. એમાં શરમ રાખશો તો તમારો સમય જતો રહેશે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા તેમાં ભાષણ કરતા મારે બે-ત્રણ સૂચનો કરવાના છે. એ સૂચન પૈકીમાં જે ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા કે જે ગ્રામ પંચાયતોના બોર હોય કે પ્રાયવેટ બોર હોય તેને ભૌગોલિક દ્રષ્ટિએ જોઇએ તો તેના જે ટી.ડી.એસ. છે તે ૨૫૦૦ થી ૩૦૦૦ છે અને આ ટી.ડી.એસ.વાળુ પાણી તમામ પ્રાયવેટ અને ગવર્નમેન્ટના મોટાભાગના બોરોની અંદર છે ત્યારે આવી પરિસ્થિતિમાં જે ગ્રામ પંચાયતો પાણીનો સોર્સ છે અને પાણી પીવાલાયક મળે છે એવી ગ્રામ પંચાયતોના બોર ફેઇલ થઇ જાય કે પંચાયતોના બોર મંજૂર કરવા માટે જે ૧૦ ટકા લોકફાળો માગવામાં આવે છે તે લોકફાળો એમ.પી., એમ.એલ.એ. અથવા નાણાપંચની ગ્રાન્ટમાંથી ભરવા માટેની વ્યવસ્થા તેની અંદર એવી જોગવાઇ કરવામાં આવે તો આ સામુહિક અમારા બનાસકાંઠાના તમામ ધારાસભ્યોની માગણી છે. તેમાં જે પહેલું ગામ આવતુ હોય તે વ્યકિતગત પંચાયત સાથે સંકળાયેલું હોય અને એની આગળનું ગામ હોય તે જૂથ યોજના સાથે સંકળાયેલું હોય. ધારો કે આ ગામમાં પંચાયતના પાણીનો બોર ફેઇલ થઇ ગયો, પીવાલાયક પાણી ના હોય અને ખારું પાણી હોય અને આગળ તેના ગામમાં થઇને મીઠાં પાણીની પાઇપ લાઇન જતી હોય તો પછી ગામવાળા તે પાઇપ લાઇન તોડે, તોડે અને તોડે જ. એટલે આ સ્થિતિનું નિર્માણ ના થાય તેના માટે થઇને જે પંચાયતોના બોર છે તે પંચાયતોના બોરની અંદર વ્યકિતગત જે બોર માટે ૧૦ ટકાની લોકફાળા માટેની જોગવાઇ છે તે આ એમ.પી.,એમ.એલ.એ.અથવા અન્ય ફંડમાંથી કરવી એ ફરજીયાત. આ કાયદો આવશે એટલે આ પરિસ્થિતિ વધારે બગડશે અને એ સ્થિતિનું નિર્માણ ના થાય એટલે આ એક મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, રાજસ્થાનની મુખ્ય કેનાલ છે તે મુખ્ય કેનાલની અંદર ત્રણ ચાર જગ્યાએ પચાસ સાંઇઠ ગામોને જોડતી જૂથ યોજનાના પાણીના પ્લાન્ટ બનાવેલાં છે અને આ પાણીના પ્લાન્ટની આજુ બાજુ તમામ પાણી મીઠું છે. ધારો કે વર્ષ ૨૦૧૭ની અંદર મોટું ફ્લડ આવ્યું અને ફ્લડના કારણે જે મુખ્ય કેનાલ રાજસ્થાનની છે તે તૂટી ગઇ કદાચ આની પાણી પુરવઠાના જે અધિકારીઓ છે તેમને ખબર હશે એ વખતે બનાસકાંઠાના અને અમારા વિસ્તારના લોકોએ વીસથી પચ્ચીસ દિવસ સુધી પ્રદુષિત વરસાદી પાણી પીધેલ હતું. તેનુ કારણ એ કે મુખ્ય કેનાલ જ તૂટી ગઇ હોવાથી પાણી આવ્યો કયાંથી ? આવા સંજોગોની અંદર જિલ્લા પંચાયતની પાણી પુરવઠાની જયારે મિટિંગો હોય, કલેકટર ઓફિસમાં પણ મેં વાત કરી છે કે આવા જે કંઇ આપણાં પાણીના પ્લાન્ટો છે ૨૫-૫૦ ગામોને જોડતાં તેની આજુ બાજુ પાણી પુરવઠાના ૨૦-૨૫ બોર બનાવે. કે જે આકસ્મિક રીતે ગમે ત્યારે આવી પરિસ્થિતિનું નિર્માણ થાય એ સમયે આ બોરના માધ્યમથક ૨૫-૫૦ ગામોને પાણી આપી શકીએ. મહિલા ધારાસભ્ય હોવાના નાતે મહિલાઓ પાણી માટે સીધો ફોન કરે છે. આ બધી પરિસ્થિતિ હજી યથાવત છે ત્યારે આવું જે વિધેયક લઇને આવ્યા છે તો હું માનું છું કે એ લોકોને અઘરું પડશે અને લોકોની ફરિયાદો વધશે અને આગળ ઘણાં બધાં લોકોએ કહ્યું એ પ્રમાણે બાપુનું કામ વધશે. આ પરિસ્થિતિનું નિર્માણ ન થાય એ માટે જ્યાં સુધી આ સમસ્યાઓનો હલ નથી થયો ત્યાં સુધી આ બિલ પેન્ડીંગ રાખે અને આ સમસ્યાનો હલ કર્યા પછી આ બિલ લાવશે તો કદાચ અમે એમાં સમર્થન આપીશું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મારા ગામડાની વાત કરવા માગું છું. અહીંયાથી ૫૫૦ કિ.મી.ના અંતરે છેલ્લું મારું ગામ છે. શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે કીધું કે છેવાડે તો પાણી બહુ તકલીફથી પહોંચે છે. અત્યારે મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી છે. મંત્રીશ્રી બાવળિયા સાહેબ પણ પધાર્યા હતા. અમારા પ્રભારી મંત્રીશ્રીએ હમણાં જ્યારે વાયુ વાવાઝોડાની આગાહી હતી ત્યારે અમારા કોટેશ્વર ભગવાન પાસે એક કલાક સુધી પ્રાથર્ના કરી હતી. માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇને પ્રાર્થના છે કે ગામમાં તળાવની વચ્ચે જે જૂના કૂવા છે એ કૂવાઓમાં બે-બે લાખ રૂપિયા ખર્ચો કરી આપો. એ કૂવામાં પાણી સૂકાઇ ગયું છે. તળાવમાં પાણી ખાલી થઇ ગયા પછી જો રીચાર્જ થઇને કૂવામાં આવતું હોય તો એ પાણીનો ઉપયોગ થાય અને કદાચ વરસાદ ન થાય અમારે ન્હાવા-ધોવામાં કામ આવે અને અમારા ઢોર માટે પણ કામ આવે. અત્યારે જે ટેન્કર આવે છે એ ૧૦,૦૦૦ લિટરના આવે છે. એનું ભાડું વધારે છે. જો ૨૦,૦૦૦ લિટરનું ટેન્કર ચલાવવામાં આવે તો ભાડામાં ખાસ ફેર નહિ પડે અને ગામને પાણી ડબલ મળશે. બીજી વાત પાણીના લેવલની કરું તો મારું ઘર ૫૦ ફૂટ ઉંચું છે પણ પાણી સરખું આવે છે એનું કારણ લેવલ છે. લેવલ કાઢીને કામ કરે. બીજું કે જે બોરનું ચેકિંગ કરે છે એ ગામના ખેડૂતને

પૂછીને બોર કરે. પાણી પુરવઠાવાળા લાઇટ લઇને, ટાંકો બનાવી, મોટર ફીટ કરે પછી પાણી નથી આવતું. તો જો ખેડૂતોને પૂછી અને બોર કરે તો આપણે ૧૦૦ ટકા સક્સેસ જઇએ અને બોરના ૨૦ લાખ રૂપિયા બચી જાય. જે તળાવોમાં પાણી આવે છે એ તળાવોને સાફ કરી પાણી લાવવામાં આવે તો એ તળાવમાં સરકારની પાણી જમા કરવાની જે યોજના છે એની જરૂર નથી. કૂવામાં લાઇટની જરૂર નથી ખાલી લાખ રૂપિયાની સોલર પેનલ મૂકી દે તો એ ગામને પાણી પૂરું પાડી શકાશે.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ(ધંધુકા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા જે ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા વિધેયક ક્રમાંક – ૨૪, ૨૦૧૯ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રી મારી એક રજૂઆત છે કે આ વિધેયક લાવ્યા, વિધેયકમાં જે કલમો લાવ્યા એ ખરેખર ગામડાના લોકો અને ગરીબ માણસો માટે અન્યાયરૂપ થશે. મારા મતવિસ્તારના જે–જે કોન્ટ્રાક્ટરોને વાર્ષિક ટેન્ડરથી મેઇન્ટેનન્સના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે એમાં લાઇન લીકેજ થાય તો પાંચ–પાંચ દિવસ સુધી રીપેર કરવામાં નથી આવતી. જો એના ઉપર ધ્યાન આપવામાં આવે તો આ બિલ પણ લાવવાની જરૂર ના પડે. ડેપ્યુટી એન્જીનીયરશ્રીને મેં ઘણી બધી વખત રજૂઆતો કરી છે. ઘણાં બધાં ગેરકાયદેસર કનેક્શનો છે એ મેં બતાવ્યા છે છતાં આજ દિન સુધી કાપવામાં નથી આવ્યા. ધંધુકા નગરપાલિકામાં વર્ષ ૨૦૧૬માં ફિલ્ટર પ્લાન તૈયાર થયો છે પણ ઇનલેટ અને આઉટલેટ એક પણ લાઇન નાખી નથી. વર્ષ ૨૦૧૬માં તૈયાર થયેલો ફિલ્ટર પ્લાન પડતર છે. મેં સંકલનમાં પણ વારંવાર રજૂઆત કરી છે છતાં ધંધુકાની જનતાને ડોળું પાણી પીવાનો વારો આવ્યો છે. પાણી પુરવઠા દ્વારા ભૂગર્ભ ગટરની કામગીરી કરવામાં આવી છે જેથી પીવાના પાણીની તમામ લાઇનો તૂટી ગઇ છે. અને એના કારણે એસ.ટી.પી. પ્લાન્ટથી અને કનેકશનો જોઇન્ટ કરી દેવામાં આવ્યા છે ડેમેજ થવાના કારણે પીવાના પાણી હમણાં મારા મિત્રે કહ્યું એમ અડધો કલાક કાઢવો પડે છે એવી પરિસ્થિત અમારી ધંધૂકામાં છે. કલેકટરશ્રી દ્વારા હેલ્થ ઓફિસર પાસે રિપોર્ટ કરાવ્યો એમાં મેલેરીયા પોઝિટીવ આવ્યો. કલોરીન વગરનું પાણી મળે છે. સંકલનની એક પણ મિટિંગમાં નગરપાલિકાના ચીફ ઓફિસરો વારંવાર રજૂઆતો કરવા છતાં હાજર રહેતા નથી. આ વખતની સંકલનની મિટિંગમાં એક પણ ચીફ ઓફિસર હાજર નહોતા. ધંધૂકા, વિરમગામ અને ધોળકા કારણ કે મેકસીમમ પ્રશ્ન પીવાના પાણીના અને ગટરના હોય છે તેથી નગરપાલિકાના ચીફ ઓફિસરો એનાથી દૂર ભાગે છે. તેથી આ વ્યવસ્થામાં જો કોઇ સુધારો થાય તો આ બિલ લાવવાની જરૂરિયાત ન રહે એટલી માનનીય મંત્રીશ્રીને મારી રજૂઆત છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૪– ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ–૨૦૧૯ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં મારો વિરોધ નોંધાવું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

આ બિલની અંદર સુધારા લાવવામાં આવ્યા છે એમાં જે સજાની જોગવાઇઓ કરવામાં આવી છે. ખરેખર તો પીવાનું પાણી પહોંચાડવાની ચિંતા સરકારે કરવી જોઇએ. આજે સમગ્ર સૌરાષ્ટ્રની વાત કરું તો ગામડાંમાં એક અઠવાડિયે પીવાનું પાણી મળે છે. મારા મત વિસ્તારની વાત કરું તો કોઇ ગામને દસ દિવસે તો કોઇ ગામને ૧૫ દિવસે પીવાનું પાણી મળે છે ત્યારે આ વિતરણ વ્યવસ્થા સુધારવાને બદલે આની ઉપર જે કાયદો કડક કરવામાં આવ્યો છે એના માટે હું એટલું જ કહીશ કે ડો. બાબાસાહેબ આંબેડકરે જયારે આ બંધારણ બનાવ્યું ત્યારે આ દેશને દુનિયાનું શ્રેષ્ઠ બંધારણ સુપરત કરતા હતા ત્યારે એમણે એટલું કહ્યું હતું કે બંધારણ ગમે તેટલું સરસ અને સુંદર હોય એની અંદર જે કાયદો છે એ ગામે તેટલો કડક હોય પણ એને અમલ કરનાર વ્યકિતઓ જો યોગ્ય નહિ હોય તો આ બંધારણનો કોઇ મતલબ નથી. એવું ડો.બાબાસાહેબ આંબેડકર કહ્યું હતું. એ જ રીતે આ સરકાર બંધારણ લઇને કલમો ઉમેરે છે. નવો કાયદો લાવે છે પણ એનો ઉપયોગ કઇ રીતે કરે છે એનો આવતા દિવસોમાં આપણને સૌને ખ્યાલ આવવાનો છે. મારા મત વિસ્તારની અંદર આજે ગ્રામ પંચાયતોની ફરિયાદો અમે કરીએ છીએ. પંચાયતના ભાજપના માત્ર સરપંચ હોવાને લીધે એની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવતી નથી એવી રીતે આમાં પણ એવું થશે કે કોંગ્રેસના હોય એને પકડો અને ભાજપના હોય એને છોડો એવી નીતિ આ કાયદ દ્વારા થશે એનો મને ડર છે. ભાવનગરની અંદર ઉંચાણવાળા વિસ્તારની અંદર પાણી પ્રેસરથી આપવામાં આવે છે પણ જે નીચાણ વાળો વિસ્તાર છે ગરીબ અને મધ્યવર્ગના લોકો રહે છે ત્યાં પાણી ઉંડા ખાડામાંથી બહેનો પાણી ભરે છે ત્યારે જે ઘરમાં ઝઘડા થાય છે આની અંદર કાયદાનો કોઇ ભંગ કરશે તો એ વ્યકિત જેલમાં જશે અને એની પત્ની છે એ પિયર જતી રહેશે. પ્રશ્ન પાણીનો છે એટલે જે પત્નીને અને પતિને સંબધ છે એ તૂટવાનો કાર્યક્રમ છે એ આ સરકારને કારણે વધશે. આ બહેનોની ચિંતા અહીંયા બેઠેલા સરકારના જે પદાધિકારી છે મંત્રીશ્રીઓ છે એમણે બિલકુલ કરી નથી. કેમ કે એમને પાણીનો પ્રશ્ન જ નથી. એમને પાણી ભરપુર મળવાનું જયાં રહેતા હોય ત્યાં મળવાનું.હમણાં વાત કરી કે મોટરકાર ધોવાનો પણ ગુનો બનશે ત્યારે એ મોટર ધોવાની કે નહિ ધોવાની એનો માનનીય મંત્રીશ્રી ઉલ્લેખ કરે. હું હંમેશા એમને ગુરુજી કહું છું. શ્રી બાવળીયા સાહેબને ગુરુજી કહીને સંબોધન કરું છું. પણ હવે મને એવું લાગે છે કે આ ગુરુ મારો અંગૂઠો કાપી લે એમ લાગે છે. આ ગુરુજીની મારી વિનંતી છે કે આ બિલ પાછું ખેંચે અને આપને કાવ્ય અને કવિતાનો બહું શોખ છે તેવું જાણ્યું. ત્યારે મારા ભાવનગરના અમૃત ઘાયલની એક ગઝલ કહેવાનું મન થાય છે. આ સરકારમાં જે ચાલી રહ્યું છે. (અંતરાય) આ વાત સામેથી કહે તો બરાબર છે, અમારા ને અમારા બદનામ કરે છે.

અધ્યક્ષશ્રી : ત્યાં જ મુશ્કેલી છે. અમૃત ઘાયલ ગુજરાતના...

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) ૨૦૧૯

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર એવું કહે છે, ગુજારવા છે જૂલમ પણ જૂલમ નથી મળતા, સિતમગરો છે ફિકરમાં સિતમ નથી મળતા, નિયમ વિરૂદ્ધ જગતનાંય ગમ નથી મળતા, કે આંસુ ઠંડા નિસાસા ગરમ નથી મળતા, મળે છે વર્ષો પછી એકદમ નથી મળતા, મલમ તો શું કે સહેજે જખમ નથી મળતા, વિચારૂં છું કે મહોબ્બત તજી દઉં કિન્તુ ફરી ફરી અહીં માનવ જીવન નથી મળતા, ઠગે છે મિત્ર, કોઇ માર્ગદર્શક બની, જીવન સફરમાં ઠગારાય કમ નથી મળતા.

અધ્યક્ષશ્રી : સાચા ગુરૂ મળતા નથી. શ્રી કુંવરજીભાઇને કહે છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : હંમેશાં કયાંથી લાવું વિઘ્ન સંતોષી, કે કંટકો તો મળે છે, કદમ નથી મળતા, સુખોની સાથે સરી જાય છે બધા સ્નેહી, પડે છે ભીડ તો ખાવા કસમ નથી મળતા, સિલકમાં હોય ભલે પૂરતી છતાં ઘાયલ ચડતી રાજાનાં સહેજે હુકમ નથી મળતા. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક હજી કવિતા રજૂ કરવી છે. અમૃત ઘાયલની મારે બીજી એક વાત રજૂ કરવી છે.

અધ્યક્ષશ્રી : આપણે પછી રાખીશું, એનો એક કાર્યક્રમ રાખીશું.

શ્રી નીતિનભાઇ પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત સારી છે. પણ મારે મારી બે પંક્તિ ઉમેરવી છે. શોધે છે અધ્યક્ષ કયારના કોંગ્રેસવાળા પણ અધ્યક્ષ મળતા નથી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : એમાં મારે પણ કહેવું છે કે, બનવું છે મારે મુખ્યમંત્રી પણ આપણા મુખ્યમંત્રી કયાં ગયા, રજા નથી લેતા. માનનીય અધ્યક્ષશ્રી, ના હિન્દુ નિકળ્યા, ના મુસલમાન નિકળ્યા, કબરો ઉઘાડી જોયું તો ઇન્સાન નિકળ્યા, સહેલાઇથી ન પ્રેમનાં અરમાન નિકળ્યા, જો નિકળ્યા તો સાથે લઇ જાન નિકળ્યા.

અધ્યક્ષશ્રી : ચાલો થઇ ગયું. હવે ઘણું થઇ ગયું.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : તો સાહેબ, હવે બિલ પર બોલું.

અધ્યક્ષશ્રી : આવી ગયું. મને આપી દેજોને મને કામ લાગશે. માનનીય નિરંજનભાઇ.

શ્રી નિરંજન પુ. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી આ કાયદો લઇને આવ્યા છે તો મારે એક મિનિટની અંદર વાત કરવી છે, વધારે વાત કરવી નથી.

અધ્યક્ષશ્રી : વધારે કરો તો તમારા માટે છૂટ છે.

શ્રી નિરંજન પુ. પટેલ :આપણા વડાપ્રધાનશ્રીએ સ્વચ્છ ભારતનું સૂત્ર આપ્યું છે. આપણે જમીન પરનો કચરો કાઢીએ છીએ, એ સ્વચ્છતા નથી. આપણે પાણીની અંદર આવતો કચરો કાઢીઓ તો સ્વચ્છતાની દિશામાં આગળ વધ્યા કહેવાઇશું. તો પાણીની અંદર ટીડીએસવાળું જે પાણી આવે છે એ ગંદુ પાણી આવે છે એમાંથી કયારે આપણે બહાર આવીશું? કારણ કે એનાથી પથરીના રોગો થાય છે લોકોને તકલીફ પડે છે આરોગ્યના પ્રશ્નો થાય છે, દવાના ખર્ચા થાય છે, માટે બહુ પાયાની વસ્તુ છે કે આપણે ટીડીએસ વગરનું પાણી આપીએ. આર.ઓ.ની કંપનીઓ રાત-દિવસ મેન્યુફેચરીંગ કરે છે. શાથી કરે છે? ઘેર ઘેર આપણે આર.ઓ. લગાવી છીએ, શાથી લગાવીએ છીએ કારણ કે આપણને ચોખ્ખું પીવાલાયક પાણી મળતું નથી માટે લગાવીએ છીએ. આપણે ૨૦-૨૦ રૂપિયાની બોટલ કેમ પીએ છીએ? એ બીસલરીની બોટલોવાળા રાત -દિવસ મેન્યુફેકચરીંગ કેમ કરે છે? કરોડો રૂપિયા કેમ આપણી પાસેથી લઇ જાય છે, કારણ કે આપણે પબ્લિકને શુદ્ધ, ચોખ્ખું પીવાલાયક પાણી આપી શકતા નથી માટે. આપણે આટલા વર્ષોથી વહીવટ કરીએ છીએ પાણી જેવી જીવન જરૂરીયાત વસ્તુ જો આપણે ન આપી શકયા હોઇએ તો આપણે બધા રાજકારણની અંદર પડેલા સૌ કેટલા વામણા છીએ તે વિચારવાનો સમય પાકી ગયો છે.

માણસની પ્રાથમિક જરૂરીયાત છે, પાણી. પાણી ઉપર કોઇ કલર પણ નથી. એ કોઇ કલર નથી રાખતું જે કલરમાં નાંખો એ કલરનું થઇ જાય છે. એના પર કોઇ રાજકીય કે ધર્મનો કલર નથી લાગતો એને પણ આપણે છોડયું નથી. શું દંડથી જ બધું થાય છે. એક વૃદ્ધ માણસ હતા પીધેલું અડધા ગ્લાસનું પાણી ડોલમાં ભેગું કરતા હતા ને એનાથી કપડાં ધોતા હતા અને પાણી બચાવતા હતા એવી વિચારધારાઓ લોકોમાં કેમ આપણે ન રોપી શકીએ? માત્ર કાયદા ઘડીને કે દંડ કરીને કે સજા કરીને જ આપણે સુધારી શકવાના છીએ? આપણે દારૂ બંધીનો કાયદો કડક કર્યો, સરહદેની કેટલો દારૂ આવે છે આપણે નથી રોકી શકયા. જિલ્લે-જિલ્લે જુઓ કેટલા રૂપિયાનો કેટલો દારૂ પકડાય છે. કાયદા તો ઘડીએ છીએ એ પણ કાયદાનું અમલીકરણ નહીં કરીએ તો ત્યાં સુધી કોઇ પણ જાતનું રામ રાજય આવવાનું નથી. જો આપણે રામ રાજય લાવવું હોય તો પહેલા પાણી અને હવા શુદ્ધ, નદીઓમાં કરોડો ટન પાણી ઉદ્યોગોનું ઠાલવીએ છીએ, જમીનોની અંદર ઉતરે છે એ વર્ષો પછી બહાર નીકળે છે, આવનાર પ્રજા નિર્માલ્ય થશે એનો પણ વિચાર કરીએ છીએ? કાયદા બનાવવાથી કશું નહીં થાય, મનની ઇચ્છા, મજબૂત ઇચ્છાથી જે કોઇ ગુનેગાર હોય તેને સજા નહીં કરીએ ત્યાં સુધી કાયદાનો કોઇ અર્થ રહેવાનો નથી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયક, ૨૦૧૯ લઇને હું આવ્યો છું એમાં લગભગ ૧૭ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને ખુશીની એક વાત એ છે કે એમના તરફથી જે બધા સૂચનો થયા એમાં મોટા ભાગના માનનીય સભ્યશ્રીઓ તરફથી પોતાના વિસ્તારની વાત અને આ વિધેયકમાં જે કંઇ જુદી જુદી કલમોની જોગવાઇઓ કરી છે તેની અમલવારી, તેના ઉપર આવતા દિવસોમાં ઉભા થનારા ભયસ્થાનો, પીવાના પાણી માટેની હાલની સમસ્યા, તેના માટે શું કરવું જોઇએ તેવા ઘણા બધા હકારાત્મક સૂચનો પણ માનનીય સભ્યશ્રીઓ તરફથી મળ્યા છે. પીવાનું પાણી આપણા સૌના માટે જરૂરી અને આવશ્યક અંગ કહીએ તો કહી શકાય તેવો એક ભાગ આપણા સૌના માટે છે. સાથે એ પણ હું જણાવું કે દરેક બાબતમાં વિગતથી

માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિસ્તારની, પોતાના મનની અને પીવાના પાણીની સમસ્યાની વાત મૂકી છે એ દરેક બાબતની મેં નોંધ લીધી છે અને હું એટલું ચોકકસ કહીશ, કે પીવાના પાણીની વાતને રાજકીય દ્રષ્ટિએ નહીં જોતા પીવાનું પાણી જનતાને, લોકોને ચોખ્ખું, શુદ્ધ છેવાડાના વ્યકિત સુધી, ગામડાં સુધી કઇ રીતે આપી શકાય તેની આપણે સૌએ સાથે મળીને ચિંતા કરવી જોઇએ. આ વખતના બજેટની અંદર પણ માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ સારી વિશેષ જોગવાઇ ગત વર્ષની સરખામણીમાં ૩૬ ટકા જેટલી વધારે કરી છે. હું પણ જે વિસ્તાર અને જે પ્રદેશમાંથી આવું છું, પીવાના પાણી માટેની હું પણ વર્ષો સુધી ચિંતા કરતો રહ્યો છું અને મેં પણ નજરે જોયું છે કે ગ્રામ્ય કક્ષાએ પીવાના પાણીની કેવી સમસ્યા હોય છે અને તેના માટે શું કરવું જોઇએ? અને તે જ રીતે અમારા વિભાગ તરફથી પણ જે રીતે ચિંતા ભૂતકાળમાં પણ કરી છે અને એમાં કયાંક કયાંક ક્ષતિઓ રહી છે તેનું બરાબર ધ્યાન રાખીને કઇ રીતે એમાં સુધારો લાવી શકાય, અને કયા પ્રકારની ક્ષતિઓ છે એને કઇ રીતે સુધારો લાવવાથી પીવાનું પાણી હજુ પણ છેલ્લે ગ્રામ્ય કક્ષા સુધી જનતાને અને લોકોને કઇ રીતે આપી શકાય તેના માટેની ચોક્કસ હું અને અમારી સરકાર ચિંતા કરશે. પીવાના પાણી માટે કોઇ રાજકીય અવલોકન નથી. મોટા ભાગના મિત્રોએ રાજકીય અવલોકનની રીતે નથી જોયું એટલે મને વિશેષ ખુશી છે અને પોતાના મનની, દિલની અને વિસ્તારની વાત મૂકી અને પીવાના પાણી માટેની ગંભીર સમસ્યા હોય તે ધ્યાન ઉપર મૂકી છે એવા ઘણા બધા મિત્રો છે એમનો પણ હું આ તકે આભાર માનું છું. ખાસ બે વાત મારે આપ સૌના ધ્યાન ઉપર મૂકવી છે. સ્થાનિક સત્તા મંડળ એટલે અંદર વ્યાખ્યામાં ઉલ્લેખ કર્યો છે પણ ફરી સ્થાનિક સત્તા મંડળ તેની વ્યાખ્યાની દ્દષ્ટિએ ઉલ્લેખ કર્યો છે તેમાં ગ્રામપંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા અને કેન્ટોનમેન્ટ અને બાકીના પછી જી. ડબલ્યુ. આઇ. એલ. અને જી.ડબલ્યુ.એસ.એસ.બી. આ પાણી પુરવઠા વિભાગ જે સ્થાનિક સંસ્થાઓ છે તેમને પીવાના પાણી માટેની આંતરિક વ્યવસ્થા, ત્યાં પાણી પૂરતા દબાણથી મળે છે કે કેમ? એ બધું જોવાની મોટા ભાગની આંતરિક વ્યવસ્થાની જવાબદારી નગરપાલિકા, મહાનગરપાલિકા, તેના અધિકારીઓથી બનેલી ગ્રામ સમિતિની હોય છે. ગામડું હોય તો તેને વાસ્મો મારફત આંતરિક પીવાના પાણી માટેની જોગવાઇ/વ્યવસ્થા ઉભી કરવાની જવાબદારી વાસ્મો મારફત ગ્રામ પંચાયતની ગ્રામ સમિતિ સંભાળતી હોય છે. ઘણાં બધા મિત્રોએ અમદાવાદ મહાનગરપાલિકામાં પીવાનું પાણી કયાંક ઉંચાણ ઉપર છે. કયાંક પૂરતા દબાણથી આવતું નથી વગેરે જે વાત મૂકી છે. તેમાં પણ સ્થાનિક અધિકારીઓ મારફત દેખરેખ રાખવી જોઇએ, કયાંક ક્ષતિઓછે એ સ્થાનિક અધિકારીઓ તેની કક્ષાની હોય છે. એટલે તેના માટે વિશેષ નહીં કહું પણ આ બિલ લાવ્યા છીએ તેની સાથે જોડીને તેમની જે સ્થાનિક જવાબદારીઓ છે ગ્રામપંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા અને કેન્ટોનમેન્ટ તેમની સાથે બેસીને પણ પાણી પૂરતું ન મળતું હોય તો તેના માટે વિશેષ કાળજી લઇને સાથે સાથે બિલની સાથે જોડાય છે ત્યારે બિલને પણ ધ્યાનમાં રાખીને જે જોગવાઇઓ કરી છે એ નાનો માણસ દંડાઇ ન જાય, આર્થિક ભારણથી દંડાઇ ન જાય, કોઇ કાયદાનો દુરુપયોગ ન કરી લે એ માટે પૂરી કાળજી લેવાશે. અહીંથી અગાઉ વાત થઇ, ખાસ કરીને જે બલ્ક પાઇપ લાઇનો છે, વિતરણ માટેની પાઇપ લાઇનો છે તેના માટે છેલ્લા બેએક વર્ષમાં સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં મોટી પાઇપલાઇનો સાથે સીધી ચોરી થાય છે અથવા તો ત્યાંથી અનિયમિતતા આચરે છે તેના માટેની ૫૦ ફરિયાદો નોંધાઇ છે. તેના કારણે પાણીનો જથ્થો છે તેની સાથે ચેંડા થતાં, દુરુપયોગ થતો તેના માટેની જે કંઇ ફરિયાદો થઇ છે તે અમારા ધ્યાન ઉપર આવી છે. દંડ અને કાયદાની કલમો છે તેમાં ફરી વખત થોડી ચોખવટ કરી લઇએ. આ એટલો બધો જડ કાયદો નથી કે તેના માટે તે કલમ લગાડીને દુરુપયોગ કરીને નાનો માણસ દંડાય. કીડીને કોશનો ડામ. એટલે તેમાં એટલી બધી કડક જોગવાઇઓ તેમાં નથી. એપેલેટ ઓથોરિટીની પણ જે જોગવાઇ છે તેની ઉપર અપીલ માટે છે. મેં ઉદાહરણ સાથે કહ્યું હતું. એ પણ સ્થાનિક દંડ લઇને, દા.ત. આર.ટી.ઓ.માં કોઇ નાનું વાહન પકડાયું હોય અને દંડ લઇને વાહન છૂટું કરે તેના માટે પણ દંડ લઇને પણ એવું હશે તો એ જોગવાઇ આમાં છે. રાજય સરકારને પણ વધારાનો દંડ વગેરે હોય તો માંડવાળ કરવા માટેની જોગવાઇ રાખી છે. દરેક સદસ્યોના સૂચનોની મેં નોંધ લીધી છે. સમયના અભાવને કારણે વિશેષ નહીં કહું. એક બે વાત ધ્યાન ઉપર મૂકી દઉં. જે ૧૦ ટકાની વાત છે. તેમાં અત્યાર સુધી એસ.,સી., એસ.ટી. તેમાં આદિવાસી વિસ્તારમાં ૧૦ ટકાની વાસ્મોની અંદર છૂટ આપવામાં આવતી. આ વખતે માનનીય નાણામંત્રીશ્રીએ બજેટમાં વિશેષ જોગવાઇ કરીને એસ.સી. વિસ્તાર હોય અને ત્યાં ૨૫૦ એ ગામની અંદર વસતિ હોય અથવા ત્યાં લગભગ ૪૦ ટકા જેવી વસતિ હોય તો પણ તેને વાસ્મોમાં ૧૦ ટકા રકમ ભરવાની છે તેમાં છૂટ આપવામાં આવી છે. અછતનો સમય હતો ત્યાં સુધી અછતનો વિસ્તાર હતો ત્યાં બોર અથવા પીવાના પાણી માટેની જોગવાઇ માટે તેમાં ૧૦ ટકા છૂટ આપી હતી. ચાલુ વર્ષમાં જયાં અછત હતી એવા બધા વિસ્તારમાં આપણે ૧૦ ટકા છૂટ આપી અને એ પ્રમાણે બોર થયા છે. ચોક્કસ તમારી લાગણી ધ્યાનમાં રાખીને એ માટે વિચારીશું, પણ અત્યારે જે જોગવાઇ છે તેની મેં આપને વાત કરી. દરેક વિસ્તારની માનનીય સભ્યશ્રીઓએ વાત કરી, માનનીય ગેનીબેને અને ખાસ કરીને કચ્છ વિસ્તારમાંથી આવતા માનનીય ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહજીએ જે કૂવા માટેની વાત કરી, બધી અમે નોંધી લીધી છે. શ્રી લલીતભાઇ અને બાકીના મિત્રોએ જે રીતે એમના વિસ્તારની પીવાના પાણી માટેની એમની માગણી વ્યકત કરી છે. દરેક બાબતની મેં મુદ્દા સહિત નોંધ લીધી છે. પીવાનું પાણી છેવાડાના ગામડા સુધી, છેવાડાના વ્યકિત સુધી પૂરતા પ્રમાણમાં શુદ્ધ મળે એ માટેનો અમારો પ્રયત્ન છે અને હકારાત્મક દ્રષ્ટિથી આ વખતની બજેટની જોગવાઇને લઇને ચોકકસ વિચારશું. બીજી વાત પણ ઘણા માનનીય સદસ્યશ્રીઓએ વાત ધ્યાને મૂકી કે ઓ. એન્ડ એમ. કયાંક કયાંક કોન્ટ્રાકટ મારફતે વાર્ષિક રીપેરીંગ માટેનો કોન્ટ્રાકટ અપાય છે એ કોન્ટ્રાકટરોને

કારણેજ સમયસર રીપેરીંગ નહીં થવાને કારણે પીવાના પાણીની સમસ્યાઓ ઉભી થાય છે એવી ઘણા બધા માનનીય સદસ્યશ્રીઓએ વાત ધ્યાન ઉપર મૂકી છે ત્યારે હું એમને પણ વિશ્વાસ આપુ છું કે એવી જયાં જયાં ફરિયાદ આવશે તો એવા કોન્ટ્રાકટરો હશે તો એમની મુદત પૂરી થયા પહેલાં એમની ફરીયાદ હશે તો એમને રવાના કરવાના થતા હશે તો એમને રવાના કરીશું. કોઇ એક વ્યકિતને સાચવવા માટે થઇને પીવાનું પાણીના મળે અને પીવાના પાણીની મુશ્કેલી ઉભી ના થાય એની તકેદારી ચોક્કસ અમે અમારા વિભાગ મારફતે લઇશું. આ ઉપરાંત સૌ સન્માનનીય સદસ્યશ્રીઓ જે કંઇ વાત અહીંયા આ ફ્લોર ઉપર મૂકી છે બધાને મારી વિનંતી છે કે બધા મુદ્દાની નોંધ લીધી છે અને સમયના અભાવે વિશેષ એક એક મુદ્દાની વાત નહીં કરતા મુદ્દાવાઇઝ જે કંઇ વિસ્તારમાં અને રાજયમાં પીવાના પાણી માટે વિશેષ કરવાનું થતું હશે એ આપણે સાથે મળીને કરીશું. ખાસ કરીને મિત્રોએ દસ ટકા ધારાસભ્યોના લોકફાળામાંથી આપી શકાય કે કેમ? એ બાબતની જોગવાઇ આગામી દિવસના આયોજનમાંથી થઇ શકતી હશે તો ચોક્કસ આપણા માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પણ છે, એમની સાથે પણ આ બાબતે વિચારીને દસ ટકા ફાળો આમાં લઇ શકાતો હોય તો એ માટે આગામી દિવસમાં રાજય સરકાર એ બાબતે વિચારશે. વિશેષ નહીં કહેતા બધા માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે પીવાના પાણી માટેની ચિંતાએ સૌના માટે ચિંતાનો વિષય છે ત્યારે આવતા દિવસોમાં સૌને પીવાનું પાણી મળી રહે, છેવાડાના લોકોને મળી રહે અને જે કાંઇ નાની મોટી સમસ્યા છે એને સાથે મળીને ઉકેલ કરીશું ત્યારે મારી સૌને વિનંતી છે કે જે કંઇ હું બિલ લઇને આવ્યો છું એમાં આપસૌનું સમર્થન મળે અને બિલ બહુમતીથી પાસ થાય એવી મારી સૌને વિનંતી છે. આભાર.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરવી છે. ગુજરાત વીજ સુધારા અધિનિયમ–૨૦૦૩ આ ગૃહમાં પસાર થયો ત્યારે પણ હું અહીંયા ધારાસભ્ય હતો. ગુજરાત વીજ સુધારા અધિનિયમની કલમ–૧૨૬ અને ૧૩૫, ત્યારે પણ આ ગૃહમાં કીધું હતું કે આપણે વીજ ચોરીને નિયંત્રિત કરવા માટે દરેક ગુજરાતીને આપણે હાથકડી દેખાડી, એના પોસ્ટર માર્યા, ગુજરાતમાં ઘરે ઘરે ભય ઉભો થયો. રાતના બે વાગે વીજ અધિકારીઓ આજે પણ રેડ પાડે. અઢારમી સદીમાં બહારવટીયાઓએ કયારેય રાત્રે દરવાજા નથી ખટખટાવ્યા. બહારવટું પાડવા જાયને તો જાણ કરતા. એની બદલે કોઇ ઘરે બહેનો–દીકરીઓ એકલી હોય, સવારે પાંચ વાગ્યામાં કોઇને નિરાંતે સૂવાના દે અને આજે પણ એમની એટલી જ કનડગત છે. એજ રસ્તે સરકાર આ ગૃહ સમક્ષ ગુજરાત ઘરવપરાશ પાણી પુરવઠા સંરક્ષણ વિધેયક ૨૦૧૯ લઇને આવી છે. આપણે પાણી પહોંચાડવામાં નિષ્ફળ ગયા છીએ. હજી ટેન્કર રાજ ચાલે છે. ૫,૨૦૦ કરતા વધુ ગામડામાં આપણે પાણી નથી પહોંચાડી શકયા. કૂવામાં હોય તો હવેડામાં આવે. હજી પાણી નથી પહોંચાડી શકતા એ પહેલાં એની ઉપર નિયંત્રણ કરવાની જે વાત સરકાર લાવી છે મને લાગે છે કે આમાં કયાંયને કયાંય રાજકીય આશય છુપાયેલો છે. આ કાયદાથી ભયના ઓથાર નીચે કયાંય રાજકીય કમાણી કરવાનો ઇરાદો તો નથીને એવો સામાન્ય માણસને જૂના બિલના અનુભવે કયાંક અહેસાસ થાય. આપના મારફત માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇને વિનંતી કરું કે શ્રી કુંવરજીભાઇ, આપણું આ ગૃહ સામૂહિક સંકલ્પ કરે ઘરે ઘરે પાણી પહોંચાડી દરેક નળમાં જળ આવે. અહીંયા શ્રી નીતિનભાઇને ત્યાં મહેસાણામાં ભાષણ થયું હતું, નળની ચકલી ખોલશો તો પેટ્રોલ આવશે. પેટ્રોલ ના આવે તો કંઇ વાંધો નહીં હજી પાંચ હજાર કરતા વધુ ગામડામાં પાણી નથી પહોંચ્યું અને એની અંદર આ બિલમાં મને લાગે છે કે આ કસમયનું બિલ છે. પહેલાં આપણે સામૂહિક દરેક ઘરે જળમાં જળ આવે એવી વ્યવસ્થા કરીએ. પાણી પહોંચાડ્યા પછી એનો દુરુપયોગ થતો હોય તો એમાં સામૂહિક ચિંતા કરીશું. જળનું દરેક ટીપું બચાવવા માટે આ ગૃહ સંકલ્પિત છે. આ બિલ જળ બચાવવા માટે નથી, આ બિલ સરકાર બચાવવા માટે, સરકાર ટકાવવા માટે, સરકાર બનાવવા માટે આનો દુરુપયોગ થવાનો છે ત્યારે આ બિલ આ રાજયની સવા છ કરોડ જનતાના હિતમાં પરત ખેંચો. આ બિલમાં જેલની જોગવાઇઓ કરી છે. પ્રવર સમિતિને મોકલો સાથે મળી અને જળ વિતરણનું નિયંત્રણ થાય એના

માટે ચર્ચા કરીને આપણી વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરનારા લોકોના કાન આમળીએ. ભયના ઓથાર નીચે સવા છ કરોડ ગુજરાતીઓને જીવવું પડે એવી સ્થિતિનું નિર્માણ આ બિલથી થવાનું છે. આ બિલ મોકૂફ રાખી પ્રવર સમિતિને મોકલો. આવતા દિવસોમાં સૌ સાથે મળી જળ જીવન છે અને જીવન બચાવવા માટે આપણે સકારાત્મક રીતે આ કાર્યક્રમને આગળ લઈ જઈએ એ વિનંતી સાથે માનનીય મંત્રી આ બિલ અહીંયા મુલતવી રાખે એવી વિનંતી છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઈએ ચિંતા વ્યક્ત કરી છે એના માટે ચોખવટ કરવી છે. આ બિલમાં જી.ઇ.બી.ની આપે વાત કરી એવી કોઇ કડક જોગવાઇ આ કાયદામાં નથી. એમાં સ્થાનિક સત્તામંડળ છે દા.ત. ગ્રામ પંચાયત હોય તો તલાટી–કમ–મંત્રી અધિકૃત વ્યક્તિ પગલાં લેશે. નગરપાલિકાના અધિકૃત વ્યક્તિ પગલાં લેશે.

અધ્યક્ષશ્રી : પ્રવર સમિતિને મોકલવા માગો છો?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : ના, જી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૨૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.** અધ્યક્ષશ્રી : સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૯ના ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૧**

ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯

**ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા, ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારોમાંની મહાનગર આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિની હકૂમત હેઠળના વિસ્તારોમાં આયોજન માટે અસરકારક જોગવાઇઓ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઇકરવા બાબત વિધેયક.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૯ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૯ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભારતના સંવિધાનમાં જે ૭૪ મો સુધારો સને ૧૯૯૨ માં કરવામાં આવ્યો એના અનુસંધાનમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સુવિધા કરવા માટેની જોગવાઇઓ કરવામાં આવી છે અને એના અંતર્ગત ગુજરાત સ્થાનિક સતા મંડળ અને નગરરચના કાયદાની જોગવાઇ પણ કરવામાં આવી છે. આજે હું જે સુધારો લઇને આવ્યો છું એ સુધારાનો જે ઉદ્દેશ છે એ ઉદ્દેશ પ્રમાણે રાજ્યની અંદર જે મેટ્રોપોલિટીન વિસ્તારો જાહેર કરવામાં આવ્યા છે એમાં અમદાવાદ મહાનગરપાલિકા બોપલ–ઘુમા નગરપાલિકા વિસ્તાર સહિત, સુરત મહાનગરપાલિકા તથા સચિન મહાનગરપાલિકા વિસ્તાર સહિત, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર, વડોદરા મહાનગરપાલિકા વિસ્તાર આ ચાર

* વિધેયક તા. ૨૯મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯

મેટ્રોપોલિટીન વિસ્તાર માટે પ્રભારી મંત્રીશ્રીની અધ્યક્ષતામાં જે મેટ્રોપોલિટીન પ્લાનિંગ કમિટી બનાવવામાં આવી છે. આ મેટ્રોપોલિટીન પ્લાનિંગ કમિટીની સાથે સાથે જિલ્લા પંચાયતની કમિટી અને જે તે સ્થાનિક સ્વરાજ સંસ્થાની કમિટી એનું પણ વધુ સારી રીતે સંકલન થાય એ જરૂરી છે. નામદાર ભારત સરકાર અને નામદાર સુપ્રીમ કોર્ટમાં આ અંગે જુદી જુદી જે રજૂઆતો કરવામાં આવેલી. નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પણ આ અંગેની રજૂઆતો કરવામાં આવેલી અને એને ધ્યાને રાખીને જે સુધારો કરવાનો થાય છે. અગાઉના કાયદામાં એ સુધારો આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ અત્યારે મેં રજૂ કર્યો છે. આ વિધેયક લાવવાના મુખ્ય ઉદ્દેશો છે એમાં વિકાસ યોજનાની દરખાસ્તથી નગર આયોજન, શહેરી વિકાસ, વોટર સપ્લાય એટલે કે પીવાના પાણીની વ્યવસ્થા, કુદરતી સોર્સ અને સ્ત્રોત નદી આવતી હોય, તળાવ આવતું હોય એવા બધાનું આયોજન અને મેટ્રોપોલિટીન પ્લાનિંગ કમિટી અધિનિયમ હેઠળ બનાવેલ વિકાસ યોજનાની દરખાસ્તોને કઇ રીતે અમલમાં મૂકવી? એ અંગેની જોગવાઇઓ સૂચવવામાં આવી છે. ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ વિકાસ યોજના કઇ રીતે અમલમાં લાવવી? એની પણ જોગવાઇ કરવામાં આવી છે. કલમ-૫ તથા કલમ-૬ મુજબ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ એક્ટ વર્ષ ૨૦૦૮માં સુધારાની જોગવાઇઓ સૂચવેલ છે. કલમ-૧૦ એની પેટાકલમ-૧ મુજબ ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ કમિટી દ્વારા તૈયાર કરેલ મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તો અન્વયે રાજ્ય સરકાર તે મુસદ્દારૂપ વિકાસ યોજનાને મંજૂર અથવા નામંજૂર કરવી, પરત કરવી, સુધારા સાથે મંજૂર કરવી તે માટેની જોગવાઇઓ સૂચવવામાં આવેલ છે. આમ આખું શહેરી આયોજનને લગતું મેટ્રોપોલિટીન વિસ્તારને લગતું જેમાં શહેર, પંચાયત વિસ્તાર, જિલ્લા પંચાયત વિસ્તાર એ બધું જ આવી જાય એની જે આયોજન કરવાની વ્યવસ્થાઓ છે એના અંગે કેટલાક સુધારા જે જુદી જુદી સંસ્થાઓ તરફથી રજૂ કરવામાં આવેલા એના અંતર્ગત આપણે આ સુધારો આજે સન્માનનીય સભાગૃહ દ્વારા મંજૂર કરવાની મારી દરખાસ્ત છે અને હું આશા રાખું છું કે, ગુજરાતના ભાવિ આયોજનને, ભાવિ વિકાસને ખાસ કરીને પાણીના સોર્સ આગલા બે બિલોમાં આપણે જે ચર્ચા કરી એને જાળવી રાખવા, એને શુદ્ધ રાખવા. એનો પૂરેપૂરો સક્ષમતાથી ઉપયોગ થાય, એમાં કોઇ વચમાં અડચણ ન થાય, એવા બધા પ્રકારની જે વ્યવસ્થાઓ કરવાની છે એ બધું જ આ ડિસ્ટ્રીકટ પ્લાનીંગ કમિટીમાં અને મેટ્રોપોલીટન પ્લાનીંગ કમિટીમાં નિર્ણય કરવામાં આવશે અને સરકારી અધિકારીઓ, સરકારના મંત્રીશ્રીઓ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાના ચૂંટાયેલા હોદ્દેદારો આ બધા જ સાથે મળીને આની ચર્ચા વિચારણા કરીને કરવા મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ ઠુમ્મર, તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે આપણે બિલના સ્કોપની અંદર જ વાત કરીશું. બિલના સ્કોપની બહાર જઇને કારણ વગર લંબાય નહીં એની કાળજી રાખજો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના ઉપનેતા, નાણામંત્રીશ્રી સ્થાનિક સત્તામંડળ નગર રચના કાયદામાં સુધારા વિધેયક લઇને આવ્યા છે તે બાબતમાં મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું. જિલ્લા આયોજન મંડળ તો ચાલે જ છે પરંતુ તેમાં શહેરને પણ જોડવા માટેનો અને શહેરનો પણ સમતોલ વિકાસ કરવા માટેનું સરકારનું આયોજન હોય એ બાબતનો વિરોધ ન હોઇ શકે પરંતુ ત્રણ મેટ્રોસીટી અમદાવાદ, રાજકોટ અને વડોદરા, સુરત આ કોર્પોરેશન વિસ્તારને તમે આમાં જોડી રહ્યા છો ત્યારે મને એ પૂછવાનું મન થાય છે કે ગાંધીનગર પણ એક કોર્પોરેશન વિસ્તાર છે. ચાર મેટ્રોપોલીટન વિસ્તારને જોડવા માગો છો ત્યારે આ કોર્પોરેશનમાં જે અત્યારનું આયોજન છે તે પ્રમાણે જ આયોજન રહેશે કે એમાં ફેરફાર થશે એ હું જાણવા માંગું છું. જિલ્લા અને તાલુકા મંડળનું આયોજન મંડળ ચાલે જ છે અને જિલ્લા અને તાલુકાના આયોજન મંડળમાં ધારાસભ્ય તરીકે અમને બહુ કડવા અનુભવ થયા છે. ધારાસભ્ય તરીકે તાલુકામાં આયોજન કરીને તાલુકા પંચાયતના પ્રમુખના પ્રમુખસ્થાને, એમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી પણ હોય, મામલતદારશ્રી પણ હોય, સ્થાનિક ધારાસભ્ય તરીકે અમે રહીએ છીએ. તાલુકાનું આયોજન નકકી કરીને જિલ્લાને અમે મોકલીએ છીએ. જિલ્લામાં જયારે ચર્ચા થાય છે ત્યારે જિલ્લા આયોજન મંડળના ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રહે છે. અહીંયા કદાચ રાખવામાં આવશે તો મેયરને ઉપાધ્યક્ષ તરીકે રાખવામાં આવશે ત્યારે માનનીય નીતિનભાઇ પાસે એ જાણવા માગું છું કે આ તાલુકા આયોજન સમિતિ જેમ નકકી કરેલા ધોરણો છે એમાં જિલ્લા આયોજન મંડળમાં મિટીંગમાં ચર્ચા નથી થતી અને પાછળથી બદલાઇ જાય છે એવું તો આમાં નહીં થાયને? જયારે પણ આ સમતોલ વિકાસની વાત કરો છો ત્યારે તાલુકાનો જે ધારાસભ્ય છે, તાલુકાનો જે ચૂંટાયેલો પંચાયતો પ્રમુખ છે એણે પણ આયોજન કર્યું હોય અને બધા ગામડાંઓના સરપંચોની સાથે ચર્ચા વિચારણા કરીને આયોજન કરવામાં આવ્યું હોય અને જિલ્લામાં એક જ ઝાટકે બદલાવી નાખવામાં આવે એવું આમાં ન થાય એ જોવા માટે પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. મારા અમરેલી જિલ્લામાં પાંચેપાંચ ધારાસભ્યો, વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસના છે. હું તમે આ બિલ લઇને આવ્યા છો એ બિલના સ્કોપમાં રહીને કહેવા માંગું છું જયારે ધારાસભ્ય અને તાલુકા પંચાયતના પ્રમુખ મેં કહ્યું તેમ આયોજન મંડળમાં નકકી કરે, આયોજન મંડળમાં અહીંથી પ્રભારી મંત્રીને મોકલવામાં આવે, મિટીંગ થાય, મિટીંગમાં બરાબર ચર્ચા થાય ત્યારે પત્રથી પણ અમે વિનંતી કરીએ અને તાલુકામાં આયોજન જે ઉપર મોકલ્યું હોય એને બદલાવાના અનેક કિસ્સા બન્યા છે એમાં પરેશભાઇ પણ સાક્ષી છે, અમારા બીજા ધારાસભ્ય પણ સાક્ષી છે ત્યારે આ બિલ તમારો આદેશ તમે જે લખ્યું છે શહેરી વિકાસનો પર્યાવરણ અને નગરરચનાની દ્રષ્ટિએ સમતોલ વિકાસ થાય, તો સમતોલ વિકાસની દ્રષ્ટિએ જયારે કામ કરવાનું હોય ત્યારે નીચેથી થયેલું કામ એ બરાબર રીતે સ્થાનિક સત્તા મંડળમાં રહીને કામગીરી કરવા માટે, આવું અમલીકરણ કરવામાં આવે એવી વિનંતી કરું છું. અધિનિયમ હેઠળ વિકાસ યોજનાની જમીન

વ્યવસ્થાપન સિવાયની સુખાકારી માટેના પ્રોજેક્ટ, સુવિધાજનક પ્રોજેક્ટ, પછાત વિસ્તાર, ગામતળ વિસ્તાર તથા આર્થિક, સામાજિક નબળા વર્ગના લોકોને ઉપયોગી બને તે માટે તેમનો કોઇ માપદંડ હોવો જરૂરી છે એ માપદંડ આ વિધેયક ઉપરથી નકકી થતો નથી. આ અધિનિયમ હેઠળ વિકાસ યોજનાના કાર્યક્રમના અમલીકરણ માટે મહાનગર જિલ્લા આયોજન સમિતિના સ્થાનિક સત્તા મંડળ. મેં જે રીતે કહ્યું તે રીતે નગરપાલિકાને આર્થિક સહાય ભંડોળ કેવી રીતે સુનિશ્ચિત કરવાનું છે તે કોઇ સ્પષ્ટતા થતી નથી, તે સ્પષ્ટતા થવી અને જોગવાઇ થવી જરૂરી છે. આ અધિનિયમ ફેરફાર હાલ નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ વર્ષ ૧૯૭૬ હેઠળ તૈયાર થયેલા અમલી વિકાસ યોજના અંશે અસર થશે, તેની શું અરસ થશે તે સ્પષ્ટ થવું જરૂરી છે તે મંત્રીશ્રી જવાબમાં આ બાબતની સ્પષ્ટતા કરે. આ અધિનિયમ વિકાસ યોજનાનો મુસદો સમિતિ અને આયોજન મંડળ સમિતિ રજૂ કરવાનો થશે. તો જ્યાં મહાનગર પાલિકા અને શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ નથી, તેવી જગ્યાએ વિકાસ યોજના તૈયાર કરવાની જવાબદારી કોની થશે અને તે માટે મહેકમ સેટ કેવી રીતે તૈયાર કરવામાં આવશે તેવી જોગવાઇ હોવી ખૂબ જરૂરી છે. તે બિલમાં સ્પષ્ટતા થતી નથી. નગર રચના વર્ષ ૧૯૭૬ હેઠળ તૈયાર થતી વિકાસ યોજનામાં અમલીકરણ આયોજનમાં ૨૦ વર્ષ ધ્યાને લેવામાં આવે છે. તો હાલના ફેરફારથી વિકાસ યોજના હેઠળની જમીન વ્યવસ્થાપન આંતરમાળખા સુવિધાની આર્થિક અને સામાજિક ન્યાયને પરિપૂર્ણ કરવા માટે અવધિ કેટલી નક્કી કરવામાં આવે છે તે સ્પષ્ટ થતું નથી, તે સ્પષ્ટ કરવું જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અધિનિયમો ફેરફારથી સામાજિક ન્યાય અને આર્થિક બાબતોના પ્રતિપ્રેક્ષ્યમાં શું આયોજન અમલીકરણની જોગવાઇઓ શું છે તે સ્પષ્ટ કરવું જરૂરી છે. તે આ બિલ ઉપરથી સ્પષ્ટ થતું નથી. આ અધિનિયમ ફેરફારમાં સમગ્ર જીલ્લામાં એક જ વિકાસ યોજના તૈયાર થઇ. જિલ્લામાં રહેલ તમામ સત્તા મંડળ, નગરપાલિકાને લાગુ પાડવા માટેની જોગવાઇ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનું ક્ષેત્રફળ વગેરે બાબતો એકબીજા સાથે કેવી રીતે સંકલિત કરવાની થાય છે તે પણ સ્પબટ થવું જરૂરી છે. નહિતર હું અગાઉ કહેતો હતો તે ચૂંટાયેલા પ્રતિનિધિઓ આપ અધિકાર આપવા માગો છો અને વિકાસને તમામ ક્ષેત્રમાં સમાવવા માગો છો ત્યારે ચૂંટાયેલા પદાધીકારીઓ સતત મહેનત કરે. આખું વર્ષ મહેનત કરે. કયા ગામડામાં કઇ વિસ્તારની શું જરૂરિયાત છે તે તાલુકા પંચાયતનો પ્રમુખ અને ચૂંટાયેલો ધારાસભ્ય ગામડે જઇ મહેનત કરે અને આખા વર્ષનું આયોજન કરવામાં આવે અને આયોજન કર્યા પછી એક જ ધડાકે જિલ્લા આયોજન મંડળમાં આ ફેરફાર કરી નાખવામાં આવે અને જે અન્યાય થાય છે તે અન્યાય ન થાય તે માટે બહુ સ્પષ્ટતા કરવી જરૂરી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અભ્યાસુ ધારાસભ્યશ્રી વિરજીભાઇની બહુ મોટી ગેરસમજણ થાય છે. આ મેટ્રોપોલિટન કાઉન્સિલ માટેનું બિલ છે. તેઓશ્રી આખી વાત કરી રહ્યા છે એ તો જિલ્લા આયોજન મંડળ જે રાજ્ય સરકાર દ્વારા નિર્મિત કરવામાં આવે છે. તેમાં ધારાસભ્ય ગ્રાન્ટ, સંસદસભ્ય ગ્રાન્ટ, તાલુકા આયોજન, જિલ્લા આયોજન એની ગ્રાન્ટોની ફાળવણી અને બીજી રાજ્ય કક્ષાની અંતર્ગત આવતી વ્યવસ્થાઓની જોગવાઇ કરવામાં આવે છે. આ જે કાયદો છે સાહેબ એ તો મેં અગાઉ કહ્યું બંધારણમાં મેટ્રોપોલીટન કાઉન્સિલનો જે સુધારો થયો છે તે આખો શહેરી વિકાસ વિભાગને લગતો વિષય છે. તમે જેનું વ્યાખ્યાન ખાસ્સી મિનિટો સુધી કર્યુ. અમે ગામડામાં જઇએ, ગામડામાં શું જરૂર છે. અવાડો જોઇએ કે પાણીની લાઇન એ વિષય આનો નથી. આયોજન મંડળ આપણું એ અલગ વિષય છે. આખી વાત થાય. એમની ગેરસમજમાં ચાલતી લાગે છે, એટલે અભ્યાસ કરી લે અથવા તો બીજા કોઇને ચાન્સ આપે. એ દરમ્યાન ફરી એમાં બોલે.(અંતરાય) આમાં ધારાસભ્ય ગ્રાન્ટ એવું ના આવે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : મેં કહ્યું જ નથી. હું કહેતો જ નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે હમણાં બોલ્યા કે ગામડામાં જઇએ છીએ. શું જરૂરિયાત છે. અમે દરખાસ્ત કરીએ છીએ. તાલુકા આયોજન મંડળ ફાળવણી કરે. જિલ્લા આયોજન ફેરવી નાંખે. આવું બધું ના આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આના ઉદ્દેશો વાંચ્યા લાગતા નથી. આમાં ભૂલ થઇ ગઇ તમે વાંચો તો ખરા? તમે ઉદેશો લખ્યા એનું વિવરણ કર્યુ છે. આ રહ્યા. શરૂઆત જ ત્યાંથી થાય છે. જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ તરીકે હવે પછી ઉલ્લેખ થશે. મહાનગર આયોજન સમિતિ અધિનિયમ ૯ તરીકે ઉલ્લેખ થાય. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ, તમે પણ લોલમલોલ એમાં ના કરો. આ જિલ્લા આયોજન સમિતિ સાચી, પણ મેટ્રોપોલિટન કાઉન્સિલને લગતી. એની વ્યવસ્થા અલગ થાય છે. એના નગરપાલિકાના સભ્યો કોણ રહેશે એ ચૂંટાયેલા નગરપાલિકાના સભ્યો એની ચૂંટણી કરે છે. (અંતરાય) આ આખો વિષય જૂદો છે. તમે મહેરબાની કરો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : તમે બોલ્યા જિલ્લા પંચાયતના સભ્યોમાંથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, એ આવે, પણ આમાં ન આવે. આ તો વર્ષ ૧૯૯૨માં થયેલો સુધારો છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : જિલ્લા પંચાયતમાં આયોજન મંડળમાં ચૂંટાયેલા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ આખો વિષય જૂદો છે. માનનીય વિપક્ષના નેતાશ્રીની અને શ્રી વિરજીભાઇની બહુ મોટી ગેરસમજ છે. આ નામ સરખા છે કે જિલ્લા સમિતિ. પેલી જિલ્લા આયોજન સમિતિ અને આ જિલ્લાની શહેરી વિકાસને

લગતી શહેરોના ભવિષ્યના પ્લાનિંગ કરવાની જેને આપણે ડી.પી. બનાવવી કહીએ છીએ તે ડી.પી. બનાવવા માટેની આ સમિતિ છે. નામ સરખા એ વાત આપણી સાચી છે.

અધ્યક્ષશ્રી : એટલે ગેરસમજ થાય એવું છે. કલીયર થઇ ગયું છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ગેરસમજ નામ સરખા છે એટલે થાય છે. તો પણ મેં મારી વાત મૂકી છે અને જયાં લાગુ પડતું હોય ત્યાં આપણે સર્વાંગી વિકાસની વાત કરીએ છીએ ત્યારે તેની અસર અહીં નહીં થાય ને તેનું સરકાર ધ્યાન રાખે તેવી મારી લાગણી વ્યક્ત કરું છું અને મારા સૂચનો રજૂ કરું છું.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના ઉપનેતાશ્રી નીતિનભાઇ પટેલ ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગર રચના સુધારા વિધેયક ૨૦૧૯ લઇને આવ્યા છે ત્યારે હું ગુજરાતના શહેરોને લગતી વાત છે ત્યારે કહું તો ગુજરાતના શહેરોની એક આગવી ઓળખ રહી છે. સુરતમાં અંગ્રેજોએ વેપારની કોઠી નાંખેલી, અમદાવાદ કાપડની મિલોના કારણે કાપડનું માન્ચેસ્ટર કહેવાતું, જામનગર ગુજરાતનું નાનું કાશી કહેવાય છે અને મારું મોરબી તે પેરિસ કહેવાય છે. આ શહેરોની અલગ ઓળખ છે, શહેરોની અને નગરોની શોભા છે તે જળવાઇ રહે અને શહેરોનો સમતોલ વિકાસ થાય તથા નાગરિકોને માળખાકીય સુવિધા મળી રહે તે માટે નગર વિકાસ યોજના અમલી બની છે. શ્રી નીતિનભાઇએ કહ્યું તેમ ભારતના બંધારણનો આ ૭૪મો સુધારો છે. હું ભૂલતો ન હોઉં તો આ ૭૪મો સુધારો ભારતના બંધારણમાં તત્કાલિન વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ઉત્તેજન આપવા માટે કરેલો હતો. આ ૭૪મા સંવિધાનિક સુધારા હેઠળ નગર પંચાયત અને પંચાયતોના આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયને ધ્યાને લઇ વિકાસ યોજના ઘડવાનું સુનિશ્ચિત કરાયું છે. આમ કરવાથી શહેરલક્ષી આયોજન, ઇન્ફ્રાસ્ટ્રકચર, કુદરતી સંશાધનો અને જળ સ્ત્રોતની જાળવણી વધુ યોગ્ય રીતે થાય તેવો ઉદ્દેશ આ વિધેયકમાં છે. ગામડા ભાંગતા જાય છે અને લોકોની શહેર તરફ દોટ વધતી જાય છે. ત્યારે માનનીય નીતિનભાઇએ કહ્યું તેમ મેટ્રોપોલિટન શહેરોમાં યોગ્ય પ્લાનિંગ થાય તે ખૂબ આવકાર્ય છે. ગુજરાત મહાનગર આયોજન સમિતિને અધિનિયમ અધિનિયમિત કરીને સત્તા મંડળો વિકાસ યોજનાને વેગીલી બનાવી શકશે તેવો ખ્યાલ આ વિધેયકમાં કરવામાં આવ્યો છે. આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો આયોજિત વિકાસ સિદ્ધ કરવાનું પ્રયોજન આ બિલમાં દૃષ્ટિગોચર થાય છે. વાત શહેરોની કરી રહ્યો હતો ત્યારે નગર અને મહાનગરોની બાબતો ઉલ્લેખવી જરૂરી છે. આપના શહેરમાં ટી.પી. મંજૂર થયા બાદ તે ઘણા સમય સુધી અનિર્ણિત રહે છે અને ફાઇનલ થતી નથી. અમારા સાથી ધારાસભ્યશ્રી હિંમતસિંહજી પટેલના બિનસરકારી સંકલ્પમાં આ બાબત ફલિત થતી હતી. અમદાવાદનો એક જ દાખલો આપું તો અમદાવાદ શહેરની ૩૧૦ ડ્રાફટ ટી.પી. મંજૂર થયેલ છે તે સામે માત્ર ૧૦૩ ટી.પી. ફાઇનલ થઇ છે. આ ટી.પી. ફાઇનલ ન થાય તો શું થાય કે શહેરોની સમસ્યાઓ વધી જાય. કયાંક દબાણ થઇ જાય, ટી.પી.ના કારણે કયાંક લાઇબ્રેરી મળવાની હોય, કયાંક પ્લાન નકશાના કારણે બાગબગીચા અને પાર્કિંગની સુવિધા મળતી હોય તે અટવાઇ જાય. આ બિલ અંગેના મેં મારા વિચારો રજૂ કર્યા છે. વાત શહેરની છે ત્યારે મારે એક રાજવીનો પ્રસંગ ટાંકવો છે. માનનીય ભૂપેન્દ્રસિંહજી સાંભળવા જેવું છે. આપણા ગોંડલ સ્ટેટના પૂર્વ રાજવી અને પ્રજા નાળ પારખું એવા સર ભગવતસિંહજી અંગે એક પ્રખ્યાત ચિંતક અને સ્પષ્ટ વક્તા એવા શ્રી સ્વામી સચ્ચીદાનંદજીએ લખેલું છે, "રાજાશાહીમાં નેતૃત્વ વારસાગત આવતું હોવાથી પ્રજાની પસંદગીનો પ્રશ્ન રહેતો નથી, પણ લોકશાહીમાં નેતૃત્વ પ્રજાની પસંદગીથી આવતું હોવાથી પ્રજા કેળવાયેલી હોય એ ખૂબ જરૂરી છે. જયારે આ દેશમાં રજવાડાની રાજ વ્યવસ્થા હતી ત્યારે ગોંડલ નરેશ શ્રી ભગવતસિંહજી ઉત્તમ વ્યવસ્થાથી પ્રજાનું કલ્યાણ કરતા હતા. અમે આ સરકાર પાસેથી આવા પ્રજા કલ્યાણની અપેક્ષા રાખીએ છીએ" માનનીય અધ્યક્ષશ્રી, અંતે હું એટલું જ કહીશ કે આજે સત્રનો છેલ્લો દિવસ છે અને મને બોલવાનો પણ આ છેલ્લો મોકો મળે છે એટલે એ સંદર્ભે મારે કહેવું છે કે, જિંદગીના છેલ્લા દિવસે પણ મોજ થઇ શકે પણ ખબર ન પડવી જોઇએ કે આજ છેલ્લો દિવસ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે સમગ્ર સત્ર દરમ્યાન વિપક્ષને અને મને, અમારા દંડકશ્રી અને અમારા નેતાશ્રીની ઉદારતાથી અહીં જે મારી વાતો મોકળા મને રજૂ કરવાનો અવસર આપ્યો એ બદલ આપનો, અમારા દંડકશ્રીનો, વિપક્ષના નેતાનો અને ગૃહના સભ્યોએ મને સાંભળ્યો તે માટે ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : ખૂબ સરસ. માનનીય પ્રદિપભાઇ.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ એ ૨૬ જુલાઇ, ૨૦૦૭ અને ૧૯૯૯ને લઇને આ વિષય છે. ૨૬ જુલાઇ, ૨૦૦૭ના રોજ સમગ્ર અમદાવાદ શહેરની અંદર આતંકવાદી હુમલા દ્વારા અમદાવાદ શહેરને બાનમાં લેવામાં આવ્યું હતું, એ ઘટનાને આજે ૧૧ વર્ષ પૂરા થાય છે. આ વાત એટલા માટે કરું છું કે, આતંકવાદીઓને મેં ખૂબ નજીકથી જોયા છે. સમગ્ર અમદાવાદમાં અલગ અલગ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયા હતા, હંમેશા હું સવારમાં વહેલા ઉઠીને કદાચ કોઇ જગ્યાએ દર્શન કરતો હોય તો સિવિલ હોસ્પિટલના દર્શન કરતો હોઉં છું. આ ઘટના વખતે સમગ્ર અમદાવાદમાં બોમ્બ બ્લાસ્ટ થયા જ્યારે મને ખબર પડી ત્યારે હું સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં પહોંચ્યો હતો. ત્યાં પહોંચ્યો ત્યારે અમારા એ સમયના ધારાસભ્ય અને આજના આપણા રાજયના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ત્યાં હાજર હતા અને બીજા પાંચ લોકો અને હું એમ કરીને અમે સાત લોકો ત્યાં હાજર હતા. સમગ્ર અમદાવાદમાં ઘાયલ થયેલા લોકોને સિવિલ લાવવામાં આવી રહ્યા હતા ત્યારે અમે લોકો જે ઘાયલોની સારવાર કરી રહ્યા હતા એ દરમ્યાન અચાનક ટ્રોમા સેન્ટર પાસે અચાનક બોમ્બ બ્લાસ્ટ થયો ત્યારે હું પોતે અને અમારા બીજા સાથી રમણલાલ માળી અને ગુલાબસિંહ જાડેજા ત્રણે લોકો ગંભીર રીતે ઘાયલ

થયા. આખા ટ્રોમા સેન્ટર નીચે જે પરિસ્થિતિ હતી એ ભયંકર અને દયનીય હતી. સિવિલ હોસ્પિટલનું આખું ટ્રોમા સેન્ટર સંપૂર્ણપણે નાશ પામી ગયું હતું. એ વખતે નજીકમાં આવેલી રાજસ્થાન હોસ્પિટલમાં મને લઇ જવામાં આવ્યો ત્યાં લઇ ગયા પછી ડોકટરે કહ્યું કે જીવ બચાવવો હોય તો તમારો પગ કાપવો પડશે. તે વખતે શ્રી પ્રદિપસિંહે જવાબદારી લીધી અને ડોકટરને કહ્યું કે જે કરવું હોય તે કરો પણ જીવ બચાવો.

માનનીય અધ્યક્ષશ્રી, આઠ કલાક ડોકટરોની અથાગ મહેનતના કારણે અને લગભગ ૧૯ બોટલ લોહી ચડાવ્યા બાદ મારો પગ પણ બચ્યો છે અને મારો જીવ પણ બચ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ડોકટરોની સફળ મહેનતના કારણે આજે હું સભાગૃહમાં આપની વચ્ચે ઉપસ્થિત છું. માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહ જ્યારે ગૃહ મંત્રી હતા ત્યારે આ આતંકવાદીઓને ૧૫ દિવસની અંદર પકડવામાં આવ્યા હતા અને તેઓને જેલને હવાલે પણ કરવામાં આવ્યા હતા. આજે હું શ્રી અમિતભાઇ શાહ અને આજના આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપું છું કે, આજે પણ આપણા ગાંધીનગરનું જે અક્ષરધામનું મંદિર છે એના આતંકવાદીઓને કાશ્મીરથી પકડીને અમદાવાદમાં લાવવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદીપભાઇ, હવે બેસી જાઓ.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : આજે આપણો કારગીલ દિવસ પણ છે તેથી આજના દિવસનો પ્રસંગ યાદ કરીને બધા જ આ દેશની માતૃભૂમિની રક્ષાકાજે જે શહીદ થયા છે તેઓને હું શ્રદ્ધાપૂર્વક અંજલી આપું છું, વંદે માતરમ્.

અધ્યક્ષશ્રી : આદરણીય ભુપેન્દ્રભાઇ,

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી અને ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીજી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ વિકાસને સર્વગ્રાહી અને સંતુલિત બનાવવા માટે આ વિધેયક લાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી ચર્ચા જે અત્યારે થઇ છે એ અસંતુલિતતાના હિસાબે થઇ, ઘણી જગ્યાએ પાણી વધારે આવે, ઘણી જગ્યાએ પાણી ઓછું આવે, ઘણી જગ્યાએ રોડ રસ્તા પહોંચે, ના પહોંચે અને નાની મોટી મુશ્કેલી સર્જાય. આ મુશ્કેલી ન સર્જાય એના માટે મેટ્રોપોલિટન સીટીને સંલગ્ન જે ગામો આવેલા છે એ ગામોને પણ શહેર જેવી જ સુવિધા મળી રહે એના માટેનું આ વિધેયક છે.

**(સભાપતિ ડો. નીમાબહેન આચાર્ય અધ્યક્ષસ્થાને)**

આ વિધેયકનો મુળ કેન્દ્રીયવર્તી વિચાર એ છે કે, નાનામાં નાનો માનવ વસતિવાળો વિસ્તાર પણ વિકાસથી અથવા વિકાસના કાર્યોથી વંચિત ન રહી જાય એ મેઇન ઉદ્ધેશ છે. કેટલીયવાર આપણને જાણવા મળ્યું છે કે, નાના વિસ્તારના વિકાસના કાર્યોનું આયોજન અને તેની રૂપરેખા સર્વગ્રાહી હોતી નથી. આ વિધેયક પસાર થવાથી સરકારી મશીનરી દ્વારા વિકાસની રૂપરેખા બનાવવામાં જે તે વિસ્તારને મદદ મળશે અને તે વિકાસની યોજનાને સંપૂર્ણ કરવામાં સરકાર પૂર્ણ રસ દાખવી વિકાસકાર્ય પૂર્ણ કરશે. જો વિકાસકાર્યને સંતુલિત ન બનાવાય તો શક્ય છે કે કોઇ એક વિસ્તાર સંપૂર્ણ સુવિધાયુક્ત થાય અને અન્ય વિસ્તાર સુવિધાથી વંચિત રહી જાય. સરકારશ્રી આ અસમતુલા ન સર્જાય તે માટે સંપૂર્ણ જાગૃત છે અને સત્તા મંડળ નાનામાં નાની વ્યક્તિને પણ પાયાની સુવિધા પ્રાપ્ત થઇ શકે જેવી કે પાણી, રોડ રસ્તા, વીજળી, ગટર, આરોગ્ય, શિક્ષણની સુવિધા, સુરક્ષા, વાહન વ્યવહાર, જાહેર પરિવહનની સુગમતા, કનેક્ટીવીટી, પર્યાવરણની જાળવણી વિગેરે અને અનેક પ્રાથમિક સુવિધા કોઇપણ પ્રકારના વિક્ષેપ વિના પ્રત્યેક વિસ્તારને અવિરતપણે પ્રાપ્ત થતી રહે તે જ આ સરકારનો મુખ્ય મધ્યવર્તી વિચાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના યુગના યુવાનો સુવિધા પ્રત્યે આકર્ષાઇ શહેરના વિસ્તારમાં દોટ મૂકે છે. પોતાના વિસ્તારમાં રહીને રોજગારી મળી શકે તે છોડી અને શહેર બાજુ દોટ મૂકતો હોય છે. આ સરકારનો ઉમદા હેતુ છે કે જ્યાં શક્ય બને કે જ્યારે સંતુલન સર્જાય એમ ગ્રામ્ય વિસ્તારનું અર્થકરણ પણ આ સુસજ્જ નગરરચનાને કારણે જ જળવાઇ રહેશે જેને આપણે વિલેજ ઇકોનોમી કહીએ છીએ તે મૂળ વિચાર પણ ચરિતાર્થ થશે. જેથી માત્ર માળખાકીય સુવિધા નહિ પણ આર્થિક રીતે પણ અંતરિયાળ વિસ્તારો પણ પગભર થશે માટે હું આ જે વિધેયક લાવ્યા છે એને મારું સમર્થન આપું છું.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૧ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદાના સુધારા વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વિધેયકની બાબતમાં ચર્ચા કરી કે ડિસ્ટ્રીકટ પ્લાનીંગ કમિટી અને મેટ્રોપોલિટન પ્લાનીંગ કમિટી આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, અમદાવાદ શહેરની અંદર મેટ્રોપોલિટન પ્લાનીંગ કમિટીનું આયોજન છે એના કારણે વોર્ડના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વોર્ડના અધિકારીઓ એ સ્થાનિક લેવલે બેસીને એમના વોર્ડની શું સમસ્યા છે, એમના વોર્ડની શું પ્રાયોરિટી છે, એમને કયા કામોની જરૂરિયાત છે, લોકોની શું માગ છે અને કયા કામની પ્રાયોરિટી નક્કી કરવી છે? મૂળ હેતુ આ મેટ્રોપોલિટન પ્લાનીંગ કમિટીનો સ્થાનિક લોકોની સાથે બેસીને સ્થાનિક જરૂરિયાતને પ્રાયોરિટી નક્કી કરવાની વાત છે. સ્વભાવિક રીતે આના અમલનો રાજયમાં વ્યાપ વધે અને તમામ જગ્યાએ આનો અમલ થાય સરકાર આ બિલ લઇને આવી છે ત્યારે મારે આપના માધ્યમથી સરકારશ્રીનું, મંત્રીશ્રીનું ધ્યાન દોરવુ છે કે, આ વિચાર સારો છે એક તરફ શહેરીકરણનો વ્યાપ વધી રહ્યો છે. આપણાં સમૃદ્ધ ગામ, આદર્શ ગામો,

તાલુકા મથકનો પણ વિકાસ થઇ રહ્યો છે, નગરપાલિકાઓનો પણ વિકાસ થઇ રહ્યો છે, આજુબાજુના તાલુકા મથક છે ત્યાં પણ આપણે જોઇએ તો શહેરોની જેમ હાઇરાઇઝ ફ્લેટ અને શોપીંગ મોલ પણ બનતા થઇ ગયા છે. લોકોની જાગૃતતા વધી છે સુવિધા અને વ્યવસ્થા સાથે લોકો જોડાયા છે અને લોકો હવે ખર્ચ કરતા પણ થયા છે. પોતાના પરિવારને સારું શિક્ષણ મળે, સારું આરોગ્ય મળે, સારી વ્યવસ્થા અને સુવિધા લોકો મેળવે અને એ વ્યવસ્થાઓ સાથે લોકો જોડાયેલાં છે ત્યારે ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટી અને મેટ્રોપોલિટન પ્લાનીંગ કમિટીની રચના થાય, એની અંદર અમદાવાદ શહેરમાં જયારે રચના થઇ ત્યારે (અંતરાય) માનનીય મંત્રીશ્રી, હું આપના મુદ્દા ઉપર આવુ છું, આપનું ધ્યાન દોરું છું. આ એક ખૂબ જવાબદાર મુદ્દો છે કે અમદાવાદ શહેરની જયારે રચના થઇ ત્યારે આની અંદર અનેક બાબતોનો ઉલ્લેખ હતો કે આ જે વોર્ડની મેટ્રોપોલિટન કમિટી બને તેની અંદર કયા લોકોનો સમાવેશ કરવો ? કોને કોને અંદર મૂકવા ? વિદ્વાન લોકોને, ટેકનિકલ, એન્જીનીયર ત્યારે જે તે વખતે તમામ લોકોએ નક્કી કર્યુ કે જે પણ લોકલ, સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય તે પ્રતિનિધિ આ કમિટીના મેમ્બર થાય અને એ મેમ્બર થાય તો એ લોકો એ ચૂંટાયા હોય, એ લોકો સાથે જોડાયેલા હોય, લોકોના પ્રતિનિધિ હોય અને એમની સાથે અધિકારીઓ બેસે તો કોઇ વિસંગતતા ઉભી ના થાય, પૅરેલલ વ્યવસ્થા ના તૂટે અને તેના ભાગરૂપે અમદાવાદનો અમલ બહુ સારી રીતે સફળતાપૂર્વક આજે પણ કરીએ છીએ તો એ આપનુ ધ્યાન દોરવા માંગું છું કે જે વ્યવસ્થામાં જે તે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય એમનો જ આની અંદર સમાવેશ થાય જેનાથી કોઇ બીજી પૅરેલલ વ્યવસ્થા ઉભી ના થાય અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની અવગણના પણ ના થાય અને સ્થાનિક લોકો સાથે બેસીને તેનો વિકાસ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે ખાસ ધ્યાન દોરવાની વાત એ છે કે, અત્યારે શહેરી વિકાસ અને અર્બન ડેવલપમેન્ટ જે રીતે પ્રગતિથી આગળ વધી રહ્યું છે એવા આપણી પાસે સક્ષમ અધિકારીઓને પણ સ્પેશ્યલ ખાસ ટ્રેનિંગ આપવાની જરૂર છે કે સમયથી સાથે સુવિધાઓ અને વ્યવસ્થાઓનું પ્લાનીંગ, ડેવલપમેન્ટ પ્લાનની જે આપ વાત કરતા હતા ડી.પી.એ પણ આગવુ તૈયાર કરીએ અને એ આગવુ આયોજન કરીને તેની ફાયનાન્સિયલ વ્યવસ્થા કયાંથી કઇ રીતે ઉભી કરવી એ બધુ જો આયોજન સમયસર કરીએ તો જ આપણે સંપૂર્ણ અને સમયસર વિકાસ આપણે કરી શકીશું તો મારી ખાસ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ યોજનાઓ અને આયોજન અને તમામ કમિટીઓ બનતી હોય અને તેની અંદર સારા ઓફિસરો, પારદર્શક નીતિ, સ્પષ્ટતા અને એની સાથે તમામ યોજનાઓનો બહુ વ્યવસ્થિત રીતે સમયસર અમલ થાય તો હું માનું છું કે આપણે સમતોલ વિકાસ અને સમયસર લોકોને વ્યવસ્થા અને સુવિધાનો લાભ આપી શકીશું, આભાર.

શ્રી વિવેક ન પટેલ(ઉધના): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સને ૨૦૧૯નું વિધેયક ક્રમાંક – ૨૧ ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા સુધારા વિધેયક લાવ્યા છે તેની ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું અને સમર્થન આપું છું. આમ તો શરૂઆત મારે મૂળ મુદ્દાથી કરવી હતી પરંતુ માનનીય બ્રિજેશભાઇએ એમના પ્રવચનમાં એમ કહ્યું કે ટી.પી. સ્કીમો જલદી મંજૂર થતી નથી. છેલ્લા દોઢ વર્ષમાં ટી.પી. સ્કીમ મંજૂર થાય તે માટેનું જે ઐતિહાસિક કામ કરવામાં આવ્યું છે તેની ટૂંકમાં માહિતી આપવી છે. ૨૦૧૮ની વાત કરું તો ૧૯ જેટલી ડ્રાફ્ટ સ્કીમો, ૨૭ જેટલી પ્રિલીમનરી સ્કીમો, ૨૫ જેટલી ફાઇનલ સ્કીમો મંજૂર કરવામાં આવી એટલે એમ કહી શકીએ કે ૧૦૧ જેટલી ટી.પી. સ્કીમો મંજૂર કરી એટલે એમ કહેવાય કે ટી.પી. સ્કીમ મંજૂર કરવાની સેન્ચુરી મારી અને સાથે–સાથે ૮ જેટલા ડેવલપમેન્ટ પ્લાન પણ મંજૂર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૯ની વાત કરું તો ૩૦, જૂન સુધી ૧૫ જેટલી ડ્રાફ્ટ સ્કીમો, ૧૫ જેટલી પ્રિલીમીનરી સ્કીમો અને ૨૦ જેટલી ફાઇનલ સ્કીમો મંજૂર કરવામાં આવી અને સાથે–સાથે ૭ જેટલા ડેવલપમેન્ટ પ્લાન પણ મંજૂર કરવામાં આવ્યા. સને ૧૯૯૨માં ભારતના બંધારણમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની વધુ સુદ્રઢ અને સક્ષમ બનાવવા માટે ૭૪માં સુધારો કરવામાં આવ્યો. મેટ્રો પોલિટન પ્લાનિંગ વિસ્તાર અને ડિસ્ટ્રીક્ટ પ્લાનિંગ વિસ્તારને વ્યાખ્યાયિત કરવામાં આવી જે મુજબ ૧૦ લાખથી વધુ વસતી ધરાવતા વિસ્તારના મેટ્રો પોલિટન પ્લાનિંગ વિસ્તાર અને તે સિવાયના બાકીના વિસ્તારને ડિસ્ટ્રીક્ટ પ્લાનિંગ વિસ્તાર તરીકે નિયત કરવામાં આવ્યો. ૭૪મા બંધારણીય સુધારા અન્વયે ગુજરાત સરકાર દ્વારા તા.૩૦/૯/૨૦૦૮થી મેટ્રો પોલિટન પ્લાનિંગ કમિટી એક્ટ અમલમાં લાવવામાં આવ્યો છે અને સાથે તા.૨૯/૩/૨૦૦૮થી ડિસ્ટ્રીક્ટ પ્લાનિંગ કમિટી એક્ટ અમલમાં આવ્યો છે. આ બંને એક્ટ અન્વયે સુરત જિલ્લામાં મેટ્રો પોલિટન પ્લાનિંગ વિસ્તાર અને સુરત જિલ્લામાં બાકીના વિસ્તાર માટે ડિસ્ટ્રીક્ટ પ્લાનિંગ વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. સુરત મેટ્રો પોલિટન વિસ્તારમાં સુરત મહાનગર પાલિકાનો સમાવેશ થાય છે અને સચિન નગરપાલિકાનો સમાવેશ થાય છે. ડિસ્ટ્રીક્ટ પ્લાનિંગ વિસ્તારમાં પાંચ નગરપાલિકા અને જિલ્લાની તમામ ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવ્યો. સુરત શહેર અને આજુ–બાજુના વિસ્તારના વિકાસ માટે લગભગ ૧૧૭૫ ચો.કિ. વિસ્તારમાં અમારું સુડા કાર્યરત છે. સુરત શહેર અને સુરત જિલ્લાની આજુ–બાજુના વિસ્તારમાં થતાં વિકાસને ધ્યાને લઇને સુડા દ્વારા વિકાસ યોજના તૈયાર કરવામાં આવી છે. સુરત પાસે કામરેજથી પલસાણા જતા હાઇ–વેને હાઇ ડેન્સીટી કોરીડોર તરીકે વિકસાવાશે અને આશરે ૩૦ કિ.મી. જેટલી લંબાઇના વિસ્તારમાં હાઇ–વેની બંને બાજુએ એક–એક કિ.મી.ની પહોળાઇમાં ઇકોનોમિક હબ તૈયાર થશે. આ વિસ્તારમાં ચાર જેટલા એફ.એસ.આઇ. આપવામાં આવશે અને બિલ્ડીંગ હાઇટ પણ ૭૦ મીટરની આપવામાં આવશે અને આ વિસ્તારને આશરે ૨૯૦૦ હેક્ટરની અંદર ટી.પી. સ્કીમ બનાવવામાં આવશે અને લગભગ ૩ લાખ જેટલા રહેણાંક ત્યાં બનશે. અમદાવાદ, મુંબઇ સાથે સુરતને પણ બુલેટ ટ્રેનથી જોડવાનું છે. જેનાથી સુરત શહેર અને સુરત જિલ્લામાં કામરેજ, પલસાણા, બારડોલી, ઓલપાડ તેમજ નવસારી જિલ્લાના અનેક ગામોને લાભ થશે. અંત્રોલીને બુલટ ટ્રેનનું સ્ટેશન મળવાનું છે એની આસપાસ

લગભગ ૧૫૦૦ હેક્ટરમાં હાઇડેન્ટીસી ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરેલું છે, જેનાથી મુંબઇ સાથે આર્થિક રીતે જોડાણ થવાનું છે. ત્યાં પણ ઇકોનોમી હબ તૈયાર થશે. આ વિસ્તારમાં જેમ અગાઉ કહ્યું તેમ એફ.એસ.એલ. વધુ મળશે હાઇટ વધારે મળશે એના કારણે રોજગારીની પણ તકો વધારે પ્રાપ્ત થશે અને સાથે સાથે સુરતને ડાયમન્ડ કેપીટલ બનાવવા માટે ખજોત ખાતે સુરત ડાયમન્ડ બુશ બનાવવા માટે નવી ઓથોરિટીની રચના કરી ગ્રીન સિટી વિકસાવવાનું કામ ચાલુ છે.ઉપરની ડિટેઇલમાં વધારે ન જતાં આવા સંજોગોમાં દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થા આયોજીત કરી પ્લાનિંગ કમિટી સમક્ષ લાવતા હોય ત્યારે સુડા, ગ્રીન સિટી તેમજ બુલેટ ટ્રેનના પ્રોજેકટને લક્ષમાં લઇને સુરત શહેર અને જિલ્લામાં ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ ધ્યાને લઇને બંને પ્લાનિંગ કમિટી ઓ પી.સી.એકટ અને ડી.પી. સી. એકટ મુજબ સંકલિત વિકાસ યોજના બનાવી શકે છે. આવી વિકાસ યોજનાઓ સરકારશ્રી દ્વારા મંજૂર થયેલી તેનો વ્યાપક લાભ બહોળા જન સમુદાયને સામાજીક ન્યાય અને વિકાસના દ્રષ્ટિકોણથી થશે અને આ વિધેયકથી હવે આ શકય બનવાનું છે. પ્લાનિગ કમિટીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિકાસ યોજનાઓને સરકારશ્રી આખરી સ્વરૂપ આપીને મંજૂર કરી અલગ અલગ સંસ્થાઓને દરખાસ્તની અમલવારી કરવાની સૂચના આપી શકશે. એમ.પી.સી. અને ડી.પી.સી. અધિનિયમમાં બંને પ્લાનિંગ કમિટીઓ દ્વારા પર્યાવરણની જાળવણી માટે વિકાસ યોજનામાં લક્ષ અપાય તે પ્રકારની જોગવાઇ કરવામાં આવે છે. સુરત શહેર તાપી નદી કિનારે વસેલું છે સાથે સાથે દરિયો પણ છે. અહીંયા નદી તેમજ દરિયાના કારણે પર્યાવરણ સાથે વિકાસની તકો જતી ન થાય એ લક્ષથી બંને પ્લાનિંગ કમિટીઓને વિકાસ યોજના બનાવવાની થશે. સુરત જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં સંકલિત વિકાસ તેમજ જળ સંસાધનો અને અન્ય ભૌતિક સ્ત્રોતની વહેંચણી આંતરમાળખાકીય સુવિધાનો સુવિકસિત વિકાસ અને પયાર્વરણની સુરક્ષા બાબતોને આખરી ઓપ આપી સરકાર તેના આ સુધારાથી અમલ કરાવી શકશે. અને છેલ્લે આ વિધેયકમાં કલમ-૧૦ એન પેટા કલમ-૧ મુજબ એમ.પી.સી. અને ડી.પી.સી. દ્વારા જે વિકાસ યોજનાઓ તૈયાર કરવામાં આવે તેને સરકારશ્રી મંજૂર, નામંજૂર પરત કરવું કે સુધારાઓ સાથે મંજૂર કરવી તેની પણ જોગવાઇ છે. કલમ-૧૦(એ)ની પેટા કલમ-૨,૩, ૧૦ બી, ૧૦ સી, ૫, ૬, ૭, ૮ની વધારે ચર્ચા ન કરતાં ફરીથી આ બિલને મારું સમર્થન આપું છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત લોકલ ઓથોરિટી એન્ડ ટાઉન પ્લાનિંગ એમેન્ડમેન્ટ બિલ લઇને આવ્યા છે એ વિશે હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

આ બિલના ઉદ્દેશો અને કારણોની અંદર જણાવ્યું છે કે બંધારણના ૭૪માં સુધારા હેઠળ નગરપાલિકાઓ અને પંચાયતોને આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયને ધ્યાને રાખીને યોજના ઘડવાનું ફરમાવેલ છે. મહાનગર યોજના સમિતિ અને જિલ્લા યોજના સમિતિ અધિનિયમથી નગરપાલિકાઓ અને પંચાયતે તૈયાર કરેલા યોજનાઓને ધ્યાનમાં રાખીને વિકાસ યોજના ઘડવા નિર્દેષ્ટ કરેલ છે. અમારા સાથી મિત્રે કહ્યું એ રીતે વર્ષ ૧૯૯૨ની અંદર બંધારણનો ૭૪ નંબરમાં સુધારો કર્યો અને એ વખતે આ સુધારાનો હેતુ જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જે નગપાલિકા હોય કે મ્યુનિસિપાલિટી હોય. નગરપાલિકા હોય અને તેને સ્વાયત્તા મળે અને વિકાસના કામો ઝડપી થાય, એના માટે એમાં સુધારો કરવામાં આવ્યો. ૧લી જૂન, ૧૯૯૩થી આ કાયદો અમલમાં આવ્યો. ત્યારથી એમ.પી.સી. એટલે કે મેટ્રો પ્લાનીંગ કમિટિ એટલે કે મહાનગર આયોજન સમિતિ, ડી.પી.સી એટલે કે ડિસ્ટ્રીકટ પ્લાનીંગ કમિટિ અમલમાં આવી. આપને જો શહેરો અને ગામડાના વિકાસમાં આટલો બધો રસ હતો તો માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે, આ કાયદો વર્ષ ૧૯૯૩માં આવ્યો ૨૨ કે ૨૫ વર્ષથી અહીં ભાજપની સરકાર છે. જો એમને નગર અને ગામડાના વિકાસમાં રસ હતો તો આ બિલ એમણે વહેલું લાવવું જોઇતું હતું. એટલે આ બિલ ઘણું મોડું લાવ્યા છે. એ પણ નામદાર હાઇકોર્ટમાં જવું પડયું અને નામદાર સુપ્રીમ કોર્ટે આદેશો કર્યા એટલે આ બિલ લાવ્યા છે. એને અમે સંમતિ આપીએ છીએ પણ આ બિલનો અમલ થાય એના માટે વિનંતી કરું છું. મારાં બે સૂચનો આ બિલમાં છે. માનનીય નીતિનભાઇ આની અંદર વાંધાની મુદત મંગાવવાની બે મહિનાની સમયમર્યાદા રાખેલી છે. પરંતુ એ વાંધાઓ આવ્યા પછી એનો નિકાલ કરવાની સમયમર્યાદા નથી, એટલે આ વાંધાઓ આવ્યા પછી જો એનો નિકાલ કરવાની સમયમર્યાદા નક્કી થાય તો વિકાસ થોડો ઝડપી બનશે. બીજી બાબત એ છે કે આ અધિનિયમ હેઠળ કોઇ મહાનગર આયોજન સમિતિ દ્વારા તેની સત્તા વાપરતી વખતે અથવા તેના કાર્યો બજાવતી વખતે અથવા એના સંબંધમાં મહાનગર આયોજન સમિતિ અને રાજય સરકાર અને બીજા કોઇ સત્તા મંડળ વચ્ચે વિવાદ થાય તો આ વિવાદોની અંદર રાજય સરકારનો નિર્ણય આખરી રહેશે. રાજય સરકારનો નિર્ણય આખરી રહે તેનો વાંધો નહીં, રાજય સરકાર ઝડપથી નિર્ણય આપે, કોઇ પણ સરકાર હોય આજે ભાજપની સરકાર છે નગરપાલિકા કોંગ્રેસની હોય તો એ નગપાલિકાના વિરૂદ્ધમાં હોય તો સરકાર એ વાંધોઓ પડી મૂકે અને તેનો નિકાલ ન થાય એટલે મારી માનનીય નીતિનભાઇને વિનંતી છે કે આની પણ સમયમર્યાદા નક્કી કરવામાં આવે.

કલમ-૧૦ (ક) નીઅંદર અધિકારી નિમવાની સત્તા રાજય સરકારને છે એટલે મારી રાજય સરકારને વિનંતી છે કે માનીતા નહીં પણ જાણીતા અધિકારી નિમવામાં આવે તો આ કાર્ય ઝડપી બનશે. હું આને સમર્થન કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલ ઉપર માનનીય સભ્યશ્રી વિરજીભાઇ, શ્રી બ્રિજેશભાઇ, શ્રી ભૂપેન્દ્રભાઇ, શ્રી હિંમતસિંહજી, શ્રી વિવેકભાઇ અને શ્રી કીરીટભાઇએ તેમના વિચારો પણ વ્યકત કર્યા છે અને સમર્થન પણ આપ્યું છે તે બદલ તેમનો હું આભાર માનું છું.

માનનીય વિરજીભાઇને તો થોડી સમજ ફેર હતી. એ સ્પષ્ટતા થઇ ગઇ. એમણે ગાંધીનગરને કેમ સમાવિષ્ટ કર્યું નથી એવું જણાવ્યું હતું. પણ મેટ્રોપોલિટન સીટી એ ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતું શહેર હોય તો જ એમાં ગણાય છે. ગાંધીનગર ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતું નથી એટલે એનો આમાં સમાવેશ કર્યો નથી. એક એમ.પી.સી. અને ડી.પી.સી. એમ.પી.સી. એટલે મેટ્રોપોલિટન કાઉન્સીલ અને ડી.પી.સી. એટલે જિલ્લા આયોજન સમિતિ, આ બન્નેની કામગીરી અને કાર્યક્ષેત્ર સરખું જ છે. મેં કહ્યું એમ ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ તેના વિસ્તારો એ ઉમેરેલા છે. એ સહિત એને મેટ્રોપોલિટન કાઉન્સીલ કહેવાય. શ્રી હિંમતસિંહજીએ કહ્યું એ પ્રમાણે એના સભ્યોની ચૂંટણી પણ થાય છે. અને એની કામગીરી પણ અત્યારે ચાલુ છે. શ્રી ભૂપેન્દ્રભાઇએ તો ખૂબ સુંદર ઉલ્લેખ કરીને આખું વિગતવાર વર્ણન કર્યું. શ્રી વિવેકભાઇએ પણ સુરત શહેર નદી અને દરિયો બન્નેના લગતું ગુજરાતનું સૌથી વધુ વિકસતું જતું શહેર છે. આવનારા સમયમાં તેનું કેવું આયોજન કરવું, કેટલા રસ્તાઓ, કેટલી સામાજિક વ્યવસ્થા, કેટલી સગવડોની વ્યવસ્થા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ, તેની ચર્ચા પણ આ રીતે થાય છે. માનનીય બ્રિજેશભાઇએ એમના વિચારો વ્યકત કર્યા અને માનનીય કિરીટભાઇએ પણ આને સમર્થન આપ્યું. મૂળ આ વર્ષ ૧૯૯૨માં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને મજબૂત કરવા માટેનો જે ઉદેશ હતો તેમાંથી ઉદભવેલો વિચાર કે પોતાના વિસ્તારનું, જિલ્લાનું, શહેરનું જયારે આયોજન થતું હોય, આવનારા દસ વર્ષ પછીનું, ૨૦ વર્ષ પછીનું આપણું શહેર, આપણા ગામડાંઓ આપણો જિલ્લો કેવા હશે, શું શું જોઇશે, કયાંથી લાવીશું, કેવી રીતે કરીશું એ વિચારવાનું કામ આ બન્ને સમિતિઓ દ્વારા થાય છે અને એમાં જે સુધારા જરૂરી હતા, આમ તો વર્ષ ૨૦૦૮થી આ બધું થઇ ચૂકયું છે. અત્યાર સુધી આપણા રાજયમાં ૩૩ જિલ્લાઓ છે, આ ૩૩ માંથી ૩૨ જિલ્લાઓમાં ચૂંટણીથી અને એક જિલ્લામાં સભ્યો ઓછા હોવાથી નિયુક્તિથી, બધા જ જિલ્લાઓમાં જિલ્લા આયોજન સમિતિની રચના વર્ષ ૨૦૧૬થી થઇ ચૂકી છે. એટલે કામગીરી ચાલુ થઇ ચૂકી છે. હવે એને ધીમે ધીમે આગળ વધારી ભવિષ્યનું ગુજરાત કેવું હોય, ગ્રામ્ય વિસ્તાર સહિતનું, નગરપાલિકાઓનું અને મહાનગરપાલિકાઓનું, તેનું કામ જયારે કરવાનું છે ત્યારે તેના અંગે જે જોગવાઇઓ સુધારવાની જરૂર હતી તે અહીંયા આપણે મૂકી છે. અને બધાએ એને સમર્થન આપ્યું છે એટલે એમનો આભાર માનું છું અને સર્વાનુમતે આ બિલ મંજૂર કરો એવી સૌને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૯, કલમ ૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયકને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૯નું ગુજરાત સ્થાનિક સત્તા મંડળ અને નગરરચના કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૯**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(મહેસૂલ ખાતાનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૯, સન–૨૦૧૯ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન– ૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૯, સન ૨૦૧૯ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

* વિધેયક તા.૧૮મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસ માટે ખેતી અને ઉદ્યોગ આ બન્ને ખૂબ મહત્વના વિભાગો છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારે બેલેન્સ ડેવલપમેન્ટની નીતિ અપનાવી છે. કારણ કે આ બન્ને ક્ષેત્રો એ રોજગારી આપનાર છે. જી.ડી.પી.માં તેનો હિસ્સો છે અને એટલે જ કૃષિ મહોત્સવ અને વાઇબ્રન્ટ ગુજરાત આ બન્નેને એટલું મહત્વ આપ્યું કે જેના પરિણામે કૃષિ મહોત્સવ પહેલાં રાજયના ખેડૂતો જે ખેતી વિષયક બાબતથી અજાણ હતા એ બાબતોથી ગામડે ગામડે જઇને માહિતગાર કર્યા. આધુનિક ખેતી તરફ વાળ્યા. જે તે કૃષિ મહોત્સવ સમયે શરૂ કર્યો ત્યારે રાજયનું કૃષિ ઉત્પાદન રૂપિયા ૯,૦૦૦ કરોડ હતું. આ આખી પ્રક્રિયા કરવામાં આવી તેના પરિણામે આજે રાજયનું કૃષિ ઉત્પાદન રૂપિયા ૧,૩૭,૦૦૦ કરોડનું છે. અમે સપ્રમાણ વિકાસ કરીએ છીએ. કોઇના તરફી કે કોઇના વિરોધી નથી. એવી જ રીતે વાઇબ્રન્ટ ગુજરાત વર્ષ ૨૦૦૩થી શરૂ થયો અને ત્યારથી અત્યાર સુધી પહેલો વાઇબ્રન્ટ ગુજરાત શરૂ થયો ત્યારે આવા એક હોલમાં શરૂ થયો હતો. પછી ધીમે ધીમે કરીને આજે ૧૯મો વાઇબ્રન્ટ ગુજરાત આપણે સૌએ જોયો છે. પહેલાં વાઇબ્રન્ટ ગુજરાતમાં આપણે એકલા હતા. પછી રાજયો જોડાતા થયા. પછી દેશો જોડાતા થયા. વિકાસશીલ દેશો જોડાયા. વિકસિત દેશો જોડાયા અને સ્પોન્સર પણ કરવા લાગ્યા. એ સ્પોન્સર કરીને અહીં રોકાણ પણ કરતા થયા. તો રાજય સરકારની ફરજ છે કે આ રોકાણકારો આવે ત્યારે તેને નાની મોટી મુશ્કેલી હોય તો તેને સમજીને દૂર કરવામાં આવે. રાજયમાં જયારે ઉદ્યોગો સ્થાપવામાં આવે ત્યારે રાજય સરકારની પણ એક ફરજ બને છે કે ઉદ્યોગોને અનુરૂપ વાતાવરણ ઉભું કરવું અને ઉત્તરોત્તર તેનો વિકાસ થાય તેનું ધ્યાન રાખવું. રાજય સરકાર દ્વારા પૂરા પાડવામાં આવેલ પ્રોત્સાહનોના કારણે રાષ્ટ્રના અર્થતંત્રમાં ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતનો ફાળો વાઇબ્રન્ટ શરૂ કર્યું તે પહેલાં વર્ષ ૨૦૦૧માં ૧૦ ટકાનો હતો. તે વધીને વર્ષ ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮માં ૧૬.૨૮ ટકાનો થયો છે. રાજયના અર્થતંત્રમાં જી.ડી.પી. ક્ષેત્રે વર્ષ ૨૦૧૭-૧૮માં ઔદ્યોગિક ક્ષેત્રોનું પ્રદાન ૨૮.૩ ટકાથી વધીને ૩૫.૫ ટકા થયેલ છે. દેશના અર્થતંત્રમાં પણ ગુજરાતના ઉદ્યોગોનો સિંહફાળો છે અને તેને ધ્યાનમાં રાખીને આજે હું ગણોતધારાની કેટલીક કલમોમાં સુધારો લઇને આવ્યો છું. પહેલો સુધારો છે, અત્યારે હું પહેલાં જોગવાઇ વાંચીશ અને પછી સૂચિત સુધારો વાંચીશ. બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પરપઝ. જે ઉદ્યોગકાર પ્રમાણિકતાથી પોતાનું ઇન્વેસ્ટમેંટ કરવા માગતો હોય પણ કોઇના કોઇ કારણસર, શકય છે કે કારણ એના હાથમાં ના હોય, એ મંદીનું કારણ હોય, કુદરતી પ્રકોપનું કારણ હોય, કોઇ બેંકનું કારણ હોય અન્ય કોઇ કારણ હોય પણ એનો ઇરાદો તો છે જ. એણે રોકાણ તો કર્યું જ છે. એના ઉપર રાજય સરકારને ડાઉટ નથી. એની અમે ખરાઇ પણ કરીએ છીએ અને એવા માટે જે જમીનો ખરીદી હોય તેની જાણ ૩૦ દિવસની અંદર કલેકટરને કરવાની હોય છે. એ જાણ ના કરે તો વધુમાં વધુ બે હજારનો દંડ થઇ શકે છે આવી જોગવાઇ હતી. હવે આ જોગવાઇમાં સુધારો કરીને એક માસની મુદત બાદ પ્રતિ માસ પ્રવર્તમાન જંત્રીના એક ટકા લેખે રકમ લેવાની રહેશે. આનાથી સમય મર્યાદામાં ઉદ્યોગો શરુ થઇ શકશે એ એનો લાભ છે. બીજું, બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પર્પઝના હેતુસર ખરીદેલી જમીન ઉપર એકમ દ્વારા ઇન્ડસ્ટ્રીયલ પાર્કના હેતુ માટેનું ઉદ્યોગ કમિશનરનું નવેસરથી પ્રમાણપત્ર મેળવવાનું રહેતું હોય માલનું ઉત્પાદન કરવાનું અથવા સેવા પૂરી પાડવાની સમયમર્યાદા કઇ તારીખથી ગણવી એમાં અમે સૂચિત સુધારો કર્યો છે. કલેકટરશ્રી દ્વારા ઇન્ડસ્ટ્રીયલ પાર્ક માટે ખેતીની જમીન ખરીદવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે તેમજ ઉદ્યોગ કમિશનરનું પ્રમાણપત્ર પણ મેળવવાનું હોય છે. આ બેમાંથી જે પ્રમાણપત્ર છેલ્લે આપવામાં આવશે ત્યાંથી જ એની સમય મર્યાદા ગણવાની રહેશે. આ સુધારાથી રાજયના ઘરગથ્થું ઉત્પાદનમાં એકંદરે વધારો થશે. ત્રીજું, હાલની જોગવાઇ, પ્રમાણપત્રની તારીખથી પાંચ વર્ષમાં ઉત્પાદન કરવાની કે સેવા પૂરી પાડવાની તથા આ મુદતમાં વધારો કરવાની જોગવાઇ છે પરંતુ આ મુજબ એકમ દ્વારા નિયત સમય મર્યાદામાં ઉત્પાદન કે સેવા સફળતા પૂરી પાડવામાં આવ્યા બાદ એટલે કે એકમ કાર્યાન્વિત થયા બાદ વેચાણ કે અન્ય ઔદ્યોગિક પ્રવૃત્તિ સદર જમીનના ઉપયોગ એકંદરે, એમાં કાયદામાં કોઇ સ્પષ્ટતા નહોતી. અમે સુધારો કર્યો છે. નિયત સમય મર્યાદામાં ઉત્પાદન કે સેવા સફળતાપૂર્વક ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી પૂરી પાડવામાં આવ્યા બાદ સદર જોગવાઇનો હેતુ બર આવતો હોય ત્યારબાદ એકમ દ્વારા વેચાણ કે અન્ય ઔદ્યોગિક પ્રવૃત્તિસર સદર જમીનમાં ઉપયોગ સમયે આ કાયદાની જોગવાઇ અન્વયે નિયમતળે લાગુ પડશે નહીં. આનાથી મહેસૂલી નિયમ થોડો દૂર થવાથી ઔદ્યોગિક સાહસીકો જે છે એ વધુ સારી નિશ્ચિંતતાથી ગુજરાતની અંદર ઔદ્યોગિક પ્રવૃત્તિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકશે. બહુ જ અગત્યનો એક સુધારો છે. હાલની જોગવાઇ, બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પર્પઝ માટે ખરીદેલ જમીનોની મંજૂરી મળ્યા બાદ પાંચ વર્ષમાં ઉત્પાદન કે સેવા પૂરી પાડવાની જોગવાઇ છે. આ મુદત વધુ બે વર્ષ માટે કલેકટરશ્રી લંબાવી શકે છે ત્યાર બાદ બીજા ત્રણ વર્ષ માટે રાજય સરકાર જંત્રીના ૫૦ ટકા રકમ વસુલીને મુદત લંબાવી શકે છે. તે પછી મુદતમાં વધારો કરવાની કોઇ જોગવાઇ નથી અને એ જમીન ખાલસા કરવાની રહેતી હતી. હવે કોઇએ બેંકમાંથી લોન લઇને, ઉછીના પાછીના લઇને એમણે પ્રમાણિકતાપૂર્વક રોકાણ કરવાની ઇચ્છા દર્શાવી હોય, મકાન પણ બાંધ્યું હોય પછી પોતાના હાથમાં નથી એવા સંજોગોને કારણે તે ન ચાલુ કરી શકયો હોય અને પોતે ખરીદેલી જમીન, પોતે એના માલિક છે અને સરકાર ખાલસા કરે છે. અમે એમાં સુધારો કર્યો છે. હાલ બોનાડાઇડ ઇન્ડસ્ટ્રીયલ પરચેઝર દ્વારા સાત વર્ષ સુધીમાં એકમ શરૂ ન થઇ શકે તો વધુમાં વધુ બીજા ત્રણ વર્ષ સુધી જંત્રીના ૫૦ ટકા પ્રીમીયમ લઇને મંજૂરી આપી શકાય છે. આથી ૫૦ ટકાની જગ્યાએ પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા પ્રમાણે પ્રીમીયમ વસૂલીને મંજૂરી દર ત્રણ વર્ષ માટે તેમજ દસ વર્ષ પછી પણ મુદત વધારાની મંજૂરી આપવાની રહેશે. જે દસ વર્ષ પછી ખાલસાની જોગવાઇ હતી એની જગ્યાએ એના બોનાફાઇડ ઇન્ટેન્સન ધ્યાનમાં રાખીને એની એ માલિકી ચાલુ રહેશે. એના કારણે ઔદ્યોગિક સહાસિકોને રાજયમાં ઉદ્યોગ

અંગેનું રોકાણ કરવા માટેનું આકર્ષણ રહેશે કે કોઇપણ કારણસર આપણે રોકાણ ન કરી શક્યા અને ૧૦ વર્ષ પસાર થઇ ગયા તો પછી જમીન સરકાર લઇ લેતી હતી એના બદલે વાંધો નહીં, ચાર્જ ભરવો પડશે પણ ૧૦ વર્ષ પછી આપણી પાસે એ જમીન રહેશે. બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પર્પઝ માટે ખરીદેલ જમીનમાં ઉદ્યોગકાર શરૂ ન કરી શકે તો અન્ય ઉદ્યોગકારને વેચાણ અંગે ૩ થી ૫ વર્ષ દરમિયાન જંત્રીના ૪૦ ટકા, ૫ થી ૭ વર્ષ ૬૦ ટકા, ૭ વર્ષથી વધુ જંત્રીના ૧૦૦ ટકા ત્રણ વર્ષ પહેલા આવી જમીન વેચાણ કરી શકાશે નહીં. સૂચિત સુધારો કર્યો છે બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પર્ચેઝર જો જમીન વેચવા માગતા હોય તો ૩ વર્ષ સુધી વેચાણ કરી શકાય નહીં. ત્યારબાદ પ્રવર્તમાન જંત્રીના ૩ ગણી ૫ વર્ષમાં ૧૦૦ ટકા, ૫ થી ૭ વર્ષમાં ૬૦ ટકા, ૭ થી ૧૦ વર્ષમાં ૩૦ ટકા લેખે લેવાશે. જો કે તમામ કિસ્સાઓમાં ઔદ્યોગિક હેતુસર જ થઇ શકશે. એવું નથી પાછું કે હું નહીં કરી શક્યો પણ ત્યાં હું સ્ટાફ ક્વાર્ટર કરી સ્કીમ મૂકી દઉં એવું નથી. એને વેચવું હશે તો એનો પરપઝ બદલાવો ન જોઇએ. ત્યાં ઔદ્યોગિક હેતુ જાળવવો જ પડશે. બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પર્પઝ માટે ખરીદેલ જમીનમાં ઉદ્યોગકાર ઉદ્યોગ શરૂ ન કરી શકે તો ૧૦ વર્ષ બાદ વેચાણ કરવા અંગેની કોઇ જોગવાઇ ન હતી. સૂચિત સુધારો બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પર્ચેઝર જો જમીન વેચવા માગતા હોય તો ૩ વર્ષ સુધી વેચાણ કરી શકશે નહીં. ૧૦ વર્ષ બાદ પ્રવર્તમાન જંત્રીના ૨૫ ટકા લેખે. જો કે આ આખો સુધારો ઉદ્યોગકારોની સગવડતા માટે કરવામાં આવેલ છે. ૭મો સુધારો છે ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ અને કંપની એક્ટ વર્ષ ૨૦૧૩ની કલમ-૮ હેઠળ ચેરિટીના હેતુ માટે સ્થપાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ તા.૩૦-૬-૨૦૧૫ પહેલા વગર પરવાનગીએ ખરીદેલી ખેતીની જમીન બિન ખેતી કરવા માટે છ માસની મુદ્દત આપેલ હતી. જે ૧૨ માસની કરવામાં આવી છે. આનાથી લાભ થશે. મુદ્દત વધારાથી આવી બાકી રહેલ સંસ્થાઓ દ્વારા એન.એ. કરાવવામાં આવ્યેથી સંસ્થાની કામગીરી સારી રીતે થઇ શકશે. તેમજ તેઓનો હેતુ બર આવવાથી સમાજના સર્વે વર્ગને ફાયદો થશે. આ સર્વજન કહી શકાય. સર્વજન હિતાય છે. આપણ રાજ્યમાં જો ઇન્ડસ્ટ્રીઝ આવશે તો બધાને લાભ થવાનો છે. એનો એક દાખલો આપું. વાયબ્રન્ટ પહેલાં એક એવી માન્યતા હતી, વર્ષો સુધી હતી કે ઇન્ડસ્ટ્રીઝ સ્થાપવી છે તો અમદાવાદથી વાપી. આનો આપણે અનુભવ કરેલ છે. નવી ઇન્ડસ્ટ્રીઝ સ્થાપવાની છે તો એ ઇન્ડસ્ટ્રીયલ ઝોન છે અમદાવાદથી વાપી અને એમાં કરો. પહેલીવાર એવું બન્યું કે અમદાવાદ વાપી નહીં, આ વાયબ્રન્ટ થયા પછી આખા રાજ્યમાં તમે કબૂલો કે ના કબૂલો રાજ્યનું એક ગામડું એવું બાકી નથી, તાલુકા મથક બાકી નથી કે જ્યાં જમીનના ભાવ ન વધ્યા હોય.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ગામનો ખેડૂત છું. ૧૦ વર્ષ પહેલા એસ.આઇ.આર. આવ્યું એ પહેલા કોઇ ગરીબ ખેડૂતને પોતાની દીકરીના હાથ પીળા કરાવવા હોય તો આસામી પાસે જાય અને કહે કે મને ૫ હજાર રૂપિયા આપો, આ મારી ૨ વીઘા જમીન તમને આપું છું. હું ત્યાંનો વતની છું એટલે ડાઉટ કરવાની જરૂર નથી. એ વખતે આસામી એવું કહેતો હતો કે આ બીન ઉપયોગી જમીનને મારે શું કરવી છે? તું મારા ગામનો છે, તું ૫ હજાર રૂપિયા લઇ જા, દીકરીને વળાવી દે અને જ્યારે અનુકૂળતા થાય ત્યારે આપજે. આ વહેવાર હતો. પરિસ્થિતિ એવી હતી. શ્રી રાજેશભાઇ, આપણા વિસ્તારની પરિસ્થિતિ. તમે પહેલી વાર લડ્યા છો પણ હું તો સાત વખત લડ્યો છું. બહારગામ જવું હોય તો આર્થિક પરિસ્થિતિ એવી હતી કે તાળું મારવાનું નહીં. તાળું ખરીદવાના પૈસા ન હતા. અંદર ચોર ચોરી કરવા જાય તો કાંઇ મળે નહીં. બહારગામ જવું હોય તો તાળાની જગ્યાએ પોતાના બળદ કે ભેંસનો પોદળો નકૂચો બંધ કરીને લગાવી દે. અને આગળ ઝાડી-ઝાંખરા પાથરી દે આ એની સલામતિ હતી. સાહેબ, આવા ખેડૂતો. હું પહેલીવાર લડ્યોને એ વખતે અમારા શ્રી જયરામભાઇ એક મિટિંગમાં મોડા આવ્યા. મેં કીધું કે કેમ શ્રી જયરામભાઇ મોડા આવ્યા? પંચર પડ્યું હતું એટલે સાહેબ. પંચર કરાવી લેવાયને? સાહેબ, પંચર કરવાના કાવડિયા જોઇએને! એટલે હું સાઇકલ દોરીને લાવ્યો છું. આજે એના દીકરા સ્કોડા અને ઇનોવા લઇને મારી મિટિંગમાં આવે છે અને જ્યારે વેચે ત્યારે રૂપિયા બે કરોડ, પાંચ કરોડ રૂપિયા આવે ત્યારે ૧૦-૧૨-૧૫ બેંકો આવી જાય કે મારી બેંકમાં ડિપોઝિટ મૂકો. સાહેબ, અમને તો એમ થાય કે આ કેટલા રૂપિયા છે? અમને આખી રાત દર્શન કરવા દોને. આ સ્થિતિ માત્ર અને માત્ર વાયબ્રન્ટ ગુજરાતના કારણે છે. આ તો હું એક દાખલો આપું છું. ગુજરાતમાં દરેક જગ્યાએ તમે જ્યાં જુઓ ત્યાં ભાવના કારણે આ સદ્ધરતા આવી છે. સીધા પૈસા કોઇએ દબાણ નથી કર્યું કે તમે વેચો. સ્વેચ્છાએ લોકોએ વેચી છે પણ સુખી થયા છે. મારી આપ સૌને વિનંતી છે કે, આ રોકાણકારોને વધારે ગુજરાતમાં આવવાનું મન થાય અને હવે તો જ્યારે વડાપ્રધાનશ્રી વૈશ્વિક નેતા નહીં પણ માનનીય વૈશ્વિક નેતા બન્યાં છે એવા સંજોગોમાં એ જે કાંઇ ત્યાંથી અહીંયા લાવશે, મોકલશે. જો આપણે અહીંયા સારી વ્યવસ્થા કરી હશે તો બાકીના લોકોને, ઉદ્યોગોને અહીંયા આવવાનું મન થશે અને હું ફરી ફરીને કહુ છું કે, એટલું જ મહત્વ કૃષિ મહોત્સવને આપ્યું છે. અમે દર બે વર્ષે ત્રણ દિવસ માટે જ વાયબ્રન્ટ કરીએ છીએ પણ અમે દર વર્ષે અઠવાડિયા સુધી કૃષિ મહોત્સવ કરીએ છીએ. એટલે મહેરબાની કરેની કોઇ એવો આક્ષેપ ના કરે ઉદ્યોગકારો, ઉદ્યોગકારો એવું નથી. એટલા માટે મેં પહેલા કહ્યું છે કે, અમારા માટે બેલેન્સ ડેવલપમેન્ટ છે. એટલે વિનંતી છે કે આપ સૌ મારા બિલને સર્વાનુમતે મંજૂર કરો.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક ૧૯ ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯, ગુજરાત ગણોત વહિવટ અખે ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહિવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહિવટ પતાવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારા બાબતનું વિધેયક લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યાં છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી વિધેયક આપણી વચ્ચે લઇને આવ્યા છે ત્યારે આ વિધેયક શા માટે આજે આવ્યું? અને ખાસ કરીને આજે વિધેયકનું મેં ટાઇટલ વાંચ્યું, એમાં એક સાથે ત્રણ કાયદા છે. એક તો ગુજરાત ગણોત ખેતી અધિનયમન, બીજું, સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ અને ત્રીજો ગુજરાત ગણોત અને ખેતીની જમીન આ ત્રણેયની અંદર લગભગ જે જોગવાઇઓ છે એ એક સમાન છે એમાં બહુ ફેરફાર નથી. જે અગાઉ જોગવાઇઓની માનનીય મંત્રીશ્રીએ આપણને વાત કરી પણ જ્યારે દેશને આઝાદી મળી ત્યારે આ દેશની અંદર મોટાભાગના લોકો જમીન વિહોણા હતા યા તો આ જમીન કોઇ ગરાસદાર પાસે હતી યા તો ફીર આ જમીન કોઇ જાગીરદાર પાસે હતી અને રાજા–મહારાજાઓ પાસે આ જમીન હતી અને ત્યાર પછી આ દેશની અંદર ધીરે ધીરે જે પ્રગતિ થઇ એમાં જમીનને બચાવવા માટે એ જે ગરીબોને જે જમીન મળતી હતી એ જમીન કેવી રીતે બચાવી શકાય? એના માટે જે તે વખતે વર્ષ ૧૯૪૮, ૧૯૪૯ અને ૧૯૫૮ની અંદર આ બધા કાયદાઓ બન્યાં.

આ વિધેયક જયારે હું વાંચતો હતો આમ તો માનનીય બાપુ તો એક જમાનાના ખૂબ પ્રખ્યાત વકીલ અને જો હું ભૂલ ન કરતો હોઉં તો ધોળકાની કોર્ટની અંદર રેવન્યૂના કેસ એ વખતે લડતા. એટલે રેવન્યૂની બાબતમાં એમના જેટલું તો મારું જ્ઞાન હોઇ ન શકે પરંતુ આ વિધેયકને ઉપરછલ્લું સમજવાનો પ્રયત્ન કરતો હતો એટલે પ્રાથમિક બાબતમાં તો મને એવું સમજાયું કે આ બે દિવસની અંદર જે પ્રકારે જે વિધેયકો આવ્યા, એક પછી એક વિધેયકો. આ બધા વિધેયકોમાં એક પ્રકારની સમાનતા જોવા મળી. કયાંકને કયાંક આ વિધેયકો દ્વારા એવી લાગણી છે કે એક તરફ ગરીબો અને ખેડૂતો આ જે નવા કાયદા બને છે એનાથી કયાંક પાયમાલ થશે અને ગણ્યાગાંઠ્યા ઉદ્યોગપતિઓને આ કાયદાનો વિશેષ લાભ થાય અને એક યા બીજી રીતે આના આડકતરી રીતે લાભાર્થીઓ કોઇ બીજા પણ હોઇ શકે. સહકારી ક્ષેત્ર હોય કે પછી નર્મદાના પાણી અને કેનાલની સુરક્ષા અંગેની વાત હોય કે પછી હમણાં જ વાત કરી એવી રીતે સ્ટેમ્પ ડ્યૂટીમાં તો કાયદો આપણી વચ્ચે આવ્યો. આ બધાની અંદર એક સમાનતા હતી. બધાની અંદર ખેડૂતોની યાતના કયાંકને કયાંક અમને અંદેશો થયો અને એની ચિંતા અમારા તમામ સભ્યશ્રીએ વ્યકત પણ કરી. આ જે વિધેયક છે એ આમ જુઓ તો ખૂબ ચતુરાઇપૂર્વક તૈયાર થયેલું છે અને અમારા જેવા નવાસવા ધારાસભ્યોનો તો ખો નીકળી જાય સમજતા સમજતા. એટલા બધા કિંતુ, પરંતુ, અનેક અનેક જોગવાઇઓ. બાપુએ તો અત્યારે ખૂબ સરળ રીતે આસાનીથી વાત કરી કે કેટલું સુંદર મજાનું વિધેયક છે તેવી વાત કરી પરંતુ આ વિધેયકની પાછળનું જે ખરું સત્ય છે એ ઉજાગર થયા વગર રહેતું નથી. આ વિધેયક પાછળનો જે એનો હાર્દ છે એ હાર્દ હું ઉજાગર કરવાનો પ્રયત્ન કરીશ. આ ગણોત ધારો જયારે આવ્યો ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકરને યાદ કરું અને તેઓ હંમેશા એક વાત કરતા કે દેશની અંદર શિક્ષા, વિમો, ઉદ્યોગ અને ભૂમિ આનું રાષ્ટ્રીયકરણ થવું જોઇએ. આ ચાર બાબતો ઉપર બાબાસાહેબે હંમેશા ભાર મૂકયો હતો કે આનું રાષ્ટ્રીયકરણ થવું જોઇએ અને આ વિચારોને લઇને તા. ૧૮ એપ્રિલ, ૧૯૫૧ના દિવસને યાદ કરું તો સંત વિનોબા ભાવેને તેલંગણાક્ષેત્રની અંદર કોચંપલી ગામની અંદર પ્રથમ વખત જમીન ભૂદાનની અંદર મળી અને ત્યારથી સ્વૈચ્છિક ભૂમિ સુધાર અંગેની શરૂઆત થઇ. પૂજ્ય ગાંધીજીની પ્રેરણાથી સંત વિનોબા ભાવેએ ગામગામ પદયાત્રા કરી અને મોટામોટા ભૂસ્વામિઓ હતા એ ભૂસ્વામિઓ પાસેથી તેમની જમીનનો છઠ્ઠો ભાગ જે જમીન વિહોણા આ દેશના ગરીબ લોકો છે એને દાનમાં આપવા માટેનું જે આંદોલન ચલાવ્યું. ૨૦૦ ગામની સંત વિનોબા ભાવેએ પદયાત્રા કરી અને ૧૨૨૦૦ એકર જમીન એમણે દાનમાં પ્રાપ્ત કરી. આ આંદોલન વર્ષ ૧૯૫૬ સુધી ચાલ્યું અને એના પરિણામ સ્વરૂપે ૪૦ લાખ એકર જમીન આ દેશના ગરીબોને મળી, ભૂદાનના સ્વરૂપમાં મળી. જે જમીન વિહોણા હતા આ જે જમીન એમને મળી એ જમીન સાચવવાની ખૂબ જરૂર હતી. કયાંક આ દેશના માલેતુજારો પોતાના પૈસાના બળથી આ ગરીબો પાસેથી આ જમીન છીનવી ન જાય, એમને લોભ લાલચમાં મૂકી આ જમીન એમની પાસેથી લઇ ન જાય એની તકેદારી કરવા માટે કોંગ્રેસના એ વખતના...

અધ્યક્ષશ્રી : બાપુ, જમીન બોલ્યા એટલે ત્યાંથી શરૂ થશે. બંધારણ શરૂ થાય ડો.બાબાસાહેબ આંબેડકરથી અને એ પાયો બાંધે છે અને હવે એ કહેશે. હવે એ બિલ ઉપર આવશે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : બિલ ઉપર છું. ગણોતધારો કયારથી શરૂ થયો? વર્ષ૧૯૪૮થી શરૂ થયું.

અધ્યક્ષશ્રી : આ વાત મને ખબર નહોતી એમણે કહીને.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મારે તમને ડિસ્ટર્બ નથી કરવા. કમ ટુ ધ પોઇન્ટ. પ્લીઝ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ ધારામાં સુધારો કરવામાં આવ્યો છે. એનો ઓરિજીનલ ધારો, કાયદો બનાવ્યો, એના હાર્દ શું હતા? જયાં સુધી આપણે સમજીશું નહિ ત્યાં સુધી પ્રસ્તુત વિધેયકની પાછળ છુપાયેલ સત્ય જાણી શકીશું નહીં. આ દેશના માલેતુજારો આ દેશના ગરીબોને પૂજ્ય ગાંધીજીના પ્રતાપે અને સંત વિનોબાભાવેના પ્રતાપે એમને દાનની અંદર જે જમીન પ્રાપ્ત થઇ હતી. એ જમીનની જાળવણી કરવી એ આ દેશના વિધાયકો, આ દેશના સંસદસભ્યોને લાગ્યું કે પ્રાથમિક ફરજ હોય તો આ દેશના ગરીબોની જમીન બચાવવાનું કાર્ય કરવું પડશે. અને તેના કારણે કઇ રીતે પરિવર્તન આવ્યું? આ દેશની અંદર હરિત ક્રાંતિ થઇ. આપણો આ દેશ આઝાદ થયો ત્યારે ઘઉં બહારથી મંગાવતા હતા. સૌ કોઇ આ જાણે છે. જે રીતે ગરીબોના હાથમાં જમીન ગઇ ત્યારથી દેશની અંદર કૃષિ ક્રાંતિ થઇ. દેશ કૃષિ અને અનાજ, કૃષિ પેદાશો ઉપર આપણે સૌ નિર્ભર બન્યા. ગુજરાતની અંદર છેલ્લાં ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને જ્યારે સરકાર આવી ત્યારે

સરકાર કઇ રીતે આવી તે સમજવા જેવી વાત છે. જ્યારે ગુજરાતમાં ભાજપની સરકાર પ્રથમ વખત બની ત્યારે ખેડૂતોની ચિંતા કરીને સરકાર નહોતી બની. જ્યારે ભાજપની સરકાર બની ત્યારે ગરીબોની ચર્ચા કરીને નથી બની. ગુજરાતની અને દેશની અંદર ભાવનાત્મક વાતાવરણ ઉભું થયું, જેના કારણે એનો લાભ ભાજપને પ્રાપ્ત થયો અને એમની સરકાર બની, તેથી મને સ્વાભાવિક રીતે એમ થતું હતું કે શા માટે આજે વિધેયકો એકપછી એક આવે છે. એની અંદર ખેડૂતોની ચિંતા નથી, ગરીબોની ચિંતા નથી. શા માટે એવું થાય છે એટલે આપે હમણાં ખલીલ જીબ્રાનની વાત કરી. આપે ખલીલ જીબ્રાનનું નામ લીધું, એટલે મને એક વાત યાદ આવે છે. તે કન્ફર્મ કરી મેં ઉતારી લીધી. શા માટે હાથ ગરીબો માટે ઉંચા થતા નથી. શા માટે આ હાથ ખેડૂતો માટે આગળ વધતા નથી. ખલીલ જીબ્રાને ખૂબ સરસ વાત કરી છે. જો તમારા હાથમાં રૂપિયાથી ભરેલા થેલા હશે. જો તમારા હાથમાં રૂપિયાથી ભરેલા થેલા હશે, તો પછી પ્રભુની પ્રાર્થના માટે કઇ રીતે આગળ વધશે? આપણે સૌ જાણીએ છીએ. પ્રસ્તુત વિધેયક એ ખેડૂત વિરોધી અને ગરીબ વિરોધી છે. આ વિધેયકની અંદર અનેક જગ્યાએ બાપુએ પ્રવચનમાં વાત કરી શુદ્ધ બુદ્ધિથી કોઇ પોતાનું ઔદ્યોગિક એકમ સ્થાપવા માગતા હશે તો એને રાહત આપવા માટેની વાત આ વિધેયકની અંદર છે. શુદ્ધ બુદ્ધિથી અને પ્રમાણિકતાથી એવું કહેવાની ફરજ કેમ પડી? કોઇ માણસ વારંવાર એમ કહે હું સાચું બોલું છું. હું સાચું બોલું છું. હું સાચું બોલું છું. એને સાચું બોલવાની જરૂર કેમ પડે છે. કયાંકને કયાંક એની પાછળ સત્ય છુપાયેલ હોતું નથી. પ્રમાણિકતાથી જ્યારે શુદ્ધ બુદ્ધિથી જ્યારે કોઇ વ્યક્તિ પોતાનો વ્યવસાય સ્થાપવાનું કામ કરતો હોય તો એ કેટલાં વર્ષની અંદર પ્રમાણિકતા સાબિત થાય? ૧ વર્ષ, ૨ વર્ષ, ૩ વર્ષ કે ૪ વર્ષે? ડો.બાબાસાહેબ આંબેડકરને ફરી યાદ કરું, કેમ કે ડો.બાબા સાહેબ આંબેડકર જમીનને ફકત એ આર્થિક ઉપાર્જનની બાબત નહોતા માનતા. તમારી પાસે જમીન હોય તો તમે આર્થિક ઉપાર્જન કરો. બાબા સાહેબ માનતા હતા કે જમીન આ દેશની અંદર સામાજિક હેસિયત નક્કી કરે છે. જમીનથી તેની સામાજિક હેસિયત નક્કી થાય છે. ગુજરાતની અંદર અનેક ગરીબોને કોંગ્રેસના સમયની અંદર સાથણીમાં જમીનો મળી. સાથણીમાં જમીનો આપવી તેમાં ખાસ કરીને ગરીબ સમાજ, અનુસૂચિત જાતિ સમુદાયના સમાજો હોય કે પછી અમારા આદિવાસી સમાજના ભાઇઓ હોય તેને સાથણીમાં જમીનો મળી. છેલ્લા ૨૦ વર્ષની અંદર ...

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સાહેબ, સાંથણીની જમીનને આ બિલને શું લેવા દેવા?

શ્રી નૌશાદ ભ. સોલંકી : સાહેબ, બિલ પર જ આવું છું.

અધ્યક્ષશ્રી : એમનું એવું કહેવું છે કે, આ બિલ લાવીને આ જમીનો સરકાર શું કરશે**?** પણ ઝડપથી આવો તમે જેના પર આવવા માગતા હોવ તે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમારા મુદ્દા પર આવો. સાંથણીને અને આ બિલને કોઇ લેવાદેવા નથી. શ્રી શૈલેષભાઇ, શ્રી સી.જે, શ્રી પરેશભાઇ સમજાવો. આપણા બધાનો સમય જાય છે. આપણા બધાનો સમય જાય છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : બાપુ, આ ગૃહને એ સમજાવવા માગું છું કે,

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : શ્રી શૈલેષભાઇ, અમારી તો પછેડી છે એટલે અમારે બેસવું જ પડે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : બાપુ, આપ આપનું સ્થાન લો. માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ ગંભીર બાબત છે. આ ગુજરાતના ગરીબ ખેડૂતોની ખેતીની જમીન બચાવવા માટેનું અભિયાન છે. આને મહેરબાની કરીને કોઇ હળવાશથી ના લે. અમારી લાગણીને સમજવાની કોશિશ કરે. આ સન્માનનીય ગૃહને અમે સમજાવવા માગીએ છીએ કે, પ્રસ્તુત વિધેયકથી આવનાર સમયની અંદર ગરીબોની જમીન છિનવવાનું કામ થવાનું છે. છેલ્લા વીસ વર્ષની અંદર કોંગ્રેસના સમયની અંદર જે લોકોને સાથણીમાં જમીન મળી હતી તેને એક યા બીજી રીતે તેના ઉપર શરતભંગના કેસ થયા. શરતભંગના કેસ કરીને તેને શ્રી સરકાર કરી દેવામાં આવી. કારણ શું માનનીય અધ્યક્ષશ્રી? કે ગરીબ લોકોને સાથણીમાં જમીન મળી છે, આજની તારીખે તેમની પાસે કબજો છે પરંતુ તેમની અજ્ઞાનતા એ હતી કે ૭-૧૨માં એન્ટ્રી કરાવતા ન હતા. ગરીબ અભણ માણસો હતા. દસ પંદર વર્ષ પછી કહ્યું કે આમની પાસે કબજો નથી, જમીન સંભાળેલી નથી તેમ કહીને જમીન શ્રી સરકાર કરી દીધી. આ વિધેયકની અંદર અનંતકાળ સુધી ઉદ્યોગપતિઓને જમીન એમને એમ આપી દેવાની વાત છે. આ વિધેયકની અંદર અનંતકાળ સુધી ઉદ્યોગપતિઓને ખેતીની જમીન આપી દેવાની વાત છે એટલા માટે હું આ વાત કરું છું. આ દલિત સમાજના લોકોની સાથણીની જમીન શરતભંગના કેસ કરીને તેમની પાસેથી છિનવી લેવામાં આવી. ત્યારે અમારા સમાજના એક વીર શહિદને તે જમીન પાછી મેળવવા માટે પોતાના જીવનું બલિદાન આપવું પડયું. ત્યારે સરકારે અમારી સાથે કરાર કર્યા હતા કે જે લોકોની આવી સાંથણીની જમીન શ્રી સરકાર થઇ હશે તેને અમે રિગ્રાન્ટ કરીશું. આ રાજયના છ-છ મોટા ઉચ્ચ અધિકારીઓએ સિગ્નેચર કરી હતી. તેમ છતાં આ રાજય સરકાર પોતાના વચનથી ફરી ગઇ છે. આજે પણ દલિતોને જમીન મળી નથી. માનનીય મંત્રીશ્રી તમારો વારો આવે ત્યારે બોલજો. માનનીય મંત્રીશ્રી તમારો વારો આવે ત્યારે બોલજો. તમારો સમય આવે ત્યારે ચોક્કસ બોલજો. આપનો સમય આવે ત્યારે બોલજો. માનનીય અધ્યક્ષશ્રી, આપને પૂરો મોકો આપશે.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી એક મિનિટ. પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ કલેરીફિકેશન. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પાસેથી જાણવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : ના, ના, કલેરીફિકેશન તમે કરો. પોઇન્ટ ઓફ કલેરીફિકેશન છે તે તમે કરો ને.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે છ શરતોની વાત કરે છે તેમાંની કોઇપણ શરત બાકી નથી.

અધ્યક્ષશ્રી : વાત પતી ગઇ, ચાલો આગળ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત રેકર્ડ પર લેવામાં આવે.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપર આવી ગઇ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત જે રેકર્ડ ઉપર આવી છે તો એના ઉપર આજે આપના માધ્યમથી આ રાજય સરકારને બે હાથ જોડીને વિનંતી કરવા માગું છું કે, જે માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે તેના ઉપરની ધારાસભ્યશ્રીઓની એક કમિટી ગઠન કરવામાં આવે અને તેમણે જે વાત કહી છે કે શરતો માની લીધી છે તે શરતો માની છે કે નહીં તેની ખાતરી ધારાસભ્યશ્રીઓની એક કમિટી કરે અને તેનો અહેવાલ આગામી વિધાનસભાના સત્રની અંદર રજૂ થાય અને તેના ઉપર....

અધ્યક્ષશ્રી : એની એક પ્રક્રિયા છે તે માનનીય શૈલેષભાઇને આપ પૂછી લેજો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી એટલે કહું છું. મારી વાત આગળ ધપાવું, અમારા સમાજના એક વીર શહીદને.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ટ્રેન સીધે સીધી ચાલે છે તો રસ્તામાં શા માટે ચેન ખેંચો છો? એને સીધી પહોંચવા દો મારા સુધી. મને ઉદ્ધેશીને કહો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે અમારા સમાજના એક વીર શહીદને જીવતે જીવતા પોતાની જાતને જલાવીને પોતાના એક જમીનના ટૂકડા માટે જે લડત ચલાવવી પડી એની વાત હું આપની સમક્ષ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદજી, એ જમીનની વાત તો આવી ગઇને? આ વાત આવી ગઇ, હવે નવી વાત લાવો, આજે છેલ્લો દિવસ છે એટલે મારે વધારે તકરાર થવા દેવી નથી. તમે મુદ્ધા પર આવી જાવ. (અંતરાય)

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને કહું છું કે તમારો સમય આવે ત્યારે બોલજો અમસ્તા તમે કાયમ બોલતા જ હોવ છો, સાંભળવાની ધીરજ રાખો. માનનીય અધ્યક્ષશ્રી, અમે નવા ધારાસભ્ય છીએ એટલે ભૂલી જઇએ તો પાછું નવેસરથી થોડું આગળથી ચાલુ કરવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા સમાજના એક વ્યક્તિને જમીનના એક ટૂકડા માટે પોતાની જાનનું બલિદાન કરવું પડ્યું અને તમારા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારને એક વ્યક્તિના જીવનું મૂલ્ય નથી એ આ વિક્ષેપ કરીને સાબિત કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદા ઉપર આવું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મહેરબાની કરીને કોઇ બોલતા નહીં, માનનીય નૌશાદભાઇ જે વિગત કહી રહ્યા છે એ શાંતિથી સાંભળીએ, સમજવાનો પ્રયત્ન કરીએ ના સમજાય તો બેસી રહો પણ વચ્ચે બોલશો નહીં.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, થોડું રીપીટ કરવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, હું વિધેયક ઉપર આવું છું. ગણોત ધારામાં જે લોકોને ઉધોગ સ્થાપિત કરવો હોય તો એ કોઇ ખેડૂત પાસેથી જમીન સીધી ખરીદી શકે છે, બે પ્રકારે ખરીદી શકે છે, એક જે આમાં કલમ–૫૫ની અંદર સુધારો કર્યો છે અને એક ૫૪(ખ) પ્રમાણે. એક એ જમીન ખરીદી અને પછી એક મહિનાની અંદર એ કલેકટરશ્રીને જાણ કરે અને પછી એ પોતાની જમીન ઔધોગિક હેતુ માટે એ એન.એ. કરવા માટેની પ્રોસેસ કર અને ૫૪(ખ) હેઠળ એ કલેકટર પાસેથી પૂર્વ મંજૂરી લઇ પ્રાપ્ત કરે, આ જમીન ઔધોગિક હેતુ માટેની છે અને એને કલેકટરશ્રી પરવાનગી પણ આપે. આ જમીન ખરીદ કર્યા પછી અમૂક સમય મર્યાદામાં આ જમીનને એન.એ. કરવાની થાય. બાપુ, હું ભૂલ કરતો હોવ તો સુધારજો. આ જમીન ખરીદ કર્યા પછી ઔધોગિક એકમે અમૂક સમયમાં એન.એ. કરવી પડે અને બે વર્ષ પછી કદાચ વર્ષ કે બે વર્ષમાં, પણ બે વર્ષ પછી જો એણે એન.એ. ના કરી હોય તો અમૂક દંડ લઇ અને એને પાછા બીજા ત્રણ વર્ષની મુદત આપવામાં આવે અને પાંચ વર્ષ પૂરા થાય ત્યાં સુધીની અંદર જો એણે પોતાની ઔધોગિક પ્રવૃતિ શરૂ ના કરી હોય તો આવી જમીન ખાલસા કરવામાં આવે. આ જૂની જોગવાઇ હતી, આ જૂની જોગવાઇ એટલા માટે હતી કે કોઇ માલેતુજારે પોતાના પૈસાના બળથી ગરીબ પાસેથી જો જમીન લીધી હોય અને જો એ આધોગિક પ્રવૃતિ ન કરે, શુદ્ધબુદ્ધિથી જો એણે જમીન લીધી હોય તો પણ, પ્રમાણિકતાથી જો એણે જમીન લીધી હોય તો પણ પાંચ પાંચ વર્ષ સુધી આ ઉધોગકાર ઉધોગિક પ્રવૃતિ ચાલુ ન કરે તો એની જમીન ખાલાસા કરવામાં આવે અને મૂળ માલિકને એ જમીન પરત જાય છે, શ્રી સરકાર થતી નથી ઘણાં કિસ્સામાં શ્રીસરકાર થાય છે, પણ મૂળ માલિકને પરત જાય છે. એટલે આ પ્રસ્તુત વિધેયક એવું આવ્યું. કે આ પ્રસ્તૂત વિધેયકની અંદર ખૂબ સરસ ચતુરાઇ કરવામાં આવી કે ૭ વરસની એકંદરે મુદતે, હું વાંચું છું. કલમ–ર, પેટા કલમ–જમાં, ખંડ–ખ, વળી આવી ૭ વરસની એકંદર મુદત ખરીદનારે તે અર્થે કરેલી અરજી ઉપરથી પ્રવર્તમાન જંત્રીની કિંમતના ૨૦ ટકા રકમની ચૂકવણી કર્યેથી રાજ્ય સરકાર એને બીજા ત્રણ વરસ સુધી લંબાવી શકશે અને ત્યાર પછી દરેક ૩ વરસ માટે પ્રવર્તમાન જંત્રીના ૨૦ ટકા રકમની ચૂકવણી કર્યેથી રાજય સરકાર આવી મુદત વખતોવખત લંબાવી શકશે. આનો અર્થ શું થયો? કે આજે જંત્રીની કિંમત, બાપુ તો રેવન્યુના વકીલ હતા, એમને ખ્યાલ છે કે રેવન્યૂની જંત્રીની કિંમત અને માર્કેટની કિંમત વચ્ચે બહુ અસમાનતા છે અને કોઇ ઉધોગકારે આજે જમીન ખરીદી લીધી, પછી મામૂલી એવી જંત્રીના ૨૦ ટકા રકમ ૩ વરસ પછી ભર્યે જાય, ૩ વરસ પછી ભર્યે જાય, જે પાંચ વરસે ગરીબની જમીન લીધી હતી એ જમીન ખાલસા થઇ જતી હતી હવે એ મામૂલી રકમ ભરી ભરી અને આજીવન આ જમીનનો માલિક બની જશે. આ બીજા રસ્તે આ જમીન હવે એ ઉધોગપતિ પાસે જતી રહેશે.

જે જમીન બચાવવા માટે આ દેશના મહાન નેતાઓએ આ ગરીબની જમીન બચાવવા માટેનું જે કાર્ય કર્યું હતું એના ઉપર આ વિધેયક એની ભાવનાઓ ઉપર કુઠારાઘાત કરનારું છે. આ ૩-૩ વરસના વધારા ઉપરાંત એનાથી આગળ પણ વાત જાય છે, કે શુદ્ધબુદ્ધિ પૂર્વક ઔદ્યોગિક હેતુ માટે આવી જમીનનું વેચાણ કરવા અથવા એને તબદીલ કરવાની પરવાનગી આપવા માટે કલેકટરને અરજી કરી શકાશે. હવે નવી રમત ચાલુ થઇ. પહેલાં એ જમીન એની ખાલસા થતી હતી એને બચાવી લેવામાં આવી, હવે આ જમીન કઇ રીતે વેચી શકાય એની એને પરવાનગી આપવાની આ વિધેયકની અંદર છૂટ આપવામાં આવી છે અને એ કઇ રીતે? એ પણ સમજવા જેવું છે અધિનિયમની પેટા કલમ-૩ ખંડ-ગ અને પેટા ખંડ-૧ ની અંદર એમાં ઉલ્લેખ કર્યો છે, મુદત પૂરી થયા પહેલાં ૩ વરસની અંદર એટલે કે ૩ વરસ પૂરા થયા પહેલાં જો એને આ કાર્ય કરવું હોય તો એને જંત્રીના ૧૦૦ ટકા રકમ ભરી દેવાની. ફરીથી કહું કે જંત્રીની રકમ ખૂબ મામૂલી હોય છે. પછી એનાથી આગળ વધીએ કે જો ૩ વરસ પૂરા થઇ ગયા હોય અને ૫ વરસ બાકી હોય તો એને ૬૦ ટકા ભરવાના, હવે રકમ ઘટતી જાય, હવે એ ૩ વરસે શા માટે કરે? હવે એને પાંચ વરસમાં ૬૦ ટકા ભરવાના, પછી એ આગળ જાય અને પાંચ વરસ પૂરા થઇ ગયા હોય અને ૭ વરસ પૂરા ન થયા હોય તો હવે એને ૩૦ ટકા રકમ ભરવાની અને એથી આગળ જાય કે ૧૦ વરસ થઇ જાય આમ કરતા કરતા, તો પછી એણે જંત્રીના માત્ર ૨૫ ટકા રકમ ભરી અને ઉદ્યોગકાર આ જમીન વેચી શકશે. બાપુએ વાત કરી કે હેતુ નહિ સરે, સાચી વાત બાપુ, ઉદ્યોગકાર ઔદ્યોગિક હેતુ માટે જે જમીન વેચશે પણ આ વિધેયક પાછળનું સત્ય સમજવા જેવું છે કે આ ગુજરાતની અંદર, આ ગુજરાતના બજેટ જેટલી પોતાની એસેટ્સ છે, પછી એ રિલાયન્સ હોય કે અદાણી હોય કે ટાટા હોય, અઢળક સંપત્તિ છે એ લોકો પાસે. આવા ઉદ્યોગકારો ગુજરાતની તમામ જમીન ખરીદવા માટે સક્ષમ છે. આ ગુજરાતની તમામ જમીન અને દસ વરસ થાય પછી આ જંત્રીના તો ૨૫ ટકા જ લેવાના છે. પરંતુ આ જંત્રીના ૫૦૦ ટકા કહોને તો પણ એ ચૂકવી દે અને આ ગુજરાતની અંદર એક ઇંચ જમીન નાના ઉદ્યોગકાર માટે, નાના વેપારી માટે બચવાની નથી. આ ખૂબ ગંભીર વિષય છે. આ ગુજરાતની અંદરથી નાના ઉદ્યોગકારોને નામશેષ કરવાની આ એક પ્રકારની પ્રવૃત્તિ છે. આના ઉપર આપણે બધાએ બ્રેક મારવી પડશે. જો * (xxx) હોઇએ આપણે આ ગાંધીજીને આપણી નજર સમક્ષ રાખીને કાયદાઓ ઘડતા હોઇએ,

અધ્યક્ષશ્રી : * (xxx) હોય એ શબ્દ કાઢી નાખવામાં આવે છે, આપણે ગુજરાતી જ છીએ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી હોવું અને ગુજરાતીપણાનું ગૌરવ હોવું આ બાપુની નીચે આપણે સૌ બેઠાં છીએ. બાપુએ આ દેશને જે સ્વતંત્રતા અપાવી અને એ સ્વતંત્રતાના માધ્યમથી આ દેશના ગરીબોને જે જમીન ટૂકડે ટૂકડે મળી છે તે જમીન આ દેશના અમુક ઉદ્યોગપતિઓ પાસે જતી રહેશે અને જે આપણાં નાના નાના ઉદ્યોગકારો છે જે સાચુ જીડીપી છે, સાચો ગ્રોથ રેઇટ છે, જયાં સાચુ એમ્પ્લોઇમેન્ટ છે, જયાં રોજગારીનું સર્જન થાય છે એ ઉદ્યોગકારો નામશેષ થઇ જશે અને જો એમને ઉદ્યોગ સ્થાપવો હશે તો હવે એમને સરકારની જરૂર નહીં પડે. *(xxx) અને તેનાથી એક પ્રકારની મોનોપોલીનું વાતાવરણ આ દેશની અંદર સર્જાશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કાયદાઓની લેબોરેટરી છે. એક વખત ગુજરાતની અંદર આ પ્રકારનો કાયદો પસાર થયો ત્યાર પછી ધીરે, ધીરે, ધીરે આ દેશની અંદર આ પ્રકારની પ્રવૃત્તિ થશે અને જે અમીરો અને ગરીબો વચ્ચેની ખાય છે તે ઔર આ દેશની અંદર પેદા થશે. અને જે પ્રકારે અસંતોષનું વાતાવરણ, જે પ્રકારે આક્રોશનું વાતાવરણ આ દેશના યુવાનોની અંદર છે જે પ્રકારે આક્રોશનું વાતાવરણ આ દેશના ખેડૂતોની અંદર છે, જે પ્રકારે આજે મામુલી નોકરીની અંદર ૧૦-૧૦ લાખ મારા ગુજરાતીઓ આજે લાઇનમાં ઉભા રહે છે તે પરિસ્થિતિ આવનારા સમયની અંદર મહા બિમારીનું સ્વરૂપ ધારણ કરવાની છે ત્યારે આની સામે આપણે સૌએ જાગૃત થવું પડશે. આપના માધ્યમથી આ ગૃહના હું એક એક સભ્યોના ચરણોમાં વંદન કરું છું કે મહેરબાની કરીને આ બિલ ઉપર પુનઃવિચારણા કરો. આ બિલ ઉપર ફરીથી એક વખત વિચારણા કરો અને જરૂર જણાય સુધારા કરવા હોય ઉદ્યોગો માટે તો ચોક્કસ કરો તેમને પૈસાની કોઇ કમી નથી. આ શુદ્ધબુદ્ધિપૂર્વક જમીન ખરીદનારાઓને પૈસાની કોઇ કમી નથી. તેને જમીન આપો, જમીન આપવી જોઇએ, ઉદ્યોગો આવવા જોઇએ, જી.આઇ.ડી.સી.ઓ બનવી જોઇએ કોંગ્રેસના સમયની અંદર જે જી.આઇ.ડી.સી.નું નેટવર્ક આખા ગુજરાતની અંદર ઉભું કરવામાં આવ્યું તે કઇ રીતે ઉભું થયું ? આજે જે ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરની વાત કરી છે અમદાવાદથી લઇને વાપી સુધીનું તેનું રોજનું ટર્નઓવર કેટલું ? આ ગુજરાત આખું નભતું હોય તો એ કોરીડોર ઉપર નભે છે. ભારતીય જનતા પાર્ટીના શાસનની સૌથી પહેલી જી.આઇ.ડી.સી. આ વર્ષે પ્રથમ મારી વિધાનસભાની અંદર તે મંજૂર થઇ. આ આટલા બાવીસ વર્ષના શાસનની તેમની સિદ્ધિ. હું આપને આપના માધ્યમથી આ વિધેયકની અંદર એક બીજી બાબત ખૂબ ચિંતાજનક ઉજાગર કરવા માંગું છું આ વિધેયક ૨૬મી જુલાઇ, ૨૦૧૯ના દિવસે આ વિધેયક આ સન્માનીય ગૃહની અંદર આવ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય નૌશાદભાઇ, આપના ચાર સહાયકો બાજુમાં છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : જી, માનનીય અધ્યક્ષશ્રી, મને તેનાથી ખૂબ ઉર્જા મળે છે, મને તેનાથી ખૂબ સહકાર પ્રાપ્ત થાય છે અને કયાંય પણ હું મારો ટ્રેક ભૂલું તો મને તેનાથી એટલો બધો સંતોષ પ્રાપ્ત થાય છે એટલે હું આપના માધ્યમથી તેમનો પણ આભાર માનું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૬મી, જુલાઇના દિવસે આ વિધેયક પ્રસ્તુત થાય છે અને આ વિધેયકનો અમલ કયારથી થશે ? આ છેલ્લા પાને બાપુ, આની અંદર ચતુરાઇ છે બિન ખેતી વિષયક હેતુ માટે આ જમીન રૂપાંતરને લગતી જોગવાઇઓ, પ્રસ્તુત જમીન તારીખ ૩૦મી જૂન, ૨૦૧૫ના રોજ અથવા તે પહેલાં નિર્દિષ્ટ કરેલી સખાવતી હેતુ માટે રજિસ્ટર થયેલી ધાર્મિક, શિક્ષણ, આરોગ્યના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રની સંસ્થાઓ સહિત આવી સંસ્થાઓને ખરીદી લેવી હોય તેને લાગુ પડશે. શા માટે માનનીય અધ્યક્ષશ્રી? આ ૩૦ જૂન,૨૦૧૫ શા માટે ? શા માટે ૨૦૧૬ નહિ, શા માટે ૨૦૧૭ નહિ, શા માટે ૨૦૧૮ નહિ, શા માટે ૨૦૧૯ નહિ. વર્ષ ૨૦૧૯માં તમે વિધેયક લાવ્યા છો અને ૨૦૧૫ શા માટે? કોઇ મને આની પાછળનું તાત્પર્ય સમજાવે. એની પાછળનો તર્ક શું છે? શું કોઇ ખાસ વ્યકિતને આ ખાસ સમયે એનો લાભ આપવા માટે આ વિધેયક લાવવામાં આવ્યું છે? ખૂબ ગંભીર બાબત છે. વર્ષ ૨૦૧૫થી વર્ષ ૨૦૧૯ને આજે ચાર વર્ષ થઇ ગયા. આ વિધેયક પાછળ ખૂબ વિચારવું પડે એવું છે. આ વિધેયક પાછળ ખૂબ મોટી ચતુરાઇ છે. આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ ચતુર શબ્દને ખૂબ પ્રાધાન્ય આપે છે. બાપુને પણ એ ચતુર કહેતા હતા. આ ૩૦ જૂન, ૨૦૧૫ની માત્ર સ્પષ્ટતા કરે. તમે આ જે વિધેયક લાવ્યા છો તો શા માટે આટલી પાશ્ચાતવર્તી અસર આપ છો? એનું શું લોજિક છે. બહુ લાંબી વાત નથી કરવી પણ મેં જે ચિંતા વ્યક્ત કરી છે એ ખૂબ વાજબી છે. આપણા દેશના સૈનિકો હોય, માજી સૈનિકો હોય એ ખૂબ નાની ઉંમરે નિવૃત્ત થઇ જતાં હોય છે અને નોકરી માટે ખૂબ સંઘર્ષ કરતાં હોય છે. એના માટે આપણે નિયમ પણ બનાવ્યો છે કે એ જો નિવૃત્ત થાય તો એને સાથણીમાં જમીન આપીએ છીએ. આજે કારગીલ દિવસે અમે ભાજપ અને કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ સાથે મળીને એમ.એલ.એ. ક્વાર્ટરમાં કારગીલ દિવસની ઉજવણી કરી અને જ્યારે ઉજવણી કરતાં હતા ત્યારે અમે બધાં એક સાથે એક રાજ્ય હતા. પક્ષાપક્ષી જે હોય એ પણ જ્યારે દેશની વાત આવે ત્યારે અમે બધાં એક છીએ. અમારામાં કોઇ ભેદ નથી અને જ્યારે – જ્યારે આ દેશને જરૂર પડે છે ત્યારે આ દેશના મહાન નેતાઓ એક થઇ અને એક અવાજે, એક સૂરે વાત કરે છે. બાપુ એમના પ્રવચનમાં માહિતી આપે. એમને તો તરત જ માહિતી મળી જશે. અમને તો જલદી માહિતી મળતી નથી. મારે હમણાં વિશેષાધિકાર સમિતિને એક પત્ર લખવો પડ્યો. સાત–સાત મહિના સુધી મારા પત્રનો જવાબ નહોતો મળ્યો. જે જવાનો નિવૃત્ત થાય છે એને સાથણીની જમની આપવાની જોગવાઇ હોવા છતાં આપણે જમીનો આપી શકતા નથી. બાપુ, સ્પષ્ટતા કરે કે કેટલા જવાનોની અરજી પેન્ડીંગ છે? કેટલા સમયથી એમની જમીનની માગણીઓ પેન્ડિંગ પડી છે? ખાલી ભાષણો, ખાલી વાતો કરવાની? આનાથી અમને સંતોષ નહિ મળે. નક્કરમાં નક્કર કાર્યવાહી અને શુદ્ધ બુદ્ધિપૂર્વકનું વિધેયક અમે માગીએ છીએ. આપના માધ્યમથી હું આ ગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓને બે હાથ જોડીને વિનંતી કરું છું કે આ વિધેયક પાછું લેવામાં આવે. એના ઉપર પુખ્ત વિચારણા કરવામાં આવે અને ગહન વિચારણાના અંતે પુન: આ બિલ પાછુ લાવે અને ફરી ખલિલ જિબ્રાનના શબ્દોમાં કહું કે, ''સંસારમાં માત્ર બે જ તત્ત્વો છે, સંસારમાં માત્ર બે જ તત્ત્વો છે. એક સૌંદર્ય અને બીજું સત્ય. સૌંદર્ય પ્રેમીઓના હૃદયમાં હોય છે અને સત્ય ખેડૂતના બાવડામાં હોય છે. જયહિન્દ. આપનો આભાર અધ્યક્ષશ્રી.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૯નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપું છું.

માનનીય મંત્રી સાહેબ આ કાયદાની જોગવાઇ અને એનો થતો અમલ અને એનો સુધારો બહુ સ્પષ્ટ રીતે એમણે સન્માનીય સભાગૃહની અંદર આપના માધ્યમથી બધાને સમજાવ્યો અને વાચી પણ સંભળાવ્યો છે. બહુ સ્પષ્ટ વાત છે કે કઇ જમીન અને કઇ જમીનની અંદર આ કાયદાની અંદર સુધારો કરવામાં આવ્યો છે. જે જગ્યા ઔદ્યોગિક એકમોને બોનાફાઇટ દસ્તાવેજથી કે જેણે કિંમતની ચૂકવણી કરી, જે કિંમતની જમીન ખેડૂતો પાસેથી અથવા જેની પાસે જગ્યા હોય એ માલિક પાસેથી જે ખરીદી છે એ સાત બારની અંદર નામ ચડ્યું મામલતદાર કચેરી દ્વારા એન્ટ્રી સર્ટિફાઇડ થઇ છે. પ્રાંત અધિકારી એના ઉપર કલેકટર આ બધાની અંદર જે જમીન બોનાફાઇટ સર્ટિફાઇડ થઇ હોય એવી જમીનો માટે કાયદો ઘણા વર્ષોથી અમલમાં હતો. સમય અનુસાર આ કાયદામાં પરિવર્તન કરવામાં આવ્યું છે. કોંગ્રેસ શાસન વખતે ફેરફાર થયા એ પછી ભારતીય જનતા પક્ષની સરકાર આવી એમાં પણ જમીનને લગતા અનેક સુધારો જે આપણે વિચાર્યા પણ નહોતા એવા સુધારો અમારી ભારતીય જનતા પક્ષની સરકાર લાવી છે. આ કોઇ ગરીબ પરિવારની જમીન હડપ કરવાનું કામ આ કાયદાની જોગવાઇમાં નથી. માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીએ બહું વાત કરી માનનીય મંત્રીશ્રી જવાબ આપશે પણ એક બે વાત એટલા માટે કરવી છે. પૂજ્ય મહાત્મા ગાંધી અને વિનોભા ભાવે જેમની જોડે જમીન નહોતી એ પરિવાર માટે બીજા પાસેથી ભીખ માગીને એ પરિવારોના ગુજરાન માટે જમીન આપી હતી એ જમીનોનું આની અંદર લાગતુ વળગતું કયાંય સ્પષ્ટ થતું નથી એવું હું પોતે માનું છું.

રાજય સરકારે એટલે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે દિવ્યાંગોને સરકાર હસ્તકની જમીનમાંથી પાંચ ટકા જમીન આપવાનો કાયદો કર્યો છે અને એનો અમલ મારા મત વિસ્તારની અંદર આજે થયો છે. એની સાથો સાથ માજી સૈનિકો છે એને પણ જમીન આપવાનો કાયદો રાજય સરકારે કર્યો છે. એમાં પણ જયાં જરૂર પડે ત્યાં મારા વિસ્તારની વાત કરું તો પાંચ માજી સૈનિકોને જમીન અપાવવાનું કામ કલેકટર જોડે રહીને કર્યું છે. કાયદાની જોગવાઇમાં જેમની જમીન ખરીદી હોય ઔદ્યોગિક હેતુ માટે જમીન ખરીદી હોય પહેલાના કાયદામાં સ્પષ્ટ વાત કરી છે. દસ વર્ષ પછી આ જોગવાઇ પ્રમાણે એ ફરીથી જો

ગણોતધારા કલમ-૬૩ મુજબ ફરીથી મોજણી માગે તો સરકારમાં એની જોગવાઇ નહોતી અને એનું અર્થઘટન ખોટું પણ થતું હતું. આ જગ્યા શ્રી સરકાર થાય તેવું કયારેય બનતું નથી. ખોટા બોનાફાઇટ દસ્તાવેજની અંદર કોર્ટના જજમેન્ટો છે, નીચલી કોર્ટ નહિ ઉપલી કોર્ટમાં જેણે કિંમત ચૂકવી છે એણે આજ નહિ તો કાલે ફરીથી એને માલિક બનાવવામાં આવે છે. તેવાં અનેક જજમેન્ટો છે. આ વસ્તુ ખાલી એટલા માટે સુધારો લાવ્યા છે કે ગુજરાત આખા દેશની અંદર ઔદ્યોગિક ક્ષેત્રે ગ્રોથ એનજીન બન્યું છે. માનનીય મંત્રીશ્રીએ બહુ સ્પષ્ટ વાત કરી છે. વર્ષ ૨૦૦૦ પહેલાં કયાંક નાન- મોટા ઉદ્યોગો સ્થાપાયા હતા. પણ ઔદ્યોગિક નીતિના સ્પષ્ટીકરણના અભાવે કયાંક ઔદ્યોગિક ઇન્ડસ્ટ્રીઝવાળા ઔદ્યોગિક સાહસિક એવા વેપારીઓને ગુજરાતની અંદર એની નીતિ મત્તાના ધોરણોમાં મુશ્કેલ થવાના કારણે એ વખતે મહારાષ્ટ્ર, તામિલનાડુ કે કર્ણાટકા હોય એની અંદર ઉદ્યોગો ફૂલ્યા ફાલ્યા હતા.

ગુજરાતમાં જયારે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને આજના દેશના લોકપ્રિય વડાપ્રધાન. એમણે ગુજરાતના ખેડૂતોની ચિંતા કરી, ગુજરાતના છેવાડાના માનવીની ચિંતા કરી, ખેડૂત એને ખાલી પાણી આપવાથી નહીં, એની ઉત્પાદિત આઇટમો એટલે કે જે પાક પકવે એનું પૂરેપૂરું વળતર મળે એના માટે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માટે ઔદ્યોગિક નીતિનું સરળીકરણ કરવા માટે એમણે આ કાયદાની જોગવાઇ કરી હતી. વર્ષ ૨૦૦૩ની અંદર વાયબ્રન્ટના આધારે ગુજરાતનો ગ્રોથ આખા દેશની અંદર એક મોડેલ તરીકે આજે પ્રસ્થાપિત થયું છે. જો એમની ટકાવારી કરીએ તો આજે ડી.જી.પીના અને વૃદ્ધિ દરની અંદર જે ૧૦ ટકા હતો તે ૨૫, ૩૦ અને ૩૫ ટકા સુધી પહોંચ્યો છે. આ ઔદ્યોગિક એકમોના આધારે આજે ગુજરાતનો જે વિકાસ છે એને આભારી છે. કયારેક ખેડૂત લક્ષી યોજના કરવી જોઇએ. પણ એની આવકથી ગુજરાતનો વિકાસ થવાનો નથી, ગુજરાતનો વિકાસ ઔદ્યોગિક એકમોના આધારે જ થાય છે. આ જોગવાઇ જે કરી છે એમાં કોઇની જમીન પડાવી લેવાની કોઇ ઉદ્યોગપતિ કોઇની જગ્યા લઇ લેવાના એવું કયારેય બનવાનું નથી. ગમે તે સભ્યને આ કાયદાની જોગવાઇ છે એ બોનાફાઇડ દસ્તાવેજ અને એની અંદર પણ જેનું સાત-બારની અંદર નામ દાખલ થયું છે માલિક તરીકે જે ઇન્ડસ્ટ્રીઝ દાખલ થઇ છે એની જગ્યામાં જેણે ૬૩-ડ હેઠળ મંજૂરી લીધી હોય અને સમય પ્રમાણે ઉદ્યોગ સ્થાપી શકયા ન હોય અને એને પહેલાં સાત વર્ષ પછી ત્રણ વર્ષ, તેના પછી જે જોગવાઇ ન હતી એ જોગવાઇમાં સુધારો કરવા માટે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા જે બિલ લઇને આવ્યા છે, એમાં હું મારું સમર્થન આપું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં મારો વિચારો રજૂ કરું છું.

મુખ્યત્વે તો ગુજરાતમાં ત્રણ કાયદા ગણોતને લગતા હતા. ગુજરાતમાં ગુજરાત ગણોત વહીવટ અને ખેતી જમીનનો કાયદો, સૌરાષ્ટ્રમાં સૌરાષ્ટ્ર ખેડ જમીનનો કાયદો અને કચ્છમાં. આ ત્રણ કાયદામાં જે બોનાફાઇડ પરચેઝર છે એને કઇ રીતે જમીન આપવી, જમીન આપ્યા પછી ઉદ્યોગ ન સ્થાપે તો કઇ રીતે એને મુદત વધારી આપવી એ ત્રણે કાયદામાં જુદી જુદી કલમોમાં જે હતું એમાં આ સરકારે સુધારો કર્યો. મારી મર્યાદા એ છે કે હું મહેસૂલી અધિકારીમાંથી આવું છું. નાયબ કલેકટર ગણોત તરીકે પણ કામગીરી કરી છે વિશેષ... (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાચું જ બોલાશે, એમ!

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બોલવું જ પડશે. પણ બોનાફાઇડ પરચેઝર માટે આ રાજયમાં ઉદ્યોગો સ્થાપવા રાજયના કે બહારથી ઉદ્યોગપતિઓ આવે એ ખેડૂત ન હોય તો જમીન ન ખરીદી શકે પણ ૬૩-ડ ની એક જોગવાઇ છે કે કે બોનાફાઇડ પરચેઝર હોય તો અને ઇન્ડિસ્ટ્રીયલ ઝોનમાં જમીન આવતી હોય તો ખેડૂત પાસેથી ખેડૂતની કિંમતે ખરીદે. જેની સાત-બારમાં એન્ટ્રી પડે અને માનનીય અરવિંદભાઇએ કહ્યું એમ માલિક બને. પણ ખેડૂત તરીકે નહીં બોનાફાઇડ પરચેઝર તરીકે. હવે ત્રણ વર્ષની અંદર તેને આ ધંધો શરૂ કરવો પડે. કોઇ કારણો આવ્યા ન કરી શકયો. વાયબ્રન્ટ ગુજરાતમાં સહીઓ થાય, એમ.ઓ.યુ થાય. એમ.ઓ.યુ. થયા પછી જમીનમાં સાત-બારમાં એન્ટ્રી પડે પછી કોઇના વાંધા આવે. એવા ઘણા બધા કારણો ઉભા થાય. વળી કોઇના વાંધા આવે, અને ઘણા બધા કારણો ઉભા થાય અને ૩ વર્ષે ધંધો શરૂ ન કરી શકે, તો પાંચ વર્ષ, સાત વર્ષ, દસ વર્ષ પછી તેમને કોઇ સંજોગો વસાત એ જમીન વેચવી છે તો કયા સમયે અરજી કરે છે તેના અનુસંધાને તેનું પ્રિમિયમ નક્કી કર્યું છે, જંત્રી પ્રમાણે તેનું પ્રિમિયમ નકકી કર્યું છે, આમાં બોનાફાઇડ પરચેઝરની જગ્યાએ એમણે જે શુદ્ધબુદ્ધિ પૂર્વક શબ્દ વાપર્યો છે તેની સામે બહુ વાંધો પડયો છે. અમુકે ચતુરાઇ કહ્યું છે, પણ વાસ્તવમાં હું એક સનદી અધિકારી તરીકે કહું છું કે એમાં ગુજરાત એક ઇન્ડસ્ટ્રિયલ સ્ટેટ છે, અને ઇન્ડસ્ટ્રીમાં પણ ગુજરાત સ્ટેટ બીજા ક્રમાંકે છે એ બીજા ક્રમાંકેથી આપણો નંબર પાછળ ન ધકેલાઇ જાય અને ગુજરાત ખેતી વાડીની સાથે, ખેડૂતોની સાથે સાથે ગુજરાત ઇનડસ્ટ્રીમાં પણ આગળ વધે તેની ચિંતા જેમ કોંગ્રેસની સરકારોએ જી.આઇ.ડી.સી.ની સ્થાપના તાલુકે તાલુકે કરી હતી, અંકલેશ્વરમાં, વાપીમાં, છત્રાલમાં, વટવામાં, નરોડામાં, નારોલમાં એમ આ સરકાર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવીને જુદા અભિગમથી, થોડો રાજકીય લાભ પણ મળે, એમણે પણ થોડું કામ કર્યું છે એવું પણ દેખાય, ભાજપ સરકારે કામ કર્યું છે એવું પણ દેખાય, એમની વાહ વાહ પણ થાય અને કામ થાય એવા એમના અભિગમ પ્રમાણે એ લોકો આગળ વધી રહ્યા છે, એટલે એમના અભિગમ પ્રમાણે આ સુધારા લઇને આવ્યા છે એવું હું ચોકકસપણે મનું છું એટલે એમાં વિશેષ ટીકા ટીપ્પણ કરવી નથી. પરંતુ જે ઇન્ડસ્ટ્રીયાલીસ્ટો છે એ ખરેખર બોનાફાઇડ ધંધો કરવા આવે છે તે તો ધંધો શરૂ કરી દે છે. વાયબ્રન્ટમાં એમનું એમ. ઓ. યુ. થઇ જાય પછી ૩ વર્ષની અંદર ધંધો શરૂ જ કરી દે છે. પણ એક બીજો પાર્ટ ઇન્ડસ્ટ્રીના બદલે જમીનનો ધંધો

કરવા આવે છે, કે હું આ બહાને જમીન લઇ લઉં, જમીન લઇ લઉં પછી ઇન્ડસ્ટ્રીઝ મારાથી થતી નથી, તો તમે આ મંજૂરીની મુદત ન વધારી હોત તોય એ લોકો આ જમીન દાખલ સરકારી પડતર થતી હતી એવું માનતા હોય તો ખોટું છે. એ જે કંપનીના નામે જમીન ખરીદી હોય તે કંપનીના ડિરેકટર બદલાઇ જાય, કંપની તો ચાલુ ને ચાલુ જ રહે, એટલે બોનાફાઇડ ધંધો કરનાર એમાં દાખલ થઇ જતો હતો. પરંતુ આવું પણ નોટબંધી પછી શકય ન બન્યું અને ધંધાઓ પડી ભાંગવા માંડયા ત્યારે ખરેખર એ લોકો મુશ્કેલીમાં મુકાયા. હવે એ મુશ્કેલીમાંથી બહાર કાઢવા જયારે સરકારે ખરેખર વિશ્વાસ આપ્યો હોય ત્યારે આપણી ફરજ બને છે કે માણસે ઇન્ડસ્ટ્રીઝ સ્થાપવા માટે પૈસા ખર્ચ્યા છે આપણે ત્યાં એ ભોગ બન્યો છે અને અહીં આવ્યો છે પણ સ્થાપી શકતો નથી, વ્યાજબી છે, તો તેને જંત્રીના અમુક ટકા લઇને ફરીથી મુદત વધારી આપો તો ખરેખર એનો ધંધો શરૂ કરી શકે, અને ધંધો પડી ન ભાંગે અને એ બિલકૂલ બેહાલ ન થઇ જાય એ સારી ઉમદા ભાવનાથી આપે કર્યું છે. પરંતુ તેનો કેટલાક ઇન્ડસ્ટ્રીયાલીસ્ટો લાભ ઉઠાવે છે એ ન ઉઠાવે તે પણ બાપુ સાહેબ, આપ છો એટલે ચોક્કસપણે તેનું ધ્યાન રાખજો અને મને વિશ્વાસ છે કે રાખશો જ. તો આ બિલને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ચાવડાજી, એમને એક પ્રશ્નનો જવાબ પણ આપી દો ને તો કોઇને અહીંથી બોલવાનું જ ન રહે. માનનીય નૌશાદજીએ કીધું જેમ જેમ વર્ષો વધે તેમ તેમ ઘટે કેમ એ એમનો પ્રશ્ન છે, એ બાબતમાં આપ કંઇ પ્રકાશ પાડો તો મને ગમશે.

ડો. સી. જે. ચાવડા : પછી માનનીય મંત્રીશ્રીને કંઇ કહેવાનું નહીં રહે.

અધ્યક્ષશ્રી : એટલે જ મેં કીધું કે અહીંથી જ પૂરું થાય.

શ્રી રાઘવજીભાઇ હ. પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક ૧૯, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક લાવ્યા છે તેને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. માનનીય મંત્રીશ્રીએ આ બિલ લાવતાની સાથે સાથે આ બિલના જે હેતુઓ હતા તે હેતુઓ વિષે વિગતવાર સ્પષ્ટીકરણ કર્યું છે અને હું માનું છું ત્યાં સુધી સમગ્ર સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ તેના હેતુઓ સાથે સંમત હોય, હું આમાં વધારે ચર્ચા કે દલીલ કરવા માગતો નથી. પરંતુ આ વિધેયકને મારું હૃદયપૂર્વકનું સમર્થન આપું છું અને સાથો સાથ ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તમામ સભ્યો આ બિલને સમર્થન આપે અને સર્વાનુમતે પાસ કરે.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા(દિઓદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગણોતધારાનું બિલ લઇને આવ્યા છે. ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ થાય તેના માટે કાયદો લઇને આવ્યા છે તેમાં મને વાંધો નથી. ઉદ્યોગોની સ્થાપના વધારેમાં વધારે થાય તેમાં સૌનું સમર્થન હોય કે વિકાસમાં કોઇ આડે આવે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કરવી છે કે લાખણી તાલુકાનું વકવાડા ગામ. વર્ષ ૧૯૯૭ની સાલમાં આદિવાસીઓને ગરીબ કલ્યાણ મેળામાં સનદ આપવામાં આવી છે. આજ દિન સુધી સ્થળ ઉપર કબજો આપ્યો નથી. વર્ષ ૧૯૯૭થી આજ સુધી વર્ષ ગણો. ગરીબ કલ્યાણ મેળામાં સનદ ન આપી તો આટલા દિવસો સુધી ગરીબ લોકોને પ્લોટ ફાળવવામાં ન આવતા હોય તો વિકાસ કઇ રીતે ગણવો?

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું. લાખણી તાલુકાનું જસરા અને અમીપુરા બે ગામ. ૨૦૧૫ની સાલમાં પૂર આવ્યું, ૨૦૧૭ની સાલમાં પૂર આવ્યું, ગામ તણાઇ ગયા. ૨૦૧૭ની સાલમાં હાલના મુખ્યમંત્રી જાતે આવીને મુલાકાત લઇ ૧૦૦ કુટુંબોને નવું ગામતળ મંજૂર કરી આપું છું એમ કહીને ટેકરા માથે ટેન્ટમાં બેસાડ્યા છે, આજ સુધી ટેન્ટમાં બેઠાં છે. તેને પ્લોટ કે કોઇ પણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી નથી. ૧૦૦ કુટુંબો અત્યારે એમને એમ ખરાબામાં બેઠાં છે. હવે તો ટેન્ટ પણ સડી ગયા હશે. આ વર્ષ કઇ રીતે ગાળશે એ પણ મુશ્કેલી છે. તો મારી વિનંતી છે કે ઉદ્યોગો ગમે એટલા આવે પણ ગરીબો ઉપર થોડી નજર રાખવી જોઇએ. કારણ કે આવા લોકોને આશરો ન આપીએ તો વિકાસ થયો ગણાય નહીં.

બીજું, નાયબ મુખ્યમંત્રીશ્રીને રીકવેસ્ટ કરું છું કે મારો એક રોડ છે આગથાથી લાખણી. ધાનેરાથી બે તાલુકાને જોડતો રોડ છે. તે પણ વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭ના પૂરથી જર્જરિત થઇ ગયો છે. બે તાલુકાને જોડતો નાનો રોડ છે તો તેને પ્રાયોરિટી આપીને રિપેરીંગ કરીને ૧૦ મીટર પહોળો કરી આપે એટલી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય નીતિનભાઇ, અમારા શ્રી શીવજીભાઇનો રસ્તો બનાવી દો. એટલે તમને ટેકો આપે છે. આગલી સીટમાં જાવ, તમને ટેકો આપે છે અને હું પણ ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ ખાતાના ઇન્ચાર્જ પ્રધાન શ્રી ભૂપેન્દ્રસિંહ આ બિલ લઇને આવ્યા છે તેમાં મારા સૂચનો સાથે અમારા શ્રી નૌશાદભાઇએ ઘણી બધી વાતો કરી. હું પણ આપની પાસે આ બાબતના જે ઉદ્દેશો લઇને આવ્યા છો તેને સમજી અને આ બિલને પાસ કરવા માટે વિનંતી કરવા માટે ઉભો થયો છું. ગુજરાત જયારે સ્વતંત્ર થયું ત્યારે મહાગુજરાત, મહામુંબઇ આપણું રાજય હતું અને સૌરાષ્ટ્ર રાજય હતું. સૌરાષ્ટ્રમાં તે વખતે તે વખતના આગેવાનોએ ઘરખેડનો કાયદો અમલમાં લાવવા માટે જહેમત ઉઠાવી હતી અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઘરખેડનો કાયદો અમલમાં આવ્યો હતો. ગણોતનો કાયદો એટલે આપણું ગાયકવાડ રાજ. વડોદરા સ્ટેટ તેને ગણોતના કાયદા અમલમાં આવ્યા હતા અને જે ખેડૂતો તેમને ત્યાં મજૂરી કરતા કોઇ ગણોત હોય તેમનો અધિકાર મળે એટલા માટે ખેડે તેની જમીન. આ કાયદા તે વખતમાં અમલમાં હતા.

કોંગ્રેસે આ દેશને સ્વતંત્રતા અપાવી પછી રાજપા સત્તાસ્થાને આવ્યા અને આઠ કિલોમિટરનો કાયદા ઉપર એટલા માટે તે વખતે પ્રતિબંધ મૂકયો હતો કે ખેડે એની જમીન અને ખેડે એને જમીન મળે તે માટે પ્રતિબંધ મૂકયો હતો. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આઠ કિલોમિટરનો કાયદો ઉઠાવ્યો, ઉઠાવો તો ભલે ઉઠાવ્યો એની હું વાત નથી કરતો પણ મારે કહેવું છે કે ખેડે એની જમીન, જેણે પોતાની જમીન ખેડી અને કામગીરી કરી હતી એવા કેટલા ખેડૂતો આઠ કિલોમિટરથી વધારે જમીન ખરીદી છે એનો આંકડો માનનીય મહેસૂલ મંત્રી આપી શકશે ખરા? ઉદ્યોગોમાંથી પૈસા કમાણા છે અને ઉદ્યોગમાંથી પૈસા કમાણા છે અને એ લોકોએ જમીન ખરીદી છે ત્યારે પાછલી તારીખથી કોઇને પ્રિમીયમમાં રાહત આપવા માટેની જે બાબત લઇને આવ્યા છે તેમાં અમને શંકા ઉભી થાય છે. શ્રી નૌશાદભાઇએ બહુ વ્યવસ્થિત રીતે આ બાબતમાં સમજણ આપી છે. હું પણ માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવા માગું છું, ૩૦મી જૂન ૨૦૧૫ના રોજ અને તે પહેલા નિર્દેશ કરેલી સખાવતી હેતુ માટે રજીસ્ટર્ડ થયેલી ધાર્મિક, શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે કામ કરતી સંસ્થા સહિત આવી જમીનમાં, આવી સંસ્થાઓમાં ખરીદેલી હોય તેને લાગુ પડશે. શિક્ષણ એટલે પ્રાયવેટ સ્કૂલ, જયાં ત્યાં પ્રાયવેટ સ્કૂલ ખુલી ગઇ છે એમને આ લાભ આપવા માગો છો? કારણ કે એને લાભ આપવા માગતા હોવ એવું એટલા માટે લાગી રહ્યું છે. (અંતરાય) શિક્ષણ આવેજ ને? ચેરીટી જ હોય છે શિક્ષણ. તમે આમાં બિલમાં ઉદ્ધેશમાં લખ્યું જ છે, તા.૩૦ જૂન ૨૦૧૫ના રોજ અથવા તે પહેલાં તેમાં નિર્દિષ્ટ કરેલી સખાવતી હેતુ માટે રજિસ્ટર થયેલી ધાર્મિક, એ ધાર્મિક રજીસ્ટર કેવી થાય છે, આ આસારામ બાપુએ કોઇ ધાર્મિક રજસ્ટ્રેશન કરાવ્યું છે તો એને લાભ આપવા માગીએ છીએ આપણે? ધાર્મિક કોને આપણે કહીએ છીએ? શિક્ષણ એટલે પ્રાયવેટ શિક્ષણ. જયાં ત્યાં શાળાઓ ખૂલી ગઇ છે. ઉંચી ઉંચી ફી લઇ રહ્યા છે. ગરીબ માણસોના દીકરા ભણી નથી શકતા. એ પ્રકારની પરિસ્થિતિ થઇ રહી છે. એને આપણે લાભ આપવા માગીએ છીએ? કે પ્રાઇવેટ હોસ્પિટલો થઇ રહી છે એ પ્રાઇવેટ હોસ્પિટલોમાં ઉંચી ફી લેવાય છે. કોઇ દર્દી હોસ્પિટલમાં જાય છે અને પછી એ મરી જાય તો પણ એની પાસેથી ફી ઉઘરાવવામાં આવે છે. શું એવી સંસ્થાઓને આપણે લાભ અપાવવા માગીએ છીએ એ આ બાબતમાં સ્પષ્ટ થતું નથી. ખેડે એની જમીન.(અંતરાય)ચેરીટી એટલે કોઇ આરોગ્ય ક્ષેત્રે ચેરીટી કરે, રીલાયન્સનું પણ ચેરીટી ટ્રસ્ટ છે. આજે અનિલભાઇ અંબાણીની રીલાયન્સ કંપનીને રૂપિયા નવ હજાર કરોડમાં બ્લેક લિસ્ટ જાહેર કરી. આઇડીબીઆઇના ચેરમેને હમણાં સ્ટેટમેન્ટ આપ્યું, હું વાંચીને આવું છું. રૂપિયા નવ હજાર કરોડમાં એમને કરપ્ટ જાહેર કર્યા છે. એનું પણ કોઇ ચેરીટી ટ્રસ્ટ ચાલતું હશે. એમને આપણે આ લાભ આપવા માગીએ છીએ? એટલે હું જાણવા માંગું છું કે મને આમાં બહુ મોટી શંકા ઉભી થાય છે. આવી મોટી શંકા ઉભી થાય છે ત્યારે ધાર્મિક અને શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રની કઇ કઇ ટ્રસ્ટો છે? એમને આપણે પાછળની અસરથી લાભ અપાવવો છે? મારે તો ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોને પણ કહેવું છે માત્ર પાર્ટીના હિતને માટે કદાચ તમને મેન્ડેટ મળ્યો હોય કે તરફેણમાં કરવું. પરંતુ ગરીબ માણસોની જમીન ઝૂંટવી લઇને આવી મોટી સંસ્થાઓને જો પાછળની ઇફેકટથી આપવા માગતા હોય તો તમારે પણ તમારા આત્મા પ્રમાણે વિચારવું જોઇએ. એટલા માટે હું કહેવા માગું છું. બાપુ, આજે તો શ્રી કૌશિકભાઇ સારા થઇને આવ્યા હતા. આ બધી સંસ્થાઓને પાછળની ઇફેકટથી જમીન આપવા માગીએ છીએ ત્યારે એવી કઇ કઇ સંસ્થા, શું શું કામગીરી કરે છે તેની પણ આ વિધાનસભાગૃહમાં સ્પષ્ટતા કરવામાં આવે. આટલી વિગતો જાણવા માટેની સ્પષ્ટતા સાથે આ બિલને આ જ પ્રકારે જો મંજૂર કરવા માગતા હોવ તો એનો સખત વિરોધ કરું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું બાપુ કે અમારા વિસ્તારમાં માલિકીની જમીન અને જે નકશામાં બેઠેલી સાંથળીની જમીન, ટીપણમાં એમાં જે ટાવર આવે છે એ સાહેબ કોઇનું સાંભળતા નથી. ખેડૂતોને વળતર પણ આપતા નથી. કચ્છી મંત્રીશ્રીને અને અમારા પ્રભારીશ્રીને મળવા કચ્છના બધા ખેડૂતો આવ્યા હતા અને અત્યારે ૩૦૦ જણા ઉપવાસમાં બેઠા છે તો એમને વળતર મળે અને પછી કામ ચાલુ કરે એવી મારી આપશ્રીને વિનંતી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન સુધારણા કાયદો સુધારણા માટે લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ચુડાસમા સાહેબ બિલ લઇને આવ્યા ત્યારે વાત કરતા હતા કે પહેલા જમીનના ભાવ ન હતા. એક ખેડૂત સાઇકલ લઇને આવતો હતો અને પંકચર પડે એટલે ચાલતો આવતો અને લેટ પહોંચતો. અત્યારે એમના દીકરા અમારી મિટીંગમાં ઇનોવા લઇને આવે છે. આવતા હશે. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ખેડૂતો સુખી થઇ ગયા છે અને એમના દીકરા ગાડીઓ લઇને ફરતા થયા છે એ તમારો કહેવાનો ઉદ્ધેશ હતો. બાપુ, આપણે બધાએ વાસ્તવિકતા કબૂલવી પડે. દા.ત. ગણોતની વાત આવે ત્યારે રાજયની અંદર સામાન્ય વર્ગના માણસો ક્યાંક મારા કે તમારા ઘેર જમીન ખેડતા હતા અને ગણોતના કારણે એ જમીનના માલિક બન્યા હતા. જેની પાસે જમીન ન હતી એવા માણસો આ કાયદાના કારણે ગુજરાતમાં ખેડૂત બન્યા. ૨૨ વર્ષ પહેલા જેમ અમારા શ્રી વિરજીભાઇએ કહ્યું તેમ ૮ કિલોમિટરનો કાયદો ઉપડી ગયો અને નાના નાના ખેડૂતો ફરી પાછા બિન ખેડૂત બની ગયા, ખેતમજૂર બની ગયા અને ૮ કિલોમિટરનો કાયદો છૂટો કરવાથી ચોક્કસ જમીનના ભાવો વધ્યા છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. જે જમીનના ભાવ લાખ બે લાખ રૂપિયા કે ૫ હજાર ૧૦ હજાર રૂપિયા હતા એ અમદાવાદથી ૫૦ કે ૧૦૦ કિલોમિટરના એરિયામાં કરોડો રૂપિયાના ભાવ થઇ ગયા. આના કારણે ખેડૂતો જમીન વેચવા પ્રેરાયા. એ વેચીને વધારે પૈસા આવ્યા એની ગાડીઓ ખરીદીને ખેડૂતનો દીકરો આવતો હશે. પીડા આપણા બધાની છે. આ પીડામાંથી કોઇ બાકાત નથી. અમદાવાદની આજુબાજુમાં ૯૦ ટકા જમીનો હું કદાચ ખોટો ન હોઉં તો લગભગ એમાં મારા

સમાજની હતી. એ ૯૦ ટકામાંથી ૮૦ ટકા જમીનો વેચાઇ ગઇ. ૮ કિલોમિટરના કાયદાના કારણે અમને શું વીતી છે એ અમને ખબર છે! તમને તો શું કહેવું બાપુ? (અંતરાય) શ્રી નીતિનભાઇ તો ખુશ થાય, એમને સાંભળવાની મજા આવે છે. આ વાત એટલા માટે કરું છું કે હું લગભગ પાછલા ૩-૪ વર્ષથી લડું છું. જે રીતે બાપુ આ કાયદો લાવ્યા, ઉદ્યોગપતિ પોતે ખેડૂત નથી. બીજા પાસેથી જમીન ખરીદીને એણે ઉદ્યોગ સ્થાપવાનો છે. ૬૩ (કક) પ્રમાણે એ જમીન ખરીદી શકે, કલેકટરની પરવાનગી લઇને ૭/૧૨માં આવી શકે. સમયમર્યાદામાં એ ઉદ્યોગની સ્થાપના ન કરે, કામ ચાલું ન કરે તો કલેકટરની પરમિશન લઇ એને સમય વધારી આપવો પડે. આ ઉદ્યોગપતિઓને એવી તકલીફ ના પડે એ પ્રમાણેની વ્યવસ્થાના ભાગરૂપે માનનીય બાપુ આ બિલ લઇને આવ્યા છે. ઉદ્યોગપતિઓની ચિંતા કરવી જોઇએ એમાં વાંધો હોઇ શકે નહિ. સાથે સાથે અમદાવાદની આજુબાજુના વિસ્તારની અંદર વર્ષોથી ઘણા બધા બિન-ખેડૂતો આવી ગયા હતા. એનો આંકડો તમે ગણોને તો ૧૦૦થી ૧૫૦નો થાય. અમદાવાદની અંદર રૂપિયા પાંચ-પાંચ, દસ હજાર કરોડના માલિકોને બિન ખેડૂતોને ખેડૂતો બનાવી દીધા અને કઇ રીતે બન્યાં? એના માટે સ્પેશ્યલ સરકારે વ્યવસ્થા ઊભી કરી કે આ જે કેસો ચાલતા હોય એમાં બોનાફાઇડ તરીકે એમનો હક્ક પહેલા ગણીને તેમને ખેડૂત ગણવા. શ્રી નીતિનભાઇ તમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે એના માટે વ્યવસ્થા ઊભી કરી. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ક્યાંક પાણી ના આવે તો પણ શ્રી નીતિનભાઇ, ક્યાંક વીજળી ના આવે તો પણ શ્રી નીતિનભાઇ, રોડ ના હોય તો પણ શ્રી નીતિનભાઇ. જે મારું ડિપાર્ટમેન્ટ નથી. મારે કોઇ લેવા દેવા નથી. સાહેબ, સબ રોગ કી એક દવા શ્રી નીતિનભાઇ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ માટે પ્રેમ એટલા માટે છે કે તમે ઝીણવટભરી તપાસ રાખો છો. ગઇ વખતે આપણી આ વિધાનસભાની અંદર એક બિલ પસાર કર્યું હતું તે વખતે આજના રાજ્યપાલ છે એ આપણા ચીફ મિનિસ્ટર હતા. એમના શાસનકાળ દરમ્યાન આ બિલ મંજૂર કરી, સમગ્ર ગુજરાત રાજ્યના તમામ મોટા મોટા બિન ખેડૂતોને તમે કાયદેસર ખેડૂત બનાવી નાખ્યાં. મારા કલોલના પણ ૧૦ દાખલા હતા. માનનીય અધ્યક્ષશ્રી, સાણંદ ખાતે ઈન્ડસ્ટ્રીયલ પાર્કની શરૂઆત કરવામાં આવી હતી. ચીનના વડાપ્રધાનશ્રી જીનપીંગ સાહેબ અને તત્કાલીન આપણાં મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન અમદાવાદના સાબરમતિના રિવરફ્રંટ પર બેય જણા ઝૂલા પર ઝોલા ખાતા હતા. ચાય પે ચર્ચા કરતા હતા અને ઇન્ડસ્ટ્રીયલ પાર્ક સાણંદની વાત કરતા હતા. બાપુ, મારે તમને એટલું પૂછવું છે કે, એમને આવે કેટલો સમય થયો? ક્યારે ઝૂલા ખાધા અને ક્યારે ઇન્ડસ્ટ્રીયલ પાર્કની વાત કરી? એટલું ખાલી તમારા જવાબમાં આપજો. આ તબક્કે જેટલી તમે ઉદ્યોગપતિઓની ખબર રાખો છો એની સામે વાંધો ના હોઇ શકે. સાથે સાથે હું તો બાપુની બાજુમાં જઇને વાત કરીશ. વાત એટલા માટે કરીશ કે બહુ ઉદ્યોગોની ખબર રાખવામાં ને રાખવામાં આપણે ચોખ્ખું ખાઇ પણ શકતા નથી, ચોખ્ખું પાણી પણ પી શકતા નથી. ચોખ્ખું અનાજ કે કોઇ પણ વસ્તુ ખાઇ શકતા નથી. એટલે એના કારણે ૨૦-૨૦, ૨૫-૨૫ વર્ષે ઢીંચણના સાંધામાં પણ દુ:ખાવો ચાલુ થઇ જાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠા બેઠા) : ફ્લોરાઇડવાળા પાણીના કારણે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ હું એટલા માટે કહું છું કે, આપણે પાણી પીવું હોય તો દુષિત પાણી પીવાનું, શાકભાજી ખાવી હોય કે રસોઇ ખાવી હોય તો પણ કેમિકલવાળી ખાવાની, કોઇ વસ્તુ આપણે ચોખ્ખી ખાઇ શકતા નથી. એટલે ઉદ્યોગો પાછળ બળ લગાડવા કરતા થોડી આપણા સ્વાસ્થ્ય પર ચિંતા કરો. આપણે બધાએ આવનારી પેઢીની થોડી ચિંતા કરવી પડશે. બધી ઉદ્યોગોની ચિંતા કર કર ના કરો. સામાન્ય મધ્યમ વર્ગના ખેડૂતોની પણ ચિંતા કરો. પાછલા બારણે જુદી જુદી રીતે ઉદ્યોગપતિ મોટા ઉદ્યોગકાર બને એમ આ રાજ્યનો ખેડૂત છે એ દિન-પ્રતિ-દિન બિનખેડૂત બનતો જાય એવી તમે કામગીરી ના કરો. એવી આ તબક્કે હું તમને વિનંતી કરું છું આટલું કરીને મારી વાત પુરી કરું છું અને આ બિલને હું સમર્થન આપી શકતો નથી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ(લીંબડી) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો હું કોઇ દિવસ બને ત્યાં સુધી હાઉસમાં બોલવાનો ટ્રાય નથી કરતો પણ આજે જયારે શ્રી ભૂપેન્દ્રસિંહની આબરૂ ખરાબ થાય છે મને એવું લાગે છે. અમે બંને જનસંઘમાં રહેલા છીએ. હું ૪૫ વર્ષ પાર્ટીમાં રહ્યો છું એટલે બાપુની આબરૂ ખરાબ થાય એ મને પોસાતું નથી એટલે બાપુને વિનંતી કરું છું કે તમે પાછલી તારીખના બદલે આજની તારીખ નાખીને આ લાવો તો આ મંજૂર થઇ જશે. બાકી આમાં તમારી આબરૂ ખરાબ થાય છે. જનસંઘની આબરૂ ખરાબ થાય છે માટે બાપુ, તમને વિનંતી કરું છું. આમ તો તમને ખબર છે કે હાઉસમાં કોઇ દિવસ બને ત્યાં સુધી તમારી સામે ના બોલું પણ આજે બોલવાનું મન એટલે થાય છે કે ૪૫ વર્ષ સાથે કામ કર્યું છે. ભા.જ.પા.માં ત્રણ વખત એમ.પી. થયો છું. ધારાસભ્ય વર્ષ ૧૯૮૫માં અહીંયા બેસીને કામ કર્યું છે. વર્ષ ૧૯૮૫માં જયારે કોઇ ભા.જ.પા.માં નહોતા ત્યારે હું જીતીને આવ્યો છું અને એટલા માટે બાપુ, તમારી આબરૂ ખરાબ થાય એ મને પોસાતું નથી અને આજની તારીખ નાંખીને આ બિલ પાસ કરો. બસ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જૂના સંસ્કાર કેવા બોલે છે (અંતરાય) તમારી જ વાત કરું છું. તમારા વખાણ કરું છું સાહેબ, મારા વડીલ છે એમના વખાણ કરું છું. ભા.જ.પા.નું તો બધાય રાખે એમણે તો જનસંઘને યાદ કર્યું એ બદલ એમનો આભાર માનું છું.

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

### ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૯

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, ટુંકમાં કહો. મુખ્ય મુદ્દો હોય એ કહી દો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન–૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૯–ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અને કાયદા સુધારા વિધેયક ૨૦૧૯ લઇ આવ્યા છે એનો વિરોધ કરવા માટે અને મારા સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. બિલ લઇને આવ્યા છે એમાં ત્રણ કાયદાઓ છે અને ત્રણેય કાયદાઓનું સંકલન કરીને આમાં સુધારો કરવા માટે લઇ આવ્યા છે. અહીંયા સૌરાષ્ટ્રનું પ્રથમ રાજય અને પ્રથમ મુખ્યમંત્રીશ્રી ઢેબરભાઇ અને શ્રી ઢેબરભાઇ એ વખતે કાયદો લઇ આવ્યા હતા કે ખેડે તેની જમીન અને ત્યારબાદ સૌરાષ્ટ્રમાં જમીનવાળા ખેડૂતો થયા. છેલ્લા વર્ષોમાં ભા.જ.પા. સત્તા ઉપર આવી ત્યારે વર્ષ ૧૯૯૫માં પ્રથમ વખત આ વિધાનસભામાં ૮ કિલોમીટરનો કાયદો દૂર કરવા માટેનો કાયદો લઇ આવ્યા અને દૂર કર્યો ત્યાર પછી આજ સુધી સમયાંતરે દિનપ્રતિદિન ખેડૂતોની સંખ્યા વધતી જાય છે અને ખેતમજૂરોની સંખ્યા વધતી જાય છે. પરિણામ આજે એ આવ્યું કે જે લોકો જમીનધારકો નહોતા એ આજે ૨૧૬ વિઘાના ખાતેદારથી લઇને આજે ૫૦૦–૫૦૦, ૧૦૦૦–૧૦૦૦ કે ૨૦૦૦–૨૦૦૦ એકરના માલિક થઇ ગયા છે અને ત્યારે ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ આ બાબતે વાત કરી છે એ વાતને હું દોહરાવીશ નહીં પણ એના ઉદ્દેશ અને એના કારણોમાં જે જણાવ્યું છે ત્યારે શ્રી ભૂપેન્દ્રસિંહજી, આપ સિનિયર, આપ વર્ષ ૧૯૯૦માં પ્રથમ વખત મંત્રીમંડળમાં હતા. શ્રી નીતિનભાઇ પણ હતા, હું પણ ધારાસભ્ય તરીકે ચૂંટાયેલો હતો. જનતા દળ અને ભા.જ.પા.ની મિશ્ર સરકાર હતી. આપના ઉપર વિશ્વાસ, જે રીતે તમે વિધાનસભામાં લાગણીસભર વકતવ્ય આપો છો ત્યારે ટાંચણી પડે તો પણ અવાજ આવતો હોય છે આટલું ધ્યાનથી અમે સાંભળતા હોઇએ છીએ, તમારા તરફ લાગણી અને માન છે ત્યારે લાગણી અને માન અને તમારી જે કામગીરી છે એના ઉપર વિશ્વાસ છે અને તમારા તરફથી જયારે આવું બિલ આવે ત્યારે બહુ જ શંકા ઉદભવે છે. શ્રી સોમાભાઇએ વાત કરી છે એ વાતને હું દોહરાવું છું. હું પણ લાગણીસભર આપને વાત કરું છું કે આપે અત્યાર સુધી જે કામગીરી કરી છે એ કામગીરી લોકોના હિતમાં કરી છે. ગુજરાતની પ્રજાના હિતમાં કરી છે પણ તમે બિલની અંદર બહુ સ્પષ્ટપણે ઉદ્દેશમાં છેલ્લો ફકરો જે કીધો છે એ અહીંયા બેઠેલા લોકો, ભા.જ.પા.ના મિત્રો બોલે કે ન બોલે પણ એના મનમાં શંકા તો છે. કે આ બાપુ ૨૦૧૫ શા માટે લઇ આવ્યા? તારીખ ૨૦૧૫ શા માટે? એટલા માટે અમે સ્પષ્ટપણે જાણવા માગીએ છીએ કે ધાર્મિકની તમે વાત કરી. રાજ્યમાં કોણ કોણ આવી ધાર્મિક સંસ્થા છે કે રાજ્ય સરકાર પાસે આવી રજૂઆત કરવા આવ્યા છે? ગુજરાત વિધાનસભામાં જાણવાનો અધિકાર છે અને તમારે કહેવું જોઇએ કે આ ધાર્મિક સંસ્થાઓ સરકારમાં છે? આશારામ બાપુ જેવી તો નથી ને? શંકા થાય છે. આજે ધાર્મિકતાના નામે વાત કરીએ તો શ્રી નીતિનભાઇ ઉભા થઇને કહેશે કે આ નવું ક્યાં લઇ આવ્યા? ધાર્મિકતાના નામે જે સંસ્થાઓ ચાલે છે. હું વધારે પડવા માગતો નથી. વાતાવરણ બીજી રીતે ઉભું થાય તે કરવા માગતો નથી. દાખલા સાથે પુરાવા સાથે કહી શકાય તેમ છે કે ધાર્મિકતાના નામે કેવી રીતે ચાલે છે? તે આપણે નજરની સામે જોઇ શકીએ છીએ. આપણા રાજ્યમાં ચાલે છે. ધાર્મિકતાના નામે ચાલે અને આપણે ચલાવી લઇએ છીએ. એની ચર્ચા કરીએ તો ઘણી બધી ચર્ચા થઇ શકે. આવી કંઇ સંસ્થા છે કે રાજ્ય સરકારને રજૂઆત કરી છે. તમારે ધાર્મિક શબ્દ વાપર્યો છે. બીજો શબ્દ શિક્ષણનો વાપર્યો છે. રાજ્યમાં કઇ શૈક્ષણિક સંસ્થા છે કે અગાઉ જમીનો ખરીદી છે એ કાયદેસર કરાવવા માટે સરકારનો સહારો લેવો પડ્યો છે. આરોગ્ય. આરોગ્યની કઇ સંસ્થાઓ છે કે રાજ્ય સરકારને રજૂઆત કરી છે. આરોગ્ય સંસ્થાઓની જે સંસ્થા છે તે લોકો માટે, ગરીબો માટે, કેવા પ્રકારની કામગીરી કરે છે. હજારો એકર જમીનો લઇ કાઇ નહિ કરવાનું અને પોતાના વ્યકિતગત સ્વાર્થ સાંધવા માટે આ પ્રકારની વાત કરવામાં આવી છે. સામાજિક ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા. મેં અગાઉ એક વખતે વિધાનસભામાં કહ્યું હતું ત્યારે પણ જ્યારે બિલ આવ્યું ત્યારે ગૌ શાળાના નામે વાતો થતી હતી. ગાય આપણી માતા છે. ગૌ શાળાના નામે જે સંસ્થાઓ ચાલે છે એ ગાયને કેટલી સાચવે છે? મારા વિસ્તારમાં ગૌશાળાની, પાંજરાપોળની જમીનો વેચાઇ ગઇ હતી. એ વાતને હું અહીંયા નહિ દોહરાવું. એ પણ સરકારના રેકોર્ડ ઉપર છે. નિયમ વિરુદ્ધ કાયદા વિરુદ્ધ કાયદાને નેવે મૂકીને સરકારનો સદુપયોગ કરીને સરકારમાં વગદાર લોકોનો સાથ અને સહકાર લઇ અને *(xxx) જે પ્રકારની સ્થિતિ નિર્માણ કરવામાં આવે છે તે કોઇપણ સંજોગોમાં ઉચિત નથી. છેલ્લે બે–ત્રણ–ચાર વર્ષોની અંદર મહેસૂલ વિભાગમાં જે પ્રકારે પરિપત્ર થયા છે. જે પ્રકારે સુધારા–વધારા કરવામાં આવ્યા છે. એ ગરીબ, નાના વર્ગના લોકોના હિતમાં કરવામાં આવ્યું હોય તે બરાબર છે. મોટા ભાગે આજે બિલ લઇને આવ્યા છે તેમાં જે શંકા ઉદ્ભવે છે તે અગાઉના પરિપત્ર થયા છે તે કયાંકને કયાંક કોઇકને મદદરૂપ થવા માટે, કોઇકના લાંબા સમયની ફાઇલો સરકારમાં પેન્ડિંગ પડી હતી, તેનો નિકાલ કરવા માટે મોટા ભાગના પરિપત્રો કરવામાં આવ્યા છે. નાના ગરીબ માણસ માટે નથી કરવામાં આવ્યા. આજે ગામતળ માટે ગ્રામ પંચાયતો મુશ્કેલીમાં છે. ગ્રામ પંચાયતમાં ગામતળ મંજૂર થતા નથી. એક વખત મંજૂર થઇ ગયા પછી બીજી વખત પેશકદમી થઇ ગઇ હોય તો પછી આપણે આપતા નથી. સતત પેશકદમી થયા કરે છે. એનો નિર્ણય રાજ્ય સરકાર કરતી નથી. છેલ્લા વર્ષોમાં પરિપત્રો અને સુધારા વધારા કરવામાં આવ્યા છે. એ જ પ્રકારે આ બિલ લઇ આવ્યા છે. સામાજિક સંસ્થાઓ કઇ છે કે રાજ્ય સરકાર પાસે આવી તમને રજૂઆત કરી છે. શિક્ષણ, ધાર્મિક, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રની અંદર કામ કરનારી સંસ્થાઓ માટે જે મદદ કરવા માટે આ બિલ લઇને આવ્યા છે અને આવી જે જે સંસ્થાઓ તમારી પાસે સરકાર પાસે રજૂઆત કરવા આવી છે તમારે બિલ લઇ આવવાની ફરજ પડી છે. એની

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તમામની વિગતો વિધાનસભા ગૃહને અને ગુજરાતની જનતાને જણાવવી જોઇએ તેવું સ્પષ્ટપણે માનું છું. આમાં મોટા પાયે આ બિલ પસાર કરશો તો ગુજરાતની અંદર મોટામાં મોટું આજના ઇતિહાસની અંદર આ મોટું જમીન કૌભાંડ હશે તેવું બહુ સ્પષ્ટપણે માનું છું, એટલા માટે હું આનો વિરોધ કરું છું.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને આ બિલના પ્રભારી ખૂબ અનુભવી માનનીય ભુપેન્દ્રસિંહ બાપુ વિભાગના કાર્યકારી પ્રભારી તરીકે આ ગૃહ સમક્ષ ગુજરાત ગણોત વહીવટ ખેતીની જમીન કાયદા સુધારા વિધેયક ૨૦૧૯ લઇને આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ આખા વિધેયકનું હાર્દ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ની કલમ-૬૩(કક), સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત અધિનિયમ ૧૯૪૯ની કલમ-૫૫ અને કચ્છ અને વિદર્ભ પ્રદેશ વહીવટ ખેતીની જમીન અધિનિયમની કલમ-૮૯(ક) આ ગૃહ સમક્ષ સુધારવા માટે આ બિલ આપની સમક્ષ આવ્યું છે. મેં આખા બિલનો ખૂબ અભ્યાસ કર્યો છે. સમયની મર્યાદા છે અને તે હું પણ જાણું છું એટલે મારે વિગતે ચર્ચા નથી કરવી પણ માનનીય મંત્રીશ્રીનું આપના મારફતે ધ્યાન દોરવું છે. ઉપરોકત ત્રણેય કાયદાઓ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ની કલમ-૬૩(કક), સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ અને ખેતીની જમીન વટહૂકમ અધિનિયમ ૧૯૪૯ની કલમ-૫૫ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કચ્છ અને વિદર્ભ પ્રદેશ અધિનિયમની કલમ-૮૯(ક)ની મૂળભૂત જોગવાઇઓ હતી તે મુજબ તા.૬-૩-૧૯૯૭ પહેલાં ગુજરાત રાજયની અંદર કોઇપણ બિનખેડૂત વ્યકિત કોઇપણ હેતુ માટે જમીન ખરીદી શકતો નહીં. સૂચિત સુધારા કાયદાથી ૧૯૯૭માં રાજયની કોઇ વ્યકિત બિનખેડૂત હોવા છતાં ઔદ્યોગિક હેતુ માટે ૧૦ હેકટરની મર્યાદામાં પૂર્વ મંજૂરી વિના વેચાણ દસ્તાવેજથી આવી જમીનો ખરીદી શકે તેવો સુધારો ૧૯૯૭ની અંદર આવ્યો. તેમાં જે મૂળભૂત કાયદો હતો તેની અંદર કલમ.૬૩(કક), કલમ.૫૫, અને કલમ.૮૯(ક) આ ત્રણેય કાયદાઓમાં ઉમેરવામાં આવી. મારે મૂળ જે કાયદો છે તે વર્ષ ૧૯૯૭નો અને તેમાં જે કાયદો સુધારવા સરકારે તે વખતે ધાર્યું હતું તે કાયદામાં ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ની ૬૩ નંબરની જે કલમ છે તેની અંદર પણ સરકારે કાયદાથી ઠરાવ્યું હતું કે કલેકટર પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી તેની ખરીદનારને સુનાવણીની તક આપ્યા પછી એવા નિર્ણય ઉપર આવે કે ખરીદનારે પેટા કલમ.૪ ના ખંડ-ખ માં પૂરી વિગત નથી લેતો. ખાલી એક પેરા જ મારે ટાંકવો છે. મારે વધુ સમય નથી લેવો. મુદત અથવા તે ખંડના પરન્તુક હેઠળ લંબાવેલી મુદતની અંદર ઔદ્યોગિક પ્રવૃતિ અથવા માલનું ઉત્પાદન અથવા સેવા પૂરી પાડવાનું શરૂ કરવામાં નિષ્ફળ ગયા છે. તો ખરીદનારે ચૂકવેલી કિંમતને લક્ષમાં લઇને કલેકટર નકકી કરે તેટલા વળતરની ખરીદનારને ચૂકવણી કરીએ, તમામ બોજામાંથી મુક્ત જમીન રાજય સરકારમાં નિહીત થઇ જશે તેવું ગુજરાત ગણોત વહીવટ ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮માં ઠરાવવામાં આવ્યું હતું. તે જ રીતે સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ અને ખેતીની જમીન ૧૯૪૯માં પણ મૂળ કાયદાની અંદર સંદર્ભિત કલમથી ઠરાવવામાં આવ્યું હતું અને વિદર્ભ અને કચ્છ પ્રદેશ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૫૮ની અંદર ઠરાવવામાં આવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૪૮, ૧૯૪૯, ૧૯૫૮માં બનેલા મૂળ કાયદા અને આ કાયદાની તાકાતથી વાવે એની જમીન, કેટલાય લોકો જે ઢેફું તોડીને ધાન પકવતા હતા એ જમીન ઉપર એનો અધિકાર થયો. આ જમીનથી ધાન પકવીને ભૂખ્યા લોકોના જઠરાગ્નિ ઠાર્યા અને આવી જમીનોમાં વર્ષ ૧૯૯૭માં પહેલી વખત જે ખેડૂતનો દીકરો જ જમીન લઇ શકતો હતો એને બદલે બિન ખેડૂતને પણ આવી જમીનો ઔદ્યોગિક હેતુ માટેનો દરવાજો ખોલવાનું કામ વર્ષ ૧૯૯૭માં થયું. વર્ષ ૧૯૯૭માં જે કલમો આપણે હળવી કરી, સુધારો કર્યો આજ એની અંદર પણ આપણે સુધારો કરવા જઇ રહ્યા છીએ. જેમણે ઔદ્યોગિક હેતુ માટે જમીન ખરીદી હોય અને તેમણે ખરીદીની તારીખથી ૩ વર્ષમાં ઉદ્યોગ ચાલુ કરવાનો અને ૫ વર્ષમાં પૂરો કરવાનો અને ત્યાર બાદ વધુ ૫ વર્ષ સુધીની મુદત વધારી આપવાની જોગવાઇ હતી આમ, કુલ ૧૦ વર્ષ સુધી આદ્યોગિક હેતુ માટે કોઇ ઉદ્યોગકાર કોઇ કારણોસર કાયદાકીય કારણોસર, યાંત્રીક કારણો હોય, નાણાકીય કારણો હોય, એનો ઇરાદો સાચો હોય પણ સમય સંજોગો સાથ ન આપતા હોય તો ૧૦ વર્ષ સુધી આપણે એને હેતુ સિદ્ધ કરવા માટે અવસર આપવાની જોગવાઇ કરી. એજ રીતે ભૂતકાળમાં ૨૦૦૦ રૂપિયા દંડની જોગવાઇ હતી એની બદલે જંત્રીના એક ટકા લેખે દર વર્ષે લેવાનું નક્કી કર્યું, બાપુ, રાજયની તિજોરીની આવકમાં વધારો થાય એવી જોગવાઇ કરી એને આવકારું છું. પણ માનનીય અધ્યક્ષશ્રી, આમાં તબક્કા પણ પાડ્યા છે, અમારા મિત્રોએ ચર્ચા કરી એ પ્રમાણે ૩ વર્ષ, ૩ થી ૫ વર્ષ, ૫ થી ૭ વર્ષ, ૭ થી ૧૦ વર્ષ અને પછી ૧૦ વર્ષ પછી દર ૩ વર્ષે કાવડિયા વસૂલીને સરકાર જે હેતુથી જમીન આપી હોય એ હેતુ સિદ્ધ ન કરે તો એ જમીન પરત લેવાનો જે મૂળ કાયદો હતો કે મૂળભૂત હેતુ જો સિદ્ધ ન થતો હોય તો શરતભંગ ગણીને આવી જમીનો ખાલસા કરવામાં આવતી, શ્રી સરકાર કરવામાં આવતી અને આવી જમીન જો ખાનગી ખેડૂતો પાસેથી ખરીદવામાં આવી હોય તો ભારતીય કાયદા અનુસાર આવી જમીનો સરકારે ચૂકવેલું જે તે સમયનું વળતર અથવા બજાર કિંમત બેમાંથી જે વધુ હોય એ લઇને એને મૂળ માલિકને રીગ્રાન્ટ કરવાની જોગવાઇ આ રાજયમાં આજે પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મુદાઓની ચર્ચા થઇ છે એટલે મારે સમય નથી લેવો. આખા બિલનો મેં ખૂબ બહોળો અભ્યાસ કર્યો હતો પણ અમારું સૌનું જે ભયસ્થાન છે એની વાત કરવી છે. ગુજરાત ક્યારેક સમગ્ર દેશમાં ગ્રોથ એન્જિન બનીને ઔદ્યોગિક વિકાસમાં નંબર ૧ અને નંબર ૨ની હરિફાઇ કરતું હતું પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે સમગ્ર ભારતમાં અન્ય રાજયોની સરખામણીએ આપણે વાઇબ્રન્ટ મહોત્સવ કર્યા, પતંગ મહોત્સવ કર્યા, રણ મહોત્સવ કર્યા,

નવરાત્રિ મહોત્સવ કર્યા, શા માટે? કે વિશ્વનો માણસ એ ગરવી ગુજરાતની ભૂમિમાં આવે, ગુજરાતને સમજે, ગુજરાતની નીતિઓને જાણે અને ક્યાંક આવનારો માણસ ચપટી ખર્ચીને જશે તો એમાંથી પાછું ગુજરાતનું અર્થતંત્ર ઉભું થશે. વાઇબ્રન્ટ–૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭ અને ૧૯ સુધી પહોંચ્યા, આપણે એમ.ઓ.યુ. કર્યા, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ. સરકાર એમ.ઓ.યુ.થી ફગી જાય તો પણ એ નકામું અને કોઇ રોકાણકારે આપણી સાથે એમ.ઓ.યુ. કર્યું હોય કદાચ એ એમ.ઓ.યુ.માંથી વિડ્રોલ થઇ જાય તો આપણું એ એમ.ઓ.યુ. મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ, સમજુતીનો કરાર. સમજુતીના કરાર ઉપર કરોડો રૂપિયાના ગુજરાતની અંદર વિદેશી રોકાણ થવાના છે આવી વાતો થઇ. સામાજિક આર્થિક સર્વેક્ષણ મેં ભૂતકાળમાં પણ ટાંક્યું હતું, મને વર્ષ પાકું યાદ નથી પણ જાન્યુઆરી ૧૯૮૩થી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીમાં કુલ રૂપિયા ૨.૭૪ લાખ કરોડનું રોકાણ આવ્યું એવું ગુજરાત સરકારનો સામાજિક આર્થિક સર્વેક્ષણ અહેવાલ કહે છે, હું નથી કહેતો. એ હું નથી કહેતો, સરકારના આંકડાઓ, આપણા આટલા પ્રયત્નો પછી પણ આપણે ઉદ્યોગકારોને આકર્ષવામાં નિષ્ફળ નિવડ્યા એની ખુદ સાબિતી આપી રહ્યા છે. જે બધા જ સભ્યોની ચિંતા છે, શ્રી નીતિનભાઇ નાણામંત્રીશ્રી છે, ટીંપે ટીંપે સરોવર ભરાય એમ દરેક પળે ક્યાંથી ભેગા થાય એ રાત દિવસ વિચારતા હશે. રાજ્યની તિજોરીમાં આવકો થાય, એનો પ્રજાને માટે ખર્ચો થાય, એ દરેક શાસકની ચિંતા હોય. પણ આ ગુજરાતની હજારો લાખ્ખો હેકટર જમીન આઝાદીના કાળે જે જમીનો બંજર પડી હતી એના માટે આપણે ખેડે એની જમીનનો કાયદો લાવ્યા એ એટલા માટે કે એ જમીનો ઉત્પાદનલાયક થાય આ બધી જ વાતનો સાર લઇને આવું તો વીતેલા પાંચ વરસમાં સતત એ આંકડાઓ સરકારના ચોપડા ઉપર પ્રસ્થાપિત થયા છે કે આજ ખેતીની જમીન ઘટતી જાય છે, ખેડૂતોની સંખ્યા ઘટતી જાય છે, એ ખેતીની જમીન જે ખેડૂતો છે એમાં નાના, સિમાંત અને મધ્યમ ખેડૂતો જે છે એ આપણું વર્ગીકરણ છે. ભાઇઓ ભાગે, જમીનના ભાગલા થાય એટલે નાના અને સિમાંત ખેડૂતો છે એની સંખ્યા પણ વધતી જાય. સરકારે આંકડા આપ્યા એ મારે અત્યારે ક્વોટ નથી કરવા, પણ લાખ્ખો ટન અનાજ, તેલીબીયાં અને કપાસનું ઉત્પાદન પણ ઘટ્યું એવું સામાજિક, આર્થિક સર્વેક્ષણે કહ્યું, તો આવતીકાલે આ ગુજરાત, ગુજરાતનો છેવાડાનો માનવી રાત્રે ભૂખ્યો ન સૂવે એના માટે ધાન પકવવાની ચિંતા સરકારે કરવી જોઇએ, ખેડૂતો કેમ વધે, ખેતીની જમીનનો વ્યાપ કઇ રીતે વધે, એનું ઉત્પાદન કઇ રીતે વધે, આપણે એની ચિંતા સામૂહિક રીતે કરવાનો સમય આવી ગયો છે. કમનસીબે ઔદ્યોગિક વિકાસની હરણફાળમાં ક્યાંકને ક્યાંક વાયબ્રન્ટ મહોત્સવના નામે લાખ્ખો કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા અને દેશી અને વિદેશી લોકોએ ગુજરાત સરકાર સાથે આપણા ખર્ચે અહીંયા આવીને, આપણી સાથે સમજૂતિ કરાર કર્યા, સમજૂતિ કરારના અનુસંધાને આવી ઔદ્યોગિક વસાહતો સ્થાપવા માટે આપણે આપણી જે પ્રજાની પરસેવાની કમાણી હતીને એ તિજોરી ખુલ્લી મૂકી. એને આપણે સસ્તા દરની જમીનની રાહતો આપી, એ ખરાબાની જમીન હોય, પડતર જમીન હોય, જેની દરરોજ ઉઠીને પૂજા કરીએ છીએ, જેમાં ૩૬ કરોડ દેવતાનો વાસ છે એમાં આજે ગાયો ભૂખે મરે અને ગૌચરની જમીન પણ આ સરકારે...

અધ્યક્ષશ્રી : જે લોકોને થોડી થોડી ઉંઘ આવતી હતી એ લોકોની ઉંઘ ઉડી ગઇ.

શ્રી પરેશ ધાનાણી: ગૌચરની જમીન પણ આવા સમજૂતિ કરનારા ઉદ્યોગપતિઓના હવાલે કરી, સામે ચાલીને આપણી જે સ્થાવર મિલકત છે, પ્રજાની મિલકત છે, સરકારી ખરાબો, સરકારી પડતર જમીન, સરકારી ગૌચર, સરકાર કોણ હું નહિ, તમે નહિ, આ ગુજરાતના ૬ કરોડ ૩૦ લાખ કરતાં વધુ લોકો એ સરકાર છે. ૬.૨૫ કરોડ ગુજરાતીઓની માલિકીની જમીન એ સવા છ કરોડ ગુજરાતીઓના વિકાસ માટે ઉદ્યોગોનો વ્યાપ વધે, ઉત્પાદનથી ગ્રાહકો વધે, ઉદ્યોગોથી રોજગાર વધે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ,

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં જ કહું છું. ટૂંકમાં જ મારે વાત કરવી છે. મારે લાંબો સમય લેવાનો નથી, મેં કલમ શરૂ કરી નથી. આ શ્રી નીતિનકાકાને કલમ પકડાવવાની ઇચ્છા લાગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, એમની ચોપડી આ બાજુ આપી દો,

શ્રી પરેશ ધાનાણી: મારી લાગણી એ હતી કે, આપણે કરમાં રાહત આપીએ, જમીનમાં રાહત આપીએ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે થઇને સહાય આપી અને તોયે ઉદ્યોગો ન વધ્યા, આ જ ગુજરાત અને સમગ્ર ભારતમાં ૪૫ વરસના ઇતિહાસમાં સૌથી વધુ બેરોજગારીનો દર છે. આજે પણ ગુજરાતમાં બેરોજગારીના કારણે કેટલાય યુવાનો તેનુ ભવિષ્ય ઓલવાઇ રહ્યું છે તે સરકાર નહીં સ્વીકારે પણ આ સત્ય છે બાપુ. અહીંયા નહીં સ્વીકારો પણ જમીન ઉપરની હકીકતોને હું કે તમે બદલી શકવાના નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ પ્લીઝ, બિલ ઉપર તમારે જે કહેવુ હોય તે કહેજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત માત્ર એટલી જ છે કે, આ જે બિલ લઇને આવ્યા છે બિલની અંદર કલમ ૨–૪ થી એક સ્પષ્ટીકરણ કર્યું છે શુદ્ધ બુદ્ધિપૂર્વકનો ઔદ્યોગિક હેતુ. શુદ્ધ બુદ્ધિપૂર્વક એમ.ઓ.યુ. દેશી અને વિદેશી કંપનીઓએ સરકાર સાથે કર્યા હતા. આવી કંપનીઓએ સીધી રીતે ખેડૂતો પાસેથી જમીન સંપાદન કરી હશે? આવા જ ઔદ્યોગિક એકમોએ કયાંય સરકારી ખરાબો, સરકારી પડતર કે સરકારી ગૌચરની જમીનનો પણ તેને રાહત દરે લાભ લીધો હશે ત્યાં એ લોકો લાખો કરોડો રોકવાના હતા, ઉદ્યોગ થવાના હતા અને મારા ગુજરાતના યુવાનને ૮૫ ટકા રોજગાર મળવાનો હતો. ૮૫ ટકા મળે કે નહીં તે બાપુ પછીની વાત રહી પણ મારી પાસે જે વિધાનસભાની અંદર આપેલા આંકડા છે તે આંકડાથી મારી વાત પૂરી કરી દેવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૧–૧–૨૦૦૬થી તા.૩૧–૧૨–૨૦૧૦માં આખાય રાજયના, બાપુ કહે તો જિલ્લાવાર આંકડા આપવાની મારી તૈયારી છે પણ મારે જિલ્લાવાર નથી જવું. (અંતરાય )

અધ્યક્ષશ્રી : માનનીય જગદીશભાઇ, અહીંયા આવી જાવ એવું કરો, પછી બધુ બોલો. એ નથી આપવા માગતા અને તમે એમને પંપ કરો છો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧–૧–૨૦૦૬થી તા.૩૧–૧૨–૨૦૧૦ સુધીમાં રાજયની સરકારી ખરાબો, સરકારી પડતર, સરકારી ગૌચર સહિતની જે જમીનો રાહત દરે ઉદ્યોગપતિઓને આપી તેનો કુલ સરવાળો મારે રકમમાં નથી પડવું પણ ૪૯૧ કરોડ ૫૫ લાખ ૮૯ હજાર ૩૮૫.૪૯ ચો.મીટર જમીન આ પાંચ વર્ષમાં રાજય સરકારે, રાજય સરકારની માલિકીની જમીનો આવા ખાનગી ઔદ્યોગિક એકમોને રાહત દરે ખોળે કરી છે, શું કામ? આ રાજયમાં ઉછરતું જે યુવાધન છે તેને રોજગારના દરવાજા ખુલશે. રોજગારના સપના તો આજ ગુજરાતનો યુવાન કહે છે કે અમારા સ્વપ્ના ઠગારા નીવડયા, અમને રોજગાર નથી મળતો. માનનીય અધ્યક્ષશ્રી, તા.૧–૧–૨૦૧૧ થી સરકારે વારંવાર લેખિત, અતારાંકિત, તારાંકિત પ્રશ્નોત્તરી છતાં પણ તા.૧–૧–૨૦૧૧થી તા.૧૭–૭–૨૦૧૭ સુધીમાં આવી કેટલી સરકારી ખરાબો, પડતર કે ગૌચરની જમીન ખાનગી ઉદ્યોગપતિઓને જંત્રીના ભાવે કે રાહત દરે આપી. આ આંકડા પણ જો માનનીય મંત્રીશ્રી ગૃહ સમક્ષ ગુજરાતની જનતાને જાણવા મૂકશે તો મને ગમશે.

માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૭–૭–૨૦૧૬થી ૨૦૧૭ અને ૨૦૧૮ એટલે કે બે વર્ષ તા.૧૭–૭–૨૦૧૯ની સ્થિતિએ બે વર્ષના આંકડા પણ પ્રશ્નોતરીમાંથી મારી પાસે ઉપલબ્ધ છે તે મુજબ ૧૩ કરોડ ૪૩ લાખ ૭૧ હજાર અને ૪૦૧ ચો.મીટર જગ્યા સરકારી ખરાબો, પડતર અને ગૌચરની જમીનો આવા ઔદ્યોગિક ગૃહોને, વેપારી ગૃહોને સરકારે આપી. બાપુ, આ બન્નેનો માત્ર સાત વર્ષનો સરવાળો ૫૦૪ કરોડ ૯૯ લાખ ૬૦ હજાર ૭૮૬ ચો.મીટર થયો. એટલે એક વર્ષનો હિસાબ કરીએ તો ૭૨ કરોડ ૧૪ લાખ ૨૨ હજાર ૯૬૯ ચો.મીટર થાય અને બાપુ, આપણે વર્ષ ૨૦૦૩માં વાયબ્રન્ટ ચાલુ કર્યું ત્યારથી આપણે ઉદ્યોગગૃહોને લાલ જાજમ બિછાવી અને સરકારી ખજાનો એ ઉદ્યોગપતિના હાથ આંબે ત્યાં સુધી ખુલ્લો મૂકયો. સરકારી મિલકતો જમીન છે તે જમીનો પણ તેને રાહત દરે આપી. આપણે કરની અંદર પણ એને રાહતો આપી. એક વર્ષે ૭૨,૧૪,૨૨,૯૬૯ ચો.મી. થઇ. આ વર્ષ ૨૦૦૩થી વર્ષ ૨૦૧૮ એટલે કે ૧૬ વર્ષનો હિસાબ કરીએ તો ૧૧૫૪ કરોડ ૨૭ લાખ ૬૭ હજાર ૫૧૧ ચો.મી. સરેરાશ જગ્યા ઓછામાં ઓછી થઇ હોવી જોઇએ. ભૂલચૂક લેવી દેવી. બાપુને વિનંતી કરીશ કે સત્તાવાર આંકડા આપે. માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યા જ્યારે સરકારે આપી ત્યારે ઉદ્યોગના હેતુ માટે આપી હતી. રાહતદરે આપી હતી. ગુજરાતના યુવાનોને રોજગારી મળે, એનો ૮૫ ટકા અધિકાર સ્થાપિત થાય એના માટે આપી હતી. ઉદ્યોગો ના વધ્યા, રોજગાર ના વધ્યો, ગુજરાતી યુવાનોનો ૮૫ ટકા હિસ્સો એ પણ ન જળવાયો. આ ઔદ્યોગિક હેતુ માટે જમીન આપી હતી એ ઉદ્યોગો ન સ્થપાયા પણ આ અંદાજિત સાડા અગિયારસો કરોડ ચો.મી. જમીન છે એમાં ક્યાંક જમીન વેચવાનો ઉદ્યોગ તો ફૂલશે, ફાલશે નહિ ને? એ આખા ગુજરાતને ચિંતા છે. જ્યાં ઉદ્યોગ ગૃહ સ્થપાવાના હતા એના બદલે આવા લોકો સરકારી તિજોરીમાંથી રાહતદરે લાભ લઇ અને ઉદ્યોગો ન સ્થાપે પાંચ વર્ષ, ત્રણ વર્ષ થાય તો કાંઇ વાંધો નહિ. બે વર્ષ થાય તો પણ વાંધો નહિ. પાંચના દસ કર્યા તોય વાંધો નહિ પણ આ તો દૂઝણી ગાયની જેમ ઉદ્યોગ થાય કે ન થાય, યુવાનોને રોજગારી મળે કે ન મળે પણ દર ત્રણ વર્ષે એમાં ૨૫ – ૨૫ ટકા વસૂલીને આ જમીન જીવનપર્યંત ક્યારેય સરકારી ચોપડે પાછી ન આવે એવી વ્યવસ્થા સરકાર શું કામ કરવા જઇ રહી છે? આ ગુજરાતનો સવાલ છે અને અપેક્ષા રાખું કે આવી રાહતદરે આપેલી જમીનો શરતભંગ થતી હશે તો આવી જમીન એની મુદ્દત વીતે ત્યારથી પરત લેવાને બદલે ક્યાંક કાયદેસરતા આપવાનો સાર તો સરકારમાં નથી ને એટલી જ વાત છે અને અપેક્ષા રાખીએ કે આ સ્પષ્ટતા સાથે જો માનનીય મંત્રીશ્રી બિલ લઇને આવશે તો મને ખુશી થશે. ગુજરાત ઔદ્યોગિક રાજ્ય છે. ફરી પાછું ગ્રોથ એન્જીન બને. એક – બે નંબરે લડતું હતું અત્યારે છઠ્ઠા નંબરે ધકેલાયું છે. વળી પાછું દોડમાં આગળ વધે. માનનીય ગૃહના નેતા અને નીતિનભાઇ ઉદ્યોગ સમિટમાં આવ્યા હતા. મેં ઉદ્યોગ ગૃહોને કીધું હતું, ગુજરાતી ઉદ્યોગપતિઓને કીધું હતું કે તમારે સરકારનો દરવાજો ખટખટાવવાનો. જેટલું પાટે ચડે એટલું ચડાવજો. અમારા માનનીય સી.જે.ચાવડાએ પણ કીધું કે ગુજરાતનો વિકાસ આગળ ધપે. ઔદ્યોગિક વિકાસ, ઔદ્યોગિક વિકાસથી ગુજરાતના યુવાનોની રોજગારીમાં અમારું હંમેશા સમર્થન હશે પણ વિકાસના નામે, સરકારના નામે સરકારી ખજાનો અને સરકારી જમીન ક્યાંક ઉદ્યોગપતિઓને આપણે કાયમી ધોરણે ગીરવે નથી મૂકી દેતાં ને એની સ્પષ્ટતા થાય એવી અપેક્ષા રાખું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો શ્રી સોમાભાઇ, શ્રી પુંજાભાઇને લાગણી બતાવવા માટે ખૂબ–ખૂબ આભાર. જીવનમાં અત્યાર સુધી ન તો આવું કામ થયું છે, ન થશે અને ન તો આવો કોઇ વિચાર આવ્યો છે કે ન વિચાર આવશે. કોઇએ પણ મારી ઉપર કે વિભાગ ઉપર કે સરકાર ઉપર કોઇ પણ પ્રકારની શંકા લાવવાની જરૂર નથી. એટલા માટે આજકાલ તો મિડિયા, આર.ટી.આઇ. નો જમાનો છે કોઇ પણ કયારેય પણ કંઇ પણ ખોટું કરી શકે જ નહિ. સૌ પ્રથમ છેલ્લી વાત પહેલા કરી લઉં કે સરકારી જમીન આમાં પોતે ખરીદેલી જમીન આખા બિલમાં કયાંય સરકારે આપેલી જમીનનો ઉલ્લેખ નથી. માનનીય નૌશાદભાઇ, એણે પૈસા લઇને વેચી હોય અને સરકારે આપી હોય એમાં બહુ ફેર છે. બંનેમાં ફેર છે. માનનીય પરેશભાઇ આપણે છ નંબરમાંથી એક નંબર ઉપર આવવું છે. એક નંબરનો અમે અભ્યાસ કરેલો છે બે નંબરનો

અભ્યાસ પણ કરેલો છે. કયાં વધારે રોકાણકારોને આકર્ષણ થાય ટકી રહે એના માટેના ઇન્સેન્ટિવ આપવામાં આવે છે અને આ ઇન્સેન્ટિવ માનું આ એક ઇન્સેન્ટિવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા બિલનો હાર્દ માનનીય ડો. સી. જે. ચાવડા સમજયા છે. બોનાફાઇડ પરપઝ છે કે જે પ્રમાણિકતાપૂર્વક પછી મેં શરૂઆતમાં કહ્યું હતું કે સાહેબ, પોતાના હાથના બહારના સંજોગોમાં કદાચ શરૂ ન કરી શકયા હોય તો પણ ફરીથી કહું છું કે આ ખરીદેલી જમીન છે સરકારી જમીન નથી અને આ કાયદો ખેડૂતો માટે આ અધિનિયમ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા સુધારા અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે એ રાજય સરકાર રાજયપત્રમાં જાહરનામાંથી નક્કી કરે તે તારીખથી અમલમાં આવશે આ ઉદ્યોગો માટે. હવે હું તમે બધાએ જે ગેરસમજ ઉભી કરવાનો પ્રયાસ કર્યો છે એની ચોખવટ કરું છું. જયારે આઝાદી મળી એ પહેલાની વાત છે. ગુજરાતનું કોઇ ગામ એવું નહિ હોય કે જયાં દાતાઓએ કયાંક શાળા, કયાંક આરોગ્ય, કયાંક ગૌશાળા કે પાંજરાપોળ આ બધી જ સામાજિક પ્રવૃતિઓ ચાલુ ન કરી હોય તે વખતે એમને સરકારી આ બધી જ પ્રક્રિયાઓ એક તો ઉત્સાહ હોય ગામની સેવા કરવાનો આનંદ પણ હોય ગામની સેવા કરવાનો, ભાવિ પેઢીને ભણાવવાનો ઉદ્ધેશ અને આનંદ હોય એ વખતે કદાચ એમનાથી સરકારી પ્રોસિઝર રહી ગઇ હોય એવા લોકો માટે તા.૩૦-૬-૧૫ પહેલા પૂર્વ પરવાનગી વગર થઇ ગયેલી જમીનોને ડિસેમ્બર, ૨૦૧૫થી ૧૬ જૂન સુધીમાં છ માસ દરમિયાન ચેરિટી એકટ હેઠળ નોંધાયેલ છ માસ દરમિયાન ચેરિટી એકટ હેઠળ નોધાયેલ એ પછી કોઇ મંદિર બંધાવેલ હોય ગામની જમીન છે બાંધી દો સરકારી પ્રોસિઝર ન કરી હોય, મેં કહ્યું મારા પિતાના નામથી શાળા બનાવો આ બધી બોનાફાઇડ છે એ ગૌશાળા, પાંજળાપોળ, શાળા, હોસ્પિટલ, મંદિર આ બધું બોનાફાઇડ છે એમાં પણ અમે બંધન નાખ્યું છે કે છ માસમાં ડિસેમ્બર, ૨૦૧૫થી જૂન, ૨૦૧૬ ચેરિટી એકટ હેઠળ નોંધાયેલ ધાર્મિક શૈક્ષણિક, આરોગ્ય અને શૈક્ષણિક સંસ્થાઓએ અરજી કરવાની રહેતી હતી પરંતુ આ સમય મર્યાદામાં અરજી ન કરી હોય તો એવી સંસ્થાઓને વધુમાં એક વર્ષ માટે આવી તા.૩૦-૬-૧૫ પહેલા ખરીદેલી જમીનોને એક વર્ષ માટે એન.એ.ની અરજી કરવાની મંજૂરી એમાં આપી છે આ પણ બોનાફાઇડ છે એ ૧૫મી જૂન તમે વાંચ્યુંને એનો ખુલાસો છે. માનનીય નૌશાદભાઇ, માનનીય વિરજીભાઇ, માનનીય પુંજાભાઇ આ તમે થોડું એને સમર્થન આપ્યું છે પણ આ ખુલાસા સાથે આનો લાભ આવી બોનાફાઇડ ધાર્મિક, સામાજિક શૈક્ષણિક સંસ્થાઓ માટે છે. કોઇ ઉદ્યોગકારો માટે નથી. ઉદ્યોગકારો માટે અમે પાછલી અસરથી આ બધી છૂટ આપીએ તો તમને ડાઉટ જાય.પણ એ કોઇ ઉદ્યોગકારો માટે નથી. આ માત્રને માત્ર આવી સંસ્થાઓ અહીં બેઠેલાઓના તમારા બધાના ગામની અંદર પણ આવી સંસ્થાઓ હશે. આવી સંસ્થાઓ કે જેઓ ભૂતકાળમાં સરકારી પ્રોસિઝરમાં ન પડયા. એવા ગામો અને એવી રજૂઆતો તમે કહ્યું કે લીસ્ટ આ બધું લીસ્ટ તમને આપીશ. ઓન રેકોર્ડ તમે કહેશો એમ તમને પણ આપીશ. અહીંયાંથી હું કમિટ કરું છું કે જે કોઇ રજૂઆતો આવી હશે. આ રજૂઆતમાં અમને એમની પ્રમાણિકતા લાગી એમણે જે કામ કર્યું છે એમાં નિસ્વાર્થ લાગ્યો, પોતાનો કોઇ સ્વાર્થ નથી. ગાયો માટે કે પાંજરાપોળ માટે છે, બાળકો માટે છે, દિકરીઓની શાળા કોલેજો માટે છે કોઇ મંદિર માટે છે એમાં પોતાનો સ્વાર્થ કયાં આવ્યો. એવા લોકોને અને એમાં પણ કોઇ વર્ષ ૨૦૧૦ અને વર્ષ ૨૦૦૦ નહીં શ્રી પરેશભાઇ, આમાં જે સમય મર્યાદા કહી છે એમાં નોંધાયેલો હોય તેના માટે છે.

બીજું, તમે વિનોબા ભાવે આંદોલનમાં મળેલી જમીન આ એકટમાં આ બોનાફાઇડ ઉધોગકારોમાં આ જમીન સમાવેશ થતો નથી. ફરીવાર કહું છું કે સમાવેશ થતો નથી. ફરીવાર કહું છું કે ખેડૂતે પોતાની માલિકીની જમીન પોતે વેચી હોય પૈસા લીધા હોય અને બોનાફાઇડ ઇન્ડસ્ટ્રિયાલીસ્ટે જમીન ખરીદેલી જમીન હોય તેના માટેનો આ કાયદો છે. હું માનું છું ત્યાં સુધી હું કલીયર થઇ ગયો છું. મારી આપ સૌને વિનંતી છે કે આ બિલને મારા પર બોનાફાઇડ રાખી, મારા વિભાગ પર બોનાફાઇડ રાખીને આ બિલ મંજૂર કરો.

શ્રી પરેશ ધાનાણી : આંકડા અધૂરા રહી ગયા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમારી સંસ્થાઓ અને જે આંકડા હશે એ.

શ્રી પરેશ ધાનાણી : રેકર્ડ પર જ માગ્યા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એ રેકોર્ડ જોઇને આપીશું. ઓન હેન્ડ તો ન હોયને.

અધ્યક્ષશ્રી : એકદમ ટૂંકો પ્રશ્ન, ભાષણ નહીં.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે અત્યારે વાત રજૂ કરી એમાં બે બાબત આવી. એમણે એમ કહ્યું કે ૧૫ જૂન ૨૦૧૫ પહેલાંની જે વાત હતી એ ફકત એન.જી.ઓ ટાઇપની વાત હતી. બીજી વાત એ કરી કે ઉદ્યોગપતિઓ માટે આ વાત લાગુ પડતી નથી. એવી માનનીય મંત્રીશ્રીએ વાત કરી. એનું તાત્પર્ય એ થાય કે આજની તારીખથી આ કાયદો અમલમાં આવે આવશે, હવે પછી જે લોકો જમીન ખરીદશે એને આ કાયદાનો લાભ મળશે પણ અગાઉ જેણે આ જમીનો ખરીદી લીધી છે અત્યારે દા.ત. ધોલેરા સર, આ ધોલેરા સરની અંદર વર્ષ ૨૦૦૭ની અંદર હજારો એકર જમીન ખરીદાઇ

ગઇ છે. એક ઇંટ પણ મૂકાણી નથી. કાયદેસર રીતે આ કાયદા પ્રમાણે આ જમીન હવે ખાલસા કરવી પડે. બરોબર, તો આપણે એ જમીનને ખાલસા કરવાના છીએ કે નથી કરવાના? એક વાત અને આ કાયદાનો અમલ આજથી શરૂ કરી હવે પછી ઉદ્યોગકારો જમીન ખરીદશે એને આ જમીનનો ફાયદો થવાનો છે કે નહીં? એની આપશ્રી સ્પષ્ટતા કરો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે ખેડૂતે જમીન વેચી હોય અને જે ઉદ્યોગકારએ જમીન ખરીદી હોય એમાં મેં કહ્યું તેમ કોઇ સંજોગોવસાત ઉદ્યોગ શરૂ ન કરી શકયા હોય તો તેના માટે ૩, ૭ અને ૧૦ વર્ષની મુદત હતી, એમાં શ્રી પરેશભાઇ, અમે એને કાયમી મફત આપી દેતા નથી. રાજય સરકારને એમાંથી આવક થાય છે. એટલા માટે ખાલસાનો જે નિર્ણય કરેલો એમાં પણ અમને અનુભવમાં આવ્યું કે ખાલસા કરવાથી પેલાના પાસે બેંકના નાણાં આવ્યાં, પછી ક્ષમતા ઉભી થઇ ગઇ પછી એને ઉદ્યોગ શરૂ કરવાની એની જે ઇચ્છા હતી. પ્રમાણિકતાથી એ કામ કરવા માગતો હતો એ ફરીવાર શરૂ કરવા માગે છે, એટલા માટે અમે આ નવી જોગવાઇ ઉભી કરી છે. કોઇને મફતમાં અમે લૂંટતા નથી, મફતમાં કોઇ આપી દેતા નથી. રાજય સરકારની તિજોરીમાં રકમ આવે છે, પેનલ્ટી સાથે આવે છે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૯નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૭, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૯નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૯નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

આજના કામકાજની યાદીમાં બાબત–૩ની પેટા બાબત ૫ અને ૬ ઉપર ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતિય સુધારા વિધેયક ઉપરોકત બન્ને સમાન પ્રકારના એક સરખા વિષયના હોઇ એક પછી એક એમ વિધેયક રજૂ થશે અને ત્યારબાદ એક સાથે બન્નેની ચર્ચા થશે અને ત્યાર પછી એક પછી એક મત ઉપર લેવામાં આવશે.

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૬**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ *રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**સન ૨૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૫**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ •રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શ્રી પરેશ ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, બાપુ સાહેબ પણ ખુબ વિદ્વાન છે, આ સભાગૃહ ચલાવવા માટે કામકાજ માટેના નિયમો નક્કી થયેલા છે. બન્ને સમાન પ્રકારના છે, અમે પણ સરકારને સહકાર આપવા માગીએ છીએ. સકારાત્મક બાબતો છે એમાં અમે ટેકો આપવાના છીએ. પણ જે આપણા નિયમો છે અને કાર્યપદ્ધતિ છે તે મુજબ કામકાજ હાથ ઉપર

---

* વિધેયક-૧૬ ગુજરાત સરકારી રાજપત્રમાં ૧૮મી જુલાઇ, ૨૦૧૯ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

• વિધેયક–૨૫ ગુજરાત સરકારી રાજપત્રમાં ૨૩મી જુલાઇ, ૨૦૧૯ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

લેવાય તો સારુ. બોલવાની અંદર આપણે અમસ્તાય મર્યાદા રાખવાના છીએ. કારણ કે કન્ટેન્ટ બન્નેનું એક છે તે સ્વીકારીએ છીએ. પણ ક્રમશ: આપણે જે નિયમ છે તે મુજબ કરીએ એટલી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એમાં પ્રોસિઝરલ નિયમની અંદર છે કે જયારે એક સરખા વિધેયક, એક વિષયને સંદર્ભમાં હોય તો બન્ને સાથે લઇ શકાય છે. એટલે જ લીધા છે, મેં અભ્યાસ કર્યો છે એટલે જ પરવાનગી આપી છે. અન્યથા હું ન આપું. એટલે એમાં હું કાળજી લઉં છું. એટલે આપણે બન્ને સાથે લઇશું.

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૬– સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૫– સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શિક્ષણ અંગે વારંવાર પોતે વિષય, વિભાગ વિષે જાણતા હોય કે ન જાણતા હોય પણ ટીકા–ટીપ્પણ કરવી એક ફેશન થઇ ગઇ છે.

અધ્યક્ષશ્રી : આ ન જાણતા હોય એવું કહેવું અહીં ધારાસભ્યો માટે બરાબર નથી. અમે વકીલોને શું કહીએ? માનનીય વિદ્વાન ધારાશાસ્ત્રી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું સમાજના સંદર્ભમાં કહું છું. અહીં નહીં, અહીં તો બધા વિદ્વાન છે. જાણકાર છે પણ આમ સમાજમાં જયારે પણ, મારે દાવા સાથે કહેવું છે કે ગુજરાતનું શિક્ષણ હું ડંકાની ચોટ ઉપર કહી શકું તેમ છું કે ગુજરાતનું એ સરકારી શિક્ષણ અને અમે જ, આપણે જ સામા પક્ષે બેઠેલાં સૌના સાથ–સહકારથી જે સ્વૈચ્છિક ખાનગી યુનિવર્સિટી બન્નેની હરિફાઇ થઇ અને છેવટે સમાજને લાભ મળ્યો છે. હું આજની વાત કરું તો આજે કંપની સેક્રેટરી, સી.એસ.ના ફાઉન્ડેશન કોર્સનું રીઝલ્ટ આવ્યું છે. જેમાં ખુશી સંઘવી દેશમાં પ્રથમ આવી છે. તો એ અહીં ગુજરાતમાં ભણી છે. દેશનું રીઝલ્ટ ૬૩ ટકા આવ્યું. મારા ગુજરાતનું ૬૪ ટકા આવ્યું. મને આ કહેવા માટે શ્રી નીતિનભાઇએ પ્રેરણા આપી. અઠવાડિયા પહેલાં શ્રી ફળદુ સાહેબના દીકરી ઓસ્ટ્રેલિયા ભણવા ગયા. પછી શ્રી નીતિનભાઇએ પૂછયું, ત્યાં તેમને ઓસ્ટ્રેલિયાની બેસ્ટ યુનિવર્સિટીમાં એડમિશન મળ્યું. સ્કોલરશીપ મળી. આવા તો ગુજરાતના સેંકડો નહીં, હજારો આપણાં દીકરા–દીકરીઓ પરદેશમાં જઇને લોકલ ઓસ્ટ્રેલિયન, યુરોપિયન, અમેરિકન લોકો કરતા પણ અવ્વલ નંબરે પોતાનો દેખાવ કરે છે. અહીંયા બારમું ધોરણ, અહીંયા ગ્રેજયુએટ, અહીંયા ડોકટરેટ, અહીંયાં એન્જિનિયરીંગ અને પછી ત્યાં જાય છે. એમની દીકરી પણ ગઇ, એટલે મને શ્રી નીતિનભાઇએ કહ્યું કે તમારા પ્રવચનમાં કયાંક ઉલ્લેખ કરજો કે ગુજરાતનું શિક્ષણ, ત્યાં કેવી રીતે એડમિશન મળે? ત્યાં કેવી રીતે સ્કોલરશીપ મળે? તમે અહીંયા સારું ભણ્યા હો તો જ મળે. કોઇ એક વર્ગમાં એક વિદ્યાર્થીને વાંચતા ન આવડે એટલે આખા વર્ગને વાંચતા નથી આવડતું? મારું આ કહેવાનું છે કે એક ફેશન થઇ ગઇ છે. અમે તો શ્રેષ્ઠતમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, શિક્ષકોની પારદર્શક પસંદગી આ બધી જ પ્રક્રિયા સાથે, તેનું આ પરિણામ છે. તેમાં હરિફાઇ થાય. કોઇ ક્ષેત્ર બાકી છે, જેમાં ખાનગીકરણ ન હોય? કોઇ ક્ષેત્ર બાકી નથી. હરિફાઇ થાય છે તેમાં પ્રજાને લાભ થાય છે. સમાજમાં અલગ અલગ આર્થિક સ્તરના લોકો હોય છે. જેને જે સ્તરમાં એડજેસ્ટ થવું હોય એ થાય. એવી સુવિધા આપવા માટે પણ આ સમાજમાં એ સ્તરના લોકો પણ છે તેને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૦૯માં શ્રી નરેન્દ્રભાઇએ આ ખાનગી યુનિવર્સિટી બિલ પસાર કરેલું. પણ એ પહેલાં આ રાજયની ખૂબ નામાંકિત, તેના સંચાલકો પણ પોતાના સી.એસ.આર.માંથી સમાજને શ્રેષ્ઠતમ આપવું છે એવા વિચાર સાથે શૈક્ષણિક સંસ્થા શરૂ કરી હોય. એવી શ્રી ધીરુભાઇ અંબાણી, નિરમા, સેપ્ટ, ધર્મશી દેસાઇ, ગણપત, કડી આ બધી યુનિવર્સિટીઓને અલગ અલગ રીતે એ પછીથી દર બજેટ સત્રમાં, અત્યાર સુધીમાં બીજી નવી ૨૮ અને ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે જેટલી રાજય સરકારે માન્યતા આપી છે એ બધી જ કારણ કે એમણે તો પોતે ઇન્ફ્રાસ્ટ્રકચર, પોતાનું રોકાણ, એટલે શ્રેષ્ઠતમ ગુણવત્તા એમણે આપવી જ પડે, છૂટકો જ નથી અને જે હરીફાઇ થાય છે એનો સીધો લાભ આપણા ગુજરાતના દીકરા દીકરીઓને મળે છે. એને ચોઇસ છે કે મારે કયાં જવું છે? ધીરૂભાઇમાં જવું છે, નિરમામાં જવું છે, કડીમાં જવું છે? ગણપતમાં જવું છે? કયાં જવું છે? આજે હું બીજી આઠ યુનિવર્સિટીઓનું બિલ લઇને આવ્યો છું. એના વિશે હું પછીના પ્રવચનમાં કહીશ કારણ કે મને ડાયાબીટીસ છે અને અત્યારે ૧૦–૩૦ કલાક થયા છે એટલે મારે બ્રેક જોઇએ છે ત્યાં સુધીમાં મારા સૌ સાથીઓ પોતાના વિચારો વ્યકત કરશે. ત્યાં સુધીમાં હું પાછો આવી જઇશ. મારા સાથી એ વિગતો નોંધશે. આ બધી નવી યુનિવર્સિટીઓ છે. એક એક યુનિવર્સિટીઓ વિશે એની ખાસીયત, એમણે કરેલી કામગીરી, એમનું બધું ઇન્ફ્રાસ્ટ્રકચર આ બધું હું આવીને કહીશ. દરમિયાનમાં હું અત્યારે પણ અપીલ કરું છું અને પાછળથી પણ અપીલ કરીશ. (અંતરાય) મારા એકલા માટે? તમારી બધાની ઇચ્છા હોય તો સાહેબ જેમ કહે એ પ્રમાણે.

અધ્યક્ષશ્રી : ના, ના એમની પણ ઇચ્છા છે. પંદર મિનિટનો વિરામ આપવામાં આવે છે. પંદર મિનિટ પછી ગૃહ ફરી મળશે.

**(વિરામ– રાત્રીના ૧૦–૩૬ થી ૧૦.૫૧ કલાક સુધી)**

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૧૯

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, આ નવી સૂચિત જે યુનિવર્સિટીઓ લઇને આવ્યો છું એમાં ભગવાન મહાવીર યુનિવર્સિટી, શરૂઆતમાં ત્રણ કોલેજથી શરૂ કરીને આજે સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમાઃ દસ હજારથી વધુ વિદ્યાર્થીઓ, ૬૫૦થી વધુ ટીચીંગ-નોન ટીચીંગ સ્ટાફ, સેન્ટર ફોર ઈનોવેશન, એન્ટરપ્રિન્યોર સેન્ટર, ઈન્ડસ્ટ્રીઝ, કન્સલ્ટન્સીઝ, એલ.જે. કે. યુનિવર્સિટી, મેં મારા શરૂઆતના પ્રવચનમાં ખુશી સંઘવીની જે વાત કરીને, આ સન્માનનીય ગૃહને જણાવું કે મને અત્યારે જ માહિતી મળી છે કે આ ખુશી સંઘવી એ આ યુનિવર્સિટીને જેને આજે આપણે માન્યતા આપવા જઇ રહ્યા છીએ એ ઈન્સ્ટીટયૂટની વિદ્યાર્થીની છે. એ પણ ઘણા વર્ષોથી ગુજરાતમાં શૈક્ષણિક કાર્ય કરે છે. ઈન્ડસ્ટ્રીયલ સેકટર જેવા એન્જિનિયરીંગ, મેન્યુફેકચરીંગ, હેલ્થ કેર, આઇ.ટી., આ બધી જ અલગ અલગ ફેકલ્ટીઝમાં કામ કરે છે. હાર્ટ, હેડ અને હેન્ડ, ત્રણ હેડમાં કામ કરે છે. આ વિશિષ્ટ પદ્ધતિ શિક્ષણની વિકસાવવાની એમની ઇચ્છા છે. આપણે એમને તક આપવાની છે. એના પછી સિલ્વર ઓક છે. હજુ વર્ષ ૨૦૦૯માં ૨૪૦ વિદ્યાર્થીઓથી શરૂ કરેલ આ ઈન્સ્ટીટયૂટ છે. મેં શરૂઆતમાં કહ્યું તેમ સારા ગુણવત્તાયુકત શિક્ષણને કારણે આજે દસ વર્ષની અંદર છ હજારથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેઓ વેસ્ટ મેનેજમેન્ટ આપણે કીચન વેસ્ટ હોય, રીલીજીયસ મંદિરમાં વેસ્ટ હોય છે એમાંથી બેસ્ટ બનાવવા માટે એ કામ કરવા માગે છે. જે. જી. યુનિવર્સિટી એ પણ ૫જ વર્ષથી શૈક્ષણિક કાર્યમાં અમદાવાદમાં અલગ અલગ પ્રકારના ટેકનોલોજીના વિષય ઉપર કામ કરી રહ્યા છે. એમના ટ્રસ્ટને અમેરીકા અને કેનેડાની યુનિવર્સિટીઓ સાથે પણ ભાગીદારી અને કોલોબરેશન થયા છે. ઉચ્ચ અભ્યાસ અર્થે પણ એ કામ કરવા માગે છે. ભાઇકાકા યુનિવર્સિટી, સી.વી.એલ. ચારૂતર આરોગ્ય મંડળ, એની સાથે એચ. એમ. પટેલનું નામ જોડાયેલું છે. ભાઇકાકાનું નામ જોડાયેલું છે. એચ. એમ. પટેલની દીકરી અમૃતાબેન, મેં શરૂઆતમાં આગળના બિલમાં મેં કહ્યું કે, સમાજમાં આવા લોકો કોઇપણ પ્રકારના સ્વાર્થ વગર સમાજની સેવા એ જ સ્વાર્થ. એવા સ્ટાન્ડર્ડ લોકો આ સમાજના કે જેમણે ૫૦ વર્ષ પહેલાંની આ સંસ્થા છે એ વર્ષોથી આ ફેકટરમાં ફેકલ્ટી દ્વારા કામ કરે છે. એમની વિશેષતા છે અને સંસ્થા આર્થિક રીતે નબળા ઉચ્ચ મેરિટવાળા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પૂરી પાડે છે. અત્યાર સુધીમાં ૧૩ કરોડ રૂપિયાનો ખર્ચ પણ કરેલ છે. સાથો સાથ શિક્ષણ સાથે આરોગ્ય સેવા વગેરે પણ કરે છે. શ્રેયસ યુનિવર્સિટી તલોદ, સાબરકાંઠામાં અત્યાર સુધી ગુજરાત રાજ્યમાં જર્નાલિઝમની કોઇ યુનિવર્સિટી નથી. કોમ્યુનિકેશન અને જર્નાલિઝમ આ ગુજરાત રાજ્યમાં સૌથી પ્રથમવાર આ કામ કરી રહ્યા છે એટલા માટે સંચાર માધ્યમ ક્ષેત્રે માસ કોમ્યુનિકેશન અને પત્રકારત્વમાં શ્રેષ્ઠ કામ કરવા માટે છે. આઇ.ટી.એમ. ઇન્ફ્રાસ્ટ્રકચર ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ એણે વર્ષ ૨૦૧૧, ૨૦૧૫, ૨૦૧૭માં વાયબ્રન્ટ ગુજરાતમાં આ કામ માટે એમણે એમ.ઓ.યુ. કર્યા હતા. અનુભવી ટ્રસ્ટીઓ આ યુનિવર્સિટી પાસે છે. સાથો સાથ ચારૂતર વિદ્યા મંડળ, વલ્લભવિદ્યાનગર ૭૫ વર્ષથી કામ કરે છે. કોઇ કલ્પના ન કરે કે જ્યારે સરકારી વ્યવસ્થા ન હતી એ વખતે સમાજના શ્રેષ્ઠીજનો આ સમાજના ભાવિને ઘડવા માટેની વ્યવસ્થા ત્યારથી લઇને આજ સુધી આ કામમાં આખું કુટુંબ એ વારસદારો પણ અત્યાર સુધી પૈસા આપતા હોય, રોકાણ કરતા હોય અને કોઇ વળતર કે ધંધાની દાનત કે દ્રષ્ટિએ નહીં પણ માત્ર સમાજની સેવાના હેતુથી આ બધી જ યુનિવર્સિટીઓ કામ કરી રહી છે. વર્ષ ૨૦૦૯ કેલોરેક્સ યુનિવર્સિટી હતી. એમાં જૂની યુનિવર્સિટી હતી એને સ્પોન્સર બોડીમાં ફેરફાર કરવો હોય તો વિધાનસભામાં આવવું પડે એટલા માટે આ સ્પોન્સર બોડીમાં ફેરફાર કરવાના હેતુથી વિધાનસભામાં આવ્યો છું. આજની ૮ અને આ કેલોરેક્સ વગેરે માટે વિગતવાર થોડી વિશેષતાઓ વિશે મેં કહ્યું છે. સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને હું આપ સૌને વિનંતી કરું છું કે ગુજરાતના ગુણવત્તાયુક્ત શિક્ષણમાં આ બધી જ ખાનગી સંસ્થાઓ પણ ખૂબ આગળ છે. આપણે ઘણીવાર કહેતા હોઇએ છીએ, મને પણ આ વાતનો વસવસો અને ડો.અબ્દુલ કલામ પણ કહેતા હતા કે દેશની ૨૦૦ યુનિવર્સિટીઓમાં ભારતની એક પણ નથી? મને આ વાત એકદમ ચોંટી ગયેલી. જ્યાં પણ જાઉં ત્યાં ખાનગીમાં, સમાજ જીવનમાં પછી થોડો હું ઉંડો ઉતર્યો તો જાણવા મળ્યું કે, વિકસિત દેશોમાં આ ૨૦૦માંથી આવેલી મોટાભાગની ખાનગીમાંથી આવેલી છે. આમાંથી વધારે આવે, ૨૦૦માં આ જે જર થઇ છે એમાંથી આવે તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લેવલે ગુજરાતમાંથી આવેલી છે એ ગુજરાતનું ગૌરવ તો કહેવાશે જ. આ બધાને રૂબરૂ બોલાવ્યા ત્યારે મેં કહ્યું હતું કે, તમારી વિશેષતા અને શ્રેષ્ઠ ગુજરાતને આપવું પડશે. વિશેષતાના આધારે આ ૨૦૦ યુનિવર્સિટીમાં ગુજરાતમાંથી આવતા દિવસોમાં સ્થાન મેળવવાનું છે. આને ધ્યાનમાં રાખીને આપણે સૌ, સરકારની પણ યુનિવર્સિટીઓ છે. એ ૧૬ છે. ૧૫ સેકટરવાઇઝ છે. યોગ, સંસ્કૃત, સ્પોર્ટસ વગેરે. એટલે સરકારી કાંઇ પાછળ નથી. આખા દેશમાં સેકટરવાઇઝ ૧૬ યુનિવર્સિટીઓમાં ગુજરાત પહેલા નંબરે છે. આટલા વિષયો પ્રમાણેની યુનિવર્સિટીઓ આખા દેશમાં ક્યાંય નથી. સૌને વિનંતી છે કે સર્વાનુમતે મારા બિલને મંજૂર કરો.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ(નડિયાદ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકને હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચારૂતર વિદ્યા મંડળ-સીવીએમ-ને રાજ્યની ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા આપવા માટેની સંસ્થાની દરખાસ્ત બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તેમજ વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહજીનો ખૂબ

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૧૯

ખૂબ આભાર માનું છું. આ ખાસ તો એટલા માટે કે ચરોતર ભૂમિના પનોતા પુત્ર અને આપણા અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની ગ્રામ્ય કક્ષાએ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણનો પ્રસાર થાય તે માટે સરદાર સાહેબની પ્રેરણાથી સન ૧૯૪૫માં વલ્લભવિદ્યાનગર ખાતે ચારૂતર વિદ્યા મંદિર સીવીએમ.ની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી ભાઇકાકા અને શ્રી ભીખાભાઇએ આ ભગીરથ કાર્ય ઉપાડી લઇ સરદાર સાહેબના દ્રષ્ટિકોણ અને માર્ગદર્શન હેઠળ શિક્ષણના પ્રસાર માટે વલ્લભવિદ્યાનગર ખાતે શિક્ષણનગરી ઊભી કરી હતી અને આજે આપણે જોઇ શકીએ છીએ કે વલ્લભવિદ્યાનગરને ખૂબ સારી શિક્ષણનગરી તરીકે ઊભી છે. ત્યારબાદ ડો. એચ.એમ. પટેલ, ડો.સી.એલ. પટેલના નેતૃત્વમાં ચારૂતર વિદ્યામંડળે જુદી જુદી શૈક્ષણિક અને સંશોધનની સંસ્થાઓ સાથે પ્રગતિના સોપનો સર કર્યા હતા. વખતો વખત દેશના મહાનુભાવો સંસ્થાની મુલાકાતે આવેલ હતા. જેમાં પંડિત જવાહરલાલ નહેરુ, શ્રી મોરારજી દેસાઇ, ડો.એસ.રાધાક્રિષ્ણન, ડો.ઝાકીર હુસેન, ડો. મનમોહનસિંહ, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ અને આપણા હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ ચારૂતર વિદ્યા મંડળની શિક્ષણ સંસ્થાઓની મુલાકાત લઇને સેવાઓને બિરદાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચારૂતર વિદ્યા મંડળ મંડળ હેઠળની કોલેજો એ વખતે ખૂબ નામાંકિત કોલેજો હતી. કારણ કે ગાયકવાડ સરકાર અને એની આગળનો જે સમય હતો તે કાળની અંદર ગુજરાતની અંદર એવી કોઇ ખાસ કોલેજો ન હતી તે વખતે આ ચારૂતર વિદ્યા મંડળની સ્થાપના થઇ અને આવી કોલેજો સ્થાપીને આ ચારૂતર મંડળની શરૂઆત થઇ હતી. જેમાં માત્ર મધ્ય ગુજરાત નહિ. સમગ્ર ગુજરાત ભરના વિદ્યાર્થીઓ એટલે કે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને આખા રાજ્યના વિદ્યાર્થીઓ અહીં ભણે છે અને સારું શિક્ષણ મેળવે અને ઉચ્ચ કારકિર્દી બનાવે એવો આની પાછળનો હેતુ હતો. ચારૂતર વિદ્યા મંડળમાં ૪૯ જેટલી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. જેમાં શાળાઓ, સાયન્સ, આર્ટસ, એન્જિનિયરીંગ, ફાર્મસી, આર્કિટેક્ટ, આયુર્વેદ કોલેજ તથા હોસ્પિટલ જેવી કોલેજો, રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટો, સ્પોર્ટસ એકેડમી અને અન્ય સેવાઓનો પણ આની અંદર સમાવેશ થયેલો છે. હાલમાં આ સંસ્થા ૭૫ માં વર્ષમાં પ્રવેશે છે અને એનું સુકાન શિક્ષણવિદ અને ઇજનેરશ્રી ભીખુભાઇ બી. પટેલ સંભાળી રહ્યા છે. બદલાયેલા સમય અને સંજોગો મુજબ ગુજરાત સરકારની શૈક્ષણિક નીતિઓમાં યોગદાન આપવા માટે સીવીએમ યુનિવર્સિટી સ્થાપવા સંસ્થાએ રાજ્ય સરકારમાં દરખાસ્ત કરી હતી. વલ્લભવિદ્યાનગર તથા ન્યુ વલ્લભ વિદ્યાનગરની સ્વનિર્ભર સંસ્થાઓને આવરી લેતી આ સીવીએમ યુનિવર્સિટી ૧૩૫ એકર જમીનમાં વિસ્તૃત થવાની છે. આ યુનિવર્સિટીમાં ૩૩ સેલ્ફ ફાયનાન્સ કોલેજો જેમાં સાયન્સ, કોમર્સ, આર્ટસ, એન્જિનિયરીંગ, ફાર્મસી, આર્કિટેક્ટ કોલેજ તથા હોસ્પિટલ, લો તથા મેનેજમેન્ટની કોલેજો તેમજ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટો આ ખાનગી યુનિવર્સિટીમાં સામેલ થવાના છે અને ખાસ તો મારે કહેવું છે કે, આની અંદર જે સ્ટુડન્ટો ભણીને ફોરેનની અંદર સ્થાયી થયા છે એ સ્ટુડન્ટોએ ડોનેશન આપીને આ સંસ્થાની અંદર ખૂબ મોટું યોગદાન આપ્યું છે અને એના કારણે આજે આ સંસ્થા ઊભી છે. અને મને કહેતા એ પણ આનંદ થાય છે કે આ યુનિવર્સિટી થશે એટલે એની અંદર નવા કોર્સિસ દાખલ કરીને ફોરેનમાં પણ કામમાં આવે અને ભારત દેશની અંદર પણ કામમાં આવે એવા કોર્સિસ દાખલ કરીને અભ્યાસક્રમ શરૂ કરવા જવાના છીએ. વર્તમાન જરૂરિયાત પ્રમાણે આ નવા અભ્યાસક્રમો શરૂ કરીને એકદમ ૧૫૦૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા વધારવાનું સંસ્થાનું ભાવિ આયોજન છે અને ચારૂતર વિદ્યામંડળ એક યુનિવર્સિટીને અનુરૂપ તમામ પ્રકારની સુવિધા, સવલતો અને જરૂરિયાતો ધરાવે છે. આ સંસ્થા પાસે ૩૦૦ કરોડ જેટલું માતબર નાણાકીય ભંડોળ ઉપલબ્ધ હોવાથી યુનિવર્સિટીના માપદંડ પુરા કરવામાં કોઇ જ મુશ્કેલી પડે તેમ નથી એટલે આ વિધેયકને હું મારું અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : આપણે થોડું ટૂંકું કરવું હોય તો આ વિધેયકનો કોઇને વિરોધ હોય તો બોલે. (અંતરાય)સમર્થનમાં બોલે. શ્રી કીરીટભાઇ, એકદમ શોર્ટમાં પ્લીઝ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌના આદરણીય અને આ ગૃહમાં જેના પ્રત્યે બધાને માન છે એવા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ જે ગુજરાત ખાનગી યુનિવર્સિટી એમેડમેન્ટ બિલ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું. નવી નવી યુનિવર્સિટીઓ સ્થાપાય, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે એ આનંદની વાત છે અને એમાંય ખાસ કરીને ગુજરાતના લોખંડી પુરુષ અને ભારતના સ્વપ્નદ્રષ્ટા સરદાર પટેલના જન્મસ્થાનમાં એમના વતનમાં જે યુનિવર્સિટી સ્થપાતી હોય તેમાં વિશેષ આનંદ હોય. જે સંસ્થાએ યુનિવર્સિટી બનાવી છે શ્રેયાંશ યુનિવર્સિટી જે રીતે ગુજરાત સમાચારે જર્નાલીઝમની અંદર વિશ્વમાં નામ બનાવ્યું છે એ રીતે શિક્ષણની અંદર પણ પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવું છું. આપણે વિસ્તારની સાથેસાથે ઉંડાણમાં પણ જવું પડશે. તા.૧૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ગુજરાતમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ બિરલા ઇન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજીના કોન્વોકેશન કાર્યક્રમની અંદર સ્પીચ આપી હતી એના ત્રણ વાકયો રજૂ કરૂં છું. એમણે કહ્યું હતું કે "Share of private institution in higher education is rising, but the country had few universities that were highly ranked. Growing levels of private higher education has resulted in a greater access but has made an alarming distress in the quality of education and due to low quality of higher education Indian universities were failing to compete with others globally."

માનનીય અધ્યક્ષશ્રી, આ વિશે આપણે વિચારવાની જરૂર છે. શિક્ષણ એ બહુ જરૂરી છે અને શિક્ષણની આગળ ઉચ્ચ શબ્દ મૂકી દેવાથી એ ઉચ્ચ શિક્ષણ બનતું નથી. શિક્ષણનો સબંધ પ્રદાન સાથે નહીં પણ એની અસર સાથે પણ હોવો જોઇએ.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૧૯

માણસને માણસ બનાવવાનું કામ શિક્ષણનું છે. શાળા કે કોલેજના વિદ્યાર્થીઓને માત્ર ડીગ્રી આપી દેવાથી સરકારનું કામ પતી જતું નથી. એમને રોટલો આપવાનું કામ પણ આપણે વિચારવાનું છે. રોટલો કેવી રીતે ખાવો એ શીખવાડવાનું કામ હાયર એજયુકેશનનું છે. જયારે બાપુ આ વિધેયક બિલ લાવી રહ્યા છે ત્યારે આ માનવતાનો મંત્ર બાપુ દ્વારા ગુજરાતમાં અને સમગ્ર વિશ્વમાં જાય અને શિક્ષણ અને જ્ઞાન માટે પ્રચાર, પ્રસાર થાય એ માટે વિનંતી કરું છું. ભારતની અંદર શિક્ષણ અને જ્ઞાન કયારે વેચાતું નહોતું માત્ર વહેંચાતું હતું. અગાઉ આપણે જયારે ભણતા હતા ત્યારે શિક્ષણની અંદર ઉધોગનો વિષય ભણતા હતા, અત્યારે બંધ કરી દીધો. આપણે શિક્ષણ હવે ઉધોગ ન બની જાય એ જોવાની જરૂર છે અને આપણે ગુજરાતને અને ભારતને વિશ્વની ટોપ યુનિવર્સિટીમાં લઈ જવો છે. તો આપણે વિશ્વ ગુરુ બનવું હશે તો હાયર એજ્યુકેશનની અંદર શિક્ષણની પવિત્રતા સચવાય એ જોવું પડશે. હમણા જે ગુજરાત સરકારે નવી ઉચ્ચ શિક્ષણ નીતિ માટે એક કમિટી બનાવી હતી. ઘણા બધા સજેશનો થયા. સારા સજેશનો પણ આવ્યા છે. એ સજેશનોનું પાલન થાય એ પણ હું શિક્ષણમંત્રીશ્રીને વિનંતી કરું છું. નામદાર સુપ્રીમ કોર્ટે ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૫ના રોજ પ્રોફેસર યશપાલ એન્ડ અધર્સ સ્ટેટ ઓફ છત્તીસગઢના કેસની અંદર પ્રાઈવેટ યુનિવર્સિટીને મંજૂરી આપવા માટેની જોગવાઇ કરી હતી. તેમાં પ્રાઈવેટ યુનિવર્સિટીની અંદર જે મંજૂરી આપવામાં આવે, એની અંદર ૩ મહત્ત્વના મુદ્દા ધ્યાને લેવાના હતા. એમાં આ સંસ્થા ૧૦ વર્ષથી ચાલતી હોવી જોઇએ. નેક એટલે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન અથવા નેશનલ બોર્ડ ઓફ એસેસમેન્ટ દ્વારા એને માન્યતા મળેલ હોવી જોઇએ. જે સ્ટાફ હોય એનો ૫૦ ટકા સ્ટાફ નેટ કે સ્લેટ હોવો જોઇએ. આ બધા નોર્મ્સનું પાલન થાય એ માટે વિનંતી કરું છું. હમણાં જ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા ગુજરાતની ગ્રાન્ટેબલ અને સરકારી કોલેજ માટે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓને ફરજિયાત હાજરીનો પરિપત્ર કરવામાં આવ્યો. જો આ અમલ ખાનગી યુનિવર્સિટીમાં થાય, એટલા માટે હમણાં યુ.જી.સી.નું ન્યૂઝ પેપર આવે છે, એની અંદર લખેલ છે કે ગુજરાતની યુનિવર્સિટીઓ ઉપર ગુજરાત સરકારનો કોઇ કન્ટ્રોલ નથી. એના લીધે આ યુનિવર્સિટી આગળ સ્થાન પામતી નથી. એટલે ગુજરાતની પ્રાઈવેટ યુનિવર્સિટી ઉપર કન્ટ્રોલિંગ થાય અને હાયર એજ્યુકેશન કાઉન્સિલની રચના કરવાની છે, એ ઝડપી થાય એના માટે સારી જોગવાઇ કરેલ છે. એના લીધે ઉચ્ચ શિક્ષણમાં ફાયદો થાય એના માટે વિનંતી કરું છું. મેં આપશ્રીને સવારે વિનંતી કરી એના માટે તપાસ થાય એના માટે વિનંતી કરી સમર્થન જાહેર કરું છું.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના શિક્ષણ મંત્રી આજ રોજ સને ૨૦૧૯નું વિધેયક ક્રમાંક: ૧૬ ગુજરાતની ખાનગી યુનિવર્સિટી વિધેયકના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. આજના દિવસે અમારા આણંદ જિલ્લા માટે સોનાનો સુરજ ઉગ્યો છે. અમારે ત્યાં ચાંગા યુનિવર્સિટી ચાલે છે. પરંતુ આજે રાજ્ય સરકારે અમારા જિલ્લામાં એક સાથે બબ્બે ખાનગી યુનિવર્સિટી આપવાથી હું આ રાજ્ય સરકારના મુખ્યમંત્રી એવા શ્રી રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ સાહેબ અને શિક્ષણમંત્રીશ્રી અને ખૂબ જ્ઞાની ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું. અમારા જિલ્લામાં તમે ચારૂતર વિદ્યામંડળની યુનિવર્સિટી બનાવી. એના માટે શ્રી પંકજભાઇ સાહેબે વાત કરી એવી જ આ ચારૂતર આરોગ્ય વિદ્યામંડળ એ પણ મારા જિલ્લામાં આવી. એનો મારે લાંબો ઉલ્લેખ આપના કહેવાથી નથી કરવો, પરંતુ હું કહું આ યુનિવર્સિટીનું નામ ભાઇકાકા યુનિવર્સિટી રાખવામાં આવ્યું. આ ભાઇકાકા નામ કેમ આવ્યું એ પણ જાણવું બહુ મહત્ત્વનું હોય છે. અમારા સોજિત્રાના નાના એવા ગામમાં શ્રી ભાઇલાલભાઇ પટેલ નામની વ્યક્તિનો જન્મ થયો. જેઓ તેમના હુલામણા નામ શ્રી ભાઇકાકાના નામથી આખા ગુજરાતમાં પ્રખ્યાત થયા. આ શ્રી ભાઇલાલ પટેલ અને સ્વ.ભીખુભાઇ પટેલ આ બંનેએ સરદાર પટેલની પ્રેરણાથી આણંદ અને કરમસદ વચ્ચે વર્ષો પહેલા ખેડૂતોની જમીન દાનમાં લીધી અને ત્યાં આગળ આ દેશના સપૂત સરદાર વલ્લભભાઇ પટેલના નામે વલ્લભ વિદ્યાનગર નામનું શહેર બનાવ્યું. આજે એ વિદ્યાનગરમાં ફકત આણંદ, ખેડા જિલ્લો નહીં, ગુજરાત નહીં, ભારત દેશ નહીં, એશિયા ખંડ નહીં પૂરા વિશ્વના વિદ્યાર્થીઓ અમારા આણંદ જિલ્લામાં ભણવા આવે છે. આજે ૪૦થી ૪૫ હજાર વિદ્યાર્થીઓ અમારા આણંદ જિલ્લામાં ભણે છે. તે આ શ્રી ભાઇલાલભાઇ પટેલના નામે ભાઇકાકા યુનિવર્સિટી બની રહી હોય ત્યારે તેમના વિશે બે શબ્દો કહું તો પાંચ દાયકા પહેલાં ચારૂતર આરોગ્ય મંડળની સ્થાપના આશાભર્યા સાહસ સાથે કરવામાં આવી હતી. મંડળની સ્થાપના ભૂતપૂર્વ યુનિયન હોમ અને ફાઇનાન્સ મિનિસ્ટર ડૉ.એચ.એમ. પટેલ સાહેબે કરી હતી. આજે ત્યાંના વહીવટકર્તા એક સમયના એનડીડીબીના વહીવટકર્તા હતા તે અમૃતાબેન આનો વહીવટ કરી રહ્યા છે. શ્રી એચ.એમ.પટેલ સાહેબનું સપનું હતું કે, કોઇને જરૂર હોય તે સર્વને દયાભરી આરોગ્ય સંભાળ મળતી રહે. મંડળની સ્થાપના વર્ષ ૧૯૭૨માં એક ટ્રસ્ટ અને સોસાયટી તરીકે કરવામાં આવી હતી. મંડળની સંસ્થાઓ ભારતના લોહપુરુષ સરદાર પટેલની કર્મભૂમિ કરમસદ ખાતે કરવામાં આવેલી છે. ૧૦૦ એકર લીલાછમ કેમ્પમાં પથરાયેલ ટ્રસ્ટની પ્રવૃતિના મુખ્ય ચાર ક્ષેત્રો છે. શિક્ષણ, દર્દીની સંભાળ, સંશોધન અને જાહેર આરોગ્ય. મંડળ દ્વારા અનેક પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમ કે પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ દ્વારા એમબીબીએસ અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ચલાવે છે. જી.એસ.પટેલ સ્કૂલ ઓફ નર્સિંગમાં જીએનએમઆર અને ડિપ્લોમા કોર્સ ચલાવે છે. આ ઉપરાંત મેડિકલ લેબોરેટરી ટેકનોલોજી સાથેના અનુસ્નાતક અભ્યાસક્રમો, પી.એચ.ડી., ટી.બી.ટી., એન.પી.ટી., નર્સિંગ સાથેના અનેક ઘણા જ પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. આપણા વડવાઓ કહેતા હતા કે આંબો કોઇ રોપે અને ફળ કોઇ ખાય. શ્રી ભાઇલાલ પટેલ અને સરદાર પટેલ

સાહેબ જેવા સપૂતોએ અમારા જિલ્લામાં આંબા રોપ્યા છે અને તે આંબાના ફળ આખા વિશ્વના વિદ્યાર્થીઓ ખાઇ રહ્યા છે. આ ગુજરાત સરકારના આપણા પીઢ અને અનુભવી શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ પણ શિક્ષણ નીતિ એવી લાવ્યા છે કે, જેના આંબા અત્યારે વાવ્યા છે તેના ફળ ભવિષ્યમાં આપણને ખાવા મળશે. એક સમય એવો હતો કે આ રાજયમાં ગણીગાંઠી આઠ નવ યુનિવર્સિટીઓ હતી. અમારે ભણવાની ઘણી ઇચ્છા હતી. અમારા જેવાને ભણવાની ઘણી ઇચ્છા હતી પણ દૂર દૂર સુધી ભણવા જવાનું હોય, ત્યાં રહેવાનું હોય અને અમારા મા–બાપ ગામડામાં રહેતા હતા એટલે તે વખતે અમારા મા–બાપ એવું કહેતા હતા કે ત્યાં ન રહેવાય, કેવી રીતે ખવાય પીવાય, ત્યાં કોની સાથે રહેવાય. કેવા લોકો હોય એટલે આપણે ત્યાં ભણવા ન જવાય. આજે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવતાં ૧૬ તો સરકારી યુનિવર્સિટીઓ છે, ૩૪ ખાનગી યુનિવર્સિટીઓ છે, આજે ૮ નવી યુનિવર્સિટીઓ આપે છે અને ૧૫ સેકટરલ યુનિવર્સિટીઓ છે ત્યારે સરકારની આવી શિક્ષણ નીતિ હોય તો ભવિષ્યમાં આ ગુજરાતનો કે દેશનો વિદ્યાર્થી ભણતર વગર નહીં રહે.

અધ્યક્ષશ્રી : માનનીય પી.ડી.વસાવાજી આપ બોલવાના છો? આવી ગયું શ્રી મહેશભાઇ, બહુ સરસ. આભાર.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં શિક્ષણ વિભાગના મંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૦ વધુ સુધારવા બાબતનું વિધેયક લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની વાત કરું તો એના ઉદેશ અને કારણોમાં એવું જણાવ્યું છે કે, રાજય સરકાર ગુણવત્તાસભર, ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ માટે ખાનગી યુનિવર્સિટીને પ્રોત્સાહન આપવા માગે છે. મારો સીધો સવાલ આપને એ છે કે, જો ખાનગી યુનિવર્સિટીને ઉદ્યોગલક્ષી અને ગુણવત્તાસભર યુનિવર્સિટી જાહેર કરતા હોય તો જે સરકારી યુનિવર્સિટીઓ છે એ પણ નંબર વન થવી જોઇએ. સરકારી કોલેજોમાં કે યુનિવર્સિટીઓમાં જે ધોરણ છે ફીનું એની સામે આ જે ખાનગી યુનિવર્સિટીઓ છે એમાં ગરીબ કે મધ્યમ વર્ગના વાલીનો દીકરો કે દીકરી પ્રવેશ મેળવી શકશે નહીં. કારણ કે, સરકારી ફીનું ધોરણ જે હોય છે એની સામે આ ખાનગી યુનિવર્સિટીઓનું ફીનું ધોરણ ખૂબ ઉંચું હોય છે અને એ ફી એની રીતે લેવાના છે એ ગરીબ કે મધ્યમ વર્ગના વાલીઓને બિલકુલ પોસાશે નહીં એના માટે સરકારે વિચારવું જોઇએ અને જે સરકારી ફીનું ધોરણ છે એનો અમલ ખાનગી યુનિવર્સિટીમાં પણ થાય એ જાતની જોગવાઇ અને વ્યવસ્થા આ બિલમાં કરવી જોઇએ.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૬-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીનું (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એને સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉંચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવાનો અભિગમ અપનાવેલો છે. ખાનગી યુનિવર્સિટી ૨૦૦૯ અધિનિયમ હેઠળ આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવે છે. આ અધિનિયમ હેઠળ રાજય સરકાર શૈક્ષણિક સંસ્થાઓને ખાનગી યુનિવર્સિટીની માન્યતા આપે છે, એમાં મારા મત વિસ્તાર ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ખાતે જે.જી.યુનિવર્સિટીનો પણ આજના વિધેયક ક્રમાંકમાં સમાવેશ કરવા બદલ માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, એશિયા ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળ છેલ્લા ૫૪ વર્ષથી અમદાવાદમાં શાળાઓ અને કોલેજોની સ્થાપના કરીને કેળવણી ક્ષેત્રમાં નામાંકિત ટ્રસ્ટ છે. શાળાઓમાં લગભગ ૪૦૦૦ વિદ્યાર્થીઓ અને કોલેજમાં ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ ટ્રસ્ટ હેઠળ સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. સુધીનું શિક્ષણ ઉપલબ્ધ છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે વિદ્યાર્થી મન પસંદ વૈકલ્પિક અભ્યાસક્રમ શરૂ કરે તે પહેલા દરેક વિદ્યાર્થીને કોમ્યુનિકેશન, સ્કીલ, તાલીમ તેમજ ભારતનો ઇતિહાસ, ભારતની સંસ્કૃતિ વિશેના અભ્યાસની તાલીમ ફરજિયાત આપવામાં આવે છે. પ્રવર્તમાન સમય પ્રમાણે જરૂરી એવા અભ્યાસક્રમો જેમાં અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા એનાલિસિસ, બાયો એન્જિનિયરીંગ જેવા ટેકનોલોજીને અનુરૂપ અભ્યાસક્રમોની અહીં તાલીમ મળે છે.

અધ્યક્ષશ્રી : માનનીય શંભુજી, હવે પેલા શ્રીમતી સંગીતાબહેનને બોલવા દઇએ?

શ્રી શંભુજી ચે. ઠાકોર : એક જ મિનિટ સાહેબ, ખાનગી યુનિવર્સિટી તરીકે જે.જી. યુનિવર્સિટી રાજયની નામાંકિત યુનિવર્સિટી તરીકે પોતાની નામના પ્રાપ્ત કરશે તેવા વિશ્વાસ સાથે વિરમું છું.

અધ્યક્ષશ્રી : થેન્ક્યું, માનનીય સંગીતાબહેન,

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, : માનનીય મંત્રીશ્રી, જે ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૬ ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને મારી વાત રજૂ કરું છું.

ગુજરાતના વિદ્યાર્થીને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, આપણો વિદ્યાર્થી વિશ્વની હરિફાઇમાં ટકી શકે અને રાજયમાં શિક્ષણનો વ્યાપ અને યુવાનોને વિશ્વ કક્ષાનું શિક્ષણ ઘર આંગણે જ મળી રહે એના માટે અમારી સરકાર કાર્યશીલ છે અને એટલા માટે જ કહેવાયું છે કે,

''અશિક્ષિત કો શિક્ષા દો, અજ્ઞાની કો જ્ઞાન, શિક્ષા સે હી બન સકતા હૈ ભારત દેશ મહાન.''

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાષ્ટ્રનો સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ શિક્ષણ વગર શક્ય નથી. શિક્ષણ લોકોની સમજશકિત અને સર્જનશકિત વધારે છે. લોકો શિક્ષણથી સત્યને સમજી શકે છે અને લોકો શિક્ષણથી અસત્યને ત્યજી શકે છે. કોઇપણ રાષ્ટ્ર શિક્ષણ થકી ઇતિહાસ સર્જી શકે છે. એટલે તત્કાલિન મુખ્યમંત્રી અને માનનીય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના દીર્ઘદષ્ટિથી અને સમયબદ્ધ આયોજનના પરિણામે આજે વિશ્વ કક્ષાની યુનિવર્સિટીઓ ગુજરાતમાં આવી છે. રાજ્ય સરકારે પણ એમના આગોતરા આયોજન તેમજ જનભાગીદારી દ્વારા શિક્ષણનો વ્યાપ વધારવા છેલ્લાં કેટલાક વરસોથી નવતર પ્રયોગો હાથ પર લીધા છે. તાજેતરની લોકસભાની બેઠકમાં ૩૦૩ બેઠકો જીતીને ભારતીય જનતા પાર્ટીએ ઇતિહાસ સર્જ્યો છે. કારણ કે દેશના લોકો કોંગ્રેસનું સત્ય જાણી ગયા છે, દેશના લોકો કોંગ્રેસની * (xxx) ઓળખી ગયા છે.

અધ્યક્ષશ્રી : બેનશ્રી, હમણાં આ બધા બિલમાં કોંગ્રેસ ભા.જ.પ.ને ટેકો આપે છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, એના ઉપર જ આવું છું, ઇતિહાસ કહે છે કે, સાક્ષરતા વધવાની સાથે કોંગ્રેસનો જનાધાર ઘટી ગયો છે.

અધ્યક્ષશ્રી : કાઢી નાંખું છું, એ કાઢી નાંખ્યા શબ્દો. બહેન દીકરી છે જવા દોને, એ શબ્દો કાઢી નાંખ્યા.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ:માનનીય અધ્યક્ષશ્રી, હું જે શહેરમાંથી આવું છું, એ સુરત શહેરમાં પણ દિવસેને દિવસે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે જેના માટે અમારે ત્યાં દક્ષિણ ગુજરાતમાં એક માત્ર વીર નર્મદ (દક્ષિણ ગુજરાત) યુનિવર્સિટી એકમાત્ર એવી યુનિવર્સિટી છે જેનામાં સુરત જિલ્લામાંથી જ નહિ પણ આસપાસના જિલ્લામાંથી પણ વિદ્યાર્થીઓ ભણવા માટે આવતા હોય છે. એ સૌથી જૂની યુનિવર્સિટી છે અને એમાં વિદ્યાર્થીઓની પણ વધુ સંખ્યા હોવાથી, એમાં એડમિશન ફુલ થઇ જવાના કારણે અમુક વિદ્યાર્થીઓ વંચિત રહી જાય છે, જેના માટે સુરત શહેરમાં ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશનની શરૂઆત થઇ હતી. આ સંસ્થામાં સામાજિક અને શૈક્ષણિક સેવા કરવાના ઉદ્ધેશથી સારી અને વાજબી ફી લઇને ગુણવત્તાયુક્ત શિક્ષણ આ સંસ્થામાં મળી રહ્યું છે. આ સંસ્થાને ગુજરાત સરકારે શૈક્ષણિક હેતુ માટે ૧૯.૦૫ એકર જમીન ફાળવી હતી, આ જમીન આ લોકોએ ખરીદી હતી અને શૈક્ષણિક સંકુલ બનાવ્યું હતું. આ સંસ્થા ૩ કોલેજથી શરૂ કરવામાં આવી હતી, આજની તારીખમાં ૧૯ જેટલી કોલેજો આ સંસ્થામાં છે ત્યારે ૭ સ્નાતક કોલેજ, અનુસ્નાતક ૮ કોલેજ અને ૩ ડિપ્લોમા કોલેજ આ સંસ્થામાં છે અને આ સંસ્થા દ્વારા પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના એટલે કે પી.એમ.કે.વી.વાય. પણ ચલાવવામાં આવે છે એમાં ૧૮૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે અને સ્કીલ ડેવલપમેન્ટ માટે અલગ અલગ ટેકનીકલ શિક્ષણ અહીંયા આપવામાં આવે છે. આ ઉપરાંત દર વરસે મેગા જોબફેરનું પણ આયોજન કરવામાં આવે છે જેમાં મલ્ટીનેશનલ અને નેશનલ કંપનીઓ ભાગ લે છે અને એમાં દર વરસે એક હજાર જેટલા વિદ્યાર્થીઓને નોકરી, રોજગારીની તકો પૂરી પાડે છે. ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ગવર્નમેન્ટ સાથે ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે, મેડિકલ કોલેજ, હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેની સાથે સાથે આ કોલેજમાં ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે અને તેની સાથે સાથે આ કોલેજમાં જયારે યુનિવર્સિટીઓની હમણાં માન્યતા થઇ જશે ત્યારે આ સંસ્થામાં અનેક એવા નવા નવા કોર્સ થઇ રહ્યા છે જેનો લાભ સૌને મળવાનો છે. સ્કૂલ ઓફ હેલ્થ કેર, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ આર્ટસ, સ્કૂલ ઓફ બેંકીગ એન્ડ ફાયનાન્સ, સ્કૂલ ઓફ નેચરોથેરાપી એવા અનેક કોર્સ અહીંયા થઇ રહ્યા છે. જયારે આ સંસ્થા ચાલુ થવાથી ૭૦૦ જેટલા શિક્ષકોને તેમાં નોકરી મળશે, રોજગારી મળશે અને તેના માટે આ સંસ્થા ખૂબ જ નામાંકન મેળવશે અને આપણા ગુજરાતને પણ તેનો ફાયદો થશે એટલે આ બિલને હું સંમતિ આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ અથવા શ્રી ડેર બેમાંથી એક બોલશે, કોણ બોલશે તે નક્કી કરો. (અંતરાય ) ચાલો વારા-ફરતી બોલજો.

શ્રી પ્રતાપ દૂધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૫, ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી દ્વિતિય સુધારા વિધેયક પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનાની અંદર આશ્રમની અંદર ભણવા મૂકતાં ત્યારે ઋષિ યુનિવર્સિટી કહેવાતી અને રાજા-રજવાડાના ટાઇમની અંદર, ગાયકવાડ સ્ટેટની અંદર જે જિલ્લામાંથી હું આવુ છું ત્યાં ફરજીયાત શિક્ષણનો કાયદો તે અમારા જિલ્લામાં ગાયકવાડ સરકારે લાગુ પાડયો હતો અને એનુ અમે ગૌરવ અનુભવીએ છીએ. પરિસ્થિતિ આઝાદી પછી દેશની બહુ ખરાબ હતી, શિક્ષણનું સ્તર બહુ નીચુ હતું, સરકારી સ્કુલો, સરકારી હોસ્પિટલો, રસ્તાઓ, માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનો પ્રયાસ એ આઝાદીના લડવૈયાઓ અને ત્યાર પછીની સરકારે પ્રયાસ કર્યો. એ પ્રયાસના ભાગરૂપે એ જમાનાની અંદર ભણેલાં આઇ.એ.એસ., આઇ.પી.એસ., અધિકારીઓ એ જમાનાના રાજકીય લોકો થકી આજે આ ૨૫ વર્ષથી એ પ્રવાહ આગળ વધતો જાય છે અને પરિસ્થિતિની માંગ પ્રમાણે માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા બાપુ જે બિલ લાવ્યા છે તે સમયની

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માંગ છે, જરૂરિયાત છે ત્યારે હું પણ સરકારી સ્કૂલમાં ભણ્યો હતો, સરકારી સ્કૂલમાં ગયો હતો અને જયારે પણ હું મારી સરકારી સ્કૂલની બાજુમાંથી પસાર થાઉં છું ત્યારે એ ખખડધજ બનેલી સ્કૂલ અને સ્કૂલને જોઇને વિચારું છું કે પોતે તો ખખડધજ બની ગઇ અને મને અપટુડેટ બનાવી દીધો.

અધ્યક્ષશ્રી : એવું કોણ કહે છે ?

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, એવું મારો આત્મા કહે છે. પણ જયારે હું મારા દિકરાની સ્કૂલ પાસેથી નીકળું છું, એની બાજુમાંથી પસાર થાઉં છું ત્યારે મને વિચાર આવે છે કે પોતે એટલે કે સ્કૂલ અપટુડેટ તો બની ગઇ પણ હું પોતે ખખડધજ બની ગયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી સ્કૂલો, ખાનગી ટ્યુશનો સમાજની અંદર બે પ્રકારના ગુજરાતના દર્શન થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ, પહેલાં હાથના પેપર નીચે મૂકી દો આપણે આજે એવો પ્રયત્ન કરવો છે. ના, ના સરસ બોલે છે મને ગમ્યું પ્લીઝ ગો અહેડ .

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, સમાજની અંદર બે ગુજરાતના દર્શન થાય છે એક ગામડામાં રહેતો, સરકારી સ્કૂલમાં ભણતો સરકારી યુનિવર્સિટીની અંદર ભણતો બાળક અને એક સુરત હોય, અમદાવાદ હોય, બરોડા હોય મેગા સીટીની અંદર, ખાનગી યુનિવર્સિટીની અંદર મહેંગી ફીથી ભણતો બાળક આ બે બાળકોની વચ્ચે જયારે બેઉને સમકક્ષ મૂકવામાં આવે ત્યારે જે પછાત એટલે કે સરકારી સ્કૂલમાં હાલમાં ભણતો હોય, સરકારી યુનિવર્સિટીની અંદર ભણતો હોય તેને થોડુંક ફિલગુડ નથી થતું તેને બેડગુડ એટલા માટે થાય છે કે આપણી નજરીયા બદલાય છે, ખાનગીકરણ તરફ આપણી નજર ગઇ છે ત્યારે સ્કૂલોનું ખાનગીકરણ, યુનિવર્સિટીઓનું ખાનગીકરણ, બસોનું ખાનગીકરણ, એરપોર્ટોનું ખાનગીકરણ, રેલ્વેનું ખાનગીકરણ અને આજકાલ તો અમારા ધારાસભ્યોનું પણ ખાનગીકરણ થઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી યુનિવર્સિટીની માગણી કરવામાં આવે તો ખાનગી સ્કૂલોને જમીનોની લ્હાણી અને સરકારી યુનિવર્સિટીને ઠેંગો. જેટીયુ લેકવાળાની અંદર ૧૦૦ એકરના બદલે ૨૮ એકર જમીન આપવામાં આવી એ દુ:ખદ ઘટના છે. મુદ્દાઓ તો ઘણા છે પણ તમારો થોડો ડર છતાં આ વખતે આખા સત્રની અંદર તમારો પ્રેમ મને બહુ મળ્યો છે એટલે તમારી પરિસ્થિતિ પ્રમાણે, સમયની માંગ પ્રમાણે અને બાપુ જેવા સજ્જન બિલ લઇને આવ્યા છે ત્યારે, માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની અંદર જુનિયર કે.જી.થી પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચતર શિક્ષણથી લઇ અને યુનિવર્સિટીઓનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે ત્યારે કે.જી.થી લઇને યુનિવર્સિટી શિક્ષણના નામે, સેવાના નામે, તગડો નફો કરતી, ડોનેશન લઇને ઉંચી ફી લેતી પ્રાઇવેટ યુનિવર્સિટીઓ ઉપર અંકુશ રાખવો જોઇએ કે અમુક નિયમો એમાં ટાંકવા જોઇએ કે સરકારી યુનિવર્સિટીના ભોગે પ્રાઇવેટ યુનિવર્સિટી સમયની માંગ પ્રમાણે આપે. એમાં મને વાંધો નથી. કારણ કે, વસતીનો આટલો વિસ્ફોટ છે એટલે સરકાર બધે પહોંચી વળે એવી શક્યતા ઓછી છે પણ ખાનગી યુનિવર્સિટી ઉપર ફીનું થોડું નિયંત્રણ હોવું જોઇએ. ખાનગી યુનિવર્સિટીના પ્રોફેસર યુ.જી.સી.ની લાયકાતવાળા હોવા જોઇએ. ખાનગી યુનિવર્સિટીના પરીક્ષાના પેપર જે યુનિવર્સિટીમાં બને છે અને એને કાઢવામાં જે પરિણામ આવે છે તેમાં થોડી ગેરરીતિના પ્રમાણનો અહેસાસ થાય છે. ખાનગી યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓને ઓરિજીનલ ડોક્યુમેન્ટસ આપવામાં આવતા હોય એ પોતાની પાસે રાખી મૂકે છે અને વિદ્યાર્થીઓને કોઇ કારણસર અભ્યાસ છોડીને જવું હોય ત્યારે એ લોકોને જે સર્ટિફિકેટ આપવામાં આવે છે એમાં કનડગત થાય છે. એમાં પણ નિયમોમાં કંઇક ફેરફાર કરવો જોઇએ. એક સમય હતો કે રાજ્યની ગુજરાત યુનિવર્સિટી હોય, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા હોય, દક્ષિણ ગુજરાતની યુનિવર્સિટી હોય કે ગુજરાત એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ એમ વિવિધ યુનિવર્સિટીઓ ભારતમાં પ્રખ્યાત હતી અને વિદેશમાંથી લોકો અહીંયા ભણવા આવતા હતા. બાપુએ વાત કરી કે ખાનગી યુનિવર્સિટી ૨૦૦ હોય તો ૨૦૦નો ક્રમાંક આવે પણ સરકારી યુનિવર્સિટીનો આવતો નથી. તો ભલે આપણે ૫૦ ખાનગી યુનિવર્સિટી આપીએ, ૧૦૦ આપીએ, ૨૦૦ આપીએ એની સામે વાંધો નથી પણ એની સામે થોડી સરકારી યુનિવર્સિટીઓ ખૂલે અને એ પણ ગામડાઓમાં યુનિવર્સિટી ખૂલે. સૌરાષ્ટ્રની અંદર એકાદ યુનિવર્સિટી વધે તો અમને આનંદ થશે. બાજુના પક્ષમાંથી ભારતીય જનતા પાર્ટીના મિત્રો ઘણી વાર પીન મારે અને મારા આત્માને ઘા વાગે કે ' કૉંગ્રેસના સમયમાં શું થયું? તો શાસક પક્ષના મિત્રોને હું યાદ અપાવું કે નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ડિઝાઇન (એન.આઇ.ડી), નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ફેશન ડિઝાઇન (એન.આઇ.એફ.ડી.), ઇન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ (આઇ.એચ.એમ.) આવી વિશ્વ કક્ષાની સંસ્થાઓ કૉંગ્રેસના સમયમાં આપવામાં આવી અને વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૧૪ સુધી ડૉ.મનમોહનસિંહના સમયમાં ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ડિઝાઇન (નવું કેમ્પસ), ઇન્સ્ટીટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ (નવું કેમ્પસ), ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન ટેકનોલોજી આવી. ઉદ્યોગપતિઓને ૧૫ પૈસાથી લઇને ૧૫ રૂપિયામાં જમીન અને સરકારી યુનિવર્સિટીની અંદર રાષ્ટ્રીય સંસ્થાઓના નિયમ પ્રમાણે જમીન આપવામાં પણ આપણને તકલીફ થાય છે. સરકારશ્રી વાત કરે છે કે ભણશે ગુજરાત. કેવી રીતે ગુજરાત ભણશે? વધારે આલોચના નહિ કરતાં બાપુ જે બિલ લાવ્યા છે એમાં જે ફી અને કાયદાકીય રીતે જે સુવિધાઓ થતી હોય એમાં આપનું ધ્યાન દોરું છું અને અધ્યક્ષશ્રી આપે મને જે લાભ આપ્યો એ બદલ આપનો આભાર.

શ્રાવણ ૪, ૧૯૪૧ શાકે

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક, ૨૦૧૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા)વિધેયક, ૨૦૧૯

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રસિંહજી ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા અને દ્વિતીય સુધારા વિધેયક લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારી વાતની શરૂઆત પૈસાના હિસાબે નહિ ભણી શકતા એક યુવાનની જે વ્યથા છે એના દ્વારા કરું છું. **व्यथा और वेदना की पाठशाला से जो पाठ सीखे जाते हैं, वह दुनिया की कोई भी विश्वविदयालय से नहीं सीखे जा सकते** । માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રસિંહ સન ૨૦૧૯ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા અને દ્વિતીય સુધારા વિધેયક લઇને આવ્યા છે એને અનુમોદન આપું છું અને એમાં મારો સૂર પૂરાવું છું અને થોડા મારા વિચારો રજૂ કરવા ઇચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પરિવારનું કોઇપણ કુટુંબનું કોઇપણ સમાજનું કોઇપણ રાજયનું કે કોઇપણ રાષ્ટ્રનું ચાલકબળ હોય તો એ આ દેશનો યુવાન છે. એટલા માટે આ દેશનો યુવાન આ રાજયનો યુવાન શિક્ષિત હશે સુશિક્ષિત હશે કે દિક્ષિત હશે તો હું માનું છું કે આગામી સમયમાં પોતાના પરિવાર સાથે પોતાના દેશ માટે કે રાષ્ટ્ર માટે કંઇક કરી શકશે. એટલા માટે આપણી રાજયની યુનિવર્સિટીઓની સાથે સાથે વસતિ વધારાના હિસાબે જે ઘટ રહી છે અને એટલા માટે જે ખાનગી યુનિવર્સિટીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે એ બિલકુલ વાજબી છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

આજના સમયની અંદર જે વિદ્યાર્થીઓ ખાનગી યુનિવર્સિટીમાં હાઇફાઇ સુવિધા પ્રાપ્ત કરે છે તે બધી જ સુવિધાઓ જો આપણી પોતાની યુનિવર્સિટીઓમાં પણ જો ઉભી કરવામાં આવે તો કયાંકને કયાંક અશોભનીય નહિ અનુભવે. આપણે ઘણા બધા યુવાનો પાસેથી સાંભળ્યું છે. જયારે એને એજયુકેશનની વાત પૂછવામાં આવે છે ત્યારે એ એવી યુનિવર્સિટીઓના નામો અથવા એવી શાળાઓના નામ આપતા ક્ષોભ અનુભવે છે. કયાંક એવું સમજી શકે કે આ યુનિવર્સિટી અથવા તો નામી શાળામાં ભણીને આવે છે એટલે એનું આંકલન એના દ્વારા કરવામાં આવે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે આગામી સમયની અંદર જરૂરિયાતમંદ લોકોને પ્લેટફોર્મ પૂરી પાડી એ ચૂંટાયેલા જન પ્રતિનિધિ તરીકે અને સરકારમાં બેઠેલા બધા જ લોકોની જવાબદારી છે કે આગામી સમયની અંદર આવા બધા જ લોકોને એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે. આપના માધ્યમથી ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આજના સમયે જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી., આઇ.પી.એસ., આઇ.એ. એસ. માટે દિવસે ને દિવસે આજના યુવાનોમાં ભૂખ વધતી જાય છે કે અમારે કંઇક કરવું છે. જે તે રાજયની અંદર જે તે ભાષાઓમાં જો ઇન્ટરવ્યુ લેવાય, જો એની પરીક્ષાઓ લેવાય તો હું એમ માનું છું કે ઘણી બધી સારી વસ્તુ થઇ શકે તેમ છે. આપના માધ્યમથી યુનિવર્સિટીઓના પ્રોફેસરો માટેની એક વાત હું જી.પી.એસ.સી. સાથે જોડવા ઇચ્છું છું. થોડા સમયથી જી.પી.એસ.સી.ની પરીક્ષાઓ પણ ગુજરાતી માધ્યમમાં લેવાય તેવી એક વાત શરુ થઇ છે ત્યારે આવા પેપરો તપાસવા માટે અથવા એની ઓરલ એકઝામ લેવામાં આવે છે એ પણ જે તે ભાષાના અનુસ્નાતકો, પ્રોફેસરો દ્વારા એને જો ચકાસવામાં આવે તો ગુજરાતના આવા યુવાનો પરીક્ષાઓ આપી રહ્યા છે એને કયાંકને કયાંક સારી સંભાવનાઓ મળશે અને આગામી સમયમાં એ પણ એનું પરફોર્મસ બતાવશે. મારા ધ્યાને એક બે વાત આવી છે કે ગુજરાતી માધ્યમમાં, અંગ્રેજી માધ્યમમાં જયારે જી.પી.એસ.સી.ની પરીક્ષા લેવાય છે એ ઓરલ હોય કે લેખિત હોય ત્યારે એક જ પ્રશ્ન અંગ્રેજીમાં જે પૂછવામાં આવે એનો જવાબ ગુજરાતીમાં સાચો હોય અને અંગ્રેજીમાં પણ સાચો હોય તો બંનેના માર્કીંગમાં ફેર થાય છે આ વાત મારા ધ્યાને આવી છે એટલા માટે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જે તે રાજયમાં જે તે ભાષામાં અનુસરીને જે તેભાષાના સ્નાતકના પ્રોફેસરો છે એમની પાસે આવા પેપરો તપાસવામાં આવે તો જે તે રાજયના યુવાનો સાથે આપણે બધાએ ન્યાય કર્યો કહેવાય. આપના માધ્યમથી આ ગૃહનું દોરવા ઇચ્છું છું કે વર્ષ ૨૦૧૭ની અંદર જે જીપીએસસીની પરીક્ષા લેવાઇ ૨૬૬માંથી ૧૧૭ યુવાનો પાસ થયા એ અંગ્રેજી માધ્યમમાંથી થયા અને ૭૭૯માંથી ૨૧૮ યુવાનો પાસ થયા એ ગુજરાતી માધ્યમમાં પાસ થયા એટલે કયાંકને કયાંક ગુજરાતી માધ્યમના વધુ યુવાનોએ પરીક્ષા આપી હોય છતાં ઓછા પાસ થયા છે કદાચ એની સ્કોલર ઓછી હશે. પણ હું એવું માનું છું કે, આગામી સમયની અંદર આ જે તે પેપર તપાસવામાં આવે તે જે તે રાજયના અનુસ્નાતક ખાતાના પ્રોફેસરો દ્વારા તપાસવામાં આવે તો ચોક્કસથી ઘણું બધું થશે. વધુ સમય ન લેતાં માનનીય મંત્રીશ્રીએ ગઇ કાલે જે સૂત્ર આપ્યું હતું એનું જે પરિણામ જોવા મળ્યું છે એમની એ વાત કહીને મારી વાત પૂરી કરું. માનનીય ભૂપેન્દ્રસિંહજીએ ગઇકાલે એક સૂત્ર આપ્યું હતું invest in your duty and earn your rights એટલે હું આજે આ સભાગૃહના બધા સભ્યશ્રીઓએ પોતાની ડયુટી નિભાવી છે એટલા માટે આવનારા સમયની અંદર આના જે બધાના જે હક્કો છે એ સત્તા સ્થાને બેઠેલા લોકો બહુ સારી રીતે સાંભળીને પૂરા કરે એટલી જ વિનંતી સાથે જે બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને અનુમોદન આપું છું. આવનારા સમયની અંદર આ રાજય અને દેશનો યુવાન આ યુનિર્વસીટીમાં ભણી દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરે એવી વાત કરીને મારી વાત પૂરી કરું છું. આપ સૌનો આભાર થેન્કયુ.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, બહુ વધારે ટાઇમ નહીં લઉં. મારે ત્યાંથી બે કોલેજો યુનિવર્સિટી બનવા જઇ રહીછે. જે.જે. યુનિવર્સિટી અને સિલ્વર ઓક કોલેજ. રાજય સરકાર ગુણવત્તા સભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી આ રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓ માટેનું જે બિલ લાવી છે તેને મારું સમર્થન છે. સાથે સાથે ગુજરાતની બે યુનિવર્સિટી યાદ કરવી જરૂરી લાગે એટલે હું એક જ મિનિટમાં વાત પૂરી કરું. એક ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી. આ બન્ને યુનિવર્સિટી માનનીય નરેન્દ્રભાઇનું વિઝન અત્યારે એની

પરિસ્થિતિ જેને કહેવાય કે આ ગુજરાત નેશન લો યુનિવર્સિટીને ઈન્ડીયા ટુ ડેના વર્ષ ૨૦૧૭માં દશમા ક્રમે આવેલી છે. એટલે આપણું ગુજરાત પણ એમાં આપણા માનનીય ભૂપેન્દ્રસિંહજી જે રીતે શિક્ષણમાં ધ્યાન આપી રહ્યા છે તે જોતાં ગુજરાત ખરેખર આગળ વધે. આપ જે બિલ લાવ્યા છો એને મારું સમર્થન આપું છું.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાહેબ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક અને સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૫- સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી આણંદ જિલ્લો અમુલની ઓળખ સાથે ઓળખાતો જિલ્લો. ચરોતરનું હાર્દ એવું આણંદ. આણંદની અંદર કૃષિ યુનિવર્સિટી પણ આવેલી છે અને વલ્લભ વિદ્યાનગરની અંદર સરદાર પટેલ યુનિવર્સિટી પણ આવેલી છે. આણંદ વિધાનસભા મારું ક્ષેત્ર છે અને વિદ્યાનગર અને કરમસદ બન્ને મારા ક્ષેત્રમાં આવે છે. ત્યારે સરકારશ્રી તરફથી આ બન્ને જગ્યાએ ચરોતર આરોગ્ય મંડળ કરમસદ અને ચરોતર વિદ્યામંડળ વિદ્યાનગરમાં જે ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપેલો છે તે બદલ સરકારશ્રીનો અને માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું.

સાથે સાથે કહું કે વિદ્યાનગર એટલે એ વિદ્યાની નગરી અમારા સાથી સભ્યશ્રી મહેશભાઇએ કહ્યું તેમ દેશના ખૂણે ખૂણેથી અને ગુજરાતના ખૂણે ખુણેથી ત્યાં આગળ વિદ્યાના ધામમાં વિદ્યા માટે આવે છે. ત્યાં ભણી ગણી વિદ્યાર્થીઓ દિકરાઓ અને દિકરીઓ શિક્ષણ મેળવે છે. ત્યાં ચારૂતર વિદ્યામંડળની અંદર સારામાં સારી વ્યવસ્થા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવી છે. રહેવા માટે હોસ્ટેલ, દિકરીઓ માટે પણ હોસ્ટેલ અને આ જ વિદ્યાનીનગરી બનાવવા માટે સ્વર્ગસ્થ ભાઇકાકા, શ્રી એચ.એમ. પટેલ સાહેબ એમનું યોગદાન ખૂબ મોટું છે. માનનીય અધ્યક્ષશ્રી, ચારૂતર આરોગ્ય મંડળ કરમસદની વાત કરીએ તો ત્યાં સરદાર સાહેબનું કામ છે અને ત્યાં પણ શ્રી એચ. એમ.પટેલ સાહેબના અથાગ પ્રયત્નોથી આ ચારુતર મંડળ કાર્યરત છે. ત્યાં પણ આરોગ્યની ખૂબ સારી સેવાઓ મળે છે, શિક્ષણ ક્ષેત્રે પણ સારી સેવાઓ મળે છે ત્યારે વધારે નહીં કહેતા મારા વિસ્તારની અંદર બન્ને યુનિવર્સિટી જે આપી છે તે બદલ સરકારશ્રીનો આભાર માનું છું અને આ બિલને હું સમર્થન આપું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રસ્તુત જે વિધેયક લાવ્યા છે એની અંદર અત્યારે બે વિધેયક એક સાથે છે, અમે તો એક જ વિધેયકની તૈયારી કરેલી. એટલે એ પ્રમાણે આ વિધેયકની અંદર એક કેલોક્ષ યુનિવર્સિટીના નામમાં ફેરફાર કર્યો છે અને એક ચરોતર વિદ્યા મંડળ, વલ્લભ વિદ્યાનગર અને સમતા લોક સંસ્થાન વડોદરા તરફથી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ની કલમ ૧૦ હેઠળ જોગવાઇ પ્રમાણે યુનિવર્સિટીના નામનો સમાવેશ કરવા માટેનો પ્રસ્તાવ લાવ્યા છે. આજના જમાનાની અંદર હું એવું સ્પષ્ટ માનું છું કે જે વિશ્વ વિદ્યાલયો છે એ જ્ઞાનના મંદિર છે. અને સકારાત્મક અને સ્વતંત્ર અભિવ્યક્તિના અભ્યારણો છે. આ અભ્યારણમાં વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે રમત ગમત, કલા, સંસ્કૃતિ અને લોકશાહી શાસન વ્યવસ્થાને મજબૂત કરવા માટે નેતૃત્ત્વના ગુણ શીખે છે અને જીવનમાં ડગલે અને પગલે આપણે નેતૃત્વ કરવું પડતું હોય છે. કોઇ પણ દેશની સમૃદ્ધિનું આંકલન કરવું હોય તો તે દેશના શિક્ષણના સ્તર સાથે તેનું મુલ્યાંકન કરવું જોઇએ. ટેલીકોમ્યુનિકેશન ક્રાંતિના જનક અને નોલેજ કમિશનના ચેરમેન સામ પિત્રોડાજીએ જણાવ્યું છે કે વૈશ્વિક અર્થતંત્ર વિકાસ સંપતિ નિર્માણ અને સમૃદ્ધિનો જો કોઇ ચાલક બળ હોય તો તે શિક્ષણ છે. ગુજરાત અને દેશમાં શિક્ષણની જે ઉપલબ્ધતાઓ છે તે ખૂબ ઓછી છે અને તેમાંય ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ માટે દર વર્ષે સેંકડો વિદ્યાર્થી વિદેશમાં અભ્યાસ કરવા જાય છે. ત્યારે આ વિધેયક ઉપર બોલવાનું છે એટલે થોડીવાર પહેલાં અમે ઘરે જે તૈયારી કરી એમાં બી. બી. સી.નો એક અહેવાલ હું વાંચતો હતો. તેના આધારે દર વર્ષે જે આપણા વિદ્યાર્થીઓ જે વિદેશ ભણવા જાય છે એની પાછળ ૭ અરબ અમેરીકી ડોલરનો ખર્ચ થાય છે. એનું એક સીધું કારણ એ છે કે વિશ્વની હમણાં જે વાત થઇ, થોડા આંકડાઓમાં ડીફર છે, બધા જુદા જુદા આંકડાઓની વાત કરે છે, પણ મેં જે અહેવાલ વાંચ્યો તે પ્રમાણે વિશ્વની જે ૨૦૦ યુનિવર્સિટીઓ છે એની અંદર ભારતની બે યુનિવર્સિટીનો સમાવેશ થાય છે અને એક એમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગલુરુ, અને બીજી આઇ. આઇ. ટી. દિલ્હી, આ બન્ને સરકારી યુનિવર્સિટી છે. આ પરિસ્થિતિમાં જો આપણું જે યુવા ધન છે અને આપણું વિદેશી હુંડિયામણ છે એ બન્ને વિદેશમાં જઇ રહ્યું છે. ગુજરાતમાં ૩૦ રાજય યુનવર્સિટીઓ અને ૩૪ ખાનગી યુનિવર્સિટીઓ આવેલી છે અને ડીમ્ડ યુનિવર્સિટી જુદી. જો દેશની વાત કરીએ તો વર્ષ ૨૦૧૭ અંતિત દેશમાં ૭૯૯ યુનિવર્સિટીઓ આવેલી છે અને ૩૯૭૦૧ કોલેજો આવેલી છે. આ પૈકી ૪૫૯ જનરલ યુનિવર્સિટી, ૧૦૧ ટેકનિકલ યુનિવર્સિટી, ૬૪ કૃષિ યુનિવર્સિટી, ૫૦ મેડિકલ યુનિવર્સિટી, ૨૦ લો યુનિવર્સિટી, ૧૧ સંસ્કૃત યુનિવર્સિટી અને ૭ ભાષાઓની યુનિવર્સિટી આવેલી છે. આમ છતાં ભારતીય શાળાઓની અંદર જે વિદ્યાર્થી પ્રવેશ લે છે એમાંના ફક્ત ૧૫ ટકા વિદ્યાર્થીઓ વિશ્વ વિદ્યાલયની અંદર અભ્યાસ કરવા જાય છે. અને જેટલા વિદ્યાર્થીઓ જે શાળામાં પ્રવેશ લે છે આ બધાને જો આપણે વિશ્વ વિદ્યાલયમાં મોકલવા હોય તો દેશની અંદર ૧૫૦૦ વિશ્વ વિદ્યાલયની જરૂર પડે. જો આ ૧૫૦૦ વિદ્યાલયો બનાવવા હોય તો આના માટે જે ધનની જરૂરિયાત છે, આ ધન આપણને ખાનગી ક્ષેત્રમાંથી જ પ્રાપ્ત થવાનું છે. ખાનગી શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવું જોઇએ. તેનો કોઇ વિરોધ જ ન હોઇ શકે. આ પ્રકારનું પ્રોત્સાહન આપવાથી ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ વધશે તેમાં કોઇ જ શંકાને સ્થાન નથી. પરંતુ આપણે નોંધવું જોઇએ કે દેશની જે ટોપ-૧૦ યુનિવર્સિટીઓ છે તેમાં એક પણ ખાનગી યુનિવર્સિટી નથી. તેમાં બધી જ સરકારી

યુનિવર્સિટી આવેલી છે. એક ખાનગી યુનિવર્સિટીના દિક્ષાંત સમારોહની અંદર આપણાં તત્કાલિન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી તેમનું વકતવ્ય આપતા હતા, તેમાં તેમણે કહ્યું કે દેશની અંદર શિક્ષણનું સ્તર નીચું આવ્યું છે એના માટે ખાનગી યુનિવર્સિટીઓ જવાબદાર છે. શ્રી પ્રણવદાએ ગર્ભિત ઇશારો કરીને એમ જણાવ્યું કે દેશમાં એક તરફ ખાનગી યુનિવર્સિટી વધી રહી છે. જ્યારે બહુ ઓછી આવી સંસ્થાઓ ઉચ્ચ શ્રેણીની અંદર આવે છે. ખાનગી શિક્ષણને પ્રોત્સાહન આપવું જોઇએ તેનો કોઇ વિરોધ નથી. પરંતુ જે ચિંતા આજે અમે વ્યક્ત કરીએ છીએ તે એવી છે કે કોઇક ઔદ્યોગિક ઘરાનાનું હોય, ઔદ્યોગિક સંસ્થા હોય એ પહેલાં

યુનિવર્સિટીમાં રોકાણ કરે અને પોતે કુલપતિ બની જાય. ત્યાર પછી તેના છોકરાને ઉપકુલપતિ બનાવી દે. આ પ્રકારની વ્યવસ્થા ન થાય તેનું પણ આપણે ધ્યાન રાખવું પડે. આ યુનિવર્સિટીમાં જે અભ્યાસ થઇ રહ્યો છે તેના કારણે ગરીબ વિદ્યાર્થીઓ અને અમીર વિદ્યાર્થીઓ એવો એક સ્પષ્ટ ભેદ દિવસેને દિવસે થતો આવે છે. મોટા ભાગના મારા સાથી સભ્યશ્રીઓ શહેરોમાંથી સારી એવી સંખ્યામાંથી આવે છે. ખાસ કરીને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ. જે અમદાવાદની કોન્વેન્ટ સ્કૂલો છે તેના કે.જી. કે સિનિયર કે.જી.માં કે નર્સરીમાં જે બાળક ભણતું હોય એ ઇંગ્લીશમાં સરસ મજાનું તાલમાં ગાઇ શકે કે વન, ટુ, થ્રી, ફોર, ફાઇવ. આઇ ગોટ અ ફીશ અલાઇવ. જયારે ગુજરાત સરકારની આપણે શિક્ષણની વાત કરીએ. સમર્થન આપવાનું જ છે તેમાં કોઇ સવાલ નથી, પરંતુ સમર્થનની સાથે સાથે જે ચિંતાઓ છે તેનો પણ વિચાર કરવો જોઇએ. મારા વિધાનસભા મતક્ષેત્રની જે મોડલ સ્કૂલ છે તેની મુલાકાત મેં જાતે લીધેલી. આખા કલાસમાં એક એક છોકરાને મેં ઉભા કરી અને બોર્ડમાં ઇંગ્લીશમાં તેનું નામ લખવાનું કહ્યું. આઠમા ધોરણના વિદ્યાર્થી. ફકત એક વિદ્યાર્થીને ઇંગ્લીશમાં માય નેઇમ ઇઝ રમેશ. પોતાનું સાચું નામ સ્પેલીંગ સાથે લખેલું. આ ફરક છે. એક તરફ આઠમા ધોરણનો વિદ્યાર્થી એક તરફ નર્સરી, કે.જી. કોન્વેન્ટ સ્કૂલનો વિદ્યાર્થી. શહેરનું શિક્ષણ અને ગામડાંનું શિક્ષણ. આ ભેદ છે. આવનારા સમયની અંદર હું જે ઇશારો કરવા માગું છું. જે ચિંતા વ્યકત કરું છું. એક અમીર વિદ્યાર્થી અને એક ગરીબ વિદ્યાર્થી વચ્ચે ખાઇ પેદા થઇ રહી છે તેના વિષે મારે કહેવું છે. જે બીજો ગંભીર પ્રશ્ન છે, ખાનગી યુનિવર્સિટીનો. યુ.જી.સી.ની ગાઇડ લાઇન પ્રમાણે પ્રોફેસરો રાખવાના હોય છે. તેનો ક્રાઇટેરિયા, તેના માટેનું ક્વોલિફિકેશન હોય છે. જયારે તેની પ્રોફાઇલ તૈયાર થાય, એ યુ.જી.સી.માં જાય ત્યારે તો તે પ્રમાણે બધા પ્રોફસરો એની અંદર હોય જ છે પરંતુ વાસ્તવિક રીતે જે પ્રોફેસરો ભણાવતા હોય છે એ કોઇ બીજાં જ ભણાવતા હોય છે. એટલે આવી અનિયમિતતા ન થાય તેના માટે આપણે આવી ખાનગી યુનિવર્સિટીમાં જબરજસ્ત સરપ્રાઇઝ ચેકીંગ રાખીને જો આવું કંઇ થતું ન હોય તો આપણે તેના માટે કરવું જોઇએ. આ યુનિવર્સિટી થાય એ આપણા હિતમાં છે પણ મારી વાત કન્કલુડ કરતા મારે લાંબુ આલોચનાત્મક નથી બોલવું પણ જે પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા ઉભી થઇ છે તેમાં...

અધ્યક્ષશ્રી : શિક્ષણના હિતમાં કંઇ પણ બોલશો તો માનનીય ભૂપેન્દ્રસિંહજી આપને ખૂબ શાંતિથી સાંભળી રહ્યા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ચર્ચા યુનિવર્સિટીની છે. પ્રાથમિક શિક્ષણની નથી. આટલું જ મારે ધ્યાન દોરવું છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : ટૂંકમાં પતાવું.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

**ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં એક દિવસમાં સૌથી લાંબી ચર્ચા ચાલવા બાબત.**

શ્રીપરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આજે તા.૨૬–૭–૨૦૧૯નો દિવસ બદલાઇ ગયો. ઘડીયાળમાં ૦૦ થયા છે. આજનો દિવસ એ ગુજરાતના સંસદીય ઇતિહાસમાં લખાવા જઇ રહ્યો છે. આજનો દિવસ એ આપની અધ્યક્ષતામાં ગુજરાતની સંસદીય કાર્યવાહી એમાં બે રેકોર્ડ તોડવાનો છે. એક રેકોર્ડ તા.૬–૧–૧૯૯૩ના રોજ મળેલી બેઠક એ રાતના ૧૨–૦૮ કલાકે પૂરી થઇ હતી. આ બેઠક દરમિયાન કુલ વિરામનો સમય બાદ કરતા ૧૦ કલાક અને ૨૨ મિનિટ કુલ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી એ ગુજરાત વિધાનસભામાં સૌથી વધુ સમય માટે કાર્યવાહી ચાલી હતી. સૌથી લાંબી કાર્યવાહી હતી. આજે આપણે તા.૨૬–૭–૨૦૧૯ના રોજ એટલે ગઇ કાલે સવારે ૧૦–૦૦ વાગ્યે ચાલુ કરેલી બેઠક આજે તા.૨૭મી તારીખના રોજ અત્યારે ૧૨ કલાક અને ૦૧ મિનિટ થઇ છે એટલે હવે પછી ૧૨ કલાક અને ૮ મિનિટે, ૧૨ કલાક અને ૩૮ મિનિટની કાર્યવાહી પૂરી થશે અગાઉ ૧૦ કલાક અને ૨૨ મિનિટની કાર્યવાહી હતી. આપની અધ્યક્ષતામાં આ ગૃહમાં બધાએ ખૂબ સકારાત્મક ચર્ચાઓ કરી અને સૌથી લાંબી ચર્ચાનો, એક દિવસમાં લાંબી ચર્ચાનો રેકોર્ડ તોડી નાંખ્યો છે અને ૧૨–૦૮ મિનિટે અપેક્ષા રાખીએ કે જયાં ચર્ચા હોય ત્યાંથી સૌથી મોડે સુધી ચાલનારું આ સત્ર છે એની જાહેરાત પણ થાય. આ બંન્ને રેકોર્ડ આપના નેતૃત્વમાં થયા છે એટલે આખા સભાગૃહવતી આપને અભિનંદન આપું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ જે વાત કરી, આ ગૃહનો રેકોર્ડ હતો, એ વખતે ગૃહ ૧૨–૦૦ વાગ્યે શરૂ થયું હતું અને આજે આપણું દસ વાગે શરૂ થયું છે. સદભાગ્યે આ બન્ને પ્રસંગનો સાક્ષી ધારાસભ્ય તરીકે હું અહીંયા છું.

અધ્યક્ષશ્રી : આજે જે કંઇ રેકોર્ડ બન્યો છે, આપણે તોડ્યો છે એના કરતાં બન્યો છે એનો યશ મને એકલાને હોઇ જ ના શકે. આપણે બધા જ સર્વે સભાસદો અને તમામ અધિકારી, પ્રેસના મિત્રો, તમામ કર્મચારીઓ, અધિકારીઓ આ યશના ભાગીદાર છે અને લોકશાહીની આજ પરંપરા આપણે જાળવી રાખીએ. હું એક વાતના બીજા અભિનંદન એ આપવા માગું છું કે ગયા પાંચ વર્ષ એટલે પહેલી ટર્મ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ની જે મારી હતી એ દરમ્યાનમાં જેટલી શાંતિ નહોતી જોવાઇ એટલી શાંતિ આ ટર્મમાં જોવાઇ છે એટલે આપને બધાને ખૂબ અભિનંદન આપું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઐતિહાસિક પ્રસંગનું સાક્ષી આ ગુજરાત વિધાનસભાનું ગૃહ થઇ રહ્યું છે. લોકશાહીના ધબકારા પૂરવણી નં.૪, માનનીય મંત્રીશ્રીની પણ ઇજાજત લઉં અને બિલની વચ્ચે એટલા માટે કહું છું કે આ પ્રસંગ અને ઇતિહાસ વર્ષ ૧૯૯૩માં રેકોર્ડ રચાણો હતો, વર્ષ ૨૦૧૯માં આ રેકોર્ડને તોડવા માટેનો અવસર મને, બાપુને અને

આ વિધાનસભાગૃહને આપની અધ્યક્ષતામાં મળ્યો છે. આપના મારફત મને આ સન્માનનીય સભાગૃહને પણ જણાવતા આનંદ થાય છે. આ ગુજરાતના જે રેકોર્ડ છે ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ વિરામ સમયને બાદ કરતા કુલ ૧૦ કલાક અને ૨૨ મિનિટ સુધી ગૃહે બેઠક દરમિયાન કામકાજ હાથ ધર્યું હતું. આટલી વિક્રમજનક કામગીરી કરી સભાગૃહની એ બેઠક મધ્યરાત્રી બાદ એટલે કે રાત્રીના ૧૨ કલાક અને ૦૮ મિનિટે મુલતવી રહી હતી. ત્યારે સભાગૃહનો સમય બપોરે ૧૨-૦૦ વાગ્યાથી ચાલુ થતો હતો અને રાત્રીના ૧૨-૦૮એ ગૃહ પુરું થયું હતું. જે સર્વાધિક મોડામાં મોડું ચાલનારું એ ગૃહ હતું. આજનો દિવસ સવારે ૧૦-૦૦ વાગ્યાથી વિધાનસભાની કાર્યવાહી શરૂ થઇ છે અને રાત્રીના ૧૨ અને ૦૮ મિનિટે આપણે નવો રેકોર્ડ કરવા જઇ રહ્યા છીએ. ત્યારે સૌથી લાંબી ચર્ચાનો રેકોર્ડ તૂટી ગયો છે. સૌથી મોડે સુધી ચર્ચા કરવાનો રેકોર્ડ રાત્રીના ૧૨-૦૮ મિનિટનો છે એની જાહેરાત આપના અધ્યક્ષસ્થાનેથી થાય એવી વિનંતી કરું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, લાંબામાં લાંબી ચર્ચા ચાલતી હતી ત્યારે રેકોર્ડ તૂટવા સમયે શ્રી નૌશાદ સોલંકી ભાષણ કરતા હતા એવો પણ રેકોર્ડ હશે. આ બાબત ઉપર બિલ આવ્યું ત્યારથી ઘણા દિવસથી મગજમાં હતું કે આ બાબતો સરકારશ્રીના ધ્યાન ઉપર લાવું અને આગામી સમયમાં એના ઉપર કામ થાય. ખાનગી યુનિવર્સિટીઓ છે એમાં એક મોટો બીજો પ્રશ્ન એ છે કે એની ફી ખૂબ ઉંચી હોય છે. આવી ખાનગી યુનિવર્સિટી કે ડિમ્ડ યુનિવર્સિટીઓ છે એમાં ગરીબ વિદ્યાર્થીઓ ભણી શકતા નથી. રાજ્ય સરકારે એક વ્યવસ્થા કરી કે આ ગરીબ વિદ્યાર્થીઓ ભણી શકે એના માટે ફ્રીશીપ કાર્ડ આપવામાં આવ્યા. પણ આ કાર્ડ ઘણી ડિમ્ડ યુનિવર્સિટીમાં ચાલતા નથી. એને વેલિડ ગણવામાં આવતા નથી. મંત્રીશ્રી અને સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રી બન્નેને લાગુ પડે છે કે આ ખાનગી યુનિવર્સિટીમાં આપણા ગરીબ વિદ્યાર્થીઓ, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપણે જો ભણાવવા હોય તો એના માટે આ દરવાજા બંદ છે અને આપણે જે ફ્રીશીપ કાર્ડ આપીએ છીએ એ ખાનગી અને ડિમ્ડ યુનિવર્સિટી સ્વીકારતી નથી. એની મોટાભાગની ફી ગરીબ વિદ્યાર્થીએ ભરવી પડે છે. એટલે આ ગરીબ વિદ્યાર્થીઓ આ કોલેજમાં જતા નથી. ખાસ કરીને ઉલ્લેખ કરું કે રાજકોટની મારવાડી યુનિવર્સિટી છે એને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. એના લો માં ફી લેવામાં આવે છે એ ફીમાં આપણા ગુજરાત સરકારનું ફ્રીશીપ કાર્ડ ચલાવવામાં આવતું નથી. એનું કારણ એ છે કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ એવું કહે કે ખાનગી યુનિવર્સિટીએ ફી છે એ એફ.આર.સી. છે એમાં એપ્રુવ નથી કરાવી એના કારણે ફ્રીશીપ કાર્ડની અંદર એની ફી છે એટલે પૈસા આપશે નહીં. સવાલ છે કે ગુજરાતની અંદર કોઇ ખાનગી યુનિવર્સિટી એફ.આર.સી.ની મંજૂરી વગર, પરવાનગી વગર (અંતરાય) (આ તબક્કે ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં સૌથી વધારે સમય સુધી ગૃહની બેઠક ચાલવા બદલ સભાગૃહમાં હાજર સર્વે સભ્યશ્રીઓ દ્વારા પાટલી થપથપાવીને આનંદ વ્યક્ત કરવામાં આવ્યો અને અભિવાદન કરવામાં આવ્યું.)

અધ્યક્ષશ્રી : રાત્રીના ૧૨-૦૮નો સમય થયો છે. રાત્રીના ૧૨-૦૯ વાગ્યે રેકર્ડ બનશે. આપણે બધા જ પાટલી થપથપાવીએ છીએ એમાં આપણા બધાનું યોગદાન છે. કોઇ બાકી નથી. ખૂબ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં આ વખતનું સત્ર ચાલ્યું છે. બે રેકર્ડ એકી સાથે આપણે બધાએ મળીને તોડ્યા છે. રેકર્ડ બનાવ્યા છે એટલે આપને બધાને ખૂબ ખૂબ હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આવો જ પ્રેમ એકબીજાને મળતો રહે એવી શુભેચ્છાઓ. આપણે કામકાજ આગળ વધારીએ. ખૂબ ખૂબ આભાર.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ વર્ષ ૧૯૯૩માં સભાગૃહની સૌથી લાંબી બેઠકનો સાક્ષી છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે શ્રી મનુભાઇ, શ્રી શૈલેષભાઇના પિતાશ્રી, શ્રી વિરજીભાઇ, શ્રી પુંજાભાઇ, શ્રી સુખરામભાઇ, શ્રી મોહનસિંહભાઇ રાઠવા આટલા લોકો તો હતા જ.

અધ્યક્ષશ્રી : એમના માટે પણ પાટલી થપથપાવીએ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતા વારંવાર એટલા માટે કરું છું કે આ બાબતમાં ખૂબ ગંભીરતાપૂર્વક કામ કરવું પડે કે ખાનગી યુનિવર્સિટીઓ એફ.આર.સી.ની મંજૂરી લીધા વગર ગમે તેટલી ફી વધારી દે એના કારણે ગરીબ વિદ્યાર્થીઓને લાભ મળતો નથી. એટલે આવી યુનિવર્સિટીમાં તાત્કાલિક ફ્રી શીપ કાર્ડ ચાલે એવી વ્યવસ્થા થાય એટલી મારી વિનંતી છે, આભાર.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ જે આપણા શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૬ નંબરનું સુધારા વિધેયક બિલ છે એની અંદર મારા વિસ્તારમાં પણ એક એલ. જે. કેમ્પસ કોલેજ આવેલી છે. એટલે એના અનુસંધાનમાં હું વાત કરવા ઊભો થયો છું. આ યુનિવર્સિટીની ખાસ વિશેષતા બાબતે મારે વાત કરવાની છે કે અત્યાર સુધી જે યુનિવર્સિટીની વાત થઇ એના કરતા આ યુનિવર્સિટીની એક વિશેષતા એ છે કે આ યુનિવર્સિટીની અંદર દરેક ક્ષેત્રની અંદરથી વિદ્યાર્થીઓને મફત ભણાવવામાં આવે છે અને એને રહેવા-જમવાની સગવડતા પણ આપવામાં આવે છે. વૈશ્વિક સ્તરનું શિક્ષણ પ્રાપ્ત થાય અને એ વૈશ્વિક સ્તરના શિક્ષણની સાથે સાથે જે અત્યારની માંગ છે તે પ્રમાણેના વિશ્વ કક્ષાના અભ્યાસક્રમો છે. ઇન્ડસ્ટ્રી ફોર કહેવાય છે એટલે ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તેને આનુષાંગિક કોર્સ જે છે એ આ યુનિવર્સિટી ચલાવે છે. ઔદ્યોગિક ક્રાંતિ જેની અંદર ઇન્ટરનેટ, advanced analysis, big data, automation,

artificial intelligence, આમાં પસંદગી કરીને manufacturing ની સાથે સાથે export ને પણ લાભ થાય અને વિશેષ કરીને ભારતના યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય એ પ્રમાણેનો આ કોર્સ છે અને આ કોર્સની અંદર વિશિષ્ઠ અભ્યાસક્રમો જોવા જઇએ તો deep technology, advanced technology, artificial intelligence, machine learning, robotic analysis વગેરે કોર્સ શરૂ થવાના છે. ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે કલ્પના સાથે શરૂઆત કરી છે. સ્ટાર્ટ અપ ઇન્ડિયા, મેક અપ ઇન્ડિયા અને ડિજિટલ ઇન્ડિયા એને પણ આની અંદર પૂરેપૂરું પ્રોત્સાહન મળવાનું છે. વિશ્વમાં જે વિદ્યાર્થીઓ આ જે કક્ષાના કોર્સ છે ઔદ્યોગિક ક્રાંતિની અંદર જ્યારે આ ઔદ્યોગિક ક્રાંતિ બનવા જઇ રહી હોય ત્યારે વિશ્વની સાથે તુલના થાય તે પ્રમાણેના કાર્યક્રમો આ કોલેજની અંદર થવાના છે અને જે ભારતના નવા ઇન્ડિયાની કલ્પના છે એને પણ સાર્થિક કરવાની છે. એટલે હું મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારા વિસ્તાની આ કોલેજને પણ યુનિવર્સિટીનો દરજજો આપવામાં આવે.

શ્રી નિરંજન પુ. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત ખાનગી યુનિવર્સિટી બિલ લઇને આવ્યા છે એને મારો ટેકો છે. એક મધ્ય રાત્રી એવી હતી કે આપણને આઝાદી અપાવી હતી. આ મધ્ય રાત્રી એવી છે કે શિક્ષણની અંદર આપણે ક્રાંતિકારી પગલાં લઇ રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બે યુનિવર્સિટી મારા મત વિસ્તારના ગામ ચાંગાની અંદર બની રહી છે. આ યુનિવર્સિટીની અંદર એચ.એમ. પટેલ સાહેબ સાથે મેં સિન્ડીકેટમાં કામ કરેલું છે. શ્રી એચ. એમ. પટેલ અને શ્રીમતી અંબિકાબેન પણ મારા ગામના જ વતની છે. સાહેબ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓ થોડીવાર બેસી જશે.

શ્રી નિરંજન પુ. પટેલ : અમારી સિન્ડીકેટની અંદર સાહેબ, આ બધા જે મહાપુરુષો થઇ ગયા. એ જે ટાઇમે આવેને એ પરફેક્ટ એવા ટાઇમે આવે કે સાહેબ ઘડિયાળ ખોટું હોય પણ એ ખોટા ના હોય એવા શિસ્તવાળા એ નેતાઓ હતા. એમાંથી પણ આપણે કાંઇક શીખીએ. આ જે યુનિવર્સિટી બની રહી છે. આપણે ત્યાં એક સમય એવો હતો કે તક્ષશીલા અને નાલંદાની અંદર ફોરેનથી બધા ભણવા આવતા હતા. આજના સમયની અંદર આપણે બધા અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જે ભણવા જાય છે. કેમ આપણી યુનિવર્સિટીની અંદર એટલું જ્ઞાન ના હોય કે ત્યાંના લોકો અહીંયા આવે? આજે આપણે બધા ભેગા થઇને આ યુનિવર્સિટી જ્ઞાનના મોટા સ્થળો બને અને બહારના લોકો અહીંયા આવે એવી શુભેચ્છાઓ મારી. માનનીય વિભાવરીબેન, માનનીય મંત્રીશ્રી, માનનીય નાયબ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને મારા અભિનંદન. વિભાવરીબેનને કોઇ યાદ નહીં કરે મારે યાદ કરવા પડે છે.

અધ્યક્ષશ્રી : આજે કોઇએ એવી વાત ના કરી યુનિવર્સિટીની વાત આવે તો બહુ પ્રાઉડલી આપણે એમ કહીએ કે આ મારી બીજીમાં છે. યુનિવર્સિટી એ બીજીમાં છે એવું પણ આજના તબકકે આપણે યાદ કરીએ. માનનીય મંત્રીશ્રી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ મિત્રોએ ભાગ લીધો છે અને બિલને સપોર્ટ કર્યો છે એટલા માટે હું હૃદયપૂર્વક વિભાગ તરફથી અને મારા તરફથી અભિનંદન આપું છું અને એટલો જ આભાર પણ માનું છું. ખાસ કરીને વિપક્ષી નેતા અને ઉપનેતા બંનેનો આભાર માનું છું. આ બીજો રેકોર્ડ થાય છે એમાં આપણા સૌથી સક્રિય અમારા મંત્રીમંડળના સભ્યશ્રી નીતિનભાઇને કેમ ભૂલી જવાય? એ પણ આપણી સાથે હતા (અંતરાય) તમે કરેલા બધા જ સૂચનો મેં લખ્યા છે અને એ તમામ સૂચનોમાં હું હકારાત્મક રહીશ.

અધ્યક્ષશ્રી : ગેલેરીમાં પણ જે હાજર છે એ બધાના ફોટોગ્રાફ લઇ લેજો ભાઇ. માનનીય પત્રકારશ્રીઓ પણ છે, અધિકારીશ્રીઓ પણ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે કહ્યું અને પછી શ્રી અમરીશભાઇએ કહ્યું. શ્રી દૂધાતભાઇએ પણ કહ્યું અને શ્રી નૌશાદભાઇએ પણ કહ્યું. છેલ્લે ફી કમિટી વિશે વાત થઇ. નિવૃત્ત હાઇકોર્ટ જજના વડપણ હેઠળની કમિટી, આ કમિટીએ બધો જ વિચાર કરીને એમના એજયુકેશન, એમનું ઇન્ફ્રાસ્ટ્રકચર, એકસ્ટ્રા એકટીવીટી બધું નક્કી કરીને પછી એ માંગે છે એટલે નથી આપતા પણ પૂરો વિચાર કરીને આપે છે એટલે હું તમને આશ્વસ્ત કરું છું કે એની વ્યવસ્થા છે અને એ પ્રમાણે આપે છે. સરકારી યુનિવર્સિટી માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી લેવલે અવારનવાર અને હમણાં જ કોહલી સાહેબ ગયા એ પોતે વિદ્વાન હતા એમણે દર છ મહિને બધા જ વાઇસ ચાન્સેલરોને બોલાવ્યા અને નવા ગવર્નર આવે છે એ પણ આ મંગળવારે બધા વાઇસ ચાન્સેલરો સાથે મળવાના છે એટલે મુખ્યમંત્રી, મંત્રી, ગવર્નર સાહેબ, બધા લોકો સરકારી અને ખાનગી બધી યુનિવર્સિટી માટે ખૂબ રસ લઇ અને ગુજરાતના હિતમાં કામ કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સરકારી યુનિવર્સિટી છે એણે યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી.ના વર્ગો શરૂ કર્યા છે. આ સરકારી યુનિવર્સિટીમાં એ યુનિવર્સિટી પહેલી યુનિવર્સિટી છે અને વાઇફાઇની વાત કરી તો બધી સરકારી કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં આપણે ટેબ્લેટ આપીએ છીએ વિદ્યાર્થીઓને આઠ, નવ હજાર રૂપિયાનું ટેબ્લેટ એક હજાર રૂપિયામાં આપીએ છીએ અને ૧૦૦૦ રૂપિયા લઇને એ સરકારની તિજોરીમાં જમા કરતા નથી પણ એ જે પૈસા ૩૭ કરોડ રૂપિયા આવ્યા હતા એનો ખર્ચો આપણે સુવિધા માટે ઉપયોગ કર્યો અને વાઇફાઇની સુવિધા આ વિદ્યાર્થીઓને આપી છે. કોઇએ સૂચન પણ કર્યું કે ગરીબ વિદ્યાર્થીઓને તો મારો અનુભવ છે છ-સાડા છ વર્ષનો કે હયાત યુનિવર્સિટીમાં જે મેરિટવાળા પણ ગરીબ વિદ્યાર્થીઓને અમે ફોન કરીએ કે ભાઇ, આ જરા જોઇ લો તો વધારે હોય તો પછી ૫૦ ટકા કરે પણ સાવ ગરીબ હોય અને મેરિટમાં ખૂબ ઉંચા ગુણ લાવતો હોય તો એને ૧૦૦ ટકા આપે છે. મેં એક યુનિવર્સિટીનું વાંચ્યુ પણ ખરું કે ૧૩ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં સી.એમ. અથવા તો ભાઇકાકા બે માંથી એક યુનિવર્સિટીએ, અમિતાબેને અત્યાર સુધીમાં ખર્ચ્યા છે અને એ સીએસઆર એમના ફંડમાંથી એ લોકો ખર્ચે પણ છે. નવી શિક્ષણ નીતિની વાત શ્રી કીરીટભાઇએ કરી. હું તમને બધાને નિમંત્રણ આપું છું કે નવી શિક્ષણ નીતિમાં વેબસાઇટ ઉપર છે. જેને રસ હોય તે વાંચે. સ્કૂલ એજયુકેશન છે ૧ થી ૧૨ એના ૧ થી ૯ ચેપ્ટર છે. ૯ થી ૨૨

ચેપ્ટર હાયર એજ્યુકેશનના છે. એ બંનેમાં ચેપ્ટરવાઇઝ કોમેન્ટ અઠવાડિયાની અંદર મોકલી આપજો. આ બાબતે આખા રાજ્યના સંચાલકો, સરકારી, વી.સી., નિવૃત્ત, વર્તમાન પ્રાયમરીથી માંડીને હાયર સુધીના સૌ કોઇની મિટિંગ ૧૫૦ લોકોની મિટિંગ અલગ-અલગ ચેપ્ટરવાઇઝ ૫-૬ની ટીમ બનાવીને મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં પ્રેઝન્ટેશન કરાવ્યું અને માખણ કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. આમનામાંથી કોઇને રસ હોય તો મને મોકલી આપજો. આવતા મહિને આ નીતિની ચર્ચા કરવા માટે નવા શિક્ષણમંત્રી આવ્યા છે, એની હાજરીમાં દેશના શિક્ષણમંત્રીઓ જવાના છે તેમાં પણ તમારાં સૂચનો મને કામમાં આવશે. વધારે સમય નથી લેવો. રેકોર્ડ બ્રેક થયો છે. આના પછી ૩ બિલ બાકી છે. એમાં મારા ૨ બિલ છે.

અધ્યક્ષશ્રી : એટલે વધારે મોટો રેકોર્ડ થવાનો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બે મારા છે. એ રેકર્ડ પણ થવાનો. એક મંત્રીના આ દિવસે ૬ કે ૭ બિલ હોય. હું શ્રી પ્રતાપભાઇનો આભાર માનું છું કે ચર્ચામાં કયાંય સરકારી શાળા ઉતરતી કક્ષાની હોય છે, એવો ઉલ્લેખ થયો એના માટે મારું ધ્યાન દોર્યું છે કે સરકારી શાળાઓ ઉતરતી કક્ષાની નથી હોતી. એમણે મને લખીને મોકલાવ્યું છે કે સુરતમાં મોટા વરાછાની અંદર એક સરકારી સ્કૂલ છે જેમાં એડમિશન લેવા લાઇનમાં ઉભા રહેવું પડે છે. શ્રી પ્રતાપભાઇ, એ સ્કૂલના આચાર્ય અને શિક્ષકને મારા તરફથી કહેજો કે વિધાનસભાના ફ્લોર ઉપર મંત્રીશ્રીએ તમને બધાને અભિનંદન આપ્યા છે. ભાવનગરની શાળામાં હું એક વખત ગુણોત્સવમાં ગયો હતો. ગુણોત્સવમાં ૨ થી ૮નું મૂલ્યાંકન કરતા હોઇએ છીએ. એક પહેલા ધોરણની શિક્ષિકા આવીને ઉભી રહી અને મને કહે કે મારા વર્ગમાં આવોને? એટલે મને એમ થયું કે ગુણાંકન, મૂલ્યાંકન આટલું હોય છે. આ દીકરી આવી છે એ તો પહેલા ધોરણની છે. વેરી ગુડ (અંતરાય) તમે બોલાવવા જ ગયા હતા. નહિ, બરાબર. મેં તમને યાદ કર્યા. સાહેબ, વધારે નથી ટૂંકું જ કરું છું. કારણ કે શ્રી શૈલેષભાઇ મારી સામે જુએ છે ને? એટલે હું સમજી ગયો. તમે બધાને સૂચના આપતા હતા અને તમે કેમ લાગુ કરો છો. પહેલા ધોરણની મારી દીકરી શિક્ષિકા આવીને મને કહે છે કે મારા વર્ગમાં આવોને? એટલે મનમાં એક સેકંડ માટે થયું કે હું આવ્યો છું મુલ્યાંકન ૨ થી ૮માં કરવા. ચાલો કોન્ફિડન્ટલી બહેન કહે છે તો હું જઉં અને ત્યાં અમે ઉભા હતા. સાથે ડી.ડી.ઓ., પ્રોટોકોલ ઓફિસર, કલેકટર કેમેરાની સાથે ૪૦નો વર્ગ હતો. એણે કહ્યું કે સાહેબ આ વિદ્યાર્થીઓ પહેલા ધોરણના છે, પણ તમે એને બીજા ધોરણનું પૂછો વાંચન, લેખન, ગણન. એટલે જેમ એક દાખલો છેને એમ શ્રી નૌશાદભાઇ, આવા અનેક દાખલાઓ છે. ઈન થાઉઝન્ડ પણ હવે આપણો સ્વભાવ એવો છે કે ૨ નબળા હોય એટલે ૯૮ નબળા છે, એવી એક દ્રષ્ટી સવાર થઇ છે. એટલે વિશેષ સમય લેતો નથી. પણ ફરીવાર આપ અમારા નેતાને બોલાવવા ગયા હતા. એટલે મેં શરૂઆતમાં જ વિપક્ષી નેતા અને ઉપ નેતાનો આભાર માન્યો છે. હું બધા જ ધારાસભ્યોનો આ બિલ સર્વાનુમતે મંજૂર કરવા બદલ આભાર માનું છું.

**વિધેયક ક્રમાંક ૧૬ અને ૨૫ના પહેલા વાચન માટેના પ્રશ્નો મત માટે મૂકવામાં આવ્યા અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના સર્વાનુમતે વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના સર્વાનુમતે વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૯ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત (સુધારા) વિધેયક, ૨૦૧૯

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૯ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૭**

ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત (સુધારા) વિધેયક, ૨૦૧૯

**ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત અધિનિયમ, ૨૦૧૦ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૭, સન–૨૦૧૯ના ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગુજરાત (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૧૭, સન–૨૦૧૯ના ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગુજરાત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું વિષય મૂકી દઉં. શિક્ષણ વિભાગમાં જિલ્લા કક્ષાએ તાલીમ અને શિક્ષણ ભવન ચાલે છે. તેમાં બી.એડ કોર્સિસ ચાલે છે. આ જ કામ ટીચર્સ યુનિવર્સિટીમાં અહીં કરવામાં આવે છે. ટીચર્સ યુનિવર્સિટીમાં અહીંયાં બી.એડનો કોર્સ ચાલે છે અને શિક્ષણ આપવામાં આવે છે. એ જ કામગીરી ૧૯ જિલ્લાઓમાં અલગ અલગ જગ્યાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં આપવામાં આવે છે. આ કામગીરી અલગ અલગ થવાના કારણે પ્રવેશ, પરીક્ષા અને પરિણામમાં વિસંગતતા જોવા મળે છે. તે દૂર કરવા માટે હવે ટીચર્સ યુનિવર્સિટીમાં ૧૯ જે ડાયેટ ચાલે છે, તાલીમ અને શિક્ષણ ભવન છે તેનું એફીલીએશન કરવા માટે આ બિલ લઇને આવ્યો છું તો આ બિલ સર્વાનુમતે મંજૂર કરશો તેવી વિનંતી કરું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઘ ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગુજરાત (સુધારા) વિધેયક ૨૦૧૯– ઘ ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગુજરાત અધિનિયમ ૨૦૧૦ વધુ સધારવા બાબતનું વિધેયક જે લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ જિલ્લા લેવલે અત્યાર સુધી જે ડાએટ સંસ્થા કામ કરતી હતી એ શિક્ષણ અને તાલીમ આપવાનું કામ કરતી હતી અને એમાં મુશ્કેલી ઘણી વખત એ પણ હતી કે એમાં ટીચરોની ઉણપ હતી અને દરેક જિલ્લામાં આ સંસ્થા કદાચ ન પણ હતી અને એના લીધે પરિસ્થિતિ એ થતી હતી કે શિક્ષકોને જે શિક્ષણ મળવું જોઇએ, અદ્યતન શિક્ષણ મળવું જોઇએ એ પૂરું નહોતું મળી શકતું. આ વિચાર સારો છે અને એમણે જે આ પગલું ભર્યું છે કે, એમને ઘ ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ગાંધીનગર સંસ્થા સાથે અને યુ.જી.સી.ની ગાઇડ લાઇન પ્રમાણે શિક્ષકોને અને સ્ટુડન્ટોને બી.એડ, એમ.એડ. જે કરવા જઇ રહ્યા છે એમને પણ સારું શિક્ષણ મળે, એમને ડીગ્રી પણ મળે અને દરેક સાથે સંકલન રહે એ હેતુથી આ બિલ લઇને આવ્યા છે એટલે હું એને અનુમોદન આપું છું અને સાથે હમણાં જે યુનિવર્સિટીના જે બિલો મંજૂર કર્યા એમાં અમારા વિસ્તારમાં અમારા સાબરકાંઠામાં ભલે અમે અરવલ્લીમાં ગયા પણ સાબરકાંઠામાં શ્રેયાંસ સંસ્થા દ્વારા એક જર્નાલિઝમની યુનિવર્સિટી સ્થાપવા જઇ રહ્યા છો એટલે મને ખૂબ આનંદ થયો એના માટે પણ આપને અભિનંદન આપું છું. આભાર.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ઘ ઇન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગુજરાત (સુધારા) વિધેયક ૨૦૧૯ ક્રમાંક–૧૭, માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું અને સમગ્ર જિલ્લાની તમામે તમામ સંસ્થાઓને આમાં જોડવાનું આ જે બિલ છે એમાં હું મારો સૂર પૂરાવું છું. સાથે સાથે આ જે સંસ્થા છે એ સંસ્થાના વહીવટકર્તાઓ સારો વહીવટ કરે એની તાતી જરૂરિયાત અને ચિંતા છે. (અંતરાય) આમ તો આ વિષય ઉપર શ્રી નીતિનભાઇ, હું નહોતો બોલવાનો પણ ક્યાંક થોડી ક્ષતિઓ... (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ માનનીય નીતિનભાઇને જુએ છેને એમને બોલવાનું મન થઇ જાય છે.

શ્રીબળદેવજી ચં. ઠાકોરઃ માનનીય અધ્યક્ષશ્રી, અમે બંને એક તાલુકાના છીએ અને એક તાલુકાના હોવાના નાતે સામે સામે બેઠેલાં છીએ પણ થોડા આ બાજુ બેઠાં હોત તો સારું હતું પણ સામે બેઠાં છે એટલે કહું છું કે, માનનીય મંત્રીશ્રી, જ્યારે ક્ષતિઓ આવી ત્યારે મેં આપનું પણ ધ્યાન દોરેલું છે, નામદાર રાજ્યપાલનું પણ ધ્યાન દોરેલું છે અને આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનું પણ ધ્યાન દોરેલું છે. આ સંસ્થાનો ઉદ્દેશ સારો છે, આ સંસ્થા કામ પણ સારું કરે છે પણ વહીવટના કારણે ક્યાંક આમાં સરકારને બદનામી ક્યાંય ન મળે એના માટે હું મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માંગું છું. મારા ધ્યાનમાં આ આઇ.આઇ.ટી.ઇ.માં, હું વહીવટદારનું નામ દેવા માગતો નથી, વહીવટદાર કોઇ પણ હોઇ શકે. સંચાલકો અને

---

* વિધેયક તા. ૧૮મી જુલાઇ ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કુલપતિ જે તે વખતના એમણે ભ્રષ્ટાચાર અને ગેરરીતિ કરી ત્યારે રાજયના હિતમાં મેં તપાસ કરવા માટે જુદી જુદી જગ્યાએ વિભાગ સહિત બધે મેં પત્રો પણ લખ્યા છે પણ આજ દિન સુધી એ પત્રોની તપાસ પણ થઇ નથી. એ કુલપતિની લાયકાત નહીં હોવા છતાં એમને નિમણૂક આપી દીધેલી, ભરતીમાં પણ એમણે ગોટાળા કરેલા. આવા જુદા જુદા ઘણા બધા મુદ્દા તરફ મેં આપનું અને સરકારનું ધ્યાન દોરેલું.

માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૩૦/૧૦/૨૦૧૮ના રોજ માહિતી અધિકારમાં અમે જે માહિતી માગેલી એ માહિતી પણ અમને પૂરી આપવામાં આવેલી નહીં. માહિતી અધિકારનો હુકમ કરેલો એ આજની તારીખે મારી પાસે છે. આઇ.આઇ.ટી.ના કુલપતિ માટે રાજયના એક જાગૃત નાગરિકે તેમની બાબતમાં ઘણી બધી ફરિયાદો કરેલી અને માહિતી પણ માગેલી, એમને પણ આવી માહિતી એ કુલપતિ દ્વારા આપવામાં આવી નહોતી. કયા કારણસર યુનિવર્સિટીના સત્તામંડળની રચના કરવામાં જે તે વખતે આવી હતી કે નહોતી આવી એની તપાસ પણ મંત્રીશ્રી કરે. સ્કીલ સેન્ટર બનાવવા થયેલ ખર્ચ અને સ્કીલના નામ હેઠળ ગેરકાયદેસર થયેલ ભરતી કેવી રીતે કરવામાં આવી છે એ પણ તપાસનો વિષય છે. ચુડાસમા સાહેબ ૧૦૦ ટકા તપાસ કરાવશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. પણ ચાર ચાર જગ્યાએ પત્રો લખ્યા હોવા છતાં આજદિન સુધી એ પત્રનો જવાબ પણ એક ધારાસભ્ય તરીકે મને મળેલ નથી. એ કુલપતિના કાર્યકાળ દરમિયાન કર્મચારીઓ, અધિકારીઓની ભરતી કયા નિયમના આધારે કરી છે એની પણ તમે તપાસ કરાવજો. જેથી સાચી હકીકત સરકારના ધ્યાન પર આવશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. યુનિવર્સિટીમાં ૪૦૦ વિદ્યાર્થીઓ હોવા છતાં બે કરોડ રૂપિયા કરતાં વધારે નાણાકીય ખર્ચ કર્યો છે અને એ ખર્ચ કયા નિયમોના આધારે કર્યો છે એની પણ આપ તપાસ કરાવશો તો સરકારનું નામ ક્યાંય બદનામ થશે નહિ. આ કુલપતિ દ્વારા ઘણી બધી જગ્યાએ નિયમો બાજુમાં રાખીને યુનિવર્સિટીમાં કામ કરવામાં આવેલું છે. એક જ વરસના સમય ગાળામાં જે તે યુનિવર્સિટીમાં એક હોલ બનાવેલ છે. એ હોલનું એક જ વરસની અંદર બે બે વખત રીનોવેશન કરીને ખોટા ખર્ચ એ યુનિવર્સિટીમાં કરેલા છે. એક વરસની અંદર બે બે વખત રીનોવેશન કરીને બિલ મૂકીને ખોટા ખર્ચા કરેલ છે. યુનિવર્સિટીમાં છેલ્લા પાંચ વરસમાં થયેલા બાંધકામ માટે સરકારની પરવાનગીની જરૂર હોય છે, એને વધારાનું કંઇ, વધઘટ બાંધકામ કરવું હોય તો સરકારની અને વિભાગની પરમિશન લેવી પડતી હોય છે. એ પરમિશન એમણે લીધેલી છે કે નહિ એની જો તપાસ કરવામાં આવે તો આખેઆખી તપાસના અંતે સાચું કેટલું અને ખોટું કેટલું એ બહાર આવશે. સરકારી નિયમો મુજબ કુલપતિને ગાડી એક હોય, પણ બબ્બે ગાડીઓ આ કુલપતિએ સંસ્થામાં રાખેલી છે. આવી અનેક ફરિયાદો આ સંસ્થામાં પણ રાખેલી છે. આવી અનેક ફરિયાદો છે. સમય ખૂબ થયો છે. બીજી ફરિયાદ માનનીય મંત્રીશ્રી મેં આપને લેખિતમાં આપેલી છે. કોઇ અધિકારી દ્વારા એ ફરિયાદ ક્યાંક બાજુએ મૂકી દીધેલ હોય તો મંગાવી લેજો અને ના મળે તો હું એ મારો જુનો કાગળ તમને પહોંચાડીશ એની સાચી તપાસ કરીને અને કદાચ જો મને જવાબ આપશો તો મને ગમશે અને કોઇનો કોઇ માનીતો માણસ હોય અને એના કારણે સરકાર અને સંસ્થા બદનામ થાય, શિક્ષક એમાં બી.એડની તાલીમ લેતા હોય, એમ.એડ.ની તાલીમ લેતા હોય, સમગ્ર ગુજરાત રાજ્યની તમામ સંસ્થાઓ એમાં જોડાવાની હોય ત્યારે એ સંસ્થામાં સુદૃઢ અને સારો વહીવટ થાય એની ચિંતા કરવી પડશે. એ જ માણસના કારણે આખી સંસ્થા બદનામ થાય એ ક્યારેય ચલાવી લેવાય નહિ. એના કારણે હું આપને વિનંતી કરું છું કે જે મારો પત્ર છે એની તપાસ કરીને એનો મને જવાબ આપશો તો ગમશે અને એ જ વાત સાથે હું આ બિલને સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર**(**સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન–૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૯નું ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત સુધારા વિધેયક સન્માનનીય આપણાં શિક્ષણ મંત્રીશ્રી લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે કે education is the biggest asset of nation. રાષ્ટ્રની મોટામાં મોટી સંપત્તિ એ એજયુકેશન છે. એજયુકેશન એ જીવનની પારાશીશી છે. બેરોજગારીની બુકમાંથી જન્મતી ગરીબીને દૂર કરવાના પાયામાં જો શિક્ષણ હોય તો ગરીબી પણ દૂર થાય. આ ગુજરાત સરકાર આ શિક્ષણની નીતિઓમાં સરકારે આમૂલ પરિવર્તન કર્યું છે. શાળાના શિક્ષણને સુલભ બનાવ્યું એના પછી ગુણવત્તા ઉપર ભાર મૂકયો સાથે સાથે આપણાં દેશના પ્રધાનમંત્રી જે Innovative Learning Program ની શરૂઆત કરી. એન્જિનિયરીંગ, વિજ્ઞાન, મેનેજમેન્ટ સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણની સુવિધા, ઉચ્ચ શિક્ષણ માટે વિશેષ યોજનાઓ, ભારતીય અર્થ–વ્યવસ્થાને ગતિમાન કરનારા ૨૨ ચેમ્પીયન્સ સેકટર્સમાં નિર્ણાયક નીતિઓની મદદથી રોજગારીની અપૂર્વ તકોનું નિર્માણ કરવાનું લક્ષ્ય પણ આ શિક્ષણના માધ્યમથી કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા આદરણીય માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેનો હાર્દ માત્ર એટલો જ છે કે આપણા ગુજરાતમાં ઓગસ્ટ–૨૦૧૨માં જી.સી.ઇ.આર.ટી.આદરણીય શ્રી બળદેવજીએ વાત કરી પણ આ જે હાર્દ છે તેની હું વાત કરવા માગું છું. Gujarat Council of Research & Training - GCRT તેનો પૂરો જે અર્થ છે તેમાં વર્ષ ૨૦૧૨માં જયારે મિટિંગ મળી અને આપણા ગુજરાતમાં જે ૩૩ જિલ્લાઓ છે તેમાં ૧૯ જિલ્લાઓમાં ડાએટના માધ્યમથી બી.એડના અભ્યાસક્રમો ચાલે છે. આ અભ્યાસક્રમો જે ચાલુ છે તેને વર્ષ ૨૦૧૨માં આપણાં મંત્રીશ્રી અને પદાધિકારીઓ, અધિકારીઓએ સાથે મળીને નિર્ણય કર્યો અને તેને IITE સાથે જોડાણ કરવાનો નિર્ણય કર્યો. Indian Institute of

Teachers Education તેના સાથેનું જોડાણ કરવામાં આવ્યું અને આ બી.એડ અભ્યાસક્રમ બે વર્ષનો હતો અને જે આઇ.આઇ.ટી.દ્વારા તૈયાર કરવામાં આવ્યો અને તેને ફરીથી પાછો એન.સી.ઇ.ટી.દ્વારા મંજૂર કરવામાં આવ્યો. આ એન.સી.ઇ.ટી. એ  કાયદા દ્વારા સ્થાપિત કરેલી આપણી સ્ટેચ્યુટરી બોડી છે હવે તેની સાથે આ જોડાણ તો કર્યું પણ હવે જી.સી.આર.ટી.ને સૂચના આપવામાં આવી અને બે વર્ષનો અભ્યાસક્રમ જોઇન્ટ કરી દેવામાં આવ્યો પણ તેમાં સુધારો માત્ર એટલો કરવાનો છે તેના માટે માનનીય બાપુ આ બિલ લઇને આવ્યા છે એન.સી.ટી.ઇ. રેગ્યુલેશન વર્ષ ૨૦૧૪ના આધારે વર્ષ ૨૦૧૫થી સમગ્ર ભારતમાં બે વર્ષીય બી.એડ અભ્યાસક્રમ અમલમાં મૂકવામાં આવ્યો. ત્યાર બાદ જે તે સમયે વિવિધ ડાએટોને બે વર્ષની અભ્યાસક્રમની મંજૂરી તો મળી ગઇ પણ આપણી જે આ ૧૯ બી.એડ કોલેજો હતી ડાએટની તે અલગ અલગ જિલ્લાઓમાં, અલગ અલગ યુનિવર્સિટીઓનું જોડાણ હતું. આપણે દક્ષિણ ગુજરાત છે, સૌરાષ્ટ્ર છે, ગુજરાત યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી એવી અલગ અલગ જોડાણ સાથે આ યુનિવર્સિટીએ બે વર્ષનો અભ્યાસક્રમ ચાલુ કર્યો પણ પરિણામ એને ચેન્જ જે લાવવાનુ હતું એ માત્ર એટલું જ છે જી.સી.આર.ટી.હસ્તક વિવિધ ડાએટમાં જુદા જુદા આઠ વિભાગો કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિવિધ ડાએટના અલગ અલગ યુનિવર્સિટી સાથેના જોડાણ હોવાથી અલગ અલગ અભ્યાક્રમ હતા. શૈક્ષણિક કેલેન્ડર અલગ અલગ હતું, નીતિ–નિયમો અલગ અલગ હતા વહીવટી વ્યવસ્થા હોવાના કારણે આ બે વર્ષીય બી.એડ અભ્યાસક્રમમાં મુશ્કેલીઓ જણાતી હતી. આ મુશ્કેલીઓને દૂર કરી શકાય એના માટે સમાન અભ્યાસક્રમ લાગુ પાડી શકાય અને એના અમલીકરણમાં એકસૂત્રતા આવે. એકસૂત્રતા જાળવી શકાય તે હેતુથી આપણા ગુજરાતના તમામ ૧૯ જે ડાએટ હતા તે ૧૯ ડાએટ ખાતે ચાલતા બી.એડ. અભ્યાસક્રમો અને આપણાં પોરબંદર આપણાં મહાત્મા ગાંધીની જે જન્મભૂમિ છે તે જગ્યાએ ચાલતાં એમ.એડના એક અભ્યાસક્રમને ચાલુ વર્ષથી આઇ.આઇ.ટી.ઇ. સાથે જોડી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એની પાછળનો હેતુ એ છે કે આ ટીચર્સ યુનિવર્સિટીમાં ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે કે જેમના માધ્યમથી સારા શિક્ષકો ગુજરાતને મળશે. માનનીય અધ્યક્ષશ્રી, આપની પરવાનગીથી હું એક બાબત રજૂ કરવા માગું છું. ચાલુ વર્ષે આપણા એસ.એસ.સી. અને એચ.એસ.સી.ના જે પરિણામ આવ્યા છે એ નબળા આવ્યા છે. આપણે બધાં જ સારું ગુજરાતી બોલી શકતા નથી અને શુદ્ધ ગુજરાતી લખી શકતા નથી એટલે ગુજરાતીમાં નબળું પરિણામ આવ્યું છે. ઘણી વાર આપણે જોઇએ છીએ કે જાહેર સ્થળો જેવાં કે બસ સ્ટેશન, હાઇ–વે હોય, અતિથિ ગૃહો હોય એમાં જે નામ લખવામાં આવે છે એમાં પણ કેટલીક ભાષાકીય ભૂલ હોય છે. ગાંધીનગરના અતિથિ ગૃહની બહાર બહુ મોટું બોર્ડ માર્યું છે અને એમાં 'અતિથિગૃહ' લખ્યું છે. એનો ઉચ્ચાર સાચો જ છે પણ એમાં 'અતિથિ'ની જોડણીમાં હ્રસ્વ ઇ હોવી જોઇએ પણ એમાં દીર્ઘ ઇ લખી છે. એવી જ રીતે સરિતા ઉદ્યાનનું બહુ મોટું બોર્ડ માર્યું છે પણ એમાં જોડણીમાં દીર્ઘ ઇ લખી છે. આવો સુધારો આપણે લાવીએ અને ટીચર્સ યુનિવર્સિટીમાંથી જે ટીચરો બહાર પડશે એમને પણ આપણે આવું કામ સોંપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા બાપુ જે બિલ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને નવી જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આગામી સમયમાં ભારત દેશમાં સ્થાનિક કક્ષાએ બેચલર કક્ષાએ ચાર વર્ષીય શિક્ષણ–પ્રશિક્ષણના અભ્યાસક્રમ ચલાવવાની જે ભલામણ કરવામાં આવી છે અને ટીચર્સ યુનિવર્સિટીમાં આઇ.આઇ.ટી. સંસ્થાને એમાં દાખલ કરવામાં આવી છે અને એમાં સરકારી સંસ્થાઓને ગુણવત્તાસભર બનાવવાનો જે કાર્યક્રમ છે એના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને આ બિલને હું મારું સમર્થન આપું છું અને આ સભાગૃહને પણ મારી વિનંતી છે કે આપ બધાં સાથે મળીને સર્વાનુમતે આ બિલ પાસ કરીએ એવી હું વિનંતી કરું છું. છેલ્લે એક પંક્તિ કહીને મારી વાત પૂરી કરું છું.

''ખ્વાહિશો સે નહિ ગીરતે ફૂલ ઝોલી મેં, ખ્વાહિશો સે નહિ ગીરતે ફૂલ ઝોલી મેં,
કભી ભી શાખ કો હિલાના પડતા હૈ, કુછ નહિ હોગા કોસને સે અંધેરો કો,
કુછ નહિ હોગા કોસને સે અંધેરો કો, અપને હિસ્સે કા દિયા ખુદ હી જલાના પડતા હૈ.''

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું પણ મારે વાત કરવાની ફરજ એટલા માટે પડી છે કે શ્રી બળદેવજીભાઇએ બે મુદ્દાઓની વાત કરી એ બધાને લાગુ પડે છે. માહિતી અધિકાર નીચે કાયદામાં જોગવાઇ કરી છે. શ્રી બળદેવજીભાઇએ કીધું એ પ્રમાણે એમણે માહિતી માગી, માહિતી અધિકાર અધિકારીશ્રીએ હુકમ કરી દીધો છે છતાં પણ માહિતી આપવામાં નથી આવી એ ગંભીર બાબત છે. સરકાર એને ગંભીરતાથી લે. એની ચકાસણી કરાવી જે વિગતો આપવા પાત્ર થતી હોય એ આપવામાં આવે. બીજું કે આપણા સામાન્ય વહીવટ વિભાગના પણ પરિપત્રો છે. તો ધારાસભ્ય જે તે વિભાગને પત્ર લખે અને એ વિભાગને પત્ર લખ્યા પછી વચગાળાનો જવાબ આપવાની પણ જોગવાઇ છે અને શ્રી બળદેવજીભાઇએ કીધું એ પ્રમાણે એમણે ચાર–ચાર પત્ર લખ્યા પછી પણ ધારાસભ્યશ્રીને એક પણ જવાબ ન આપવામાં આવે એ કોઇ પણ સંજોગોમાં ઉચિત નથી. એક મંત્રીમંડળને બાદ કરતાં બાકીના તમામ ધારાસભ્યનો પોતાનો અધિકાર છે કે એમણે કરેલી રજૂઆતોના જવાબો સમય–મર્યાદામાં મળવા જોઇએ અને એમાં જે કોઇ કાર્યવાહી કરવામાં આવી હોય એની પણ જાણ કરવી જોઇએ. આવી ગંભીર પ્રકારની ગેરરીતિની બાબત હોય અને સરકાર કક્ષાએ આવું ન કરવામાં આવે અને ધારાસભ્યોના હક્ક અને અધિકાર યોગ્ય રીતે મળે એવી અપેક્ષા રાખું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બળદેવજીભાઇ અને શ્રી પુંજાભાઇએ જે વાત કરી છે એને હું ખૂબ ગંભીરતાથી લઉં છું અને જે કાંઇ નિયમોનુસાર કાર્યવાહી કરવાની થશે એ હું કરીશ. ભાગ લેનાર બધા ધારાસભ્યશ્રીઓએ સમર્થન કર્યું છે એટલા માટે એ બધાંનો હું આભાર માનું છું. શિક્ષણ એ બધાને લાગે-વળગે છે અને આ જે કાંઇ સુધારા કર્યા છે એ ક્વૉલિટી અને ગુણવત્તાને ધ્યાનમાં રાખીને કર્યા છે. પેલા ૧૧ ડાયટ એનું સમય પત્રક, એનો પ્રવેશ અને પરિણામ અને ટીચર બંનેનું કામ એક જ બંને સરકાર ચલાવે. એટલે વહીવટી સરળતા ખાતર એક છત્ર નીચે આ ૧૯-૧૯ ડાયટ આવી જાય તો એ ત્રણેય પ્રકિયા પ્રવેશ, પરીક્ષા અને પરિણામ એક સરખું થાય એટલા માટે આ નિર્ણય લીધો છે. મારે સૌનો આભાર માનવો છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : ગુજરાતી માધ્યમની કોલેજો છે. જી.ટી.ઓ.એ બધી એન્જિનિયરીંગ કોલેજો લઇ લીધે એ રીતે તમે બધી બી.એડ કોલેજો લઇ લે તો સારું થશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રીનું સૂચન છે. એ વિચાર કર્યો હતો પરંતુ અત્યારે આનો અમલ કરીએ છીએ ભવિષ્યમાં પછી આપણે જોઇશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૧૯નું ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૫, કલમ-૧, દિર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૧૯નું ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૭- સન ૨૦૧૯નું ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

**ઈ-વિધાનમાં રેકર્ડ તોડવા અંગે**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે આજે એક ત્રીજો રેકર્ડ બનાવ્યો છે. આજના દિવસે જી-સ્વાન ઉપર આપવામાં આવેલ આપણી ગુજરાત વિધાનસભા ઈ-વિધાનની વેબસાઇટ ઉપર ૧ લાખ પાંચ હજાર જેટલા વિઝિટર કાઉન્ટર નોંધાયા છે. ઈ-વિધાન સાથે સમગ્ર દેશના ૪૦ જેટલા વિધાન મંડળો જોડાયેલા છે આપણી સાથે ૧ લાખ કરતાં વધુ વિઝિટર કાઉન્ટરની સંખ્યામાં ગુજરાત સૌ પ્રથમ વિધાનમંડળ છે. આ વેબસાઇટ ઉપર વિધાનસભાના અગત્યના દસ્તાવેજો, કાગળો ઉપલબ્ધ છે જેનો તમામ સભ્યશ્રીઓએ નાગરિકોએ મિડિયા વગેરે ઉપયોગ કરી રહ્યા છે.

**સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૮**

**ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૮, સન ૨૦૧૯નું ગુજરાત મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૮, સન ૨૦૧૯નું ગુજરાત મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે. .

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ કલમ-૧૩૫(ડી) કોઇપણ નોંધ પાડવામાં જે તે પક્ષકારોને સૂચનો, વાંધા,વિરોધ એના માટે નોટિસ બજાવવામાં આવે છે. એનો એક વારસાઇ હોય તો, વેચાણ હોય તો વસિયત હોય તો, ભેટ હોય તો, બીજો મુકિતગીરો, વહેંચણી હોય તો, હયાતીમાં હક્ક દાખલ કરવાના

---

* વિધેયક તા.૧૮મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

હોય તો, અદલ બદલ હોય તો, સહભાગીદાર હક્ક દાખલ કરવાનો હોય તો, સગીર પુખ્ત હોવાની હસ્તીમાં હયાતીમાં વહેંચણી હોય તો આ બધી જ ફેરફાર કરવાના હોય નોંધો પાડવાની હોય તો આ ૧૧-૧૧ નોંધમાં તો આમાં જોડાયેલા જે કોઇ પક્ષકારો છે એમને નોટિસ આપવામાં આવે છે. અત્યાર સુધી એ ૩૦ દિવસની સમય મર્યાદા અને આર.પી.એ.ડી.થી એ આર.પી.એ.ડી. ની જગ્યાએ આપણે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ત્રણ દિવસ, સાત દિવસ અને ૧૫ દિવસ. સબ્જેકટ ટુ કોઇ પણ ત્રણ દિવસ એસએમએસ દ્વારા કે મેઇલ કરીને અને જવાબ પણ એવી રીતે વધુમાં વધુ ત્રીસ દિવસ રાહ જોવાની હવે આવતી નથી. ત્રીસ દિવસની રાહ જોવાની પ્રક્રિયા આપણે આ ઇલેકટ્રોનિકના માધ્યમથી એ બચાવી શકીએ. અત્યારે તો સમય બચાવવો બધા માટે ખૂબ મહત્ત્વનું છે. એટલે રાજય સરકારે અને મારા મહેસૂલ વિભાગે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ માધ્યમમાં ૩૦ દિવસનો સમય ઘટાડીને આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને દા.ત. કોઇ હક્ક નોંધ કરવાની હોય તો એની કોઇ સમયમર્યાદા હોય તેના માટે ૩ જ દિવસ હોય અને ૭ દિવસ અને વધુમાં વધુ ૧૫ દિવસ એ ગાળાની અંદર આ બધી નોંધો મેં જે વાંચી સંભળાવી છે. એ બધી નોંધો કરતાં પહેલાં એની પ્રક્રિયા પણ છે, એ લાંબી પ્રક્રિયા છે. અને એ પ્રક્રિયાનો સમય ટૂંકાવવા માટેનું આ નાનકડું બિલ લઇને આવ્યો છું. સૌને વિનંતી છે કે સર્વાનુમતે પસાર કરે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને મહેસૂલ ખાતાના મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે, તેમાં મારાં સૂચનો કરવા ઉભો થયો છું.

સૌ પ્રથમ તો ગૌરવ અનુભવું છું. આ વિધાનસભા ગૃહમાં સૌથી વધારે ગૃહ ચાલવા માટેનો આજે રેકોર્ડ તૂટયો છે. વર્ષ ૧૯૯૩ના રેકોર્ડમાં પણ મારો સમાવેશ હતો અને આજે પણ હું વિધાનસભામાં બોલી રહ્યો છું મને ગર્વ થાય છે. આ ગુજરાતની વિધાનસભામાં જિંદગીમાં એક વાર પણ સભ્ય બનવાનો મોકો મળે તો આનંદ થતો હોય છે. ત્યારે આજે ત્રણ રેકોર્ડ તોડયા છે. ત્રીજા રેકોર્ડ માટે માનનીય અધ્યક્ષ તરફથી જણાવવામાં આવ્યું. ગુજરાત ગૌરવંતુ ગુજરાત છે અને ગુજરાતના આવા રેકોર્ડ ગુજરાત જ તોડી શકે છે બીજું રાજય એના સમોવડીયું બની શકયું નથી, તેનું પણ આપણે ગૌરવ અનુભવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હાઇટેક જમાનો ચાલી રહ્યો છે. આ હાઇટેક જમાનામાં હાઇટેક પ્રણાલી પ્રમાણે આગળ વધતી સરકાર આ બિલ લઇને આવ્યા છે તેમાં મારાં સૂચનો પણ રજૂ કરું છું. બાપુને એક પત્રથી આજે જ મેં રજૂઆત કરી છે. કદાચ બાપુના બહુ બિલ હતા તે વાંચી નહીં શકયા હોય. ખેડૂત ખાતેદારની હયાતિ નોંધ અને વેચાણ દસ્તાવેજ નોંધ, નામ કમી, સુધારા તેમજ મરણની વારસાઇના હક્ક કમીના માસિક નોંધ મોકલવાની મેં રજૂઆત કરી છે. ગઇ મહેસૂલની માગણીમાં પણ વાત કરી હતી. હવે કોઇ પણ એસએમએસથી આપને જાણ કરશે અને એસએમએસથી સામો જવાબ આપશે. ત્યારે થોડી મુશ્કેલી એવી થાય છે કે ગામડામાં જે ખેડૂતો છે એ અભણ ખેડૂતો છે. હજુ તો પોતાના એસએમએસ વાંચવા માટેની મુશ્કેલીઓ છે. સામો એસએમએસનો જવાબ આપવા માટેની મુશ્કેલીઓ છે. ઇ-મેઇલ તો કદાચ કોઇ ખોલી શકતા હશે કે કેમ, તેનો પણ સવાલ છે. ત્યારે એનો રેકોર્ડ કરેલો નંબર એનો કોઇ અભ્યાસી વારસદાર હોય એમની સાથે ટેલી ન થાય તો કાંઇક ને કાંઇક મુશ્કેલીઓ ઉભી થાય તેવી ભીતિ પણ સેવાય. ત્યારે માનનીય બાપુને મારે કહેવું છે કે,તંત્રમાં વારસાઇ દસ્તાવેજ નોંધ કમી, આપે જે ઉલ્લેખ કર્યો એ ૩૦ દિવસમાં અને કાચી નોંધ થાય પછી પાકી નોંધ કરવા માટેનો ૧૩૫ ડીની નોટિસ માટેના પણ ૩૦ દિવસના આપણે ટાઇમ પિરિયડ નક્કી કરેલા છે. કોઇએ બેંકની લોન લીધી હોય એ લાંબો સમય બેંકને ભરાયેલી નહીં હોય ત્યારે આ પરિસ્થિતિમાં ૧૩૫ ડીની નોટિસ આપણે કેવી રીતે કરવા માગીએ છીએ તેનો ઉલ્લેખ આમાં નથી. ત્યારે એમાં પણ થોડી સ્પષ્ટતા થાય તેવી મારી લાગણી વ્યકત કરું છું. લાંબા સમયે લોન ભરવા જશે ત્યારે એનો કોઇ રેકર્ડ નહીં હોય, મેઇલ એડ્રેસ પણ નહીં હોય, લાંબા સમયથી બેંક ઉઘરાણી કરતી હશે તો પણ તેવા ઘણા કેસો આવા લોનના પડયા છે, જેમાં ૧૩૫ ડીની નોટિસમાં બેંક તરફથી જયાં સુધી જવાબ નહીં આવે, ત્યાં સુધી આપણે એમની બોજા નોંધ કમી નહીં કરી શકીએ. અને વારસાઇ કરવી હોય તો પણ નહીં કરી શકીએ. વારસાઇ તો કયારેક બોજા નોંધમાં થાય છે. પરંતુ એમણે વેચાણ કર્યુ હશે તો અને એમને ઝડપી જોઇતું હશે તો બેંક સાથેનો જે વ્યવહાર છે તેના માટેની પણ આ બિલમાં ચોખવટ કરવામાં આવે જેથી કોઇ મુશ્કેલી ન થાય અને તેમાં સરળતા રહે, તેવી એમાં લાગણી વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, બીજું આની સાથે સંકળાયેલું છે. થોડોક વિષયથી બહાર છે, પરંતુ મેં કહ્યું કે બાપુ કોઇ પણ વિસ્તારનો ચૂંટાયેલો ધારાસભ્ય છે, હું મારા વિસ્તારનો ચૂંટાયેલો ધારાસભ્ય છું મારે ૩ તાલુકા લાગુ પડતા હોય છે કોઇક ને બે તાલુકા લાગુ પડતા હોય છે ત્યાં આ ૧૩૫(ડી)ની નોટિસના બદલે કાચી નોંધમાં ઘણો લાંબો સમય જતો હોય છે. તલાટી-મંત્રી જયારે કાચી નોંધ નાંખતા નથી, બહાર લખવાવાળા ખેડૂતને એમ કહે કે તારી નોંધ પડી જશે, મામલતદાર કચેરીમાં નાયબ મામલતદારમાં કે બીજી જગ્યાએ કોઇ નાની મોટી મુશ્કેલી થતી નથી પણ બહાર લખવાવાળો માણસ બેઠો છે એ એમ કહે છે કે તારી નોંધ પડી જશે પણ તારે થોડુંક સાહેબ સાથે આટલું ગોઠવવું પડશે. તેના કારણે મુશ્કેલી ઉભી થાય છે ત્યારે હું લાગણી વ્યકત કરું છું કે ચૂંટાયેલો આપણો ધારાસભ્ય હોય, ચૂંટાયેલો તાલુકા પંચાયતનો પ્રમુખ હોય કે જિલ્લા પંચાયતનો પ્રમુખ હોય, એના વિસ્તારમાં હોય તો આવી કાચી નોંધની દર મહિનાની છેલ્લી તારીખે ૩૧ કે ૩૦ તારીખ હોય તે છેલ્લામાં છેલ્લી હક્ક ઉઠાવવા માટેની, કે નામ સુધારવા માટેની કે વારસાઇ એન્ટ્રી અથવા ૧૩૫(ડી) આવી નોટિસ બજાવવાની બોજા નોંધની નોટિસ હોય એના રેકર્ડ જેમ સંકલન સમિતિમાં કલેકટરશ્રી લગભગ વંચાવતા હોય છે પણ ચૂંટાયેલા પ્રતિનિધિને પણ પાંચ તારીખ સુધીમાં મોકલવામાં આવે તો સરળતા થશે એમ હું માનું છું. હું બેંક સાથે પણ જોડાયેલો છું. કો-ઓપરેટીવ બેંક સાથે વર્ષો સુધી વહીવટ કર્યો છે એટલે મને ખબર છે કે આ પ્રકારની

પરિસ્થિતિમાં ભારે મોટું એમાં લંબાણ થતું હોય છે. એ પ્રક્રિયામાં પણ સરળતા થશે. હાઈટેક જમાનો છે, હાઈટેક જમાનાનો વધારેમાં વધારે ઉપયોગ કરતું ગુજરાત રાજ્ય બને એનું ગૌરવ લેવા માટે આવું બિલ લઇને આવ્યા છે ત્યારે આ મારા સૂચનો સ્વીકારે અને આ બિલ લઇને આવ્યા છે તેને પણ હું મારું અનુમોદન જાહેર કરું છું.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ દ્વિતિય સુધારા વિધેયક અમારા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ દ્વારા લાવવામાં આવ્યું છે જેને મારું સંપૂર્ણ અનુમોદન છે. અમારા આદરણીય પ્રધાન મંત્રીશ્રી નરેન્બ મોદી સાહેબે અમને નારો આપ્યો હતો. સબકા સાથ, સબકા વિકાસ ઔર સબકા વિશ્વાસ, સાહેબ, આ વિશ્વાસમાં આ લોકોને હજુ ખ્યાલ નથી આવતો કે સબકા વિશ્વાસ શું ચીજ છે. આ ભરોસો જે દેશને પાંચ વર્ષમાં એમણે આપ્યો વર્ષ ૨૦૧૪ થી વર્ષ ૨૦૧૯, એ જન જનની અંદર આ આધુનિક ટેકનોલોજીનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપયોગ, ઝડપી ઉપયોગ, એક જમાનો હતો એ જમાનામાં મને બરાબર યાદ છે. તલાટીને મળવા જવાનું, તલાટી દરવાજે તાળા મારીને જતો રહ્યો હોય ગામની અંદર, તલાટી પાસે ૭/૧૨ની પોતાની માલિકીની નકલ લેવાની હોય ત્યાં ધક્કા ખાવા પડે, તલાટી મળે નહીં, તલાટીને આપણે વેચાણ દસ્તાવેજ રજિસ્ટરની એન્ટ્રી આપીએ, ફેરફાર માટે જઇએ, હુકમની નોંધ માટે જઇએ, અનેક કામ માટે ગામનો તલાટી રાજા કહેવાતો હતો. પ્રધાન મંત્રી મળે પણ તલાટી ન મળે એવી કહેવત આપણે એ વખતે સાંભળી હતી અને અનુભવી હતી. મુખ્યમંત્રી મળે પણ તલાટી ન મળે. સાહેબ, ધીરે ધીરે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતા ગયા, આ વિશ્વાસ એટલા માટેનો આ નારો છે કે લોકોને ઝડપી ન્યાય જોઇએ છે. ઝડપી રિઝલ્ટ જોઇએ છે. એટલા માટે આ વર્ષે ૨૦૧૯માં ૧૩૦ કરોડ દેશવાસીઓ, ૯૦ કરોડ મતદારો ૬૦ કરોડનું મતદાન ભાજપ અને એના એલાયન્સને ૩૦ કરોડ મત એ વિશ્વાસના મળ્યા છે. બીજો એક નારો આપ્યો હતો જય જવાન, જય કિસાન અને સાથે અટલજીએ જય વિજ્ઞાન જોડયું હતું. આજે કારગીલના વીર શહીદોને શ્રદ્ધા સુમન અર્પિત કરું છું, પણ સાથે સાથે જય કિસાનની અંદર અહીંયા જે જમીનના ડોકયુમેન્ટ, દસ્તાવેજની વાત માટે તલાટી પાસે જવું પડે, સબ રજિસ્ટ્રાર કચેરીમાં જવું પડે, ૨૦ રૂપિયાના ૫૦ રૂપિયા કર્યા તો કહે કે અઢી સો ટકા ત્રણસો ટકા, સો રૂપિયાના એગ્રિમેન્ટના ૩૦૦ રૂપિયા કર્યા હોય તો ૩૦૦ ટકાનો વધારો, આમ આખા શહેરને અને આખા ગુજરાતને ગુમરાહ કરવાની ચેશ્ટા થઇ હતી. પણ એ વાતમાં મારે નથી પડવું. સાહેબ, આ ૨૧મી સદી જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. ધર્મ અને સાયન્સની સદી છે. એના માધ્યમથી આધુનિક ટેકનોલોજીનો બહુ મોટા પ્રમાણાં ઉપયોગ કરવો પડે, આજે દુનિયાના તમામ વિકસીત દેશ, અર્ધ વિકસીત દેશ પછાત દેશ બધાએ આ આધુનિક ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરવો પડે. તો જ આ રાજયમાં અને દેશમાં સર્વાંગી વિકાસ શકય છે. એટલા માટે આજે આ આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી બ્રહ્માંડમાં આપણું ચંદ્રયાન મોકલ્યું. હિંદુસ્તાને ચંદ્રની અંદર કદમ મૂક્યો એ ગૌરવની વાત છે એટલા માટે પ્રધાનમંત્રીને ફરી અભિનંદન આપું છું. એ જ પ્રમાણે અમારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને પણ અભિનંદન આપવા માગું છું. તેમણે ગુજરાતના લોકોની સમસ્યા, પીડા, મુશ્કેલીઓ, પ્રશ્ન. તેમણે તેમને ત્યાં ડેસ્ક બોર્ડ મૂકીને આધુનિક ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ કર્યો છે. એમની તીસરી નજર ગુજરાતના ઉપર, તેમણે ધ્યાન આકર્ષિત કર્યું છે. કામ કરી રહ્યા છે. એટલા માટે જે નયા ભારતની કલ્પના છે તેમાં નયા ગુજરાત એ અમારા મુખ્યમંત્રીશ્રીનો સંકલ્પ છે. તે વખતે તલાટીઓના જમાનામાં આ ભૂમાફિયાઓએ માઝા મૂકી હતી. સાહેબ, ગુજરાતના ખૂણે ખૂણે રેકોર્ડ જોઇ લો. ગરીબ ખેડૂતોની જમીન છીનવી લેવામાં આવતી હતી. કારણ શું હતું? કારણ એ હતું કે ગરીબ વ્યક્તિઓ ભણેલી ન હોય. આ ભૂમાફિયાઓ તે જમાનામાં સાંઠ-ગાંઠ કરાવી લઇ, પાવર ઓફ એટર્ની કરાવી લઇ, તલાટી સાથે મેળાપીપણું થઇ જાય. હક્ક ફેરફારમાં પ્રોબ્લેમ ઉભા થાય. પરિણામે તેની જમીન છીનવાઇ જાય. પોલીસ પાસે જઇએ તો કહે કે સિવિલ મેટર છે. ન્યાય મેળવવા માટે જાય તો કયાં જાય? આ ગરીબ માણસોને આ બિલ ઉપર ૧૩૫ ડીની નોટિસની વાત કરું છું. એ જમાનામાં ભૂમાફિયાઓ ગરીબ માણસની જમીન પડાવી લેતા. ગરીબ માણસો બરબાદ થઇ જતા હતા. એ સમયે સબરજિસ્ટ્રાર કચેરીએ દસ્તાવેજ કરવા જાવ, બેસવાની જગ્યા નહીં. ખરીદ વેચાણમાં અંગૂઠાના નિશાન લેવામાં આવતા ન હતા. વિડિયોગ્રાફી નહોતી થતી. પાને પાને સહી થતી ન હતી. તેમને અસલ દસ્તાવેજ તરત મળતો ન હતો. પરિણામે દસ્તાવેજ સાથે ૭/૧૨, પ્રોપર્ટી કાર્ડ પણ એટેચ કરવામાં આવતું ન હતું. તેના કારણે જયારે પણ આ ડોકયુમેન્ટ થઇ જાય અને તલાટીને તરત તમે એન્ટ્રી પાડવા માટે આપો, તલાટી એન્ટ્રી પાડે, ખોટા દસ્તાવેજની એન્ટ્રી પડી જાય. હક્ક ફેરફારમાં જાય, ૬ નંબરની એન્ટ્રી સર્ટીફાઇડ કરવાની હોય. તેને ૧૩૫(ડી)ની નોટિસ મળે. તેમાં પણ મેનેજ થઇ જાય. તેનો કુરિયર કે ટપાલી પણ એ જે વ્યક્તિનું નામ કમી થાય એને ૧૩૫ ડીની નોટિસ મળે નહીં. આ અમે જોયું છે તેના કારણે સાલવારમાં ચાલતો માલિકી હક્ક ફેરફાર માટે ૬ નંબરમાં કાચી નોંધ પડે. જે વ્યક્તિનું નામ કમી થઇ જાય તેને ૧૩૫ ડીની નોટિસ ન મળે. તેને ખબર જ ન પડે કે મારી જમીન વેચાઇ ગઇ છે. આવા સમયે પ્રશ્નો ઉભા થાય. ફરિયાદ કરે તો કયાં કરવી? તકરારી મેટર થાય, સબજયુડીશ મેટર થાય. ગુજરાતના ખૂણે ખૂણે ગામડામાં તકરારી મેટર પેન્ડીંગ થાય. એટલા માટે મારે કહેવું છે કે કોઇ સંજોગોમાં દસ્તાવેજ થયા હોય, ખરા માલિકો સિવાય જમીન કોઇ ખોટા માલિક બનીને વેચી દીધી હોય ત્યારે ફ્રોડ થયાની જાણ કયારે થાય કે જયારે ૧૩૫(ડી)ની નોટિસ એ વ્યક્તિના હાથમાં આવે તો જ એ ખબર પડે. માની લો સાહેબ, એને ખબર નથી પડતી. તો જે દિવસે ડોકયુમેન્ટના આધારે જે વ્યક્તિ નવી ખરીદનાર હોય એ ત્યાં કબજો કરે. એ સ્થળ ઉપર જાય. એ બાંધકામ કરે ત્યારે ખબર પડે કે મારી જમીન વેચાઇ ગઇ છે. એવા દાખલા આજે પણ હું તમને આપું. સુરતની કોર્ટમાં આવા દાખલા પડેલા છે. આ મુંજવણ છે. ગરીબ ખેડૂતોનું અમારે હૈયે હિત છે. તેના માટેની આ પીડા છે. મેં કહ્યું

તેમ ૧૩૫(ડી)ની નોટીસ કોઇ સંજોગોમાં ના મળે.. (અંતરાય) હવે એક ઉદાહરણ આપું. મારું બેંકમાં ખાતું છે હું પૈસાની લેવડદેવડ કરું તો મને બીજી જ ક્ષણે મેસેજ મળી જાય, કે તમારા બેંક એકાઉન્ટમાંથી આટલા પૈસા ઉધારાય છે અને આટલા જમા થયા છે. એ આપણને ખબર પડે છે એવી જ રીતે આપણા ખાતામાંથી કોઇ ફ્રોડ થયો હોય, એ જ રીતે આપણી ખેડૂતોની કીંમતી જમીન હોય અને એ જો કોઇએ ખોટી રીતે પડાવી લીધી હોય અને એને એસ.એમ.એસ. મળે, એવિડન્સ ઉભો થાય તો એને તરત ખબર પડે કે મારી જમીન વેચાઇ ગઇ છે, કાચી નોંધ હોય, પાકી નોંધ થતા પહેલાં તકરાર કરીને એ એનું રક્ષણ મેળવી શકે. આ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી જમીન માલિકને પોતાની જમીનની માલિકીનું રક્ષણ મળે એના માટેનું આ બિલ લાવ્યા છે. મારું એને સંપૂર્ણ સમર્થન છે. ધન્યવાદ.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ મહેસૂલ વિભાગમાં સુધારાનું બિલ લાવ્યા છે એને અનુમોદન આપું છું અને અમારા મિત્ર શ્રી પૂર્ણેશભાઇ મોદીએ આના માટે સવિશેષ ચર્ચા કરી છે એટલે એમાં પણ હું એને અનુમોદન આપું છું અને બિલને પણ હું અનુમોદન આપી અને બધા મિત્રોને કહું કે આ સર્વાનુમતે વિધેયક પસાર કરે.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધયક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી, ગુજરાત જમીન મહેસૂલ દ્ધિતિય સુધારા વિધેયક ૨૦૧૯ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગામ નમૂના નંબર–૬, દરેક સાત બારની નોંધો ગામ નમૂના નંબર–૬માં નોંધ થતી હોય છે અને ગામ નમૂના નંબર–૬ એ જમીન કયાંથી આવી, કયાં ગઇ, એમાં શું શું ફેરફાર થયા એ વિગતે નોંધ થતી હોય છે. ગામ નમૂના નંબર–૬માં વારસાઇ નોંધ, હક્ક પત્રક, હક્ક કમી નોંધ, ગણોતીયાઓની નોંધ, ગીરો નોંધ, બોજા નોંધ, કૂવાની નોંધ તથા અન્ય પ્રકારના જુદી જુદી નોંધો થતી હોય છે. આ કાયદામાં કલમ– ૧૩૫(ડી) નીચે કોઇ જમીનનો વેચાણ દસ્તાવેજની લેવડ દેવડ થાય તેની તમામ નોંધો હક્ક પત્રકે દાખલ થાય ત્યારે હિત ધરાવનાર ખાતેદારોને ૧૩૫(ડી)ની નોટીસ બજાવવામાં આવે છે અને કોઇને વાંધો જણાય તો લેખીત વાંધો રજૂ કરી શકે છે અને તેની તકરારનું નિરાકરણ મામલતદારશ્રી દ્ધારા તકરારી કેસ ચલાવીને લાવવામાં આવે છે. પરંતુ આ કલમથી ૩૦ દિવસની મુદતમાં વાંધો રજૂ કરવાની સમયમર્યાદા છે તેમાં ફેરફાર કરીને નોંધ પ્રમાણીત કરવાની પ્રક્રિયા સરકાર વધુ ઝડપથી કરવા માગે છે. તેવું કરવાથી કોઇ ખાતેદારોની અજાણતા જમીન વેચાણનો વ્યવહાર થયેથી વેચાણ વ્યવહાર સંબંધે ૧૩૫(ડી)ડીની નોટીસ બજાવવાનો સમય, ૩૦ દિવસની સમયમર્યાદા કાઢી નાખવામાં આવેથી ખાતેદારોને તેનો વાંધો રજૂ કરવાનો હક્ક નહીં મળે અને લેભાગુ તત્ત્વો આવી જમીનો પચાવી પાડવામાં સફળ થાય અને ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો જમીન વિહોણા થઇ જશે. વેચાણ દસ્તાવેજ વખતે ઘણી વખત રોકડ વ્યવહાર થાય છે, ઘણી વખત ચેકના વ્યવહાર થાય છે. જયારે ચેકના વ્યવહાર હોય ત્યારે ચેક કલીયરીંગમાં સમય લાગતો હોય અને આવી રીતે ટૂંકા સમયની અંદર જો પ્રમાણિત કરવામાં આવે તો ભોગ બનનારને ખોટા લીટીગેશનમાં ઉતરવું પડશે. વકીલો રોકવા પડશે. લીટીગેશનો વધશે. એક તો જમીન વગરનો થશે અને લીટીગેશનમાં પણ ઉતરવું પડે છે અને કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. મારી બીજી પણ એક રજૂઆત છે કે ખેડૂતોને જે ૧૩૫(ડી)ની નોટીસ એસ.એમ.એસ.થી મોકલવામાં આવે છે તે નોટીસ દરેક ખેડૂતને ગુજરાતીમાં મળે એવી પણ વ્યવસ્થા થાય એવું પણ મારું સૂચન છે જે મેં મારા વિચારો રજૂ કર્યા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જમીન મહેસૂલ સુધારા વિધેયક ૨૦૧૯ આપણા સૌના આદરણીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારનો હેતુ સારો છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. જે કામ ૩૦ દિવસ પછી થતું હતું એ કામનો ગાળો ટૂંકો થશે અને કામ ઝડપી થશે. એટલા માટે હું સરકારને અભિનંદન આપું છું અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આમાં લોકોની મુશ્કેલી ઘટશે. શ્રી પૂર્ણેશભાઇ ભૂમાફિયાઓની વાત કરતા હતા. આ રાજયમાં સૌથી વધુ ખેડૂતોને કોઇ તકલીફ પડતી હોય તો એન્ટ્રી બાબતમાં પડે છે. મારી જાત તપાસનો હું દાખલો આપીશ. શું કરવાથી ખેડૂતોને તકલીફ ન પડે, શું કરવાથી કામ સીધું અને સરળતાથી થાય અને શું કરવાથી કોઇ ખેડૂત કે જમીન માલિક હોય એનું ખોટું ન થાય એવો સરકારનો ઉદ્ધેશ છે. આ સરકારનો ઉદ્ધેશ છે. અહીં ફરીવાર મારે શ્રી નીતિનભાઇએ યાદ કરવા પડશે. મારા વિસ્તારમાં એક પાટીદાર ખેડૂત હતા એ પરદેશ એટલે કે અમેરિકા રહેતા હતા. એ અમેરિકા રહે અને ખોટી સહીઓ કરીને દસ્તાવેજો કલોલમાં થાય. આના સાક્ષી શ્રી નીતિનભાઇ છે. જો શ્રી નીતિનભાઇ પટેલે એમાં રસ ન લીધો હોત તો રૂપિયા ૨૦૦ કરોડની જમીન ભૂમાફિયા લઇ ગયા હોત. શ્રી પૂર્ણેશભાઇ મોદી તમે કહો કે ભૂમાફિયા ન ફાવે. એના સાક્ષી શ્રી નીતિનભાઇ પટેલ છે. (અંતરાય)

શ્રી પૂર્ણેશ મોદી : જમીન બારોબાર વેચાઇ જતી હતી. ટપાલીને મેનેજ કરી લેવામાં આવતો હતો. હવે એસ.એમ.એસ.થી ડાયરેક્ટ થશે.

અધ્યક્ષશ્રી : એ વાત સાથે સંમત છે. ભૂમાફિયાની વાત આવી એટલે શ્રી નીતિનભાઇ સાહેબને ક્રેડિટ આપવી હતી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મેં તાત્કાલિક કલેકટરને પત્ર લખ્યો અને શ્રી નીતિનભાઇએ પણ કલેકટરને જાણ કરી, એમને અભિનંદન આપીશ. એની એન્ટ્રી મંજૂર ન થવા દીધી. જમીન પરત લઇ આજે એ જમીન ઉપર વિશ્વનું મોટામાં મોટું ઉમિયા ધામ બનવાનું છે. (અંતરાય) ૧૩૫(ડી)માં ચર્ચા કરવાની છે. કલોલમાં એક ગામના ખેડૂત ખાતેદારની જમીન ખેડૂત પાસેથી બાઇક વેચાતી લઇ અને ૫૦ હજારનો ચેક એના ખાતામાં નાખ્યો. આર.સી. બુકમાં તારી સહીની જરૂર છે એમ કહી

આર.સી. બુકમાં સહી કરવાના નામે પાવર ઓફ એટર્નીમાં સહી કરી રજિસ્ટ્રાર સાથે મિલીભગત કરી ૭ વીઘા જમીન એ ખેડૂતની લખાવી લેવામાં આવી છે. ચાર દિવસ પહેલા અમે ડી.એસ.પી.ને ફરિયાદ કરી જાણ કરીને તપાસ પણ આપી છે. તમામ વ્યવસ્થાઓ સરકારે કરી હોવા છતાં ભૂમાફિયા આજે ખેડૂતોનું ખોટું કરવાથી અટકતા નથી. સરકારની ટીકા કરતો નથી. સરકાર એકે એક વસ્તુનો ખ્યાલ રાખે છે. શું કરવાથી ખેડૂત હેરાન ન થાય, શું કરવાથી ખેડૂત છેતરાય નહીં. એથી આગળ વધીને વાત કરીશ. તો અમદાવાદની આજુબાજુ પોલીસ અધિકારીઓ ખેડૂતો પાસેથી કબજા લેવાની કામગીરી કરે છે. મોટાભાગની જમીનોના માલિક આઇ.પી.એસ. અને આઇ.એ.એસ. અધિકારીઓ બનેલા છે. ૨૨-૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલે છે. ઊભા થાયને કહે કે શ્રી નરેન્દ્રભાઇ મોદી, બીજા મુખ્યમંત્રી કેટલાય બનેલા છે શ્રી કેશુભાઇ પટેલ, શ્રીમતી આનંદીબેન પટેલ અને શ્રી વિજયભાઇ રૂપાણી પણ બન્યાં. હવે શ્રી નરેન્દ્રભાઇ વડાપ્રધાન બની ગયા. એમને દેશનો વહિવટ કરવા દો અને ગુજરાતનો વહિવટ એમને કરવા દો શ્રી પૂર્ણેશભાઇ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે પૂરું થઇ ગયું. હવે શું બાકી રહ્યું?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીનું એટલા માટે ધ્યાન દોરવું છે કે, ટૂંકા સમયમાં એન્ટ્રી મંજૂર કરીને જે તે ખેડૂતોને જે તે લોકોને જાણ કરવાની વાત કરી અને ટૂંકાગાળામાં આ બિલ લઇને આવ્યા છે ત્યારે અભિનંદનને પાત્ર છે પણ જે ખેડૂત ભણેલો નથી અને મોબાઇલ રાખતો નથી. હવે સાદો બટનવાળો મોબાઇલ લઇને ફરતા હોય ત્યારે શ્રી નીતિનભાઇ ક્યાંથી એસ.એમ.એસ. કરશે? આમાં સારુંય થવાનું અને ખોટુંય થવાનું. માનીય અધયક્ષશ્રી, મારે મંત્રીશ્રીનું એટલા માટે ધ્યાન દોરવું છે કે, કાયદા એવા કર્યા છે કે એનો પાવર કોઇ ખોટી રીતે લઇ ગયો અને એનો મીસયુઝ કરે છે ત્યારે હું સરકારને એક વિનંતી કરવા માંગું છું કે, મોંઘા ભાવની જમીનો જે ખોટા લોકો દસ્તાવેજ કરી જાય છે તો તમે એક એવો કાયદો લાવો, પરિપત્ર કરો રજિસ્ટારની અંદર મારો પાવર લઇને બીજા કોઇ ઉપયોગ કરવા ગયા તો રજિસ્ટાર ખાલી ફોન કરીને પૂછી જુએ કે તમારા નામનો એક પાવર આવ્યો છે એ સાચો છે કે ખોટો? આટલું પૂછવાનું રાખે તો મોટાભાગના દસ્તાવેજોમાં ખોટું થતું બંધ જઇ જશે પણ જ્યારે પાવર લઇને રજિસ્ટ્રાર પાસે લોકો જાય છે ત્યારે રજિસ્ટ્રાર કાયદો બતાવે છે કે આમાં અમને કોઇ ડિસ્ટર્બ નહિ કરી શકે. અમારો કાયદો છે. અમારે કોઇને પૂછવાનું નથી અને પાવરથી દસ્તાવેજ કરી નાખવાનો છે જ્યારે આવી વાતો થતી હોય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્ધારા વિનંતી કરું છું કે, હજુ આમાં ખોટું થતું અટકાવવું હોય તો પાવરનો ઉપયોગ કરતા હોય તો પાવરવાળાનો ક્યાંકથી ફોન લઇને તેને જાણ કરો કે તમારો પાવર આવ્યો છે તો મોટાભાગના ખોટું કરવાવાળા લોકો ખોટું કરતા બંધ થઇ જશે અને કોઇ ખેડૂતો છેતરાતા બંધ થઇ જશે અને એટલા માટે આપ જે આ બિલ લઇને આવ્યા છો એને હું ૧૦૦% સમર્થન આપું છું એમાં કોઇ શંકાને સ્થાન નથી. પરંતુ આજે ૧૩૫(ડી)ની નોટિસ દ્ધારા હું કોઇ બીજું સોગંદનામું કરું છું. દા.ત. હું મારી જમીનનો દસ્તાવેજ કરવા જાવ છું. ત્યાં આગળ રેકોર્ડીંગ થાય છે. એમાં બોલવાનું હોય છે કે હું આ જમીન વેચું છું. બધા પૈસા મળી ગયા છે. ૧૩૫(ડી)ની નોટિસ માટે મહિનો શાના માટે રાહ જોવાની? કાયદાની દ્રષ્ટિએ તમામે તમામ પ્રક્રિયા સાચી હોય છે એમાં શંકાને સ્થાન હોતું નથી પણ જ્યારે સરકાર દ્ધારા નાની નાની બાબતોની ખબર રાખીને કરવાથી ખેડૂતનું કે કોઇનું ખોટું ના થાય પણ સબ રજિસ્ટ્રાર કચેરીની અંદર થોડું ધ્યાન રાખજો. કે જે આઉટ સોર્સીંગથી રાખેલા કર્મચારીઓ એ લોકો સાથે મેળાપીપણું કરીને સૌથી વધારે ખોટું કરતા હોય તો સબ રજિસ્ટ્રાર કચેરીમાં એ આઉટ સોર્સીંગથી રાખેલા માણસો ખેડૂતોને પરેશાન કરવાની કામગીરી કરી રહ્યાં છે તો આ તબક્કે એવી જગ્યાએ તમે કોઇ સરકારી કર્મચારીને મૂકેલો હશે તો લગભગ ૯૯.૯૯% એ ખોટું કરતા ખચકાશે. એની કોઇ જવાબદારીમાં હોતું નથી એને તો જેટલા દસ્તાવેજ નોંધાય, એક દસ્તાવેજે રૂપિયા ૨૦૦૦ કે રૂપિયા ૫૦૦૦ ફિક્સ બાંધેલા જ હોય છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. શ્રી નીતિનભાઇ, સાંજે ૬-૦૦ વાગે જેટલા દસ્તાવેજ નોંધાયા હોય એ પ્રમાણે રૂપિયા ૫૦૦૦ કે રૂપિયા ૬૦૦૦ના હિસાબના ભાગ પાડીને છૂટા. આ પદ્ધતિ તમામે તમામ રજિસ્ટ્રાર કચેરીઓમાં આજે પણ ચાલે છે અને એટલા માટે શ્રીપૂર્ણેશભાઇ, મારે કહેવાની ફરજ પડી કે તમે આવ્યા હોય અને બધું થઇ ગયું હોય એવું નથી. સરકાર પુરે પૂરો ખ્યાલ રાખે છે, પુરેપૂરું ધ્યાન રાખે છે. તમામે તમામ ખેડૂતોનું કયાંય ખોટું ન થાય એનું ધ્યાન રાખે છે. કરવાવાળા લોકો એ કર્યે જાય છે પણ તમે એવું વાતાવરણ ઉભું ના કરો. (અંતરાય)

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક ઉદાહરણ આપવું છે. જરૂરી છે. અત્યારે નવી મોડસ ઓપરેન્ડી શરૂ થઇ છે. ભાડૂઆત તરીકે એક કપલ એક મકાન, ફલેટ ભાડે રાખે છે. એ મકાન માલિકનું નામ મેળવીને પછી એ મકાન માલિક જોડે ભાડે રાખીને કબજો કરે છે. પછી સબ રજિસ્ટ્રાર કચેરીમાં એ જૂનો દસ્તાવેજ, એની ઝેરોક્ષ કોપી, એની એટેસ્ટેડ કોપી મેળવી લે છે અને એ કોપી બતાવીને પોતે માલિક હોય તેમ એ મકાન વેચી દે છે. સાહેબ, એ પોતે સબ રજિસ્ટ્રાર સમક્ષ ખોટી રીતે હાજર થાય છે. પેમેન્ટ લેવાઇ જાય છે. કબજો આપી દે છે. ફલેટમાં પેલો નવો માલિક પૈસા આપે છે અને એ ભાડૂઆત ખાલી કરે છે અને પઝેશન પ્રત્યક્ષ હોવાને કારણે એને વિશ્વાસ હોય છે એ નવો માલિક એન્ટર થાય છે એટલે ઓરીજીનલ માલિક આવે છે કે તું કયાંથી આવ્યો? તો સબ રજિસ્ટ્રાર કચેરી આ બંને ડોકયુમેન્ટના આધારે એફ.આઇ.આર. કરે છે. આ ૧૩૫-(ડી)ની નોટિસને કારણે આમાં પ્રોટેકશન મળ્યું છે.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ વધુ સુધારવા બાબતનું વિધેયક ક્રમાંક-૧૮ ગૃહની સમક્ષ લઇને આવ્યા છે. સુધારો ખૂબ નાનોએવો છે

પણ સુધારો આ રાજયના ખૂબ બહોળા વર્ગને ભારે મોટી અસર કરનારો છે ત્યારે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. માનનીય મંત્રીશ્રીએ સમગ્ર રાજયની અંદર જે જમીનનું ખરીદ વેચાણ થાય એ જમીન વેચાણ થતા પહેલા મૂળ માલિકના સીધી લીટીના વારસદારના અથવા તો ભાગીદારના જે અધિકારો હતા એ અધિકારોનું રક્ષણ થાય એ માટે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ આ અધિનિયમની કલમ-૧૩૫-(ઘ)ની પેટા કલમ(૫) થી જે વ્યવસ્થા કરી હતી કે કોઇપણ રાજયની અંદર ખરીદ વેચાણ થાય, વારસાઇ નોંધ થાય, ગીરો નોંધ થાય, બોજા નોંધ થાય, હકક નોંધ થાય, હકક વહેંચણીથી માંડીને હિસ્સા જુદા પડે તો સબંધિત મિલકતની અંદર હકક, હિસ્સો ધરાવનારા જેટલા પણ લોકો છે, જેટલા પણ હિસ્સેદારો છે એમને એની એ સબંધિત મિલકત ઉપર એનો હકક હિસ્સો સુરક્ષિત છે કે કેમ? જમીનનું ટ્રાન્ઝેકશન થાય, મિલકતનું ટ્રાન્ઝેકશન થાય એ પહેલા સરકારને જાણ કરે તો સામાન્ય માણસ એનો હકક હિસ્સો છે એ સુરક્ષિત રહે. એને એની પરસેવાની કમાણીથી ખરીદેલી, વારસાઇ મેળવેલી મિલકત છોડાવવા માટે થઇને વર્ષો સુધી કોર્ટ કચેરીના ધકકા ન ખાવા પડેને એના માટે આ જોગવાઇ કરવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રી ૨૧મી સદીના આધુનિક યુગમાં ઝડપથી દોડવા માટે, ઝડપથી આવા વ્યવહારો થાય એ માટેનો સારો વિચાર લઇને આવ્યા છે. વિચાર ખૂબ સારો છે પણ વિચારનું અમલીકરણ કરવાથી જે વ્યવસ્થા ભાંગીતુટી જવાની છેએ તરફ સરકારનું ધ્યાન દોરવું ખૂબ જરૂરી બન્યું છે. આજ દિવસ સુધી કોઇ વેચાણ અવેજથી આવી મિલકતની ખરીદી કરે તો જે વેચનાર માલિક છે, એના જે કોઇ હક્ક હિસ્સો ધરાવનાર ભાઇ હોય, બહેન હોય, ભાગીદાર હોય જે લોકોના ૭/૧૨, ૮- અ અને ૬ નંબરમાં નામ નોંધાયેલ હશે તેવા બધા જ લોકોને કાચી નોંધ પડે, આવો વેચાણ દસ્તાવેજ થાય એટલે રેવન્યુ રેકર્ડ ઉપર કાચી નોંધ પડી જાય છે. ખરીદનારનો હક્ક ઉભો થઇ જાય છે. પણ વેચનારમાં કોઇનો હક્ક જોખમાતો નથી ને એનો ખુલાસો કરવા માટયે થઇને આપણે ૩૦ દિવસનો અત્યાર સુધી સમય આપતા હતા. આવી વ્યવસ્થા પછી પણ મારા જીવનનો અનુભવ કહું છું. રેવન્યુ રેકર્ડ સુધારવા માટે આપણા સામાન્ય માણસના હક્કને સંભાળવા માટે સરકારે ઘણા સુધારા કર્યા છે. આજકાલ આવા વેચાણના દસ્તાવેજ થાય તો વેચનાર માણસે રૂબરૂ જવાનું, રજિસ્ટ્રાર કચેરીની અંદર, કેમેરાની સામે જેમ શ્રી બળદેવભાઇએ કહ્યું તેમ આ મારો માલિકી હક્ક હતો. આ દસ્તાવેજ કર્યો છે, એના અવેજમાં રકમ લીધી છે. એણે સ્વીકારવાનું, તેમ છતાં બાપુ સાહેબ, અમરેલી જિલ્લાની અંદર ત્યાંના ચાચઇ ગામનો સરવે નંબર ૧૩૮ આ નંબર તરફ એટલા માટે ધ્યાન દોરું છું. ૨ વ્યક્તિના નામે એ જમીન નોંધાયેલ હતી. આવી જમીન વેચવા માટે કોઇ લોકો બારોબાર ફરતા હતા, એટલે સ્વાભાવિક છે કે વાત અમારી પાસે આવે. હું પણ ચાચઇનો ખેડૂત છું. હવે જમીનના મૂળ માલિકને હું ઓળખું. એને પૂછ્યું તો કહે ના, કોઇ વેચવાનો વિચાર નહિ. વેચનાર લોકો બહાર ફરતા હતા, એટલે બે-ત્રણ વખત ટ્રેપ ગોઠવી. ખરીદવાના બહાને વેચનાર લોકો સામે આવતા હોય તો. અમારાથી ચિટિંગ કરનારા લોકો હોંશિયાર નીકળ્યા. એ આવ્યા નહિ. પકડાયા નહિ અને એક દિવસ ૧૩૫ ડી ની નોટિસ જયારે મૂળ માલિકને આવી, ત્યારે ખબર પડી કે આવી જમીન એનો અઘાટ વેચાણથી દસ્તાવેજ થઇ ગયો. અને મારો પોતાનો અનુભવ કહું છું. ૧૦૫ એકર જમીનનો દસ્તાવેજ થઇ ગયો. તપાસ કરી તો ખબર પડી જે બે મૂળ માલિકો હતા, જેના વેચાણ દસ્તાવેજ કરવાના હતા. બાપુ સાહેબ, તમારા વિસ્તાર બાજુથી હતા. એની ચૂંટણીનું આઇકાર્ડ રહેનાર વ્યક્તિ અમદાવાદ, પણ ફોટો કોપી એમાં ધોળકાનું સરનામું નાખ્યું. ફોટો એનો લગાડી દીધો. નામ મૂળ માલિકનું. આનું વેરિફિકેશન દસ્તાવેજ પછી મામલતદાર ઓફિસમાં આપણે આઇ.ડી. થી ઓળખ કરીએ. આઇ.ડી. સાચો, ફોટો ખોટો, સરનામું ખોટું એટલે નકલી ઓળખકાર્ડથી..

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેન એમ જવાય નહિ. બધા જ બેઠા છે. આ રેકર્ડ બની રહ્યો છે. એમાં તમારું પણ નામ લખાવવાનું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આવો ખોટો દસ્તાવેજ થઇ ગયો. જેના નામે દસ્તાવેજ થયો હતો એણે ૫-૬-૭ જણાને જમીન વેચી નાખી અને આ વેચાણ રાખનાર વ્યક્તિએ આ જમીન બેન્કને ગીરવે મૂકીને ૪૦-૪૫ લાખ રૂપિયા લોન પણ ઉપાડી લીધી. આ બનાવ એટલા માટે ટાંક્યો કે અભ્યાસ માટે કામ લાગશે. ૩૦-૩૦ દિવસ સુધી મૂળ માલિકને એનો હક્ક પ્રસ્થાપિત કરવા માટે અવસર આપ્યો હોત, છતાં આ સ્થિતિ નિર્માણ થઇ હોય તો હવે આપના મારફત મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું છે કે કયાંક ખોટા કુલમુખત્યારનામાથી જમીનોના વેચાણ થાય છે. મારો અનુભવ છે. સાસરી પક્ષનો અનુભવ છે. મૂળ ખેડૂતનું ઘર છે. બાપુ સાહેબ, લખાણથી દસ્તાવેજ થાય તે તો સમજીએ પણ મૌખિક કરારના નામે ત્રણ વર્ષ કોર્ટમાં કેસ ચાલ્યો. મૌખિક કરારના નામે. આપ તો કાયદાના જાણકાર છો. ત્રણ વર્ષે મૌખિક કરારમાંથી મુક્તિ મળી. મારે એટલા માટે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, કયાં ખોટા કુલમુખત્યારનામાને આધારે વહેવારો થઇ જશે તેના નામે પાકી નોંધ પડી જશે અને જેનો પાકો હકક છે, જેની પરસેવાની કમાણી છે, જેની બાપ-દાદાની વારસાઇમાં મળેલી મિલકત છે તેને છોડાવવા માટે તે મિલકત વેચાઇ જાય એટલો ખર્ચ કરે તો પણ આ મિલકત પાછી આવશે કે કેમ તે પ્રશ્ન આ બિલથી થવાનો છે. મેં ઓળખકાર્ડનો દાખલો આપ્યો. આટલું સરકાર સચેત છે છતાં નકલી ઓળખકાર્ડથી બારોબાર જમીન વેચાણ ગઇ તેનો દાખલો ટાંકીને દીધો છે. ખેડૂતનો દીકરો છે તેને ઇમેઇલ વાંચતા આવડે અને તે કમ્પ્યુટર લઇને ફરતો થાય તો ઢેફાં કોણ તોડશે? શ્રી નીતિનભાઇ... આજ ખેડૂતનો દીકરો અભણ માણસ છે, અજ્ઞાન માણસ છે. સવારે પાંચ વાગે ઉઠી આખી રાત બાપ-દીકરો વાહો(ખેતરમાં રાત્રે ચોકી-પહેરો કરવો) કરે ત્યારે ખેતી થાય છે.

અધ્યક્ષશ્રી : આ પાણીથી શરૂ થયેલ છે. પાણી વાળવાનું આવ્યું.

ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા)વિધેયક, ૨૦૧૯

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો વાંધો છે કે, કંઇ મીઠું મીઠું બોલવું હોય તો બાપુ સાહેબ, બાપુ સાહેબ અને ઢેફાં ભાંગવા હોય તો કહે શ્રી નીતિનભાઇ. આ કયાંનો ન્યાય સાહેબ. મને રક્ષણ આપો સાહેબ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહ એનું સાક્ષી છે. આપણે નંબર વન રાજય ગુજરાતને કહીએ છીએ તેમાં કેટલાયે અંગૂઠા મારવા પડે છે અને અંગૂઠા ઓળખાવવા પડે છે. આવા ખોટા અંગૂઠાના નિશાન, ખોટી ઓળખાણથી કેટલાયે હક્ક ગુમાવ્યા છે.

અધ્યક્ષશ્રીઃ માનનીય પ્રતાપભાઇને આપણે બોલવા દઇએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે બોલવાનું છે. હા, બોલવાનું છે. આ નાનો મુદ્દો નથી. ખાલી સુધારો નાનો છે પણ અસર આ રાજયમાં ૫૪ લાખ ૪૮ હજાર ખેડૂત છે તેની જમીન અને મિલકત સલામત રહે કે કેમ તે સવાલ છે. માનનીય પૂર્ણેશભાઇને હું સાંભળતો હતો. તેનો જવાબ નથી આપવો પણ શ્રી પૂર્ણેશભાઇને કેટલા વિઘા છે તેની મને ખબર નથી.

અધ્યક્ષશ્રીઃ નહીં તો ટ્રાન્સફર કરાવી લે એમ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવું થવાનું અને ગુજરાતમાં કાયદો છે કે ખેડૂતનો દીકરો ખેતીની જમીન લઇ શકે. આવો કાયદો હોવા છતાં બિનખેડૂત જે દસ્તાવેજ કરાવી લે, જયારે તેનું વેરીફીકેશન થાય પછી પાકી નોંધ પડતી હોય છે. આજે કોઇ બિનખેડૂત માણસ ખોટા કાગળીયા રજૂ કરીને દસ્તાવેજ કરી દેશે અને તેની પાકી નોંધ પડી જશે તો તે જેટલી ઉતાવળ કરીએ છીએ તેનાથી વધુ આ જમીનોને છોડાવવા મહેનત કરવી પડશે. મારી સરકારને વિનંતી છે. બાપુ સાહેબ, આ અઢી લાખ મતદાતાઓના આશીર્વાદ લઇને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ છે. આમાંથી અમારા શીવાબાપા છે. સાહેબ, આ શ્રી શીવાબાપાને અંગ્રેજી વાંચતા ન આવડે અને ઇમેઇલ જોતાં પણ નહીં આવડતો હોય. આપના મારફત આ ગૃહનું ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત આ ગૃહનું ધ્યાન દોરવું છે કે સવા છ કરોડ ગુજરાતીઓનું નેતૃત્વ કરતું આ ગૃહ એના એક સન્માનનીય સભ્ય એક નંબરની અબડાસાનું પ્રતિનિધિત્વ કરતા માનનીય પ્રદ્યુમનસિંહ આ ગૃહમાં બેઠાં છે એને ઇ–મેલ કે એસ.એમ.એસ. તો શું ૧૩૫(ડી)ની નોટીસ મોકલો તો પણ કોઇક વાંચીને કહે ત્યારે ખબર પડશે કે ૫૦૦ એકર જમીન કોણ ક્યારે ઘસીને લઇ જશે તો બિચારાને ખબર પણ નહીં પડે. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ એસ.એમ.એસ.ની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આ એસ.એમ.એસ. મોકલ્યો અને માની લો કે એને વાંચતા આવડે છે પણ વાંચ્યો જ નહીં, ચાર દિવસ ખોલ્યો જ નહીં તો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું હજુ એના પર આવું છું. એટલા માટે માનનીય મંત્રીશ્રીને મારી નમ્રપણે વિનંતી છે કે, આ નિર્ણય છે એ આવતી કાલે મારીને તમારી ઉપાધિ વધારનારો નિર્ણય છે. માનનીય અધ્યક્ષશ્રી, હજુ આ કમ્પ્યુટરનો જમાનો, મેં અગાઉ પણ કહ્યું હતું કે, ઇલેકટ્રોનિક રેકર્ડ છે જેમ થંબ ઇમ્પ્રેશનની વાત થઇ બાપુ સાહેબ, (અંતરાય)...

અધ્યક્ષશ્રી : એસ.એમ.એસ. મોકલો અને નોટિસ પણ મોકલો એવું કાંઇક કરવા જેવું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હા, એનો પ્રશ્ન એ છે કે જેમ થંબ ઇમ્પ્રેશનનો મીસયુઝ થયો, સરકારે ક્યાંક સ્વીકાર્યું, સકારાત્મક પગલાં આજ નહીં તો કાલ ભરશે એવી અપેક્ષા રાખું છું. અહીંયાથી આપણી ગેલેરીમાં એક સિનિયર જર્નાલિસ્ટ ૩૫–૪૦ વર્ષથી અહીંનું કવર કરે છે એણે એસ.એમ.એસ. કાઢીને મને દેખાડ્યો કે મારા નામે પણ માલ ઉઠી ગયો છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલા વખતથી ઉઠતો હતો એ એણે જોયો ન હતો પણ આ પ્રશ્ન આવ્યો એટલે ચેક થયું. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આમાંથી અંગ્રેજી વાંચતા કેટલાને આવડતું હશે, કેટલાને હિન્દી માંડ સમજાતું હશે, કેટલાને સ્થાનિક માતૃભાષા ગુજરાતીમાં એસ.એમ.એસ. આપણે મોકલીશું પણ મોબાઇલ છે એની અંદર યુનિકોડ સોફ્ટવેર હોય તો જ ગુજરાતી ફોન્ટ ખુલે. યુનિકોડ ફોન્ટ, એ બધા જ મોબાઇલ યુનિકોડ ફોન્ટ સ્વીકારતા નથી. માનનીય મંત્રીશ્રી એસ.એમ.એસ. મોકલશે કે આ ફલાણા ફલાણા ગામના, ફલાણા ફલાણા માલિકની, ફલાણા સરવે નંબરની આ જમીનનું વેચાણ થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો રજિસ્ટર મોબાઇલ હશે પણ જો એ યુનિકોડ સોફ્ટવેર સાથે જોડાયેલો નહીં હોય અથવા તો એમાં વ્યવસ્થા નહીં હોય તો મારા મોબાઇલમાં નકરા મીંડા મીંડા જ આવશે, શબ્દો નથી ઓળખાતા.

અધ્યક્ષશ્રી : શબ્દો ના આવે પછી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ ગંભીર પ્રશ્ન છે એટલે મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે ખૂબ લાંબી વાત થઇ શકે અને એનાથી વધારે માનનીય બાપુ સાહેબ ૧૦૮(૫) નીચે કેટલા કેસો મામલતદારની કોર્ટમાં ચાલે છે, પ્રાન્તની કોર્ટમાં ચાલે છે, કલેકટરની કોર્ટમાં ચાલે છે, રાજય કક્ષાએ સચિવ અપિલમાં ચાલે છે, નીચલી કોર્ટો અને નામદાર હાઇકોર્ટમાં કેટલાય કેસો ચાલે છે એ શા માટે ચાલે છે? બિન અધિકૃત વ્યવહારો થયા હોય, કોઇના હક્ક છીનવાયા હોય ત્યારે જ આ રેવન્યુના કેસ વધતા જાય છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, આ ૧૩૫(ડી)ની નોટિસથી જે ૩૦ દિવસનો પિરિયડ હતો એ ૩૦ દિવસનો પિરિયડ આપ યથાવત રાખો. વધારે ઝડપ લાવવા માટે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, એમાં ઓલ્ટરનેટ તરીકે આ પણ રાખો.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, એટલા માટે કે કોઇ લેનારો માણસ એ મિલકત ખરીદે છે તો આજ લઇને કાલ વેચી નાંખવાની એવી ઉતાવળ નથી. લેનારા માણસને આજ થાય કે ૩૦ દિવસ પછી થાય કારણ કે હજુ રોકાણ કરી રહ્યો છે એનું ક્યાંક આયોજન કરશે, લેનારાને ઉતાવળ નથી પણ આપણી ઉતાવળમાં ક્યાંક વેચનારાના હક્કો ડૂબી ન જાય એની સરકારે ચિંતા કરવી પડે એમ છે એટલે ૧૩૫(ડી)ની વ્યવસ્થામાં ૩૦ દિવસનો જે આપણો સમય છે એ ચાલુ રાખીએ અને રજિસ્ટર એ.ડી.થી આવા દરેક હક્ક ધરાવતા લોકોને નોટિસ મળે. નોટિસ મળે અને કોઇ તરત જ એનું સંમતિ પત્ર આપી દે. ૩૦ દિવસના બદલે અઠવાડિયામાં આવી જાય, દસ દિવસમાં આવી જાય, પંદર દિવસમાં આવી જાય, તો ત્રીસ દિવસની મર્યાદા છે, જો સંમતિ પત્રકો, ટાઇટલ ક્લીયર આવ્યા હોય તો તરત પણ થઇ શકે અને જેમ આપણે કહ્યું કે મૂળ માલિક વેચવા આવ્યા છે તો એવી વ્યવસ્થા કરોને જે આવે છે એ લોકોની ખરાઇ કરીને ત્યાં પણ એને, એને એ જ દિવસે ૧૩૫(ડી)ની નોટીસ છે રૂબરૂ પણ તમે આપી શકો. ખરીદનાર માણસને આપો તમે રૂબરૂ બજાવીને લઇને આવો, પત્રથી પણ મોકલો આવું પણ થઇ શકે. તો આનાથી પારદર્શકતા પણ વધશે અને જે મિલકતની પાછળ આપણે મોંઘા સ્ટેમ્પનું ભારણ લઇએ, રજીસ્ટ્રેશન ફી વસૂલ કરીએ, એ સરકાર ઉપરનો ભરોસો છે કે સરકારને હું સ્ટેમ્પ ડ્યૂટી દઇશ, રજીસ્ટ્રેશનનો ખર્ચો દઇશ એટલે મારી મિલકત સલામત થશે. દરેક માણસ એની મિલકત માટે સરકાર માઇ–બાપ છે ત્યારે, એનો ભરોસો જળવાઇ રહે એવું પગલું સરકારે ભરવું એ ખૂબ જરૂરી છે અને એટલે મારી વિનંતી કરવી છે કે, વધુ ઝડપ કરવા માટે આપણે રૂબરૂ આપીએ, પત્રથી પણ મોકલીએ એટલે ઓલું ચાચૈયવાળું થયું એવા કદાચ ખોટા આઇ.ડી. આવી ગયા હોય તો પણ ખબર પડી જાય એસ.એમ.એસ. પણ મોકલીએ, ઇ–મેઇલ પણ મોકલીએ, અત્યારે એક જ મુદ્દો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપની વાત ઉપર ખૂબ ગંભીર છે અને આખું મંત્રીમંડળ એ બાબતમાં ચર્ચા કરી રહ્યું છે અને ગંભીરતાથી જ લે છે. જવાબમાં આપણને આપે છે. સમય પણ બચે. માનનીય પરેશભાઇ,

શ્રી પરેશ ધાનાણી: એટલા માટે આપે જે ઇ–મેઇલની વાત કરી છે સરકારે, એસ.એમ.એસ.ની વાત કરી. અત્યારે મોબાઇલ હેક થાય છે સોફ્ટવેર આવી ગયા છે મારા કમ્પ્યુટરમાંથી શ્રી નીતિનભાઇના નંબરનો કોલર આઇ.ડી. મોકલીને શ્રી ભુપેન્દ્રસિંહજીને મેસેજ મોકલી શકું.

અધ્યક્ષશ્રી : એવું થઇ શકે.

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, આવું થઇ શકે છે. તો આ ઇલેક્ટ્રોનિક યુગની અંદર ઝડપ વધારવા આપણે એનો ઉપયોગ કરીએ પણ કોઇના હક્ક ડૂબે એના માટે થઇને આવી વ્યવસ્થા જો ઉભી થશે તો કાલ મને અને તમને ગુજરાતમાં પરસેવાની કમાણીએ જે માણસે પોતાની મરણ મૂડી સમાન મિલકત ખરીદ કરી છેને, એ..

અધ્યક્ષશ્રી : આપનો મુદ્દો આવી ગયો છે માનનીય પરેશભાઇ,

શ્રી પરેશ ધાનાણી: માફ નહિ કરે એટલે મારી બે હાથ જોડીને વિનંતી છે કે રાજ્યના બહોળા હિતમાં વિનંતી છે કે આ બિલને મુલતવી રાખવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યોએ ખૂબ...

અધ્યક્ષશ્રી : જવાબ આપે છે આનાથી વધારે મુદ્દો શું હોઇ શકે? મુદ્દો બહુ નાનો છે. શ્રી પ્રતાપભાઇ ચાલશે, સી ધ ટાઇમ, સી ધ ટાઇમ, પ્લીઝ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યોએ ખૂબ સૂચનો કર્યા છે, સરકારનો ઉદ્દેશ હક્ક સાચવવાનો છે, હક્ક ડૂબાડવાનો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આજે છેલ્લો દિવસ છે અને પેલા ખૂબ આગ્રહ કરે છે જૂઓ તો ખરા.. શ્રી પ્રતાપભાઇ ખૂબ ટૂંકમાં કહી દો. એક જ મિનિટમાં, અરધી મિનિટમાં,

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકું અને ટચ, મારા બાપાની જમીનમાં દસ્તાવેજ કર્યા પછી વળતે દી લોન ઉપડી ગઇ, ૧૩૫(ડી)ની નોટીસ તો આવી, કેટલામાં દિવસે આવી? ત્રીસમે દહાડે, મારા ખુદના ઘરનો બનાવ કહુ છું. (અંતરાય) અરે ભાઇ ઉપડી, શ્રી વિરજીભાઇ, આપું તમને દાખલો.

અધ્યક્ષશ્રી : એમનો પોતાનો જ કિસ્સો કહે છે પછી તમે કેમ માનતા નથી? થાય છે, થાય છે.

શ્રી પ્રતાપ દૂધાત : નહિ, મારો પોતાનો કિસ્સો છે, મારી પોતાની લોન લીધી છે, પૂરાવા સાથે આપું,

અધ્યક્ષશ્રી : એ કાગળ બતાવજો.

શ્રી પ્રતાપ દૂધાત : બીજું સાહેબ, એ.ટી.એમ. કાર્ડમાં પણ સરકારશ્રીએ ઝીરો બેલેન્સથી બેન્કોમાં ખાતા ખોલાવ્યા, અભણ લોકોને એ.ટી.એમ.ની અંદર સીધું બેન્કમાંથી બોલું છું. સીધો નંબર માગી લે અને ડાયરેકટ એ.ટી.એમ.માંથી પૈસા ઉપડે આવા કિસ્સા આપણી પાસે આવે છે.

અધ્યક્ષશ્રી : આ બધું થાય છે. સાચી વાત છે. એ વાત સાચી છે. આપણી ગંભીરતા આ બાબતમાં છે. માનનીય મંત્રીશ્રી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળદેવજી, શ્રી પુર્ણેશભાઇ, વિપક્ષના નેતા શ્રી પરેશભાઇ, શ્રી પ્રતાપભાઇ, બધા મિત્રોએ અનુભવના આધારે અને એકદમ સચોટ કહી શકાય, કન્વીન્સીંગ, ભયસ્થાનો સાથે જે સૂચનો કર્યા છે, મેં કહ્યું એમ રાજ્ય સરકારનો હેતુ આ સગવડતા ઉભી કરીને પારદર્શક વહીવટ કરવાનો છે અને સમય બચાવવાનો છે, બન્ને છે. પણ એની સાથે સાથે કોઇનો પણ હક્ક, આ રાજ્યના એક વ્યક્તિના હક્કને પણ નુકસાન થાય એવું ન થાય. તેવું ના થાય એટલા માટે ૩૦ દિવસની જે લેખિત નોટિસ છે તે વ્યવસ્થા પણ અમે ચાલુ રાખીશું અને હજુ નવી વ્યવસ્થા છે આજે નહીં તો કાલે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ તો આપણે કરવા સિવાય છૂટકો છે જ નહીં. મેં શ્રી નીતિનભાઇ સાથે ચર્ચા કરી છે કે બિલકુલ જાહેરનામું બહાર પડે એ પહેલાં અમે પુખ્ત વિચારણાને અંતે આ બધાના પ્રવચનોની હું કોપી કરાવી હું, મુખ્યમંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇ સાથે બેસીશું અને અધિકારીઓ સાથે બેસીને પછી તેનો અમલ શરૂ કરીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયકનું બીજુ વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક સર્વાનુમતે પસાર કરવા બદલ ગૃહનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

## સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંકઃ ૨૨
## ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક, ૨૦૧૯
## ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી રણછોડભાઇ ચ. ફળદુ (કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૨ સન–૨૦૧૯ના ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકને દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી રણછોડભાઇ ચ.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૯ના વિધેયક ક્રમાંક–૨૨ સન–૨૦૧૯ના ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રણછોડભાઇ ચ.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ ૨૦૧૯ બિલ સંદર્ભે હું આપશ્રીની અનુમતિથી ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ યુનિવર્સિટી અધિનિયમ–૨૦૦૪માં વર્ષ ૨૦૧૪ની અંદર સુધારો આવ્યો અને હવે વર્ષ ૨૦૧૯માં કેટલાક સુધારા લઇ અને હું આપની અનુમતિથી ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અંદર આપણે જે આ ચાર કૃષિ યુનિવર્સિટીઓ કાર્યરત છે. સરદાર કૃષિનગર દાંતીવાડા ખાતે કૃષિ યુનિવર્સિટી છે અને એ રીતે નવસારી ખાતે આપણી કૃષિ યુનિવર્સિટી આવેલી છે, આણંદ ખાતે કૃષિ યુનિવર્સિટી આવેલી છે અને જૂનાગઢ ખાતે આવેલી છે.

---

* વિધેયક તા. ૨૨મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા.૨૬મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ આ ત્રણ સ્થંભ ઉપર આપણી કૃષિ યુનિવર્સિટીઓ શૈક્ષણિક કાર્ય રહી છે, સંશોધનનું કાર્ય કરી રહી છે અને વિસ્તરણ ક્ષેત્રમાં પણ કામ કરી રહી છે. શૈક્ષણિક રીતે આપણી જે કામગીરી ચાલી રહી છે. અને એમાં આપણી કૉલેજોની અંદર ૨૪ જેટલા અલગ-અલગ સિલેબસ સાથે આપણા વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. હું આજે જે સુધારા લઇને આવ્યો છું એમાં હવે આ બિલ એ ૨૦૧૯નું બિલ કહેવાશે. આ બિલ લાવવા પાછળનો મારો હેતુ એટલો જ છે કે ગુજરાત રાજ્યમાં કેટલીક ડિમ્ડ યુનિવર્સિટીઓને માન્યતા મળેલી છે. આ ડિમ્ડ યુનિવર્સિટીઓ એજ્યુકેશનના જે કોર્સ ચલાવે છે એમણે અર્થઘટન એવું કર્યું છે કે એગ્રીકલ્ચરના કોર્સીસ પણ એ ચલાવી શકે. એગ્રીકલ્ચરના કોર્સ માટે કોઇ ડિમ્ડ યુનિવર્સિટીએ અભ્યાસક્રમ ચલાવવો હોય તો કૃષિ યુનિવર્સિટી સાથે એફિલેશન પ્રાપ્ત કરવું પડે અને બીજું આઇ.સી.આર.ના લઘુત્તમ નોર્મ્સનું પાલન કરવું પડે. અહીંયા ગુજરાતની અંદર એવી કેટલીક ડિમ્ડ યુનિવર્સિટીઓ છે જેમણે કૃષિલક્ષી એજ્યુકેશનની શરૂઆત કરી હતી. અવારનવાર રાજ્ય સરકાર દ્વારા એમને જાણ કરવામાં આવી કે આ પ્રકારના અભ્યાસક્રમો તમે ન શરૂ કરી શકો. કારણ કે, તમારું એફિલેશન નથી અને આઇ.સી.આર.ના નોર્મ્સનું પાલન પણ થતું નથી. એવા સંજોગોમાં કોઇ પણ ખાનગી યુનિવર્સિટીએ કૃષિલક્ષી અભ્યાસક્રમ શરૂ કરવા હોય ત્યારે એમને કૃષિ યુનિવર્સિટી સાથે એફિલેશન કરી એમની પરવાનગી લેવી પડે. આ એક સ્પષ્ટતા કરવી જરૂરી હતી. આવનારા દિવસોમાં હવે જ્યારે કૃષિલક્ષી એજ્યુકેશનમાં લોકો આગળ વધતા જાય છે એ સંજોગોમાં આ બિલ પણ જરૂરી હતું. એવી બીજી બાબત એ છે કે યુનિવર્સિટીની અંદર વી.સી.ની નિમણૂક કરવાની છે. આજ દિવસ સુધી આપણી રાજ્ય સરકારના અનુદાનથી આ ચારે યુનિવર્સિટીઓ ચાલે છે. વર્ષે લગભગ ૭૦૦ – ૮૦૦ કરોડ રૂપિયા અનુદાન આપીએ છીએ અને એના દ્વારા આપણી સંસ્થામાં વિસ્તરણનું કામ હોય, એજ્યુકેશનનું કામ હોય, રીસર્ચનું કામ હોય એ ચાલે છે. વર્ષ ૨૦૦૪ના કાયદા વી.સી.ની નિમણૂકની અત્યાર સુધી જે વ્યવસ્થા હતી એમાં એક તો નિયામક મંડળ છે એમાંથી એક વ્યક્તિની નિમણૂક થતી હતી. ચાર કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ભેગા મળી અને એક વ્યક્તિની નિમણૂક કરતા હતા અને એજ રીતે કુલાધિપતિ દ્વારા એક વ્યક્તિની નિમણૂક કરવામાં આવતી હતી અને એક વ્યક્તિ આઇ.સી.આર. દ્વારા નિયુક્ત પ્રતિનિધિ તરીકે આવે. એમ ચાર પ્રતિનિધિની સર્ચ કમિટી બનતી હતી અને આ ચાર વ્યક્તિની સર્ચ કમિટી જે બને છે એના પ્રમુખ તરીકે કુલાધિપતિ એક વ્યક્તિનું નામ પસંદ કરે છે અને આ રીતે સર્ચ કમિટી એ કુલપતિના નામની યાદી તૈયાર કરે અને એ યાદી તૈયાર કરી કુલાધિપતિના માધ્યમથી સરકાર સુધી એમની દરખાસ્ત આવતી હોય છે અને ૧૦૦ ટકા રાજ્ય અનુદાનિત સંસ્થા હોવાના કારણે રાજ્ય સરકારને વ્યક્તિઓનું લિસ્ટ આવે ત્યારે ખબર પડતી હતી. અત્યાર સુધી એ સર્ચ કમિટી જે વ્યક્તિઓના નામ પસંદ કરે છે એની કોઇ પણ પ્રકારની રાજ્ય સરકારને ખબર નહોતી કારણ કે, આ કાયદામાં જે પ્રકારની વ્યવસ્થા હતી એ પ્રમાણે સર્ચ કમિટી વી.સી. માટેના પ્રતિનિધિઓની પેનલ તૈયાર કરતી હતી. હવે હું જે સુધારો લઇને આવ્યો છું એમાં રાજ્ય સરકારનો વોઇસ રહે કારણ કે રાજ્ય સરકારની આ સંસ્થાની અને એ કૃષિ ક્ષેત્રને લગતી સંસ્થા હોવાના કારણે રાજ્યમાં કૃષિ જીવનમાં એક ઘટના બનતી હોય છે ત્યારે કૃષિ ક્ષેત્રમાં કૃષિ વૈજ્ઞાનિકોની પણ આવશ્યકતા રહેતી હોય છે. આ રાજ્યમાં કૃષિ જીવન ઉપર લાલ ઇયળનો પ્રશ્ન આવ્યો હતો. એ જ રીતે થોડા સમય પહેલાં વોર્મ એટલે કે લશ્કરી ઇયળનો જે પ્રશ્ન આવ્યો હતો. આ લશ્કરી ઇયર અમેરિકામાંથી ગુજરાતમાં આવેલ હતી. આ મકાઇના ડોડા આવે છે એમાંથી ઇયર આવી ગઇ અને એનો એટલો બધો ફેલાવો થઇ ગયો કે આપણા આદિવાસીભાઇઓ પૂર્વ પટ્ટીમા વસે છે એનો મુખ્ય ધંધો મકાનઇ વાવવાનો છે. જો આ મકાઇ પર પડે તો કન્ટ્રોલ કરવામાં મુશ્કેલી પડે. આ જ રીતે એક વખત તીડનો પ્રભાવ ગુજરાતમાં વધ્યો હતો એમ આ લશ્કરી ઇયરનું પ્રમાણ વધી જાત તો એને કન્ટ્રોલ કરવું અઘરું થઇ જાય એવા સંજોગોમાં રાજ્ય સરકારની કૃષિ યુનિવર્સિટીઓ હોય અને ત્યાં વૈજ્ઞાનિક આલમ પડેલી છે એની આપણને સમયસર મદદ મળી રહે તો આ સમય પહેલા આ પ્રકારના રોગ છે એને કન્ટ્રોલ કરી શકીએ. એટલા માટે મેં જે પ્રમાણે કહ્યું એ રીતે એક તો શિક્ષણના સંદર્ભમાં ડિમ્ડ યુનિવર્સિટીઓ અને રાજયની કૃષિ યુનિવર્સિટી સાથે જોડાણ જોઇતું હોય તો આ વિધેયક દ્વારા સુધારો કરીને એને એક્રેડીશન આપી શકીએ અને એ રીતે વી.સી.ની નિમણૂંક માટે જે સર્ચ કમિટીની રચના કરવામાં આવે છે એની અંદર બે પ્રતિનિધિ મૂકવાની વાત આવે છે એ પ્રતિનિધિ મૂકવાના સંદર્ભમાં પણ હું સુધારો લઇને આવ્યો છું. એ પ્રમાણે સરકાર પોતાના પ્રતિનિધિ બે મૂકશે અને એ જ રીતે એક પ્રતિનિધિ આઇ.સી.આર.ના હશે. આમ, ત્રણ સરકારના બનશે એમ ચાર પ્રતિનિધિની સર્ચ કમિટી બનશે એ વી.સી.ની પેનલ તૈયાર કરશે. વી.સી. ની પેનલ તૈયાર કર્યા પછી કુલાધિપતિને મોકલશે અને એ પછી સરકારને મોકલશે. આ પ્રકારનો એક સુધારો છે. એ જ રીતે કુલપતિની ઉંમર અને કુલપતિના પગાર ભથ્થાં આ એક સુધારો લઇને આવ્યા છીએ. કુલપતિની ઉંમર અત્યાર સુધીમાં ૭૦ વર્ષની હોવી જોઇએ એક પ્રકારની જોગવાઇ હતી. હવે આ નવા સુધારામાં જે દિવસે કુલપતિની નિમણૂક કરવામાં આવશે એ તારીખે એમની ઉંમર ૬૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ એ પ્રકારનો સુધારો આમાં આવ્યો છે. એ જ રીતે કુલપતિની નિમણૂક જયારે કરતાં હોય છે ત્યારે આ જ ક્ષેત્રના નિવૃત અધિકારી હોય છે અને નિવૃત અધિકારી હોવાને કારણે એ પેન્શનર હોય છે અને પેન્શનર હોવાના કારણે એને પગાર આપવાના સંદર્ભમાં હવે આ કલમથી આવનારા દિવસોમાં જે જોગવાઇ લઇને અમે આવ્યા છીએ એ પ્રમાણે એ સુધારા પ્રમાણે એના પગાર ભથ્થાં નક્કી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલપતિની સત્તાઓના સંદર્ભમાં પણ સંચાલક મંડળ અને એકેડેમીક કાઉન્સિલ દ્વારા કોઇ નિર્ણય કરવામાં આવ્યો હોય અને એ નિર્ણયની સાથે કુલપતિ સહમત ન હોય એ સંદર્ભમાં કુલપતિ છે એ કુલાધિપતિને આ આખું પ્રકરણ મોકલતા હોય છે. અત્યાર સુધીનો અનુભવ એવો છે કે કુલાધિપતિ છે એ રાજય સરકારના પરામર્શમાં આખીયે

મેટર છે એ રાજય સરકારને મોકલતા હતા અને રાજય સરકાર છે એમનો વ્યુહ નક્કી કરીને કુલાધિપતિને મોકલતા હતા. ત્યારપછી નિર્ણય કરતા હતા. આના સંદર્ભમાં હું જે સુધારો લઇને આવ્યો છું એ કોઇપણ બાબતમાં નિયામક મંડળે કોઇ નિર્ણય લીધો હોય તો એ નિર્ણયના સંદર્ભમાં જયારે કુલપતિ સંમત નથી તેવા સંજોગોમાં એ આખીયે મેટર છે એ રાજય સરકારને મોકલશે અને રાજય સરકાર નિર્ણય કરીને કુલાધિપતિના માધ્યમથી એનું અમલીકરણ કરાવશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે સંચાલક મંડળમાં આઠ સભ્યો મૂકવાના હોય છે એમાં માત્ર એટલો જ સુધારો કરીએ છીએ કે એમાં આત્માના એક પ્રતિનિધિને મૂકવાની વાત છે. આ પ્રકારના સુધારા આ બિલમાં હું લઇને આવ્યો છું. હું આ સભાગૃહના સૌ સન્માનનીય સભ્યોને વિનંતી કરું કે રાજય સરકાર દ્વારા આ ચારેય કૃષિ યુનિવર્સિટીઓ ચલાવવામાં આવે છે આજ દિવસ સુધી આપણે એના વહીવટમાં કયાંય કોઇ પ્રકારની દખલ નથી કરી પરંતુ સંજોગો કયારેક કયારેક એવા ઉભા થતા હોય સંચાલક મંડળમાં સરકારી કાર્યરીતિથી અવગત હોય તેવા અધિકારીઓની આમાં નિમણૂંક કરવાનો પ્રશ્ન આવે છે ત્યારે ઘણી વખત ડિસ્પ્યુટ ઉભા થતાં હોય છે અને એ જ રીતે અનિયમિતતા સંબધે સરકાર સુધી ફરિયાદો અને રજૂઆતો પણ મળતી હોય છે. આવી અનિયમિતતાઓ અને ફરિયાદના સંદર્ભમાં એની રજૂઆતોના નિવારણ માટે પણ હવે રાજય સરકારનો વોઇસ આમાં આવવો અત્યંત જરૂરી લાગે છે. એટલે કેટલાક વહીવટની સંદર્ભમાં ઓડિટના પારા આવ્યા છે. જેના બાબતમાં પણ રાજય સરકારે ગંભીરતાથી લેવી પડે તેવી સ્થિતિ ઉભી થવાના કારણે આ હું સુધારો લઇને સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારા સુધારાને મંજૂરી આપે તેવી સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રીઃ માનનીય દંડકશ્રી આપ બન્ને દંડકશ્રીઓની અનુમતિથી આ બિલ પર બન્ને બાજુથી એક એક સભ્યશ્રી બોલશે. મારે રેકર્ડ એટલો મોટો કરવો છે કે કોઇ તોડે જ નહીં.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી કૃષિ યુનિવર્સિટીના સુધારા માટેનું વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

કૃષિ યુનિવર્સિટી એ બહુ મહત્વની યુનિવર્સિટી છે. ખૃડૂતો માટેના સંશોધનના અનેક કામો થાય છે. વિસ્તારથી જૂનાગઢ સાથે જોડાયેલ છું, જૂનાગઢની કૃષિ યુનિવર્સિટી અને અમરેલીના કેન્દ્રએ ગુજરાતમાં તલના ઉત્પાદન કરી અને સારાયે ગુજરાતમાં વધુમાં વધુ સારું ઉત્પાદન કરતું બિયારણ પણ આપ્યું છે. આ યુનિવર્સિટી ખેડૂતોના ઉત્પાદનમાં વધારો કરવા માટેનું સરસ મજાનું કામ કરી રહી છે તે વખતની સરકારની કલ્પના સાથે જૂનાગઢ, દાંતીવાડા, આણંદ અને નવસારી કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના થઇ છે.

માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે તેમાં હું સંમતિ દર્શાવું છું. રાજય સરકારની સંમતિ વગર વાઇસ ચાન્સેલરની નિમણૂંક થાય તેમાં સરકારનો જરૂર હિસ્સો હોઇ શકે. પરંતુ આઇ.સી.આર. જેવું એક તંત્ર આ જે દિલ્હીમાંથી ચાલતું તંત્ર એ આઇ.સી.આર.માં પાર્લામેન્ટ જે સભ્યો છે તેમાંથી બે સભ્યોની તેમાં નિમણૂક થતી હોય છે. અહીંયાં પણ યુનિવર્સિટીઓ ચાલે છે સરકારને સીધો કંટ્રોલ રાખવો હોય તો આપણી આ યુનિવર્સિટીઓમાં ધારાસભ્યશ્રીઓને પણ નિમણૂંક આપીએ છીએ. આપણી કૃષિ યુનિવર્સિટીમાં કયારેય ધારાસભ્યોની નિમણૂંક થતી નથી. સરકારનો કંટ્રોલ રાખવા માટે કોઇ પણ વાજબી કારણ હોય તો તેમાં સંમતિ આપું છું. પરંતુ આ વિધાનસભાના સભ્યો જે ખેડૂતો સાથે સંકળાયેલા છે એની કૃષિ માટે સતત ચિંતા કરે છે એના ઉત્પાદન વધારવા માટે ચિંતા કરે છે એ માટે સૂચન રજૂ કરું છું કે સરકારનો કંટ્રોલ રાખવા માટે બે ધારાસભ્યને આપણે યુનિવર્સિટીમાં પણ નિમણૂક આપીએ છીએ એમ આમાં પણ આપવી જોઇએ. સેનેટમાં એમના નાના–મોટા હમણાં માનનીય મંત્રીશ્રી વાત કર તા હતા કે એવો રોગ આવ્યો કે જેના કારણે તાત્કાલિક અસરથી એમને દખલગીરી કરવી પડી. કૃષિ તંત્ર છે આપણે એને પૈસા આપીએ છીએ. આપણા ફંડથી ચાલતી આ યુનિવર્સિટીઓ છે. ત્યારે એફીલેશન બહુ જરૂરી છે. રાજય સરકારના આ સુધારાની સાથે કૃષિ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની નિમણૂંક કરવા માટેની જે બત્તી લઇને આવ્યા છે તેમાં વિશેષ નથી કહેવું પણ એમણે ૬૫ વર્ષની ઉંમર કરી છે એ બહુ સારી વાત છે. પણ આ ૬૫ વર્ષની નિમણૂંક કર્યા પછી એમનો કાર્યકાળ કેટલો રહેશે એ આમાં ચોખવટ થતી નથી. મોટા ભાગે એનો ત્રણ વર્ષથી વધારે કાર્યકાળ ન રાખવામાં આવે. અત્યાર સુધીના આપણે ત્યાં નિવૃત અધિકારીઓ પસંદ થયા છે એવું અમારે ત્યાં જૂનાગઢમાં તો બન્યું છે. બીજી બધી આપણી યુનિવર્સિટીઓ છે દાંતીવાડા, આણંદ અને નવસારી. આણંદ તો બહુ મહત્ત્વની આપણી યુનિવર્સિટી છે. દાંતીવાડા અને નવસારીમાં પણ સંશોધનનું ભારે મોટું સંશોધન કેન્દ્ર ચાલે છે આપણું એના માટેનું બહુ મોટું સંશોધન કેન્દ્ર સાણંદમાં જે આણંદ યુનિવર્સિટીની સંલગ્ન ચાલતું હતું અને એશિયાનું સારામાં સારું સંશોધન ચોખાનું આપણે કરી ચૂકયા છીએ. ત્યારે મારે મંત્રીશ્રીને એ પણ વિનંતી કરવી છે કે આ યુનિવર્સિટીનો ભૂતકાળ ઘણો બધો સારો છે. આ યુનિવર્સિટીમાં જે તે વખતે ઘણી બધી જમીન એકવાયર કરી અને આત્મા પ્રોજેકટ જયારે આવ્યો ત્યારે વર્ષ ૨૦૦૫માં તે વખતના કૃષિ મંત્રી આ આત્મા પ્રોજેકટ લાવેલા અને આત્મા પ્રોજેકટના જે સેમીનારો થાય છે અને કાર્યક્રમો થાય છે અને એ કાર્યક્રમો કરવા માટે તે વખતે મહત્ત્વ મળ્યું હતું અને એ મહત્ત્વ મળ્યું છે ત્યારે આ આપણી હકુમત સરકારની હોવી જોઇએ તે બાબતમાં સંમતિ પણ આપું છું. પરંતુ વી. સી.ની સાથે સાથે આપણે જે ત્રણ સભ્યો નીમીએ છીએ એ ત્રણ સભ્યોની સાથે કદાચ વધારવાના થાય તો બે સભ્યો અને એક સભ્યો નીમીએ છીએ તેમાં વધારાના બે સભ્યો નીમીને જે વિસ્તાર લાગુ પડતો હોય દા. ત. જૂનાગઢ

વિસ્તાર લાગુ પડતો હોય તો સૌરાષ્ટ્રના ધારાસભ્યો, દાંતીવાડા લાગુ પડતો હોય તો એ વિસ્તારના ધારાસભ્યો અને આણંદ કે પછી નવસારી લાગુ પડતો હોય તો એ વિસ્તારના ધારાસભ્યનો પણ આમાં સમાવેશ કરવા માટેની સરકારે જોગવાઇ કરવી જોઇએ એવી લાગણી સાથે તમે આ જે બિલ લઇને આવ્યા છો એ બિલમાં મારા સૂચનો રજૂ કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૨૨, સન ૨૦૧૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટી સુધારા વિધેયક માનનીય કૃષિ મંત્રીશ્રી લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. મારે વિશેષ વાત નથી કરવી પરંતુ થોડા મુદ્દાઓ એટલા માટે કહેવા છે કે સન ૧૯૬૯માં ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમથી સરદાર કૃષિનગરને મુખ્ય મથક રાખીને તે વખતે કેમ્પસો જાહેર કરેલા, એ આણંદ હોય, જૂનાગઢ હોય, મારું નવસારી હોય કે દાંતીવાડા હોય, આ ચાર કેમ્પસોની રચના થયેલી અને એને કેમ્પસ ડાયરેક્ટર તરીકે તે વખતે ચાલતા આવેલા. આ સુધારા વર્ષ ૨૦૧૪માં પણ આવ્યા અને વર્ષ ૨૦૧૯માં પણ આવ્યા, તેનો મુળ જો કોઇ હેતુ હોય તો વર્ષ ૨૦૦૪માં ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ અમલમાં આવ્યો અને એ અમલમાં આવ્યો એટલે આ સુધારા આવ્યા છે. મારે અભિનંદન આપવા છે, ફરી પાછા શ્રી બળદેવજી કહેશે, પરંતુ ભવિષ્યની પેઢીને પણ જે કંઇ સારા કામો થાય એ યાદ રાખવા માટે આ જરૂરી છે. અને એટલા માટે હું કહું છું કે વર્ષ ૧૯૬૯ પછી ૩૫ વર્ષ પછી કોઇ લાંબો ફેરફાર થયો હોય અને કૃષિ યુનિવર્સિટીની જો સ્થાપના થઇ હોય તો તેનો જશ ભારતીય જનતા પાર્ટીના તે વખતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇને જાય છે. એટલા માટે કે તે વખતે કેમ્પસો હતા તેમાં તે વખતે ફકત કૃષિ શિક્ષણ જ હતું. પરંતુ આ યુનિવર્સિટી થઇ અને તેને કારણે સંશોધન અને વિસ્તારનું કાર્ય થયું છે અને તેને લીધે આ ચારે ચાર યુનિવર્સિટી છૂટી પડી, આજે હું તમને દાખલો આપું મારા નવસારીનો, એમાં જે સંશોધનો થાય છે એ સંશોધનો કહું તમને, આ સંશોધનોના વિસ્તારથી ગુજરાતના ખેડૂતોને સુખી અને સમૃદ્ધ બનાવે અને વૈજ્ઞાનિક રીતે ખેતી થાય તેના માટે આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ વર્ષ ૨૦૦૪માં આ અધિનિયમ લાવ્યા હતા. આ કૃષિ યુનિવર્સિટીઓની જો હું વાત કરું અને આપણે બધા જ વાતો કરીએ છીએ, પરંતુ કૃષિ વિકાસ દર વર્ષ ૨૦૧૭–૧૮ની અંદર ૧૨ ટકા આજે છે અને સતત ૧૦ વર્ષથી દસ ટકાની ઉપર થયો છે. એનું જો કોઇ કારણ હોય તો આ કૃષિ યુનિવર્સિટીનું સંશોધન છે. વૈજ્ઞાનિક ઢબ છે. હું એટલા માટે એક દાખલો આપું કે કૃષિ નિષ્ણાતો, ખાસ કરીને સ્પીકર અશોક દુરાની હોય, આઇ. આઇ. એમ.ના અમદાવાદના દત્તા હોય કે ધોળકીયા હોય કે સમૃદ્ધ વૈજ્ઞાનિક સ્વામિનાથન હોય એમણે વખતો વખત ગુજરાતે જે  રાહ બતાવ્યો છે તેને હંમેશા અનુમોદન આપ્યું છે. હું એટલા માટે વાત કરું છું કે આનું જો કોઇ મુખ્ય કારણ હોય તો એ કૃષિ મહોત્સવ પણ છે એમ કહું તો ખોટું નથી. હું છેલ્લે એક વાત કરી દઉં કે મારી જે કૃષિ યુનિવર્સિટી છે એમાં જે સંશોધન થયું છે એ બધાના ધ્યાન ઉપર આવે તે માટે મારે વાત કરવી છે. જે કેળાના પાન છે આપણે બધા જાણીએ છીએ એ કેળાના થડની અંદર પ્રવાહી હોય છે, અત્યારે આ વર્ષે એમાં વીસ ટકા જે પાણી છે એને કાઢીને એમાં બેકટેરીયા ઉમેર્યા અને ઓર્ગેનીક લીકવીડ ફર્ટીલાઇઝરની પેટર્ન બનાવી છે અને સમગ્ર ૧૫ દેશોએ આ પેટર્ન સ્વીકારી છે અને એને લીધે જે આવક થઇ છે એ આ પહેલીવાર ગુજરાતમાં બન્યું છે. એ જ રીતે કેળામાં જે થડ છે એમાં કોળું, શાક આપણા આદિવાસી ભાઇઓથી માંડીને બધા જ ખાય છે એમાંથી કેન્ડી ચોકલેટ બનાવી છે. અને જે ન્યુટ્રીશીયેસનનો પ્રોબ્લેમ છે એ પણ લગભગ મહદ અંશે સોલ્વ થશે એવું વૈજ્ઞાનિકો કહે છે. એ વૈજ્ઞાનિકો કહે છે. એટલે આ સંશોધન યુનિવર્સિટી થઇ તો થયું છે. એટલે આપણે આ સુધારા લાવી શક્યા છીએ. આપણે નવી વિધાનસભામાં ચોકલેટ લઇ આવીશું. મારે છેલ્લે આપની વિનંતીને માન આપીને છેલ્લા સુધારા જે છે છએ કલમના, તેમાં એક–બે કલમની હું વાત કરવા માગું છું. શ્રી વિરજીભાઇએ ૭૦ વર્ષની નિમણૂકની જે વાત કરી. આ કલમમાં માનનીય કૃષિ મંત્રીએ બહુ સ્પષ્ટ લખ્યું છે કે નિમણૂકની તારીખે ૬૫ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી નિમણૂક પામેલ વ્યક્તિ હોદ્દો ધારણ કર્યાની તારીખથી પાંચ વર્ષની પોતાની સેવાઓ પૂર્ણ કરી શકશે. પહેલાં એવું હતું કે વાઇસ ચાન્સેલર તમે બનાવો. તો એ ૬૯ વર્ષની ઉંમરે પણ થતાં કે એક જ વર્ષ મળતું. ૭૦ વર્ષની ઉંમર હતી એટલે. પરંતુ આ વખતે પાંચ વર્ષનો પૂરો સમય મળવાનો છે. એ કોઇ પણ ફેકલ્ટીનો ડીન હોય, વૈજ્ઞાનિક હોય તો તેને પોતાના સંશોધન માટેનો સમય મળે અને પૂરા પાંચ વર્ષ મળે. એટલે આ બિલની અંદર આ કલમમાં સારી રીતે જોગવાઇ કરી છે. છેલ્લે મારે આ જે ખાનગી યુનિવર્સિટીઓની વાત છે. તેની અંદર ધારો કે મેં જોયું છે કે રોયલ યુનિવર્સિટી હોય, પારૂલ હોય, વખતોવખત તેમણે આ વિષયો માટેની વાત કરી છે. કોઇ બી.એસ.સી. એગ્રીકલ્ચર થાય, તો તેને એમ.એસ.સી. એગ્રીકલ્ચરનો કોર્સ એ ખાનગી યુનિવર્સિટીએ ખોલવા હોય તો પરમિશન માટે આપણી પાસે પૂછવાની વાત નથી. એ હાઇકોર્ટમાં ગયા. ૧૧–૧૧ વખત પીટીશન કરી અને સરકારની તરફેણમાં ચૂકાદો આવ્યો છે. એટલે એમણે જે વાત કરી છે કે કૃષિ સહકાર વિભાગને ડાયરેક્ટ જો પૂછો અને એ જો સંમતિ આપે અને એ પછી જોઇએ તો યુનિવર્સિટીને પૂછે. એટલે આ સુધારો પણ ખૂબ સારી રીતે આવ્યો છે. ખૂબ ઉપયોગી સુધારો છે. આ બિલને ટેકો આપું છું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત કૃષિ યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને આવ્યા છે તેના અનુસંધાનમાં મારા વિચારો વ્યક્ત કરું છું. આજે જે વિધેયકો પસાર થયા અને આ જે વિધેયક પસાર થઇ રહ્યું છે. તેના અનુસંધાને માનનીય મંત્રીશ્રીઓએ જે વાત કરી. સાથી સભ્યશ્રીઓએ જે વાત કરી તે સાંભળીને થોડા કન્ફયુઝ છીએ. માનનીય ભૂપેન્દ્રસિંહજી બહાર ગયા, એક કલાક પહેલાં તેમણે ગૃહને બહુ સારી રીતે સમજાવ્યું કે ખાનગી યુનિવર્સિટીઓ આવે અને હરિફાઇ થાય તો વિદ્યાર્થીઓને ખૂબ મોટો ફાયદો થશે. સાથી ધારાસભ્યશ્રીઓએ મેજ થપથપાવીને વધાવી લીધા અને ઠરાવ પસાર પણ કરી દીધો. તેમની જ બાજુમાં બેસતા માનનીય કૃષિ મંત્રીશ્રી સન ૨૦૦૪ના ગુજરાતના

પાંચમા અધિનિયમની કલમ-૪નો સુધારો લઇને આવ્યા એ એવો સુધારો લાવ્યા કે કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં શિક્ષણ આપતી અથવા કૃષિમાં સંશોધન કરતી કે તેમાં માર્ગદર્શન આપતી અથવા વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમો કરતી અને માર્ગદર્શન આપતી હોય તેવી કાયદાથી સ્થપાયેલી કોઇ પણ શૈક્ષણિક સંસ્થા કોલેજ, યુનિવર્સિટી કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં. ટૂંકમાં એમની મંજૂરી વગર પ્રવેશ લઇ શકશે નહીં અથવા શિક્ષણ આપી શકશે નહીં. એક બાજુ આપણે વિદ્યાર્થીઓને વધુમાં વધુ તક મળે તેની વાત કરીએ છીએ. એક બાજુ વિદ્યાર્થીઓને બિલકુલ તક ન મળે તેની વાત કરીએ છીએ. ત્યારે મને ચિંતા તો મારા સાથી ધારાસભ્યોની થાય છે કે કોને સમર્થન આપશે? એક જ બેન્ચ ઉપર બેઠેલાં બન્ને મંત્રીઓ અલગ અલગ વાત કરી રહ્યા છે. એક જ સરકારના બે વિભાગો અલગ અલગ વાત કરી રહ્યા છે. જો બન્ને ઠરાવો પસાર થવાના હોય તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીઓને સંદેશ પહોંચાડવા માગીશ.

''સચ્ચી જૂઠી સભી બાત પર જો વાહ કરેંગે, યકીન માનીએ વોહી આપ કો તબાહ કરેંગે.''

માનનીય અધ્યક્ષશ્રી, સદનના સભ્ય તરીકે આપણી ફરજ એ હોવી જોઇએ કે આપણે આવનારી પેઢીને વધુમાં વધુ વિકલ્પો આપીએ. શ્રેષ્ઠ વિકલ્પો આપીએ એની સામે આપણે એની શકયતાઓ કેટલી છે એનો અભ્યાસ કરવો જોઇએ. કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર એમાં અપાર શકયતાઓ છે. એક બાજુ આપણે વાત કરીએ છીએ કે ૨૦૨૨માં આપણે ખેડૂતોની આવક બમણી કરવી છે. વીજ ઉપર કંટ્રોલ કરીએ છીએ. પાણી ઉપર કંટ્રોલ કરીએ છીએ. શીખવાની અને શીખવવાની પ્રક્રિયા ઉપર કંટ્રોલ કરીએ છીએ. કઇ રીતે આપણે આવક બમણી કરી શકીએ? આપણી પાસે શકયતાઓ અપાર છે. આધુનિક ખેતી પદ્ધતિઓ હોય, કૃષિ એન્જિનિયરીંગ હોય, પાણી અને ખાતરનું વ્યવસ્થાપન હોય, સ્ટોરેજ હોય, પેકેજીંગ હોય, માર્કેટીંગ હોય, ફૂડ પ્રોસેસીંગ હોય, પશુપાલન, ડેરી વિજ્ઞાન, રીન્યુએબલ એનર્જી, મહેસૂલી બાબતોની વહીવટી કન્સલ્ટીંગ, અનેક ક્ષેત્રો છે જેની અંદર હજારો વિદ્યાર્થીઓ પોતાની કેરીયર બનાવી શકે એમ છે ત્યારે આપણે આ ક્ષેત્ર ઉપર મર્યાદિત રીતે બંધાઇને કામ કરવાની જે વાત લઇને આવ્યા છીએ એ મારી દ્રષ્ટિએ ગામડાના અને એવરેજ જે વિદ્યાર્થીઓ છે એ વિદ્યાર્થીઓને ખૂબ જ મોટો અન્યાય થઇ રહ્યો હોય એવું લાગે છે. વિશેષાધિકાર અને મોનોપોલી બે વચ્ચે ખૂબ જ પાતળી ભેદરેખાઓ હોય છે. વિશેષાધિકારના નામે આપણે કયાંક મોનોપોલી તો નથી ઉભી કરતાને? આપણે સવા છ કરોડ જનતાને અનાજ અને કૃષિલક્ષી સેવાઓ પૂરી પાડવાની છે. અસંખ્ય વિદ્યાર્થીઓને રોજગારી પૂરી પાડવાની છે. ત્યારે આટલા મોટા ક્ષેત્રની અંદર આવનારી પેઢીને વધુમાં વધુ વિકલ્પો મળે એ દિશામાં પણ આપણે વિચારવું જોઇએ. આપણે શા માટે અસલામતી અનુભવીએ છીએ? કોઇ ખાનગી સંસ્થાઓ હોય તે આ ક્ષેત્રમાં કામ કરવા માગતી હોય તો જેમ અન્ય વિભાગોમાં નિયમો સરકાર નકકી કરે છે, એની ગુણવત્તા સરકાર નકકી કરે છે એના માપદંડ સરકાર નકકી કરે છે તો કૃષિ ક્ષેત્રની અંદર પણ એના નિયમો, માપદંડો, ગુણવત્તા બધીજ વસ્તુ સરકાર નકકી કરી અને એમાં પણ સ્પર્ધાની તક આપી શકી એમ છે. રહી વાત ICURની મંજૂરીની, આપણા ગૃહમાં વારંવાર સાંભળીએ છીએ કે દરવાજાની મંજૂરી આટલા દિવસમાં આવી, મેડિકલની સીટ ફોન ઉપર વધી ગઇ, તો ICURની મંજૂરી કઇ મોટી વાત છે? એની મંજૂરી પણ જો ઇચ્છાશકિત આપણી હોય તો તાત્કાલિક મળી શકે એમ છે એટલે મારી આપ સૌને વિનંતી છે કે આપણે આ બિલ આજે રજૂ ના કરીએ. કૃષિ શિક્ષણ જે છે એ માત્ર અને માત્ર વિજ્ઞાનનો વિષય નથી. કૃષિ શિક્ષણમાં કાર્યાનુભવ, વહીવટી કૂશળતા, ટાઇમ મેનેજમેંટ અને સંકલન કરવાની ક્ષમતા આ દરેક વસ્તુ હોય તે પ્રેકટીકલનો વિષય છે. જો એ કૌશલ્ય વિકસાવવાની એવરેજ વિદ્યાર્થીઓને તક મળે તો આવનારા દિવસોમાં સરકાર ઉપરાંત ખાનગી કંપનીઓ, પ્રાયવેટ ખેતીમાં, બેંક સેકટરમાં, કૃષિ એન્જિનયરીંગમાં ડેરી નેટવર્કમાં ફૂડ પ્રોસેસીંગ જેવા અનેક ક્ષેત્રોની અંદર રોજગારીની તકો ઉપલબ્ધ કરાવી શકાય એમ છે. મેં અગાઉ પણ આ ગૃહમાં રજૂઆત કરેલી છે કે આપણી પાસે વધારાનો ખર્ચ કર્યા વગર પણ એક ખૂબ જ મોટું નેટવર્ક છે, જે પ્રાથમિક શાળાથી માંડી પી.એચ.ડી. સુધી કૃષિ વિષયનું શિક્ષણ આપે છે. ગ્રામ વિદ્યાપીઠો આશ્રમશાળાઓ, બુનિયાદી શાળાઓ, એ દરેક શાળાઓને જો કૃષિ યુનિવર્સિટી સાથે જોડવામાં આવે અને પાયામાંથી છેક માસ્ટર ડીગ્રી સુધીની કૌશલ્ય સાથેની ડીગ્રી એમને ઉપલબ્ધ કરાવવામાં આવે. તો રોજગારીની ખૂબ જ મોટી તકો ઉપલબ્ધ થઇ શકે એમ છે. એટલે હું આપ સૌને વિનંતી કરું છું કે એક વખત ફરી વખત આ વિષય ઉપર વિચારવું જોઇએ. બિલની અંદર કલમ નં. ૪ મુખ્ય અધિનિયમ કલમ-૧૧ માં પેટા કલમ-૯ એની અંદર ખંડ-ગ માં બે જગ્યાએ આવતા કુલાધિપતિને તેના નિર્ણય માટે એના બદલે એ શબ્દોના બદલે રાજ્ય સરકારને તેના નિર્ણય માટે એ શબ્દો મૂકવા. કુલાધિપતિ શબ્દના બદલે રાજ્ય સરકાર શું આ માત્ર શબ્દ છે? એની પાછળ આવનાર પેઢીને રોજગારી મેળવવાની જે સૌથી વધુ શક્યતાઓ દર્શાવે છે એ અધિકારથી વંચિત રાખવા માટે સરકાર અંદર દાખલ થઇ રહી છે? આ શબ્દો પાછળ છુપાયેલી મન્શાઓ શું આ ગુજરાતની જનતા નહીં જોઇ શકે? ગુજરાતની જનતા જોઇ શકે કે ન જોઇ શકે, જનતા સમજે કે ન સમજે શું આપણે નથી સમજતા? હજુ પણ સમય છે. હજુ પણ આપણે વિચારવું જોઇએ. આપણે અહીં લોકોને શ્રેષ્ઠ આપવા બેઠા છીએ. આપણે લોકોનું પ્રતિનિધિત્વ કરીએ છીએ, કોઇ પક્ષનું નહીં. એટલે અત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ ગુજરાતના ખેડૂતો વતી, ગુજરાતભરના ખેડૂતોના બાળકો વતી કે જો આપણે સામાન્ય શિક્ષણ મેળવવા માટે ગુજરાતની અંદર ૧૮ સરકારી યુનિવર્સિટીઓ, ૩ સેન્ટ્રલ ગવર્નમેન્ટ યુનિવર્સિટીઓ, ૨ ગ્રાન્ટેડ યુનિવર્સિટીઓ, ૩૬ ખાનગી યુનિવર્સિટીઓ, આઇ.આઇ.એમ,

આઇ.આઇ.ટી., એન.આઇ.ડી. જેવી ૬ સંસ્થાઓ મળી કુલ ૬૫ સંસ્થાઓને અસંખ્ય કોલેજો આપી શકતા હોય તો ખેડૂતોને ખેતી વિષયનો ન્યાય કેમ ન આપી શકીએ? આમ છતાં જો આ વિધેયક આજે પસાર થશે તો હું તો એટલું જ કહીશ કે આપ હી દુલ્હા, આપ બારાતી, જીતને સાથી સબ ખેરાતી, દિલ દો દિલ ઔર યે પાગળ ફૌજે, પોરસ કે યે પીલે હાથી.

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓ માટે ફ્લેવર્ડ મિલ્ક આવેલ છે એ આપ લઇ શકો છો. પત્રકારોને પણ મોકલી આપવું.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ: માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલમાં માનનીય વિરજીભાઇ, શ્રી ઋત્વિકભાઇ અને શ્રી પિયુષભાઇ એ ત્રણ સભ્યશ્રીઓને પોતાના બહુમૂલ્ય સૂચનો કર્યા છે, પોતાના વિચારો રજૂ કર્યા છે. શ્રી વિરજીભાઇનું સૂચન હતું કે ધારાસભ્યશ્રીને પણ આમાં એક પ્રતિનિધિ તરીકે રિજિયનવાઇસ યુનિવર્સિટીમાં મૂકવા જોઇએ. બીજું, એમણે એમ કહ્યું કે, વી.સી.ની સમય મર્યાદા કેટલી હશે? વી.સી.ની સમય મર્યાદા ૫ વર્ષની હોય છે. બિલના સુધારામાં સ્પષ્ટ કહ્યું છે કે, જે તારીખે એમની નિમણૂંક કરવામાં આવે એ તારીખે ૬૫ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઇએ. થોડી સ્પષ્ટતા એ કરવાની હતી કે ખાનગી ડિમ્ડ યુનિવર્સિટીને શા માટે જોડાણ આપતા નથી. આઇ.સી.આર.ના નોર્મ્સ છે કે રાજ્યની કૃષિ યુનિવર્સિટી સાથે કોઇ ડિમ્ડ યુનિવર્સિટી જોડાણ કરવું ફરજિયાત છે. આઇ.સી.આર.ના નોર્મ્સ પ્રમાણે એના કરતાં બીજું, મારે એ કહેવું છે કે આપણી કૃષિ યુનિવર્સિટી વર્ષોથી ચાલે છે. રાજ્ય સરકારે ખૂબ કરોડો રૂપિયા ફાળવ્યા છે. ૫૦ વિદ્યાર્થીના એક વર્ગને ૩૦ હેકટર જમીન આપવી પડે છે. ત્રીજું, સેમેસ્ટર બી.એસ.સી. એગ્રી કરતા વિદ્યાર્થીનું આવેને ત્યારે એ વિદ્યાર્થીને પ્રેક્ટિકલ અનુભવ માટે જમીન ફાળવી દેવી પડે છે. હવે આ ખાનગી ડીમ્બડ યુનિવર્સિટી પાસે આવી જમીન તો હોતી નથી અને ખાનગી યુનિવર્સિટીઓ કોઇની પાસે ૫૦ વર્ષે કે ૯૦ વર્ષના કરાર કરી જમીન લે તો આઇ.સી.આર.ના નોર્મ્સ પ્રમાણે અને મહેસૂલના નોર્મ્સ પ્રમાણે એ માન્ય ગણાતું નથી હોતું. એટલે આ નિયમોના પરીઘમાં રહીને રાજ્ય સરકારે આ નિર્ણય કરવો પડતો હોય છે. ગુજરાતની ૩ ડિમ્ડ યુનિવર્સિટીઓએ કૃષિલક્ષી અભ્યાસક્રમો શરૂ કર્યા હતા અને એ વખતે રાજ્ય સરકારના કૃષિ વિભાગે એમને પહેલા એલર્ટ કર્યા હતા કે તમે આ પ્રકારે એમને પ્રવેશ ના આપો. એમનું ભવિષ્ય બગડશે અને એક વખત ડિગ્રી મેળવ્યા પછી ડિગ્રીને માનયતા નહીં મળે. સતત ને સતત આપણે એમને ચેતવવા છતાં પણ આ પ્રકારની પ્રક્રિયા ચાલી ગઇ છે. આવનારા દિવસોમાં આવું ના બને એટલા માટે થઇને આ સુધારા લઇને આવ્યો છું. મારી સૌ સન્માનનીય સદસ્યશ્રીઓને વિનંતી છે કે મારા બિલને સમર્થન કરે. માનનીય અધ્યક્ષશ્રી, આ ખાનગી ડિમ્ડ યુનિવર્સિટી કૃષિલક્ષી અભ્યાસક્રમ ચલાવવા માટે રાજ્ય સરકારે અવાર નવાર એને એલર્ટ કર્યા, ચેતવ્યાં છતાં પણ હાઇકોર્ટમાં ગયા. હાઇકોર્ટે એમની વાતને માન્ય ના રાખી. એનાથી નારાજ થઇને સુપ્રીમ કોર્ટ સુધી ગયા. સુપ્રીમ કોર્ટે પણ એમની વાત છે એ કાઢી નાખી છે અને આવા સંજોગોમાં ગુજરાતની અંદર ખાનગી યુનિવર્સિટીઓ સ્થપાય અને કૃષિલક્ષી અભ્યાસક્રમ ચાલુ કરે એમાં કોઇ વાંધો હોઇ ના શકે પણ આઇ.સી.આર.ના લઘુત્તમ નોર્મ્સનું પાલન કરે એ અત્યંત આવશ્યક હોય છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારે સાહેબશ્રીને એટલું કહેવું છે કે, અમારા કચ્છમાં બહુ ખારેક અને દાડમનું વાવેતર છે તો એની નિકાસ થાય તો ખેડૂતને બહુ ફાયદો થાય. બીજું, જ્યાં તાલુકામાં ખેતીવાડીની જમીન છે ત્યાં જો પ્રયોગ કરવામાં આવે તો ખેડૂતો, ગ્રામ સેવક બધે તાલુકા લેવલે હોય જ છે તો એનાથી ખેડૂતોને ઉપયોગી થાય અને જમીન તો બધે છે જ. એ.પી.એમ.સી. માર્કેટ પણ છે તેનાથી ખેડૂતને બહુ ઉપયોગી થઇ શકે તેમ છે.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પ્રદ્યુમનસિંહજીનું ખૂબ સુંદર સૂચન છે. આવનારા દિવસોમાં અમે એના સંદર્ભમાં વિચારીશું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક ૨૨-સન ૨૦૧૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક ૨૨-સન ૨૦૧૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન-૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)**

**નીતિ આયોગની ભલામણ અનુસાર આદિજાતિ વિકાસ વિભાગને બજેટની ફાળવણી અંગે**

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આદિજાતિ વિકાસ વિભાગને ફાળવવામાં આવતું બજેટ કેન્દ્રીય આયોજન પંચ (નીતિ આયોગ) ની ભલામણ અનુસાર રાજયના કુલ બજેટના ૧૭.૫૭ ટકા લેખે ફાળવવું જોઇએ, જે ગુજરાત રાજયમાં ફકત ૭.૧ ટકા જ ફાળવવામાં આવે છે. આ બજેટ પણ જુદા જુદા વિભાગ હસ્તક

ફાળવવામાં આવે છે જેના કારણે આદિવાસીઓના વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અને વસ્તી મુજબ આદિજાતિઓના વિકાસના કામો પૂરતા પ્રમાણમાં થતા નથી. આદિજાતિઓના બજેટના કામોની ફાળવણી આદિજાતિ વિસ્તારમાં જ થાય. રાજય સરકાર દ્વારા ફાળવાતું બજેટ કેન્દ્રીય આયોજન પંચ (નીતિ આયોગ)ની ભલામણો અનુસાર રાજયના કુલ બજેટના ૧૭.૫૭ ટકા લેખે આદિજાતિ વિકાસ વિભાગને ફાળવવા અને એ.જી.નો અલગ કોડ મેળવી એનું ઓડીટ થાય એ માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ વિસ્તારનો જે ભૌગોલિક વિસ્તાર છે એ રાજયનો ૧૮ ટકા જેટલો વિસ્તાર કવર કરે છે અને હાલની સ્થિતિએ જે વસ્તી છે એ લગભગ ૧ કરોડ જેટલી થવા જાય છે. ૨૭ મે ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ પાયાની સુવિધાઓ આપવા માટે ૧૦ મુદ્દાની જાહેરાત કરી હતી અને એના માટે ૧૧મી પંચવર્ષીય યોજનામાં રૂપિયા ૧૫૦૦૦ કરોડનું આયોજન કર્યું હતું. એ પછી ૧૨મી પંચવર્ષીય યોજના આવી અને એમાં પણ રૂપિયા ૪૦૦૦૦ કરોડનું આયોજન કર્યું હતું અને અનુક્રમે એ રેકર્ડ મેં જોયું તો એનો જે ખર્ચ થયો એ રૂપિયા ૧૭૦૦૦ કરોડ અને રૂપિયા ૪૨૭૦૦ કરોડ પ્રમાણે ખર્ચ થયો. વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધી જે બજેટનું આયોજન થયું એ રૂપિયા ૮૯૧૦૦૬૫ લાખ જેવું થયું. કારણ કે આ બજેટ થયું ખરું પણ એનું પ્લાનીંગ કોણે કર્યું અને અમારા વિસ્તારમાં અમારા તો પ્રશ્નો હતા ત્યાંના ત્યાં છે અને એનું આયોજન અને એનો ખર્ચ કરવાની પદ્ધતિ એ વ્યવસ્થિત થઇ નહીં. બજેટના ચોપડામાં કોઇપણ કામ સામે આપણે અંદાજ મૂકતા હોઇએ છીએ તો એ સામે અંદાજ મૂકાતો નથી. લમસમ રકમ મૂકાય છે અને એના કારણે કેગનો રિપોર્ટ મેં હમણાં વાંચ્યો સાહેબ, તો કેગના રિપોર્ટમાં છ વર્ષમાં પાંચ વર્ષના આંકડા છે અને ગઇ સાલના આંકડા પણ મારી પાસે છે. પાંચ વર્ષના આંકડા ૬૩૦૬૨૦ લાખ રૂપિયા વણવપરાયેલા રહ્યા અને ગઇ સાલના આંકડા કહું તો ૧૫૩૩૭૩ લાખ રૂપિયા વણવપરાયેલા રહ્યા. આટલી મોટી રકમ રૂપિયા ૭૮૩૯૯૩ લાખ વણવપરાયેલા રહે. એનું મુખ્ય કારણ હોય તો અમારા વિભાગનું આયોજન જુદા જુદા વિભાગો કરે છે અને જુદા જુદા વિભાગોને અમારા વિસ્તારની શું જરૂરિયાત છે એ જરૂરિયાત પ્રમાણે આયોજન થતું નથી. રસ્તાની પણ વાત કરી લઉં. રસ્તા માટે છેલ્લા ૧૧ વર્ષમાં ૭૯૪૯૪૮ લાખ રૂપિયાનું આયોજન થયું. હમણાં જ પરમ દિવસે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ વાત કરી વિનિયોગ વિધેયકમાં કે તમારા મેઘરજ તાલુકામાં રસ્તા માટે ૧૯ કરોડ રૂપિયા મેં ફાળવ્યા છે. એ સાચું. ફાળવ્યા ખરા પણ એ કયાં જાય છે? એ આદિવાસી વિસ્તારમાં જાય છે? મોટાભાગનું બજેટ નોન આદિવાસી વિસ્તારમાં જાય છે અને અમારા પ્રશ્નો ત્યાંના ત્યાં રહે છે. એ જ રીતે સિંચાઇમાં, સરકારે લગભગ ૯૦૨૨ કરોડ રૂપિયા છેલ્લા ૧૧ વર્ષમાં વાપરી નાંખ્યા પણ અમારા વિસ્તારમાં સિંચાઇનો કોઇ લાભ મળતો નથી. સાથે સાથે નર્મદા નિગમનો શેર મૂડી ફાળો સરકાર દર વખતે ૨૦૦થી ૩૦૦ કરોડ રૂપિયા લઇ લે છે. લે એનો પણ વાંધો નથી પણ એનો લાભ તો અમને મળવો જોઇએને? એની આજુબાજુના કેનાલોના વિસ્તારમાં જે આદિવાસી વસ્તી છે એને પીવાનું પાણી, એને સિંચાઇની સગવડ તો મળવી જોઇએને? એ મળતી નથી. આ વર્ષે રાજય સરકારે શિક્ષણ માટે ૧૧૦૦ કરોડ રૂપિયા, આરોગ્ય માટે લગભગ ૧૨૨૪ કરોડ રૂપિયા, પીવાના પાણી માટે ૧૪૫૫ કરોડ રૂપિયા, સિંચાઇ માટે ૧૫૯૫ કરોડ રૂપિયા, માર્ગ અને મકાન માટે ૧૧૦૦ કરોડ રૂપિયા આ રીતે આયોજન જરૂર થાય છે. પણ એનું આયોજન અમારા વિભાગ માફરત થતું નથી એટલે આ રકમ બારોબાર વપરાઇ જાય છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે. આજે નાયબ મુખ્યમંત્રી અહીંયા બેઠા છે આટલી સરકારની ઇચ્છાશકિત હોય અને આટલી આદિવાસી વસ્તીનો વિકાસ જો આપ ચાહતા હો, આજે છેલ્લો દિવસ છે, આજે રેકર્ડ પણ આપણે તોડયો છે તો આપ એટલું કરી નાખો જે ટોટલ બજેટ છે એ અમારા વિભાગ હસ્તક મૂકો એમની પાસે આમ પણ કંઇ કામ નથી. કારણ કે એમને ટોટલ બજેટના ૧.૨ ટકા જ પૈસા છે. એ ફકત આશ્રમશાળા છાત્રાલય અને એકલવ્ય રેસીડન્સી સ્કૂલ એના સિવાય બીજી કોઇ કામગીરી રહેતી નથી. આપની પાસે બહુ ભારણ છે. આપ એવું આયોજન કરો. અમારો વિભાગ આયોજન કરે તો અમને એટલી શાંતિ થશે જે કાંઇ થશે તે અમારા વિસ્તારમાં જશે, બીજે કયાંય નહિ જાય આટલી મારી ખાસ વિનંતી છે. કેન્દ્રીય આયોજન પંચ કહે છે કે એની વસતિ પ્રમાણે બજેટ મળવું જોઇએ. ૧૭.૫૭ ટકા તેટલું અમને કરી આપો તો અમારો વિકાસ જરૂર થશે. પૈસા જ્યારે ફાળવો છો, ત્યારે એનું ઓડિટ થવું જરૂરી છે. અલગ એ.જી. નો કોડ નથી. એનો અલગ કોડ જોઇએ. અલગ ઓડિટ થવું જોઇએ. આટલી વ્યવસ્થા કરો. સાથે સાથે અમારા વિભાગમાં અમુક એવા શહેરી વિકાસનો હેડ દાખલ કર્યો છે. અમે છુટાછવાયા રહેવા ટેવાયેલા છીએ. અમારા વિસ્તારમાં ગટર, નહેરની જરૂરિયાત નથી. છતાં પણ આ પૈસા વપરાય છે અને છેલ્લા લગભગ ૧૧ વર્ષના કહું તો ૩,૬૫૩ કરોડ રૂપિયા ગટર લાઇનમાં વપરાઇ ગયા. આ વખતે બહુ મોટી રકમ એમના માટે ફાળવી છે. લગભગ ૭૮૬ કરોડ અમને સીધે સીધો કોઇ રીતે ફાયદો નથી. મારી વિનંતી છે કે અમારી શી જરૂરિયાત છે. એ જરૂરિયાત પ્રમાણે તમે પૈસા ફાળવો તો અમારો જરૂર વિકાસ થશે. વિશેષ વાત ન કરતા છેલ્લો દિવસ છે. અમારા છેવાડાના છેલ્લા માણસ માટે આપ વિચાર કરીને અમને ફાળવી આપો તેટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું. આભાર.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, ડો.અનિલ જોષિયારા સાહેબ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં મારા વિચાર રજૂ કરું છું. ગુજરાત રાજયમાં ૧૪ જિલ્લામાં ૫૨ તાલુકા અને ૫૮૭૨ ગામડામાં અમારી આદિજાતિ વસતિ આવેલ છે. વર્ષ ૨૦૧૧ની સ્થિતિએ ૯૦ લાખથી પણ વધારે છે. હવે ૧ કરોડ થઇ હશે. અંબાજીથી ઉમરગામ સુધી ડુંગરાળ

પ્રદેશમાં અમારો આદિવાસી વસે છે. વનબંધુ કલ્યાણ યોજના આવ્યા પછી પહેલા જે આદિજાતિ વિસ્તારની પરિસ્થિતિ હતી, એમાં ખૂબ સુધારો થયો છે. હું અગાઉ પણ બોલી ગયો છું અને સરકારને મારે હાલના વડાપ્રધાન અને તે વખતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને મારે ખૂબ અભિનંદન આપવા પડે. અભિનંદન એટલા માટે આપવા પડે કે આઝાદીના ૫૦ વર્ષ સુધીમાં ૬૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ હતું. શ્રી જોષિયારા સાહેબને ખબર છે. મારા કરતા વધારે હોંશિયાર છે. કોંગ્રેસની યોજનામાં જે પરિસ્થિતિ હતી. એ પરિસ્થિતિનો બદલાવ ભાજપની સરકાર આવ્યા પછી રસ્તા, પાણી, વીજળી મારે તો શ્રી નીતિનભાઇ સાહેબે ખૂબ પૈસા આપ્યા છે. ૧૪,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ દર વર્ષે વધારતા જાય છે. શિક્ષણની ચિંતા કરી છે. આદિવાસી વિકાસની પણ વાત કરે છે. રસ્તાની બાબત હોય, પાણીની બાબત હોય, આવાસની બાબત હોય, ખેડૂતની બાબત હોય, હાટ બજારની બાબત હોય, રસ્તાની બાબતમાં પહેલા ૧૦૮ લઇ જવી હોય ત્યારે રસ્તાના કારણે તકલીફ બહુ પડતી હતી. ઝોળીમાં નાંખીને લઇ જતા હતા. સાહેબને પણ ખબર છે. આ સરકાર અને શ્રી નરેન્દ્રભાઇનું ભલુ થજો. તે આ યોજના લાવ્યા, રસ્તા બનાવ્યા, શિક્ષણની વ્યવસ્થા કરી છે. મારે ધ્યાન દોરવું છે કે, બાળકોનો પહેલા વિકાસ થતો ન હતો. ધોરણ ૧ થી ૮ ના બાળકો માટે કહું તો પહેલાં સ્કૂલમાં ન જાય, શાળા છોડી જાય, ઘરે રહી જાય તેવી પરિસ્થિતિ હતી. આ સરકાર દૂધ સંજીવની યોજના લાવી.

અધ્યક્ષશ્રી : શ્રી અભેસિંહભાઇ, રાત્રે પોણા ત્રણે તમારી તાકાત છે ને. તમને વહેલા બોલવા દીધા હોત તો...

શ્રી અભેસિંહ મો. તડવી : સાહેબ, આપની પણ તાકાત છે. એટલે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં વિટામિન, પ્રોટીન, કેલ્શિયમ અને અમૂક તત્ત્વોની ઉણપ હોય છે. આવા બાળકોને નાની વયે દૂધ આપવામાં આવતાં શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ પણ થયો છે. આ સરકાર દૂધ સંજીવની યોજના લાવી છે. અમારા શ્રી ગણપતભાઇ સાહેબને અભિનંદન આપું છું કે આ દૂધ સંજીવની યોજના લાવ્યા. આ યોજનામાં ૮૮૯૧ પ્રાથમિક શાળામાં ભણતા ૧૦ લાખ ૪૮ હજાર બાળકોને અઠવાડિયાના પાંચ દિવસ દૂધ આપવામાં આવે છે. જેના કારણે બાળકોમાં ખૂબ તાકાત આવે છે. આનાથી ફાયદો શું થયો અને શું અસરો જોવા મળી છે? આદિવાસી સંશોધન કેન્દ્ર અમદાવાદ પાસેથી અભ્યાસ મેળવ્યો અને તેમાં જે તારણો આવ્યા તે જોઇએ તો બાળકોના ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો થયો. અધવચ્ચેથી શાળા છોડી જતા બાળકોનું પ્રમાણ ઘટ્યું છે. બાળકોની હાજરીમાં નિયમિતતા રહે છે. બાળકોના સ્વાસ્થ્ય અને આરોગ્યમાં સુધારો જોવા મળ્યો છે. ખાસ કરીને દૃષ્ટિમાં પણ સુધારો જોવા મળ્યો છે. ટોટલ ૫૨(બાવન) તાલુકામાં આ યોજના દાખલ કરી છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી ડૉ.જોષીયારા સાહેબ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લાવ્યા છે તેના અનુમોદન માટે હું ઉભો થયો છું. ડૉ.જોષીયારા સાહેબે વાત કરી કે નીતિ આયોગની ભલામણ મુજબ ટ્રાયબલનું બજેટ ૧૭.૫૭ ટકા હોવું જોઇએ. તેની જગ્યાએ ૭.૧ ટકા છે. આમ તો ટોટલ બજેટમાં જો ટકાવારી જોવા જઇએ તો ખૂબ ઓછી છે. આમ તો નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જુદા જુદા વિભાગોને નાણાંની ફાળવણી કરતા હોય છે. આદિજાતિ વિભાગ છે તેનું બજેટ આ વખતે ૧૪ હજાર કરોડ રૂપિયા આપ્યું છે તે સારી વાત છે. તે બજેટ જુદા જુદા વિભાગો નહીં પણ માત્રને માત્ર આદિજાતિ વિભાગ જ આનો વહીવટ કરે, ફાળવણી કરે તો જ આદિવાસીના છેલ્લા ઘર સુધી તેનો લાભ મળવાનો છે. દર વર્ષે બજેટમાં જોગવાઇ કરીએ છીએ પણ ઘણી વખત રકમ વણવપરાયેલી રહે છે. હું તો એમ કહું કે જિલ્લા કક્ષાએ જે પ્રાયોજના અધિકારી છે તેના હવાલે મૂકો. આમ તો ગુજરાત પેટર્નની યોજનાઓ છે તેનો અમલ સદરવાઇઝ આ ટ્રાયબલ સબપ્લાનના પ્રાયોજના અધિકારીઓ કરતા હોય છે. આના માટે આપણે જિલ્લા લેવલે પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા આદિજાતિ વિકાસની સમિતિ પણ હોય છે અને લગભગ એમાં જ જે કાંઇ આદિજાતિના વિકાસની વાત છે, શિક્ષણની વાત હોય, સિંચાઇની વાત હોય, આરોગ્યની વાત હોય કે જે કાંઇ હોય એ સદરવાઇઝ અહીંથી જોગવાઇ થાય છે, એના પર ચર્ચા વિચારણા કરીને એનો અમલ થતો હોય છે. પણ એમાં જ્યારે દરખાસ્તો આવે એ દરખાસ્તો સામાન્ય રીતે ગામડામાંથી સરપંચની આવે, કોઇ તાલુકા પંચાયતની આવે, જિલ્લા પંચાયતની આવે, એમ.એલ.એ., એમ.પી.ની પણ આવે પણ આ બધી જે દરખાસ્તો આવે છે એની ચર્ચા વિચારણા થવી જોઇએ. હું એમાં સભ્ય છું એટલે મને ખબર છે કે, ચર્ચાને બહુ અવકાશ હોતો નથી. આજે મિટિંગ હોય તો કહે અઠવાડિયા પછી દરખાસ્ત આપી જજો, એનો મતલબ શું છે? તમારી પાસે દરખાસ્ત જ નથી તો એ દરખાસ્ત કેવી રીતે મંજૂર થાય? એ તો મારા મગજની બહાર છે. એટલે જે કાંઇ હોય આવુંને આવું થાય તો બજેટમાં તમે જે નાણાં ફાળવ્યા છે એનો સાચો ઉપયોગ નહીં થાય. એટલે મારે અમારા આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ સાહેબ બેઠાં છે એમને પણ હું કહું છું કે, તમારું જે આદિજાતિ વિભાગનું વહીવટી માળખું છે, તમારી પાસે કોમ્પીટન્ટ સ્ટાફ છે, સેક્રેટરી છે, અંડર સેક્રેટરી છે, જોઇન્ટ સેક્રેટરી છે, ડાયરેક્ટર છે, એને પણ કામગીરી વહેંચી આપો. આદિજાતિ કમિશનરની કચેરીમાં એક વિભાગ ઉભો કર્યો છે મને હજુ પણ સમજણ પડતી નથી કે ડી-સેગની કામગીરી શું છે? ટ્રાયબલના વિકાસમાં ડી-સેગની શું કામગીરી આવે? જિલ્લા કક્ષાએ તમારા પ્રાયોજના અધિકારી છે ત્યાં આદિજાતિ કમિશનર છે, જોઇન્ટ સેક્રેટરી છે, જોઇન્ટ ડાયરેક્ટર છે અને ગુજરાત ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી છે એ બધા કામ કરે છે પણ આ ડી-સેગની કામગીરી શું છે?

શ્રાવણ ૪, ૧૯૪૧ શાકે

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ ૧૦૨ મુજબ ડો.જોષીયારા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું અને આ પ્રસ્તાવનો હું ચોક્કસપણે વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ક્યારેય પણ ભેદભાવભરી નીતિ અપનાવી જ નથી અને આદિવાસી વિસ્તારનો વિકાસ એ આંખે ઉડીને વળગે એવો વિકાસ છે. આજે મારે પાણી પુરવઠા ઉપર પણ બોલવાનું હતું પરંતુ સામેના પક્ષના સભ્યોને વધારે તક આપી, અમે ખૂબ સારી રીતે સાંભળી પણ લીધા. માનનીય અધ્યક્ષશ્રી, હું પાણીની મીની યોજના જોતો હતો તો આ રાજયમાં ૧૬૪૬૮ મીની પાઇપ લાઇનની યોજનાઓ થઇ એ પૂર્ણ કરવામાં આવી છે. એ પૈકી આદિવાસી વિસ્તારમાં ૧૪૯૩૭ યોજનાઓ છે. આ તો એક ખાલી પાણીની વાત કરું છું, આ પૈસા કોઇને કોઇ રીતે વપરાયા. અત્યારે મારે માનનીય નીતિનભાઇ સાહેબને અભિનંદન આપવા પડે. કેમ કે, આ બજેટ શરૂ થવાનું હતું એ પહેલા અઠવાડિયા પહેલા મને વાંસદા વિધાનસભાના રસ્તા માટે સામેથી ફોન કર્યો કે શ્રી નરેશભાઇ, મારી પાસે દરખાસ્ત આવી છે આ બે રસ્તાની હાલત ખરાબ છે તો શું છે? વાંસદા મત વિસ્તાર મારો નથી છતાં એ જ મિનિટે મેં હા પાડી અને કહ્યું કે સાહેબ, આ રસ્તા આપવા જેવા છે. એમણે તે જ દિવસે વહીવટી જોબ નંબર મને આપી દીધો. ગયા વર્ષે તાકણ-સડવલા આજે પણ રેકર્ડ પર જોઇ લો. તાકણ સડવલાથી ધરમપુર સુધી શ્રી અરવિંદભાઇનો પણ વિસ્તાર આવે છે. ટોટલ ૬૦-૬૫ કિલોમીટરનો રસ્તો છે આ રસ્તા ઉપર ૬૦ કરોડ રૂપિયા આવ્યા છે કોઇ ઉજળિયાતનો એરિયા નથી, ટોટલ ટ્રાયબલ એરિયા છે. એક એક પુલની કિંમત રૂપિયા ૪૦ કરોડ, રૂપિયા ૨૫ કરોડ અને તમે જ ત્રણ પુલ માગ્યા છે અને તમે દર વખતે આ જે વ્યાખ્યા સમજાવો છો, પણ મારે કહેવું છે કે, આપણે ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ ખૂબ સારો દેખાય છે. સૌરાષ્ટ્રમાં કે ઉત્તર ગુજરાતમાં જે ભૌગોલિક પરિસ્થિતિ છે ત્યાં એક સામટું ગામડું રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ ત્યાં એક રસ્તો આપી દઇએ ને તો એ સારું લાગે, આપણે ત્યાં પેટાપરાં છે, ફળિયા છે, મહોલ્લા છે, આજે એક એક મહોલ્લાની ૨૫૦ની વસતિ માટે આ સરકાર જ્યારે પાકા રસ્તા આપે તો શું આ વિકાસ નથી? શું આ રૂપિયા નથી વપરાયા? માનનીય અધ્યક્ષશ્રી, એક એક વસ્તુ તમે શિક્ષણથી લઇને, મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે, આદિવાસી સમાજની ભાષા અલગ, રહેણી કરણી અલગ અને એને જ્યારે બીજાના હરોળમાં લાવવા હોય તો સરકારે પૂરતું ધ્યાન આપવું પડે અને આ સરકારે પૂરતું ધ્યાન આપ્યું છે. આજે તમે જે ખુરશી ઉપર બિરાજમાન છો, સત્યમેવ જયતે લખ્યું છે શું ભગવાને કોઇ અન્યાય કર્યો છે કે આદિવાસીને ઓછી બુદ્ધિ આપવાની અને ઉજળિયાતને વધારે બુદ્ધિ આપવાની? ના, મનુષ્યને એકસરખી બુદ્ધિ આપી છે, પરંતુ જો એમને વાતાવરણ નહિ આપીએ, એને માહોલ નહિ આપીએ તો માણસ ત્યાં આવી શકતો નથી એ આદિવાસી સમાજ હોય કે બીજો સમાજ હોય પરંતુ મારે આ સરકારને ધન્યવાદ આપવા છે કે આદિવાસીને વાતાવરણ આપવાનું જો કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. મારે ખુશી સાથે કહેવું છે કે આદિવાસી વિસ્તારની અંદર મોટાભાગે ડેમો બન્યા છે. શું પાણીની તકલીફ પહેલાં ન હતી, શું ભા.જ.પ.ને જ આ તકલીફ દેખાઇ છે, રૂપિયા ૨૮૦૦ કરોડ, નેવના પાણી મોભે ચડાવવાની જે વાત કરીએ છીએને તો ૨૮૦૦ કરોડ રૂપિયાનું પાણી મોટી યોજનાઓ દ્વારા આપણે આદિવાસી વિસ્તારની અંદર આપી રહ્યા છીએ. આ કંઇ નાનીસૂની ઘટના નથી. એટલે ડોકટર સાહેબ, તમારી વાતમાં, અમારી લાગણી છે અમે એવું નથી કહેતા, પરંતુ આદિવાસી વિસ્તારમાં તમે એવા મેસેજ પહોંચાડવા માગો છો કે, ભા.જ.પ.ની સરકાર અને શ્રી વિજયભાઇની સરકાર અને શ્રી નીતિનભાઇની સરકાર જાણે આદિવાસીઓની દુશ્મન હોય એ પ્રકારનું જે સાબિત કરવા માગો છો એટલા માટે આ પ્રસ્તાવની અંદર હું સહમત નથી અને તમે આજે પણ દરેક વિભાગવાઇઝ આંકડા કાઢો. આવો નેકસ્ટ ટાઇમ બજેટ વખતે, આપણે એની પણ ચર્ચા કરીશું કે આદિવાસી વિસ્તારની અંદર જો વિકાસ ન થતો હોય તો અમે પણ અહીંયા ન આવ્યા હોત, હું પણ આદિવાસી વિસ્તારમાંથી આવું છું. હું પોતે ૫૭,૦૦૦ મતથી જીત્યો છું અને આ વખતની લોકસભાની ચૂંટણીમાં ૯૪૦૦૦થી મારી સીટ આગળ છે. આ પરિણામ છે વિકાસનું!

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ પ્રસ્તાવ ઉપર ડોકટર સાહેબ બધી ચર્ચા કરતા હતા, સામાન્ય રીતે આદિવાસી વિસ્તાર એ છૂટોછવાયો વિસ્તાર છે. પાણીની વ્યવસ્થા માટે મેં આજે બધા લિસ્ટ કાઢ્યા હતા, ૨ લાખ ૮૭ હજાર હેન્ડપંપની વ્યવસ્થા છે. આજે આપણા શ્રી શૈલેષભાઇએ કહ્યું કે ૧૫૦૦૦ બંધ છે, એ કદાચ હોઇ શકે, પરંતુ કુલ હેન્ડપંપ ૨ લાખ ૮૭ હજાર છે એમાં સૌથી વધારે આદિવાસી વિસ્તારમાં છે. વિકાસ થયો છે પણ સ્વીકારો, એટલા માટે કહું છું આજે વાતાવરણ સારું હતું. સરકાર કોઇની પણ હોય, પણ એની નીતિ, નિયમો અને આયોજનબદ્ધ જો કામ કરતી હોય તો અને જો વિપક્ષ સકારાત્મક વાત કરતા હોય તો સુશાસનના દિવસ પણ દૂર નથી અને એટલા માટે કહું છું કે અમારી સરકાર એકદમ આદિવાસી વિસ્તાર માટે વનબંધુ પેકેજ યોજના દ્વારા પૂરતા રૂપિયા, પૂરતા વિસ્તારમાં કંઇ આદિવાસી પટ્ટામાં ૯૦ લાખ અંબાજીથી ઉમરગામ સુધી ફક્ત આદિવાસી જ નથી રહેતા આ વિસ્તારની અંદર અન્ય સમાજ પણ આવે છે અને એનો પૂરતો ફાયદો બધા લોકોને થાય છે અને પૂરેપૂરા રૂપિયા કેવી રીતે આદિવાસી વિસ્તારમાં વપરાય એ અન્ય વિભાગો એના દ્વારા બરાબર સંચાલન કરીને કરે છે. અમારા શ્રી ગણપતભાઇ સાહેબને, દા.ત. આર. એન્ડ બી. પોતે મોનીટરીંગ ન કરે તો એ કામ કેવું થાય પાણી પુરવઠા એની પાછળ જો ધ્યાન નહિ અપાય તો એની ગુણવત્તા કેવી રીતે આવી શકે? વિભાગ તો સંભાળવાનાને? પરંતુ વિસ્તારની અંદર રૂપિયા ખર્ચાય કે ના ખર્ચાય એ જોવું જોઇએ અને એટલા માટે હું કહું છું કે આદિવાસી વિસ્તારની અંદર હું સમજુ છું ત્યાં સુધી હું ૭/૧૨માં પણ હતો, જાહેર જીવનમાં તાલુકા પંચાયતથી લઇને અહીંયા સુધી આવ્યો છે અને મેં કોંગ્રેસના શાસનના દિવસો

પણ મેં મારા આદિવાસી વિસ્તારની અંદર જોયા છે અને આજે પણ જોઇ રહ્યો છું અને એ જોતાં મને એવું લાગે છે કે ભૂતકાળ કરતાં ભારતીય જનતા પાર્ટીએ સૌથી વધારે સારા કામ કર્યા છે અને આદિવાસીઓનું જો થોડું ઘણું ભલું થયું હોય તો હું એમ માનું છું કે ભા.જ.પ.ની અંદર જ થયું છે એ સૌએ સ્વીકારવું પડશે એ જ વાત સાથે હું આ પ્રસ્તાવનો વિરોધ કરું છું, ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : રાત્રે ત્રણ વાગ્યે જરાય કડવાશ વગર પણ બોલી શકાય અને આપણી વાત દમથી મૂકી શકાય. હું બન્ને પક્ષને વિનંતી કરું છું કે કડવાશ નહીં આજે મીઠાશથી પૂરું કરીએ.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી સભ્ય માનનીય જોષીયારા સાહેબ છેલ્લા દિવસનો પ્રસ્તાવ નિયમ-૧૦૨ હેઠળ આ ગૃહમાં રજૂ કર્યો છે તેને સમર્થન આપવા અને તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર શ્રી નરેશભાઇ જે રીતની વાત કરતા હતા તેના ઉપરથી એવું લાગે છે કે અમે માત્ર તમારો વિરોધ જ કર્યો છે એમ નહીં અમે સરકારને સૂચારૂ સૂચન કરતા હતા. મેં મારા બજેટની સ્પીચમાં પણ કહ્યું છે કે અમારા આદિજાતિ મંત્રીના હાથ-પગ બાંધીને દરિયામાં તરવા માટે નાંખો છો અને આદિવાસી વિસ્તારના વિકાસની વાતો કરો છો એ કેવી રીતે થઇ શકે તેની હું વાત કરતો હતો. ટ્રાયબલનું જે બજેટ તૈયાર થાય છે તે બજેટમાં અમારા શ્રી ગણપતભાઇનો હાથ ઉપર રહે તમને બધાને થોડું પૂછે, અમને પણ પૂછે કઇ વસ્તુ લેવા જેવી છે તેની સલાહ-સૂચન જે તે વિભાગના મંત્રીને મોકલે એ રીતની વાત હતી અને એ વાતને બદલે તમે આખુ રાજકીય અવલોકન કરો છો એ વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ બજેટ અમને જે ૧૭.૫૭ ટકા મળવું જોઇએ તે મળતું નથી એની વાત હતી. વનબંધુ કલ્યાણ યોજનાની વાત થઇ, સારી યોજના હતી પણ તેના પૈસા કયાં, કેવી રીતે વપરાયા? માનનીય અભેસિંહભાઇ, માત્ર રસ્તાઓ પાછળ નહીં આદિવાસીની સિંચાઇની યોજનામાં પણ એ પૈસા વપરાવા જોઇએ અને એ થયું નથી. અમે વર્ષોથી કહેતા આવ્યા છીએ કે આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સગવડ નથી અને તે પૂર્ણ કરો આપણે ત્યાં તેના લાભાર્થી તમે છો, હું નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં સિંચાઇની સગવડ પૂરતી નથી અને એ સિંચાઇના હેડે જે પૈસા ફાળવવામાં આવે છે તે પૈસા ડાયવર્ટ થઇને છેલ્લે સિંચાઇની કલ્પસર હોય કે નર્મદામાં ડાયવર્ટ થાય છે એનો વિરોધ છે. જે હેડે તમે પૈસા ફાળવો છો એ હેડે પૂરતો ખર્ચ કરો એવી અમારી ડિમાન્ડ છે. રેસિડેન્શીયલ સ્કૂલ આપણી મોર્ડન સ્કૂલ અને બીજી શાળાઓ આપણે શરૂ કરી છે તેનું સંકલન કરવા માટે આપણે ટ્રાયબલની કચેરીમાં, કમિશનરની કચેરીમાં તમારી પાસે શિક્ષણનો કયો તજજ્ઞ છે કે જેથી કરીને આ બધી શાળાઓમાં શિક્ષકો કયું શિક્ષણ આપે છે, કયા પ્રકારનું, તેની કેવી વ્યવસ્થા થઇ રહી છે, એની કાળજી રખાઇ છે? નથી રખાઇ સાહેબ તે રાખોને. અમે તમને એમ કહ્યું હતું કે અમારું ટ્રાયબલનું બજેટ પી.એસ.પી.ના અધિકારી, કલેકટર સાહેબ અને ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓ સાથે પરામર્શ કરીને ખર્ચ કરો જેથી કરીને તમે જે નાણાં આપો છો એ નાણાંનો સદ્ઉપયોગ થાય. આમાં તો સાહેબ બળિયાના બે ભાગ અને બળિયાના બે ભાગમાં આદિવાસી વિસ્તારના જે રસ્તાઓ થાય છે તે અમે જોઇએ છીએ કે માત્ર રસ્તાનો વિકાસ કરવાથી કંઇ આદિવાસીનો વિકાસ થઇ જતો નથી. આદિવાસી વિસ્તારમાં સિંચાઇની સગવડ ઉભી કરવી પડશે, સારું શિક્ષણ આપવું પડશે. હું તમને ધન્યવાદ આપું કે તમે જે નિવાસી શાળાઓ ખોલી છે અને નિવાસી શાળાઓનું પરિણામ સારૂં આવ્યું છે અને તેના કારણે તમને કહું છું કે, તાલુકા મથક દીઠ મોડેલ સ્કૂલ હોવી જોઇએ અને જેથી કરીને આદિવાસીઓને શિક્ષણ સારું મળે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કયારનો વિચાર કરતો હતો અમે તો જળ, જંગલ, જમીનના રખેવાળ છીએ. જંગલની સંપત્તિની રખેવાળી અમે કરીએ છીએ અને એ રખેવાળી કરનાર આદિવાસીઓને જંગલની જમીન આપ્યા પછી તેને પૂરતાં હક્કો મળ્યાં નથી, ઘણા બધા કેસો પડતર છે, મહેસૂલી રાહે તેના નામ દાખલ થવા જોઇએ તે થયા નથી એટલે એ આદિવાસીઓનો જે વિકાસ થવો જોઇએ એ થઇ શકયો નથી.

અધ્યક્ષશ્રી : જેવી રીતે તેમણે કહ્યું કે આદિવાસીઓનો જે વિકાસ થવો જોઇએ તે થઇ શકયો નથી તો તમે એમ કહી શકો કે ના આદિવાસીઓનો સારામાં સારો વિકાસ થયો છે, નરમાશથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં આવો અને આખી કમિટીને બોલાવો અમારા છોટાઉદેપુર જિલ્લામાં આવો કેવો વિકાસ થયો છે તે બતાવું. આજે અમારે ત્યાં નિશાળના ઓરડાઓ ઓછાં, હાઇસ્કૂલો ઓછી, શાળાકીય કોલેજો ઓછી, સાયન્સની કોલેજો ઓછી. આમ માળખાગત સુવિધા જે ઉભી કરવાની છે તે ઉભી થઇ શકી નથી અને તેના માટે અમારા જોષીયારા સાહેબ જે વાત લઇને આવ્યા છે કે અમને આદિવાસીઓને પૂરતું બજેટ આપો. એ બજેટની ફાળવણી અમારા આદિજાતિ મંત્રીની દેખરેખ હેઠળ થાય અને એનું સંકલન થાય એવી અપેક્ષા રાખું છું. આભાર.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડૉ.અનિલભાઇ જોષિયારા છેલ્લા દિવસનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ડૉ. અનિલભાઇ જોષિયારા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એ તદ્દન સાચો અને આદિવાસી સમાજનો વિકાસ ન થતો હોવાના કારણે એક સારો પ્રસ્તાવ છે. અમે ગૃહમાં જોતાં હોઇએ છીએ કે પાટીદાર સમાજની વાત હોય તો શ્રી નીતિનભાઇ સાહેબ અને બાકીના પાટીદાર સમાજના સભ્યો એક થઇ જતાં હોય છે. દલિત સમાજની વાત આવે ત્યારે એ સમાજના સભ્યો પણ એક થઇ જતાં હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બધાને ખબર છે કે પાટીદાર આંદોલન ચાલતું હતું ત્યારે અમારી શું દશા હતી અને તમે કહો છો કે એક થઇ જતા હોય છે!

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, ડૉ.અનિલભાઇ જોષિયારા સાહેબે ચિંતા કરી છે કે ટ્રાયબલનું બજેટ નાણામંત્રીશ્રી ફાળવે છે, જુદા – જુદા વિભાગો ફાળવે છે એના લીધે આદિવાસીઓનો જે વિકાસ થવો જોઇએ એ થઇ શકતો નથી. દર વખતે અહીંયા બોલવામાં આવે છે કે કૉંગ્રેસની સરકારે કોઇ વિકાસ કર્યો નથી. આપણે કૉંગ્રેસ કે ભાજપને એક બાજુ મૂકીને ટ્રાયબલ વિસ્તારનો વિકાસ કેવી રીતે થાય એ બાબતની ચિંતા કરવી જોઇએ. રૂપિયા ૧૫,૦૦૦ કરોડની વાત કરવામાં આવી છે. અમારા જિલ્લામાં એક ડી.વાય.એસ.પી.ની બિલ્ડીંગ બનાવવામાં આવી છે. એ ટ્રાયબલની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવી છે તો આવી ગ્રાન્ટ યોગ્ય જગ્યાએ વપરાતી નથી એવી ચિંતા અમારા ડૉ. અનિલભાઇ જોષિયારા સાહેબે રજૂ કરી છે. તો આ પ્રસ્તાવના આધારે હું આદિજાતિ મંત્રીશ્રી અને નાણામંત્રીને વિનંતી કરું છું કે આ નાણાંથી ટ્રાયબલનો વિકાસ થાય એ માટે આદિજાતિ વિભાગને અલગ નાણાં ફાળવવામાં આવે અને આદિવાસી સમાજનો વિકાસ કરવો હોય ત્યારે બધા ચિંતા કરે છે. એના માટે ડી–સેગ નામની સંસ્થા પણ ખોલવામાં આવી છે. આખો આદિવાસી વિભાગ છે તો ડી–સેગ સંસ્થા કેમ બનાવવામાં આવી છે? એ પણ એક ચિંતાનો વિષય છે. બધા કહે છે કે આદિવાસી વિસ્તારમાં હેન્ડપંપ બનાવવામાં આવ્યા છે. આવા ઘણા બધા હેન્ડપંપ બંધ પડ્યા છે. આદિવાસી વિસ્તારોમાં પાણી પહોંચાડવું હોય તો હેન્ડપંપ સિવાય પહોંચાડી શકાતું નથી. કૉંગ્રેસના રાજમાં પાણીના તળિયા ૧૦૦થી ૧૫૦ ફૂટ ઉંડે હતા. ત્યારે હેન્ડપંપની શોધ થઇ. આજે આપણે ૨૧મી સદીની વાત કરતા હોઇએ અને પાણીના તળિયા ૪૦૦થી ૫૦૦ ફૂટ નીચે ગયા પણ આપણે હેન્ડપંપથી પાણી કાઢ્યા સિવાય બીજી કોઇ ટેકનોલોજીની શોધ કરી શક્યા નથી. આપણે ટ્રાયબલ વિસ્તારમાં ઘણી બધી જૂથ યોજનાઓ કરી પણ હજી સુધી ટ્રાયબલ વિસ્તારમાં એક પણ જૂથ યોજનાથી આદિવાસી પાણી લઇ શકતો નથી. માનનીય નાણામંત્રીશ્રીએ અમારા મત વિસ્તારમાં ૧૭૫ કરોડ રૂપિયાની જૂથ પાણી પુરવઠા યોજના મૂકી છે પણ એનાથી ટ્રાયબલ વિસ્તારમાં પાણી મળી શકવાનું નથી. મારો પોતાનો વિસ્તાર ડુંગરાળ વિસ્તાર છે. ત્યાં પાઇપ લાઇન નાંખી એ પહેલાં બધા જ ગામડાઓમાં જૂથ યોજના બનાવવામાં આવી છે પણ આ જૂથ યોજનાઓ ૧૦૦ ટકા બંધ છે. આમ, આદિવાસીઓનો વિકાસ કેવી રીતે થાય એના માટે પૂરેપૂરો અભ્યાસ કરવામાં આવે અને જે નાણાં સોંપવામાં આવે છે એ આદિજાતિ વિભાગને સોંપવામાં આવે એવી મારી વિનંતી છે અને ડૉ.અનિલભાઇ જોષિયારા સાહેબના આ પ્રસ્તાવને હું મારો ટેકો આપું છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં ડો. અનિલભાઇ જોષીયારા નિયમ–૧૦૨ નીચેનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું.

આ ગુજરાતનો વિકાસ આપણે માણ્યો છે, દેશે જાણ્યો છે અને વિશ્વે વખાણ્યો છે. આ દેશમાં કોંગ્રેસે ૫૫ વર્ષ શાસન કર્યું. જયારે ગુજરાતમાં ૪૫ વર્ષ સુધી શાસન કર્યું છે. ૫૫ વર્ષના દેશના શાસનમાં એમને આદિવાસી મંત્રાલય ખોલવાનું પણ સૂજયું નહોતું. અટલ બિહારી બાજપાઇ વર્ષ ૧૯૯૯માં આવ્યા ત્યારે આદિવાસી મંત્રાલય ખોલીને એના વિકાસ માટે વાત કરી. અહીંયા ગુજરાતમાં ૪૫ વર્ષ શાસન કર્યું. એમણે ૨૦૩ ડેમ બનાવ્યા, બધા મિત્રો કહે છે કે કોંગ્રેસે આ કામ કર્યું. ૨૦૩ ડેમો બનાવ્યા એ તમને મુબારક. પણ મિત્રો, તમે ડેમો બનાવ્યા, શ્રી અનિલ જોષીયારા સાહેબ, શ્રી પી.ડી વસાવા સાહેબ, શ્રી સુખરામભાઇ સાહેબ, રાડો પાડી પાડીને કહે છે કે પાણી મળતું નથી. ડેમો તમે બનાવ્યા તો પાણી તમે કેમ ન આપ્યું? મારો તમને આ પ્રશ્ન છે. મારે આપની સમક્ષ સત્ય હકીકતનું ધ્યાન દોરવું છે. અમારા વિસ્તારમાં કડાણા ડેમ બન્યો વર્ષ ૧૯૭૩માં પૂરો થયો અને ૫૩ ગામો ડૂબાણમાં ગયા. આદિવાસીઓએ બલિદાન આપ્યું. ૩૨૨૦ પરિવાર વિસ્થાપિત થયા એમાંથી ૨૮૯૫ પરિવારોને જે તે સમયે સરકારે એકરના ૨૦૦ અને ૪૦૦ રૂપિયા વળતર આપેલ છે અને બાકીના ૨૫૮ ખાતેદારો હવામાં લટકે છે આજે પણ જમીનનું વળતર મળ્યું નથી. કબુતરી ડેમ બન્યો એમાં પણ વળતર મળ્યું નથી. આજે પણ એકય જમીનનું વળતર મળ્યું નથી, એ રેકર્ડ ઉપર છે. આજે અહીંયા એમ કહે છે કે તમારી સરકાર છે. અમારી ૨૨ વર્ષથી ભાજપની સરકાર છે પરંતુ આ વિસ્તારમાં ૨૨ વર્ષથી તમારા કુળના ચૂંટાઇને આવ્યા છે એમણે રજૂઆત ન કરી એટલે મારે કરવી પડે છે. પહેલીવાર મને તક મળી છે. માત્રને માત્ર આદિવાસી સમાજનો વોટબેંક તરીકે ઉપયોગ કર્યો. આદિવાસી સમાજ, એસ.ટી. સમાજનો વોટબેંક તરીકે ઉપયોગ કરીને માત્ર વોટની રાજનીતિ કરી અને આજે મારે ૨૫૮ ખાતેદારોને જમીન મળી નથી, એની રજૂઆત સરકારમાં કરી છે અને આ રાજય સરકારે અમારા મુખ્યમંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇએ એનો નિકાલ કરવાની વાત કરી છે. કબુતરી ડેમમાં વિસ્થાપિતો હતા, એમના વસવાટ માટે શ્રી સી.કે. રાઉલજી સાહેબે જમીન અપાવી. તમે ડેમો બનાવીને આદિવાસીઓને બહાર કઢવાનું કામ કર્યું, પીવાનું પાણી એમને ન આપ્યું, સિંચાઇનું પાણી ન આપ્યું. આદિવાસીઓ સાથે તમે ન્યાય કર્યો નથી એ મારે તમને કહેવું છે.

આદિવાસી સમાજ અમારા આદિવાસીનો ગૌરવવંતો ઇતિહાસ હતો. વર્ષ ૧૮૫૭નો વિપ્લવ થયો એના પછી દેશને આઝાદી અપાવવા માટે આદિવાસી સૂરમા સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા હતા અને એના ભાગરૂપે અમારા ગોવિંદગુરુ જે માનગઢની ધરતી ઉપર આદિવાસી સમાજને સાથે લઇને અંગ્રેજો અને રજવાડા સામે દેશને આઝાદી અપાવવા માટે સંગ્રામ આદર્યો હતો અને એ દિવસો વર્ષ ૧૯૧૩ના દિવસે જયારે અંગ્રેજોએ હત્યાકાંડ કર્યો અને ૧૫૦૭ આદિવાસી સૂરમાઓ શહિદ થયા એ અમારો ઇતિહાસ છે. ૨૩ એપ્રિલ ૧૯૧૯ના રોજ જલીયાંવાલા બાગનો હત્યાકાંડ થયો એ ઇતિહાસમાં સુવર્ણે અક્ષરે લખવામાં આવ્યો. એમાં ૩૭૯ લોકો શહિદ થયા હતા જયારે ૧૫૦૭ આદિવાસીભાઇનો હત્યાકાંડ થયો એને ઉજાગર કરવાનો મારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને વિશેષ કરીને સન્માન તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે કર્યું. એમણે માનગઢની

ધરતી ઉપર ૬૩મો વન મહોત્સવનું આયોજન કર્યું અને ૧૨મી જુલાઇએ માનગઢની ધરતી ઉપર આવીને દેશ માટે જેણે યોગદાન આપ્યું હતું એને યાદ કર્યા હતા. તમે શ્રી અનિલ જોષીયારા સાહેબ તમારા વિજયનગર ગઢવાલમાં મોતીવાલ તેજાવતના નેતૃત્ત્વમાં અંગ્રેજો સામે લોકોએ આંદોલન કર્યું હતું. પંચમહાલમાં રૂખી નાયકા અંગ્રેજો સામે લડયા હતા તેનો પણ ઈતિહાસ છે. બિરછા મુંડા યુનિવર્સિટીની સ્થાપના કેવડીયા કોલોની ખાતે રૂપિયા ૧૨૫ કરોડના ખર્ચે કરી છે. ગોવિંદ ગુરૂનામે અમારા પંચમહાલમાં ગોધરામાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સ્થાપના કરી અને આદિવાસી સમાજના ઈતિહાસને શિક્ષણ સાથે જોડીને આ બધાને અમર કરવાનું કામ મિત્રો ભાજપની સરકારે કર્યું છે. સાથે સાથે મારે એક વાતનું ધ્યાન દોરવું છે કે અમારા આદિવાસી સમાજની મેડીકલની સિટો ખાલી રહેતી હતી. આપણો મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાનો નિયમ હતો કે મેડીકલમાં પ્રવેશ માટે ગુજકેટમાં ૫૦ ટકા જરૂરી હતા. વર્ષ ૨૦૧૨માં શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આરોગ્ય મંત્રી બન્યા ત્યારે અમે મળવા ગયા હતા. તે વખતે હું એક કાર્યકર્તા હતો તો સાહેબે કહ્યું કે ગુજરાતમાં ગુજકેટમાં ટકાવારી જે જરૂરી છે એને આપણે ઓછી ન કરી શકીએ. તમે છોકરાઓને તૈયાર કરો. એ વખતે અમારા સન્માનનીય ગણપતભાઇ વસાવા સાહેબ અને શ્રી મંગુભાઇ પટેલ સાહેબ સાથે મળી અમે સી.એમ.ને મળ્યા. શ્રી નરેન્દ્ર મોદી સાહેબને એટલે અમે યાદ કરીએ છીએ. શ્રી મોદી સાહેબને કહ્યું કે અમારા વિદ્યાર્થીઓ કવોલીફાઇડ થતા નથી. મેડીકલની સીટો ખાલી રહે છે. તો એમણે કહ્યું કે કાઉન્સેલીંગ કરાવો, આટલા તમારા શાસનમાં આટલા વર્ષોના વર્ષો સુધી મેડીકલની સીટો મિત્રો ખાલી રહી. મને કહેતાં દુઃખ એ બાબતનું થાય છે કે તમે જો શિક્ષણ સારું આપ્યું હોત તો અમારી દર વર્ષે ૨૦૦ સીટો ખાલી રહી અને આ કોંગ્રેસના શાસનમાં અમારા આદિવાસી સમાજના ૮ હજાર ડોકટરો ઓછા થયા. વર્ષ ૨૦૧૨ પછી કહ્યું કે કાઉન્સેલીંગ કરાવો અમારા શ્રી ગણપતભાઇ વસાવા સાહેબે રૂ.૩૦૦ કરોડ ફાળવ્યા અને ગુજકેટના કલાસીસ તમામ જિલ્લાઓમાં કર્યા. આના કારણે મેડીકલમાં ગુજકેટમાં પરીક્ષા પાસ કરી આદિવાસી સમાજના છોકરાઓ મેડીકલમાં જતા થયા. આજે મને કહેતાં આનંદ થાય છે કે ૭૧૯ મેડીકલની સીટો આદિવાસી સમાજની આજની તારીખે ભરાઇ છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી વસાવાજી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા(આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપના સાનિધ્યમાં ગુજરાતના વિકાસના આજે ઘણી બધી બાબતોના રેકર્ડ તૂટયા છે. અમને ખૂબ આનંદ છે કે આદિવાસી સમાજના વિકાસની ચિંતા કરવા માટે આજે રાત્રીના ૩.૩૦ વાગ્યા સુધી બધા જ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો, તે બદલ તમામ સભ્યશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

સાહેબ, આ ગૃહના માનનીય સભ્યશ્રી જોષીયારાજી જે ૧૦૨ હેઠળનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, હું જોષીયારાજીનો પહેલાં આભાર એટલા માટે માનીશ કે આ પ્રસ્તાવની ચર્ચા અહીંયા થવાના કારણે અમારા ગામડામાં કહેવત છે કે દૂધનું દૂધ અને પાણીનું પાણી ચર્ચા દરમ્યાન થઇ ગયું છે. કઇ સરકારોએ આદિવાસી સમાજને કેટલી વીજળી આપી, કેટલું શિક્ષણ આપ્યું, સિંચાઇ અને આરોગ્યની કેટલી સેવાઓ આપી અને કઇ સરકારોએ આદિવાસીઓને જંગલની જમીન આપી?

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં આદિવાસી સમાજનો સંવેદનાપૂર્વક સર્વાંગી વિકાસ અત્યારે કરી રહી છે. માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને એમણે એવી વાત કરી કે ટ્રાયલબનું બજેટ જે પ્રમાણે મળવું જોઇએ તે મળતું નથી માત્ર સાત ટકા જ મળ્યું છે એની ટકાવારી વધવી જોઇએ. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર આમ ખરેખર કહીએ તો આ સરકાર એ આદિવાસીઓની સરકાર છે. આદિવાસીઓને જે કંઇ બંધારણના અધિકારો આપ્યા છે તે બધા જ અધિકારો આપવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ સંવેદનાપૂર્વક કટ્ટીબદ્ધ થઇને આદિવાસી સમાજનો આ સરકાર સર્વાંગી વિકાસ કરી રહી છે. હું કોઇ પાર્ટીનું નામ લેતો નથી. પણ મારું વ્યકિતગત એવું માનવું છે અને મેં ભૂતકાળના બજેટના આંકડાઓ જોયા છે અને આદિવાસી સમાજનો વિકાસ જોયો છે, ત્યારે આદિવાસી સમાજને માત્ર સપના બતાવીને વોટ બેંક તરીકે ભૂતકાળમાં ઉપયોગ કરવામાં આવતો હતો. ભારતીય જનતા પાર્ટીની સરકારે તો આદિવાસી સમાજને અનેક અધિકારો આપીને, અનેક સિદ્ધિઓ આ રાજય સરકારે સિદ્ધ કરી છે. આદિવાસી સમાજ અન્ય સમાજની હરોળમાં આવી શકે, તેનું જીવન ધોરણ સુધારી શકે તેના માટે નાણાકીય સહાયતા ઉપલબ્ધ કરાવવા માટે આદિજાતી પેટા યોજના સન ૧૯૭૪માં કેન્દ્ર અને રાજયની ભાગીદારીમાં નાણાકીય ફાળવણી કરવામાં આવે છે. પ્રત્યેક રાજયમાં આદિજાતિ વિસ્તારને આદિજાતિ પેટા યોજના ભંડોળ માટે આયોજન અને બજેટ અંગેની જોગવાઇ કરવાની સત્તા આપવામાં આવી છે. અમારા કોંગ્રેસના મિત્રો આદિવાસી સમાજની ખૂબ સારી ચિંતા કરે છે, એને આવકારીએ, પણ સાથે સાથે પોતાનો ભૂતકાળ પણ ભૂલવો ન જોઇએ. અમારા શ્રી અભેસિંહભાઇએ વાત કરી કે એમના સમયમાં ૪૦ વર્ષના શાસનમાં અંબાજીથી લઇને ઉમરગામ સુધીના આદિવાસી સમાજના વિકાસ માટે માત્ર ૬૫૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા અને ૪૦ વર્ષમાં જો ભાગાકાર કરીએ તો એક વર્ષમાં માત્ર ૧૬૫ કરોડ રૂપિયા થાય, આજે અમને બધાને કહેતા ગૌરવ થાય છે કે વર્ષ ૨૦૦૭માં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ જ વિધાનસભાની અંદર વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ નિવેદન કર્યું હતું, વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી અને પ્રથમ પાંચ વર્ષમાં ૧૫ હજાર કરોડ રૂપિયાની જાહેરાત થઇ ત્યારે પણ કોંગ્રેસના મિત્રો અમને કયાંક ગેલેરીમાં નાસ્તો કરતા હોય ત્યારે પૂછે કે આ શ્રી નરેન્દ્રભાઇ ૧૫ હજાર કરોડ રૂપિયા લાવશે કયાંથી? પણ જયારે ૫ વર્ષ પછી ટોટલ મારવામાં આવ્યું ત્યારે ૧૫ હજાર

કરોડ નહીં પરંતુ ૧૭ હજાર કરોડ રૂપિયા અમે આદિવાસી સમાજ માટે વાપર્યા. બીજા પાંચ વર્ષમાં ૪૦ હજાર કરોડ રૂપિયા અને ટોટલ માર્યું તો ૪૦ ના બદલે ૪૨ હજાર કરોડ રૂપિયા વાપર્યા. અત્યાર સુધીમાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કુલ ૮૦ હજાર કરોડ રૂપિયા આપ્યા છે. એટલે ભારતીય જનતા પાર્ટીએ આદિવાસી સમાજનો વિકાસ કરીને બતાવ્યો છે તેનું અમને ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બજેટ ઓછું ફાળવણી થઇ છે તેવી વાત કરવામાં આવી. ચાલુ વર્ષના બજેટની જ વાત કરું તો વર્ષ ૨૦૧૮-૧૯માં આદિજાતિ સમાજનું બજેટ રૂપિયા ૧૩૨૭૭ કરોડ હતું જયારે આ વર્ષે રૂપિયા ૧૪૫૬૭ કરોડ જેટલી મોટી રકમ ફાળવવામાં આવી છે. એટલે કે અગાઉના વર્ષો કરતા ૯ ટકા બજેટમાં વધારો થયો છે. આદિજાતિ વિભાગ એટલે કે મારા હસ્તકનું જે બજેટ છે એ પણ રૂપિયા ૨૨૦૦ કરોડ હતું તેમાં વધારો કરીને ૨૪૮૧ કરોડ રૂપિયા કરવામાં આવ્યું. અહીંયા શ્રી જોષીયારાજીએ જે મુદ્દો ટાંકીને વર્ષ ૧૯૯૭ના ઠરાવના અનુસંધાને વાત કરી છે. એમાં લખ્યું છે કે ૧૭.૫૭ ટકા બજેટ ફાળવવું જોઇએ. શ્રી જોષીયારાજીને મારે ધ્યાનથી સમજાવવું છે કે અગાઉની પદ્ધતિ મુજબ કેન્દ્રીય આયોજન પંચ દ્વારા આયોજન અંગેની ફાળવણી વર્ષ ૨૦૧૬-૧૭ સુધી કરવામાં આવતી હતી. ત્યારે આયોજન અને આયોજન બહાર મુજબની જોગવાઇ કરવામાં આવતી હતી. જેમાં આયોજન બહાર અને આયોજન હેઠળની સ્થાયી ખર્ચાની જોગવાઇ કરવામાં આવતી હતી અને આયોજન હેઠળની રકમ જે ફાળવણી કરવામાં આવતી હતી તેમાં ચાલુ યોજનાઓનો તેમજ નવી બાબતની યોજનાઓનો સમાવેશ થતો હતો. હવે વર્ષ ૨૦૧૭-૧૮માં ભારત સરકાર દ્વારા આયોજન પંચનું નામ બદલીને તેને નીતિ આયોગ નામ આપવામાં આવ્યું છે અને નીતિ આયોગ દ્વારા જે અંદાજપત્ર છે તેમાં પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને તે મુજબ હવે આયોજન અને આયોજન બહારની જોગવાઇના બદલે મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ તરીકે જોગવાઇ કરવામાં આવે છે. જેમાં સ્થાયી ખર્ચ અને વિકાસની યોજનાઓ તરીકે ચાલુ યોજનાઓ તથા નવી બાબતની યોજનાઓનો ખર્ચ અલગ દર્શાવવામાં આવે છે. ડો.જોષીયારાજીને મારે ખાસ તો ગ્રાન્ટ બાબતની સ્પષ્ટતા કરવી છે. વર્ષ ૨૦૧૯નું સમગ્ર ગુજરાતનું બજેટ રૂ.૨,૦૪,૮૧૫ કરોડ છે. તેમાં સ્થાયી ખર્ચ અંગેની જોગવાઇ રૂ.૯૮,૫૦૬ કરોડ છે. જે પગાર ભથ્થા વગેરે સ્થાયી ખર્ચ માટે હોવાથી કુલ જોગવાઇમાંથી આ રકમ બાદ કરવાની થાય છે. જેથી રૂ.૨,૦૪,૮૧૫ કરોડ માઇનસ કરીએ તો રૂ.૯૮,૫૦૬ બાદ થઇ જાય તો વધે છે આશરે રૂ.૧,૦૬,૩૦૮ કરોડ. આ રકમ વિકાસના કામો માટે ફાળવવામાં આવે છે. જયારે ચાલુ યોજનાઓ તેમજ નવી બાબતની યોજનાઓના ખર્ચ માટે રૂ.૧,૦૬,૩૦૮ કરોડની જોગવાઇ થાય છે. એટલે આને જો ટકાવારીની રીતે જોઇએ તો સમગ્ર રાજયનું બજેટ રૂ.૧,૦૬,૩૦૮ કરોડ તેની સામે આદિજાતિનું બજેટ આશરે રૂ.૧૪,૦૮૦ કરોડ. એટલે આ બજેટ હવે નવી નીતિ આયોગની ગાઇડ લાઇન પ્રમાણે ૭ ટકા નહીં, પરંતુ ૧૩.૨૪ ટકા થાય છે. એટલે આ પ્રકારે હવે આપણે આ બજેટ ગણવું પડશે. અહીં વાત કરવામાં આવી કે બજેટ પાછું જાય છે. મારી પાસે ત્રણ વર્ષના આદિજાતિ વિભાગના બજેટના આંકડા છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ૯૭.૪૮ ટકા બજેટ વપરાયું છે, વર્ષ ૨૦૧૭-૧૮માં ૯૭.૪૫ ટકા બજેટ વપરાયું છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ૯૬.૨૨ ટકા બજેટ વપરાયું છે. સિંચાઇની વાત કરવામાં આવે છે કે આદિવાસી સમાજમાં સિંચાઇ આપવામાં આવી નથી. જયારે સવારે શ્રી શૈલેષભાઇ બોલતા હતા. હું અત્યારે માત્ર મોટી મોટી સિંચાઇની વાત કરું તો આદિજાતિ વિસ્તારમાં ભૂતકાળની સરકારોએ જે સિંચાઇના લાભ નહોતા આપ્યા એવા ખૂબ મોટા લાભો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી પછી આપવાનું શરૂ થયું છે. દાહોદ જિલ્લાની વાત કરીએ. ૧૦૯૭ કરોડ રૂપિયાની યોજના અત્યારે ચાલુ છે. નર્મદા ભરૂચ જિલ્લા માટે કરજણ આધારિત ૪૦૦ કરોડ રૂપિયાની યોજના ચાલુ છે. કાકરાપાર ગોરદા યોજનામાં રૂપિયા ૫૧૧ કરોડનું કામ ચાલુ છે અને તાપી જિલ્લામાં રૂપિયા ૬૬૨ કરોડની સિંચાઇની યોજનાનું કામ, ટેન્ડર થઇ ગયું છે. ઉમરપાડા, ડેડિયાપાડા માટે રૂપિયા ૭૨૦ કરોડના કામો છે. આ પ્રકારની કામગીરી થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ઘણી બધી વાતો કરવા જેવી છે પરંતુ સમયના અભાવે આપણે લાંબી વાત કરી શકતા નથી. સદસ્યશ્રીએ જે ચિંતા કરી છે તો આ ટ્રાઇબલની ગ્રાન્ટનું મોનીટરીંગ પ્રાયોજના વહીવટદારશ્રીના લેવલે પણ થાય છે. કલેકટરશ્રીના લેવલે પણ થાય છે. અમારા સચિવ મારફતે પણ થાય છે. મંત્રીશ્રી મારફતે પણ થાય છે અને અમારા આદિજાતિ સલાહકાર પરિષદમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે પણ આનું મોનીટરીંગ થાય છે. સૌથી સારી બાબત એ છે કે અમારા નાણામંત્રીશ્રીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે કે આદિજાતિ વિભાગની ગ્રાન્ટનું મોનિટરીંગ કરવા માટે આ વખતે એક નવી આઇટમ મોનીટરીંગ સેલ તરીકે મંજૂર કરી છે એ બદલ હું નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ચૌદમી વિધાનસભાનું આ બજેટ સત્ર ઐતિહાસિક બજેટ સત્ર પૂરવાર થયું છે. આપના માર્ગદર્શન નીચે આ વિધાનસભાગૃહ બજેટ સત્ર સતત ચાલ્યું. અનેક સરકારી કામકાજની સાથે સન્માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિસ્તારના, રાજયના અનેક પ્રશ્નોને અહીંયા વાચા આપી. ખૂબ આનંદ ઉત્સાહથી હસતા, રમતા, ટીકાઓ કરતા આ સત્ર આજે અહીં પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં આજે પ્રથમ

વખત રાત્રે ૩-૩૦ વાગ્યા સુધી સતત સાડા સત્તર કલાક આપે અધ્યક્ષસ્થાન શોભાવ્યું અને આ વિધાનસભા સત્ર ચાલ્યું છે. આ સત્ર દરમિયાન અનેક સરકારી કામકાજના પ્રજાકીય પ્રશ્નોને બધા જ સન્માનનીય સભ્યશ્રીઓએ વાચા આપીને સરકારનું ધ્યાન દોર્યું છે. હું સૌ સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનું છું કે તમે ખૂબ ઉત્સાહથી અહીંયા ભાગ લીધો. માનનીય અધ્યક્ષશ્રીનો પણ આપણા સૌ વતી ખૂબ ખૂબ આભાર માનું છું કે માનનીય અધ્યક્ષશ્રીએ ખૂબ આનંદથી હસતા હસતા આપણને માર્ગદર્શન આપીને આખું સત્ર ખૂબ પ્રેમપૂર્વક ચલાવ્યું છે. વિધાનસભા સચિવાલયનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું અને ખાસ કરીને પત્રકાર મિત્રોનો પણ ખૂબ આભાર માનું છું કે એમણે પણ બન્ને પક્ષોના વિચારો, બન્ને પક્ષોની હકીકતો પ્રજા સુધી પહોંચાડી અને ગુજરાતની લોકશાહીને વધુ ધબકતી અને વધુ જીવંત કરી છે અને પૂજય મહાત્મા ગાંધીજીના અને શ્રી સરદાર વલ્લભભાઇ પટેલના અને શ્રી નરેન્દ્રભાઇ મોદીના આ ગુજરાતને વિકાસના પંથે આગળ વધાર્યું છે એ બદલ સર્વનો ખૂબ આભાર માનું છું.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રસ્તાવ ઉપર છ જેટલા સભ્યોએ એમના વિચારો રજૂ કર્યા અને માનનીય મંત્રીશ્રીએ પણ જવાબ આપ્યો છે. મારો આ પ્રસ્તાવ લાવવા પાછળનો કોઇ રાજકીય આક્ષેપ કરવાનો મતલબ નથી. આ મારી એક ચિંતા છે અને અભ્યાસ કરીને આ કરું છું. એમનેમ મારી કોઇ દિવસ રજૂઆત હોતી નથી. એના આંકડા મેં જોયા તો ૭૮૩૯ કરોડ રૂપિયા વણવપરાયેલા છેલ્લા છ વર્ષના ગયા છે. આ પૈસા જો વિભાગ હસ્તક હોત તો આવું ના થાત. આટલી જ મારી વિનંતી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીને મારી ખાસ તો વિનંતી છે કે આનો તમે જરાક હકારાત્મક જવાબ આપો એટલી જ વિનંતી છે.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના ઉપનેતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને ગૃહને જીવંત રાખવામાં જેમનો ખૂબ મોટો ફાળો છે એવા માનનીય નીતિનભાઇએ જે વાત કરી એ વાતને આખા ગૃહે આવકારી. આવો ઐતિહાસિક પ્રસંગ ત્યારે જ બની શકે કે સત્તા પક્ષ અને વિપક્ષ નિષ્પક્ષ રીતે આ રાજયની ચિંતા કરે. ગઇ કાલે તા.૨૬-૭-૨૦૧૯ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે શરૂ થયેલી આપણી આજની આ બેઠક આજ રોજ તા.૨૭-૭-૨૦૧૯ના રોજ અત્યારે વહેલી સવારના ૩-૩૪ મિનિટ થઇ છે એટલે રિશેષના સમયને બાદ કરતા સળંગ કુલ ૧૬ કલાક અને ૫ મિનિટ થઇ છે. ૧૬ કલાક કરતા વધુ સમય સુધી તંદુરસ્ત ચર્ચાઓ સંવાદપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણ વચ્ચે ચાલી. જેનાથી આપણા ગરવા ગુજરાતની ગરવી વિધાનસભામાં છેલ્લે ગત તા. ૬-૧-૧૯૯૩ના રોજ બપોરના ૧૨ વાગ્યે શરૂ થયેલ ગૃહની બેઠક ૧૦ કલાક ૨૨ મિનિટની સળંગ ચર્ચાઓ મોડી રાત્રે કેલેન્ડરમાં ૭મી તારીખની શરૂઆત થઇ હતી ત્યારે રાત્રે ૧૨.૦૮ મિનિટ સુધી ચાલી હતી. એટલે આ ગુજરાત વિધાનસભાનો આપણે જ બનાવેલો રેકર્ડ આપણને જ તોડવાનો અવસર પ્રાપ્ત થયો. ત્યારે આજના ઐતિહાસિક દિવસે આપના નેતૃત્વ નીચે આપણે જે નવો કીર્તિમાન સ્થાપ્યો છે એ બદલ આપને પણ અભિનંદન પાઠવું છું. આપનું સતત માર્ગદર્શન મળ્યું એના માટે પણ આભાર માનું છું. માનનીય નીતિનભાઇ, માનનીય ફળદુ સાહેબ, માનનીય ભુપેન્દ્રસિંહજી અને ખાસ કરીને આ અવસર ઉભો કરવા માટે થઇને જેમણે તક આપી એવા સંસદીય મંત્રી માનનીય પ્રદિપસિંહજી, શ્રી ગણપતભાઇ, અમારા ગૃહના ઉપનેતા માનનીય શૈલેષભાઇ, બન્ને પાર્ટીના માનનીય દંડકશ્રી તેમજ ચર્ચામાં ભાગ લેનાર સન્માનનીય સભ્યો અને ગૃહમાં રસપૂર્વક મોડી રાત સુધી હાજરી આપનારા બધા જ સન્માનનીય સાથીઓ, પત્રકારગણ, અધિકારીગણ સહિત વિધાનસભા સચિવાલયમાં મોડે સુધી સેવા આપનાર અધિકારીઓ સૌ કોઇને આ ઐતિહાસિક પળના ભાગીદાર થવા બદલ એમને શુભેચ્છા પાઠવું છું. અમારા સૌ વતી અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષશ્રી : ૧૪મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ, માનનીય ભુપેન્દ્રસિંહજી, માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ, બન્ને પક્ષના દંડક શ્રી પંકજભાઇ અને શ્રી કોટવાલજી, શ્રી શૈલેષભાઇ, સર્વે મંત્રીશ્રીઓ, તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ, આ ગૃહ શાંતિપૂર્વક ચલાવવા માટે સહકાર આપવા બદલ હું આપનો ઋણી છું. મારાથી કયારેક ફરજના ભાગરૂપે કોઇકને માઠું લાગ્યું હોય, દુઃખ પહોંચ્યું હોય તો હું હૃદયથી ક્ષમા પ્રાર્થના કરું છું. પ્રેસ મિડિયાનો ખૂબ જ આભાર. વિધાનસભા ચલાવવા માટે જેમણે જેમણે સેવા આપી છે એ તમામનો આ તબક્કે આભાર માનું છું. આજે જે કાંઇ સતત આટલા કલાકનો એક રેકર્ડ આપણે બધાએ ભેગા થઇને બનાવ્યો છે એ આપણા સૌ વતી હું ગુજરાતના નાગરિકોને અર્પણ કરું છું.

અતારાંકિત પ્રશ્નોત્તરી

નિયમ ૮૭(ક) અન્વયેના અતારાંકિત પ્રશ્નોની યાદી

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, જેના લેખિત જવાબો આ સત્ર દરમિયાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૨૧૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધ્યક્ષશ્રી : અતારાંકિત પ્રશ્નો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.**

(ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા.૨૬-૭-૨૦૧૯ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી)

**ધારાસભ્યો તરફથી લખાતા પત્રોના સમયમર્યાદામાં પ્રત્યુત્તર ન પાઠવવા બાબત**

અતારાંકિત પ્રશ્નોત્તરી(૮૭–ક)

અતારાંકિતઃ ૪૪૧૭ (૨૧–૧–૨૦૧૯) **શ્રી મોહનસિંહ રાઠવા**(છોટાઉદેપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તાલુકા કક્ષાએથી રાજ્ય કક્ષા સુધીના અધિકારીઓને ધારાસભ્યો તરફથી લખાતા પત્રોના નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવા માટે સરકારશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ કે પરિપત્રનું પાલન થતું નથી તેવી ગંભીર ફરીયાદથી રાજ્ય સરકાર તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરાવવા છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં, અને

(૩) ઉક્ત માર્ગદર્શક સૂચનાઓનું પાલન ન કરનાર કયા જવાબદારો સામે શું પગલાં લીધા?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૨૧–૬–૨૦૧૯)

(૧) ધારાસભ્યશ્રીઓના પત્રોના નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવા માટેની માર્ગદર્શક સૂચનાઓ અને પરિપત્રનું મહદઅંશે પાલન થાય છે.

(૨) આમ છતાં માર્ગદર્શક સૂચનાઓનું સંપૂર્ણપણે પાલન થાય તે માટે સરકાર ગંભીર છે અને તેથી માન. ધારાસભ્યશ્રીઓના પત્રો અંગે તા.૧૬–૦૪–૨૦૧૬, તા.૦૫–૧૦–૨૦૧૮, તા.૦૭–૦૧–૨૦૧૯ દ્વારા પરિપત્રો કરવામાં આવેલ છે. તેમ જ પ્રતિમાસે યોજાતી માન.મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને સચિવશ્રીઓની માસની પ્રથમ બેઠકમાં આ મુદ્દા અંગે ચર્ચા થાય છે. તેમ જ માન. મુખ્યસચિવશ્રી કક્ષાએ તેમ જ અગ્ર સચિવશ્રી કક્ષાએ માન.સંસદસભ્યશ્રીઓ/માન. ધારાસભ્યશ્રીઓના પત્રોને પ્રાથમિકતા આપી સમય મર્યાદામાં કાર્યવાહી કરવા અંગેના સમયાંતરે અ.સ. પત્ર પાઠવેલ છે.

(૩) પ્રશ્ન નં. ૧ ના જવાબમાં જણાવ્યા મુજબ સંબંધિત માર્ગદર્શક સૂચનાઓ અને પરિપત્રોની જોગવાઇઓનું અધિકારીઓ દ્વારા મહદઅંશે પાલન કરવામાં આવે જ છે. કોઇક અપવાદરુપ કિસ્સામાં કે જેમાં ધારાસભ્યશ્રીની રજૂઆત પરત્વે નિર્ણય લેવામાં સમય વ્યતિત થતો હોય તેમાં ધારાસભ્યશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં થોડો વિલંબ થતો હોય છે.

--------

**કચ્છ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૬૩૪ (૭–૧–૨૦૧૯) **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૨–૬–૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૯૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૭૩૩૫.૨૪ લાખની રકમના ૩૪૭૭ કામો પૂર્ણ થયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૬૪૮ (૭–૧–૨૦૧૯) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૨–૬–૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૧૬૦૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૧૩૨૬૨.૩૩ લાખની રકમના ૬૨૫૦ કામો પૂર્ણ થયેલ છે.

**મહેસાણા જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૬૫૭ (૭–૧–૨૦૧૯) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૭૭૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૬૪૬૪.૪૦ લાખની રકમના ૫૨૩૯ કામો પૂર્ણ થયેલ છે.

### રાજકોટ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો

અતારાંકિતઃ ૪૬૬૩ (૭-૧-૨૦૧૯) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૮૩૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૬૫૧૮.૯૬ લાખની રકમના ૨૪૭૧ કામો પૂર્ણ થયેલ છે.

### ગાંધીનગર જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો

અતારાંકિતઃ ૪૬૭૧ (૭-૧-૨૦૧૯) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૩૧૨૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૨૩૭૫.૬૮ લાખની રકમના ૧૯૫૬ કામો પૂર્ણ થયેલ છે.

### અમદાવાદ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો

અતારાંકિતઃ ૪૬૭૬ (૭-૧-૨૦૧૯) **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૬૮૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૫૪૩૧.૩૩ લાખની રકમના ૨૮૮૨ કામો પૂર્ણ થયેલ છે.

**અમદાવાદ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૬૯૩ (૭-૧-૨૦૧૯) **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૬૮૭૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૫૪૩૧.૩૩ લાખની રકમના ૨૮૮૨ કામો પૂર્ણ થયેલ છે.

**રાજ્યમાં ૪૧ વિકાસશીલ તાલુકાને ફાળવેલ ગ્રાન્ટની રકમ**

અતારાંકિતઃ ૪૬૯૪ (૨૧-૧-૨૦૧૯) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના ૪૧ વિકાસશીલ તાલુકાઓમાં તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટમાં કેટલી રકમના કેટલા કામોની વહીવટી/તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ ખર્ચવાની બાકી છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૨૬-૭-૨૦૧૯)

(૧) રાજ્યમાં હાલની સ્થિતિએ કુલ ૫૦ વિકાસશીલ તાલુકા છે. તા.૩૦-૧૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના ૫૦ વિકાસશીલ તાલુકાઓમાં તાલુકાવાર ફાળવેલ ગ્રાંટમાં કેટલી રકમના કેટલા કામોની વહીવટી/તાંત્રિક મંજૂરી આપવામાં આવી તેની વિગતો *પત્રક 'અ' મુજબ છે.

(૨) તે પૈકી રૂ.૩૪૮૪૪.૧૮ લાખનો ખર્ચ થયો અને રૂ. ૧૪૧૫૫.૮૨ લાખની રકમ ખર્ચવાની બાકી છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**રાજ્યમાં ૪૧ વિકાસશીલ તાલુકાને ફાળવેલ ગ્રાન્ટની રકમ**

અતારાંકિતઃ ૪૬૯૮ (૨૧-૧-૨૦૧૯) **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના ૪૧ વિકાસશીલ તાલુકાઓમાં તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટમાં કેટલી રકમના કેટલા કામોની વહીવટી/તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ ખર્ચવાની બાકી છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન) **:** (૨૬-૭-૨૦૧૯)

(૧) રાજ્યમાં હાલની સ્થિતિએ કુલ ૫૦ વિકાસશીલ તાલુકા છે. તા.૩૦-૧૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના ૫૦ વિકાસશીલ તાલુકાઓમાં તાલુકાવાર ફાળવેલ ગ્રાંટમાં કેટલી રકમના કેટલા કામોની વહીવટી/તાંત્રિક મંજૂરી આપવામાં આવી તેની વિગતો *પત્રક 'અ' મુજબ છે.

(૨) તે પૈકી રૂ.૩૪૮૪૪.૧૮ લાખનો ખર્ચ થયો અને રૂ. ૧૪૧૫૫.૮૨ લાખની રકમ ખર્ચવાની બાકી છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

**બોટાદ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૬૯૯ (૭-૧-૨૦૧૯) **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૨-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ બોટાદ જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૩૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૨૬૬૪.૫૫ લાખની રકમના ૧૨૪૧ કામો પૂર્ણ થયેલ છે.

**વલસાડ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૭૦૨ (૭-૧-૨૦૧૯) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૨-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૫૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૪૩૭૫.૬૨ લાખની રકમના ૧૫૦૦ કામો પૂર્ણ થયેલ છે.

**મોરબી જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૭૦૮ (૭-૧-૨૦૧૯) **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ મોરબી જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ મોરબી જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૩૮૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૨૬૭૪.૬૬ લાખની રકમના ૧૧૫૪ કામો પૂર્ણ થયેલ છે.

**પોરબંદર જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૭૧૧ (૭-૧-૨૦૧૯) **શ્રી લલીત વસોયા** (ધોરાજી): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ પોરબંદર જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૨૨૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૧૯૧૬.૦૭ લાખની રકમના ૧૦૦૨ કામો પૂર્ણ થયેલ છે.

**જામનગર જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૭૧૪ (૭-૧-૨૦૧૯) **શ્રી પ્રવીણભાઈ મુસડીયા** (કાલાવડ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ જામનગર જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૨–૬–૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ પ્રાંતો અને તાલુકાઓને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે. જે અનુસાર તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ જામનગર જિલ્લાને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૪૭૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૩૩૬૩.૪૯ લાખની રકમના ૧૪૦૮ કામો પૂર્ણ થયેલ છે.

--------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૭૨૦ (૭–૧–૨૦૧૯) **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

